17527

17527

THIS BOOK MAY BE KEPT 30 DAYS
30 DEC 2015
22 MAR 2023

17527 30

हिंगोळो भाग ३ जो

22 MAR 2023

गांधी स्मृति ग्रंथालय
भावनगर

370
SHI
17527

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

THIS BOOK MAY BE KEPT 30 DAYS
30 DEC 1978
22 MAR 2023

17527 30

हिंदीतर भाषा

22 MAR 2023

गांधी स्मृति ग्रंथालय
भावनगर

370
SHI
17527

GANDHI SMRITI LIBRARY
BHAVNAGAR

બાપ કહે છે: "તે હુમણાં મૂકતાં શું થાય છે? બીજું કામ પડયું રહ્યું!" બા રસોડામાં જઇ ચા મૂકે છે ને દીકરી પાસે બબડે છે: "ભોળ્યા તમારા ભાઇબંધ!" ચ્હા તૈયાર થાય છે ને બાપા આવે છે ને તાડુકે છે: "આ તો ધૂમાડીયા ચા છે. આ પ્યાલો બુન્દરા જેવો કયાંથી મળ્યો?" બા રસોડામાં જઇ બોલે છે: "ને બાપગોતર મોટી ચા પીધી છે. નહિ ભાળ્યા હોય ચા પીવાવાળાં! ને પ્યાલા તો સારા વસાવવા હતા ને?"

ગંગા અને ચીમન મા અને બાપની વાણી સાંભળી રહ્યાં છે. આગળ જતાં માબાપ એક બીજા સાથે કેમ બોલે ને બબડે તેનો તેઓ પાઠ લઇ રહ્યાં છે. ભવિષ્યનાં સાચાં માબાપ થઇ રહ્યાં છે!

માતા અને આડોશણો પાડોશણો વાતો કરે છે: "અરે એ તો એવી છે! એનાં કોમાંથી કોણ અન્નણ્યું છે? એણે તો આમ આમ...કર્યું હશે. અમે જાણીએ ના?" બીજી ટાપશી પૂરે છે: "અરે એની માયે એવી હતી તો! એણે તો આવા આવા ધંધા કરેલા!" ત્રીજી કહે છે: "અરે એની માશીએ તો ...!" ચોથી કહે: "બાપુ એ તો વેલો જ એવો છે."

ઘરની છોકરીઓ આનુબાનુમાં રમે છે પણ એમને કાન છે ને તે સાંભળે છે. વાણીનો લાભ તેમને પણ મળે છે. આ છોકરીઓ મોટી થશે ત્યારે તેઓ પણ કેવું કેવું બોલશે? ને બીજા વિષે કેવા વિચારો બતાવશે ને પ્રગટ કરશે?

બાપા વકીલ છે ને અસીલ આવે છે. બાપા કહે છે: "પણ સાક્ષી વિના કેમ ચાલશે? આવો સાક્ષી હોય તો કંઇ વળે. આવો સાક્ષી નહિ હોય તો હારી જઇશ." અસીલ કહે છે: "એવો સાક્ષી તો નથી." વકીલ કહે છે: "ત્યારે તો મુશ્કેલી! કેસ જીતવામાં સાક્ષી તો જોઇએ ના!" અસીલ કહેશે: "હા, હા, એક બે એવા લાવી આપીશ." વકીલ કહેશે: "જોજો કોર્ટમાં તૂટી પડે નહિ. બરાબર ટકી રહે તેવા જોશે. અહીં લાવજો. પૂછપાછ કરીને એને પાકા કરી લઇશું."

નાનો નટવર બાપાની પાસેનું વકીલાતનું અરૂં જ્ઞાન શીખે છે. દસ વરસ પછી ભણતરથી LL B. તો થવાનો છે, વકીલનું ગણતર એણે કરી લીધું.

શેરીમાં બે ચાર જણા લડવા માંડે છે. ગાળાગાળી ને મારામારી થાય છે. બા હાથ કરીને ભાંડે છે. મરદો ભૂંડી વાણીના પ્રહાર કરે છે. નાનાં અમુધ બાળકો જોઇ રહે છે, પણ જોતાં જોતાં ગલીચ વાણીનો પ્રસાદ લેતાં જાય છે. તેમના મનમાં ગલીચપણું દાખલ થાય છે ને આગળ ઉપર લડતી વખતે તે કાઢી બતાવે છે.

આવા અનેક દાખલાઓ આપી શકાય. વાત ઉઘાડી છે કે આમાં આપણી ભૂલ છે ને બાળકોને ભારે નુકશાન છે; આપણું વાતાવરણ એક મોટામાં મોટી નિશાળ છે. આપણી વાણી એક મોટામાં મોટી શિક્ષિકા છે. એનું ભણતર ખરેખર ઉંધું જાય છે. આપણે ચેતવું જોઇએ. ને આપણે છીએ તેવાં બાળકો ન થાય એમ આપણે માનતા જ હોઇએ, ને આપણાથી વધારે સારાં બાળકો આપણને જોતાં જ હોય તો આપણે આપણું જીવન તપાસીએ, તેનાં અનેક અંગોને સ્વચ્છ અને સંયમિત રાખીએ ને આપણે જેવાં આપણે બાળકોને કરવા માગીએ તેવા સારા થવા પ્રયત્ન કરીએ. પણ આપણાથી કદિ આવું ન બને, આપણે નિરોગી ન થઇ શકીએ, આપણે સંપૂર્ણ સ્વસ્થ ન રહી શકીએ તો પણ આપણે આપણાં બાળકોને તો આપણાથી બચાવીએ જ. કાં તો આપણે તેનાથી દૂર વસીએ; કાં તો આપણાંથી તેને દૂર કરીએ અથવા આપણી કુટેવો ઉપર તેમના પૂરતો કાબુ મૂકીએ જ; અને તેથી જ આપણે આપણી વાણી ઉપર કાબુ મૂકીએ. આપણી ક્રિયા ઉપર સમતોલતા મેળવતાં આપણ વાર લાગે પણ વાણી ઉપર તો આપણે તાળું મારીએ. બાળકોની હાજરીમાં કે ગેરહાજરીમાં

આપણી વાણીની સ્વચ્છતા, નિર્મળતા, વિવેક, સંયમિતતા સરખાં જ રહે એ ઉત્તમ છે. પણ તેને અભાવે આપણે એટલું તો કરીએ કે બોલતા પહેલાં વિચાર કરીએ કે બાળકો આ ગળ આમ આપણે બોલી શકીએ ? આપણે અશ્લીલ વાણી પૂરતા તો અલગ જ થઇએ. એટલું કરીશું તો પણ બાળકોના માનસની તંદુરસ્તી અવશ્ય વધશે ને આવતી પેઢી આપણાથી તો જરૂર સારી થશે. ગિ.

પરાવલંબન

બાપા, બૂતાન બીડી દ્યોને ?

બા, આ નથી ઉપડતું.

બેન, બૂટ પહેરાવોને ?

બા, નવરાવી દ્યોને ?

નાના કાકા, સાંકળ વાસી દ્યોને ?

બાપુ, ચોપડી નથી જડતી; ગોતી આપોને ?

બા, ઉભી રહીને સાથે ચાલને ?

મોટાભાઇ, રૂમાલનો દડો કરી દ્યોને ?

સ્વાવલંબન

ભીડ જેઉં તારી મેળાએ.

ઉપાડ તો જેઉ ? ઉપડશે ઉપડશે.

જે તને તો પહેરતાં આવડે છે. તારી મેળે પહેર જોઇએ.

હવે તો તું તારી મેળે નાહી શકે. લે પાણી કાઢી આપું; મેળાએ ન્હા.

જે જોઇએ મેળાએ વસાશે; કેમ કરીને વાસીશ ?

જે બધી બારીઓમાં જે જોઇએ ? તારી મેળે શોધી કાઢીશ.

ધીમે ધીમે ચાલ્યો આવ. એકલાં એકલાં ચાલ્યા અવાય.

તે મેળાએ કરી લે ને ? મેં તને શીખવ્યું છે.

મોટી મદદ

શું છે ? બારણું નથી ઉઘડતું ? લે જરા ઉઘાડી દઉં.

શું છે ? નાડી નથી બંધાતી બરૂં ? આવ બાંધી દઉં.

શું છે ? ટોપી નથી ઉતારી શકતો ? ઉભો રહે ઉતારી આપું.

શું છે ? ખીસ્સી નથી મરાતી ? હથેાડી લાવ હું મારી આપું.

શું છે ? ચોરણી નથી પહેરાતી ? આવ પહેરાવી દઉં.

સાચી મદદ

શું છે ? બારણું નથી ઉઘડતું ? જો જરા આમ ખેંચી જો એટલે ઉઘડશે.

શું છે ? નાડી નથી બંધાતી એમ કે ? જો આમ કરીને બાંધ જોઇએ ?

શું છે ? ટોપી નથી ઉતારી શકતો ? પેલી લાકડીથી કે સણીયાથી ઉતાર તો ?

શું છે ? ખીસ્સી નથી મરાતી ? જો આમ હથેાડી પકડ ને આવી રીતે ઘા કર.

શું છે ? ચોરણી નથી પહેરાતી ? જો આમ બેસીને આમ પગ નાખ જોઇએ ?

બોટનું છોકરું

રેલ્વેમાં ત્રીજા વર્ગની મુસાફરી કરતાં હતાં. એક પાટલી ઉપર બારી પાસે માત્ર એક સોળ વરસનો છોકરો બેઠો હતો. પાટલી ખાલી જોઇને હું બેસવા ગઇ. પાછળથી એક ઘરડો અવાજ આવ્યો: "બાઇ જરા બાજુમાં બેસો, છોકરું બેઠું છે."

મેં ચોંકીને પાછળ જોયું. એક ઘરડી બાઇ પાછી વળીને પેલા સોળ વરસના છોકરાના બોચા ઉપર ને શરીર ઉપર હાથ ફેરવતી હતી.

મને લાગ્યું કે છોકરો માંદો હશે. મેં પૂછ્યું: "કેમ, છોકરાને કાંઇ ઠીક નથી?"

ડોશી ગુસ્સે થઈ. "ઠીક છે. ઠીક છે." એમ જોરથી બોલવા લાગી.

"તો શું હું પાસે બેસું તો ચગદાઇ જશે?"

"હા, હા. તમે આવડાં મોટાં એને બિચારાને કચરી નાખો છો. જરા આઘાં તો બસો!" ને એવું તો ઘણું બોલવા લાગી.

મને થયું: "આ ડોશી કેવી? આટલી જગ્યા છતાં છોકરાની કેમ આટલી ચિંતા કરે છે?"

થોડી વાર પછી વાતો ચાલી ડોશી પોતાની કરુણ કથા કહીને રડતી હતી. ઘરનાં બધાં ગુજરી ગએલાં. દેરીયાં જેડીયાં ઘેરો એક હતાં પણ એકે છોકરું નહિ. આ એક એની દીકરીનો દીકરો જીવતો હતો. યમરાજે જેમના સમાચાર લીધા હતા એવી બીજી થોડીક બાઈ મુસાફરો પોતાની કથની કહીને ડોશીનું સાંત્વન કરતી હતી.

ડોશી આ બોટના છોકરાની એટલી સંભાળ લેતી હતી તે ડોશીની દૃષ્ટિએ યોગ્ય નહિ તો પણ સમજી શકાય તેવું તો હતું જ. પરંતુ છોકરાની દૃષ્ટિએ? સોળ વરસના છોકરાને બાઇ ચાર વરસના બાળક જેમ માચવતી હતી. ડોશીના વધારે પડતા પ્રેમથી છોકરાની જીંદગીની હાનિ થતી હતી. આ વાત બિચારી ડોશીના ધ્યાનમાંયે ન હતી. તેની તો એક જ વાત હતી કે આ એકના એક રહેલા અંકુરને સારી રીતે સાચવું. પણ છતાં બધેની દયા તો બાવા જેવું હતું જ. તા.

નોકરો શું કરે છે

બાનો નોકર બાપાનું વાંકું બોલે છે.
બાપાનો નોકર બાનું વાંકું બોલે છે.
આળસુ નોકર બાળક પાસે કામ કરાવે છે.
ગંદો નોકર બાળકને ગંદકીનો પરિચય આપે છે.
ક્રોધી નોકર બાળક પર ક્રોધ કરે છે.
લુચ્ચો નોકર બાળકની ખુશામત કરે છે.
હરામી નોકર બાળકને બદી શીખવે છે.
બાઉફડ નોકર બાળક પાસે ચોરી કરાવે છે.
વહેમી નોકર બાળકને વહેમભરી વાતો કહે છે.
બહીકણ નોકર બાળકને પણ બહીવરાવે છે.
ખુશામતખોર નોકર બાળકને પાઈ પૈસાનું બચરાવે છે.
પક્ષપાતી નોકર બોટું બોટું ઉપરાણું લે છે.
હેતાળ નોકર બાળક પ્રત્યે પક્ષપાત રાખે છે.
કડક નોકર બાળકને આંખ કાઢે છે.
નરમ નોકર બાળકનો ગુલામ બને છે.

સૌન્દર્યનું શિક્ષણ

કઇ રીત પસંદ કરશો ?

(૧)

" લાવી કે ફુલો અને પાંદડાં ? "

" હા, એ પણે મૂકયાં."

" હા; તે જો પેલી નકસીદાર ફુલદાનીમાં એ ગોઠવ; પેલી સાદી ફુલદાનીમાં નહિ. નકસીદાર ફુલદાનીમાં એ વધારે શોભશે. જો હું કહું છું તે સમજી કે ? પેલી સાદી તો નકામી છે. ને જો પેલાં ધોળાં ફૂલ રાતાંની બાજુમાં ન ગોઠવતી. વચ્ચે વચ્ચે એક કરેણનું પાંદડું મૂકજે. એમ મૂકીશ તો સુંદર દેખાશે. જો મેં કીધું તેમ બરાબર કરી લાવ. પછી જોતું કે ફુલદાની કેવી સુંદર દેખાય છે ! "

રાધા ફુલદાની ભરે છે.

" જો, સાવ બે ચાર ફૂલો ન શોભે. ઘણાં ઘણાં ફૂલ મૂકવાં જોઇએ. ને ફૂલે ફૂલે પાંદડું મૂકવું જોઇએ. જેટલાં ફૂલો તેટલી પાંદડી. "

રાધા ફુલદાની ભરી લાવી. મ્હોં ઉપર કંટાળો હતો.

" જો હવે કેવી શોભા છે ? એમ ત્યારે ! ફુલદાની એમ ભરાય ! ઠીક; હવે પણે પેલી બારીમાં મૂક. "

રાધા બૂણાની બારી પાસે ફુલદાની મૂકે છે.

" નહિરે રાધા, તે બારીએ નહિ. તેનો પડદો ફુલદાનીની પાછળ નહિ શોભે. પેલી જમણી બાજુની બારીએ મૂક. "

રાધા ફુલદાની મૂકી પાછે ફરવા એડી.

(૨)

" લાવી કે ફુલો ને પાંદડાં ? "

" હા, આ ટોપલી લાવી. "

" વારૂ ત્યારે, તને ગમે તે એક ફુલદાનીમાં ગોઠવ જોઇએ. "

ચંપા ફુલદાની ગોઠવવા બેઠી. ચાર પાંચ ફુલદાનીઓમાંથી એકને પસંદ કરી. ચંપા મનમાં બોલીઃ " આજનાં ફુલો બધાં ઘેરા રંગનાં છે. આ ઘેરા રંગની ફુલદાની કરતાં આ જરા ચળકતી ઠીક લાગશે. "

ચંપાએ ફૂલો અને પાંદડાંને જોખાં જોખાં પાડ્યાં. રંગેરંગને જોઇ લીધા અને પછી ભણતા રંગોનાં પાંદડાં અને ફૂલો મૂકવા લાગી. થોડી વાર મૂકયું ને પાછું બધું ફેરવ્યું. જરા સામે જોયું. ઠીક લાગ્યું; આંખને ગમ્યું ને વધારે મૂકયું. દૂર જઇને જોઇને પાસે આવી ફુલદાની સારી લાગે તેવો જરાતરા ફેરફાર કરી લીધો. ફુલદાની ભરાઈ રહી. ચંપાનું મ્હોં મલકયું. મનમાં થયુંઃ " કેવી સરસ ભરાઇ છે ! કેવું સરસ બન્યું ! "

બા પાસે ગઈ ને કહેઃ " કયાં મૂકું ? "

બા કહેઃ " તને ગમે ત્યાં મૂક. જ્યાં સારી શોભે ત્યાં મૂક. "

ચંપાએ બધી બારીઓ જોઇ. ગીત ગણગણતાં પડદાના રંગ જોયા; બારીએ બારીએ ફુલદાની મૂકી જોઇ ને દૂર નજીક ઉભા રહી કેવું શોભે છે તે તપાસી જોયું; આખરે એક બારીમાં ફુલદાની મૂકી નાચતી કૂદતી બહાર ગઇ. ગિ.

બાળકો વાતો કરે છે

ચંદન કહેઃ "મારા બાપુ કહે તો તો કરે જ કરે. પરમ દલાડે કહેઃ 'આજે નહિ, કાલે વારતા વાંચીશ.' કાલ પડી ને બાપુએ જ કહ્યુંઃ 'ચાલો આજે વારતા વાંચવાની છે ના?"

રમણઃ કહેઃ "મારા બાપુ તો એમ જ કહેઃ 'કાલે ઢીંગલી લાવી દેશું; કાલે ઢીંગલી લાવી દેશું.' પછી કોઇ દિ' લાવી જ ન દે. ગપ્પા માર્યા કરે."

વિમળ કહેઃ "એવી જ ટેવ મારી બાની છે. કહેશે કાલે ટીકડી મંગાવીશ ને મંગાવે જ નહિ. કાં તો કહેશે આજે પૈસા નથી. કાં તો કહેશે ભૂલી જ ગઈ. કાં તો કહેશે આજે નથી મંગાવવી: આજે બીજું બાવાનું છે."

વિશુ કહેઃ "એમ તો મારી બા ઠીક છે. હા, ક્યારેક દિ' તો કીધા પ્રમાણે નથી કરતી, પણ ત્યારે તો કહે છે કે ધ તો આમ હતું તે ન થઇ શક્યું. પણ નહિતર તો વચન આપે તે પાળે જ છે."

ચંદનઃ કહેઃ "મારા બાપુએ તો કીધું છે કે હું કહીશ એમ કરવાનો ખરો, પણ કોઇક વાર વખતે નથે થાય. કામકાજ કે એવું હોય તો ન પણ બને."

રમણ કહેઃ "તે તો બરાબર. પણ રોજ બોટાં બોટાં બહાનાં કોઇ કાઢે તે તો ન ગમે. કાં તો હા પાડે ને કાં તો ના પાડે તો એક જ વાત કે પછી વારેવારે યાદ ન આવે."

વિમળ કહેઃ "એમ કરતા હોય તો તો સારું જ ના! રોજ ને રોજ વાટ તો ન જોઇએ? આપ્યો દિ' થાય કે 'હેઈ, આજે આમ થશે!' ને પછી છેવટે ના પડે એટલે ઢીલાઢેંશ થઇ જવાય. આવું તો મને ન ગમે!" ગિ.

મોતીનો પહેરવેશ

ગિન્નુભાઇઃ "કેમ કાશીબેન, ભાષણ ઠીક લાગ્યું કે?"

કાશીબેનઃ "હા ભાઈ, મને તો થાય છે કે તમે દરેક અઠવાડિયે આવું રાખો તો બહુ સારું."

ગિઃ "મહિને બે મહિને રાખીએ તોયે કેટલાં થોડાં માબાપો આવે છે? અઠવાડિયે તો કોણ આવતું હતું? ઠીક. કેમ આજે કાંઇ સવાલ બવાલ લાવ્યાં નહિ? કાંઇ નહિ હોય."

કાઃ "ના, સવાલ તો રોજ આવ્યા જ કરે છે પણ હમેશ હું જ પૂછું છું તે મને જરા શરમ લાગી."

ગિઃ "એમાં શરમ શાની? કોઇકે તો પૂછવું જ જોઇએ ને? કોઈ પૂછે એટલે ચર્ચા થાય ને બધાને જ લાભ મળે. ઠીક લ્યો હવે તો કહો."

કાઃ "સવાલ કાંઇ મોટો નથી, પણ બન્યું તે કહી દઉં."

ગિઃ "હા કહોને."

કાઃ "આજે અહીં આવવું'તું તે હમેશનાં લુગડાં પહેરીને હું આવતી'તી એટલામાં સરલા આવી. ધ કહે 'બા તારી પેટીની ચાવી ક્યાં?' મને લાગ્યું એને આવવું હશે તે કપડાં લેવા ચાવી માગતી હશે. મેં આપી. એણે તો પેટી ઉઘાડીને મારો એક સારો સાડલો કાઢ્યો ને કહેઃ 'બા, તું આ પહેરીને ચાલ.' મેં કહ્યુંઃ 'ના બા,

મને શરમ થાય. મારાં કપડાં છે તે ઠીક છે.' ઇ તો માને જ નહિ. મને થયું હવે મારે શું કરવું ? ઇ તો કહેઃ 'તું કોઇ દિવસ મારૂં માનતી નથી. મને તારા આવા સાડલા નથી ગમતા. અમને ગમે તે કોઇ દિ' પહેરતી નથી.' ને એવું એવું બોલવા લાગી ને રડવા લાગી. હવે મારે એને કઇ રીતે સમજાવવી ? તમે જ કહો."

ગિઃ (હસીને) "તો પહેરવો હતો એને ગમતો સાડલો. કોઇ વાર એને પણ રાજી રાખવી."

કાઃ "ના ભાઈ, તમે તે આવું કેમ બોલો છો ? આપણી રીતો નથી જાણતા શું ? મારાથી તે એવું પહેરાય ?"

ગિઃ "શું કામ નહિ ? સરલાને તમારા આવા સાડલા ન ગમે તે સ્વાભાવિક છે."

કાઃ "પણ એને ગમે એવું એ પહેરે. કાંઇ એના જેવું મારે પહેરાય ? મારે તો સમાજની રીતે જ ચાલવું જોઇએ ને ?"

ગિઃ "જરા છૂટથી બોલું તો માફ કરજો. તમે પ્રશ્ન છેડ્યો છે એટલે બોલવું પડે છે. તમે આ વિધવાનો પોશાક તમારી ખુશીથી સ્વીકાર્યો છે કે સમાજની બીકથી ?"

કાઃ "ખુશીથી જ તોઃ"

ગિઃ "ખુશી તો ખરી. પણ પોતાની ખુશી બે જાતની હોય છે. સમાજમાં ચાલતી રૂઢિ હોય તે પ્રમાણે આપણે કરવું જ જોઇએ એમ આપણે નાનપણથી શીખીએ છીએ અને તેથી સામાજિક રૂઢિ પ્રમાણે કરીએ છીએ તે. કરવું જ જોઇએ એમ માનતા હોવાથી કરીએ તે કેવળ આપખુશીથી કર્યું ન કહેવાય."

કાઃ "હું બરાબર સમજી નહિ."

ગિઃ "નથી સમજ્યાં ? સહેલું છે. જુઓ તમને એક પ્રશ્ન પૂછું. સમાજની રીત એમ ન હોત તો પણ તમે પોતાના શોખથી આ પહેરવેશ લેત ?"

કાઃ "ના; સાદો પોશાક રાખત, પણ ખાસ આવાં જ લુગડાં ન રાખત. આવું તો મનેય ગમતું નથી. પણ પહેરૂં છું કેમકે એમ રાખીએ તો સારૂં ગણાય. પણ આ સરલા તો ભાઇ તોબા ! ઇ તો કશું સમજતી જ નથી. ઇ તો સરસ પિરોજી રંગનો કિનારીવાળો સાડલો લઈ આવી. હવે ઇ તે મારાથી કેમ પહેરાય ? હું એને સારૂ આવું કરવા જાઉં તો તો લોકો તરત વાતો કરવા લાગેને ?"

ગિઃ "હા, જુઓ હું પૂછતો હતો ને કે આપ-ખૂશીથી કે સામાજિક બંધનથી ? જુઓ તમે બોલ્યાં કે લોકો વાતો કરે. એટલે તમે સામાજિક બંધનથી આવું બધું કરો છો. સમાજને ખુશી રાખવા માટે કરો છો; આપખુશીથી નહિ."

કાઃ "એ તો એ પણ ધ્યાન રાખવું જ જોઇએ ને ? ઇ જ સમાજમાં રહેવું હોય એટલે એનું બંધન રાખવું જ પડે."

ગિઃ "હું નથી એમ માનતો. તમે પોતાના મનને પૂછીને બરાબર ચાલો તો સમાજ તો કહેવાનું હશે તે કહેશે. એની પરવા રાખે કામ ન આવે. સમાજ તો આમે બોલે ને આમે બોલે. અને સમાજ સમાજ તે કોણ ? આ તમારી શેરીની બાયડીઓ જ ને ? એ તો બોલ્યા કરે."

કાઃ "તો શું સરલાની મરજી ખાતર મારે પોશાક પણ એને ગમે તેવો કરવો ? એ તો બહુ કહેવાય. એટલે તો અમારી મરજી નામરજી કાંઈ હોય કે નહિ ?"

ગિઃ "હવે બરાબર બોલ્યાં. તમારી પોતાની મરજી નામરજી, ગમવું ન ગમવું જરૂર રાખવું. પણ તે શેરીની બાયડીઓ વાત કરે માટે નહિ. બાબાપના પોશાકમાં બે વાતો છે. એક તો તમે કહો છો તેમ મોટાંઓ મોટાંઓને ગમે તે મુજબ

પોશાક પહેરે. મારી દીકરી મને કહે કે 'આવું ખાદીનું શું પહેરો છો? આ ઝીણું વિલાયતી પહેરો.' તો કાંઈ હું એને માટે તેમ ન કરું. હું તો મારું કારણ કહું કે મેં નિયમ લીધો છે, ને મને ખાદી જ ગમે છે વગેરે. પછી ખાદી માટે એ જેટલું પૂછે તેટલું કહું. તેમ જ બીજી રીતે પણ બાળકને કહી શકાય કે જેમ તેને ગમતું નગમતું છે તેમ મોટાંઓને પણ છે. પણ મોટાંઓએ એક વાત વિચારવા જેવી છે. બાળકો માટે જો આપણે જીવતાં હોઇએ તો આપણે સોગીયાં જેવાં દેખાઇએ એ બાળકને ન ગમે એ સ્વાભાવિક છે. જેમ બાળકને પોતાનો શોખ હોય તેમ મોટાંઓને પણ હોય. પરંતુ મોટાંઓને જેમ મારું બાળક આમ પહેરે, આમ રહે એ જોવાનો શોખ હોય છે તેમ બાળકને પણ પોતાની બા આમ પહેરે આમ ઓઢે એ જોવું ગમે છે. માટે સાત બાળકની ઇચ્છાના ગુલામ થઇને ન ફરીએ તો પણ તેની આવી ઈચ્છાને વખતે વખતે સાચવી લઇએ તો ખોટું નહિ. ઘણી મોટી સ્ત્રીઓ ને વિધવાઓ આંખને ન ગમે એવું ગમે તેવું ઓઢીને હરેફરે તે બાળકના મનને ન રુચે. ખરી રીતે તો બાળક વાતાવરણની સુઘડતા માગે છે ને તે યોગ્ય જ છે. મારા અવલોકનમાં તો એમ છે કે બાળક ઉત્સાહ ને પ્રસન્નતાપૂર્ણ વાતાવરણ માગે છે. મારાં છોકરાંઓએ મારાં ખાદીનાં કપડાં સામે કોઇ દિવસ વાંધો લીધો નથી. ફરવા નીકળું ત્યારે દાઢી કરું, સરસ ધોએલું પહેરણ પહેરું, ટોપી ચડાવું તો બાળકો હર્ષથી મારી સાથે નીકળે છે: એ બરાબર વ્યક્ત કરી શકતાં નથી પણ ખરી રીતે પોશાક ન બદલવા કારવવામાં જે આપણે જીવન પ્રત્યેનો કંટાળો બતાવીએ છીએ તેની સામે તેમને વાંધો હોય છે. સાથે સાથે સુઘડતાના અભાવ પ્રત્યે પણ તેમનો અણગમો હોય છે. બાળકોનાં પોતાનાં કપડાંમાં પણ મેં એમ જ જોયું છે. એક સાદું ખાદીનું ઝભલું પણ સરસ ધોઇને સંકેલીને રાખીએ ને નાની બચ્ચીને નહાયા પછી પહેરાવીએ તો તે બહુ ખુશ થઇ જાય છે. એનો દેખાવ, એનો સ્પર્શ એને ગમતો હશે માટે ને? માટે તમારે વિધવાના પોશાક તરીકે જે એની અંદર સોગીયાપણું છે—જીવન પ્રત્યે કંટાળો છે તે કાઢી નાખવો. પછી તમે પિરોજી ને ગુલાબી નં એવું તમને ન ગમે તો ન પહેરો તો સરલા તેની સામે વાંધો નહિ લે, એમ મને ચોક્કસ લાગે છે. કરી જુઓ. તેમજ આવું છોડીને તમારા મનથી તમે જે જે પહેરી શકો એમ તમે માનો છો તે ખુશીથી પહેરવા માંડો. તે માટે લોકો ભલે બોલે. સરલા માટે આટલું કરો છો તો આટલું વધારે. તમારા પોશાકમાં એને કાંઇક દુઃખીપણું લાગે છે તે તેને સાલે છે. ને ખરું પૂછો તો મને એ નથી સમજાતું કે ઘરમાં બાળક છે ત્યાં સુધી સ્ત્રી વિધવા શાની થાય? બાળક છે ત્યાં સુધી ઘરનું વાતાવરણ અમંગલ કરાય જ નહિ; મંગલ, પ્રસન્ન, ઉત્સાહપૂર્ણ એવું જ હોય. ને સ્ત્રી પોતે ત્યાં સુધી સૌભાગ્યવતી જ છે. ખરી રીતે તો સ્ત્રીનો જીવ તેના પતિ કરતાં પણ બાળકમાં જ વધારે હોય છે; એ તો ખરું ને?"

સાંભળતાં સાંભળતાં કાશીબેનની આંખમાં આંસુ આવ્યાં. જરા વાર રહીને તે બોલ્યાં: "આ આખો વિચાર નવીન જ છે તમારું કહેવું સાચું લાગે છે. મેં કોઇ દિવસ આ રીતે વિચાર્યું જ ન હતું. હવે વિચારી જોઇશ. સવાલ નાનો લાગ્યો પણ તમે તો એને ખૂબ ઉંડે લઇ ગયા. ઠીક, હવે જાઉં છું."

ગિ: "આવજો. કાંઇ બોલાઇ ગયું હોયું તો બોટું નહિ લગાડતાં."

કા: "ના ના, એવું કશું નથી."

ઈંગ્લાંડમાં મોન્ટીસોરી પદ્ધતિ

ઇંગ્લાંડે મોન્ટીસોરી પદ્ધતિને આદર આપ્યો છે. અહીં મોન્ટીસોરી અધ્યાપકો તૈયાર થવાનો ઉત્સાહ અને માગણી સતત ચાલુ જ છે. ઇટલી સિવાયના બીજા દેશો કરતાં માત્ર ઇંગ્લાંડમાં ડૉ. મોન્ટીસોરીએ વધારે વખત શિક્ષણ આપવાનું કામ કર્યું છે. એવું છેલ્લું શિક્ષણકાર્ય હમણાં જ લંડનની ડે ટ્રેનિંગ કોલેજમાં થયું. સરકારી મકાનમાં આ વખતે આ કાર્ય પહેલ વહેલું જ હતું. લગભગ ૧૫૦ શિક્ષકોની હાજરી હતી. તેઓ ઇંગ્લાંડના બધા ભાગો, સ્કોટલાંડ, વેઈલ્સ અને આયર્લાંડમાંથી આવેલા હતા. કેટલાએક અનુભવવૃદ્ધ બુઝરગો હતા, કેટલાએકને સ્થાનિક સત્તાએ મોકલેલા હતા, ન્યારે કેટલાએક પોતાથકી આવેલા હતા. અધ્યાપનમંદિરના આ શિક્ષણનો લાભ લેવા તેઓએ ખાસ રજા મેળવી હતી. થોડાએક દૂર દેશના—ઓસ્ટ્રેલિયા, દક્ષિણ આફ્રિકા, હોલાંડ, નોર્વે, ઇટલી, જરમની અને ઓસ્ટ્રીયાના હતા. વ્યાખ્યાનમંડપના મધ્ય ભાગમાં રોમન કેથોલીક સાધ્વીઓ બેઠી હતી અને આજુબાજુમાં શિક્ષકો બેઠા હતા. દેખાવ ઘણો જ ભવ્ય હતો.

કોઇએક મહાન આચાર્ય પોતાના શિષ્યગણને વિદ્યા આપે તેવી રીતે ડૉ. મોન્ટીસોરીએ ત્યાં એકઠા થએલ શિક્ષકોને પોતાની શિક્ષણપદ્ધતિ સમજાવી હતી. એ ભાષણો અદ્‌ભુત હતાં એમાં અજબ જેવું પ્રાણતત્ત્વ ભર્યું હતું. તાજગી અને છટા (Charm) ડૉ. મોન્ટીસોરીના વ્યક્તિત્વનાં તરી આવે તેવાં લક્ષણો છે. ડૉ. મોન્ટીસોરી સૌના પર કંઇક અજબ જેવી છાપ પાડી શકે છે.

એ ભાષણોએ એક પછી એક જૂના શિક્ષણના કિલ્લાને ઉડાવી દીધા હતા ને તેની જગાએ નવી ઇમારતો ચણી હતી. આ સાંભળનારને આશ્ચર્ય થયું હતું કે આવું અદ્વિતીય સત્ય—પરમ સત્ય હજી સુધી જાણે કે કેમ સમજાયું જ ન હતું. સાંભળનારને ખેદ થતો હતો કે ત્યાં ઘણાઓ હાજર ન હતા. જેમની ગેરહાજરીનો કશો વિચાર ન થઈ શકે તેવાઓ હાજર ન હતા; અને ખાસ કરીને તો તેઓને માટે લાગી આવતું હતું કે જેઓ હજી જુવાન છે, જેઓ હજી ઘણા છે ને જેઓ હજી હરી નંથી ગયા.

અહીં મોન્ટીસોરી પ્રવૃત્તિ શિક્ષકોની છે. અધિકારી સત્તા સાવ મંદ છે. ઘણા વિદ્વાન લોકોએ મોન્ટીસોરી પદ્ધતિ ઉપર પુસ્તકો લખ્યાં છે પણ છતાં એમાંના એકેએ મોન્ટીસોરી શિક્ષણ અધ્યાપનમંદિરમાં હાજરી આપી નથી. એટલું જ નહિ પણ મોન્ટીસોરી શાળામાં એક અઠવાડિયા જેટલી પણ હાજરી આપી નથી. જે કાંઇ થઇ રહ્યું છે તે શિક્ષકવર્ગ અને આમવર્ગ તરફથી છે. અધિકારીઓને તો જરા ધકેલાવું પડે છે. આથી ઉલટું હોલાંડમાં બન્યું છે, અને તેથી અહીંની વાત ખાસ ધ્યાન ખેંચે છે. હોલાંડમાં વિદ્યાપીઠ જ કર્તા હર્તા છે. એની અસર ઠેઠ નીચલી શાળાઓ સુધી પહોંચે છે. ઇટલીમાં મુસોલોનીએ રાજહિતાર્થે શાળાના શિક્ષકો પાસે મોન્ટીસોરી પદ્ધતિનું અધ્યયન કરાવ્યું છે અને તેમને તે પદ્ધતિનો વર્ષો સુધી પ્રયોગ કરવાનું ફરમાવ્યું છે. ફરમાનમાં એવા શબ્દો છે કે " પદ્ધતિ સમજ્યા ન હતા એવો કોઇ પણ જનતનો બચાવ ચાલશે નહિ. "

ઇંગ્લાંડમાં રાજ નહિ પણ શિક્ષકોએ મોન્ટીસોરી પદ્ધતિને ચડાવી છે. શિક્ષકોએ પુસ્તક વાંચ્યું, શિક્ષકોએ પદ્ધતિનો અભ્યાસ કરવા માટે હિલચાલ કરી, અને એમની માગણીને પરિણામે જ ડૉ. મોન્ટીસોરી ઇંગ્લાંડમાં આવ્યાં. શરૂઆતના દિવસોમાં શિક્ષકોએ

પોતાના પક્ષથી સાધનો ખરીદ્યાં હતાં. શિક્ષકોને જ ઈન્સ્પેક્ટરોની સાથે લડવું પડયું હતું અને વર્ગો ચલાવી આખી સફળ પરિણામો બતાવીને પદ્ધતિનું સત્ય જાહેર કરવું પડયું હતું હવે તો લંડનમાં બાનગી, ચર્ચની ને સ્ટેટની એટલી બધી મોન્ટીસોરી શાળાઓ છે કે એની નોંધ લેવી મુશ્કેલ છે. ઇંગ્લાંડનાં બીજાં શહેરોમાં પણ એ જ પ્રમાણે છે. લંડન, એડીનબરો, ગ્લાસગો, બરમીંગહામ, અને નોટીંગહામમાં મોન્ટીસોરી સોસાયટીઓ અને શાળાઓ છે. આ ઉપરાંત મોન્ટીસોરી પદ્ધતિની અસર સર્વત્ર થઇ ચૂકી છે, દરેક ઠેકાણે જૂની ઘરેડ પૂરાતી જાય છે, તૂટતી જાય છે.

નવી શાળાઓ માટે તૈયાર થતા ઘણા શિક્ષકો મોન્ટીસોરી પદ્ધતિ શીખતા નથી. તેઓને કોઇએ શીખામણ આપેલી હોય છે કે મોન્ટીસોરી પદ્ધતિ સંકુચિત છે. [જો કે ખરી રીતે જ્યાં આખી મોન્ટીસોરી પદ્ધતિ દાખલ કરવામાં આવી હોય એવી થોડી જ શાળાઓ છે; અને તે સ્વાભાવિક છે કારણ કે એમ કરવું અઘરું છે, અને આજે જે થોડા વખત પૂરતી શાળાઓ ચાલે છે તે માટે શક્ય નથી.] આથી તેઓ મોન્ટીસોરી પદ્ધતિ લગભગ શીખતા જ નથી અને ઇતર બાબતોને ઉપાડે છે. ખરી રીતે આ ઇતર બાબતોની કિંમત મોન્ટીસોરી શિક્ષક હોય છે તે તુરત સમજી શકે છે; અરધા કલાકમાં તેને ગોઠવી દેવી, તેમાં ફેરફારો કેવી રીતે કરવા તે તેને આવડે છે. પણ જેણે મોન્ટીસોરીનો અભ્યાસ બાજુમાં રાખી ઇતર પદ્ધતિઓ તરફ ખેંચાઇ તેને જોઇ લીધી છે તેનામાં તે શક્તિ આવતી નથી. અલબત્ત મોન્ટીસોરી પદ્ધતિ શીખતાં ઘણી જ વાર લાગે છે. પણ એક વાર શીખ્યા પછી તેની દૃષ્ટિ ઘણી જ વિશાળ થાય છે માટે જ વિશાળતા માટે પહેલાં સંકુચિત થવું પડે એ સારું છે, જ્યારે વિશાળતાને નામે માત્ર ઉપલકીયા થઇ જવું એ હાનિકારક છે. આ વિચાર અભ્યાસના દરેકેક વિષયને લાગુ પડે છે.

ડૉ. મોન્ટીસોરીનો આગ્રહ છે કે "મોન્ટીસોરી શિક્ષકની તૈયારી નૈતિક અને આધ્યાત્મિક દૃષ્ટિએ થવી જોઇશે." હમણાં જ પોતે લખેલ છે કે "આપણામાં કેટલીએક એવી બાબતો છે કે જે સારી નથી. મોન્ટીસોરી શિક્ષક થનાર પોતાના ઉંડા અન્તરમાં ઉતરે અને પોતામાં રહેલા જે નૈતિક અવગુણો છે તે દૂર કરે. આ અવગુણ તે જુલ્મ છે—અન્ય ઉપર અધિકાર ચલાવવાનો છે. બીજો અવગુણ અભિમાન અને ક્રોધ છે. આ અવગુણો શિક્ષકના આત્માને હણનારા છે. પ્રથમ અભિમાન અને ક્રોધને ફેંકી દઇ નમ્ર થાઓ. અને પછી દયાલુતા ને ઔદાર્યનાં વસ્ત્રો

બાળપોથી જરૂર વાંચો

ઘરમાં બાળકે શું કરવું ?
બાળકીડાંગણો
બાળકોનાં રમકડાં
બાળકોનો પહેરવેશ
બાળકોની કુટેવો
બાળકોનો ખોરાક
સ્વતંત્ર બાલશિક્ષણ
શિક્ષણના વહેમો
બાળકોનું બહીવું
બાલજીવનમાં ડોકિયું
બાલમંદિરમાં
વાર્તા કહેનારને
જાતીય વિકૃતિનાં મૂળ

: :પોસ્ટેજ સાથે એક રૂપીઓ: :

વ્યવસ્થાપક
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

પહેરો. આપણે આવા પ્રકારની મનઃસ્થિતિ કેળવવાની છે."

એક તરફ બાળકનું સ્વાતંત્ર્ય છે. બીજી તરફ શિક્ષકનું સ્વાતંત્ર્ય છે. ખરી રીતે આ બન્ને એક બીજાંનાં વિરોધી નથી. બન્નેને જૂદી જૂદી જાતનાં સ્વાતંત્ર્ય આપવાનો આપણો પ્રયત્ન છે. પણ ડૉ. મોન્ટીસોરી જૂદા જ સત્યનું ભાન કરાવે છે. જ્યારે કોઇ દર્દી માંદો પડે ત્યારે તેનું સાજા થવાનું સ્વાતંત્ર્ય વૈદકશાસ્ત્રે જ (અને બીજા કોઇએ નહિ જ) નિર્માણ કરેલ નિશ્ચિત ચિકિત્સા (treatment) ઉપર અવલંબે છે. પરંતુ આ નિશ્ચિત ચિકિત્સા નર્સ પરત્વે નિયમન રૂપ છે. આ જ રીતે જ્યારે બાળકને આપણે સ્વાતંત્ર્ય આપીએ, છૂટું મૂકીએ ત્યારે આપણે શીર સ્વયંનિયમન આવી પડે છે. અને ખરી રીતે તો આ સ્વયંનિયમન એ જ એક પ્રકારનું સ્વાતંત્ર્ય છે. શિક્ષકનું સ્વાતંત્ર્ય બાળકને સહાય આપવામાં છે. અને અમુક તમુક રીતે બાળકને સહાય આપીને, તેની સેવા કરીને શિક્ષક ઉંચામાં ઉંચે શિખરે ચડે છે.

પ્રત્યેક વિષયને બાલ સ્વરૂપ છે. સંગીતકાર ગમે તેમ પિઆના ઉપર આડાદોઢા સ્વર પાડી નહિ શકે. ચિત્રકાર ગમે તેમ ફાવે તેમ કેનવાસ પર રંગ છાંટી નહિ શકે. અને અનુભવી શિક્ષકો જાણે છે કે બાળકો પોતે જ તેમને જ્યારે તેઓ ખોટા માર્ગે જાય છે ત્યારે સાચે રસ્તે આણે છે, તેમની ભૂલ સુધારે છે. કારણ કે જ્યારે શિક્ષક શિક્ષણશાસ્ત્રની ભૂલ કરે છે ત્યારે બાળક સમૂળગું કામ કરતું જ બંધ થઇ જાય છે, અને દબાણની જરૂર માગે છે. જે શિક્ષકને એક વાર પણ એ વસ્તુનું ભાન થયું છે કે બાળક પોતે જ પોતાનો પ્રેરક છે અને શિક્ષક નથી, તેનાથી આ વધારે સહી શકાતું નથી. મોન્ટીસોરી પદ્ધતિ એક મૃત વસ્તુ નથી. એ હલ્યા ચલ્યા વિના પડી રહે એવી નથી જ. એ પદ્ધતિ ઉલટું જીવતી પદ્ધતિ છે. તે વધવાની અને વિકસવાની છે. પરન્તુ એના વિકાસનો આધાર આ પદ્ધતિએ અત્યાર સુધી જે કરેલું છે એમાં સુધારા વધારા અને સુંદરતા પૂર્ણતા લાવવામાં છે. પરન્તુ આજે જેમ અનેક શિક્ષણપદ્ધતિઓ કુદરતી કાનુનોને ઓળંગીને તેને કાપીને ચાલે છે ને જોહુકમી વરતાવે છે તેમ કરવામાં તેનો વિકાસ અને વર્ધન નથી.

(ન્યુ ઇરા ઉપરથી)

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર*

પત્રિકા ૧ લી

ઑગસ્ટ ૧૯૨૮

આપનું બાળક બાલમંદિરમાં દાખલ થયું છે. હવેથી નીચેની બાબતો પર આપ ખાસ લક્ષ આપશો; અને તો જ આપના બાળકને દાખલ કર્યાનો પૂરો લાભ મળશે.

૧ આપ તેને બનતાં સુધી નાના અને મજ્જવા કારણસર ગેરહાજર ન રાખતાં: જેમકે જમવા જવું વગેરે.

પરંતુ બાળકને આપ કદિ પણ પરાણે કે પેંડા રેવડીની લાલચ આપીને બાલમંદિરમાં ન જ મોકલતાં.

બાળક ગેરહાજર રહે તો તેને નુકશાન થાય છે. બાળકને પરાણે મોકલવાથી તે બાલમંદિરમાં રાજી થઇ કામ કરતું નથી પણ ઘેર જવું છે, ઘેર જવું છે; કર્યા કરે છે.

* બાલમંદિરની આ પત્રિકા દરેક માબાપને ઉપયોગી હોઈ અહીં લેવામાં આવી છે.

૨ આપના બાળકને હમેશને હમેશ નહવરાવીને, વાળ ઓળીને, કપડાં ચોકખાં પહેરાવીને મોકલશો. એને રોજની એક બટપટ ન ગણતાં. બાળકની પહેલી કેળવણી સ્વચ્છતા છે. તે ન થાય ત્યાં સુધી તેને એકડા કે એવું શીખવાડાય નહિ. બાળકને થોડા વખત પછી સ્વચ્છ રહેવાનો શોખ થશે એટલે તે જાતે સ્વચ્છ રહેવા લાગશે. વળી અમે પણ તેને સ્વચ્છ કેમ રહેવું તે શીખવીએ છીએ તેથી તે સ્વચ્છતા રાખવાનું શીખે છે.

૩ બાળકને એક પ્યાલો અને દાંતીયો આપશો જ. તે બધું અહીં બાલમંદિરમાં રાખવાનું છે. બાળક ત્યાં લાવે તો પાછું મોકલશો. બાળકો એકબીજાને પ્યાલે પાણી પીએ તે ઠીક નહિ; એમાં ગંદકી છે, ચેપ વળગે છે. પોતાનો દાંતીઓ રાખવાથી પોતાનું માથું ગમે ત્યારે સગવડથી ઓળી લેવાય છે ને માથામાં બીજાની જુએ આવતી નથી.

૪ બાળકને એક રૂમાલ ચોકખો ધોએલો રોજ આપશો. કામકાજ વખતે હાથ લુવા; નાક લુવા રૂમાલ જોઇએ.

૫ આપના બાળકની બધી ચીજો પર અને લુગડાં પર પણ નામ લખશો. બાળકનું આખું નામ લખવું. જો કોઇ ચીજ ખોવાય તો બીજે દિવસે જણાવશો એટલે તપાસ કરી શકાય.

હાજરીપત્રક

શાળામાં હાજરીપત્રક રાખવાનો રિવાજ જૂનો છે. હાજરીપત્રક બતાવે છે કે કેટલા વિદ્યાર્થીઓ હાજર છે ને કેટલા ગેરહાજર છે. કેટલા રજાથી, કેટલા માંદગીથી અને કેટલા વગર રજાએ નથી આવ્યા. હાજરીપત્રક ઉપરથી સરેરાશ હાજરી કેટલી તે નીકળે છે. હાજરીપત્રકથી એમ પણ જોવાય છે કે એકંદરે આ શાળામાં વિદ્યાર્થીઓ વધારે આવે છે કે ઓછા. હાજરીપત્રક પરથી એવું અનુમાન કાઢવામાં આવે છે કે કેટલા પ્રમાણમાં શાળા સફળ કે નિષ્ફળ ગઇ છે. હાજરીપત્રકમાં ઓછી હાજરી રહેતી હોય છે તો તે હાજરી વધારવા શિક્ષકે પ્રયત્ન કરવાનો હોય છે. અમુક ટકા ઉપર હાજરી કાયમ રહેતી આવે તો શિક્ષકને અમુક પ્રમોશન મળવાનો સંભવ છે. હાજરી ઓછી જ રહે તો શાળા કાઢી નાખવાનું પ્રયોજન ઉભું થાય છે, અથવા શિક્ષક ભણાવવામાં નિષ્ફળ નીવડ્યો છે એમ ઠરાવી શકાય છે. હાજરીપત્રકના આ ઉપયોગો છે. હાજરીપત્રક આટલું કામ કરીને અટકે છે.

પણ હાજરીપત્રકનો કાર્યપ્રદેશ હજી વધારી શકાય તેમ છે અને વધારવો આવશ્યક છે. વિદ્યાર્થી માંદગીને લીધે નથી આવતો ત્યાં હાજરીપત્રકમાં માં એમ લખી દેવાય છે. એમ જ રજા માટે ર લખાય છે ને ગેરહાજર માટે × મૂકાય છે. પણ આ માં, ર અને × પાછળ કોઇ જતું નથી. એક વિદ્યાર્થીના નામ સામે માં, માં, કેટલીયે વખત આવે તો પણ શિક્ષકને જરા પણ ચોંકવાનું બનતું નથી; આ તે શી માંદગી છે તેની શિક્ષકને તપાસ કરવાની ફરજ નથી ને એમ કરવું આવશ્યક છે એમ તેનું માનવું નથી. એની બબર કાઢવાનું તો ભાગ્યે જ હોય. તેના માબાપને મળી તેની ચિંતા કરવાનું તેના

કાર્યપ્રદેશની બહાર છે. પણ બરી રીતે હાજરી-પત્રકમાં માં પૂરાવતું બાળક શિક્ષકને માટે ચિંતાનો વિષય છે. તે સાજું માંદું રહે તેના ઉપર તેના ભણવાનો આધાર છે એટલું જ નહિ પણ શિક્ષકની મહેનતના ફળનો પણ આધાર છે. વળી માં બાળક આજે નથી આવ્યું ને કાલે આવે છે; વળી ત્રીજે દિવસે તે માં છે. શિક્ષકે તેને ભણાવવું કે નહિ? તેની કેવી જાતના રોગમાં છે કે જેથી તેને સૌની સાથે બેસારવું કે જૂદું બેસારવું અગર બરાબર સાજું થાય ત્યાં સુધી આવવાની ના પાડવી? આ બધું હાજરીપત્રક સાથે સંબંધ ધરાવવું જોઇએ. બાળક માંદું હોય છે તેથી જ માંદગીના કારણે નથી આવતું એમ પણ નથી હોતું. વિદ્યાર્થીને ઘણી વાર માંદગીનો ઢોંગ કરવો પડે છે. શાળાનું ભણતર નમ્બાવડું હોય તે નિશાળમાં ન આવડવા માટે માર આવો પડતો હોય તો બાળક માંદગીનું શરણ લે છે! આવે વખતે વૈદ્ય, ડૉક્ટરો કે માબાપથી કળી ન શકાય એવી માંદગી તેને ધારણ કરવી પડે છે. પેટમાં દુખવું, માથું દુખવું, એવા રોગનું શરણ લઈ વિદ્યાર્થી શાળાથી બચે છે. આવાં વિદ્યાર્થીઓને અનુભવી લોકો જાણી શકે છે. આપણને સૌને કંઇ કંઇ તો આવા વિદ્યાર્થીઓનો અનુભવ હશે જ. શિક્ષકના ભયથી કે માથી માંદા પડેલ વિદ્યાર્થીઓની માંદગી જૂદી પ્રકારની છે. ઘણી વાર માબાપ કે વિદ્યાર્થીને આનું કારણ જણાતું નથી. શિક્ષક કે માબાપ જ્યારે બાળક માંદુ પડે ને શાળામાં તેનો માં પૂરાય ત્યારે બીજાં કારણો તપાસવા સાથે આ કારણ પણ તપાસી શકે.

શિક્ષક × પૂરીને બેસી રહી શકે નહિ. સરેરાશ હાજરી પૂરાતી હોય તો. તેનાથી સંતોષ પામી શકે નહિ. તેણે દરેક × વિદ્યાર્થીની ગેર-હાજરીનાં કારણો શોધવા જવું જોઇએ. ગેર-હાજર વિદ્યાર્થીનાં માબાપો પાસેથી તેનું કારણ પહેલી તકે મેળવવાનું ધોરણ દાખલ કરવું. જો માબાપોને ગેરહાજરીનું કારણ પૂછવા જઇશું તો કેટલાંકે ચમકીને એમ પણ કહેશે: "અમને તો ખબર જ નથી કે તે ગેરહાજર રહે છે. તે તો રોજ અગિયાર વાગે ઘેરથી શાળાએ આવે છે ને પાંચ વાગે ઘેર આવે છે." આનાં કારણોમાં જડશે કે કાં તો વિદ્યાર્થીને શાળાના શિક્ષકનો કે ભણતરનો અણગમો છે, અને તેને જ કારણે તે મોટે ભાગે રખડવા ચડી જાય છે. તે બોર બાંવા ઉપડે છે, બાગમાં જઇને બેસે છે, માશી કે મામાને ત્યાં જાય છે. જ્યાં ત્યાં છૂપાતો ફરે છે, ને એ માર્ગે જતાં કુટેવોમાં પણ સંપડાતો જાય છે. હાજર રહેલાં વિદ્યાર્થીઓને બરાબર ભણાવવાનો પ્રશ્ન જેટલો અગત્યનો છે તેટલો જ અગત્યનો—બલ્કે તેથી વધારે અગત્યનો પ્રશ્ન ગેરહાજર રહી ન ભણતા વિદ્યાર્થીઓનો છે. તેઓની ગેરહાજરીનાં ખરાં કારણો જાણી તે દૂર કરવાં ને ભણતરનો માર્ગ સીધો કરવો એ વધારે મોટું ભણાવવું છે. હાજર રહે છે તેઓ ભણશે જ પણ જેઓ ભણતરથી ભાગ્યા છે તેઓની જ ખરી ચિંતા છે.

વિદ્યાર્થીઓની રજા પાછળ પણ જાત જાતનાં કારણો હોય છે. માબાપો ઘણી વાર નજીવા કારણે વિદ્યાર્થીઓને ઘેર રોકે છે. ઘણી વાર જજમાનને ત્યાં જમવા જવાનું કામ હોય છે; ઘણી વાર માને બાળક અવતર્યું હોય છે તેથી ઘરમાં મોટા છોકરાની મદદ જોઇએ છે; ઘણી

વાર કોઇને ત્યાં અવરણીનું કે દાડાનું આવા જવાનું હોય છે. માબાપો આવી રજાઓ અપાવે છે ને હજી નિશાળો એવી આકર્ષિય નથી થઈ કે રમવા જમવાનું મળે તો પણ નિશાળ છોડવાનું ન ગમે. પણ તેવી નિશાળો થતાં વખત જશે. નિશાળોમાં જવા માટે વિદ્યાર્થીઓ કજીયો કરે, નિશાળે ન જવાયું હોય તો પણ ગમે નહિ, માબાપ નજીવા કારણે રોકે તો પણ રોકાવું રુચે નહિ, માંદગી હોય તો પણ નિશાળે જઇને બેસવું સારું લાગે એવી નિશાળો હજી હવે થવાની તો છે જ, પણ હજી વાર છે. થવાની તો છે જ કારણ કે આજની નિશાળને વિદ્યાર્થીઓની સાચી હાજરી હજી મળી નથી.

જ્યાં માબાપો ઉપર જણાવેલા પ્રકારની રજાઓ અપાવે છે ત્યાં પણ શિક્ષક તેનાથી અજાણ્યો ન રહે. અને નકામી રજાઓ કયાં કયાં છે તે તેમને બતાવી આપી વિદ્યાર્થીઓની હાજરીમાં થતા ઘટાડામાં અટકાયત કરે.

જેમ શિક્ષક અને ભણતરના અભાવને લીધે ગેરહાજરીનાં જાતજાતનાં કારણો થાય છે તેમ ભણવું રાજ્ય તરફથી ફરજીઆત હોય છે ત્યાં ગેરહાજરી હાજરીના જાતજાતના પ્રકારો બને છે. ગામડાના લોકોને ભણતરની કિંમત ન સમજાઇ અગર ઘરધંધામાં છોકરાઓની જરૂર હોય ત્યારે ફરજીઆત ભણતર અને હાજરીના નિયમને છેતરવાની જરૂર પડે જ છે. કાં તો કાયદામાં આવી શકે તેવી હાજરીના પ્રકારો માબાપે શોધી કાઢી વિદ્યાર્થીને ઘેર રાખવાનું કરવું પડે છે અથવા શિક્ષક ખોટી હાજરી પૂરે તેવો રસ્તો ઉઘાડવો પડે છે. હાજરીપત્રકનાં નિશાનો આવા સંજોગોમાં ઘણી વાર ખોટાં હોય છે. હાજરીપત્રકનો વિચાર કરતાં આ વિચાર ધ્યાનમાં રાખવા જેવો થઈ પડે છે.

શાળાના સમયો અને લાંબી રજાનાં ઘોરણો લોકપ્રવૃત્તિને અનુકૂળ ન હોવાથી હાજરી ગેરહાજરીના ટકામાં ફેર પડે છે તે તરફ નજર જવી જોઇએ. ગામડાની શાળામાં ખેતીની ઋતુ ઉપર લોકના છોકરાઓ ગેરહાજર રહે એવું બને છે, ત્યાં તેને ગેરહાજરી ગણવી પત્રકમાં × મૂકવી ને શાળાનું કામ મંદ ચલાવવું તેના કરતાં ઋતુની જરૂરીઆત પ્રમાણે ઋતુ પરત્વે શાળાઓમાં રજા જ પાડવી ને તેનો બદલો શક્ય હોય તો બીજેથી મેળવવો. એમ જ જ્યારે માંદગીની સામાન્ય ઋતુ આવે (જેમકે ભાદરવામાં તાવ, અગર કોઇ ચેપી રોગ ફાટી નીકળે જેમકે ઊધરસ, આંખો આવવી વગેરે) ત્યારે પણ શાળા અને હાજરીપત્રક બન્ને બંધ કરવાં કે જેથી ગેરહાજરીનો પ્રશ્ન ઉભો ન થાય ને ભણતર પડે નહિ; તેમજ ચેપી રોગો નિશાળ મારફતે વધે નહિ.

હાજરીપત્રક સાથે આવા પ્રશ્નો સંકળાએલા છે તે જોવા જેવા છે. ગિ.

રૂા. ૭)માં હજુ આજ સાહિત્યમાળાના ગ્રાહક દીવાળી સુધી થઈ શકાશે. ઉતાવળ કરશો ?

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

REG. NO. B 2241

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી ગ્રૂપ)

વર્ષ ૩ જું
૧૯૮૫

અંક ૧૦ મો
માર્ચ

: તંત્રી :
ગિજુભાઈ
તારાબેન

ગઈ કાલ ચાલી ગઈ તો આવતી કાલ તો ઉભી જ છે.
ગઈ કાલે સૂઈ રહ્યા તો આવતી કાલે જાગીએ.
ગઈ કાલે આળસ કરી તો આવતી કાલે કામે લાગીએ.
ગઈ કાલને ન ઓળખી તો આવતી કાલને પિછાનીએ.
ગઈ કાલને વેડફી નાખી તો આવતી કાલને વાપરીએ.
ગઈ કાલને ના રડો; ગઈ કાલ પાસે ના બેસો; ગઈ કાલને પાછળ મૂકો; ગઈ કાલનો સૂર્ય આથમી ગયો.
આવતી કાલે નવો સૂર્ય ઉગે છે; એને જોઈ હસો;
એનાં કિરણે પ્રાણ ભરો; એની સાથે આગળ ધપો.
ગઈ કાલ ચાલી ગઈ તો આવતી કાલ તો ઉભી જ છે.

આને બદલે આ કરું

૧

"ઘેલીયાને માટે નાતજાતમાં જવા માટે વીશ રૂપીઆનું પીતામ્બર લઉં તેના કરતાં તો ફળીયામાં એક અખાડો કરાવું ને મહીં રેતી પથરાવું એ નહિ સારૂં ? પીતામ્બર પહેરીને ઘેલીઓ નાતજાતમાં રૂડો દેખાશે પણ અખાડામાં ખેલીને તો તે શરીરે રૂડો થશે."

ઘેલીયાની બા કહે છેઃ "એને એક કંદોરો કરાવી આપો ને એક કહું આપો. આડોશી-પાડોશીનાં છોકરાં સૌને એ ઘરેણાં તો છે." હું કહું છુંઃ "ઘરેણાં પહેર્યા વિના ઘેલીયો ભૂંડો નહિ લાગે. પણ જો આપણે એમ પૈસા ખરચીએ એના કરતાં એને રોજ સવારે બા શેર ગાયનું દૂધ પીવરાવીએ તો ?"

ઘેલીયાની બાને એમ થાય છેઃ "આપણે પણ દેરીયાજેઠીયા જેમ રહેવું જોઇએ. ઇ છોકરાં પાંચ દસ રૂપીઆના ફડાકા ફોડે-ત્યારે ઘેલીયાને માટે બે રૂપીયા તો ખર્ચવા જોઇએ ના ?" મને લાગે છે કે "એ તો આપણી દેખા દેખી થઇ. ફડાકા ફોડીને તો પૈસાનું પાણી કરવાનું. એને બદલે ઘેલીયાને બે રૂપીયાનાં કાતર ને રંગ બેરંગી કાગળ ન અપાવું કે ઘેલીયાને કાતરણી કામ ગમે છે તે ઘરાઇ ઘરાઇને કરે ?"

ઘેલીયાની દાદી એટલે મારી બા કહે છેઃ "બાપુ, સાત રૂપીઆ ઇ લોઢાનાં ચકરડાં ને ચાપડામાં શું કામ નાખ્યા ? સાત રૂપીઆમાં તો એક હેલ આવે. ઘરમાં એક રાચ થાય તે ત્રણ પેઢી સુધી ચાલે." હું વિચારૂં છું કે "ઘેલીયાને મીકેનો ગમે છે. તે વડે તે પોતાની યાંત્રિક શક્તિને બીલવે છે. ઘરમાં બેહું ન હોય ને માટીનાં માટલાં હોય તો શું બોટું ? ઘેલીયો યંત્રવિદ્યામાં આગળ વધશે તો એવા રાયની તો દુકાન કાઢશે."

ઘેલીયાની બા કહે છેઃ "ઘેલીયા માટે બે બાગલાં આણ્યા. જમનાના જીવાએ પણ લીધાં છે. ઘેલીયાને તે બહુ ગમે છે ને કજીયો કરે છે." હું કહું છું કે "ફળીયામાં બડ થયું છે ને તેથી મચ્છર થયાં છે ને તેથી સૌને વારે વારે તવા આવે છે. બાવલાંને લાવું તેના કરતાં બે દાડીયા બોલાવીને બડ ન કઢાવું કે રોગમાંથી બચીએ." એની બાને એ બોટો બર્ચ લાગે છે. તે કહે છેઃ "એ તો બડ સૂકાઇ જશે. આપણે એવા પૈસાદાર કયાંના કે બડ કઢાવવા દાડીયા રાખીએ?"

૨

હું કહું છું કે "ઘેલીયાને એના આ જન્મ-દિવસે કંઇક એવું અપાવીએ કે એને ખુબ મજા પડે ને લાભ થાય; ને નાહકનાં ઘણાં બધાંને ભેગાં કરીને બવરાવવા પીવરાવવાની દિ' બધો બટપટ કરીએ છીએ તે છોડી દઇએ." એની બા કહે છેઃ "ઇ વાત મને ગમી. એમાં તો અરધાં થઇ જઇએ છીએ ને ઘેલીયાને મન કંઇ નહિ."

ઘેલીયાની બા કહેઃ "સારે આપણે બોટો બર્ચ બંધ કરીએ. આ નકામી વરસે વરસે ત્રાંબા પીત્તળનાં વાસણો ભેગાં કરૂં છું. આ નવા વરસે આપણે રમવા માટે ઘેલીયાને કુટબેલા અપાવીએ." મેં કહ્યું: "એક લાખ રૂપીઆની વાત."

મને થયું: "ઘેલીયાની બા સાચું કહે છે કે આ બજારમાં જઈને રોજ રોજ હું પેપરમીન્ટ ને એવું એવું પેટ બગાડે એવું બધવું છું ને પૈસા ફેંકી દઉં છું તેના કરતાં તો છોકરાંને માટે એક હીંચકો બંધાવું તો ઠીક."

મારો અને ઘેલીયાની બાનો મત બરાબર મળતો છે કે "છોકરાંને લુગડાં કરાવ્યે જ જવાં ને પછી મેલાં કપડાં પહેરવાને કહેવું અથવા 'ધોબીને પૈસા ક્યાંથી દઈએ? બ તો પૈસાદારનું કામ. રોજ રોજ સાબુ ક્યાંથી કાઢીએ?' એમ કહેવું સાવ ખોટું છે. બે કપડાં ઓછાં કરાવીએ ને સાંધી સુધને ચલાવીએ તો સાબુના પૈસા તો તેમાંથી નીકળે!"

માત્ર ગમ્મત ખાતર બે પાંચ મિત્રોને તો મહિનામાં બબરાવવું જ જોઈએ. ઘરમાં શોભા લાગે એટલે મોતીનાં તોરણનો બર્ચ તો જોઈએ ના? જરા ફેશનેબલ ગણાવા માટે ફલાણો સાબુ તો વાપરવો જ, જોઈએ. પણ બાળકો માટે માસિક મંગાવવું છે તો પૈસા નથી. એમને ગાડી કરી દૂર દૂરનાં સુંદર સ્થળો દેખાડવાં છે તો કે' પૈસા નથી; આ વિચાર બોદો જ છે તો?

મહેમાન આવ્યો કે' ચાપશી વિના કેમ જમાડાય? શ્રાવણ માસ આવ્યો તો કે' ઘરમાદામાં તો પાંચ રૂપીઆ આપવા જોશે. શ્રાદ્ધ આવ્યાં તો કે' પાંચ પચ્ચીશ જણને બવરાવ્યા વિના વહેવાર કેમ ચાલે? પણ છોકરો માંદો પડ્યો ને દાક્તરને બોલાવવો છે તો કે' દાક્તરની ફી ક્યાંથી કાઢવી? ગાડીના પૈસા ક્યાં છે? છોકરાનું શરીર બાયકાંગલું છે તો જરા પૌષ્ટિક દવા કે બોરાક બવરાવો તો કે' બાપુ ગરીબ માણસને બધું ક્યાંથી પાલવે? આનું નામ બોટી ગરીબાઇ.

મારો મિત્ર કહે છે તે બરાબર જ છે કે "નાહકનો હું વરઘોડા ને બચરણીમાં એટલા બધા પૈસા શા માટે બરચું, ને બરચ કરીને બાલી થાઉં ત્યારે શેનો કહું કે હું મારા બચ્ચુને હવે આગળ નહિ ભણાવી શકું? બોટા બરચ કર્યા ને બે દિવસ વાહ વાહ બોલાણી તેમાં બચ્ચુનું શું વળ્યું? એ બિચારાને તો ઉલટું દેવાનો બોજો વહેવો પડશે."

ગિ.

શામજીભાઇને ઘેર

થાળીઓ નખાઇ, પાટલા મૂકાયા, પાણીના લોટા ભરાયા ને કહેવામાં આવ્યું: "ચાલો જમવાનો વખત થયો."

શામજીભાઇને ત્યાં આજે ચંપા અને તેની બા મહેમાન હતાં.

શામજીભાઇ અને શાન્તાબેનને ત્રણ બાળકો હતાં; એક છોકરો ને બે છોકરીઓ.

શામજીભાઇએ ઇસારેથી પોતાનાં ત્રણ બાળકોને પાટલા પર બેસવા કહ્યું. તેઓની પાસે ચોથો પાટલો ચંપાનો હતો.

ચંપા કહે: "બા હું તો તારી પાસે જ બેસું; ત્યાં નહિ બેસું."

ચંપાની બા, શાન્તાબેન, ગૌરી, વગેરે મોટાંના પાટલા એક બાજુ હતા. નાનાં બાળકોની મંડળી જૂદી હતી.

ચંપાની બાએ કહ્યું: "ચંપા, ત્યાં સૌની સાથે બેસીએ. જો આ ભાઇ બેનો કેવાં બેઠાં છે? તારો પાટલો ત્યાં જ છે."

"ના. એં...હું તારી પાસે જ બેસીશ. તારી પાસે; એં...તારી પાસે."

"તો મ્હારી પાસે જગા નથી. ત્યાં જ બેસવું પડે."

"ના. ઓલ્યો પાટલો છે ત્યાં હું બેસું" ચંપાએ હઠ લીધી.

એ પાટલો તો ગૌરીબેનનો હતો. શામજી-ભાઇએ તોડ કાઢ્યોઃ "ચંપાબેન, ત્યારે તમે તમારી બા પાસે બેસો. ગૌરીબેન, તમે ચંપાની જગાએ આવોને."

જગા બદલાઇ. ચંપાની બાના મનમાં સારૂં ન લાગ્યું. ચંપા સામે તેણે જરા નારાજીથી જોયું પણ નારાજી દબાવી. તેના મનમાં થયુંઃ "આ ટેવ સારી નહિ."

પીરસાવા માંડ્યું. ચંપા કહેઃ "બા, તું પડીયો થોભી રાખ." "બા, આ શાક સરખું કરી દે." "બા, પૂરીને સરખી ગોઠવી દે." "બા, જોને રાઇતાનો રેલો ચાલ્યો; બધું લૂછ દે."

બા કહેઃ "ચંપા, જો પેલાં બાળકો કેવાં પોતાની મેળે કરે છે? તું પણ કરી શકે. તું તો પેલી દેવીથી અને રમુથી જરાક મોટી છે!"

ચંપા કહેઃ "તે તું કરી દે ને; તને કરતાં કયાં નથી આવડતું. રોજ તો કરી જ દે છે."

ચંપાની બા શું બોલે? પણ મનમાં થયુંઃ "ચંપામાં આવી ટેવો ન જોઇએ. મારે તેનો ઉપાય લેવો જોઇએ. મારા વિના ચાલે નહિ; હું કરી દઉં તો જ ચંપા રાજી ને મારા પર જ આધાર!"

કેળાં આવ્યાં. ચંપા કહેઃ "બા, મારે બે જોશે. મારે બે; મારે બે."

સૌને બેક બેક મૂકયું હતું.

બા કહેઃ "બે તો સાને સરખું જ હોય."

ચંપા કહેઃ "ત્યારે તારૂં કેળું હું બાઇશ."

બાએ જરા કડકાઇથી કહ્યુંઃ "એમ ન થાય; તારૂં તારે બાવું ને મારૂં મારે બાવું."

"બેંહ, એમ કાંઇ હોય? મારે તો બે કેળાં બાવાં છે. નહિ આપ તો તારૂં ઉપાડી લઇશ ને બાઇશ."

ચંપાએ કેળું ઉપાડયું પણ શામજીભાઇએ ત્યાં તો બીજું મંગાવ્યું ને ચંપાને બે કેળાં મળી ગયાં.

બેની બા તો બૂબ શરમાયાં. મનમાં લાજી મર્યાં.

પેલાં છોકરાં તો શાંતિથી બેડાં-બેઠાં વાતો કરતાં હતાં. ઝીણું ઝીણું હસતાં હતાં અને જે આવતું હતું તે ગોઠવીને મૂકતાં હતાં.

જમવા બેઠાં બેટલે ચંપા કહેઃ "બા તો મને તીખું લાગે છે. તું લઇ લે."

બા કહેઃ "તે તું તારા ભાણામાં રહેવા દે."

"તે મને બે ન ગમે. તું લઇ લે નિકર પછી હેઠે નાખીશ."

ચંપાની બા કંઇ બોલ્યાં નહિ ને ચંપાએ શાક બાની થાળીમાં નાખ્યું.

ચંપાની બા મુંઝાતાં હતાં. શામજીભાઇનાં છોકરાં સુંદર રીતે બાતાં હતાં. ન ભાવે તેને અડતાં ન હતાં, અને અંદર અંદર વાતો કરતાં હતાં.

શામજીભાઈ અને શાંતાબેનને ગૌરી-વાતો કરતાં હતાં. ચંપાની બા પણ તેમાં ભાગ લેતાં હતાં.

ચંપા કહેઃ "પણ બા, તું મારી વાત તો સાંભળ. આ મારી વાત સાંભળતી જ નથી."

ચંપાની બાએ ધ્યાન ન આપ્યું બેટલે તો

ચંપાએ એંઠો હાથ બાને લગાડી દીધું: "મારી વાત સાંભળવી છે કે નહિ?"

ચંપાની બા બસીયાણી પડી. તેને થયું: "આ છોકરી તે કેવી થઇ છે."

શામજીભાઇ ચતુર હતા. તેમણે છોકરાંઓ સાથે વાતો માંડી ને ચંપાનું તે તરફ ધ્યાન ગયું એટલે બાની મુશ્કેલી ટળી.

ચંપાની બાને થયું: "આપણે કાં તો કોઇને ત્યાં જમવા ન જવું ને કાં તો ચંપાને સુધારવી." વળી મનમાં ગણગણી: "પણ એમાં ચંપાનો શો વાંક છે? જેમ ઘરમાં મારી પાસે અને એના બાપા પાસે રોજ જમતી વખતે કરે છે તેમ અહીં પંણ કરે છે. જેવી ટેવ પડી છે તેવી દેખાય છે. હવે હું કંટાળું કે આંખ દાઢું તેમાં શું વળે?"

ચંપાએ જમતાં જમતાં બે હાથ એંઠા કેરી નાખ્યા હતા. દાળના છાંટા જ્યાં ત્યાં પાડ્યા હતા. હાથનું ઠેબું આવ્યું હતું તે એક વાર તો પડીયો જ આખો ઢળી ગયો હતો, ને થાળી આખી ગંદી ગંદી થઇ ગઇ હતી. મોઢું પણ ઠીક ઠીક બગડ્યું હતું.

ચંપાની બા તો પેલાં છોકરાં સામે જુએ ને ચંપા સામે જુએ.

જમીને ઉઠ્યાં. બીજાં છોકરાં નળે ગયાં. હાથ ધોયા, મ્હોં ધોયું, કોગળા કર્યા ને હાથ લૂછ્યા.

ચંપા તો કહે: "એ બા, હાથ ધોવરાવને." ને પછી રૂમાલ પડ્યો હતો પણ પોતાના પોલકે ઝટ દઇને હાથ લૂછી નાખ્યા.

શામજીભાઈ આ બધું જોતા હતા. બોલવે ઠાવકા હતા. ચંપાની મુંઝવણ સમજતા હતા. ચંપા એના મામાની દીકરી થતી હતી.

જમ્યા પછી સૌને માટે પાનસોપારી આવ્યાં. ચંપાએ મૂઠો ભરી ધાણા ઉપાડ્યા ને બે પાનનો ડૂચો માર્યો. પછી ડચુરો વળ્યો ને ચંપાની આંખો ને ગાલ લાલ લાલ થઇ ગયાં.

ચંપાની બાને આજે વધારે બેસવું ગોઠતું ન હતું. તેણે ઝટપટ શામજીભાઇની રજા માગી, ને ઘેર જવા તૈયારી કરી.

શામજી કહે: "બેશ બેશ, આ ચંપલી બહુ કવરાવતી લાગે છે."

ચંપાની બાની આંખમાં આંસુ આવ્યાં.

શામજીએ કહ્યું: "જો બેન, બે તો બાળકોને નાનપણથી વ્યવસ્થિત થવાનો રસ્તો બતાવીએ અને પહેલેથી આ આમ થાય, આ આમ થાય, આમ બેસાય, આમ ખવાય, આમ હાથ ધોવાય એમ કરી બતાવીને કરવા દઇએ અને શરૂઆતમાં તો જેવું થાય કે કરે તેવું ચલવી લઇએ તો બાળકો ધીરે ધીરે આવું બધું તેં નજરે જોયું તેમ કરતાં શીખી જાય છે. આને હું ભોજનનો આચાર કહું છું. બાળકો જમતી વખતે ધોંધાટ કરે, વારે વારે રડી ઉઠે, અહીં ન ગોઠે ને ત્યાં ન ગોઠે, કાં તો બાની ને કાં તો બાપાની પડખે ગરે, એ બધું નથી ગમતું ને આપણે એમ કરવા દઇએ છીએ એટલે તો થકવી નાખે છે. મેં તો પહેલેથી જ રિવાજ કાઢ્યો છે કે આ પાટલાઓ નાનાના, આ થાળીઓ નાનાની, આ એમની જગા, આ એમના ચમચા, આ એમની ટબુડીયો, અહીં હાથ ધોવાનું, આ એમનો ટુવાલ વગેરે. અને એમને માટે જે બધું મેં રાખ્યું છે તે તેમને માફકનું, ઉપાડી શકે તેવું ને તેમને ગમે તેવું રાખ્યું છે.

"જમતી વખતના નિયમો પણ આપ્યા છે. કંઈ ચીજ આવે તો લેવી હોય તો આંગળી ઉંચી કરે; ન ભાવતું આવી જાય તો પાસે જ એક રકાબી રાખું છું તેમાં મૂકે; વગેરે અનુભવથી જે નિયમો–વ્યવસ્થા–ઠીક લાગ્યા છે તે મૂક્યા છે. તે બધું જોહુકમીથી નહિ; ન કરે તેને દંડ નહિ. પણ તેમને રોજ રોજ તેમ કરવા દઈને ને રોજ તે રોજ કરવાની ટેવ પાડીને. તેમને હું ખોટી લાડ લડાવતો જ નથી. ખોટી રીતે તેમની માગણી કે એવું હોય છે ત્યારે તે વખતે ધ્યાન આપતો નથી, પણ તેમની મુશ્કેલી સમજી બીજે દિવસ તેનો નિકાલ આણું છું.

"હું બાળકો સાથે વાતો કરવાની ને તેમને સમજવાની તક લઉં છું. તેમનાં નાનાં સુખ દુઃખો ઉપર ધ્યાન આપું છું, તેમને માટે ચિંતા રાખું છું. પણ તેમને મારા જેવાં સ્વાધીન અને સ્વતંત્ર અને આનંદી બનાવવા મહેનત કરું છું."

ચંપાની બા કહેઃ "ત્યારે ભાઈ હું તારે ત્યાં થોડા દિવસ રહેવા આવું ને તું કેમ ચલાવે છે તે નજરે જોઉં."

શામજી કહેઃ "ભલે, આવતે અઠવાડીએ આવ ને રહે. ઘર તો તારું જ છે ને!"

ચંપાની બાનું હૈયું કંઈક હેઠું બેઠું.

ગિ.

કજીયા

એં એં એં કરતો રતન ઘેર આવ્યો. વાઘણ ફાળે થઈ ચાલે તેમ જમના ઉભી થઈને બોલીઃ "કોણે તને માર્યો? કોણ છે ઈ રોયોરાંડુનો?"

"ઓલ્યા નારણીયાએ અમને ધક્કો માર્યો."

"હં અં. ઈ નારણીયાને હું ઓળખું છું. એની બાનેય હું જાણું છું. નારણીયાએ તો આખી શેરી માથે લીધી છે. ચાલ જઈને ધબધલાવું."

જમના ધુંવાકુંવા થતી ઝમકુના ઘેર આવી.

"ઝમકુ, એ ઝમકુ? કયાં મૂઈ. આ તારા નારણીયાને સંભાળજે, નિકર પછી..."

"ભાગ, ભાગ, ભુંદરી! નારણીયો–મારો ગભરૂ નારણીયો–કોઈને બશ ન કહે ઈ તારા રતનાને મારે છે ખરૂં? નહવાદી થા મા, નહવાદી. છાનીમૂની ઘેર જા."

જમનાનો ક્રોધ તો કયાંઈ માય નાહ. લાંબા હાથ કરી કરીને કાંઈ બાઝી! ને ઝમકુ પણ એવી જ રીતે લડી.

આખી શેરી લડવાડ જોવા ભેગી થઈ. ભવાડો જોઈ સૌ હાંસી કરતાં કરતાં ઘેર ગયાં. થાકી થાકીને ઝમકુ જમના છૂટાં પડ્યાં ને પાછાં વળ્યાં.

સવારના બે કલાક નકામા ગયા. નાહકનો લોહી ઉકાળો થયો ને કયાં ગયાંતાં તો કે' કયાંઈ નહિ.

વાત એમ છે કે ઝમકુ ને જમના જાણે એવાં કે એક બીજાનાં માથાં ભાંગે એવાં. એક તો બન્ને મૂળે વઢકણી હતી ને એમાં બન્ને ને દીકરા થયા. ને એના દીકરાઓમાં તે શો શકરવાર હોય? કેવળ માથે જ ચડાવેલા. ને બન્ને માને મન એમ કે મારો દીકરો તો ડાહ્યો

ને ડમરો, ગભરૂ ને મિંચારો. પણ દીકરા એવા કે મલક આખાને પહોંચીને પાછા વળે. શેરીના છોકરા તો એનાથી આધા રહે. શેરીની બાઇઓ તો ઝમકુ જમનાને નવ ગજના નમસ્કાર કરે. બીજાં એને કોણ પહોંચે ? એ તો જમકુ જમનાને ને જમના ઝમકુને પહોંચી વળે.

આવી 'વઢકણી વહુ ને દીકરો જણ્યો' એવી માતાઓ દરેક શેરીમાં કે પોળમાં તો હોય જ છે. એનાથી આપણે દૂર રહીએ. એનાં છોકરાંઓથી આપણાં છોકરાંઓને દૂર રાખીએ. ગિ.

ઘરમાં મોન્ટીસોરી

જન્મ્યા પછીની સાફસુફ

1521
દાદી સ્મૃતિ મંદિરમાંથી

બાળકોને જેમ આપણે અમુક હદ સુધી પીરસવાનું કામ સોંપી શકીએ તેમ જન્મ્યા પછીની સાફસુફમાં પણ તેઓ સારી રીતે ભાગ લઇ શકે છે. નાસ્તા કે દૂધ જેવું બાણું હોય ત્યારે તો પોતાનાં વાસણો ધોઇ ઘસીને સાફ કરવાનું કામ પણ તેમને સોંપી શકાય. રીતસરના જમણ પછીનાં વાસણો ઉટકવાં જરા અઘરાં છે. છતાં તેમાંયે થાળી વાટકા ઉપાડીને બાળમાં મૂકવાં, જમીન ઉપર ભાત શાક વગેરે જે વેરાયું હોય તે ઉપાડી લેવું, પાટલા ઉપાડવા, વગેરે કામો બાળકોને જરૂર સોંપી શકાય. આગળ પાછળનો જરાયે વિચાર કર્યા વગર જમીને ઉભા થઇ જવાની ટેવ બહુ જ બેદરકારીભરી ગણાય. છતાં આપણે બાળકને "થઇ જા ઉભો" એમ જ કહીએ છીએ. તેના કરતાં પોતપોતાનું એઠું ઉપાડીને થાળી વાટકા ઉપાડવાની રીત સહેલાઇથી દાખલ કરી શકાય. બાળક પોતાની શક્તિ ને આવડત ઉપરાંતનું કરવા માગે ને આપણા કામમાં આડે આવે એ આપણે ન ચલાવી લઇએ. અવે વખતે 'ના' પણ પાડીએ. પણ બનતાં સુધી 'ના' પાડીએ તે પહેલાં વિચારી તો લેવું જ કે કોઇ રીતે બાળકને 'હા' પડાય એમ છે ? બાળક પરત્વે હા ના નો અનુભવ એવો છે કે "બેન આ બધાં વાસણો ઉટકવા લઇ જતી નહિ." એમ કહેવા કરતાં "બેન, જો તારે આ પાણી પીવાના પ્યાલા ઉટકવાના છે. તેટલા બહાર લઇ જા. આ રહી રાખ-ને આ ડોલમાં પાણી છે." એમ શું લઇ જવું તે ચોક્કસ બતાવવાથી શું ન લઇ જવું તે એની મેળે જૂદું પડે છે. છતાં બાળક હકારાત્મક કહેવું ખુશીથી માને છે ને નકારાત્મક માનવા નાખુશ હોય છે.

કામ સોંપતી વખતે એક બીજી વાત ધ્યાનમાં રાખવાની તે એ કે બાળક ઘણું બધું કરવા જાય ને જેવું તેવું કરે તે પસંદ ન કરવું. થોડું કરે પણ તેને આખર સુધી પહોંચાડે તે ઇચ્છવા જોગ છે. જેમકે વાસણનો એક બડકલો લઇને બેસે ને જેવું તેવું ઉટકે, ચારેકોર રાખ રાખ કરીને ઉભું થંઇ જાય એ સંભવિત છે. કેમકે આટલાં બધાં વાસણો ઉટકવાં તેની શક્તિ બહારની જ વાત છે. તેના કરતાં બે પાણીના પ્યાલા લે, ઉટકે, ધુએ, જગ્યા ઉપર મૂકી દે, ઉટકેલી જગ્યા સાફ કરે, પોતાના હાથ બરાબર ધૂવે, કપડાથી લુવે ને કામ પૂરૂં થયાનો આનંદ ને વ્યવસ્થિતતા અનુભવે એ બાળકની દૃષ્ટિએ વધારે લાભકારક છે ને આપણી દૃષ્ટિએ પણ તે આપણને ઓછું નડનારૂં છે.

આપણી સામાન્ય રીત એમ છે કે બાળકો ૫-૭ વરસનાં કે તેથીયે મોટાં થાય ત્યાં સુધી તેમને કામ સોંપવાં નહિ; કરવા આવે તો "તને નહિ આવડે" વગેરે કહીને વારવાં ને પછી મોટી ઉંમરે

તેઓ કામ કરે તેમ ઈચ્છવું; ને નથી કરતાં માટે પછી નારાજ થવું.

બાળક કરવા માગે ત્યારે તેને લાયકનું કામ આપતાં રહેશું તો જણાશે કે ઘણી નાની ઉંમરે બાળક ઘણું કામ કરી શકે છે; ને કામની આવડત મેળવવાની ને શોખ કેળવવાની ઉંમર તો આ જ છે. તે ઉંમર આપણે નકામી ગુમાવવી ન જોઇએ.

તા.

બાળવાર્તાઓની શ્રેણીઓ

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરે બહાર પાડેલા બાળવાર્તાના પાંચ ભાગમાં બાળવાર્તાઓનો સંગ્રહ છે. પરંતુ બાળકો આગળ કહેતી વખતે તે વાર્તાઓ બાળવાર્તામાં જે ક્રમમાં તે આવે છે તે પ્રમાણે કહેવા જઇએ તો મોટી ભૂલ ખાઈ બેસીએ. સંપાદક શ્રી. ગિજુભાઇને પૂછીએ તો તેઓ પણ કહે છે કે વાર્તાઓ જેમ જેમ મળતી ગઇ તેમ તેમ તે સંગ્રહી છે. તેમને શ્રેણી, ક્રમ કે ધોરણવાર ગોઠવવામાં આવી નથી. માટે શિક્ષક અને માબાપોનું આ વસ્તુ તરફ ધ્યાન ખેંચવાની જરૂર જણાય છે કે બાળવાર્તાના પહેલા ભાગની પહેલી જ વાર્તા બાળકો આગળ પ્રથમ કહેવાની કોઇ ભૂલ ન કરે.

આ વાર્તાઓની અંદર લગભગ પાંચ શ્રેણીઓ પડે છે. કયી ઉંમરનાં બાળકો કેટલું સમજી શકે છે, વાર્તાના કયા ભાગનો આનંદ લે છે, કેવી વાર્તા પુનઃ પુનઃ માગે છે, કેવી વાર્તા વખતે વારંવાર બેધ્યાન થઇને આમ તેમ જોવા લાગે છે અથવા વચમાં વચમાં બીજું ત્રીજું જ બોલે છે, વગેરે ઝીણું અવલોકન જો આપણે કરીએ તો વાર્તાની અંદર રહેલી શ્રેણીઓ આપણા ધ્યાનમાં તરત આવે છે. વાર્તા સાંભળતાં બાળકોના આપણા અવલોકનમાં ઘણી જ વાર આપણે ભૂલ કરીએ છીએ. માત્ર બાળકો સાંભળે છે, અથવા એકાદ વાર્તા રોજ રોજ તેઓ માગે છે તે ઉપરથી તે બાળકની સમજણ શક્તિને માફક છે એવી જ વાર્તા આપણે કહીએ છીએ એમ માની ન લેવું. બાળક તો એને લાયક એવી વાર્તાને અભાવે ઘણી-વાર જે વાર્તા સામે આવી તે જેવી સમન્વય એવી સમજીને સાંભળે છે. ઘણી વાર વાર્તાનો એકાદ ભાગ તેને ગમે છે તેટલા ખાતર આખી વાર્તા સાંભળી લે છે. પણ આપણે જો જાણી શકીએ કે બાળક આ વાર્તા શા માટે સાંભળે છે, ને તે પ્રમાણે બાકીનો ભાગ ટૂંકો કરીને તેટલો જ ભાગ કહીએ તો બાળકને તે ગમે છે. જેમકે મારી દીકરી અઢી ત્રણ વરસની હતી ત્યારે એક વાર અમે સાવિત્રીની સિનેમા ફિલ્મ જોવા ગએલાં. ત્યાર પછી રોજ એ મારી પાસે સાવિત્રીની વાર્તા માગે ને હું એને ટૂંકમાં ને તે સમજી શકે તેમ કહેવાનો પ્રયત્ન કરતી. મને હમેશ થતું કે આ છોકરી સાવિત્રીની વાર્તા કેમ સમજી શકશે? આસ્તે આસ્તે મને ખબર પડી કે તે તો સિનેમામાં જોએલું એક ચિત્ર જ ફરી ફરીથી આંખ આગળ ખડું કરવાનો આનંદ લે છે.

સત્યવાન્ ઝાડ ઉપર ચડીને લાકડાં કાપતો હતો ને સાવિત્રી નીચે ઉભી ઉભી આમ તેમ જોતી હતી, ત્યાં તો એક મોટો કાળો નાગ ઝીમેથી આવ્યો ને ઝાડ ઉપર ચઢ્યો ને સત્યવાનને કરડ્યો. "ઓય વોય, મને સાપ કરડ્યો?" કરીને સત્યવાન્ નીચે પડ્યો. સાવિત્રી તેનું માથું ખોળામાં લઇને બેઠી. ઘણી વાર હું તેને એટલું જ કહું તોયે તેને બસ થતું. કોઇ વાર વળી પૂછતી કે "પછી સત્યવાન્ મરી ગયો?"

હું કહેતીઃ "ના, ના, એ તો જીવતો થયો."

તેણે સાપ ચડતાં જોએલો ને એ બધું ફિલ્મમાં જોએલું; ને કોણ જાણે કેમ, બીજાં બધાં ચિત્રો

નૂતન વર્ષે

આપનાં પ્રિય બાળકોને

ભેટ

આપશો ?



શ્રીદક્ષિણામૂર્તિ

બાલસાહિત્યમાળા

નાજુક, સુંદર, રસિક ૮૦ પુસ્તકો

: સંપાદકો :

ગિજુભાઇ અને તારાબેન

શ્રીદક્ષિણામૂર્તિ
બાલસાહિત્યમાળા



શ્રીદક્ષિણામૂર્તિ
બાલસાહિત્યમાળા

: માળાનાં સંપાદકો :

શ્રીયુત ગિજુભાઈ અને શ્રીમતી તારાબેન

મુખ્ય લેખક ગિજુભાઇ

૪૦ પાનાનું એક એવાં કુલ પુસ્તકો ૮૦

રૂપીઆ સાડા પાંચમાં

બહાર ગામ પોસ્ટેજનો દોઢ રૂપીઓ બીજો

ચાર જ માસમાં પુસ્તકો ફરીવાર છપાવવાં પડ્યાં છે.

અડતાળીશ પુસ્તકોનાં નામ

ગણપતિ બાપા	રૂપસિંહ ને સપ્તસિંહ	શેરીમાં
ચકલો ને ચકલી	ટપાલની પેટી	બાળશાળામાં
ઉભું કુતું, ઉભું હતું	ગધેડું	ગામમાં
હળવદી	ચીડીયાખાનું	ફરવા જઇએ
કબાડ	મહાસભાઓ	જીવતરામના પાઠો
બાળકોનો બીરબલ-૧	કહેવતોનાં મૂળ	લીલાં લીલાં
ગોપીચંદ	ગપગોળા	ઘોડું ને ગધેડું
બાળનાટકો	આફ્રિકા સાંભર્યું	દાદા દર્શને
હંસ અને હંસા	શબ્દપોથી	બાળનાટકો–૨
તિરંદાજ	વાક્યપોથી	સચારથી માંડીને
બારસંગમાં મળજો	ચિઠ્ઠીપોથી	કુદરતમાં
બાળપ્રવાસો	નાના પાઠો	મોતીયો
મારા ગોડીયા	મોટા પાઠો	રામજીભાઇ ચડી ગયા!
જરા હસો	નાની વાતો	મંગેશનો પોપટ
ક્યાંથી આવ્યાં?	ઘરમાં	ધોબીડો ધુએ છે
ભકનો ને રાક્ષસ	આંગણામાં	પીરૂ અને—

વ્યવસ્થાપક : શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

અમારા મુંબઇના બાસ એજન્ટ આર. આર. શેઠની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ

બીજું બાલસાહિત્ય

ગિજુભાઇએ તૈયાર કરેલું

કિશોર કથાઓ

કિંમત આઠ આના

બાળવાર્તાઓ ભાગ ૧ થી ૫

દરેકના ચાર આના

બાળલોકગીત સંગ્રહ ભા. ૧–૨

દરેકના ત્રણ આના

આખા સેટનું પોસ્ટેજ છ આના

વી. પી. થી રૂા. ૨–૧૧–૦ પડશે

કુમારો માટેનું વાચન

ધર્માત્માઓનાં ચરિતો	૦–૭–૦
હિંદુધર્મની આખ્યાયિકાઓ	૦–૮–૦
જાતક કથાઓ	૦–૮–૦
અશો જરથુસ્ત્ર	૦–૩–૦
ભગવાન્ બુદ્ધ	૦–૩–૦
તથાગત	૦–૩–૦
હઝરત મોહમ્મદ પયગમ્બર	૦–૩–૦
કૈલાસ માનસસરોવર દર્શન	૦–૧૦–૦
વિદ્યાર્થી	૧–૮–૦
શરીરવિકાસ	૧–૦–૦
આપણા દેશનો ઇતિહાસ	૦–૬–૦

માબાપો માટે

ઘરમાં બાળકે શું કરવું	૦–૧–૬
વાર્તા કહેનારને	૦–૧–૬
બાળકોડાંગણો	૦–૧–૬
બાળવાર્તાઓનો વિનોદ	૦–૧–૬
વસંત બાલશિક્ષણ પ્રચાર-માળા (નવ પુસ્તકો)	૦–૮–૦

કેળવણી વિષયક

શિક્ષક અને શિક્ષણ	૨–૮–૦
મોન્ટીસોરી પદ્ધતિ	૨–૦–૦
વાર્તાનું શાસ્ત્ર	૧–૨–૦
છાત્રાલય કમીશનનો અહેવાલ	૦–૬–૦
ડૉલ્ટન પ્લૅન	૦–૨–૦
પરિચય પદ્ધતિ	૦–૨–૦
વાચનમાળાના સિદ્ધાંતો	૦–૧–૦
'શ્રીદક્ષિણામૂર્તિ'ના જૂના અંકો: દરેકના	૦–૪–૦
પ્રાથમિક શિક્ષણ અંક	૦–૪–૦

: વિગતવાર સૂચિપત્ર મગાવો :

વ્યવસ્થાપક : શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

છાત્રાલય

('છાત્રાલય મંડળ' તરફથી પ્રગટ થતું માસિક)

:: તંત્રી ::

નૃસિંહપ્રસાદ કાલિદાસ ભટ

છાત્રાલય માસિક એટલે
તરુણ માનસનો ઉકેલ
કેમ લાવવો તેનો સાંગોપાંગ
વિચાર કરનારૂં એક પત્ર

દરેકે અવશ્ય વાંચવું જોઇએ

છાત્રાલયનું વર્ષ એપ્રીલથી બદલાય છે.

શરૂઆત ૧૯૨૭ ના એપ્રીલથી

દર અંગ્રેજી મહિનાની પંદરમીએ માસિક પ્રગટ થાય છે.

લવાજમ વાર્ષિક એક રૂપીઓ : પોસ્ટેજ સાથે : પરદેશ બે શિલિંગ

: વ્યવસ્થાપક :

'છાત્રાલય' કાર્યાલય : શ્રીદક્ષિણામૂર્તિભવન : ભાવનગર

કરતાં આ જ ચિત્ર તેના મન ઉપર રહી ગએલું એટલે તે ફરી ફરીથી તે વાત માગતી.

તે વખતે તે સાવિત્રીની વાર્તા સમજી શકતી એમ માનવું અથવા સાવિત્રીની વાર્તા અઢી ત્રણ વરસના બાળકની કક્ષાની છે એમ સમજવું ભૂલભર્યું જ થાય.

એક બીજો દાખલો લઇએ. એક શિક્ષિકા વાર્તાની શ્રેણી પાડતી હતી તેણે સુપડકન્ના રાજાની વાર્તા પ્રથમ શ્રેણીમાં મૂકી. કારણ પૂછતાં તેણે જણાવ્યું કે 'રાજા સુપડકન્નો, રાજા સુપડકન્નો, રાજા સુપડકન્નો, એમ આપણે બોલીએ છીએ ત્યારે સાવ નાનાં બાળકો પણ આપણી સાથે બોલવા લાગે છે ને આખો વખત તે બબડ્યા જ કરે છે." વાત સાચી. પણ બે શબ્દ નાનાં બાળકોને ગમ્યા તેથી આખી વાર્તા તે સમજી શકે છે એમ માનવામાં તો મોટી ભૂલ જ થાય. પક્ષી મારવાના પાપને લીધે રાજાના કાન સુપડા જેવડા થાય છે, છાની વાત પેટમાં રહી શકતી નથી તેથી હજામ અકળાય છે ને આખરે લાકડાને કહે છે વગેરે, વાતો નાનાં બાળકોની ગ્રહણશક્તિની બહારની જ ગણાય ને એની પરીક્ષા તો આખી વાર્તામાં બાળક કેટલું એકધ્યાન થઇને બેસે છે, તેના મોઢા ઉપર આનંદની લહેરીઓ કેટલી ઉભરાય છે, વગેરે ઉપર છે; માત્ર એક જોડકણું પકડી લે તે ઉપર નથી.

વાર્તાઓની શ્રેણીઓ પાડીએ તો કાંઇક નીચે પ્રમાણે પડે.

પહેલી શ્રેણીમાં જોડકણાંની વાર્તાઓ આવે જેમકે:

કહાણી કહું કૈયા
એક વાતની વાત
નકો નકો રાજા
કુકડી પડી રંગમાં
કાગડો ને ઘઉંનો દાણો વગેરે.

આ જોડકણાં પૈકી પહેલું તો માત્ર પ્રાસાનુપ્રાસનું છે. આવાં જોડકણાં બોલ્યા જ કરવાનું બાળકોની અમુક ઉંમરે તેમને બહુ ગમે છે. દરેક બાળકના જીવનમાં આવો કાળ આવી જાય છે; પણ બે વરસે કે અઢી વરસે કે ત્રણ ચાર વરસે તે નક્કી ન કહેવાય. વ્યક્તિગત ફેર ઘણો દેખાય છે. સાહિત્ય ઉપભોગનું આ પ્રથમ પગલું છે. ને બાળક તેમાંથી બહુ જ આનંદથી પસાર થાય છે. તેમાં અર્થ કે કાર્યકારણ કે બનાવોનો અનુક્રમ કે એવું કશું જાણવાનું હોતું નથી. છતાં શબ્દો કાંઇક કાંઇક અર્થ આપે છે ને તે બધાંનો સંકલિત એવો અર્થ નથી હોતો તે સામે બાળકની તે વખતની તર્કશક્તિ જરાયે વાંધો લેતી નથી. તેનો તાલ, તેનો પ્રાસ, તેમાંનો શબ્દનાદ વગેરે તેમની તે ઉંમરની રસવૃત્તિને પોષક એવી અનેક વાતો તેમાં રહેલી હોવાથી તે સાચેસાચ બાલભોગ્ય બને છે.

એક વાતની વાત ને નકો નકો રાજા જેવાં જોડકણાંમાં અશક્યતા ને ગપ્પાનો જે રસ છે તે આ કક્ષાનાં બાળકો લઈ શકતાં નથી. પરંતુ ઉપર વર્ણવેલાં કારણોને લીધે જોડકણાં તો બોલે જ છે; ને વધારે બુદ્ધિશાળી બાળકો અસ્પષ્ટ રીતે કયાંક કયાંક થોડું એક સમજે પણ છે. બે બોટા ને એક

બાળકવાળા ઘરમાં જોઇએ

રમવા માટે જુદી જગા.
વપરાશ માટે નાની ચીજો.
ઉપયોગ માટે હાથવી ચીજો.
સગવડ માટે નીચે ચીજો.
ખેલવા માટે છૂટી જગા.
સર્જન માટે રેતી માટી.
કાતર, કાગળ, રંગ, પીંછી.
વાચન માટે બાલપુસ્તકો.
કલાદૃષ્ટિ માટે સુંદર વાતાવરણ.
આનંદ માટે રમતગમત.
જ્ઞાન માટે વાર્તાલાપ.
ચારિત્ર્ય માટે શુદ્ધાચરણ.

સાચો જ નહિ વગેરે જ્યારે તેઓ સમજી શકે છે ત્યારે તો તેમને બહુ જ આનંદ આવે છે; અર્થાત્ તેનો ફિલૉસફિક મર્મ તો બહુ જ મોટી ઉંમરે ધ્યાનમાં આવે તેવો છે.

કુકડી પડી રંગમાં,
કુકડો શોક ઢંગમાં,
પીંપળ પાન ખર્યાં,

અથવા

સુતાર સુતાર ઝાડ કાપ;
ઝાડે મારો દાણો લીધો
માગું છું પણ આપે નહિ.

વગેરે વાર્તાઓમાં કાંઇક વાર્તાપણું, કાંઇક બનાવો, કાંઇક સંકલના છે ને તે બાળબુદ્ધિને માફક આવે તેવાં છે. બનાવો નાના ને સાદા છે. કુકડીની વાર્તામાં ઘરડી કુકડી ને નવી કુકડી વગેરેની વાત છે તે આ વાર્તા માટે સાવ નાલાયક ભાગ છે. એ વાર્તા કહેતી વખતે આમ શરૂ કરાયઃ—

"એક હતી કુકડી. એક હતો કુકડો. એક વાર કુકડીને થયું કે લાવને મારાં પીંછાં રંગાવું કુકડી ગઇ રંગારા પાસે

"રંગારા રંગારા મારાં પીંછાં રંગી આપ.

"રંગારોઃ કહેઃ 'આ પડી રંગની કુંડી. રંગી લેને તારી મેળે.'"

"કુકડી તો રંગની કુંડીમાં પડી ને ડુબીને મરી ગઇ.

"બિચારો કુકડો પડ્યો શોકમાં, એટલે નિમાણો થઈ એક પીંપળા ઉપર બેઠો.

"પીંપળો કહેઃ 'કુકડાભાઇ, કુકડાભાઇ, આજે નિમાણા કેમ બેઠા છો?'"

વગેરે આગળ ચાલે.

તેમજ કાગડા ને દાણાની વાર્તામાં "રાણી રાન્તથી રીસા" ને બદલે "રાણી રાન્તને કહે" એવો ફેરફાર કરી લેવો.

આ પ્રકારની વાર્તામાં કાગડા ને કોઠીંબડાની વાર્તા બહુ જ સુંદર છે. બહુક બહુક વાગે એવું કોઠીંબું ખાવાનું વસ્તુ કેવળ બાળદુનિયાનું છે. કોઠીંબડાનું કહેવું "ભાઇ, મને ખાવામાં હરકત નથી પણ આવી ગુવાળી ચાંચે મને ન ખવાય. કયાંકથી પાણી લઇને ધોઇ આવ." યોગ્ય ને સ્વમાનભર્યું છે.

કાગડાનો પોતાનો મેલ ધોઈ નાખવાનો પ્રયત્ન વખાણવા લાયક છે. જોડકણાંની ભાષા કાવ્યમય છે; બીજા પ્રત્યે ને પોતા પ્રત્યે સભ્યતા ને માનભરી રીતે બોલવાની કાગડાની રીત છે.

કૂવા કૂવા કૂવા દેવા,
ચાંગણ આવ્યા કાગ દેવા,
આલો પાણીડાં
ધોઉં ચાંચુડી
ખાઉં કોઠીંબું
બહુક બહુક વાગે.

સામેથી દરેક જણનું પોતાની પાસેની વસ્તુ ખુશીથી આપી દેવાનું ઔદાર્ય પણ સંસ્કારિતા-ભર્યું છે. વાર્તા કહેતી વખતે આ બધી વાતો બરાબર બહાર ઉઠી આવે એની રીતે યોગ્ય અભિનય અને અવાજમાં કહેતી જોઇએ. મૂળ વાર્તામાં આનો અંત કારણ વગર દુઃખ પર્યવસાયી છે, તે આટલી સુંદર રીતે મંડાએલી વાર્તાને શોભે તેવો નથી ને જે ઉંમરનાં બાળકો માટે એ વાર્તા છે તેમની કુમળી લાગણીને અસહ્ય છે. માટે આ સંગ્રહની બીજી આવૃત્તિમાં તેમાં થોડો ફેરફાર કરેલો દેખાય છે. પણ ફેરફારવાળું વાકય ઉતાવળમાં બરાબર મૂકાએલું લાગતું નથી.

"કાગડો દાતરડું લઇને વાડે ગયો ને કોઠીંબું કાપીને ખાધું." ને બદલે વાર્તા ટૂંકાવવી હોય તો એમ કહેવુંઃ "કાગડો દાતરડું લઇને ગયો ને આખરે ચાંચ ધોઇ ને બહુક બહુક કરતાં કોઠીંબું ખાધું." ચાંચ ધોવાની અગત્યની વાત રહી જાય

તો વાર્તાનો મુખ્ય મુદ્દો જ રહી જાય. કહેતી વખતે વાર્તા લંબાવી શકાય એમ હોય તો કરેક ક્રિયામાંથી કાગડાને પસાર કરી શકાય. બાળકોનો રસ કેટલો ટકે છે તે ઉપર આનો આધાર રાખવો.

આ શ્રેણીમાં બીજી વાર્તાઓનાં જોડકણાંનો પણ આપણે સમાવેશ કરી શકીએ. એટલે કે કોઇ વ.ર બીજી વાર્તાઓનાં માત્ર જોડકણાં વાંચી બતાવીએ કે બોલી બતાવીએ તો બાળકોને તેમાં રસ પડે છે. ઘણી વાર જોડકણાં ખાતર બાળકો આગળની શ્રેણીની વાર્તાઓ પણ સાંભળે છે. તપાસીને જોઇએ તો દેખાય છે કે બાળક વાર્તાનો બનાવ કે મુદ્દો સમજ્યું નથી પણ તેનું જોડકણું બોલે છે. બાળક સ્વખુશીથી સાંભળે તો ઉપલી વાર્તા ભલે સાંભળે. પણ તે માત્ર જોડકણા પૂરતું જ સાંભળે છે એ વાત ભૂલવી નહિ.

તા.

ગામડાની શાળામાં

ગામડાની શાળાઓમાં ઘણી વાર એક જ શિક્ષક હોય છે. વખતે આસિસ્ટન્ટ હોય છે ને વખતે નથી હોતો.

શિક્ષક એક હોય છે પણ વર્ગ એક નથી હોતો. એક શિક્ષકને આખી શાળા ભણાવવાની હોય છે. અને આખી શાળા એટલે એકડીઆથી તે સાત અગર પાંચ ધોરણો સુધીનું ભણતર.

આવી સ્થિતિ હોવાથી ગામડામાં જઇને શિક્ષક થવું બહુ આકરું છે. જે શિક્ષકને દમ મારીને કે વખતે ઠોંઠ ટાપલી કરીને વ્યવસ્થા રાખવાનો અધિકાર ન હોત, જે ગામના માણસોને ભણાવવામાં બીલકુલ શ્રદ્ધા ન હોત, જે ઉલટાં માબાપો કહી જતાં ન હોત કે માસ્તર સાહેબ આને જરા પુષ્પાંજલિ કરજો પણ ભણાવજો, તેમજ જે શિક્ષક પાસે ગોખાવીને ભણાવવાની પરંપરાની રીત ન હોત ને એ રીતે ભણાવ્યા પ્રમાણે પરીક્ષા ન થતી હોત તો શિક્ષકને ગામડાની શાળામાંથી જીવ લઇને નાસવું પડત.

પણ આ રીતે ચલાવવી પડતી શાળા અને તેમાં થતું શિક્ષણ એને આપણે શિક્ષણ ન કહીએ. ત્યાં વિદ્યાર્થીઓ લખતાં વાંચતાં શીખે, દાખલા શીખે, ઇતિહાસની સાલવારી મોઢે જાણે ને બહુ તો નકશામાં નદીઓના લીંટા અને પર્વતોનાં ચિત્રો બતાવે. દેશની મોટી વસ્તી ગામડામાં રહે અને ગામડાનું શિક્ષણ એટલે આવું એનો અર્થ શિક્ષણનું મૃત્યુ–જીવનનું મૃત્યુ–દેશનું મૃત્યુ.

આ બધા મૃત્યુમાં એક રીતે જોઇએ તો શિક્ષકનું મૃત્યુ અને બીજી રીતે જોઇએ તો શિક્ષકને મજા. જૂની ઘરેડ પ્રમાણે છોકરાઓને મારી કુટીને તૈયાર કરવા ને પરીક્ષાના ધોરણે સફળ નીવડ્યા એટલે જીત્યા એ વાત વિચારી શિક્ષકને તો મર્મના ઘા જેવી લાગે. જે શિક્ષક શિક્ષણમાં, જીવનમાં, વિકાસમાં, દેશમાં સમજતો હોય તેને તો થાય કે આજની સ્થિતિ કરતાં બીજી કોઇ સ્થિતિ છે ખરી કે જે આપણે અખત્યાર કરીએ?

શિક્ષક પોતાની મેળે પગાર વધારી શકતો નથી. તેજસ્વી શિક્ષકને હવે તો આડકતરી રીતે છાણાં, દૂધ, શાક, વગેરેની કમાણી કરવી ગમતી નથી; આદર્શવાળા શિક્ષકને શિક્ષણપદ્ધતિ સુધારવી ગમે છે; પ્રાણવાન શિક્ષકને થાય છે

કે આ ધંધો છોડી દઇને કંઇ બીજું લઇએ તો ઠીક.

સારો શિક્ષક જીવવાને માટે શરૂઆતમાં ઉધામા કરે છે. ધીરે ધીરે તે જીવન ગુમાવતો જાય છે. આખરે તે પણ જૂની કબરોનો રહેવાસી થાય છે.

ત્યારે હવે શું કરવું? મુશ્કેલીઓ ઘણી અને ઉપાય એકેય નહિ. છતાં શિક્ષક—સારો શિક્ષક પોતાને માટે અને વિદ્યાર્થીઓને માટે કંઇક કરી શકે.

પ્રાણપોષણ માટે પ્રાણભર્યું વાતાવરણ જોઇએ. ગામડામાં શિક્ષક હીજરાય છે. સ્થિતિ વધારે તપાસે તો ગુંગળાય છે. પણ તેણે જાણવું જોઇએ કે જીવન એ પોતાનો પ્રશ્ન છે. જીવનનો ૯૯ ટકા ભાગ આપણો પોતાનો છે. ૧ ટકો બહારના જગતના હાથમાં છે. આપણે જ્યારે બહિર્જીવી થઇએ છીએ ત્યારે આપણને આ ૧ ટકો ૧૦૧ ટકા જેટલો લાગે છે. આપણે આપણા ૯૯ ટકાને સંભાળીએ.

ગામડાનો શિક્ષક પોતાની આસપાસના કુદરતી બળોનો લાભ લે. તે પોતાના શરીરને સુંદર અને જાતને દીર્ઘાયુ કરવા માટે ગામડાંની આબોહવાને સદા ધ્યાનમાં રાખે. આસપાસ પડેલ વિના મુલ્યના પદાર્થો—હવા, પ્રકાશ, જગાની છૂટ, નિસર્ગ વગેરેને પોતાના મિત્રો—જીવનદાતા કરી મૂકે.

પૈસા તો તેની પાસે થોડા છે; તેની ગરીબી સખ્ત છે. આ સ્થિતિ લાંબો વખત ચાલી નહિ શકે અથવા શિક્ષણનું કાર્ય જલ્દે દહાડે ઉથલી પડશે. પણ શિક્ષક શહેરી જીવનની પોકળ સમૃદ્ધિનો મોહ ન કરે. જીવવું જોઇએ, તંદુરસ્ત જીવવું જોઇએ, વિકાસ કરતાં કરતાં જીવવું જોઇએ: અને તેની સાચી શરત તો સાદાઇ છે. સાદાઇ એટલે બોજારૂપ, ક્ષણિક, દેખાદેખીનાં, માત્ર ઉત્તેજનારૂપ એવાં સુખોનો ત્યાગ, અને મન અને શરીરને સ્વસ્થ અને શાંત રાખે તેનો સ્વીકાર.

શિક્ષક માટે બીજી વાત પોતાની શાળાને બને તેટલી સુંદર કરવી. દેહ આપણો પોતાનો છે; તેની અવગણના નથી કરાતી. શાળા આપણા માનસિક જીવનનો દેહ છે. શાળા ગરીબ હોય કે પૈસાદાર, નાની હોય કે મોટી, પણ તે આપણી છે. આ મમતા આપણામાં જોશે જ. અને એને લીધે આપણે શાળામાં રચ્યાપચ્યા રહેતાં શીખીશું. કોઇ વસ્તુમાં મન લાગશે એટલે તે પત્થર મટી પ્રભુ થશે જ થશે. તે શાળા શ્રમસ્થાન મટી તપોભુવન થશે; તે શાળા નિશાળ મટી શિક્ષણ પ્રયોગભૂમિ થશે. ત્યાં શિક્ષણનાં સાહિત્યો માટે સચિંત બેસવું નહિ પડે પણ ત્યાંથી જ શિક્ષણસાહિત્ય ઉભાં થશે.

શિક્ષકે આટલા બધા છોકરાને ચાર પાંચ વર્ગમાં કેમ ભણાવવા એની બોજ કરવી પડશે. હવે તે જૂની રીતને છોડી દે તો જ તેનો અસંતોષ ટળશે. શિક્ષક પોતાને જૂનો પંતુજી ન ઇચ્છે. નવી શિક્ષણપદ્ધતિને હાથ કરવા માંડે. નવું જ્ઞાન મેળવવું અને તેનો ઉપયોગ કરવો એ એક કમાણી છે. એ કમાણીથી બીજી કમાણી થઇ રહે છે; ને કદાચ નથી થતી તો માણસને મનમાં દુઃખ નથી થવાનું. તેનું સુખ જ્ઞાનધનમાં છે, જ્ઞાનદાનમાં છે.

શિક્ષક સારી શિક્ષણપદ્ધતિઓ કેળવી શિક્ષણપદ્ધતિમાં સુધારા વધારા બતાવે; તેની શોધોને

લીધે શિક્ષણખાતાના અર્થવિભાગને લાભ થઇ શકે. પણ સારા સુધારા કરનારને ભૂખે તરસે મરવું પડે એમ બનવા લાગે ત્યારે સુધારા કરવાનું બંધ કરવાને બદલે શાળાઓ કેમ બંધ પડે તેની શોધ કરવી.

શાળાઓ ચલવવી અને બંધ કરવી બન્ને શિક્ષકના હાથમાં છે. ગામડાને સાક્ષર કરવું કે નિરક્ષર તે તેના હાથમાં છે. ખરાબ શાળાના ચોકઠે રહી સૌનું તે બગાડી શકે છે ને તેવી શાળાનો ત્યાગ કરી શાળાની સ્થિતિની ફરજેતી પણ કરી શકે છે.

આજે તો ગામડાના શિક્ષકની અનેક મુશ્કેલીઓ છે; પણ જેણે પોતે પોતાનો વિચાર નથી કર્યો, જેણે પોતાને કેળવ્યો નથી, જેણે પોતાની શક્તિનો પ્રકાશ ચોમેર ફેંકયો નથી, તેનો ભાવ કોઇ પૂછવાનું નથી. ગામડાના શિક્ષકો ધારે તો ઘણું કરી શકે. એ કેમ કરી શકે તે વિષે વધારે વિગતથી વળી કોઈ વાર. ગિ.

'ના' કેમ પાડી ?

વિદ્યાર્થી કહે: "સાહેબ, તુલસીદાસ માટીકામ માટે માટી માગવા આવ્યા ત્યારે આપે 'ના' કેમ પાડી ? મોન્ટીસોરી પદ્ધતિમાં તો બાળકને સ્વયંસ્ફુરિત કામ કરવા દેવાનું છે ને ?"

"મેં એને શું કહ્યું તે તમે સાંભળ્યું ?"

"હાજી, સાંભળ્યું. આપે એમ કહ્યું કે માટીનું આજે કાંઇ નહિ; તુળશીદાસ બીજું રમોને. 'જો આ બુતાનની કેમેરા પેટી, પણ પેટીઓ પડી છે તેનાથી તમારે રમવું છે ? જુઓને, મજા પડશે.'"

"ત્યારે મેં એમ શું કામ કહ્યું હશે એમ કાંઇ તમને લાગે છે ?"

"એમ લાગે છે કે તુળશીદાસ બીજાં કામો લે તો ઠીક, એટલા માટે આપે કહ્યું હશે. પણ બાળક જ્યારે હોંશથી એક કામ માગતું હોય ત્યારે તેની 'ના' પાડીને બીજા કામોની ફરજ પડાય ? અથવા ફરજ નહિ તો બીજાં કામો લ્યો, તેમાં મજા પડશે વગેરે કહી શકાય ?"

"આચાર્ય જે કરે છે તે બરાબર જ છે એમ માનીને અંધ અનુકરણ કરનાર વિદ્યાર્થી તમે નથી એ જોઇને હું ખુશી થયો છું." "બીજું આવા નાના સંવાદો ને બનાવો તરફ તમારું ધ્યાન ગયું તે માટે પણ તમને ધન્યવાદ આપવા જોઇએ. નહિ તો ઘણા વિદ્યાર્થીઓ ઝીણી દૃષ્ટિ ને ઝીણા કાન ધરાવતા જ નથી. અહીં ગાડાં ચાલી જાય તોયે તેમને આજે કાંઈક બન્યું છે એવો ખ્યાલ જ આવતો નથી.

"લ્યો હવે તુલસીદાસની વાત સમજાવું.

"તમે રોજ જોતા તો હશો જ કે તુલસીદાસ આ ગયા ૮–૧૦ દિવસ શું કરે છે. આવતાં વેંત ઇંટો લઇને બાંધકામ કરે ને પછી માટીકામમાં જાય. હવે મારે તપાસવું હતું કે માટીકામના શોખની ખાતર ભાઇ ત્યાં જાય છે કે બીજું કાંઇ ન સુઝવાથી જાય છે. બાળક માગે છે અથવા કરે છે માટે તે સાચા શોખથી જ કરે છે એમ ન માની શકાય. ઘણી વાર સાચું કામ હાથ ન આવે તો વખત કાઢવા ખાતર બાળક ચાલુ કામમાં જોડાય છે પણ તેમાં કશું વિકાસ સાધતું નથી. આપણે મોટાં પણ આમ કરીએ છીએ. ઘણી વાર વખત જતો નથી

માટે નવલકથા વાંચ, મિત્રને ત્યાં જઈને ગપ્પા માર, કલબમાં જઈને રમત રમ એવું કરીએ છીએ. એમાંથી આપણે કશું સાધતા નથી. એ તો ઠીક, હવે તુલસીદાસની વાત.

"મારે જોવું હતું કે ભાઈ માટીકામનો કેટલોક શોખ ધરાવે છે. અખર પડી કે ઈંટોથી બાંધવાનું કામ સાચું કરે છે ને માટીકામ બોદું. કેમકે ગઈ કાલે મેં ઈંટો ગુમ કરી હતી તો ચારેકોર શોધી વળ્યા. ઊભા રહ્યા ને પછી પૂછવા આવ્યા કે ઈંટો કયાં ગઈ. મેં કહ્યું: 'શોધોને; હશે. ને ન મળે તો બીજું રમો.' ત્યારે કહે: 'ના, અહીં નથી, આપો.' 'આપોને આપોને' કરીને મારું મગજ પકવ્યું. પણ આજે માટીને બદલે બીજું કામ બતાવ્યું ત્યારે લીધું. ને અવાજની ડાબલીથી તો બહુ જ રસપૂર્વક રમ્યા. હવે કાલે શું કરે છે તે જોવાનું. ઘણે ભાગે ઈંટો પછી અવાજની ડાબલી લઈને મારી પાસે આવશે. આથી વિરુદ્ધનો દાખલો વાસંતિકાનો છે; જાણો છો ને?"

"ના સાહેબ, તે તરફ મારું ધ્યાન નથી ગયું. એટલે વાસંતિકા રોજ માટીકામ કરે છે એ જાણું છું, પણ તેમાં ખાસ કાંઈ બન્યું હોય અથવા આપે કાંઈ કર્યું હોય તો હું જાણતો નથી."

"વાસંતિકાનું ગઈ કાલે જોવા જેવું હતું. જો કે હું જાણતો જ હતો કે માટીનો એને સાચો શોખ છે, છતાં મને એમ થયું કે જોઈએ. મેં કહ્યું: 'માટી હમણાં નહિ. બે વાગ્યા પછી. ત્યાં સુધી બીજી રમત રમો.' તેણે આમ તેમ જરા આંટા માર્યા ને જઈને બારીમાં ડોકી. હતાં તે જોયું ને બહાર ઓશરીમાં ગઈ. જરા લીંટા ઉપર ચાલવા લાગી. ને પછી કયાંક ગૂમ જ થઈ ગઈ. જરા વાર પછી જોયું તો વાસંતિકા બહાર નહિ, અંદર પણ નહિ. એટલે હું નીકળ્યો શોધવા. મને લાગ્યું બાગમાં હશે પણ ત્યાંયે નહિ. આગળ ગયો ને જોયું તો સાવ પેલી બાજુની ઓશરીમાં વાસંતિકા એકલી એકલી માટીનાં રમકડાં બનાવતી હતી. મેં પુછ્યું: 'માટી કયાંથી લાવી?' 'આ ઓરડામાંથી.' પછી મેં તેને આપણા ઓરડામાં માટી આપીને કામે બેસવાનું કીધું. સાર એ કે એને માટીકામ કરવું જ હતું તો બીજા એક કામમાં તેનું ધ્યાન જતું ન હતું. ને ગમે ત્યાંથી માટી શોધી કાઢી ત્યારે જ તેને શાંતિ વળી. તુલસીદાસને તો 'ના' પાડી ત્યાં તો તે અવાજની ડાબલી લઈને રમવા લાગ્યા. સાચું સાધન શોધતાં તેને જરા વાર લાગી. તમે જોતાં હતાં કે પહેલાં મેં કહ્યું માટે તેણે બુતાનની ફ્રેમ લીધી પછી મૂકી દીધી ને આમ તેમ ફર્યો. પછી ડાબલીઓ લાવ્યો ને કેટલીયે વાર તેની રમત ફરી ફરીથી કરી.

"હવે કહો જોઈએ મેં 'ના' પાડી તે મોન્ટેસોરી પદ્ધતિની સ્વયંસ્ફૂર્તિની વિરુદ્ધ થયું કે અનુસરીને થયું?"

"વિરુદ્ધ તો ન થયું; પણ આ પદ્ધતિ સીધી સાદી નથી લાગતી. એમાં અંદર અંદર તો ઘણું ઊંડું લાગે છે. એ બધાંને નુ પણ સૂઝે."

"એ કાંઈ પદ્ધતિને લીધે નહિ. માનવ માનસનું કામ જ એવું છે. ઓરડામાં આંખ કાન ખુલ્લા રાખીને બાળકોનું અવલોકન કરતા રહેજો; એની મેળે સુઝવા લાગશે."

ચર્ચાપત્ર

એક બેન પોતાના બાળક વિષે નીચેના પ્રશ્નો પૂછે છે:-

"મારા બાળકને મીઠાઇ, પેપરમીંટ વગેરે અતિશય ભાવે છે ને હદ્દબહાર ખાય છે.

"બીજું તેનો જમતી વખતે રમતમાં જીવ હોય છે. રમકડાં સાથે રાખીને જ જમવા આવે તે પછી જમવામાં બરાબર ધ્યાન ક્યાંથી હોય? કાં તો ઉપરાઉપરી કોળીયા ભરે, નહિ તો ચારેકોર વેરી નાખે; ચૂંથીને રમત કરે; ભૂકો કરીને ફેંકી દે; ને ગંદવાડ કરી મૂકે. ત્યારે શું આવું બધું કરવા દેવું?"

ઘણાં બાળકોને મીઠાઇ, પેપરમીંટ વગેરે અતિશય ભાવે છે ને જ્યારે ભાવે છે ત્યારે તો તે હદ્દપાર ખાવા તરફ જ ઝાઝે ભાગે જાય છે. દૂધ ભાવતાં બાળકો હદ્દપાર દૂધ નથી પીતાં; પણ ગળપણમાં કોણ જાણે શું રહેલું છે કે તે હદ્દપાર ખાવા તરફ બાળકો જાય છે.

મારા બાળક વિષે પણ મને કાંઈક એવો જ અનુભવ છે. જો કે મીઠાઈ તેને એટલી નથી ભાવતી પણ પેપરમીંટ ને ચૉકલેટ અતિશય ભાવે છે. મને ઘણી વાર થાય છે કે આ વસ્તુનો એને પરિચય જ ન થવા દીધો હોત તો આ મુશ્કેલીથી હું દૂર રહી શકત, કેમકે બાળકોને જરૂર જેટલી સાકર તો ફળો, મુરબ્બાઓ, ચોકખાં ગોળ, ખાંડ ને ભાત બટેટાં વગેરે દ્વારા આપી શકાય તેમ છે, ને આ તો નકામી ઉપાધિ આવી પડી છે. પણ મારા અનુભવ ઉપરથી હું તમોરી મુશ્કેલી પણ કલ્પી શકું છું. અંગ્રેજોનું અનુકરણ કરતાં ને ભણેલાંગણેલાં ગણાતાં કુટુંબોને આ વસ્તુથી બાળકને સાવ અપરિચિત રાખવું સહેલું નથી. છતાં તે બાબતમાં એટલું કરી શકીએ. બનતાં સુધી ઘરમાં તેવી વસ્તુઓ આણવી જ નહિ; મિત્ર સગાંસંબંધીઓ વગેરેને પણ કહી રાખવું કે મહેરબાની કરી અમારે ત્યાં આ વસ્તુઓ લાવશો નહિ. તેને બહલે બાળકને જમતી વખતે ખાવામાં મુરબ્બાઓ, જૂદી જૂદી જાતની ખીર (પૉરિજેસ્) વગેરેમાં બાળકને જે ભાવતું હોય તેવું કરીને તે તેને તૃપ્તિ થાય ત્યાં સુધી ખાવા દેવું ને બીજે વખતે કાંઇક ચવેણા તરીકે તાજાં ફળો ને સૂકાં ફળો રાખવાં. તે પણ દિવસમાં ગમે તે વખતે ખાધા જ કરે એમ નહિ પણ ખાવાના નિયમિત વખતે જ ખાય. મારા બાળક પરત્વે તો આ રીતે હું કરી શકી છું. ખાવાને વખતે કેટલું ખાવું એના ઉપર હું બંધન મોટે ભાગે રાખતી નથી; પણ ખાવાના વખત સિવાય ન ખવાય એ ઉપર વિશેષ ભાર મૂકું છું. એ કે પ્રથમ ખાવાને વખતે પણ તે હદ્દપાર ખાવા જતી ત્યારે મારૂં મન ગભરાતું. પણ થાય તે બરૂં કરીને ખાવા દેતી. ધીરે ધીરે તેની અતિશયતા પ્રમાણમાં આવી છે. મીઠાઇ વગેરે પણ ઘરમાં બનેલી જ વસ્તુ આપવાનો આગ્રહ રાખું છું. મીઠાઇ વગેરેમાં અતિશયતા કરતી નથી. છતાં હજી પણ કેળાં, કેરી, જમરૂખ બોર વગેરે ફળો નવાં આવે ત્યારે હદ બહાર ખાવા પ્રેરાય છે ખરી. નાની હતી ને પેપરમીંટ ચૉકલેટમાંથી બચાવતી હતી ત્યારે તો હું તેને 'ના' પાડતી ન હતી. ઘરમાં વસ્તુ જ કોઇ મંગાવું. જેમકે ડઝનેક કેળાં આવે તો તે બધાં ખાઇ જવાનું તેને મન થતું. ત્યારે હમેશાં માત્ર બે કે ત્રણ જ મગાવતી પણ તેને જોઇએ તેટલા દિવસ રોજ મંગાવતી. આ ઉપાય મને તો ઠીક લાગ્યો છે. સંત્રાં, દ્રાક્ષ કે કેરીની બાબતમાં બોડાં વધારે ખાવામાં વાંધો આવતો નથી એમ જણાય છે; ને બાળક ઉપર આપણે છોડીએ છીએ ત્યારે તે એક વસ્તુ વધારે ખાય તો બીજી ઓછી ખાઇને ભરપાઇ કરી લે છે એમ લાગે છે. મુરબ્બા વગે-

બાળવાર્તાઓનો વિનોદ
લખનાર તારાબેન મોડક
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
પોસ્ટેજ સાથે બે આના

રેમાં પણ કાઢતી વખતે પ્રમાણસર જ કાઢીએ તો પીરસવાના વાસણમાં છે તેટલું બધું ખાઇ જવાથી તેમને તૃપ્તિ થાય છે.

બીજી રીતે બાળકમાં હઠ કે આપણી સામે જ થઇ જવાપણું ન હોય તો આ રીતે બાળક ખાવાની અતિશયતામાંથી બચે છે. આપણે હા ના પાડયા કરીએ તેમાં ખાવામાંથી અટકે છે પણ બાળકમાં અતૃપ્તિ રહ્યા કરે છે ને ઘણી વાર માણસો ઘરડાં થાય તો પણ તે ખાવાની વૃત્તિમાંથી ખસી શકતાં નથી એમ બને છે. માટે આગળ ઉપર ખાવા તરફ તેમનો અનહદ પક્ષપાત ન બંધાય માટે આ વખતે સાચવવાનું છે.

પ્રયોગ કરતાં હો એવી સાવચેતીથી આ દિશામાં કરી જુઓ.

બીજો પ્રશ્ન આ પહેલા કરતાં સહેલો છે.

બાળક જમતી વખતે જે રમત કરે છે તે માટે દઢ અને ચોક્કસ નિયમો રાખીને બાળકને જમવાની સારી રીત શીખવી શકાય છે. બાળક ખાવાની અણઆવડતને લીધે જે ગંદવાડ કરે છે તે સંબંધે બાળકને વઢવું નહિ કે વખોડવું નહિ કે શરમાવવું નહિ. પણ જમતા પહેલાં કોળીયો કેમ લેવો, કેમ મોઢામાં મૂકવો, વગેરે ક્રિયા ધીમે ધીમે કરીને બતાવવી અને તે ક્રિયા હસ્તગત કરવા બાળકને પ્રયત્ન કરવા દેવું: પ્રયત્ન કરતાં કરતાં દિવસો જતાં તે તેને આવડી જશે; તે બાબતમાં જરાયે ઉતાવળાં ન થઇએ. તેમજ કપડાં કે અંગ ન બગડે માટે આપણે કોળીયા ભરાવીને જમાડવાની પ્રથા ન રાખીએ. જમ્યા પછી પોતાની થાળીની આસપાસ પડેલું ઉપાડી લઇ થાળી વગેરે પણ બાળમાં મૂકી દેવાનું બાળકને બતાવીએ તો ગંદવાડ તરફ તેનું સહેજે ધ્યાન જાય છે ને નીચે ઓછું ઢોળાય તે સંબંધી તે કાળજી રાખે છે.

આવડત હોવા છતાં, અથવા ખાસ હઠથી બાળક બેદરકારી રાખતું હોય તો વધારે બોલવા કરતાં તેને ઉપાડી બહાર મૂકી દેવું, ને જમવાના ઓરડાના નિયમોનું તેને ચોક્કસ ભાન કરાવવું. રમકડાંને લીધે આમ બનતું લાગતું હોય તો રમવાની જગ્યાએ રમકડાં રાખીને જ આવવાનો નિયમ દાખલ કરી શકાય ને દાખલ કર્યા પછી તો દઢતાથી પળાવે જ છૂટકો. ભલે એકાદ વખત ન જમે. ભૂખ વસ્તુ એવી છે કે ભલભલાને હરાવી દે છે. પણ આમાંની એકે ક્રિયામાં બાળકને એવો ભાસ તો નં જ થવો જોઇએ કે આ મને શિક્ષા થાય છે. અથવા 'તું આમ કરે છે માટે હું આમ કરું છું' એવી વેરની જરાએ વાસ ન આવવી જોઇએ. તેમજ બા ખીજાઇ છે માટે આમ કરે છે એમ પણ ભાસ ન હોય. નિયમો દઢતાથી પળાવવામાં આપણે રેલ્વેટ્રેન જેવી હુશિયારી, શાંતિ ને દઢતા રાખવી કે જેથી ટ્રેન ચૂકી જઇએ છીએ ત્યારે ટ્રેન પ્રત્યે જરાએ ઓછું લાવ્યા વગર આપણે આપણી જ મોડાં જવાની ભૂલ સ્વીકારીને બીજે વખતે તે સુધારી લઇએ છીએ. તેમ બાળક નિયમ જાણી લે, ને પોતાની ટેવો આપણા તરફ જરા પણ અણગમો ધર્યા વિના સુધારી લે. **તા.**

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

REG. NO. B 2241

શિક્ષણ પત્રિકા

(ઑંટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૫

અંક ૧૧ મો
માર્ગશીર્ષ

: તંત્રી :
ગિજુભાઈ
તારાબેન

ગમે તેટલું લાંબું જીવન પણ આખરે અન્તવાળું છે ને તેથી ટૂંકું છે. અને માટે જ તે મહામુલ્ય છે અને માટે જ તેનો પૂરેપૂરો અને ખરો ઉપયોગ કરવો જોઇએ.

આપણે નાનું કામ કરીએ છીએ કે મોટું કામ એ પ્રશ્ન મહત્ત્વનો નથી. આપણે જીવન અર્થે કામ કરીએ છીએ કે નહિ એ જોવાનું છે. નાનું કામ પણ જો જીવનની સાધના માટે કર્યું છે તો તેના જેવું બીજું એક પણ કામ મહત્ત્વનું નથી.

આપણે ઘણું કામ કરીએ છીએ કે થોડું એ પણ મોટો પ્રશ્ન નથી. પ્રશ્ન એ છે કે આપણે આપણી ગતિએ સતત કામ કર્યે જઇએ છીએ કે નહિ. આપણે આપણા કર્તવ્યને ધપાવ્યે જ જઇએ તો બસ છે.

આપણે ઉંચી જાતનું કામ કરીએ છીએ કે મધ્યમ જાતનું કે સાધારણ જાતનું તે પણ પ્રશ્ન નથી. પ્રશ્ન તો એ છે કે આપણી શક્તિ અને આવડત પ્રમાણે આપણે આપણું કામ ઉપાડ્યે જઇએ છીએ કે કેમ.

આ ઉપરના હિસાબે જેઓ જીવનકાર્ય કર્યા કરે છે તેઓ જીવનને લાંબું કરે છે. તેઓ ગમે ત્યારે મરે તો પણ ચિરંજીવ છે આપણે સૌ આપણા કામથી ચિરંજીવ થઇ જ શકીએ.

રેંકડી

નિશાળોમાં જ્યારે બપોરની છૂટીનો વખત થાય છે ત્યારે લાલાજીની રેંકડી ફરતા સંખ્યાબંધ છોકરાઓ એકઠા થાય છે. લાલાનો વેપાર ઝપાટાબંધ ચાલે છે. લાલાએ પાઇનાં, પૈસાનાં ને બે પૈસાનાં ચેવડાનાં પડીકાં તૈયાર જ રાખેલાં હોય છે. પાઇ પૈસો પેટીમાં મૂકતો જાય છે ને એક એક પડીકું આપતો જાય છે. લાલો ઘણાં કામમાં હોય છે. ભેગા મળીને ખાવાવાળા બે પાંચ વિદ્યાર્થીઓને માટે તે શેવ મમરા, અગર દાડમ ચેવડો, અગર રેવડી કાજુ, અગર પેંડા બરફી તોળતો હોય છે. શાળાવાળી શેરી છોકરાઓની નાની મેદનીથી ઉભરાઇ રહે છે. લાલાજીની રેંકડી મોટી દુકાન થઇ પડે છે. જ્યાં લાલાજીની રેંકડી નથી ત્યાં આજુબાજુમાં એકાદ મિઠાઈ કે શેવ મમરાની દુકાન હોય છે ને રજાના વખતમાં ત્યાં ગિરદી જામે છે.

રોજ રોજ એક એક વિદ્યાર્થી એક એક પાઇ પૈસો ખર્ચે તો પણ લાલાજી સાંજ પડે બે ત્રણ રૂપીઆ ચોકખા કમાય છે દરેક વિદ્યાર્થીને બપોરે કંઇક ખાવાનું મળે છે ને પાણીઆધાર થાય છે. તુરત જ પાછું ભણવાનું હોય છે એટલે દૂર કે નજીકના બે વિદ્યાર્થીઓ જઇને ખાઇ આવે તેટલો સમય હોતો નથી.

ભણતાં ભણતાં વચ્ચે છૂટી મળે, પાઈ પૈસાનું ખાવાનું ખવાય ને પાછું ભણતર શરૂ થાય ને વેપારીને પણ કમાવાનું મળે એ બધું ઠીક છે; સારૂં દેખાય છે; સંતોષકારક છે. પણ લાલાજીની રેંકડી કે લાલાજીની દુકાન તરફ નજર કરીએ.

લાલાજી શાક માર્કેટથી હલકામાં હલકાં અને વાશી ફળો લાવેલો છે. ડબલામાં મૂકેલા પેંડા અને રેવડી ઉપર માખીઓ બણબણે છે. આ માખીઓ શેરીમાંની ગંદકી ઉપરથી મિઠાઇ પર આવે છે ને ત્યાંથી પાછી ગંદકી પર જાય છે. ચેવડો લાલો તાજો બનાવે છે પણ વાશી ચેવડો પહેલો વેચે છે. ચેવડામાં મશાલાનો ઠાઠ છે પણ એનું તેલ સસ્તું અને હલકી જાતનું છે. રેંકડી અને તેનાં ડબલાં અને તાજવાં તો મેલથી કાળાં કાળાં છે. એમાં લાલાજીની મૂર્તિ જુઓ તો તેવી જ ગંદી. તેના હાથ મશાલાથી ભરેલા છે. નખ વધેલા છે અને બેમાં મશાલો અને મેલ બન્ને ભરેલા છે. લાલાજીનાં કપડાં અને આખો વેશ પણ ગંદકીભર્યો છે.

આવી રેંકડીમાંથી—આને ટકોરે મારે તેવી દુકાનોમાંથી આપણાં બાળકો ખાવું ખાય છે. આ યોગ્ય લાગે છે ?

અયોગ્ય લાગતું હોય તો શું કરવું ?

બાળકને કંઇક ખાવાનું તો મળવું જ જોઇએ. શાળામાં જ બધાં બાળકોને છૂટીના વખતમાં નાસ્તો મળે તે તો સૌથી સુંદર. એમ થાય તો તો શાળામાં સામાજીક જીવનની ને સારા ભોજન (નાસ્તા)ની વ્યવસ્થાની સુંદર તાલીમ બાળકોને મળે. ત્યારે તો નાસ્તો ખવરાવવો એ એક દાકતરી તેમજ કેળવણીનો વિષય થશે અને ત્યારે નાસ્તો શરીર અને મન બન્નેને ઉપકારક થશે.

પણ ત્યાં સુધી રેંકડી નભવી ન જોઇએ—ન નભાવી શકાય. રેંકડીમાંથી પાઇ પૈસો આપી

ગંદકી અને ચેપી રોગ ખરીદી ન શકાય. લાલાજીનો અપ્રામાણિક અને ઘાતક વેપાર સહી લઈ ન શકાય.

ત્યારે ! ત્યારે દરેક બાળકને ઘેરથી ઘરમાં જ બનાવેલું, ઘરને શીજે તેવું ખાવું મળવું જોઈએ. બદામની પૂરી મળતી હોય ને તે લાવે ને તળેલા મમરા લાવવા હોય તે તે લાવે. ચાને તેઓ રોટલાનું બટકું પણ લાવે. કંઈક ઘરનું ખાવાનું પડીકામાં બાંધી લાવે અને છૂટીના વખતમાં ખાય. સૌ પોતપોતાનું ખાય અથવા બે પાંચ જણા ભાતું ભેળું કરી ભેળા ખાવાનો આનંદ લેતા લેતા ખાય.

ગરીબમાં ગરીબ માબાપ કંઈક તો આપી શકશે જ. અને તેમણે આપવું જોઈએ. ગરીબને તો ઉલટું ભાતું આપવું સહેલું છે. ટટકા રોટલો ને ડુંગળીનો ગાંઠીયો ઉત્તમ ભાતું થઈ શકે.

પણ આ કયારે બને ? માબાપ જરા ધ્યાન પર લે તો. એમાં ખર્ચ નથી. જરાક હોંશીલી મા માટે વધારેનો બોજો નથી. જરા સમજુ મા માટે એ મીઠું કામ છે.

સ્વચ્છ ધોળા કપડામાં ખાવાનું બાંધી આપવાનો અને હસીને બાળકને શાળાએ મોકલવાનો લહાવો માતાઓ લઈને ખરેખર માતા થવાનો આનંદ હાંસલ કરશે. **ગિ.**

બાને નવરાશ છે

"બા, આવીશ ને ? અમે કુબા કર્યા છે તે જોવા."

"હા. પણ જરા આ ઉટકેલ કળશા બહારાઈએ મૂકી દે એટલે ઝટ અવાય."

"બા, ચાલ ચાલ; તને રતુની ગમ્મત બતાવું. એ પણે જાણીએ લટકીને હસે છે."

"ચાલ ત્યારે, સંજવારી આવીને કાઢીશ."

"બા, આજે સાંજે અમારી સાથે ફરવા આવીશ ?"

"હા, પણ તમે જરા સમું નમું કરી નાખો ને ! એટલે હું ઝટ વાળી લઈને નવરી થાઉં."

"બા, આજે અમે રાસડા લેવાનાં છીએ. તું આવજે હોં."

"પણ એંઠવાડ કઢાવવા બેસી જજે એટલે વહેલું પતશે. એટલે આવીશ." **ગિ.**

બાપુને નવરાશ છે

"બાપુ ચાલો તો, તમને અમે ગાળેલો બાડો બતાવું."

"હું તમે ચાલતા થાઓ. આ ચોપડીમાંથી આટલું વાંચીને આવું છું."

બાપુ વાંચીને જોવા ગયા.

"બાપુજી, અમે આજે નવી રાંગોળી પૂરી છે, ચાલો જોવા."

"થોડી વાર બેસો. આ બે પત્રો બાકી છે તે લખીને આ આવ્યો."

બાપુ પત્રો લખી રાંગોળી જોઈ આવ્યા.

"બાપુ, ચાલો ચાલો, આજે મોટીબેને કંઈક જોવા જેવું આણ્યું છે; કંઈક છે."

"આ આવ્યો. આ જરા હિસાબ ટપકાવી લઉં કે આવ્યો. જરાક વાર છે."

બાપુએ હિસાબ ટપકાવી લીધો ને જોવા ગયા. બેને નાનો એવો શેળો આણ્યો હતો.

"બાપુ આવશો કે? મોટાભાઈએ આજે અમારાં ભાષણો ગોઠવ્યાં છે. તમારે પ્રમુખ થવાનું છે."

"એમ? ત્યારે આ આવ્યો. બે મિનિટની વાર છે. પ્રમુખ બે મિનિટ મોડો થઈ શકે, નહિ વાર? આ એક તાર લખી આ આવ્યો." ગિ.

બાને નવરાશ નથી

"બા, બા, આ જો તો, મેં મોતીની માળા કેવી સરસ કરી છે!"

"બાપુ મને નવરાશ નથી. આધી બસને. મારે ઢાંક ઉટકવાં છે."

"બા બા, આમ તો આવ. આ પોપૈયા પર કેટલા બધા પોપૈયા બેઠા છે! જો તો, એક તો બહુ મોટું બધું છે."

"બાપુ મને નવરાશ નથી. તું તારે જોને. મારે અબોટ કરવો છે."

"બા, તું આજીશ અમારી રમત જોવા? અમે આજે નવી રમત રમીએ છીએ."

"બાપુ મને નવરાશ નથી. મારે કપડાં ધોવાં છે."

"બા, એ બા, ચાલ તો પણે ભાઈએ સુંદર બંગલો બનાવ્યો છે. જોવા જેવો છે."

"બાપુ મને નવરાશ નથી. મારે હજી કપડાં સૂકવવાં છે."

"એ બા બા, ચાલ તને કીકી હસે છે તે બતાવું. એવી બડબડ હસે છે!"

"બાપુ મને નવરાશ નથી. મારે હજી સંજવારી કાઢવી છે." ગિ.

બાપુને નવરાશ નથી

"બાપુ જુઓ તો આ ચોપડીનું પૂંઠું કેવું સુંદર છે?"

"હમણાં જા; મને ફુરસદ નથી." બાપુ પડ્યા પડ્યા ચોપડી વાંચે છે.

"બાપુ, જુઓ તો આ સિક્કાને મેં રાખથી ઘસીને કેવો સરસ ઉજાળ્યો છે?"

"હમણાં જા; હું કામમાં છું." બાપુ પત્રો લખતા હતા.

"બાપુ, જુઓ તો અમારા ગલગોટાને આજે પહેલવહેલું ફૂલ બેઠું."

"હમણાં નહિ; મારે કામ છે." બાપુ કાયદાની ચોપડીમાંથી ટાંચણ કરતા હતા.

"બાપુ, ચાલો તો તમને બિલાડીને સાંકળે બાંધી છે તે બતાવું."

"જો હમણાં નવરાશ નથી. તું બિલાડી સાથે રમ." બાપુ અસીલો સાથે બેઠા બેઠા વાતો કરતા હતા.

"બાપુ અહીં તો આવો, આજે અમે નવી અભરાઈ પર અમારો સામાન ગોઠવ્યો છે."

"હમણાં નહિ. નિરાંતે જોશું." બાપુ મિત્રો સાથે નિરાંતે ચ્હા પીતા હતા.

"બાપુ ઉભા રહો, હું મારી નવી ચોપડી જોવા લાવું. પૂંઠું લીલું સુંદર છે."

"જો. મારે ઝટ જવું છે. હમણાં નવરાશ નથી." બાપુ પોતાના ભાઈબંધો સાથે લાકડી લઈ ફરવા જતા હતા. ગિ.

લેસન

ઘરમાં કે બહાર કોઇને ત્યાં જઇને એસું ત્યાં બાળકોને લેસન કરતાં જોઉં છું ત્યારે તો મને ત્રાસ છૂટે છે. કોઇ ઇતિહાસ વાંચતું હોય છે, કોઇ કવિતા ગોખતું હોય છે તો કોઇ વળી કંઇક ઉતારતું હોય છે.

વખત સુંદર સવારનો હોય છે. સોનેરી તડકો બહાર પડતો હોય છે. એ ઘડી ઠંડી હવામાં ફરવાનું મન થાય એવું હોય છે. પણ છોકરાંને તો તે વખતે લેસન કરવાનું હોય છે.

વખત કાં તો સુઇ જવાનો હોય છે ને આંખે નિંદર ભરાતી હોય છે; કાં તો વાળુ કરીને નવી નવી વાતો કરવાનો હોય છે; કાં તો બા બાપુની મીઠી વાર્તા સાંભળવાનો હોય છે; કાં તો બહાર ખીલતી ચાંદનીમાં રમવા કૂદવાનો હોય છે. પણ છોકરાંઓને તે વખતે લેસન કરવાનું હોય છે.

આ લેસન એક ત્રાસ છે. કેટલા બધા કલાકો નિશાળમાં ભણવું, ને એ ઉપરાંત ઘેર પાછું તૈયાર થવું.

શિક્ષકોને તો ભણાવવાનો થાક લાગે પણ વિદ્યાર્થીઓને તો ભણવાનો ને પાઠ કરવાનો એઇનો થાક સહેવો. શિક્ષકો શાળામાંથી છૂટ્યા એટલે જાણે કે પત્યું; પણ છોકરાઓની પાછળ પાછળ તો લેસનનું ભૂત વળગ્યું આવે છે તે તેમને રાતે સુખે સુવા દેતું નથી ને સવારે સુખે રમવા દેતું નથી.

અને લેસન પૂરું થતું નથી એટલે છોકરા મુંઝાય છે. હાંફલાફાંફલા થઇ વધારે ને વધારે વાંચે છે ને વધારે અકળાય છે એમ એમ તો મગજની નબળાઇ વધે છે, ને ભણેલું પણ ભૂલતા જણાય છે. પછી તો વગર સમજણનું ગોખણ પણ ચાલ્યા કરે છે.

લેસન પૂરું થયું નહિ ને જમવાનો વખત થયો. જમ્યા વિના છૂટકો નહિ. શાળાએ ગયા વિના છૂટકો નહિ. પણ લેસન ? લેસન પૂરું નથી થયું. થોડાક દાખલા રહી ગયા. હજી કવિતા નથી આવડી. માસ્તર બદશે. નંબર હેઠો જશે.

આવું ભાવ્યું નાહ ને નિશાળે ગયા. લેસન તો નથી થયાં ને પાઠ આપવા પડયા. માસ્તર તો વઢવાના જ. પણ બિચારો રખડ્યો નથી, રઝળ્યો નથી, લેસન જ કર્યા કર્યું છે તોયે એને નથી આવડયું–તો પણ તે પહોંચી શકયો નથી એની માસ્તરને શી ખબર ? અને ખબર હોય તો શી પરવા ? માસ્તરને વઢતાં, ઠોંઠ ટાપલી કરતાં કે ઇમ્પોઝીશન આપતાં કોણ રોકે ? ને પાઠ તો પાછા આગળ ચાલે. અને બીજે દિવસ બમણું લેસન, ત્રીજે દિવસ ત્રમણું ને પરીક્ષાને દિવસે તો લેસનનો હુંગરો; ને એની તળે વિદ્યાર્થીને કચરાઇ મરવાનું.

આ લેસનમાંથી બાળકોને નહિ છોડાવીએ ? ઉપાયો તો છે, જો મરજી હોય તો.

પહેલું પગલું એ છે કે ઘેરથી લેસન કરી લાવવાનું સાફ સાફ બંધ જ કરવામાં આવે. નિશાળમાં બાળકને શીખવાનું છે (લેખન, વાચન ને ગણિત) તેના કરતાં ઘણું વધારે અને કિંમતી તેને બહાર શીખવાનું પડયું છે–અને તે એક પણ પાઠયપુસ્તક વિના, એક પણ લેસન ગોખ્યા વિના. નિશાળમાંથી છૂટી બાળક તે જ ભણતર

ભણે. ઘેર લેસન હોય જ નહિ. આગળ વધીને મૂકીએ તો બાળકો હાથ પગ લઈને શાળાએ જાય ને ગયા હતા તેવા ઘેર આવે. પાઠ્યપુસ્તકો વગેરે શાળામાં જ રહે.

બીજું પગલું શાળામાં સારૂં શીખવાય. લેસન એટલે તૈયાર થવું ને તૈયાર થવુ એટલે મોટે ભાગે ગોખવું. સારૂં ભણતર ન ભણાવાય ત્યાં ગોખીને તૈયાર થવું જ પડે. આ વાત સૌ શિક્ષકો જાણે છે. સમજાવીને ભણાવ્યું હોય ને સમજીને ભણ્યો હોય તો લેસન કરવાનું નથી રહેતું એ પણ અનુભવની વાત છે. માટે આપણે સારી રીતે શીખવીએ. મનમાં ઠસે તેમ શીખવીએ. દાખલા દૃષ્ટાન્તથી શીખવીએ.

ત્રીજું પગલું મોઢે આવડે તે જ જાણે છે એ વહેમને દૂર કરીએ. લેસનમાં મોઢે કરવાનું બહુ આવે છે ને એ માટે આ ભાગ અરસિક છે; સમજણ જરૂરની છે. પોપટની વાણીપંડિતાઈ નકામી છે. પરીક્ષામાં પણ પરીક્ષકો મોઢેથી બધું માગે તેના કરતાં બુદ્ધિબળથી માગે એ થવું જોઈએ.

ચોથું પગલું શાળામાં જ જે કાંઇ તૈયારી કરાવવી હોય તે કરાવવી. છોકરાઓને શાળાના સમયમાંથી એક સમય—છેલ્લો સમય થએલ પાઠોનું મનન કરવા આપવો. આ સમયમાં વર્ગશિક્ષક તેમની વચ્ચે ફરે અને છોકરાઓ દિવસ આખામાં જે સમજાવવામાં આવ્યું હોય તે તાજું કરી જાય. જ્યાં કોઇ સમજ્યું ન સમજ્યું હોય ત્યાં પૂછી જુએ ને દિવસના પાઠો પાકા કરી લે. આવતી કાલે તો નવું ભણતર શરૂ થવાનું; તેનો વિચાર કાલ ઉપર. સાંજે જે ભણતર થયું તે પાકું કરી જવું—પચાવી જવું એ કાર્ય આજે; અને એ જ આજનું લેસન.

છોકરાઓને આમ લેસન કરાવીએ. આમ થવા માટે અધિકારીઓ વ્યવસ્થા કરે; અને શિક્ષાગુરુઓ એ અમલમાં મૂકે તો છોકરાઓનો કેવો હૃદયનો આશીર્વાદ મળે ? ગિ.

ઘરમાં મોન્ટીસોરી

મોટા પાયા ઉપર સાફસુફ

આપણે આગળ ઉપર સુપડી સાવરણીની વાત કરી ગયાં છીએ. સાફસુફના કામમાં બાળકો થોડા દિવસ પલોટાયા પછી એમને મોટા પાયા ઉપરની સાફસુફ બતાવી શકાય. ઘરનાં બારીબારણાં, ભીંતો વગેરેની સાફસુફ એની અંદર આવે. ટેબલ ખુરશીઓ વગેરે લાકડાનો સામાન હોય તો તે ભીના લુગડાથી લુછ નાખવો અથવા બહાર ઉપાડી જઈ ધોઇને સાફ કરવો, વગેરે કામો પણ બતાવી શકાય. મોટી સાવરણી લઇ આખો ઓરડો વાળવો, ઓશરી કે આંગણું સાફ કરવું વગેરે પણ થઇ શકે.

એક રીતે સામાન લુવાની સાફસુફ નાના પાયા ઉપર સુપડી સાવરણીની સાથે જ શરૂ થઈ શકે. અઢી ત્રણ વરસના બાળકના હાથમાં એક લુગડાનો કટકો આપી નાની નાની નીચેની વસ્તુઓ લુવાનું બતાવીએ તો બાળક પોતાની શક્તિ પ્રમાણે તે કરે છે; ને બહુ જ નાની ઉંમરે કદાચ તેનાથી બરાબર સાફ ન થાય તો પણ ટેબલ ખુરશી ઉપર કે ટીંગાડેલા કોટા ઉપર કેટલી ધૂળ બેસે છે; ને બેઠી હોય તો તે સાફ કરવી જોઇએ, એ વાત તો તેના ધ્યાનમાં આવે જ છે. આપણે પાશ્ચાત્યના વાંદરા અનુકરણમાં ઘરમાં આડું અવળું ફર્નિચર ભરી દેવાનું તો શીખ્યાં છીએ પણ તેની સાથે જ તેને

ગોઠવવાની કળા શીખ્યાં નથી, કે તેને સાચવવાની ને સાફ રાખવાની જરૂરીઆત આપણે જોઇ નથી. ટેબલ ખુરશી ઉપર કેટલીયે ધૂળ હોય તો બેસનારનાં કપડાંથી જ તે વળાય એવી આપણી યોજના છે. જૂના જમાના પ્રમાણે બેઠક તો કોઇક જ રાખતું હશે ને રાખતું હોય ત્યાં પણ ધૂળની બાબતમાં બેદરકારી તો દેખાશે જ. બાળકનું ધ્યાન આવી બાબત તરફ અત્યારથી જ ખેંચશું ને તે કેમ સાફ થાય તે બતાવશું તો આજે આપણે જે જોતાં જ નથી, જોતાં હોઈએ તો શું કરવું તે જાણતાં નથી, ને જાણતાં હોઇએ તો ઉઠીને ઝટ કરી નાખવાની શક્તિ ધરાવતાં નથી,એવી સ્થિતિ આવતી પેઢીની રહેશે નહિ.

મોટા પાયા ઉપરની સાફસુફ આઠ આઠ દિવસે કરવાનો રિવાજ રાખીએ ને તેમાં બાળકોને પૂરતો ભાગ લેવા દઇએ તો તેઓ ઘર સાફ રાખવાનો શોખ કેળવતાં થશે ને પોતાનો શોખ પૂરો પાડવાની આવડતવાળાં પણ થશે. આમાં ખૂણા ખાંચરામાંથી બાવાં પાડવાં, બારીબારણાં પાણીથી અથવા તેલ પાણીથી સાફ કરવાં, ફોટાની પાછળની ધૂળ ઝાટકવી તેમજ બધું ફર્નિચર અને જમીનની સાફસુફ બતાવવાની હોય. બતાવવાની ઉત્તમ રીત તે કામ આપણે જાતે ધીમે ધીમે કરી બત વવાની છે. એક સાથે અનેક કામો પહેલેથી જ દાખલ કરવાં નહિ, પણ એક એક નવું વધારતા જવું. જેમકે પહેલે રવિવારે કે જે વાર રાખીએ ત્યારે એકલાં બાવાં પાડવાનું કરવું. બીજે અઠવાડિયે બાવાં પાડીને બારીઓની સાફસુફ ઉમેરી શકાય. એમ ધીમે ધીમે અનેક જાતની સાફસુફ બાળકોના ધ્યાન ઉપર મૂકી શકાય.

એમાં જોવાની વાત એટલી જ કે તેમની શક્તિ બહાર કે તેમની ધીરજ ખૂટે ને કંટાળો ઉત્પન્ન થાય ત્યાં સુધી કોઇ વાર તાણવું નહિ. સાફસુફનું વાતાવરણ ઉભું કરીને જ આપણે બાળકોને તેમાં શોખથી ભાગ લેતાં કરી શકીશું.

કોઇ પણ સાફસુફ પછી હાથ પગ ધોઇને જાતે સાફ ને વ્યવસ્થિત થઇ જવાનું બતાવવાનું કદિ ભૂલવું ન જ જોઇએ. જાડાં ને ગંદાં કામો કરવા છતાં પોતે તો સ્વચ્છ, સંસ્કારી ને સુઘડ જ રહેવું જોઇએ એ વાત ઉપર આપણે જેટલો ભાર મૂકીશું તેટલો આજે ઓછો જ છે **તા.**

બાળવાર્તાની શ્રેણીઓ*

શ્રેણી બીજી ને ત્રીજી

બાળવાર્તાની બીજી શ્રેણીમાં સહેલા ને સાદા બનાવોવાળી નાની વાર્તાઓ આવે છે. જેમકે પોપટની વાર્તા, આનંદી કાગડો, સાત પૂંછડીયો ઉંદર, ઉંદર ને રાજાની વાર્તા, સસોભાઇ સાંકળીયો, ઘાસકા પૂળા ખા જા, ટશુકભાઇની વાર્તા, ડોશીની વાર્તા વગેરે આ શ્રેણીમાં આવે.

આમાં જે વાર્તાઓ જોડકણાંપ્રધાન છે તે પહેલી લેવાય ને માત્ર બનાવોવાળી અથવા એકાદ જ જોડકણું હોય એવી આગળ ઉપર રાખી શકાય.

દાખલા તરીકે આનંદી કાગડામાં બનાવ તો માત્ર કાગડો પાણી બોટે છે ને રાજા તેને જૂદી જૂદી શિક્ષા કરે છે એટલો જ છે. પછી તો એક જ રીતના એક પછી એક કાગડાના બોલ આવે છે જે બાળકો જોડકણાંની રીતે બોલી શકે છે:

'લપસણું કરતાં શીખીએ છીએ ભાઇ,
લપસણું કરતાં શીખીએ છીએ.'

વગેરે.

સાત પૂંછડીયામાં પણ એ જ જાતનું પુનરાવર્તન

---

* શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર તરફથી પ્રગટ થયેલ "બાળવાર્તાઓ" ભાગ ૧ થી ૫ ને અનુલક્ષીને.

છે. બનાવ સાદો ને બાળકો સમજી શકે તેવો છે. સાત પૂંછડીયો નિશાળે જાય છે ને નિશાળીઆ તેને ખીજવે છે. પેલો ઘેર આવીને એક એક પૂંછડી કાપતો જાય છે. ને દરેક વખતે 'સાત પૂંછડીયો ઉંદર, ભાઇ સાત પૂંછડીયો ઉંદર' ને પછી છ ને પાંચ વગેરે બોલવાની બાળકોને ગમ્મત આવે છે. એમની સમજણશક્તિને વાર્તા સરસ રીતે માફક આવે છે. બધા ભાગોમાંની વાર્તાઓ પણ આ જ ધોરણે પસંદ કરીને બીજી શ્રેણીનાં બાળકો આગળ મૂકતા જવી.

શ્રેણી નક્કી કરવામાં બનાવેનું સ દ્રાપણું ખાસ ધ્યાનમાં રાખવું, તેમજ ઝાઝા બનાવો નહિ પણ એક જ બનાવની વાર્તા પસંદ કરવી. જેમકે ડોશી દીકરીને ઘેર ગઇ ને પાછી આવી તેમાં બનાવ સાદો અને એક જ છે. એ જ શ્રેણીમાં આપણે ભટુડીની વાર્તા મૂકીએ તો ન ચાલે કારણ કે તેમાં બનાવો પુષ્કળ છે: ઘર બાંધવા માટે સામાન એકઠો કરવો, પછી વાઘનું આવવું ને પછી વાઘને મારવું. એ વાર્તા લાંબી છે. તેમજ 'ચકલી લાવી ચોખાનો દાણો' એ વાર્તા પણ પ્રચલિત હોવાથી આ શ્રેણીમાં મૂકવાનું મન થાય તેમ છે, છતાં તે લાંબી છે ને તેમાં બીચડી રંધાય ને ચકલો બાઈ જાય, તે પછી કોણે બાંધી તેનો ન્યાય થાય ને પછી ચકા-રાણાને કૂવામાંથી કઢાય, એમ ત્રણ કટકા પડે છે. માટે એની સહેલી છતાં લાંબી, જરા અટપટી વાર્તાઓ ત્રીજી શ્રેણીને માટે રાખવી જોઇએ. જો કે બીજી ને ત્રીજી શ્રેણી વચ્ચેની મર્યાદા બહુ ચોક્કસ આંકી શકાય નહિ; છતાં સામાન્ય ભેદ આપણી આગળ હોઇ શકે છે.

કેટલીએક વાર્તાઓ નાની એટલે ટૂંકી હોય છે ને એક જ બનાવવાળી હોય છે છતાં તે બીજી શ્રેણીમાં આવી શકતી નથી. કારણ કે તેનું વસ્તુ અથવા ભાવ બાળકની સમજણ માટે કાંઇક અઘરાં હોય છે. જેમકે ડોશી ને તેના દીકરા અથવા દેડકી ને કાકીડાની વાર્તા. દેડકીની વાર્તા ટૂંકી છે, જોડકણાં-પ્રધાન છે, ગમ્મતભરી છે ને છતાં તે બીજી શ્રેણીમાં ન આવે. તેના વસ્તુને કારણે તેને ચોથી શ્રેણીમાં મૂકવી પડે છે.

સામાન્ય રીતે ચકલા, કાગડા, બિલાડી, કૂતરાં, શિયાળ વગેરે પશુપક્ષીની વાર્તા બીજી ને ત્રીજી શ્રેણી માટે સારી રીતે લાયક ગણાય. બાળકની નજીકની દુનિયામાં ચકલી, કાગડા, મોર, કૂતરાં વગેરે પ્રાણીઓ તેમનું બહુ જ નાનપણથી ધ્યાન ખેંચે છે. બાળકનાં તે છેક બાળપણનાં દોસ્તો હોય છે ને તેમની વાતો કે વાર્તાઓ તેમનામાં તરત રસ ઉત્પન્ન કરી શકે છે.

'એક હતી ચકલી' કે 'એક હતો ઉંદર' એમ કહીએ કે તરત બાળકો કાન દઇને સાંભળવા લાગે છે. તેમને 'એક હતો વાણિયો' એ વાત આ ઉંમરે જીજ્ઞાસાપ્રેરક હોતી નથી. પણ 'એક હતી ચકલી કે ઉંદર' એ તેમના જીવનની એક અનુ-ભવની વાત હોવાથી એ વાક્ય તેમને તરત વાર્તા તરફ અભિમુખ બનાવે છે. રાજાના મહેલમાં બેઠેલી ચકલીનું પછી શું થશે એની તેઓ સહૃદય બની ચિંતા કરી શકે છે, પણ ચોરના હાથમાં સપડાએલા વાણિયાનું શું થશે કે સાસુ વહુના કલેશનું શું થશે એની તેમને મન ચિંતા ઉભી થતી નથી, કારણ કે ચકલી વગેરે તેઓ નજરે નજર રોજ જુએ છે જ્યારે વાણિયો કે સાસુ વહુ તેમની દુનિયાથી જરા આઘાં છે.

પશુપક્ષીના નામે કહેલી વાર્તા બાળકને પ્રિય હોવાનું બીજું પણ એક કારણ છે. આપણને જેમ (romantic) અદ્‌ભુત રમ્ય સાહિત્ય અમુક ઉંમરે બહુ જ આનંદ આપે છે, તેમ આ ન બોલી શકવાવાળાં પ્રાણીઓ ભલે કાલ્પનિક રીતે પણ બોલતાં ચાલતાં ને તેમની જેમ જ સુખદુઃખના ભાવો અનુભવતાં જોવામાં એક પ્રકારનું romance

છે. આ વાતની અદ્‌ભુત રમ્યતા અમુક ઉંમર સુધી જ રહે છે. દશ બાર વરસનાં બાળકો એ જ વાર્તાની બીજી ખુબીઓને લીધે તેની મજા લઈ શકે છે, પણ ત્રણ ચાર વર્ષનું બાળક 'પછી ચકલી બોલી' એમ કહેવામાં કે સાંભળવામાં જે એક પ્રકારનો આનંદ અનુભવે છે તે જૂદો જ છે. ચકલી કાંઇ બોલવાની જેમ બોલતી નથી એ જાણતા છતાં 'ચકલી બોલી' એમ કહેવામાં જ એનું અદ્‌ભુતપણું છે; તેથી બીજી ને ત્રીજી શ્રેણીમાં મોટે ભાગે પશુ-પક્ષીઓની સાદી અને અધરી વાર્તાઓનો સમાવેશ થાય.

છતાં એ નિયમમાં બેઉ બાજુથી અપવાદ હોઇ શકે છે, ને તે ઉપર કહ્યું તેમ વસ્તુ પરત્વે. પશુપક્ષીની છતાં દેડકાની વાર્તા, અથવા હંસ અને કાગડાની વાર્તા બીજી કે ત્રીજી શ્રેણીમાં ન આવી શકે. તેમ ઉલટ પક્ષે પેમલા પેમલીની વાર્તા તેનું સાદું વસ્તુ અને સીધા ઉઠાવને લીધે બીજી શ્રેણીમાં આવી શકે છે. પેમલો 'પછી પછી' કર્યા કરે ને પેમલી બધું એની પાસે કામ કરાવે એ વાત એવી સીધી સરલ ચાલી જાય છે કે નાનાં બાળકોને જરા અભિનય સાથે કહી સંભળાવીએ તો જરાયે અધરી પડતી નથી.

'કાને ટોટી માથે ચોટી' વાળી વાર્તા પણ આ જ જાતની છે. મૂળમાં બેઉ સામાજીક વાર્તા છે; બન્નેમાં સામાજીક કટાક્ષ છે. છતાં બનાવ અને ઉઠાવ સાદો છે. એક ડોશી બાળકની જેમ કાનમાં ટોટી પહેરે, માથે ચોટલી રાખે, છોકરાંની સાથે શેરીમાં રમવા જાય ને બોલાવે ત્યારે તેમની સાથે જમવા આવે, એ બધા બનાવો નાનાં બાળકો મજા લઇ શકે તેવા છે. તેથી આવી વાર્તાઓ સામાજીક છતાં બીજી શ્રેણીમાં આવી શકે છે.

બીજી ને ત્રીજી શ્રેણીમાં થોડો જ ફેર છે. બીજી શ્રેણીનાં લક્ષણોવાળી જ લાંબી અને વધારે બનાવવાળી વાર્તાઓ બધી ત્રીજી શ્રેણીમાં આવે. એટલે કે એ જાતની ટુંકી ને સાદી વાર્તાઓમાંથી બાળકો પસાર થઇ ગયા પછી તે જ જાતની લાંબી વાર્તાઓ કહી બાળકોની 'મોટી વાર્તા કહો' ની માગણી પૂરી પાડી શકાય. તા.

શાળાનો સમય

આપણે ત્યાં ઓફિસોનો સમય સાધારણ રીતે ૧૧ થી ૫ સુધીનો છે. અંગ્રેજી શાળાઓનો અને કોલેજોનો સમય પણ એ જ છે.

શાળાઓનો સમય નક્કી કરવામાં ઓફિસોના સમયનું અનુકરણ કદાચ હોય. મને પોતાને બન્ને સમયનો અનુભવ છે. જમીને તુરત ઓફિસે જવું આકરું પડે છે. જમતે કામ કરતાં આળસ અને ઝોકાં આવે છે. કામ ધીમે અને થોડું થાય છે. એવી જ રીતે જમીને તરત શાળામાં મોડા ન થવાય માટે દોડાદોડ ભાગતા તે અને શિક્ષક ભાષણ આપતા હોય કે ભણાવતા હોય ત્યારે ઝોકાં બાળી રાખવાના પ્રયત્નો કરતા તે હજી પણ ભૂલાયાં નથી. શિક્ષકના વાંકમાં આવી ન જવાય માટે આંખો ચોળીને ઊંઘ ઉડાડવી પડતી; બે ત્રણ સમયો આળસમાં અને વધતા ઓછા બેધ્યાનમાં પસાર થતા. કદાચ સૌને આવા અનુભવો થયા હશે.

અગાઉ પ્રાથમિક શાળામાં અને મિડ્લ સ્કૂલોમાં સવાર બપોરના સમયો હતા; પ્રણ મિડલ સ્કૂલોએ હાઇસ્કૂલોનું અનુકરણ કર્યું હશે એટલે અત્યારે તો તેનો સમય ૧૧ થી ૫ નો થઇ ગયો છે, હજી મોટે ભાગે પ્રાથ-

મિક શાળાઓમાં બે સમયે ચાલે છે પણ ઘણાઓને થાય છે કે બે સમયોને બદલે એક સમય જોઇએ. બે સમયોમાં સમય અને શક્તિ વધારે ખર્ચાય છે અને બપોરનો વખત છોકરાઓનો નકામો જાય છે એમ દલીલ થાય છે. છોકરાઓને સવારે ન્હાવા ધોવાનો પૂરો સમય મળતો નથી અને શાળામાંથી છૂટ્યા પછી તો ભૂખ લાગેલી હોવાથી ન્હાવું ધોવું પડ્યું રહે છે અગર એવું સરખું ન્હવાય ધોવાય છે. વળી જે ઘરોમાં પુરુષો ઓફિસમાં જવાવાળા છે તે ઘરમાં પણ થોડીઘેક અવ્યવસ્થા થાય છે, કેમકે તેઓ દસ વાગે જમી લે છે અને છોકરાઓ તો અગિયાર વાગે શાળામાંથીછૂટીને સાડા અગિયાર બાર વાગે જમવા બેસે એટલે રાંધનારને રોકાઇ રહેવું પડે છે, અને રસોઇ કાં તો ઉની રાખવી પડે છે અગર ઠરી જાય છે. ઘરનાં નાનાં અને મોટાંઓ સૌ એક વખતે જમી લે અને સરખો વખત બહાર જઇ આવે એટલે પાછળ સ્ત્રીઓને નિરાંતે કામ કરવાનું કે આરામ લેવાનું મળે એમ પણ કેટલાએક માનતા હશે. કેટલાએક શિક્ષકોને પણ એક વખતની શાળા ગમે છે. તેમાં તેમને સવારે ટ્યુશન આપવાનો, શાક પાંદડું લાવવાનો વખત સારી પેઠે મળે છે. તેમને પણ લાગે છે કે તેમનું કામ ઓફિસ જેવું છે.

ગમે તેટલી દલીલો સામે હોય તો પણ આપણે શાળાનો સમય વિચારતી વખતે ભણનારાઓની દૃષ્ટિએ પ્રથમ જોવું પડે. શાળા અને શાળાનો સમય ભણનાર અને ભણતર માટે છે માટે તેનો વિચાર અગ્રસ્થાને છે. હવે આપણે જોઇએ કે પ્રાથમિક શાળા એક વખતની કરી નાખીએ તો બાળકોને કેવી હાનિ થાય.

એક તો બાળકોને જમીને તુરત શાળામાં ધકેલાવું પડે. જે વખતે ગરમી વધવા માંડે તે વખતે બાળકોને ભણવા બેસવું પડે. શાળામાં ધોંધાર, પેટમાં ખોરાક, અંદર ઓછી હવા અને બહાર ગરમી: એમાં ગોખવાનું ભણતર. અગિયારથી પાંચ સુધી બાળકોને ખરી રીતે પંચ ધૂણી તાપવાનું રહે. સામાન્યતઃ જે શાળાઓમાં સ્વતંત્ર સમયપત્રક નથી પણ નિશ્ચિત છે, અને સમય પછી સમય ઉંધું ઘાલી ભણ્યા જ કરવું પડે છે, તે શાળામાં બપોરનો સમય તો એક ત્રાસ જ સમજવો. એમાં વળી જ્યારે ઉનાળો હોય અને સવારનો સમય ન થયો હોય ત્યારે માથેથી નળીયાં તપે

આગળ આમ હતું

વર્ગમાં તમાકુ ખાવી.
વર્ગમાં પાન ખાવાં.
વર્ગમાં બેસી ચ્હા પીવી.
વર્ગમાં બેસી બીડી પીવી.
ટેબલ પર પગ રાખી બેસવું.
વર્ગમાં છીંકણી સુંઘવી.
છોકરાઓને ગાળો દેવી.
પરીક્ષા વખતે કૉપી કરાવવી.
શાન્તિ રખાવવા માટે વારે વારે ટેબલ પર સોટી કે આંકણી પછાડવી.
ભણાવવાને બદલે પત્રકો પૂરવાં.
ભણાવવાનું કામ મોનીટરને સોંપી ઝોકાં ખાવાં.
ભણાવવાને બદલે દાખલા ગણ્યા કરવાનું કહેવું.
ભણાવવાને બદલે નકશો જોવાનું કહેવું.

અને ધામ થાય ત્યારે તો પૂરી હાડમારી.

વળી અગિયારથી પાંચના સમયમાં બાળકોને પાણી પેશાબની અને આરામની રજા પડે તો પણ એકન્દરે તેઓ આરામ નથી લઇ શકતા. તેઓ એટલા વખતમાં ઘેર જઇ ન શકે તેમ શાળાઓ સાથે આરામસ્થળો નથી કે ત્યાં જઇ વિરામ કરે. ઉલટું એ વખતે તો છોકરાઓ દોડધામ કરે, ધીંગામસ્તી કરે અને વધારે થકે. રજાનો વખત તેમને આરામદાયક નીવડવાને બદલે શ્રમદાયક નીવડે. શરીર અને જ્ઞાનતંતુઓનું ખેંચાણ વધે ને તેથી બપોર પછીનું ભણતર કંટાળારૂપ લાગે. બપોર પહેલાંનું ભણતર ભારે હોજરીને લીધે ભારે લાગે, બપોર પછીનું ભણતર ખાલી હોજરીને લીધે ખાલી લાગે. કેમકે બપોરે બધા બાળકો નાસ્તો મેળવી શકે નહિ. જો કે ઘણા છોકરાઓ પૈસા પૈસાનો ચેવડો વગેરે લે છે ને પાણીઆધાર કરી લે છે, પણ તેમાં પોષણ નથી. ભૂખ પણ મટતી નથી, તેમાંથી સ્ફુર્તિ પણ આવતી નથી. આવી રીતે અગિયારથી પાંચ સુધી એકધારું ગોંધાઇ રહેવાથી અને ભણવાથી બાળક થાકીને નીકળે છે.

આપણા દેશનાં આબોહવા એવાં છે કે આપણો વ્યવહાર બપોરના બે ચાર ઘડી અટકી પડે છે. વેપાર રોજગાર પણ બપોરના ઠંડા પડે છે, મજુર વગેરેનું ઘોરણ પણ બપોરે બે ત્રણ કલાક છૂટવાનું છે. શાળામાં પણ આપણે બપોરને વખતે છૂટી જ જોઇએ.

આપણે ભણનારની દૃષ્ટિએ જોઇએ કે બે વખતની શાળા રાખવાથી કેટલો ફાયદો થાય તેમ છે. બે વખતની શાળા એટલે સવારે ૭॥ થી ૧૦॥ અને બપોરે ૩ થી ૫, ઋતુ પ્રમાણે આમાં ફેરફાર થાય. જેમકે શિયાળામાં ૮ થી ૧૧ અને ૩ થી ૫ તો ઉનાળામાં ૭ થી ૧૦ અને ૪ થી ૬. પાંચ કલાકને બદલે અડધો કે એક કલાક વધારે વખત શાળા ચલવવી હોય તો તે પ્રમાણે સમય વધારવાનો રહે.

સવારની શાળામાં જવાનો સમય બહુ વહેલો ન જોઇએ. તેમ હોય તો બાળક નિરાંતે ઉઠી દાતણપાણી કરી નાહી ધોઇ, જરા શીરાવી નિશાળે જઇ શકે. શીરાવવું એ જૂનો રિવાજ છે અને તે ચાલુ રાખવો જોઇએ. નાની ઉંમરમાં બે વખત નહિ પણ ચાર વખત ખાવું જોઇએ. થોડું પણ વધારે કટકે ખાવાથી લાભ થાય છે. થોડું શીરાવી સ્વસ્થ થઈ ટાઢે પહોરે બાળક શાળાએ જશે એટલે ખુશનુમા સવારમાં, શીતળ છાંયામાં, ઠંડી હવામાં, તાજે મગજે તે ઠીક ભણશે. સવારનો બધો કિંમતી વખત આડાઅવળા આંટા મારી થાકીને તે નહિ આવ્યો હોય. તેનું મગજ તાજું હોવાથી સારૂં યાદ રહેશે.

અગિયારે વાગે છૂટશે એટલે ભૂખ સારી લાગશે. મગજનું ભોજન પૂરું કરી શરીરનું ભોજન તે લેશે. અને પછી આંખ ઘેરાશે એટલે જરા ઊંઘશે કે વિરામ લેશે. પણ ભર્યે પેટે ભણવું તો નહિ જ પડે.

વળી એ વખતમાં લેસન કરવાના બે ટાઇમ મળશે. બપોરનું લેસન જમ્યા પછી જરા આરામ લીધા પછી અને સવારનું લેસન રાત્રે. રાત્રે લેસન કરવું એ ખરાબ તો છે જ. પણ એમ તો પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને લેસન કરવું પડે એ જ ખરાબ છે. ખરી રીતે પ્રાથમિક શાળામાં એક કલાક લેસન કરવા માટે જ રાખવો જોઇએ.

બપોરના થોડા આરામ અને છૂટ પછી કદિ અભ્યાસ કરવામાં તાણ નહિ પડે. થાક ઓછો લાગશે ક્રમકે કામની વહેંચણી થઈ જશે. બપોરે ત્રણ પછી શાળા ચાલશે એટલે જે કોઈને થોડીએક ભૂખ લાગી હશે તે નાસ્તો કરીને આવી શકશે. આ રીતે ભણનારાઓને વધારે લાભ થશે.

હા, એટલું બરૂં કે શિક્ષકોને આમાં જરા અગવડ છે. સારૂં શાકપાંદડું સવારે મળે. ટ્યૂશન હોય તો બપોરના નીકળવું પડે. હાથે રાંધવું હોય તો શિક્ષક બાર ઉપર બે વાગે રોટલા ભેગો થાય. પણ એનું શું કરીએ? બરીદ કામ તો સાંજે થઈ શકે અને ટ્યૂશન તો એક બદી છે એટલે બે સમયો રાખવાથી તેને ધક્કો પહોંચતો હોય તો ભલે પહોંચે. બાકી છોકરાઓ એ તો ભાવિ પેઢી. એના ઉપર આપણો અને ભવિષ્યનો આધાર. જરાતરા સહીને પણ તેમને સગવડ તો આપવી જ જોઈએ. ગિ.

વાત મનમાં ન રહી

ઘણા દિવસ વિચાર ઘોળાયા કર્યો. ધનીયા હજમ પેઠે વાત મનમાં રાખવા ઘણા પ્રયત્ન કર્યા પણ આખરે તે નીકળી જાય છે. ધૂળી નિશાળો પર ટીકા કરવાથી શો ફાયદો એમ ધારી વાત દબાવતો હતો.

થોડા વખત પહેલાં હું એક ધૂળી શાળામાં જઈ ચડ્યો. એ જો ધૂળી નિશાળ ન હોત તો હું એમાં પગ પણ ન દેત. મેં અંદર શું જોયું? અઢી વાંભ અને વધારેમાં વધારે ત્રણ વાંભ લાંબી અને બે વાંભથી ઓછી પહોળી ઓરડી હતી. એ ભોંય તળીએ હતી. શહેરની એક પ્રસિદ્ધ ગંદી ગલ્લીમાં હતી. ગલ્લીની સપાટીથી નીચાણમાં હતી. હવા અજવાળા માટે અંદર જવાનું એક બારણું અને છાપરાને માથે મૂકેલું એક જાળીયું હતું. ચારે કોર બાવાં હતાં. જૂના કાટવળાવાળું છાપરૂં હતું, એટલે ધૂળ બર્યા કરે તેવું હતું. ઓરડીના પા ભાગમાં મેડો હતો. એ મેડા પર જૂનાં પુરાણાં હાંડલાં અને લાકડસામાન હતો. ત્યાં બાવાં ઘણાં હતાં અને ફકોણીયાઓએ ઘર બાંધ્યાં હતાં.

આવી ઓરડીમાં ચાર હારમાં લગભગ ૩૦ થી ૩૫ બાળકો બેઠા હતા. તેઓ પાસે પાસે જ બેસી શકે તેમ હતું. સાથે મહેતાજીની કુરશી અને એક બાંકડો હતો. છૂટથી હાલવા ચાલવા માટે વધારાની જગા માત્ર દોઢ ફુટ જેટલી હતી.

આ ઓરડી ધૂળી નિશાળ હતી; ઇતિહાસમાં કહેવાય છે તેવી અંધારી ઓરડી ન હતી છતાં તેનો ખ્યાલ કરાવતી હતી. આ ઓરડી ધૂડી નિશાળ હતી; કૂતરાને પકડવા માટે ગાડીઓ ફરે છે તેવી કૂતરાગાડી ન હતી, છતાં તેની યાદ દેવડાવતી હતી. આ ઓરડી ધૂડી નિશાળ હતી; ઉંદરને પકડવાનું ઉંદરકીયું ન હતું છતાં તેની યાદ આપતી હતી.

બાળકો પાંચથી દશ વર્ષની ઉંમરના હતા. તેમના ચહેરા પર પૂરૂં અજવાળું ન હતું તેથી અસ્પષ્ટ દેખાતા હતા છતાં થોડી વાર ઉભા રહ્યા પછી બરાબર દેખાતા હતા. તેઓ જમીન પર કોથળાના આસનો પર બેઠા હતા ને કોથળો ખંખેરીએ તો આપણે ભરાઇ રહીએ તેટલી ધૂળ તેમાંથી ઉડે તેવું હતું.

બાળકો બેઠા હતા. તેઓ બધા મેલા વેશે હતા કોઇ સારા ઘરના હતા, કોઇ ગરીબ ઘરના; પણ બધા મેલા હતા. સ્વચ્છ કપડાં પહેરી અહીં આવવાનો કશો અર્થ ન હતો. અંગ બધું મેલું જ હતું. તેમની સામે દફતર પડયું હતું. હાથમાં પાટીઓ હતી. તેઓ પેનથી કટ ટક લખતા હતા.

મેં તેમને જોયા અને મને દુઃખ થયું. આ આપણાં બાળકો ! આ આપણી નિશાળ ! આ એમનું ભણતર અને આ આપણી ભાવિ પેઢી ! આ આપણી ભાવિ ઉન્નતિ !

શાળાની ગંદકીમાં મેં જીવન આખાની અસ્વચ્છતા જોઇ. અંધારામાં અને ભેજમાં મેં ક્ષયરોગ જોયો. પાસે પાસે બકરાં જેમ પૂરાઇને બેઠેલાં બચ્ચાંઓમાં મેં બંધન જોયું.

હું એ બાળકોને જોઈ રહ્યો. એના ભણતર વિષે મારે પૂછવાનું રહ્યું જ ન હતું. વિનાશનું ભણતર તેઓ ભણી રહ્યા હતા. જીવનના પાયામાં–બાલ્યાવસ્થામાં તેઓ રોગને ભરી રહ્યા હતા.

હું મનમાં કકળી ઉઠ્યો. આવી શું માત્ર એક શાળા છે ? ના. આવી તો શહેરે શહેરે હજી પણ ઘણી શાળાઓ છે. હજી તો આવી શાળાનો મહિમા છે. હજી માબાપને છે કે છોકરાઓને ત્યાં ઝટ ને ઠીક ભણાવાય છે. તેવી શાળાઓ હજી ગુદરે છે એમ નથી પણ મજા કરે છે.

પણ મારી જેમ દરેક બાળકના માતપિતા ત્યાં જઇને જુએ. જુએ ને પોતાની આંખે ખાત્રી કરે કે સવારમાં ઉઠીને પોતાની મોંઘી મૂડીને કયાં મોકલાય છે. ગંદકી, અસ્વચ્છતા, અંધારૂં, ભેજ, દુર્ગંધ ભર્યો શ્વાસોચ્છવાસ અને ચેપના ક્ષણેક્ષણના ભયમાં ધૂળી નિશાળમાં બાળકોને મોકલનારાં માતપિતાઓ એક વાર એ શાળાઓ જોઈ આવો ને પછી શું કરવું તે નક્કી કરો.

તમે કાંઇ રાજા નથી કે શાળા બંધ કરાવી શકો. તમે કાંઇ આરોગ્યખાતાના અધિકારી નથી કે આવી શાળાનો અંત આણો. તમે કાંઈ પત્રકાર નથી કે આવી શાળાને જનહિતાર્થે પ્રસિદ્ધ કરો. તમે કાંઇ સમાજસેવા સંઘ નથી કે તેના પર સામાજીક દબાણ લાવો, તમે તમે કાંઈ કોઇ ઉદ્દામ વૃત્તિના બંડખોર નથી કે રાતે ઉઠી એ ક્ષયરોગનું ઘર સળગાવી મૂકો. તમે તો અદના માબાપ રહ્યા. પણ તમે કંઇ કરી શકો તો એટલું જરૂર કરી શકો કે બાળકને ત્યાંથી ઉઠાડી મૂકો.

ગંદકીમાં જઇને ભણવું તેના કરતાં નિરક્ષર રહેવું ભલું છે. ગંદકીમાં જઇ ભણવા માટે ક્ષયના રોગને શોધવો તેના કરતાં જીવતા રહેવું ને અભણ રખડવું પણ સારૂં છે. **ગિ.**

ચર્ચાપત્ર

(૧)

એક બેન લખે છે:

"મારી દીકરીની ઊંઘ ખરાબ છે. બપોરે ઊંઘતી નથી માટે બારણું રાખ્યું, તે હવે બારણાની ટેવ પડી. ઊંઘમાં બોલે છે; સ્વપ્નો બહુ આવે છે. મારા ધારવા પ્રમાણે આટલા નાના બાળકને સ્વપ્નો ન આવવાં જોઇએ."

બાળકને પૂરતી ઊંઘ મળે છે કે નહિ તે બરા-

બર તપાસતા રહેવાની જરૂર છે. કારણ કે એ તપાસને અભાવે ઘણાં બાળકોના જ્ઞાનતંતુઓને થાક લાગે છે. આ તપાસ ત્રણ વરસથી નહિ પણ બાળક જન્મે ત્યારથી જ રાખવાની જરૂર છે. બાળકને ગમે ત્યારે ને ગમે તે રીતે રમાડવું, ગદ્દગદીયાં કરીને હસાવવું વગેરેથી બાળકની માનસિક સમતોલતા (નર્વ્હસ બૅલન્સ) ખરી જાય છે, અને ઊંઘને અવ્યવસ્થિત કરે છે.

ઊંઘાડવાની બાબતમાં બીજી ત્રીજી ટેવો પાડવા કરતાં બાળકને એકાંતમાં શાંતિથી પડી રહેવા દેવું ને ઊંઘ આવે ત્યારે ઊંઘવા દેવું તે વધારે પસંદ કરવા જેવું છે. બાળકને હીંચકાવવું, તેડીને ફરવું, થાબડવું, ડોલાવવું વગેરે અનેક ટેવો માતાઓ જાણેઅજાણે બાળકને સુવાડી દેવા બહુ જ આરંભના દિવસોમાં પાડે છે, ને પછી તે તેમને ભારે થઇ પડે છે. કંઇક ઓછી નુકશાનકારક રીત બાળકના શરીર ઉપર આસ્તે આસ્તે હાથ ફેરવીને તેને શાંતિ આપવાની છે. પણ ઉત્તમ પક્ષ તો જાગૃત અવસ્થામાં લીધેલ આનંદ અને પૂરતા શ્રમને લીધે બાળક પોતાની મેળે સૂઇ જાય એ જ છે.

તમારા બાળકને પડી ગએલી ટેવમાંથી આસ્તે આસ્તે મુક્ત કરવું જોઇશે. ઘણા સખ્ત પ્રયત્ન કરશો તો કદાચ બાળક વધારે આગ્રહથી તેને વળગવા માગશે. એટલે જો હવે ટેવ પડી ગઇ છે તો ઓછામાં ઓછું નુકશાન થાય એવા રૂપમાં ફેરવી દેવી. જેમકે તે પારણામાં જ ભલે સુવે પણ જોરથી તેને હીંચકાવવું નહિ, તેમ ઊંઘી ગયા પછી આખો વખત હીંચકાવવું નહિ વગેરે.

પરંતુ આ ટેવ કાઢવાની ભાંજગડમાં તમારા બાળકની ઊંઘને બહુ તકલીફ આપવી નહિ. તે બાબતમાં વિશેષ જરૂર તો શાંતિની લાગે છે. એની સાથે વાતો કરીને તે ઉશકેરાય એવું ન રાખવું. રમતોમાં પણ ઉશ્કેરણીની રમતો ન રમે તે જોવું. વળી ખુલ્લી હવામાં શારીરિક કસરત પૂરતી મળે છે કે નહિ તે પણ જોવું. તેમજ તેને વચ્ચે વચ્ચે શાંતિથી હાથ પગ ઢીલા કરીને, આંખ બંધ કરીને પડી રહેવાની રમત બતાવવી. એકાદ બે કલાક દોડધામવાળી રમત ગમત ચાલે ને શેતરંજી ઉપર ચતી પડી રહે તો તેના મગજને ઘણી શાંતિ મળી રહેશે. આમ પડ્યાં પડ્યાં તે ઊંઘી જાય તો ભલે ઊંઘતી. તેનું માથું ને ગરમ રહેતું હોય તો શાંતિની રમત સાથે આંખ ને કપાળ ઉપર ઠંડા પાણીની પટ્ટી રાખીને પડી રહેવાનું બતાવી શકાય.

બાળકના દેખતાં તેની ઊંઘ સંબંધે તમને ચિંતા થાય છે તે બતાવશો નહિ. તેની ઓછી ઊંઘનું તેને જેટલું ઓછું ભાન થાય તેટલું સારૂં.

ત્રણ વરસ પછી બાળક બપોરે ન ઊંઘે ને રાત્રે વહેલું સુઇ એક સાથે ૧૧–૧૨ કલાકની ઊંઘ લે તો તેમાં કશું ખોટું નથી. સાંજે સાત વાગે સુઇ જાય ને સવારે સાતે ઉઠે; ને આખો દિવસ નાનાં મોટાં કામો, ઉઘોગો કે રમતમાં ગાળે તો વાંધો લેવા જેવું લાગતું નથી. ખરી રીતે બાળક શાંતિથી કામમાં બેસે છે તેમાં તેના જ્ઞાનતંતુને વિશ્રાંતિ જ મળે છે. જ્યારે તેને ગમતું કામ મળતું નથી ત્યારે તે અસ્વસ્થ હોય છે ને ત્યારે જ તે વધારે થાકે છે. જ્યા ઉંમરે બાળક વ્યક્તિગત કામ જ કરતું હોય છે, તેથી એકલું એકલું કાંઇ કર્યા કરે એ વધારે જરૂરનું છે.

સામાન્યતઃ બાળકોને જોઇતી શાંતિ ઘણાંખરાં ઘરોમાં નથી તેથી તેમના જ્ઞાનતંતુને થાક વધારે લાગે છે.

સ્વપ્નોનાં શાસ્ત્રનો મેં ખાસ અભ્યાસ કર્યો નથી પણ જે થોડું ઘણું વાંચ્યું છે તે ઉપરથી લાગે છે કે અમુક ઉંમરે બાળકને સ્વપ્નો ન જ આવવાં જોઇએ એમ માનવાની જરૂર નથી. સ્વપ્નો એ મગજની અસ્વસ્થ સ્થિતિનાં દ્યોતક લઇએ તો મગજની શાંતિ આપવાથી તે મટે. સ્વપ્નો ઘણી

વાર બાળકના જીવનની મુશ્કેલીઓ જણાવવામાં મદદ કરી શકે છે; તેમની અતૃપ્ત ઇચ્છાઓ તે દ્વારા પ્રગટ થાય છે. પણ તે તો તે શાસ્ત્રના ખાસ અભ્યાસીઓનું કામ છે.

આપણે તો સામાન્ય શાંતિ ને વિશ્રાંતિ આપવી. તેમજ બાળકનું એકંદર જીવન તંદુરસ્ત થાય, બાળક આનંદી ઉત્સાહી ને પ્રસન્ન રહે, તેને યોગ્ય પ્રવૃત્તિ મળી રહે અને તેને ખાસ અસંતોષ કે બીક વગેરે ન રહે એ બધું જોતાં રહીએ તો સ્વપ્નોથી બ્હીવાની જરૂર નથી. છો આવતાં.

(૨)

એક ભાઇ પૂછે છે:

"... ... જો હવે નિશાળનો સમય નક્કી કરવામાં ન આવે, સમયપત્રક ન હોય, પરીક્ષા જેવું કંઇ હોય નહિ અને અમુક મુદત સુધીમાં આટલું શીખવવું એમ ઠરાવેલું હોય નહિ તો શાળા કંઇ રીતે ચાલે? કેટલાએક વિદ્યાર્થીઓ જ્યારે ગણિતમાં મચ્યા રહે ત્યારે બીજા કેટલાએક વાર્તા વાંચતા હોય તો કોઇ ચિત્ર દોરતા હોય. એમાં સૌ ઉપર દેખરેખ રાખવાનું શી રીતે બને?

મોન્ટીસોરી શાળામાં ગાવી અંગવડને શી રીતે પહોંચી વળવામાં આવે છે?"

સ્વયંસ્ફુર્તિથી જાતે પસંદ કરેલાં કામોમાં મચ્યાં રહેલાં બાળકો ઉપર દેખરેખ રાખવાનું કામ ઘણું સહેલું છે, કારણ બાળકો કામમાં મચેલાં હોય ત્યારે દેખરેખ રાખવાપણું કે તેમનું ધ્યાન ખેંચવાપણું કે આપણે શીખવવા માગતાં હોઇએ તે વિષયમાં રસ લેતાં કરવાપણું વગેરે હોતું નથી. 'દેખરેખ' શબ્દ તો ભાઇનો લીધો છે. ખરી રીતે

આટલું નહિ કરો?

તમારાં પોતાનાં જ બાળકો માટે
શ્રીદક્ષિણામૂર્તિ બાલસાહિત્યમાળાવ સાવો
૮૦ પુસ્તકોના ટપાલ સાથે રૂપીઆ ૭

તો મોન્ટીસોરી શિક્ષકને બાળકોના કામમાં જરૂર હોય ત્યાં મદદરૂપ થવાપણું હોય છે. તેમાં કામોની વિવિધતા ઉલટી મદદરૂપ છે. વિધ વિધ શોખના બાળકોને એક વિષય ઉપર એકાગ્ર કરાવવાનું કામ જ ઘણું અઘરૂં છે કારણ અકુદરતી છે. અનુભવ લઇને ખાત્રી કરી જુઓ.

મોન્ટીસોરી શાળામાં નિશાળનો સમય તો નક્કી હોય જ છે. એટલું જ કે બાર વાગે ઘંટ થાય ને બાળકો બધાં બેસી ગયાં છે, ને પાંચે ઘંટ થાય ને બાળકો ઉપડી ગયાં છે એવું બનતું નથી. તેમજ સમયપત્રક નથી એટલે પણ સમયપત્રકની જડતા નથી. દરેક શાળામાં સામાન્ય સમયપત્રક તે તે શાળાની પરિસ્થિતિ વગેરે અનુસાર બની જ જાય છે; ને સમૂહગત કામ પૂરતું તો નક્કી સમય જરૂરનો છે જ. તેમાં કામની સરલતા હોઈ બાળકોના સ્વાતંત્ર્યનો ભંગ નથી પણ સન્માન છે.

અમુક મુદ્દતમાં અમુક અભ્યાસ થઇ જવો જોઇએ એ આપણે નક્કી કર્યે શા કામનું? દરેક બાળક પોતાની ઉત્તમ ગતિએ આગળ વધે છે કે નહિ તે જોવાનું કામ અઘરું છે. વધારે બુદ્ધિશાળી બીજાની ખાતર અટકી ન પડે કે ઓછા બુદ્ધિવાળાં બીજાની સાથે ઘસડાય નહિ પણ દરેક જણ પોતાને જોઇતો વખત શાંતિથી લઈ શકે ને આગળ વધે એ જરૂરનું છે

આ સંબંધમાં વધારે જાણવું હોય તો મોન્ટીસોરી પદ્ધતિ વાંચો, ડૉલ્ટન પ્લૅનની યોજના જુઓ ને આ પદ્ધતિએ ચાલતી શાળાઓ વખત મેળવીને જાતે જોઇ લ્યો એટલે શંકાનિરસન થશે. **તા.**

પત્રિકાના બીજા વર્ષના અંકો

ચાલુ ગ્રાહકોને
આઠ આનામાં જુનું પણ મળી શકશે.

નોંધ

ભાઇશ્રી ફરામરોજ ધનજીશા ધનભુરા પોતાની વિનોદયુક્ત શૈલીમાં મુબારકબાદી આપતાં લખે છે: "બોટી ખુશામત કરવાની ઘણી સુગ છે. અને તમે મને કાજી કહો તો હું તમોને હાજી કહું એવી સીફારસથી સો કોસ દૂર દોહું છું..... .....Westward look. The sun is bright. તેમ આજનાં નહિ તો આવતી કાલનાં માબાપો જરૂર જ તમોને આશીર્વાદ દેશે."

ભાઇનું આશ્વાસન ઉમંગ આપે એવું છે. સાચે જ ઘણી વાર હિંદજનતાના મૂહાસાગર તરફ નજર કરીએ, કરોડો માતપિતા ને તેમનાં બાળકો વિષે વિચાર કરીએ, ત્યારે લાગી આવે છે કે આ આપણે ઉપાડેલું કામ તો અસાધ્ય જ છે. એક ખૂણામાં બેસીને મહિને સોળ પાનાં લખી કાઢીએ ને મુઠી જેટલા લોક તે વાંચે ને વખતે સારૂં લખ્યું છે એમ કહે એમાં શું વળે? આવા મુંઝવણવાળા વિચારોથી નિરાશ થઇએ ત્યારે ભાઇએ આપેલું વાક્ય ને આશીષ આશા આપે છે. તે માટે એ ભાઇનો અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ

તંત્રીઓ

જાગીએ

મોન્ટીસોરી સંમેલન

મોન્ટીસોરી સંમેલન એક વાર ભરાયું હતું. આ તો ભૂતકાળ થઇ ગયો. પણ ભવિષ્ય શું બોલે છે? મોન્ટીસોરી સંમેલન ભરાશે? ક્યારે ભરાશે?

હવે તો મોન્ટીસોરી સંઘ જેવો સંઘ છે. સંઘના કેટલાયે સભાસદો છે ને ૪૦ જેટલા તો આજીવનસભ્યો છે. એક-એક આજીવન-સભ્યની ગુંજાસ સંઘને પોતાને આંગણે તોતરવા જેટલી છે; એક એક ગામના સંઘીઓ ધારે તો પોતાને પાદર સંઘને બોલાવી શકે. પણ એમાં પહેલો પડકારો કોણ પાડશે? પહેલાં-તોતરાં કયા ગામનાં ઉતરશે?

અને સંઘ ભરાયે એટલે આપણે સૌ ભેળા થઇએ. બાલશિક્ષણને આગળ કેમ વધારવું સુધારવું તેના વિચાર કરીએ ને તેના અમલની રેખા દોરીએ.

ગૂજરાત ઉપર બાલશિક્ષણનો સૂર્ય ચડતો જાય છે. બાલશાળાઓ વધવા માંડી છે; બાલશિક્ષણનો અભ્યાસ શરૂ થઇ ગયો છે; બાલસાહિત્ય ખીલવા માંડયું છે; માબાપો અને શિક્ષકો, રાજકર્તાઓ અને સમાજસેવકો આજે બાલજીવન અને બાલશિક્ષણ તરફ વળી રહેતા જોવામાં આવે છે.

આ વખતે જ મોન્ટીસોરી સંમેલનની યોગ્ય જરૂર છે.

આલો, સંઘીઓ—ભાઇઓ અને બહેનો—જાગીએ અને મોન્ટીસોરી સંમેલનની તૈયારી કરીએ.

મંત્રીઓ રાહ જુએ છે કે કોનું નોતરૂં આવી પડે છે.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

REG. NO. B 2241

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૫

અંક ૧૨ મો
પોષ

: તંત્રી :
ગિજુભાઈ
તારાબેન

એક પગલું મૂકી બીજું પગલું ઉપાડવું જ જોઈએ. એક કાર્ય કરી બીજું કાર્ય હાથ ધરવું જ જોઈએ. એક સંકેળતા મેળવી બીજી માટે કેડ બાંધવી જ જોઈએ. એક સારું કાર્ય કર્યું એટલે બીજા કાર્યને આરંભવું જ જોઈએ.

આપણે ઉભા રહેવાનું નથી. ઉભા રહી શકીએ જ નહિ. પ્રગતિ એટલે આગળ ધપો. ઉત્સાહથી, શ્રદ્ધાથી, ઉદ્દેશથી આગળ ધપો. પરસ્પરના સહકારથી બળ કેળવી આગળ ધપો. પગલાં પગલાં માંડયે જ જાઓ. કામ પછી કામ કર્યે જ જાઓ. એ જ મનુષ્ય જાતિની ઉન્નતિનો સચ્ચિમાં રસ્તો છે. તે ઉપર જ ચાલીને આપણે અહીં સુધી આવ્યા છીએ. ચાલો પાછા આગળ ઉપડીએ.

આપણે કેટલા વધ્યા

આપણે સૌ એક જ સંઘના સભ્યો બની પરસ્પરનાં મિત્રો બન્યાં છીએ. આ આપણો સંઘ દિવસે દિવસે બળવાન થતો જાય છે. અત્યારે આપણે ૩૨૦૦ જેટલાં છીએ. આપણા આજીવનસભ્યો ૪૦ જેટલા છે. ત્રણ વર્ષમાં આપણી મંડળી ઠીક જામી છે. હવે ચોથું વર્ષ બેસશે. આ ચોથું વર્ષ આપણે વધારે બળવાન કરીએ. આપણે આપણી મંડળી વધારીએ. આપણે આપણી કાર્યશક્તિ તેજસ્વી કરીએ. આપણે આપણી પ્રવૃત્તિમાં ઉમેરો કરીએ. આ બધું આપ સૌ સાથે છો તેથી થાય છે ને તેથી કરવાની હોંશ વધે છે. આવતા વર્ષમાં આપ સાથે જ રહેજો એટલું જ નહિ પણ દરેક ભાઇ બહેન એક એક નવા જણને ખેંચી લાવજો. અમે આપનો સહકાર માગીએ છીએ. જેટલા આપણે વધશું તેટલો આપણી અલ્પ સેવાનો કાર્યપ્રદેશ વધશે; તેટલો આપણી પોતાની ઉન્નતિમાં વધારો થશે.

આપણે લીધેલા કાર્યને પાર પાડવા આપણાથી બનતું અવશ્ય કરીએ જ.

મૈત્રી

મિત્ર હતો.

મને કહેતોઃ " મને તારામાં બહુ રસ છે; મને તારા માટે લાગી આવે છે; હું તારું કલ્યાણ ઇચ્છું છું; તને કેમ છે ? "

મેં કહ્યું: " મજા છે; આનંદ છે. લખું છું, વાંચું છું, ચિત્રું છું, ગાઉં છું, રમું છું કૂદું છું. તમે મારું કામ જોવા આવશો ? મારી સાથે કામ કરવા ચાલશો ? મારી સાથે રમતમાં જોડાશો ? "

મિત્ર કહેઃ " મને તારા કામમાં રસ નથી; મને તારી રમતમાં રસ નથી; મને તારા નાચવા કૂદવામાં રસ નથી. મને તારામાં રસ છે; મને તારા માટે લાગી આવે છે; હું તારું કલ્યાણ ઇચ્છું છું. તું સુખી હો ને ? "

મિત્રનું વચન સાંભળી હું દુઃખી થયો, નિરાશ થયો; મુંઝવણમાં પડ્યો. મિત્રને મારામાં રસ છે પણ મારો એના તરફનો રસ ઉડી ગયો. મિત્રને મારા માટે લાગી આવે છે પણ મારી તેના તરફની લાગણી સૂકાઇ ગઇ. પણ મિત્ર મારું કલ્યાણ ચિંતે છે માટે મારે કૃતજ્ઞ રહેવું જોઇએ. હું તેનો ઉપકાર માનું છું.

* * *

મિત્ર હતો.

મને કહેતોઃ " ક્યાં છે તારું ચિત્ર ? મને તું નહિ બતાવ ? "

મારું મન હર્ષથી ઉભરાતું ને ચિત્ર લેવા હું દોડતો.

મિત્ર કહેઃ " આજે એકલો એકલો ક્યાં ગયો હતો ? મને તારી સાથે બોર ખાવા કેમ ન લઇ ગયો ? "

મેં કહ્યું: " લ્યો તમને બોરનો ભાગ આપું.

ચરણે

જે પરમ કૃપાળુ પરમાત્માની કૃપાથી આ કામ ચાલી રહ્યું છે અને જેની અમીદૃષ્ટિથી એ વિકસી રહ્યું છે તેને આજે પત્રિકાના ત્રીજા વર્ષના અંતમાં અમારાં મસ્તકો નમે છે.

તે જ દયાળુની અમે દયા માગી યાચીએ છીએ કે તું અમને ચોથું વર્ષ વધારે બળવાન, વધારે ગતિમાન, વધારે યશસ્વી અને વધારે સેવા-ભાવી આપજે. ૐ

ને હવેથી કોઇ દિવસ તમારા વગર નહિ જ જાઉં.”

મિત્ર કહે: “એકલો એકલો વાંચે છે કે? આવને આપણે સામસામા વાંચીએ?”

અમે વાંચ્યું. મિત્રે મને બહુ સરસ વાંચી બતાવ્યું. મેં તેને વાંચી બતાવ્યું. મને થયું એને ભેટી પડું! મને મિત્ર બહુ જ ગમ્યો.

મિત્ર કહે: “શું રમો છો? માટલીદાવ કે? હું રમવા આવું? મને રમાડશો?”

અમે સાથે રમ્યા. ખૂબખૂબ રમ્યા. નાચ્યા ને કૂદ્યા, હસ્યા ને કૂદ્યા. રાત્રે મને મિત્રનાં જ સ્વપ્નાં આવ્યાં. સવારે ઉઠતાં જ મને મિત્ર સાંભર્યો. હું દોડીને એને મળવા ગયો.

મિત્ર કહે: “તારું માથું મારા ખોળામાં મૂક. બહુ દુખે છે? દબાવું?”

મને તાવ ભરાયો હતો. માથું ખૂબ દુખતું હતું. મિત્ર મારી પાસે બેઠો. માથું ખોળામાં લીધું. હું તો એના ખોળામાં ઊંઘી જ ગયો.

સાજો થયો. મિત્રને મળવા ગયો. હૈયું હેતથી ઉભરાઇ ગયું. હું એને ભેટી પડ્યો. એણે મને પંપાળ્યો. હું હર્ષથી રોઇ પડ્યો. મારો મિત્ર મને બહુ વહાલો લાગે છે.

એ મને કદિ કહેતો નથી કે એને મારામાં રસ છે. હું એનો કદિ ઉપકાર માનતો નથી; પણ હું એને કદિ ભૂલતો નથી.

એ મારો છે; હું એનો છું
અમે બે મિત્રો છીએ. **તા.**

* * *

નોંધ: આ ઉપરથી જોઇ શકશું કે બાળકો શું માગે છે: આપણી શાબ્દિક મૈત્રી કે જીવંત પ્રાણ-પ્રેરક સક્રિય મૈત્રી? આપણે બાળકના કેવા મિત્ર થઇશું? કેવા હઇશું તો અને રહીશું તો આપણે તેમની સાચી મૈત્રી સાધી તેમનું અને આપણું ખરું કલ્યાણ કરીશું?

સૂરજનો તડકો

સુધરેલાં મનાતાં માબાપોએ ખાસ ધ્યાન ઉપર લેવા જેવી વાત છે કે આપણે આપણાં બાળકોનાં શરીરોને સૂરજના તડકાનો જરાએ સ્પર્શ થવા દેતાં નથી. પણ તેમ કરવામાં

સૂરજ આપા બાળકોના હિતાર્થે જે ચારે તરફ મફત કૉડલિવ્હર ઓઇલ પાથરે છે તેનાથી આપણે આપણાં બાળકોને દૂર રાખીએ છીએ, ને પછી બાળકો રિકેટી—નબળાં હાડકાં-વાળાં થાય ત્યારે ડૉક્ટરની સલાહથી તેને ચાર ચાર રૂપીઆની બાટલી લઇને માછલીનું તેલ પાઇએ છીએ. આપણો દેશ જ્યાં ઇશ્વરની મહેર છે કે આપણે ત્યાં સૂરજનો તડકો, કોમળ કિરણો, સ્વચ્છ પ્રકાશ વગેરે લખલૂટ છે, ત્યાં આપણે અત્યંત ઠંડા મુલકમાં રહેનારનું અનુ-કરણ કરીને સાત સાત કલાક ઊન મોજાં પહેરાવી રાખીએ, છાતી ઉપર બારે માસ ફ્લેન-લની બંડીઓ પહેરાવીએ, ચડ્ડી ચોરણી વગેરેને બાસ પ્રયોજન ઉપરાંત એક ક્ષણે બસવા ન દઇએ વગેરે બધું હાસ્યાસ્પદ છે. આપણે એટલો ફેરફાર તો તુરત કરી લઇએ કે સવાર સાંજના કોમળ તડકામાં આપણાં બાળકોને વસ્ત્રહીન કરી છૂટથી રમવા દઇએ, બેસવા દઇએ; બાદ કરીને તેમના પેટ ઉપર તો તડકો જરૂર આવવા દઇએ. ઘોડીયામાં હીંચકતા નાનામાં નાના બાળકને પણ સૂર્ય ભગવાનના બાલ સ્વરૂપનું દર્શન સુખેથી કરવા દઇએ. આપણી સામાજીક સભ્યતાના વિચારો તેમ કરવામાં જરાએ આડા આવવાની જરૂર નથી. અને આવે જ તો તેને માટે રસ્તો કાઢીને પણ બાળકોને સૂર્યકિરણો મળવાનો ઉપાય શોધી કાઢીએ. પણ કોઇ પણ કારણે તેમને તેનાથી વંચિત તો ન જ રાખીએ.

આપણે હજારો રૂપીઆ ખર્ચીએ છીએ છતાં આપણાં બાળકો માંદાં ને અશક્ત રહે છે અને ગરીબ કોળી લોકોનાં બાળકો તંદુરસ્ત હોય છે એ હકીકતમાં શોધ કરવા જેવું છે. ને જરા ઝીણી નજરથી જોશું તો એમાં ઘણાં તંદુરસ્ત તત્ત્વો દેખાઇ આવશે કે જે એ લોકો કુદરતી રીતે રહેતાં હોવાથી તેમના ઉછેરમાં હાજર છે ને આપણા બાળઉછેરમાંથી જેમણે રજા લઇ લીધી છે.

આ તત્ત્વો પૈકી તેમનાં માબાપોને અને તેમને પોતાને સૂરજનો તડકો મળે છે એ એક અગત્યનું તત્ત્વ છે.

તેનો ઉપાય તરત જ લઇએ. તા.

પોપટનાં ..... બે ..... બચ્ચાં

જૂની પોપટનાં બચ્ચાંની વાર્તા સૌ જાણે છે. એક વાચરી હતો. તેણે બે પોપટનાં બચ્ચાં પકડ્યાં. એકને એક બાનદાન અમીરને ત્યાં વેચ્યું અને બીજાને એક રેઢીયાળ મવાલીને ત્યાં વેચ્યું. બન્ને બચ્ચાં એક જ માળામાંથી એક જ માબાપનાં હતાં.

જે બચ્ચું બાનદાન અમીરને ત્યાં હતું તેને ત્યાં તો સારા સારા માણસો આવે; તેમને સારા અને મીઠા આવકારના બોલ બોલાય; વિવેકથી બેસારાય. આથી આવોજી, બેસોજી, જળપાન લેશોજી, તસ્દી માફ કરશોજી વગેરે વિનય વિવેકના બોલ તે બોલતાં શીખ્યું હવે પેલા મવાલીને ત્યાં વેચાએલા બચ્ચાને તો બરાબ બોલ અને હલકી ગાળાગાળી સાંભળવાનું અને મારામારી જોવાનું મળ્યું. આથી તે બચ્ચું મારો સાલાને, આવો લુચ્ચો છે, હરામજાદો વગેરે બોલ બોલતાં શીખ્યું.

વાતનો સાર એ છે કે જેવી સોબતમાં

બચ્ચાંને મૂકયાં તેવી તેમના પર છાપ પડી.

બીજમાં ઝાડ ઉત્તમ પ્રકારનું હોય છે છતાં તેને વિરોધી અને બેરાબ આબોહવા મળે છે તો તેનો વિકાસ યોગ્ય થતો નથી પણ ઉલટું તેનામાં વિકાર થાય છે, ને તેના ફળ બગડે છે. કાં તો કાચાં જ રહે છે, કાં તો પાકે છે તો મીઠાં થતાં નથી, કાં તો મીઠાં થાય છે તો દુવા પડી ઇયળો પડે છે. કાંઇ ને કાંઇ આબોહવાનો ને વાતાવરણનો દોષ આવે જ છે. એમ જ માણસનાં બાળકો પરત્વે છે. બીજ સારું હોય છતાં તેને બરાબ વાતાવરણ મળે તો તે બગડવાનો પૂરો સંભવ છે. વાતાવરણ એટલે મૂળ બીજને ઉગવા બીલવાનું સાધન. આ સાધન જો બરાબ હોય તો બીજ બરાબ પાક આપે. આ સાધન સારું હોય તો બીજને વિકસવાને અવકાશ છે.

એક જ રૂપીઆની વિસાત

ચોથું વર્ષ ફાગણ માસથી શરૂ થશે. આપ ચોથા વર્ષના ગ્રાહક તરીકે ચાલુ રહેશો જ.

એમાં માત્ર એક જ રૂપીઆની વિસાત છે.

એક રૂપીઆમાં આપ મોન્ટીસોરી સોસાઇટીના સભ્ય છો.

એક રૂપીઆમાં આપ પત્રિકા મેળવો છો.

એક રૂપીઆમાં આપ અમારા કાર્યને મદદ આપો છો.

એક એક રૂપીઓ ભેગો થઇ જે કામ થઇ રહ્યું છે તેનો જશ અને પૂણ્ય આપને છે.

ચોથા વર્ષના ગ્રાહક તરીકે **ચાલુ રહેવા આપ આજે જ લખી નાખશો.**

મા અને બાપ મુખ્ય વાતાવરણ છે. ઘર અને ઘરનાં, આડોશી અને પાડોશી, સગાં અને વહાલાં, શાળાના શિક્ષકો અને નિશાળીઆઓ આ બધાં વાતાવરણ છે. આ બધાંનો બાળકેળવણીમાં વિચાર કરવાનો છે. પણ આપણે વારંવાર વાતાવરણનું મહત્ત્વ ભૂલી જઇએ છીએ.

ઘર બાંધીને આપણે સમાજમાં રહેવા છતાં સુરક્ષિતતા, એકાન્ત અને વાતાવરણનું સ્વામિત્વ અને ચોકખાઈ મેળવ્યાં છે. શાળા બાંધીને આપણે સમાજના વાતાવરણની બદીમાંથી નવાં બાળકોને છોડવવાનું સ્થાન ઉભું કર્યું છે. ઉત્તમ ક્રીડાંગણો બાંધીને આપણે ઘર અને શાળા સિવાયનું એક વધારે સ્થળ ઉભું કરવાનું છે અને ત્યાં ઘર અને શાળાના તંદુરસ્ત વાતાવરણનો સંગમ કરવાનો છે. માટે પ્રથમ ઘરમાંથી જેમ કચરો કુચરો કાઢયા કરીએ છીએ તેમ બાળકોના હિતને ખાતર સમગ્ર વાતાવરણને ચોકખું રાખ્યે જવાનું છે. ઘરે ઘર જ રહેવું. ઘરમાં ગૃહનું સુખી, શાન્ત, વ્યવસ્થિત અને વિકાસપ્રેરક વાતાવરણ ઉભું કરવું; ઘરને દુકાન, ઑફીસ, ધર્મશાળા, પાંજરાપોળ, મહેમાનોનો અખાડો કે નિશાળ ન બનાવી શકાય. એમ જ શાળાએ ઉત્તમ સંસ્કાર પાડે તેવું વાતાવરણ રાખવું. વિરોધી વાતાવરણ પેદા કરે તેવા શિક્ષકો અને બાળકોને દૂર કરી તેનો ઉપાય જુદો કરવો અને શાળાએ બને તેટલી ઘરના વાતાવરણની સરણીએ ચાલી શાળામાં બને તેટલું ઉંચું ઘર વસાવવું. ક્રીડાંગણ આ બે વચ્ચેનો પૂલ થાય. ગિ.

શું અમે શીખવીએ છીએ ?

ઘણાં માબાપોને એમ કહેતાં સાંભળીએ છીએ કે "છોકરાંઓ જે બધું કરે છે તે શું અમે શીખવાડીએ છીએ ? આ હરિયો ખોટું ખોટું બોલે છે તે શું અમે શીખવાડયું કે ખોટું બોલજે ? આ મણકી ઘરમાંથી ચોરી કરે છે તે શું અમે શીખવાડયું કે ચોરી કરજે ?"

મને તો એમ જ કહેવાનું મન થઇ જાય છે કે હા, તમે જ શીખવ્યું. મણીને ચોરી કરવાની ખબર જ નથી. એને તો જે વસ્તુ પોતાને મળે તે બીજાને આપવી છે. તેની આ સદ્‌વૃત્તિને તમે રોકો એટલે એ વસ્તુ એને છાનીમાની લઇને આપવી પડે છે. તમે જ કહોને, તે દિવસે મણીએ વાડામાંથી ઉતરી શીંકેથી રોટલી છાનામાના લીધી. તે શું ચોરી હતી ? ના, એણે તો તરતમાં વીઆણેલી કૂતરીને ભૂખી ટળવળતી જોઇ હતી, અને એને ખવરાવવું હતું. તેની આ સદ્‌વૃત્તિને તમે પોષણ ન આપો તો પછી એને એમ લેવું પડે એમાં નવાઇ નથી. પરંતુ તેની આવી લાગણીભરી વૃત્તિને તમે જ પોષણ આપતાં હો, ગમે તે વસ્તુ તમારી શક્તિના પ્રમાણમાં દેવા લેવાની તમે છૂટ આપતાં હો, તો પછી મણી એમ કરશે જ નહિ.

હરિભાઇનું પણ એમ જ સમજી લ્યો. હરિભાઇ નિશાળેથી આવે. બાપુને કહે, બાપુ પી આપોને. બાપુ કહેશે, તારા માસ્તરને કહેજે કે મારા બાપુ ઘેર નથી. કોઇ કાંઇ વસ્તુ લેવા આવે. હરિભાઇ કહેશેઃ "બા, આ બબલી ચા લેવા આવી છે; આપને ?" બા કહેશેઃ "કહે કે ચા થઇ રહી છે." જ્યારે ચાનો તો ડબ્બો ભર્યો હોય.

આમ સીધી રીતે નહિ તો આડકતરી રીતે તમે તેને ખોટું બોલતાં શીખવો છો. હરિભાઇ જાણે છે કે બાપુ ઘરમાં એવા કહેવરાવે છે કે "કહેજે તારા માસ્તરને કે મારા બાપુ ઘેર નથી." હરિભાઇ જાણે છે ચાનો ડબ્બો ભર્યો છે છતાં બા કહે છે કે બબલીને કહે કે "ચા થઇ રહી છે."

અને પછી એ પણ ખોટું બોલે છે.

મોંઘીબેન

બાળક રીસાય ત્યારે શું કરવું

૧. ધ્યાન ન આપવું.

૨. બાળક રીસાણું છે એમ પોતે કે બીજા કોઇએ ન કહેવું.

૩. એની રીસથી રીસાવું નહિ કે બીવું નહિ.

૪. એની રીસથી ગમ્મત પામી હસવું નહિ.

૫. રીસાઇને એક કોર બેઠું હોય ત્યાં સુધી વાંધો લેવો નહિ.

૬. રીસાઇને આપણા કામકાજમાં વચ્ચે આવે કે બીજી ભાંગફોડ ધમપછાડ વગેરે કરવા લાગે તો આઘે મૂકી આવવું ને શાંતિથી કહેવું કે "મારી સાથે સીધી રીતે વાત કરવી હોય ત્યારે આવજે; ત્યાં સુધી અહીં બેસ." અવાજમાં ક્રોધ કે બીક નહિ પણ દૃઢતા હોવી જોઇએ જ. પોચું પોચું કહીએ તો બાળક માનવાનું નથી.

૭. એક વાર પ્રસંગ ઉભો થયા પછી ઠેઠ સુધી લઇ જવું જોઇએ. પણ અનતાં સુધી બાળક ને આપણે સામસામાં થઇને એનું ધાર્યું થાય કે આપણું થાય તે નક્કી કરવા જેવા પ્રસંગો જ ન આવવા દેવા. યોગ્ય વખતે જરા ધ્યાન રાખીએ તો એમાંથી બચી શકીએ.

૮. જરા તરામાં 'તો કાંઇ નહિ' કરીને રીસાઇને બેસવાની ટેવ પડી હોય એવા બાળકને એ ટેવમાંથી મુક્ત કરવા માટે દઢતાથી ધ્યાન ન આપવાનો ઉપચાર સારો છે. બાળક રીસાય એટલે તેની સાથે કોઇ બોલે નહિ, તેની સામે કોઇ જુએ નહિ, તેને કોઇ ખાવા બોલાવે નહિ, કોઇ મનાવે નહિ, પૂછપરછ કરે નહિ, વઢે નહિ, ટીકા કરે નહિ, ખીજવે નહિ; બધા વ્યવહાર જ બંધ કરવામાં આવે તો આવા એકાદ અનુભવથી બાળક રીસાવાનું છોડી દે છે. **તા.**

કજીયો પત્યો

નાની શારદા બહુજ કજીયાળી ગણાતી. એક વાર એનો કજીયો શરૂ થાય કે કલાક બે કલાક સુધી ચાલ્યા જ કરે. અને ચાલે ત્યારે ઘરનાં માણસોને ત્રાસ ત્રાસ થઇ જાય. કારણ મોટો ધાંટો કાઢીને હાથ પગ પછાડીને એ બૂમો પાડતી રડે.

આજ દિવસ સુધી તો રુદ્રરૂપ ધારણ કરી ચૌદમા રત્નના અમલથી એનો કજીયો પતાવવામાં આવતો. તાત્કાલિક પરિણામ સારૂં આવતું પણ સામાન્ય અનુભવ એ હતો કે દિવસે દિવસે શારદા વધારે કજીયાળી થતી જતી હતી ને સાથે સાથે જોને તેને મારી દેવાની ટેવ પણ એનામાં પડવા લાગી હતી. તેથી આડોશ પાડોશના કજીયાઓ ખૂબ આવવા લાગ્યા હતા.

એક દિવસ શારદા ખૂબ કજીયે ચડેલી. તે વખતે તેની ફઇ તેમને ત્યાં મહેમાન આવેલાં. ફઇબા બાળઉછેરમાં કાંઇક નોખા જ વિચાર ધરાવતાં. હમેશ ભાભીને કહેતાં કે છોકરાંને મારવું નહિ, પણ સમજાવવું.

આજે બરાબર લાગ જોઇને શારદાની બા એ તેમને કીધું: "કહો છો ને મારવું નહિ? આ તમારી ભત્રીજીનો કજીયો પતાવો હવે માર્યા વગર. એનું રડવું સાંભળી સાંભળી કાન ફુટી જાય છે."

ફઇએ વિચારી જોયું. રસોડામાં જઈ આમ તેમ જોયું ત્યાં રાતની પડેલી રોટલી દેખાણી.. એક છાલીયામાં મૂકી બહાર આવ્યાં. જાણે કે શારદા રડતી જ નથી, જાણે કે કાંઇ કજીયો છે જ નહિ, એવી રીતે તેમણે શારદાને બોલાવીને કહ્યું: "શારદા, જા જોઇએ. પણે કૂતરી વીયાણી છે તેને આ રોટલી ખવરાવી આવ."

શારદાને બહુ જ ગમતું કામ ફઇબાએ કહેલું. જેને માટે જ શારદાને ઘણી વાર કજીયો કરવો પડતો તે રોટલી મેળવવાનું કામ તો સહેજે થઇ ગએલું ને તેની લાડકી મોતીને ખવડાવવાનું કામ તેને માનપૂર્વક સોંપવામાં આવેલું! ઘડીક તો શારદા રડવાનું ભૂલી જ ગઇ. છાલીયું લઇ ઝટ મોતી તરફ દોડી. ખવરાવીને જ્યારે પાછી આવી ત્યારે તેને રડવાનું સાંભર્યું. એટલે ઓશરીમાં છાલીયું પછાડીને ફરીથી રડવા લાગી. તેને લાગતું હતું કે છાલીયું પછાડ્યું તેથી હમણાં કોઇક વઢશે, કદાચ મારવાયે આવશે પણ કાંઇયે બન્યું નહિ તેથી તેને રડવું નિઃસ્વાદ લાગ્યું. ફરીથી છાલીયું ફેંકવા જતી હતી ત્યાં ફઇબા બહાર આવ્યાં.

"કેમ રોટલી ખવરાવી કે મોતીને? જા હવે છાલીયું ઉટકીને નળે ધોઇ આવ. રાખ દઉં કે તારી મેળાએ લઇશ?"

શારદા આગળ એટલાં આકર્ષક કામો આવી

પડ્યાં હતાં કે ફરીથી તેનું રડવાનું તે ભૂલી ગઇ ને સામે પડેલા રાખના ઢગલા તરફ દોડી. અંદર તેનાં બાનું મન કચું નીચું થતું હતું. "અરે એ તો ધાધરી બગાડશે ને બધું પલાળી દેશે. એવું કામ એને નહિ સોંપતાં. એ કાંઈ સીધી છે કરી છે? કાંઇ ને કાંઇ કરી બેસશે." વગેરે તે બબડતાં જ હતા. નણંદે તેમને શાંત રાખ્યાં: "તમે કજીયો પતાવવાનું મને સોંપ્યું છે ત્યારે હવે તમારાથી વચ્ચે ન પડાય. છાનાંમાનાં જુઓ તો ખરાં."

શારદા અર્ધાએક કલાક પછી સાફ કરેલું છાલીયું ને પલાળેલી ધાધરી હાથમાં લઇ આવી. આવીને ઓશરીમાં લડત માટે તૈયાર થઇને ઉભી રહી. એ માનતી હતી કે હમણાંને કાં તો માર પડશે, કાં તો ગાળો પડશે કે ધાધરી કેમ પલાળી? પાણી કેમ ચુથ્યું વગેરે.

ફઇબા રસોડામાંથી જ બોલ્યાં: "શારદા, પેલું છાલીયું અહીં વાસણ સાથે મૂકી દે ને તારી ધાધરી દોરી ઉપર સુકવી દે. આવડશે કે તને? હાથ ન પહોંચતો હોય તો ખુરશી લેજે."

શારદાને ખુરસી ઉપર ચડીને દોરી ઉપર બંને ધાધરી સુકવવાનો વિચાર ચોટલે ગમ્યો કે તે લડતની વાત ત્રીજી વાર ભૂલી ગઇ. સુકવવામાં એનો ઘણો વખત ગયો. સુકવતાં સુકવતાં ધાધરી બે ત્રણ વાર નીચે પડી તેની બા ગરજવાની તૈયારીમાં હતાં. પણ તેની ફઇએ વાર્યાં. શારદાની દૃષ્ટિએ ધાધરી બહુ જ સરસ ધોવાણી ને સુકવાણી હતી. એની બાની દૃષ્ટિએ ધાધરીના બાર વાગી ગયા હતા.

ફઇબા શારદા માટે પહેરવાનાં બીજાં કપડાં લઇને આવ્યાં. શારદા તેમને બહુ જ વહાલથી ભેટી પડી. ભેટવામાં બંનેે કૃતજ્ઞતા ન હોય! ફઇબા પાસેથી કપડાં પહેરી લીધાં ને રમવા ગઇ. બે કલાક કજીયો ચાલવાને બદલે બે કલાક સુધી કજીયો મટવાનું કામ ચાલ્યું કહીએ તો ચાલે. પણ તે બે કલાકમાં શારદાને બંનેે એક સાચો મિત્ર મળ્યો. તેની ફઇબાને શારદાની કાર્યશક્તિનો નમૂનો દેખાયો. તેની બા આ બનાવમાંથી કાંઇ શીખી કે નહિ કોણ જાણે! ફઇબા હતાં ત્યાં સુધી શારદાનો કજીયો પતી ગએલો જ હતો. **તા.**

કેટલું કઢંગું

રમણ: "બાપુજી, પેલો કાછીયો તમારી સાથે લડતો હતો શું કામ?'

બાપુજી: "કયાં લડતો હતો?"

રમણ: "અરે, એ તો કેટલો જોરજોરથી રાડો પાડતો હતો. અને તમારી દાઢીયે પકડતો હતો. એ તમારી દાઢીને અડ્યો ત્યારે મને એવો ગુસ્સો આવ્યો હતો કે એક લપડાક મારી દઉં એમ થતું હતું."

બાપુજી: "અરે ગાંડા. ઠીક થયું લપડાક બપડાક ન મારી તે. એ તો આપણો જૂનો કાછીયો. હું હમેશ એને ત્યાંથી જ શાક લઉં છું."

રમણ: "ત્યારે તમે એને વઢતા હતા શું કામ? ને એ પણ સામેથી વઢતો હતો. કેટલાયે લોકો તમારી લડવાડ સાંભળવા ભેગા થયા હતા. હું જરાક મોટો હોત તો કાછીયાને હાનો બેસાડી દેત."

બાપુજી: "તું આજે પહેલવહેલો જ મારી સાથે આવ્યો બરોને, એટલે તને બબર જ નથી શાક કેમ લેવાય તે. હવે આજે જોયું છે ને! તે ધ્યાનમાં રાખજે."

રમણ: "પણ આપા શાક લેતાં બાઝવું જોઇએ?"

બાપુ: "અરે મૂરખ, બાઝણ બાઝણ શું કર્યા કરે છે! કોણ કહે છે બાઝતા હતા."

રમણઃ " પણ તમે કહેતા હતા કે એ પૈસા હોય તો જ રીંગણાં લેવાં છે ને પેલો કહેતો હતો કે એ આનાની નીચે હોય જ નહિ. એમાંથી શરૂ થયું. તમે બીજી દુકાને જવા લાગ્યા ને એ તમને ખેંચવા લાગ્યો. ને આખરે રીંગણાં લીધાં ત્યાં સુધી કેટલુંયે ચાલ્યું. મને જ શું પણ બધાંને બાઝાબાઝી લાગી હશે, કેમકે કેટલાય છોકરા જોવા ઉભા હતા."

બાપુઃ " અરે એ તો ભાવ કર્યો કહેવાય. એ એ આને કહે એટલે કાંઇ ભોટ જેમ એ આને લેવાય ? મેં કેવી હુશિયારી કરી ! એણે એ આનેથી શરૂ કર્યું તો મેં એ પૈસાથી શરૂ કર્યું. ને હું નીકળી જતો હતો એ તો ખોટું ખોટું; એને જરા તાણવા."

રમણઃ " પણ બાપા તમે એ પૈસાના ત્રણ કર્યા ત્યારે એણે પાંચ પૈસા કહ્યા. ને આખરે તમે કહો ચાર પૈસા ને એ કહે સાડા ચાર પૈસા. એમાં જ કેટલો વખત ગયો.

બાપુઃ " પણ વખત કાઢયા વગર કાંઇ માલ લેવાય છે ? માલ સારો ને સસ્તો લાવવામાં જ હુશિયારી છે ને ? નહિ તો પેલો આવ્યો હતો લક્ષ્મુભાઇ. તેં જોયું ને ? એને કાંઇ આવડે છે ? કૉલેજમાં ભણી આવ્યો શા કામનો ?"

રમણઃ " પણ બાપા, એ તો એક મિનિટમાં શાક લઇને ચાલતા થયા હો."

બાપુઃ " પણ પૈસાની જગ્યાએ એ પૈસા આપીને ચાલતો થાય એ શા કામનું ? જો મેં સાડા ચાર પૈસે રીંગણાં લીધાં ને એણે આઠ પૈસા આપ્યા; એ ને એ જ રીંગણાંના. એમ એક ભાવ બોલ કહીને કાંઇ કાછીયા માને ?"

રમણઃ " પણ બાપુ મને તો લક્ષ્મુભાઇનું જ ગમ્યું. ઝટપટ આવ્યા; રીંગણાં જોખાવ્યાં; એક ભાવ કહેવાનું કીધું ને લઇને ગયા."

બાપુઃ " મૂરખ છો મૂરખ. એવું નહિ શીખતો. તને હવે રોજ લઇ જઇશ મારી સાથે. એટલે શાકભાજી લેતાં આવડે."

રમણઃ " પણ કાછીયા જ એક ભાવ નો ખરો જ ભાવ રાખતા હોય તો ? બિચારા લક્ષ્મુભાઇને છેતર્યા ને ?"

બાપુઃ " એમ ન બને. "

[૨]

ગાડી છૂટવાનો વખત થયો હતો. ત્યાં પાસેના બારણા પાસે મોટી લડાઇ જામેલી. પાંચ સાત જણાં એક સાથે ને ઉંચે સાદે બોલતાં હતાં. શું છે તે જોવા મારા જેવા દસ પંદર તો ભેગા થઇ જ ગયા હતા. એમાં મેં પણ માથું ઉંચું કર્યું. એટલે બાઝવાવાળાઓ એકદમ મને પૂંછવા લાગ્યા. હું તો નીચે બેસી ગયો. કેમકે એ આઠ જણાનો એકી સાથે બોલવાનો અવાજ આવતો હતો તેમાં મારો અવાજ એક વધારે ભેળવવાની મારી ઇચ્છા ન હતી.

આસ્તે આસ્તે ખબર પડી કે ગાડીમાં બેસવા આવનારે મજુર પાસેથી સામાન ઉપડાવ્યો હતો. મજુર બે આના માગતો હતો. ઉતારૂ તેને એક આનો આપતો હતો. મજુરે પાડોશના એક ઉતારૂને વાત કરી. તે અંદર ભળ્યો. તે જોઇને ઉતારૂએ બીજા સદ્‌ગૃહસ્થની સહાય લીધી. બીજા બે ચાર મજુરો અને બે ચાર ઉતારૂઓ અંદર આપખુશીથી ભળ્યા હતા. સ્ત્રીઓનો તીણો અવાજ–બાસ ગાળો પણ વચ્ચે વચ્ચે સંભળાતી હતી. ભાંપણો

હજી લંબાત પણ ત્યાં ગાડીએ સીટી મારી એટલે દોઢ આને કજીયો પતાવવામાં આવ્યો ને ગાડી ઉપડી.

હું દુઃખી મને વિચાર કરવા લાગ્યો. જરીની પાઘડી પહેરેલા ગૃહસ્થે પેલા મજુરને બે પૈસા વધારે આપ્યા હોત તો તેને કેટલીક ખોટ જાત? પેલા મજુરને તો બે પૈસા બે રૂપીઆની બરાબર છે અને આ માણસ તો બે પૈસા કયાંય નાખી દે એવો છે.

મેં કહ્યું: "ભાઇ, આટલો વખત ગુમાવ્યો ને માથાકુટ કરી તે પહેલેથી જ બે પૈસા વધારે આપી દીધા હોત તો?"

ગૃહસ્થ કહે: "ના ભાઇ, એવું ડહાપણ અમારે નથી જોઇતું. એ કહે એટલું કાંઇ આપી દેવાતું હશે?"

મેં કહ્યું: "પણ છ પૈસા તો તમે આપ્યા, ને એ આઠ માગતો હતો એટલું જ ને? એમાં તમે ને એ કેટલા બધા હેરાન થયા?"

ગૃહસ્થ: "ના ભાઇ; આવા તમારા જેવા અણજ માણસો એવું ભલે કરે. પણ તમારા જેવા કરે છે તેથી જ અમને એ વધારે સતાવે છે. મૂરખ હોય એ જ એક પૈસાને બદલે બે પૈસા આપે. અમારૂં શું ગયું? ગાડીમાં બેઠા હતા. જીભ હલાવતાં કાંઇ પૈસા બેસે!"

મેં કહ્યું: "પણ માથું પકાવી લેવું ને વળી બધાના દેખતાં તમાસો થાય તેનું કાંઇ?"

ગાડીના બધા એ ગૃહસ્થની બાજુમાં હતા; ઉઠી મારી જ મસ્કરી ઉડાવવા લાગ્યા. એટલે હું છાનોમાનો ચોપડી કાઢીને વાંચવા લાગ્યો. પાસે કલબલાટ તો ઘણો વખત ચાલ્યા કર્યો હતો. **તા.**

બાળવાર્તાની શ્રેણીઓ

ચોથી તથા પાંચમી શ્રેણી

બાલવાર્તાની ચોથી શ્રેણીમાં સામાન્યતઃ જેને આપણે સામાજીક વાર્તાને નામે ઓળખીએ છીએ એવી વાર્તાઓ આવી શકે. તે સિવાય યુક્તિની મૂર્ખાઇ વગેરેની વાર્તાઓમાંથી પણ કેટલીએક વાર્તાઓનો સમાવેશ આ શ્રેણીમાં થઇ શકે છે. પણ મોટે ભાગે યુક્તિની વાર્તાઓ વધારે બુદ્ધિગમ્ય હોવાથી તેને પાંચમી શ્રેણીમાં રાખવી પડે છે. સામાજીક વાર્તાઓમાંથી પણ કેટલીએક પાંચમી શ્રેણીમાં આવે. એટલે કે સામાન્યતઃ ચોથી શ્રેણીમાં સામાજીક તેમજ યુક્તિની સહેલી વાર્તાઓ અને પાંચમીમાં તે જ પ્રકારની અઘરી અને લાંબી વાર્તાઓ આવે.

દાખલાથી ઉપરનું કથન વધારે સ્પષ્ટ થશે. "હતું ત્યાં મેલી આવ" "ખેતરીની વાર્તા" "ધી ચોર્યે ધી ચોર્ય સ્વાહા" "કયાં કોરા ભાંગી" "સોનબાઇની વાર્તાઓ" વગેરે ઘણી વાર્તાઓ સામાજીક વિષયોને લગતી છે, પણ બધી એક જ કક્ષાની નથી. "હતું ત્યાં મેલી આવ"ની વાર્તા ટૂંકી છે, ને તેનું વસ્તુ બાળકો જલદી સમજી શકે એવું છે. એમાંનો સાસુ વહુના સંબંધ પરત્વેનો ઉંડો ખ્યાલ અથવા તો ખોંચ બાળકના ધ્યાનમાં ન આવે તો પણ વહુને ખીર ખાવાનું મન થયું, અને દીકરાએ યુક્તિથી સાસુની ગેરહાજરી સાધી વહુને ખીર ખાવાનું સુલભ કરી આપ્યું, એ વાત બાળકો સમજી શકે છે. ખાસ કરીને "હતું ત્યાં મેલી આવ, મને ઝરડું વાગ્યું છે. વઉ વઉ વઉ!" એ જોડકણું જરા અભિનય સાથે શિક્ષક બોલે તો એ વાર્તા બાળકોને પ્રિય થાય છે.

અહીં વિષયાંતર કરીને પણ એક વાતનો ઉલ્લેખ કરી લઈએ. આપણી લોકવાર્તાઓમાં ખાસ કરીને જ્યારે સામાજીક વાર્તાઓ આવે છે ત્યારે, તેમાંથી કયા ભાગોને કઇ રીતે બાળકો આગળ મૂકાય તેનો શિક્ષકે ખૂબ વિવેક જાળવવો પડે છે. જેમકે ઉપરની વાર્તાને લડાવતાં લડાવતાં બે છોકરાંઓએ ભેગાં થઇ મોટાંઓથી ચોરીને કાંઇ પણ ખાઇ જવું અથવા કરી બેસવાનું રૂપ આવે તો તે વાર્તા તંદુરસ્ત મટી જાય છે. તેમ જ ભૂત વળગવાનું નાટક વધારે પડતું થાય કે વહેમોનું વાતાવરણ વધી જાય તો પણ ન ચાલે. આવાં ન ઈચ્છવા જેવાં તત્ત્વોને કારણે આ વાર્તાઓ સાવ છોડી જ દેવી કે કેમ એ એક પ્રશ્ન છે; અને ઘણાઓ છોડી દેવાની તરફેણમાં મત આપે તો નવાઇ નથી. છતાં કુશળ શિક્ષક અનિષ્ટ તત્ત્વોને પડદા પાછળ નાખી બીજો ગમ્મતનો ભાગ આગળ લાવી વાર્તાનો ઉપયોગ કરી શકે છે.

એટલું ખરું કે પડદા પાછળ રહેલાં છતાં અનિષ્ટ તત્ત્વો પણ કદાચ બાળકોનાં મન ઉપર કાંઇક અસર તો કરી જ જાય એ સંભવિત છે. પણ બીજી રીતે જો બાળકો માટે સામાજીક તેમજ બૌદ્ધિક તંદુરસ્ત વાતાવરણ હોય તો આવાં તત્ત્વોની અનિષ્ટ અસર રહેતી નથી એવો અનુભવ છે.

આવી વાર્તાઓને હોશિયારીથી વાપરવાની કુશળતા ન હોય તો શિક્ષકે હાથ ઝાલવી નહિ. આટલું જરા ચેતવણી રૂપે.

હવે શ્રેણીઓ તરફ વળીએ. "હતું ત્યાં મેલી આવ" "ખેતલી" કે "કાળકા માતા" વગેરે સામાજીક વાર્તાઓ તેમના સાદા બનાવો અને બાળકની ઉંમરે તે અનુભવી શકે એવા વસ્તુને લીધે ચોથી શ્રેણીમાં મૂકી શકાય, જ્યારે "સોનબાઇ" અને "ભંગીનો છોકરો" વગેરે વાર્તાઓ પાંચમી શ્રેણીમાં જાય છે. સોનબાઇની ઘણી બરી વાર્તાઓમાં લગ્નનું વસ્તુ એક અથવા બીજા રૂપમાં હોવાથી તે નાનાં બાળકોની કક્ષાની નથી. આપણે કહીએ તો તેઓ સાંભળે અથવા તેમાંનાં જોડકણાં ફરી ફરીથી બોલે એ વાત જૂદી છે. એ જાતની વાર્તાઓ પાંચમી શ્રેણીની એટલે જરા મોટી ઉંમરનાં દસ બાર વર્ષનાં બાળકો માટેની ગણવી જોઇએ.

યુક્તિની વાર્તામાં પણ એ જ જાતના બે ભાગ પડે છે. યુક્તિબાજીમાં કાગડો, શિયાળ કે વાણીયા મુખ્ય ભાગ ભજવે છે. એમાં સામાન્યતઃ કાગડા શિયાળની વાર્તાઓ જરા સહેલી તેથી ચોથી શ્રેણીની અને વાણીઆની અઘરી હોવાથી પાંચમી શ્રેણીની ગણવી. છતાં આ નિયમમાં બે બાજુથી અપવાદ કરવા જેવી વાર્તાઓ તો જડશે જ. તે પ્રમાણે ફેરફાર કરી લેવો ઘટે.

જેમ સામાજીક વાર્તાઓમાં અમુક પ્રકારના હલકાઇ ને સંકુચિત સ્વાર્થ આદિ તત્ત્વોથી ચેતવાનું છે તેમજ યુક્તિબાજીમાં પણ બીજાને પહોંચી વળવાનું ને બીજાથી ખોટી ખાવાનું તત્ત્વ વધી જવાનો સંભવ રહે છે તેનાથી ચેતવું. "કડ કંદોરો ને કાછડી" અથવા "વાણીયા બદાણીયા" વગેરે વાર્તા એ રીતે નિર્દોષ છે. કેમકે ચોર જેવું સંકટ આવી પડ્યા પછી તેમાંથી છૂટવાની યુક્તિ કરવી શ્લાઘ્ય જ છે. પણ "અગ્રે અગ્રે વિપ્ર" અથવા "નંદના ફંદ. ગોવિંદ જાણે" માં બીજાને છેતરીને ફાવી જવાનું તત્ત્વ છે; તે કારણે એ વાર્તા છોડી ન દઇએ તો પણ તે હલકા તત્ત્વ તરીકે વર્ણવવામાં આવે તેની સંભાળ લીધાથી કામ થાય તેમ છે. વાણીયાની હોશિયારી જ વર્ણવવા બેસી જઇએ તો વાણીયાએ કાંઈ ઠીક કર્યાનો ભાસ થાય. જ્યારે લુચ્ચા વાણીયાંએ

ઘરમાં મોન્ટીસોરી

વાળી લેખમાળા બંધ થાય છે. તે પુસ્તક રૂપે પ્રગટ થશે. અગાઉથી નામ લખી મોકલો.

બિચારા બ્રાહ્મણને ને ભોળા ભાવાને છેતર્યા વગેરે રીતે યોગ્ય જગ્યાએ યોગ્ય વિશેષણથી આપણે યુક્તિને વખાણી અથવા વખોડી શકીએ છીએ.

આ પ્રમાણે આ બાલવાર્તાઓમાં પાંચેક શ્રેણીઓ પડે છે. બાળક લગભગ બે ત્રણ વરસથી વાર્તા સાંભળવા માગે છે. ત્યારથી શરૂ કરીને લગભગ ૧૦/૧૨ વરસની ઉંમર સુધીનાં બાળકોને માફક આવે એવી વાર્તા બાલવાર્તાઓ તરીકે છાપવામાં આવી છે.

ઘર કે શાળામાં વાર્તા કહેતી વખતે આ શ્રેણીઓનો સામાન્ય ખ્યાલ કહેનાર આગળ અવશ્ય હોવો જોઇએ. **તા.**

રાજારામ વાર્તા કહેતા હતા

રાજારામ વાર્તા કહેતા હતા. વર્ગના છોકરાઓ આસપાસ ગોઠવાઇ સાંભળતા હતા. વાર્તા કહેવાનું થોડા જ વખતથી શાળામાં દાખલ કરવામાં આવ્યું હતું. બાતાના ઉપરી નવા આવ્યા હતા અને તેમને આવું નવું નવું કરવાનો ખૂબ શોખ હતો.

શિક્ષકોને વાર્તા આવડતી નહિ પણ કહેવી પડતી. વાર્તાની બહાર પડેલી ચોપડીઓમાંથી તેઓ વાર્તા વાંચી લાવે ને પછી કહે.

વાર્તા ચાલતી હતી દરમ્યાન રતિલાલ વારે વારે વાતો કરતો હતો. તે જરાયે ધ્યાન આપતો ન હતો. વાતો કરવાની ના કહી એટલે તેણે ટોપી હાથમાં લઇ તેને હળુ હળુ ઉડાડવા માંડી. તે અટકાવ્યું એટલે તેણે કાગળની ગોળીયો કરવા માંડી. તે અટકાવ્યું એટલે તે સળવળ સળવળ કરવા માંડ્યો ને આજુબાજુનાઓનું ધ્યાન ખેંચવા માંડ્યો.

રાજારામને એક તો વાર્તા કહેતાં ન આવડે ને એમાં આ છોકરો વચ્ચે વચ્ચે વિક્ષેપ પાડે એટલે તેને ગુસ્સો આવ્યો અને તે છોકરાને વર્ગમાંથી બહાર કાઢયો. " રતિલાલ તું વર્ગમાંથી બહાર જા. "

રતિલાલ વર્ગમાંથી બહાર જાણે કે રાજીખુશીથી ગયો. બહાર જઇ તે રસ્તા પર દોડતાં વાહનો જોવા લાગ્યો. એક લીમડાની ડાળે કાગડો કા કા કરતો હતો તે સાંભળવા લાગ્યો.. પણ છતાં તેનું ધ્યાન વર્ગમાં ચાલતી વાર્તા તરફ હતું. વાર્તા પૂરી થઇ એટલે તે વર્ગ તરફ વળ્યો. એ વાર્તા પછી રાજારામે બીજી વાર્તા શરૂ કરી હતી. રતિલાલે બારણા પાસે જઇને કહ્યું: " અંદર આવું ? " શિક્ષકે કહ્યું: " નહિ જ; તને વર્ગ બહાર કર્યો છે. "

"પણ મારે આ નવી વાર્તા સાંભળવી છે."

શિક્ષક: " એટલે ? "

રતિલાલ: " મારે અંદર આવવું છે. "

શિક્ષક: " પણ તું તો વર્ગ બહાર છો. તોફાન કરતો હતો એટલે મેં તને બહાર કાઢયો છે."

રતિલાલ: " ના જી, હું તોફાન કરતો જ ન હતો. "

શિક્ષક: " ત્યારે ? "

રતિલાલ: " એ તો તમે કહેતા હતા તે વાર્તા મેં વાંચી હતી. તમે કહેતાં કહેતાં થોડું ક ભૂલી પણ જતા હતા. મને સાંભળવી નહોતી ગમતી. "

શિક્ષક: " એટલે ? "

રતિલાલ: " એટલે મને નહોતું ગમતું. મને કંટાળો આવતો હતો. "

શિક્ષકઃ "પણ તું સલપલ કરતો હતો ને ટોમી ઉડાડતો હતો."

રતિલાલઃ "પણ કંઈ ન ગમે ત્યારે એમ થતું હશે."

શિક્ષકઃ "ત્યારે હવે વર્ગ બહાર રહેવું પડશે."

રતિલાલઃ "પણ હવે તો વાર્તા ગમશે. વાર્તા નવી છે. મારે તે સાંભળવી છે, અને અંદર આવવા દો."

શિક્ષકઃ "પણ તને વર્ગ બહાર કર્યો હતો."

રતિલાલઃ "તે સારું કર્યું હતું. બહાર મને મજા પડી. ગાડીઓ ને રેંકડીઓ જોવાની લહેર પડી."

શિક્ષકઃ "પણ મેં તો તને શિક્ષા કરી હતીઃ વર્ગમાંથી બહાર રહેવાની."

રતિલાલઃ "એમાં શિક્ષા શેની? મને વર્ગમાંથી બહાર કાઢયો ન હોત તો હું મારી મેળાએ જાત. મને વાર્તા ન ગમે તે શું કામ સાંભળું?"

શિક્ષકઃ "ત્યારે હવે તને શિક્ષા કરું છું. તને વાર્તા સાંભળવી ગમે છે તેથી અંદર આવવા નહિ દઉં."

રતિલાલઃ "પણ એવું કાંઈ હોય? ગમતી વાર્તા તો સાંભળવા દેવી જોઈએ ના વાર્તા કહો છો તો પછી શું કામ ન સાંભળવી? વાર્તા ગમે ત્યારે વર્ગમાં ને ન ગમે ત્યારે બહાર."

શિક્ષકઃ "ના, એવું ન ચાલેઃ ઘડીકમાં બહાર અને ઘડીકમાં અંદર. વાર્તા સાંભળવી હોય તો તો અંદર જ બેસવું પડે."

રતિલાલઃ "તો અંદર બેસીશું. નવી વાર્તા સાંભળશું ને જૂની આવશે ત્યારે અથવા નહિ ગમે એવી આવશે ત્યારે કંટાળો આવશે તો..."

શિક્ષકઃ "તો સલપલ નહિ થાય, ચૂપચાપ હલ્યા ચલ્યા વિના બેસવું પડશે."

રતિલાલઃ "તો તો કેમ બેસાય? પણ હવે અંદર તો આવવા દો. અમારે આ નવી વાર્તા સાંભળવી છે. વળી ન ગમે એવી વાર્તા આવે ને કંટાળીએ ત્યારે બહાર કાઢજો, પછી છે કાંઈ! ન ગમે ત્યારે બહાર કાઢવા અને ગમે ત્યારે અંદર લેવા એવું તો હોય જ ના. હું તો અંદર આવું છું."

રતિલાલની દલીલો, તેના મનની સાદાઈ, વાર્તાનો રસ, તેના કહેવામાં રહેલું સત્ય બધું શિક્ષક સમજી શકયા હતા. તે હસી પડ્યા ને કહ્યું: "રતિલાલ, આમ આવ, અંદર આવ. હવેથી આપણે એવો નિયમ કરો કે જો વાર્તા સાંભળવી ન ગમે તો ઉઠીને ઉભા થઇને ધીમેથી ચાલ્યા જવું અને ગમે તો સાંભળવી."

રતિલાલઃ "તો તો બહુ સારું. તમારે કોઇને વર્ગ બહાર કાઢવા જ ન પડે. એની મેળાએ જશે ને આવશે."

શિક્ષકે નવી વાર્તા માંડી ને સૌ સાંભળવા બેઠા. તા.

બે શાળાઓની મુલાકાતો

(૧)

એક વાર હું એક કન્યાશાળામાં ગયો. ૪૦ થી ૫૦ છોકરીઓના એક વર્ગના શિક્ષકને પૂછ્યું: "આ આટલી બધીને શી રીતે સાચવો છો?" તેણે કહ્યું: "એમાં શું? એક તો એ છોકરીઓ છે, અને જરાક આંખ કાઢી કે એકાદને જરાક હાથ અડાડ્યો એટલે ચૂપ! પછી ભાર છે આખા વર્ગમાંથી કોઇ ગડબડ કરે કે

ચૂંચાં કરે !"

શિક્ષકે જ્યારે પોતાના વર્ગના આવા સારા બંદોબસ્ત વિષે કહ્યું ત્યારે તે મલકાતા હતા.

પણ મેં કહ્યું: "પણ એ તો બીકને લીધે એ બંદોબસ્ત જળવાય છે. હમણાં બીક ન હોય તો બબર પડે !"

શિક્ષક કહે: "પણ એમ બીક ન બતાવીએ તો ચાલે જ કેમ ? આ બાર બાપની વેજ શાળાને માથે જ લે ના ?"

"પણ તમે માનો છો કે આમ છોકરીઓ ખરેખર વ્યવસ્થિત થાય છે ? તેઓ સાચેસાચ શાન્તિથી બેસનારી, હૂકમને માનનારી અને ગડબડ ન કરનારી થાય છે ?"

"તે હું નથી જાણતો. મારે તો મારા વર્ગની વ્યવસ્થાનું કામ. ઘેર જઈને ફાવે તેમ કરે. મારા વર્ગમાં હું વ્યવસ્થા ન જાળવું તો ભણાવવું જ આકરું થઈ પડે. અને ભણાવવા માટે મારી વ્યવસ્થા રાખવાની રીત સારી છે એવી મારી ખાત્રી છે."

(૨)

એક વાર હું એક બાળશાળામાં ગયો. ૩૦ થી ૪૦ છોકરાંઓ શાન્તિથી, વ્યવસ્થાથી હરતાં ફરતાં અને કામકાજ કરતાં જોઈ મેં શિક્ષકને પૂછ્યું: "આ પાણીના રેલા જેવાં બાળકોને તમે શી રીતે સાચવો છો ? આ એક એક બાળક એક એક શિક્ષકને રોકે એવું હોય છે. ઠોંઠાપલી કેવીક કરવી પડે છે ? ફોસલાવવાં ઠીક પડતાં હશે."

શિક્ષકે કહ્યું: "અમે આંખ કાઢવામાં કે મારવામાં કે ફોસલાવવામાં માનતા જ નથી. બરી રીતે છોકરાંઓ તોફાની જ નથી. તેઓ પાણીના રેલાઓ જેવાં છે એમ કહીએ તો પણ તે રેલાઓ છે માટે જ તેમનામાં બળ છે, ને માટે જ તેઓને સ્વયંવ્યવસ્થિત કરી શકાય છે. અહીં અમારે ત્યાં બાળકને માટે તેને માફકસરની પ્રવૃત્તિઓ ગોઠવી છે. જેને જે ગમે તે કરે છે, ને જ્યારે ગમે ત્યારે કરે છે. મન ગમતા કામમાં દરેક બાળક રોકાયેલું રહે છે. પછી તે રખડવા રઝળવા કે મસ્તી કરવા નવરું થતું જ નથી. અને જ્યારે કામ કરી નવરું પડે છે ત્યારે તે ઉલટું આનંદથી બીજા સાથે હળે મળે છે ને ગમ્મત ઉડાવે છે. બાળકો એક હારમાં બેસી રહે અને હરે ફરે નહિ ને ચૂપચાપ ભણતર ભણ્યા કરે તેને હું વ્યવસ્થા નથી કહેતો." ગિ.

મોન્ટીસોરી સંમેલન

અમદાવાદમાંથી શારદામંદિરે મોન્ટીસોરી બીજા સંમેલનને આમંત્રણ આપ્યું છે. બીજું સંમેલન અમદાવાદને આંગણે એપ્રીલ માસમાં ભરાશે.

આ સંમેલન એટલે આપણો સૌનો એક ઉત્સવ. મોન્ટીસોરી સંઘના સભાસદો આ સાંભળી રાજી થશે. જેઓ આ સંમેલનમાં ભાગ લેવા ખુશી હોય તેઓ અવશ્ય આવે.

વ્યવસ્થાના નિયમો માટે નીચેને ઠેકાણે પૂછાવશો:—

શ્રી. મંત્રી: દ્વિતીય મોન્ટીસોરી સંમેલન
શારદામંદિર: **સરખેજ રોડ: અમદાવાદ**

છૂટી પડી બેસાડી મૂકયો

મહેતાજી પાઠ લેવા માંડ્યા અને રમણને પાઠ ન આવડ્યો.

રમણ આગલી રાતે મહેમાન સાથે સિનેમા જોવા ગયો હતો અને સવારે મોડું ઉઠાયું એટલે પાઠ ન થયા.

મહેતાજી શિક્ષણશાસ્ત્ર ભણ્યા હતા. 'પાઠ નહિ કહી લાવનારને શાળાના વખત પછી બેસાડી રાખવા જોઇએ. આથી તેમને કંટાળો આવશે ને બીજે દિવસ પાઠ કરી લાવશે. આ સૂત્રને મહેતાજીએ અમલમાં મૂકયું.

શાળા બંધ થઇ ત્યાં મહેતાજીએ કહ્યું: "રમણે એક કલાક શાળામાંથી મોડા જવું. પટાવાળાએ ત્યાં સુધી રોકાવું. રમણ નાસી ન જાય તે જોવું."

રમણને એક કલાકની કાચી જેલ મળી.

એમ તો રમણ હુશિયાર હતો. તેને પાઠ આવડતા હતા. આજે પણ પાઠ કરવાની નવરાશ મળી હોત તો પાઠ કરી જ લાવત. પણ એકાદ દિવસ ન બન્યું માટે શાસ્ત્રાનુસાર તેને સજા મળી.

મહેતાજી ગયા. છોકરાઓ પણ ગયા. રમણ એકલો રહ્યો.

ઘેર મહેમાનના છોકરાઓ તેની રાહ જોઈ રહ્યા હશે તે યાદ આવ્યું. આજે તેઓ સૌ તળાવ જોવા જવાના હતા. તળાવ જોવાનો વખત થઇ ગયો હતો.

રમણની પાસેથી કેટલાયે નિશાળીઆઓ રમવાના મેદાન તરફ ગયા. રમણ તેમના તરફ જોઇ રહ્યો. ઉઠીને તેને સાથે જવાનું મન થયું પણ પટાવાળાને તેણે દેખ્યો.

રમણ વારેવારે ઘડીયાળ જોતો હતો. કયારે કલાક પૂરો થાય અને છૂટું. મહેમાનો ફરવા ચાલ્યા ગયા હોય તો છેવટે શેરીમાં જઇને રમું. નહિતર માતાજીના મંદિર જઇને આજે થવાની શોભા કરવામાં ભાગ લઉં. રમણને માતાજીનાં તોરણો ને શણગાર કરતાં આવડતું ને તે વારંવાર કરતો.

રમણ મનમાં મનમાં માસ્તર પર ખીજતો હતો. તે કહે: "કેવો ગંદો માસ્તર! કેવો તાણીને બોલે છે! ચાલતાં તો આવડતું જ નથી. પાઘડી તો ભૂંડી ભૂખ જેવી પહેરે છે!"

બબડી બબડીને થાકયો એટલે તેણે પાટીમાં એક ચીતર કાઢયું–એક માણસનું. એક આંખે બોડો ને એક હાથ વિનાનો. પછી તેણે તેની નીચે લખ્યું: "આ હરિયો કાણો ને બોડો." પછી તે બોલ્યો: "હરિયો કાણો; હરિયો બોડો."

હરિશંકર તેના મહેતાજીનું નામ હતું.

પછી તેણે પાટીમાં થૂ થૂ કરી થૂકયું ને માસ્તરને ભૂંસી નાખ્યો.

માંડ માંડ વીસ મિનિટ ગઇ હતી. તે વિચાર કરવા લાગ્યો. "શું કામ મને રોકયો? લેસન તે કેવી રીતે કરી લવાય? માસ્તર સિનેમા જોવા જાય ને પછી બીજે દિવસ પાઠ કરી લાવે જોઇએ? એનો છોકરો જ્યારે જાય છે ત્યારે એ તો પાઠ નથી કરી લાવતો. ત્યારે તો માસ્તર કહે છે: 'ઠીક, કાલે બધું ભેગું કરી લાવજો.' માસ્તર કહે તો આઠ દહાડાનું ભેગું લેસન કરી લાવું. મને કયાં નથી આવડતું. આ મહિનામાં તો હું બીજે નંબરે રહ્યો છું."

રમણ કંટાળવા લાગ્યો. તેણે ચોપડી ફાડીને ફેંકી દીધી. "ના, નથી ભણવું. તને ભણું તો જ લેસન કરવાં પડે ને. કાલથી નિશાળે જ ન આવું. ઉડી જ જાઉં. ભલે બાપા મારે. બચા કયાં ભણે છે? છેવટે આફ્રિકા જઈશ."

રમણને કંઈ ગમતું ન હતું. તેણે પથરા ભંગા કર્યા ને જાળી પર ફેંકવા માંડ્યા. પટાવાળાએ આવી અટકાવ્યો એટલે વળી શાન્ત થઈને બેઠો.

ઘડીયાળમાં ૫ ને ૩૫ મિનિટ થઈ હતી. હજી ઘણી મિનિટો બાકી હતી.

રમણે નાસી જવાનો વિચાર કર્યો. હળુહળુ ચાલી જાળી પાસે આવ્યો ને નીચે થઈ જવા જતો હતો ત્યાં પટાવાળાએ કાન પકડ્યો. "હં, ભાગી જવું છે?"

રમણ પાછો શાળાને ઓટલે આવી સિરાજ્યો.

પટાવાળાએ કહ્યું: "એલા શું કરે છે?"

તે કહે: "કંઈ નહિ. એ તો અમસ્થું."

મનમાં કહે: "એ તો હરિયાને દાટ્યો."

૬ માં પાંચ મિનિટ હતી. હવે હમણાં છૂટાશે. રમણની આંખમાં તેજ આવ્યું. ચહેરો ઝગઝગી ઉઠ્યો. ચોપડાં હાથમાં લીધાં ને છના ટકોરા થતા હતા ત્યાં તો દોડીને શાળામાંથી રસ્તા ઉપર ને ત્યાંથી ઘર ભેગો થઈ ગયો.

આભાર અને ક્ષમા

ત્રીજું વર્ષ પૂરું થાય છે. આપ સૌએ અમને જે મદદ આપી તે માટે આપ સૌનો આભાર. આપની સેવા કરતાં જે જે ઉણપો રહી ગઈ હોય તે માટે અમે આપની ક્ષમા યાચીએ છીએ.

આપણે સૌ ચોથું વર્ષ નિર્વિઘ્ને પસાર કરવા તૈયાર થઈએ.

મહેતાજીએ રમણને કાયદેસર શાસ્ત્રાનુસાર શાળામાં રોક્યો હતો. પણ રમણે શું કર્યું તે આપણે જોયું. તેને સજા થઈ? તેને શીખામણ મળી? તેનો ભણવા ઉપર પ્રેમ વધ્યો?

શિક્ષક તરફ તેની કેવી લાગણી થઈ? બીજે દિવસ પાઠ બરાબર કરી લાવે તે માટે આ કર્યું રમણ આટલા વખતમાં ત્રણ વાર પેશાબ કે પાઠ ન કરી લાવે તે માટે? પાઠ તો કરી આવ્યો. વીશ વાર ઉંચો નીચો થયો. ૭ સાત વાર નિશાળના ઓટલા ફરતો ફર્યો.

આખરે રમણને કંઈ ન સૂઝ્યું એટલે તેણે લાકડું લઈ ખાડો ખોદવા માંડ્યો. થોડોક ખોદાયો એટલે તેણે એમાં પથરો મૂક્યો. તે દાટ્યો અને તેના પર કૂદ્યો.

પણ રમણ પાઠ કરી લાવ્યો જ ન હતો. તે વાત ગઈ ગૂજરી હતી. બીજે દિવસ પાઠ ન કરી લાવવાનું કંઈ કારણ ન હતું. ત્યારે શા માટે તાહકનો એને પરહેજ કર્યો? આપણે હરિભાઈને અને શિક્ષણ-શાસ્ત્રને આનો જવાબ પૂછીએ.

ગિ.

વાર્ષિક લવાજમ રૂા. એક. | લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

ચાલીસ અને પચાસની વચ્ચે



કેટલાક મોડા જાગે છે, કેટલાક મુલતવી રાખે છે ને કેટલાક ગફલતીમાં રહે છે.

આને ઘરસંસારની શરૂઆત સાથે ગ્રાહક થતા નથી. પાછળથી

થેતે છે ત્યારે આગલા બંકો બદલાઇ ગયા હોય છે અને પુરી

કાઇસો મેળવી શકતા નથી. ગયે વર્ષે આનેક જણને આમ

નિરાશ થવું પડયું હતું. આ વર્ષે તમે રહો ગફલતી કરતા !

નવું વર્ષ બેન્કઓફ બરોડીથી શરૂ થાય છે

પાછળ
કરજદો

'હું વિદ્યાર્થી છું ને ગરીબ છું. હાલમાં મજુરી નથી ચાલતી; પણ લગભગ એક માસ પછી કાપણી શરૂ થશે એટલે હું જુવાર કાપી, લણીને તમારૂં લવાજમ મોકલીશ: પણ મને ગ્રાહક ચાલુ રાખશો. 'કુમાર' વિષે મને ઘણું અભિમાન છે. 'કુમારે' મારી જીંદગીમાં નવું ચેતન, સાહસ ને ઉત્સાહ રેડ્યાં છે' (ગ્રા. ન. ૧૩૦૬)

'મારા બે'ક કારીગર મિત્રો તો 'કુમાર' પાછળ એટલા ફિદા છે કે ખુણાખુણ રાહ જોવડાવ્યા પછી 'કુમાર'નો બંડલ જ્યારે આવે છે ત્યારે સાત કામ પછાડી મારે ત્યાં બેસે છે ને અક્ષરે અક્ષર વંચાઇ રહે ત્યારે જ સંતોષ માને છે. મારા પિતાશ્રીને પણ તેની એટલી લગની છે કે રાત્રે મિત્રમંડળ જમાવી ઘણા રસથી વાંચે છે. (છ.મો.બ —બોડોઇ કચ્છ)

'નવગુજરાતના વિધાનની જેમથી પ્રસિદ્ધ થતું અને એ જેમને અનુરૂપ અનેક સમૃદ્ધ સામગ્રી દર મહીને પીરસ્યે જતું 'કુમાર' કુમારોનું માનીતું છે. . . . 'અમારૂં પ્રિય માસિક તો કુમાર' એમ એક અવાજે બોલી કોલેજના વીસેક વિદ્યાર્થીઓને 'કુમાર'ની પાછળ મુગ્ધ થતા જોયા. 'કુમાર'ના એકેએકની સામગ્રી તરૂણ હૃદયને થનનાટ કરાવે એવી તરવરોટ-પ્રેરક જ હોય છે.' (સૌરાષ્ટ્ર)

'પોતાના હેતુને ચુસ્ત રહીને વર્તનારાં માસિકપત્રોમાં 'કુમાર'ની ગણના સૌથી પહેલી કરી શકાશે એ પત્રે ચિત્રો લેખોના સંબંધમાં ચીંથરાં ફાડવા જેવો દેખાવ કર્યો નથી; ઉગતી પ્રજાને ઉપયોગી જ લેખો ને ચિત્રો પર તેણે ખાસ ધ્યાન આપ્યું છે. . . 'કુમાર'ની શુદ્ધિ, સ્વચ્છતા અને કલા બીજાં માસિકપત્રોએ અનુકરણ કરવા જેવા છે' (પ્રજાબંધુ)

''કુમાર' એટલે પ્રેરણા, ઉત્સાહ, જીવન, સંજીવનભરી પીચકારી. નવીનતાના તો બોધ જ વહે. અને લેખોની ચૂંટણી; ગોઠવણી અને છાપણી વાચકને પ્રશંસામૂક બનાવી મુકે છે. ૧૦ વરસ પછી તદ્દન નવો યુગ જોવા હોય તો જરાતે 'કુમાર'ની પરબો બેસાડવી ઘટે.' (ગાંડીવ)

હજુ તો એક અંક જુઓ — અને તમે ગ્રાહક થવા લલચાશો

કુમાર કાર્યાલયનાં

ણ ઉપયોગી ખાતાં

કુમાર આર્ટ સ્ટુડિયો


ંદી ઢબ ઉપર સંસ્કારી અને આકર્ષક ડિઝાનો, ચિત્રો, લેબલો, પોસ્ટરો વગેરે એકરંગી તથા અનેકરંગી તૈયાર કરી આપે છે.

કુમાર પ્રોસેસ સ્ટુડિયો

ત્રો, ફોટોગ્રાફો તથા નકશાઓ ઉપરથી ક અને કૉપરના સફાઇદાર બ્લૉકો બનાવે છે. ંગી તથા ત્રિરંગી બ્લૉકોનું કામ પણ થાય છે.

કુમાર પ્રિન્ટરી

પકામમાં ઉંચી સંસ્કારિતા અને સફાઇને માટે લાં ત્રણ વર્ષમાં પ્રખ્યાતી પામેલું આ ખાતું ર રંગીન ચિત્રો, બ્લૉકો, નોટપેપરો, લેબલો, ાટર, ફોલ્ડર વગેરે આકર્ષક જૉબકામ કરે છે. હારગાશનાં કામ બરોબર વખતસર કાળજીપૂર્વક કરી આપવામાં આવે છે.



વાર્ષિકઃ રૂા. ૭
પરદેશઃ ૧૧ શિ.

ણ જાણીતાં પુસ્તકો

કિરીટ અને બીજી વાતો

કુમારજીવનની મહત્વાકાંક્ષા, શૌર્યેચ્છા, સાહસ્ર અને કુતૂહલને પોષતી ચુનંદી ટુકી વાર્તાઓનો રસભર અને સચિત્ર સંગ્રહ કી રા ૧: પો જુદું

સોળ સુંદર ચિત્રો (રવિશંકર રાવળના) ગૃહને સત્કાર આપે તથા જીવનમા પ્રેરણા અને પ્રભુતા લાવે એવી ભાવનાઓના મધુર રગદર્શન. ગુજરાતની કળાનો પ્રતિનિધિ સગ્રહ. કી.રા ૧।

હાજીમહંમદ કમારક ગ્રંથ

ગુજરાતી સાહિત્યમાં પોતાની કોટીનો અપૂર્વગ્રથ ૫૪૪પાનાં અને ૧૩૨ ચિત્રોવાળા વિવિધરગી વાચનનો સુંદર સગ્રહ: કી રા. ૬. પો જુદું

પોસ્ટેજ સાથે નવ રૂપિયાની કીમતનાં આ ત્રણે પુસ્તકો સાથે ખરીદનારને ૭ રૂપિયામાં ઘેર બેઠાં મળશે.

કુમાર કાર્યાલય ૨૭૦૭ રાયપુર અમદાવાદ

ભેટ અંક

શિક્ષણ પત્રિકા વર્ષ ત્રીજું

:તંત્રીઓ:

ગિજુભાઇ અને તારાબેન

આ અંકની સામગ્રી

રામજીમંદિર — ધ્રુવડ
સૂસવતો શિયાળો — નાનકો સૂરદાસ
બાંગ પડે — રમત
તીળગુળ — લીમડી
ઇ દિ'તો ગ્યા! — નવાં વરતો
મોતીની કાળી
અંધેરીનગરી ને ગંડુરાજા

વસંત આવી

વસંત આવી! વસંત આવી!
સાથે સાથે લેતી આવી
કોયલ ગાન, કુંડે તાન,
આંબે મોર, લીમડે કોર,
વસંત આવી! વસંત આવી!

વસંત આવી! વસંત આવી!
સાથે સાથે લેતી આવી
ઝાડે પાન, ડાળે પાન,
ફુલે વાસ રમે રાસ
વસંત આવી! વસંત આવી!

* * *

વસંત આવી! વસંત આવી!
પાછળ પાછળ દેતી આવી
તાઢી તાઢ, સૂ સૂ વાત,
ડુંકા દહાડા, લાંબી રાત,
વસંત આવી! વસંત આવી!

વસંત આવી! વસંત આવી!
પાછળ પાછળ દેતી આવી
સુકાં પાન, ઘરડાં પાન,
તાઢી ધરતી, તાઢું કરતી,
વસંત આવી! વસંત આવી!

* * *

વસંત આવી! વસંત આવી!
સાથે સાથે લેતી આવી
કેસુડાંનો કેસરી રંગ,
લાલ ગુલાબી ઉડે રંગ,
વસંત આવી! વસંત આવી!

પ્રિય દોસ્તો,

આપણે તમને દર વર્ષે એક જ વાર મળીએ છીએ. અને તે આ ભેટ અંક દ્વારા જ. તમારાં માતપિતાને જેમ દર માસે મળીએ છીએ તેમ જ તમને દર માસે મળવાનું અમારૂ ભાગ્ય હોત તો જરૂર આનંદ થાત. પણ હમણાં તો આપણે આટલાથી જ સંતોષ માનીએ.

વાંચો કહો તો ખરા કે તમને આવા ભેટ અંકો કેવાક ગમે છે? આટલા પાતળા અંકને બદલે તમને દળદાર અંક મળે તો રાજી થાઓ કે નહિ?

બીજું તો ઠીક, પણ કોઈ કોઈ વાર કાગળ પત્ર લખી કામકાજ લખતા રહેજો. વર્ષે દહાડે એક વાર ઓળખ્યા પછી અમને ભૂલી ના જતા.

વાંચો રામરામ, સાહેબજી, સલામ, જય જય.

કોના?

ગિજુભાઈ અને તારાબેનના

શ્રીસરસ્વતી છાપખાનું, ભાવનગર

આમંત્રણ

જણાવતાં ખુશી થઇએ છીએ કે દ્વિતીય મોન્ટીસોરી સંમેલન અમદાવાદમાં શ્રીશારદામંદિરમાં આવતા ફાગણ માસમાં ભરવાનું નક્કી કર્યું છે. ચોક્કસ તારીખો હવે પછી જણાવવામાં આવશે.

આપ સૌ ભાઇબ્હેનો આ પ્રસંગે પધારી સંમેલનના કામકાજને શોભાવશો.

આ પ્રસંગે સામાન્ય રીતે નીચે જણાવેલો કાર્યક્રમ રહેશે.

(૧) જ્ઞાનચર્ચા:—

જૂદા જૂદા વિષયો પર વ્યાખ્યાનો, પ્રવચનો, નિબંધવાચન અને પ્રશ્નોત્તર.

(૨) પ્રદર્શન વિભાગ:—

ક પ્રવૃત્તિ દર્શન (બાળકોનું કામ).

ખ બાલગૃહ: બાળકો માટેના ઘરનો નમુનો.

ગ સંગ્રહસ્થાન: બાળકોને ઉપયોગી ચીજોનું—નમુના રૂપે.

(૩) રંજન વિભાગ:—

બાળકોના રાસ, ગરબા, સંગીત, શિક્ષકોના નાટ્યપ્રયોગો, બાળકોના કામની સીનેમા ફિલ્મ સાથે વ્યાખ્યાનો.

આપ સૌ મોન્ટીસોરી સંઘનાં સભ્યો છો. આપ આજ ત્રણ વર્ષથી બાલશિક્ષણ અને મોન્ટીસોરી શિક્ષણમાં રસ લઇ રહ્યાં છો. આ પ્રસંગે આપ આવશો અને કાર્યમાં ભાગ લઇ કાર્યને કૃતેહમંદ બનાવી ઉપયોગી કરવામાં આપનો ફાળો આપશો.

આવનારાંઓએ ઉતારા વગેરેને માટે "મંત્રી: દ્વિતીય મોન્ટીસોરી સંમેલન: શારદામંદિર, સરખેજ રોડ, અમદાવાદ" એ સ્થળે લખવું.

આપનાં

ગિજુભાઇ અને તારાબેન

મંત્રીઓ: મોન્ટીસોરી સંઘ.

રામજી મંદિર

સાંજ પડે ને ઝાલર થાયઃ ટનનન, ટન્ ટન ટન.

"એ દોડો, મંદિરમાં આરતી થાય છે."

લખુડો અને પમલો, મોંઘી અને શીવલી, અમે બધાં મંદિરભણી દોડીએ.

રણછોડદાસજી આરતી કરતા હોય.

એક હાથમાં આરતી ને બીજા હાથમાં શંખ. આણીકોર આરતી ફેરવે ને પેલીકોર શંખ ફેરવે.

શંખ ફરતો જાય ને પાણી ઉડતું જાય; આરતી ફરતી જાય ને અજવાળું ફરતું જાય.

મણકી ને ગણુડી ટોકરા વગાડે, રામલો નગારૂં વગાડે ને હું ઝાલર વગાડું. બીજાં છોકરાં તાળીઓ પાડે ને આરતી ગાય.

આરતી પૂરી થાય.

બાવાજી આરતી ફરતું પાણી ફેરવે; આરતી પહેલાં ભગવાનને ધરે; પછી આરતી અમને આપે.

હાથ ધરીને આરતી લઇએ. ભાવ કરીને આંખે અડાડીએ. પછી રણછોડદાસ પ્રસાદી આપે. કોઁક વાર ટોપરૂં ને સાકર; કોઁક વાર તુલસીનાં પાન; કોઁક વાર પોંક ને ખાંડ. કોઁક વાર એકલી સાકર પણ આપે.

મણકી બહુ ઉતાવળી. ઝટઝટ હાથ ધરે ને પ્રસાદી લે.

લખુડો તો સૌની વાંસે ઉભો રહે.

બાવાજી કહેશેઃ "હળવે છોકરાં હળવે. સૌને આપું છું."

પ્રસાદ મળે એટલે જણુ ને ભણુ તો ઘરભેગાં જ થઇ જાય.

અમે રવજી, કુંવરો ને વિશવો ત્યાં બેસીએ ને બાવાજીનાં ભજન સાંભળીએ.

બાવાજી ખૂણામાંથી તંબુરો લે ને તાર સરખા કરે.

તંબુરા માથે મોરપીછનો ભારો

હતો. બહુ કૃપાળો લાગતો.

બાવાજી ગાતાં ગાતાં ડોલે એટલે તંબુરો ડોલે. ને તંબુરો ડોલે એટલે પીંછાં ડોલે. દેખાવ સુંદર લાગે.

વાળુ વેળા થઇ ગઇ હોય; શેરીમાં અંધારું પડી ગયું હોય. વંચારે તો કેમ બેસાય?

એકાદ ભજન સાંભળીએ ને ઘર ભણી જઇએ.

ઘરે જઇ વાળુ કરી સૂઇ જઇએ.

ઘુવડ

પક્ષીઓનો રાજા ગરુડ છે. પક્ષીઓમાં સૌથી મોટું ને સુંદર પક્ષી ગરુડ. સૌ એનાથી ડરે; સૌને એ ડરાવી શકે.

ભલે તેમ હોય પણ રાતનો રાજા ઘુવડ. દિવસે તો ઝાડની પોલમાં કે ઘટામાં કે ડાળીનાં પાંદડાં નીચે કયાંઇ કયાંઇ સંતાઇને બેસે. દિવસે જો કાગડાની કે ગમે તેની નજરે પડે તો પૂરેપૂરા બાર વાગે. બે કાગડા ભેળા થઇને પણ એને ચુંથી નાંખે. દિવસે એ આંધળું ભીંત. એક ડગલું ઉડી ન શકે. આંખે પૂરેપૂરાં અંધારાં. કાળું ધબ!

પણ રાત પડી ને પાંખ ફફડે. અજવાળી રાત હોય કે અંધારી રાત હોય; રાત પડી કે રાજગાદી મળે. સૂરજ ગયો કે જીવ આવ્યો ને તેજ આવ્યું. અને પાંખ ફફડી કે પક્ષીઓનાં કાળજાં ફફડયાં. દિવસે જાગતાં હતાં તે અત્યારે સૂતાં છે. દિવસે દેખતાં હતાં તે અત્યારે આંધળાં છે. દિવસે ઉડી શકતાં હતાં તે અત્યારે જાણે કે બંધાઇ ગયાં છે. દિવસે નાસી શકાતું હતું પણ અત્યારે કયાં જવું?

ઘૂ ઘૂ ઘૂ ઘૂ ઘૂ ઘૂ, ન ગમે તેવો, કમકમાટી ઉપજાવે તેવો ઘૂઘવાટ થયો ને પંખીઓ ચીમળાઇ ગયાં. કાનમાંથી અવાજ મનમાં ગયો ને મન ઠરી ગયાં!

વનનો એકલો રાજા. ચીબરી છે પણ તે તો વનની બહુ બહુ તો રાણી કહેવાય; એટલે વનનો એકલો રાજા ઘુવડ. પાંખ ફફડાવતો અને ઘૂઘવાટ કરતો એક ઝાડે ઉતર્યો ને બે પક્ષી

ઓનાં ગળાં ભીંસી નાખ્યાં. 'ચીં ચીં ચીં' ને બસ અવાજ બંધ થયો. ધુવડે પંજાથી તેને પકડી લીધું. ચાંચથી તેને ચુંથી નાખ્યું ને દિવસ આખાના ઉપવાસનું પારણું કર્યું. અને પછી તો પગમાં જોર આવ્યું. ડાળે ડાળે ને માળે માળે ફરવા માંડયું. બિચારાં બચ્ચાં લઇને પડેલાં, દિવસ બધો ચણી ચણીને થાકેલાં, એક બીજાની હુંફે સેવતાં પંખીઓના માળે માળે ત્રાહી ત્રાહી થઇ રહ્યું. જેને તેને ફેંદી દીધાં; જેને તેને મારી નાખ્યાં; જેને તેને ચાંચો મારી.

એક ધુવડ નહિ પણ કેટલાંય ધુવડો. અવાજ વિનાની શાન્ત રાત્રિ ઘૂઘવાટથી ઘૂઘવી ઉઠી.

વિનાશ કરી, દુઃખ દઇ, ખાઇપીઇ ધુવડ ઉડવા લાગ્યું. મજા માણતું ફરવા લાગ્યું. કેટલાયે માળામાં કાળો કકળાટ ચાલતો હતો.

સવાર પડવા આવ્યું. પૂર્વમાં લાલાશ થઇ ને છેલ્લા પંખીને ચીરતું ચીરતું ધુવડ જીવ લઇને ભાગ્યું. ત્યાં તો સૂરજ નારાયણ બહાર આવ્યા ને ચોરટું ધુવડ સંતાઇ બેઠું.

હાશ ! રાત ગઇ ને દિવસ આવ્યો. સાજની પંખીઓ ઉઠયાં ગઇ ગુજરી કોણ સંભારે ? રોજની પીડા સહેવાઇ ગઇ હતી. પક્ષીઓ પાછાં ચણવા માંડ્યાં. પાંખો ફફડાવી ઉડવા માંડ્યાં. રાતના દુઃખને વિસરી ગયાં.

પણ પાછી રાત પડશે. પાછો ઘૂઘવાટ થશે ને પાંખ ફફડશે, ને તે જ ક્ષણે સુખશાન્તિમાં બેઠેલાં પંખીઓ ફફડી ઉઠશેઃ હલી ઉઠશે. એમનો જીવ મુઠીમાં આવી જશે.

સૂસવતો શિયાળો

સૂસવતો શિયાળો આવ્યોઃ ને કડકડતી ઠાઢ પડવા માંડી.

ઠાઢ, ઠાઢ, ઠાઢ ! કપડાં પહેર્યાં, શાલ ઓઢી, દુશાલા ઓઢયા, ગોદડાં ઓઢયાં, શગડીએ તાપ્યાં; તોયે ઠાઢ કયાંઇ રહે નહિ.

મોઢેથી સૂ સૂ થઈ જાય. હાથ પગ ધ્રૂજી ઉઠે. દાઢી ડગડગે; દાંત કડકડે; આંગળીઓ કોકડે વળે. એટલી બધી ઠાઢ!

સવારના ચાર વાગે, પાંચ વાગે, છ વાગે, સાત અને સાડાસાત વાગે. પણ ગોદડું કહેઃ 'હજી સૂઓ. હજી સૂઓ. બહાર બધે ઠંડી છે. અંદર ગરમ હુંફ છે.'

પણ સૂઇ રહેવું કેણ પાલવે? કોને પાલવે? આળસુ હોય તે સૂઇ રહે. સૂઇ રહીને કામ બગાડે. નાનાં છોકરાં મોડાં ઉઠે. ઘરડાં માવતર પડ્યાં રહે. પણ જુવાનોથી કાંઇ રહેવાય? કામવાળાંઓથી કાંઇ સૂવાય? હુંફબુંફ પડી રહે ને આ ઝટ કરતાં ઉઠે ને ઝડપ કરતાં કામે લાગે.

એક વાર ઉઠ્યાં એટલે તો ઉઠ્યાં. ઠાઢ વાય પણ કામ કરવું ગમે. શિયાળામાં અંગમાં જોર આવે. ઉનાળો આળસુ ને શિયાળો કામઢો. લોક ધમધમ વલોણું કરે ને ઠાઢ ઉડાડે. બા ધમધમ ચાલે ને ઠાઢ ઉડાડે. બાપા ધપડ ધપડ કામ કરે ને ઠાઢ ઉડાડે. સૌ હડફડ કરે ને ઠાઢ ઉડાડે.

શિયાળાનો સૂરજ લાલ લાલ ઉગે. તડકો કાંઇ મીઠો લાગે! નાનાં છોકરાં તો તડકે જ રમે. મોટાંઓ એક વાર બેઠાં તો બેઠાં. ઝટ દઇને ઉભા થવું ન ગમે. તડકે છોકરાં શેરડી ખાય, રોટલો ખાય, પાઠ વાંચે, વાતો કરે, પાને રમે. તડકે મોટાં દાતણ કરે, વાતો કરે, ટપાલ વાંચે, છાપું વાંચે.

શિયાળાનો તડકોઃ સવારે કુણો, સાંજે કુણો ને દિવસ બધો મીઠો. ઉનાળાના તડકા જેવો બાળું બાળું નહિ. કડક કડક નહિ. શિયાળાનો ચાંદો ટાઢો ટાઢો હીમ જેવો. ચાંદની ખીલે, રૂપાળી લાગે પણ ઠાઢમાં જઇને કોણ જુએ? ઠાઢમાં જઇને કોણ રમે?

શિયાળો આવ્યો ને શીમમાં ઘઉં પાકે, ચણા પાકે. ઘઉંનો પોંક થાય, ચણાના ઓળા પડે. પોંક અને ચણા શિયાળાનો પાક. લોકની તો મીઠાઇ. શિયાળામાં શેરડી થાય, કપાસ થાય, કઠોળ થાય.

શિયાળામાં લોકો પાક ખાય. અડદીયો ખાય, બદામપાક ખાય, ગુંદર-પાક ખાય. સવારે ઉઠે ને ભૂખ લાગે. કામ કરે ને પચી જાય. શિયાળામાં રોટલા ભાવે, છાશ ભાવે, ઓળો ભાવે, લાડવા ભાવે. શિયાળો ખાવાનો ને ઉનાળો પીવાનો. ઉનાળે શરબત, ઉનાળે દૂધીયાં, ઉનાળે આઇસ્ક્રીમ. ઉનાળે એવું એવું ને શિયાળે માલમલીંદા.

શિયાળે શીતળ વા વાય ને શરીરની ચામડી ફાટે. હાથ ફાટે, પગ ફાટે, હોઠ ફાટે ને ગાલ ફાટે. નાનાં છોકરાં રડી પડે. તેલ ચોળે, ઘી ચોળે, મીણ લગાડે, ધૂળ ધૂવે. ધીરે ધીરે સારૂં થાય.

મોજાં ને બૂટ, કાનટોપી ને શાલ, ઓવરકોટ ને મફલર, બંડી ને ચોળી, ધાબળો ને શાલઃ આ બધાં શિયાળે. શિયાળો એને શીવડાવે; શિયાળો એને ખરીદાવે; શિયાળો એને ઓઢાડે ને શિયાળો એને પહેરાવે.

શિયાળે દિવસ મોડો ઉગે; શિયાળે સાંજ વહેલી પડે. શિયાળે દિવસ ટૂંકો ને રાત લાંબી. ઝટ દિવસ પૂરો થાય; રાત કેમે ખૂટે નહિ. રાતે વચ્ચે જગી જવાય. વચ્ચે ઊંઘ ઉડી જાય. લાંબી રાતેય નાનાં છોકરાં ઊંઘ્યા કરે. જુવાન માણસોય ઘોર્યા કરે. એક ઘરડા દાદા ને ઘરડાં માને રાત વધુ પડે.

પાણી પીવાનો ઉનાળો ને પાણી ઠંડું મળે નહિ. શિયાળામાં ઠંડું પાણી ને પાણી કોઇને ગમે નહિ. ઠંડા પાણીએ તાઢ વાય ને ઉનું પાણી પીવાય નહિ. શિયાળામાં આવું બને.

શિયાળો શીતળ ને ઉનાળો ઉનો. શિયાળો આવ્યો ને તાઢ; તાઢ ને તાઢ. શિયાળો જશે ને ઉનાળો આવશે. ઉનાળો આવશે ને ગરમ, ગરમ, ગરમ.

નાનકો સુરદાસ

બિચારો આંધળો હતો. સાત વરસ સુધી તો દેખતો હતો. આઠમે વર્ષે શીતળા આવ્યાં ને એમાં બન્ને આંખો ગઇ. સૂરજ, ચાંદો, માણસો, ઢોર, નદી, ડુંગરા બધું એક વાર તો દેખેલું; પણ પછી તો સદાયનું અંધારૂં. એક વાર

પોતાની મેળે જ્યાં જવું હોય ત્યાં જતો; પણ પછી તો કોઇ દોરીને લઇ જાય ત્યારે જ જવાય. એક વાર એ બિચારો દેખતો હતો; પછીથી એ આંધળો થયેા.

નાનકો એનું નામ. કોઇ એને નાનકો અંધુસ કહે. કોઇ એને બાડો કહે. નાનાં છોકરાં નાનકો બાડો કહીને ખીજવે. મૂરખ માણસ એને અંધુસ કહી ચીડવે. પણ નાનાં છોકરાં એની હાલત કેમ જાણે? મૂરખને મન શી ખબર કે આંધળો એટલે શું? કોઈ ભલા એને સુરદાસજી કહે. ભક્તજન સુરદાસ અંધ હતા.

નાનકો સુરદાસ જેમ ભજન ગાતો. જે કહે તેને ગાઇ સંભળાવે. કોઈ દિવસ ના ન પાડે. એમ તો એનેય મન ગાવાનો વિસામો હતો. બિચારો આંધળો એટલે ભણવા તો કયાંથી જાય? ને વાંચતાં લખતાં ન આવડે એટલે ચોપડીઓ પણ કેમ વાંચે? બીજું કામ પણ શું કરે? ત્યારે ગાવામાં એને ખૂબ મજા પડતી. કોઈ ન હોય તોયે એકલો એકલો ગાયા કરે. મનને આનંદ મળે ના? કોઇ વાર તો એવું ગાય, એવું ગાય કે સાંભળનાર ત્યાંનો ત્યાં જ થંભી રહે! નાનકાનો રાગ મીઠો હતો. ને એમાં જ્યારે

'આંખ વિના અંધારૂં રે
સદાય મારે, આંખ વિના અંધારૂં.'

એ ગાયન લલકારે ને આંખો ઉપર હાથ ફેરવતો જાય ત્યારે તો આપણી આંખમાં આંસુ આવી જાય!

નાનકો આંખે આંધળો પણ એનાં આંગળાં જાણે કે દેખતાં. પાસે જઇને ઉભા રહીએ ને બોલાવે પણ બોલીએ નહિ એટલે નાનકો માંડે ચારે તરફ હાથ ફેરવવા. પેરણ જુએ, એનાં બુતાન જુએ, ગાજ જુએ; માથું, ટોપી, હાથ, મ્હોં બધું જુએ ને પટ દઇને નામ આપે "લખુ કે?" "વિશવો, ખરૂં ના?" "ભીમજી, સાચું કે?" નાનકાનું કહેવું આખાદ્ય સાચું પડે.

નાનકો અમારી હેડીનો. પંદર અઢાર વરસનો આંધળો પણ જુવાન છોકરો ખરો ને? એક આંખો ગઇ પણ કાંઇ બીજું બધું થોડું ગયું છે?

નાનકો પણ અમારી જેમ છોકરાને ભેગા કરે; ટોળી બાંધે; એનો ઉપરી થાય ને સામી ટોળી સાથે લડવા નીકળે. મોઢા આગળ પોતાની ટુકડી રાખે ને વાંસે પોતે દોરાતો દોરાતો તબડાક તબડાક કરતો દોડયો આવે. ને લડાઇ લડાય ત્યારે જાણે દેખતો હોય એમ કહેશેઃ "શાબાશ, મારા ભાઇ, જોજો કોઇ પાછા હઠયા છે તો?" નાનકો જીત મેળવી પાછો જાય. પોતાની ટુકડીનો વાંસો થાબડે ને પોતે ખુશી થાય.

નાનકો એમ તો બહુ ભલો. ભલે સામી ટોળીમાં હોઇએ પણ ઘેર જઇએ એટલે એની બાને કહેશેઃ "પાણી પા બા, આ આવ્યા છે એને. કંઇક હોય તો બાવાનું પણ આપજ." ને નાનકો ગમે તેવો સામે હોય પણ કહેવરાવીએ કે નાનકાની હું ગાય છું ત્યારે તો નાનકો સામો મળવા આવે ને લડવાનું ભૂલી જઇ ઘેર જઇ બાટલે બેસારી વ્હાલ કરે.

નાનકો બાવીશમે વરસે ગુજરી ગયો.

બાંગ પડે

સવાર થાય ને બાંગ પડેઃ "અલ્લા હો, અકબર! અલ્લા હો અકબર!"

ઘરની જ પાછળ પીરની જગ્યા હતી. જગ્યામાં એક ફકીર રહેતો.

થોડી વાર થાય ત્યાં તો 'કડીંગ ધૂમ, કડીંગ ધૂમ' કરતું નગારૂં વાગે. "જગત પીર, જગત પીર, જગત પીર "ના બોલ સંભળાય.

ફકીરની કાળી દાઢી, કાળો ઝબ્બો ને લીલું માથાબાંધણું.

ફકીર પીરની પૂજા કરે. દરગાહ ઉપર ફૂલ પાથરે, લોબાનનો ધૂપ કરે ને બોલેઃ "યા રહીમ, યા ખૂદા, યા પરવરદિગાર!"

બપોર થાય ને નગારૂં ઘણુંઘણે. ફકીર પાછો બાંગ પુકારેઃ "અલ્લા હો અકબર! અલ્લા હો અકબર!"

મુસલમાનો એકઠા થાય, હાથ પગ ધૂએ ને નમાજ પઢે.

ફળીમાં બાવળ હતો. એની

ડાળે ધજા હતી. ધજા ધોળી હતી. લોકો પીરને ધોળો પીર કહેતા. ધજા રાત દિવસ ફડફડ્યા જ કરે, ફડફડ ફડ ફડ.

બપોરે મુસલમાનો એકઠા થાય, ફાવો ફાઢે, વાતો હાંકે ને વખતે ભજન ગાય. ફકીર એક તંબુરો રાખતો ને મીઠે રાગે ભજન ગાતો.

સાંજ પડે ને જગ્યામાં ધૂપ થાય, નગારૂં વાગે ને બાંગ પડે.

અમારા ઘરની વાંસે જ પીર હતા. વચ્ચે એક વંડી હતી.

તીળગુળ

"તીળ ધ્યા ગુળ ધ્યા, ગો.....ડ બોલા."

"હેં હેં યમુ, આ શું બોલી?"

"તલ લે ગોળ લે ને મીઠું મીઠું બોલજે. આ અમારા તીળગુળ. આજે બીસર છે ને, તે અમારે ત્યાં એમ બોલાય."

"પણ તલગોળ કયાં છે? આ તો બાંડના દાણા છે. પેલા સાકરીયા ડાળીયા જેવા. પણ છે તો ઘણા સુંદર હો! યમુ કોણે તેં બનાવ્યા? કેવી રીતે બનાવ્યા?"

"નારે ના, એ તો મારી ભાભીએ બનાવ્યા. હું નિશાળે આવતી ત્યારે એ રોજ બનાવવા બેસતાં."

"ત્યારે તને તો બબર નહિ હોય કે આ કેમ થાય છે. આ કાંટા કેમ કરી ચોટાડ્યા હશે?"

બડબડ હસીને યમુ કહેઃ "ના ના, એ ચોટાડયા નથી. એ તો તલ ઉપર બાંડની ચાસણી ચડાવી છે. બસ બે ત્રણ ટીપાં જ ચાસણી નાખીને જરા જરા હલાવતા જઇએ એટલે આવા કાંટા નીકળે."

"ત્યારે તો સાવ સહેલું."

"નારે બા, સહેલું કેવું? આંગળાં દાઝી જાય. એ તો તવી દેવતા ઉપર રાખીને હલાવતા જવું પડે. મારાં ભાભીનાં આંગળાંને ફોલ્લા પડ્યા છે. પછી તો ધોળા કટકા બાંધીને એમણે કર્યા."

"ત્યારે તો સાવ સહેલા નથી. મને શીખવીશ નાં?"

"એ તો ઠીક, પણ આજે સાંજે મારે ત્યાં 'હળદી કુંકું' લેવા આવજે હોં. હું તને આમંત્રણ આપવા આવી છું."

"હળદી કુંકું એટલે શું? ક્યારે આવવાનું? ત્યાં શું હોય?"

"તું સાંજે પાંચ વાગે આવજે ને, એટલે બધી ખબર પડશે."

સાંજે રસુ યમુને ઘેર ગઇ. ત્યાં એક પછી એક દક્ષિણી સ્ત્રીઓ આવતી હતી ને જતી હતી. સ્ત્રીઓ આવે કે તેમને જાજમ ઉપર બેસાડે. પછી યમુ અને એની નાની બહેન ભીની હળદર ને કંકુ લઇને આવે. રસુને તો ખબર જ ન પડી કે હળદરની આંગળી આગળ ધરે એટલે શું કરવું. ત્યાં તો એની પડખેની સ્ત્રીએ આંગળી ઉપરથી હળદર લીધી ને કપાળમાં બે ભમર વચ્ચે લગાડી. રસુએ પણ તેમ જ કર્યું. પછી પાનસોપારી વહેંચ્યાં. બધી સ્ત્રીઓ જે મળતું હતું તે પોતાના રૂમાલમાં લેતી હતી. રસુએ પણ રૂમાલ કાઢ્યો. પછી તીળગુળ આવ્યા ને છેલ્લે ધઉં લઇને યમુની બા નીકળ્યાં. ધઉંમાં બોર, લીલા ચણા, શેરડી, ગાજરના કટકા ને એવું કેટલુંયે ભેળવ્યું હતું.

બા કહે: "રસુ, ઓટી ભરૂં દે. પદર વર પુઢે."

રસુ તો મુંઝાણી. યમુની બા બોલે તે કરવું શું? ત્યાં તો યમુ આવી ને તેણે કાનમાં કહ્યું: "તારો છેડો આમ ધર એટલે બા એમાં બોબો ભરીને ધઉં નાખશે." રસુએ છેડો ધર્યો. બીજી સ્ત્રીઓએ પણ ધર્યા ને ધઉં લઇ સૌ ઉઠ્યાં. બહાર ઓશરી ઉપર એક ભારો શેરડીના કટકા પડ્યા હતા. એક એક બાઈ એક એક શેરડીનો સાંઠો લઇને ચાલવા લાગી. રસુને નવાઇ લાગી. યમુને પૂછતાં ખબર પડી કે એ તો શેરડી લૂંટી કહેવાય. એવો રિવાજ છે.

યમુ રસુને ખાસ અંદર લઇ ગઇ ને તલના લાડવા બાવા આપ્યા. શેરડીનો રસ પાયો.

રસુ કહે: "યમુ, આ તમારૂં બહુ સારૂં હોં. હું આવતી બીસરે બાને કહીશ કે હળદી કુંકું કરે: પણ

હું તો એકલી આપણી બેનપણીઓને જ બોલાવીશ."

યમુ કહેઃ "ત્યારે તો ભારે મજા પડશે. હું તને બતાવવા આવીશ, હળદર કંકુ કેમ દેવાય તે."

રસુઃ "પણ આ તીળગુળ કરતાં નહિ આવડે એનું શું ?"

યમુઃ "એનું કાંઇ નહિ. તલના લાડવા તો તને આવડે ના ? એ પણ અપાય."

રસુઃ "હા, તલસાંકળી આવડે છે મારી બાને. ને તલના લાડવા પણ."

યમુઃ "બન્ને ચાલે. જો તારી બા તો હવે ઉઠ્યાં."

રસુઃ "હા, હવે ઘેર જાય છે. વારૂ ત્યારે હું પણ જઇશ."

યમુઃ "એ આવજે હોં. આજ તો આપણે નહિ રમાય. હજી સાંજ સુધી હળદીકુંકું ચાલશે. આજનો દિવસ કાંઈ નહિ. એક વાર ફરીથી આવજે હોં કે."

રસુઃ "એ આવીશ."

ઇ દિ' તો ગ્યા !

એલા કરશન, ઇ દિ' તો ગ્યા ભાઇ ! એની શી વાત થાય ? એનું તો સોણું'ય નથી આવતું તો !

બાપા સાથે સાંતીડે બેશીને ખેતરે જતા ને ખેતરની બોરડીનાં પાકાં પાકાં બોર ખાતા. ઇ બોરડીય સૂકાઇ ગઇ ને એનો સાચવવા વાળોય મરી ગ્યો. એવાં બોર કયાંઇ થાવાં નથી. એ સવાદ તો દાઢમાં રહ્યો છે ! એ....બાપા કોસ હાંકતા હોય, કિચુડ, કિચુડ; ને અમને કહેશેઃ "એ છોકર્યો, પણે કયારામાં પાણી વાળો." બળ બળ પાણી ધોરીયામાં વહ્યું આવે ને અમે કયારા પાઇએ. માથોમાથ એક કયારો ભરાય એટલે બીજો પાઇએ ને બીજો ભરાય એટલે ત્રીજો પાઇએ.

વાડીના ધહંને ડુંડીઓ આવી હોય ને ચકલાં ને કાગડા ને હઇણકાં વાંસે લાગતાં હોય તો બાપા કહેશેઃ "એલા છોકર્યો, આ ગોફણ લ્યો, ગોફણ. માંડવે ચડીને જનાવરાં હાંકો."

સવારમાં શીરાવીને વાડીએ જઇએ;

બપોરા થાય ત્યાં સાથી આવે ને ભાત લાવે. એ ગાડાના પૈડા જેવા બે રોટલા, પાટિયો ભરીને કઢી, મરચાનું આંથણું ને જાડી રેડ જેવી છાશ. બાપા ને હું સામસામા બેશીએ ને ટપકાવીએ.

અખાત્રીજ આવેને અખાત્રીજ, ત્યારે તો બાપા ઝાડે દોરડું બાંધી દે. પછી હું તો હિંચકયા જ કરું. સવારથી તે સાંજ સુધી હીંચકું. બાપા કહેશેઃ "હવે તો હેઠો ઉતર્ય." સાંજ પડી હોય તોય હું તો પાંચ દસ હીંચકા ખાધા પછી હેઠો ઉતરું.

હઇણકાં બહુ પજવે, હઇણકાં. હું તો લાકડી લઇને એવો દોડું, એવો દોડું કે વાત કરો મા; પણ હઇણકાં તો જાય ફાળે. ઠેકડા કાંઇ મારે? મોટી મોટી વાડ્ય ટપી જાય. બાપા કે'શેઃ "એલા, બઉ વાંહે દોડ્ય મા. થાકી જઇશ." પણ હું તો હઇણકાંને એવાં તગડું, એવાં તગડું કે શી વાત કરું?

અમારા ખેતરને શેઢે આંબા નો'તા પણ લીંબડા હતા. ઉનાળો આવે ને લીંબોળીઓ થાય. હું તો કાચી લીંબોળીઓ ઉતારું ને કેરી જેમ મોંમાં એનો ઓર નાખું. બળદ કુંવળ ખાયને, એમાં લીંબોળીને દાટીએ તો ઝટ પાકી જાય. પાકે ત્યારે લીંબોળી બઉ ગળી લાગે.

એક વાર અમારા ખેતરમાં નવો કૂવો ગળાતો'તો. બધા કૂવામાં ઉતરતા'તા તે હુંયે કોસમાં બેશીને ઉતર્યો. કૂવો તો ખૂબ ઉંડો ગયેલો. માલીકોર ઉતર્યો ત્યાં તો અંધારૂં અંધારૂં. પડખેની ભીંતમાંથી ઝીણી ઝીણી પાણીની આવ્ય આવતી'તી. એક લાકડું લઇને આવતી'તી ત્યાં ખોશ્યું એટલે લાકડા ઉપર થઇને પાણીની ધાર થઇ. મેં તો ખોબે ખોબે ધરાઇને પાણી પીધું.

અમારો સાથી ભારે અડિયલ હતો. ડચ ડચ કરે, બળદનાં પૂછડાં ઉમેળે, ને કોસ હાંકે. એક દિ' મને થયું કે લાવ્યને હું કોસ હાંકું. આપણે તો શીખાઉ હતા. વરત ઉપર બેશીને બળદને આર મારી ને ડચકારો કર્યો ત્યાં તો બળદ હાલી નીકળ્યા, નેં કિચુડ કિચુડ ગરેડી ફરી, પણ ભાઈ વરત ઉપર બેસવું સે'લું નથી.

જરાક આઘે ગ્યા ત્યાં આપણે તો ગોથું ખાઇ ગ્યા. ઇ તો પૈયામાં આવી જાત ને વાગત ઇ નોખું પણ ત્યાં તો બાપાએ આવતા ને બળદને ઉભા રાખ્યા.

અમારે બે બળદ હતા, ગોરિયો ને મુંજડો. મને બઉ હળેલા. હળે જ ના ? નીરણ નાખું, પાણી પાવા લઇ જઉં ને બગાયું કાઢું; ને એવું એવું કામ તો છોકરાં જ કરે ને ? ત્યાં મોટા કયાં નવરા હતા ?

એક દિ' ભારે થઇ. કડબનું ભરોટું ભરીને અમે ઘેર આવતા'તા. બાપા કહેઃ "એલા, ભરોટા ઉપર બેશ." આપણે તો બેઠા. મને થયું કે આ તો મોટો હાથી હાલે છે ! પણ ત્યાં તો ધાંશ આવી ને પૈડું આમ વાંકું થયું, ને આપણે તો ગબડી પડ્યા. બાપા કહેઃ "એલા શું થયું ?" હું તો ભોંઠો પડયો તે પગ ચચવાળતો ઉભો થઇ ગ્યો.

પણ ભાઇ ઇ દિ' તો ગ્યા. ઇ પોપટા ટાણીમાં ઓળા ખાવાના ને બોરાં વખતે બોરાં ખાવાનાં ! ઇ દિ' તો ગ્યા.

બાપા ગુજરી ગ્યા ને પછી વાડીયે જતી રહી.

રમત

"રણછોડજીભાઇ, ચાલોને હવે રમવાનો વખત થયો."

"ચાલો. હું તો તૈયાર જ છું. આ જરા સીટી વગાડો. સૌ ભેળાં થાય."

"રણછોડજીભાઈ, આજે કઇ રમત ? આજે ખોખો કે હુતુતુ ?"

"એ પેલા પાટીયા પર આજની રમત લખી છે. વાંચો."

"ખોખો, ખોખો. આજે તો ભારે મજા પડશે."

"વારૂ ત્યારે હવે પઢી આવો તો ખરાં. હું અને લલુભાઇ ઉભાવડીઆ છીએ."

"રણછોડજીભાઇ, હું કોની સાથે પઢવા જઉં ? મારો કોઇ જોડીદાર ન રહ્યો."

"તો તમે અડુકદડુકીયા. તમારે

બેઇ બાજુ દાવ દેવો ને દાવ લેવો. તમે બંને ટોળીમાં."

"એ ચાલો હવે પઢી રહ્યા હો તો."

"ક્યો માગો; કોઇ લ્યો ગુલાબ ને કોઇ લ્યો ડોલર."

રણછોડજીભાઇ: "અમારે ડોલર જોઇએ."

લલ્લુભાઈ: "ત્યારે અમારે આવે ગુલાબ."

"કોઈ લ્યો ઘોડો ને કોઇ લ્યો ગધેડું."

લલ્લુભાઇ: "આપણે ગધેડું ઠીક છે. રણછોડજી, તમે ઘોડે બેસજો."

રણછોડજી: "ગધેડું તમને બહુ ગમે છે તે એ જ માગોને!"

"એ બધાં ચાલો, ચાલો; વખત જાય છે."

"કોઇ લ્યો ઘઉં ને કોઇ લ્યો બાજરો."

"કોઇ લ્યો મૂળો ને કોઇ લ્યો ભોગરી."

"કોઇ લ્યો ગાજર ને કોઇ લ્યો મરચું."

"કોઇ લ્યો મમરા ને કોઇ લ્યો શેવ."

રણછોડજીએ ઘઉં લીધા, મૂળો લીધો, મરચું લીધું, શેવ લીધી. બાકી રહ્યું તે લલ્લુભાઇનું.

"ચાલો હવે પહેલો દાવ કોણ આપે છે?"

રણછોડજી: "અમે જ આપીએ. ચાલો ભાઇ, અમારાવાળામાંથી ત્રણ જણ અહીં બેસી જઓ. ને બાકીનાં બધાં પણે જોવા બેસો."

લલ્લુભાઇ: "ચાલો ભાઇ, જુઓ ધ્યાન રાખીને ફરજો. જોજો ઝલાઈ ન જતાં. રણછોડજીની ફાળ જબરી છે."

ચંપકલાલ: "એ ભાઇ સૌ એક વાત સાંભળી જઓ. હો હો કરે તે માર થાય ને નીકળી જાય. બધાંએ મુંગાં મુંગાં રમવું. ને બીજી વાત સીટી વાગે એટલે રમત ઉભી રહે. ને એક ત્રીજી વાત, ત્રણ સીટીએ રમત બલાસ."

રૂખી, ચંપા ને જીવો રમત જોતાં બેઠાં હતાં.

ચંપા: "એ હરિભાઇ પકડાયા. એ વજુભાઇ પણ આવી ગયા."

રૂખી: "રણછોડજી કાંઇ દોડે છે!"

ચંપા: "પણ કુલીનભાઇ હાથ આવે એવા નથી હો!"

જીવો: "એમ તો મુકતા ને બાબી પણ જબરાં છે. રણછોડજીને થકવી નાખશે."

લલ્લુભાઇ: "મુકતાબેન, બેસી જાઓ. તમને રણછોડજીનો હાથ અડી ગયો છે."

લલ્લુભાઇ: "જોજો હોં, સૌ ધ્યાન રાખજો. બોનું ધ્યાન રાખજો."

"બો."

ચંપા: "એ રધુ દોડયો. એ દેવજી પકડાયો."

"બો."

રૂખી: "એ ચંદ્રાબેનથી કોઇ નહિ પકડાય."

"બો."

જીવો: "એ રણછોડજી ઉડ્યા. રણછોડજી કાંઇ દોડે છે! જો તો પરસેવો ચાલ્યો જાય છે! એ....એ....એ....લલ્લુભાઈ પકડાયા."

તાળીઓ તડ તડ તડ.

સીટી સૂ સૂ સૂ.

ચંપક: "ચાલો લલ્લુભાઇ તમે દાવ આપો. જો જો રણછોડજીભાઇ, હવે લલ્લુભાઇને ખૂબ દોડાવજો."

લલ્લુભાઇ: "એ દોડજો. આવ્યો છું."

"બો."

બાબી: "મુક્તા, ઉઠ ઉઠ. તને બો કર્યો."

મુક્તા: "હ્યો હું તો ભૂલી ગઇ."

રણછોડજી: "કેમ ભાઇ બોલો છો? બોલે તે માર છે. આ એક વખતે માફ."

"એ હવે ધનજી ને રણછોડજી રહ્યાં."

રણછોડજી: "જોજો ધનજી ધ્યાન રાખજો. લલ્લુભાઇ પાછા ફરીને પકડી પાડશે."

જીવો: "અહાહા! કાંઇ રણછોડજી છે?"

ચંપા: "આ આટલોક ધનજી ભારે દોડે છે."

"એ.... એ.....એ.....રણછોડજી ઝલાયાં."

તાળીઓ તડ તડ તડ.

સીટી સૂ સૂ સૂ.

"અરે ચંપકલાલભાઇ, રમત કાંઇ ખલાસ નથી થઇ. હજી હું તો રહ્યો છું."

ચંપકઃ "ઓહો, તારૂં તો ધ્યાન જ ન રહ્યું. અલ્યા જબરો છું હું."

સીટી સૂ સૂ સૂ. રમત શરૂ.

"લલ્લુભાઈ હવે થાક્યા છે હું. હવે ધનજી પણ થાક્યો છે."

"ધનજી ખરો છે. દોડવે ભારે છે. જાય છે કુદકુદ કુદકુદ."

"ઓ."

જીવોઃ "એ રામજી દોડ્યો."

"ઓ."

ચંપાઃ "એ કાન્તા દોડી."

"ઓ."

રૂખીઃ "એ બધુ ઉઠી."

"ઓ."

જીવોઃ "એ લલ્લુભાઇ ઉઠ્યા."

રૂખીઃ "એ ધનજી આવી ગયો."

સીટી સૂ સૂ સૂ.

તાળીઓ તડ તડ તડ.

રમત ખલાસ.

લીમડી

લીંબોળીનો ઠળીયો ધૂળમાં પડયો ને ઉપર વરસાદ આવ્યો.

નાની સરખી લીમડી ઉગી. કુણાં એવાં પાન ને કુણી એવી ડાળ. પાણી પીધું, તડકો ખાધો ને લીમડી વધવા માંડી.

દિવસો ગયા ને એક વેંત વધી. મહિના ગયા ને બે ચાર હાથ વધી. વરસો ગયાં ને પાંચ દસ હાથ વધી.

લીમડીનું થડ જાડું થયું. થડે ઘણી ડાળો થઈ. ડાળે ડાળે તીરખીઓ આવી. તીરખીએ તીરખીએ કુંપળ આવ્યાં. કુંપળે કુંપળે કોર આવ્યો. ફૂલે ફૂલે લીંબોળીઓ આવી. લીંબોળીએ લીમડી લચી પડી.

છોકરાં આવ્યાં ને લીંબોળીઓ ખાધી; કાગડા આવ્યા ને લીંબોળીઓ ખાધી; કાબર આવી ને લીંબોળીઓ ખાધી. ચારેકોર લીંબોળીના ઠળીયા ઠળીયા! પાછો વરસાદ વરસ્યો ને લીમડીઓ ઉગી. કેટલી બધી લીમડીઓ ઉગી! કુણાં એવાં પાન ને કુણી એવી ડાળીઓ.

નવાં વરતો

લાંબા પગ લાંબી ડોક
લાંબા હોઠ લબડે છે;
લફકં લફક ચાલે,
જાય રેતી રણ ખુંદે;
ભૂખ લાગે મળ્યું ખાય,
પાણી વિના ચાલ્યું જાય.
લાંબા પગ લાંબી ડોક
લાંબા હોઠ લબડે છે.

ઊંટ.

ઊંચે ઊંચે આભે અડ્યો,
ટોચે કોઇ નથી ચડ્યો;
રાજ જોયાં પાટ જોયાં,
ચડતી ને પડતીઓ;
એકલો અઠંગ એવો
હિમભર્યો ઉભો છે.
ઊંચે ઊંચે આભે અડ્યો,
ટોચે કોઇ નથી ચડ્યો.

હિમાલય.

કાળા હાથ કાળી દાઢી
કાળું મોઢું કાળું કાળું;
પૂંછડીનો છેડો કાળો;
ઝાડે ઝાડે એને ભાળો.
કરો જોઉં અનુમાન
રામદાસ હનુમાન?
કાળા હાથ કાળી દાઢી
કાળું મોઢું કાળું કાળું.

વાંદરો.

હળ કેરે પડયું મૂકી
વાટ જોતો બેઠો દેખું;
પણે આવે પટલાણી
રમક ઝમક ચાલી,
માથે ભાત–રોટલા ને
રીંગણાનું ભડથલ.
હળ કેરે પડયું મૂકી
વાટ જોતો બેઠો દેખું.

ખેડૂત.

પંડ નાનો પોંચ ઘણી
ઠગે પણ વનધણી.
કોઇને બચાવી કો'ને
ઉંડે ખાડે ઉથલાવે.
મળે ને મૂરખ નર
ઠગ્યા વિના ન રે' નર.
પંડ નાનો પોંચ ઘણી
ઠગે પણ વનધણી.

શિયાળ.

બાપુ કોઇ આપો બાપુ,
એકલો અભાગી છું.
બેન, બાપુ, જાળવજો,
રખે ભટકાઇ જતાં,
કહી ધીમે ચાલતો'તો
લાકડીને ઠબકારી.
બાપુ કોઇ આપો બાપુ,
એકલો અભાગી છું.

ભિખારી.



બેંબેં બેંબેં બેંબેં કરે,
દિન બધો ફર્યા કરે.
આવળ ને બાવળીઆ
બોરડી ને આકડાઓ
જે જડે તે ચર્યા કરે;
મૂકે એક કાંકરાને.
બેંબેં બેંબેં બેંબેં કરે,
દિન બધો ફર્યા કરે.

બકરી.

ઉગે રોજ ઉગમણે,
આથમણે આથમતો;
સવારથી સાંજ તપે
આકાશનો રાજ્યો.
તારાતેજ, અંધકાર,
ભાગે ચોર ધુવડો.
ઉગે રોજ ઉગમણે,
આથમણે આથમતો.

સુરજ.

સૂર્ય ફરે, ચંદ્ર ફરે, રૂપવાન, વેગવાન,
ફરે આખી અવની આ; અણીયાળી આંખોવાળું.
તારા ફરે, ગ્રહો ફરે, ફાળ ને ફલાંગે દોડે,
ફરે નભોમંડળ આ; હાથ આવે નહિ કોને;
ફરે નહિ એક કદા સીમ ને જંગલ ફરે,
કોણ સ્થિર બેઠું સદા. ડરે વાઘ સિંહનાથી.
સૂર્ય ફરે, ચંદ્ર ફરે, રૂપવાન, વેગવાન,
ફરે આખી અવની આ. અણીયાળી આંખોવાળું.

ધ્રુવતારો. હરણ.



ગિરિ હિમાચલ જહીં જંગલ ને પહાડ તણો
ગંગા વહે નદી તહીં; એકલ જે સરદાર;
સિંધ કચ્છ ગૂજરાત ઉઠે ગુફા છોડી જ્યારે
બંગાળ ને પંચઆબ; ત્રાડ નાખે, ફાળ ભરે;
દેશ કહો કોનો તમે પશુ ભાગે, વન ત્રાસે,
પૂછીએ પ્રેમેથી અમે. ચારેકોર ચૂપચાપ.
ગિરિ હિમાચલ જહીં જંગલ ને પહાડ તણો
ગંગા વહે નદી તહીં. એકલ જે સરદાર.

હિન્દુસ્તાન. સિંહ.

મોતીની કાળી

મોતી અમારા ફળીયાની કુતરી ને કાળી એની દીકરી.

મા પીળી ને દીકરી કાળી.

જેવો એના રંગમાં ફેર તેવો જ એના ગુણમાં ફેર.

મોતી ડાહી ને કાળી મૂરખ. મોતી ખાનદાન ને કાળી ચોર. મોતી પીઢ ને ગરવી, ને કાળી ખાઉકડ.

મોતીને બોલાવીએ તો આવે ધીમે ધીમે. હળવેથી માથું આગળ ધરે ને આંખ બંધ કરીને ઉભી રહે. 'મોતી, મોતી' કરીએ ત્યારે પૂંછડી હલાવે.

ને કાળી? 'કાળી, કાળી' કહીએ ત્યાં તો દોડતી આવે. ફદફદા મારે ને કોઇ વાર બટકુંયે ભરે.

કોની સાથે કેમ હેત કરાય એની મોતી જેમ કાળીને ખબર જ ન મળે. એને મન છોકરાંયે સરખાં ને મોટાંયે સરખાં.

અમારી મોતી ભારે સમજણી. નાનાં છોકરાં તેનો ઘોડો કરે કે છેક નાનાં બાળકો તેનાં કાન આંખ પકડે તો મોતી બધી ખાય. વખતે ન ગમે તો પણ કોઇ દિવસ છોકરાંને કરડે નહિ. ન ગમે તો પોતે જ દૂર ખસી જાય. એમ તો ડાહી બરીના?

કાળીને તો કશાની અક્કલ જ ન મળે. બીજું તો ઠીક પણ પોતાનાં જ ગલુડીયાંને સાચવતી હોત તોયે બસ થાત. કાળી વીયાઇ ને ત્રણ ગલુડીયાં આવ્યાં. ત્યાં બીજી જ એક કુતરી આવી ને એને પોતાનાં કરી બેઠી. કાળીને પોતાનાં જ ગલુડીયાંને ધવરાવવાનું મન થાય કે હેત કરવાનું મન થાય તોયે ચોરી. પેલી બીજી કુતરી ન હોય ત્યારે છાનાંમાનાં બચ્ચાં પાસે જવાય ને ધવરાવી જવું પડે. પેલી બીજી કુતરીને અમે માશીબા કહેતાં. માશીબાને તરત ખબર પડે કે કાળી ગલુડીયાં પાસે આવી છે. તે દોટ કાઢીને આવે ને કાળીને નસાડી મૂકે. કાળી કયાં લડી શકે એવી હતી? એ તો માશીબાને જોઇને જ ભાગી જાય. એને અક્કલે નહિ ને હિંમતે નહિ.

કાળીને માત્ર એક વાત આવડે. આવડે એને ચોરીને ખાઇ જતાં. એક ચોરવે હુશિયાર રસોડામાંથી જરા દૂર ખસ્યાં કે ત્યાં કાળીબાઇ પહોંચ્યાં જ છે. કોણ જાણે કયાંથીય આવે. કોણ જાણે કયાંઇ સંતાઇ બેસે. પછી તો ત્યાં જ હોય તે ' સ્વાહા. '

પણ અમારી મોતી કાંઇ એવી નહિ. એ તો બરી બાનદાન. રસોડું ઉઘાડું મૂકીને આધી પાછી જઉં ને એને કહેતી જઉં કે " મોતી, અંદર જઇશ મા. " તો મોતી બરાબર સમજી જાય. રસોડા સામે જોતી બેસે. બહુ બહુ તો બારણા સુધી જાય. ઉં ઉં ઉં કરે. પણ ના કીધા પછી અંદર ન જાય.

હા, મોતીય ભૂખી તો થાય જ. પણ તે કાળી જવી બાઉકડ નહિ ને આળસુયે નહિ. તે તો બે ત્રણ વાડીઓ ફરી આવે, આડોશીપાડોશીના રસોડા સુધી જઇ આવે ને પેટપૂરતું મેળવી લે. એને વખતસર હાજર થતાં બહુ આવડે.

પણ કાળીબાઈ તો આળસુ ! બાવાનું જોઇએ પણ ફરવાની આળસ. એ તો એક વાત જાણે. રસોડાથી અમારા આવાપાછા થવાની રાહ જોઇને બેસે. અમે ચેતી ગએલાં તોયે કોઇક વાર ભૂલ થઈ જાય ને કાળીને મોજ પડે.

કોઇ વાર બશેર બશેર ગોળ કે દસપંદર રોટલી મળે કોઇ વાર બશેર બશેર દૂધ પણ મળે. એક વાર તો એણે પાડોશીને ત્યાં ચાર પાંચ શેર નટલો મુરબ્બો બાધેલો. પણ આવું કાંઈ રોજ થોડું જ મળે ? કોઇ વાર અપવાસ પણ પડે. અમને તે પજવે એટલે તેને બવરાવવું ન ગમે. અમે તો તેને દેખીએ કે નસાડી જ મૂકીએ. મોતી જેમ બાનદાનીથી આવતી હોત તો ? એનોય રોજનો ભાગ કાઢી રાખત ના ! પણ એ એની રીત છોડે નહિ, ને અમને એને બવરાવવાનું મન થાય નહિ.

અમને થયું કે બિચારીને ચોર શું કામ રાખવી ? ચાલો પેટપૂરતું બાવાનું આપીએ એટલે શાહુકાર થાય.

ફળીયાનાં બધાં ઘરોમાંથી તેને પૂરતું બાવાનું મળવા લાગ્યું. પણ એ તો એ ભગવાન એના એ. ચોર સ્વભાવ ને ચોર સ્વભાવ. પૂંછડી વાંકી તે વાંકી ! શું કરીએ ? આખરે એને

કાઢી મૂકવી પડી. કયાંક બીજે રહે છે. હોય તો. બાકી અમારી મોતી બ્મરી ! કોણ જાણે હવે તેને ભલી મત સૂઝી એ તો અમારા ફળીયામાંજ ઘરડી થશે.

અંધેરી નગરી - - - ને - - - ગંડુ રાજા

"પુરી એક અંધેરી ને ગંડુ રાજા,
ટકે શેર ભાજી ટકે શેર ખાજા."

નગરીમાં કાંઈ અંધેર! રાજાનું કાંઈ ગાંડપણ! જે માગો તે એક પૈસાનું શેર મૂળા તો એક પૈસે ને સુરણ તો એક પૈસે; મમરા તો એક પૈસે ને મેસુબ તો એક પૈસે; ગ્યાસલેટ તો એક પૈસે ને ઘી તો એક પૈસે; એક પૈસે કથીર ને એક પૈસે સોનું. જે માગો તે એક પૈસે શેર મળે.

ગામમાં એક બાવો ને એનો ચેલો આવ્યા. બન્ને ગામ જોવા નીકળ્યા.

જુએ ત્યાં તો ટકે શેર ભાજી ને ટકે શેર બાજા.

ચેલો કહે: "ગુરુજી, આ ગામ તો બહુ સરસ! એક પૈસાનું એક શેર જે જુએ તે મળે. આજે આપણે ભીખ માગવી મટી."

બાવો કહે: "બેટા, એ આપણું કામ નહિ. આપણે ભીખ માગીને બાવું બેઈએ. ભલેને પાઈનું શેર મળે? આપણું કામ ઘેર ઘેર ભટકીને માગી બાવાનું ને ઝાડ નીચે સૂવાનું."

ચેલાનું મન માન્યું નહિ. તોયે તે દિવસ તો ભીખ માગીને પેટ ભર્યું.

ગુરુજી કહે: "અહીં રહેવું બોટું. આ તો અંધેરી નગરી ને ગંડુ રાજાનું રાજ્ય છે. આમાં કાંઈ ધરમધ્યાન ન થાય; આમાં કાંઈ કરમકામ ન થાય."

બાવો કહે: "ચાલો બેટા, બીજે ગામ જઈએ ને ભીખ માગીને રહીએ."

ચેલો કહે: "બાપુ, અહીં જ રહોને. અહીં જે જોઈએ તે પૈસે શેર મળે છે. એક પૈસો મળ્યો કે ચાલ્યું. ભીખ માગીને હેરાન થઈ ગયા. હવે તો અહીં રહેવું છે."

ગુરુ કહે: "બેટા, આ ગંડુ રાજ્યમાં રહેવામાં માલ નથી. હરામનો માલ બાવા જતાં કયાંક હેરાન થઈ જઈશ."

ચેલાને કંઈ ગમ્યું નહિ. તે તો કહે: "ગુરુજી, આપને પધારવું હોય તો પધારો. હું તો અહીં જ રહીશ. આ મજાનાં સારાં સારાં પૈસે શેર મળે એવાં બાવાનાં મૂકીને કોણ આવે? ત્રણ દિવસના ટાઢા રોટલા મારે તો નથી

ખાવા. તમારે ભીખ માગવી હોય તો માગજો. મારે તમારૂં ભિખારીપણું નથી જોઈતું."

ગુરુ કહે: "બેટા, ભિખારીપણું ઠીક છે. આ બાજુ કોઈક દિ' સોંસરા નીકળશે."

ચેલો કહે: "ભલે નીકળે. નીકળશે તો મને નીકળશેને ?"

ગુરુ: "આ ચેલો સમજે એમ નથી. એની મતિ ફરી છે. પણ જો ભૂંડા હાલ ન થાય તો મારૂં નામ બાવો નહિ !"

ગુરુ ગામ છોડીને ગયા. ચેલાજી અંધેરી નગરીમાં રહ્યા બાય પીએ ને મજા કરે. એક પૈસાના શેર પેંડા ને એક પૈસાની શેર બરફી. એક પૈસાનું જે જુએ તે મળે.

ચેલાજી તો બાઈ પીને રાતા રાણ જેવા થયા. કોઈ ઓળખેય નહિ કે આ ચેલો હશે !

ચેલો કહે: "મારા ગુરુને અક્કલ! ભણ્યા એમાં શું થયું ? એક ભીખ માગીને પેટ ભરતાં ને શંખ વગાડતાં આવડે. આ મફત બાવા પીવાની એને શી બબર પડે ? ગાંડો લાગે છે!"

એક વખત ચાર ચોર મધરાતે બાતર પાડવા નીકળ્યા. બાતર પાડતાં ભીંત પડી ને ચોર દબાઈ ગયા.

ચોરની માને બબર પડી. મા રાજા પાસે ફરીઆદે ચાલી: "રાજજી, રાજજી, આ તમારા રાજમાં આવું તે કેવું અંધેર કે બાતર પાડતાં ભીંત પડી ને ચોર દબાઈ ગયા ? આ તે કાંઇ ન્યાય કહેવાય ? ઘરવાળાએ ભીંત તો પાકી કરવી જોઈએ ને ?"

રાજા કહે: "બોલાવો એ ઘરધણીને. આવું ઘર તે કયાંઈ બંધાતું હશે ?"

રાજાની કચેરીમાં ઘરધણી આવ્યો. બિચારો બીકથી ધ્રૂજતો હતો.

રાજા કહે: "કેમ, આ ભીંત એવી તે કેવી બાંધી કે બાતર પાડતાં ચોર દબાયા ?"

ઘરવાળો કહે: "સાહેબ, એમાં મારો વાંક નથી. એ તો ઘર ચણવાવાળાનો વાંક છે તે એણે ભીંતો એવી કરી. મેં કાંઇ એને સારૂં ચણવાની ના પાડી હતી ?"

રાજા કહે: "બોલાવો ચણવાવાળાને."

ચણવાવાળો આવીને કહે: "બાઈ-શા'બ એમાં મારો વાંક જરાયે નથી. એમાં તો ગારો કરનારની ભૂલ છે. એણે એવો પાતળો ગારો કર્યો હતો કે ચણતર કાચું જ રહે."

રાજા કહે: "ત્યારે એમાં તમારો વાંક નથી. એ ગારો કરનાર જ લુચ્ચો હશે. બોલાવો એને."

ગારો કરનાર આવ્યો ને કહે: "સાહેબ, એમાં મારો વાંક તલભાર નથી. પેલા પખાલીએ ધૂળમાં પાણી વધારે નાખ્યું તે ગારો ઢીલો થઇ ગયો. એમાં હું શું કરું? પાણીનું તો પખાલી જાણે ને?"

રાજા કહે: "ત્યારે બોલાવો એ પખાલીને. પાણી નાખતાં ધ્યાન કેમ ન રાખે."

પખાલી આવ્યો.

રાજા કહે: "આ પાણી નાખતાં ધ્યાન ક્યાં રાખ્યું હતું? ગારો ઢીલો થયો ને ભીંત કાચી ચણાઈ ને બાતર પાડતાં ચોર દબાયા. આ ચોરની મા ફરિયાદે આવી છે. ન્યાય તો આપવો પડશે ના?"

પખાલી કહે: "શા'બ આ તો છીંડે ચડ્યો તે ચોર. ભાઈસા'બ એમાં મારો વાંક લગારે નથી. હું ઘણો ધ્યાન રાખીને પાણી રેડતો હતો પણ ત્યાં તો પેલો મુલ્લાં ત્યાંથી નીકળ્યો ને મેં એની સામે જોયું. એટલામાં પાણી જરાક વધારે પડી ગયું. બાબાપ, બરો વાંક તો એ મુલ્લાંનો છે."

રાજા કહે: "બરી વાત છે. એ મુલ્લાંનો જ વાક હશે. એ ત્યાંથી નીકળ્યો જ શું કામ?"

રાજા પાસે મુલ્લાંજીને બડા કર્યા.

રાજા કહે: "કેમ મુલ્લાંજી, આ પખાલી પાણી રેડતો હતો ત્યાંથી શું કામ નીકળ્યા?"

"શા'બ અમસ્થો નીકળ્યો હતો. મને બબર નહિ કે પખાલી મારી સામે જોશે."

રાજા કહે: "બબર નથી કે મુલ્લાંજી થયા છો? બોકડા જેવી દાઢી રાખીને ફરો તે કોઇક સામું જુવે જ ના? બસ, ચડાવો આ મુલ્લાંજીને સૂળીએ. એક વાર સબત શિક્ષા કરવા દો, એટલે ગુલ્લો થતો જ અટકી જાય. એ બધા મુલ્લાં જ એવા છે."

કચેરી કહે: "વાહ! કેવો સરસ ન્યાય! રાજાજીને કાંઇ સમજણ છે!"

મુલ્લાંજીને સૂળીએ લઇ ચાલ્યા. મુલ્લાંજી કરે પણ શું? અંધેરી નગરી ને ગંડુ રાજા. નાસી પણ ક્યાં જાય?

બધા સૂળી પાસે આવ્યા. મુલ્લાંજીને લઈને ઉપાડ્યા ને ચડાવ્યા સૂળીએ.

પણ ભોગ લાગ્યા ને સૂળીનું ફળ જાડું નીકળ્યું. હવે?

હવે શું કરવુ?

રાજા કહે: "બસ આજે ન્યાય તો થવો જ જોઈએ. ચોર દબાઇ મૂવા એ કાંઇ જેવી તેવી વાત નથી થઇ. બસ, જાઓ

ને કોઈ જાડા માણસને શોધી લાવો.”

બધા કહે: “હા હા, એ જ ઠીક છે.”

સિપાઈ તો ઉપડ્યા. પેલા બાઈ પીને માતેલા ચેલાને ઉપાડી લાવ્યા.

ચેલો કહે: “પણ ભાઇશા'બ મારો કાંઇ વાંક ?”

રાજા કહે: “જાડો કેમ છે ? આ મુલ્લાં પાતળો છે તે જાણતો નથી ? કોઈકને સૂળીએ તો ચડાવવો જ છે. તારા જેવો જાડો બીજો કોણ છે ?!”

ચેલો મુંઝાયો. મનમાં કહે: “ભૂવા, આજે હવે આવી બન્યું. આ બાધું પીધું બધું ય ધૂળધાણી થશે. કમત સૂઝી ને ગુરુજીનું ન માન્યું. બરેબર મારા ગુરુજીએ ઠીક કહ્યું હતું કે આ તો અંધેરી નગરી ને ગંડુ રાજાનું રાજ છે. કોઈક વાર મોતનો દિવસ આવશે. પણ હવે ? હવે શું થાય ?”

ચેલો કહે: “મારે મારા ગુરુજીને મળવું છે. એક વાર એને મળીને સૂળીએ ચડું.”

ગુરુજીને ચેલો મળવા ગયો.

ગુરુજી કહે: “મેં નહોતું કહ્યું કે ભાઇ આ ગામમાં રહેવા જેવું નથી ?”

ચેલો ગુરુને પગે પડ્યો: “મહારાજ, મેં તેરી ગૌઆ. મને કોઇ રીતે બચાવો.”

ગુરુએ ચેલાને શીખવ્યું કે તારે એમ કહેવું કે ‘હું ચડું.’ ને હું કહીશ કે ‘મારે ચડવું છે.’ એમ નક્કી કરી ગુરુ ચેલો સૂળી પાસે આવ્યા.

ગુરુજી કહે: “હું ચડું.”

ચેલો કહે: “હું ચડું.”

ગુરુ કહે: “હું.”

ચેલો કહે: “હું.”

રકઝક ચાલી. રાજા કહે: “આનું કારણ શું છે એ તો કહો ?”

ચેલો કહે: “બસ મારે જ ચડવું છે.”

ગુરુ કહે: “બસ હું જ ચડું. બીજું કોઇ નહિ.”

રાજા કહે: “પણ પહેલાં કારણ કહો; પછી બીજી વાત.”

ગુરુ કહે: “એમ છે કે આ એવો વખત છે કે જે સૂળીએ ચડે એને સ્વર્ગ મળે. માટે મને જ સ્વર્ગે જવા દો.”

ચેલો કહે: “પણ મારે સ્વર્ગે જવું છે.”

રાજા કહે: “ભાઈ, મને જ સ્વર્ગે જવા દો ને ? તમારે કોઈને સૂળીએ નથી ચડવું.”

રાજા સૂળી ઉપર ચડી ગયો.

ગુરુ ચેલો ગામમાંથી જીવ લઇને નાસી છૂટ્યા.

આ અંકનો વધારો

મોન્ટીસોરી દ્વિતીય સંમેલન

નિબંધ સમિતિ પત્રિકા

પ્રશ્નોત્તર

માબાપો તથા શિક્ષકો,

મોન્ટીસોરી સંમેલનના પ્રસંગે એક પ્રવૃત્તિ 'પ્રશ્નોત્તર'ની ગોઠવી છે.

એવી વ્યવસ્થા કરવામાં આવી છે કે જેઓને બાળશિક્ષણના વિષયમાં મૂંઝવતા પ્રશ્નો હોય તેનો મોન્ટીસોરી પદ્ધતિની દૃષ્ટિએ ઉકેલ કરવાનો પ્રયત્ન કરવો.

અગાઉથી સૌ પોતપોતાના પ્રશ્નો નીચે સહી કરનારાઓને મોકલી આપે.

આ પ્રશ્નોમાંથી પસંદ કરેલા પ્રશ્નોનો ક્રમવાર ઉત્તર આપાવવા ગોઠવણ થશે.

પ્રશ્નો કેવી કેવી દિશામાં પૂછી શકાય તેની સમજણ માટે થોડીએક સૂચક યાદી આ સાથે આપી છે.

પ્રશ્નો માર્ચની તા. ૧૦ સુધીમાં આવી જવા જોઇએ.

શ્રીશારદામંદિર,
સરખેજ રોડ,
અમદાવાદ.

ભોગીલાલ ત્રિ. ઠાકર
રણછોડલાલ અમૃતલાલ
મંત્રીઓ: દ્વિ. મો. સંમેલન

દિશાસૂચક યાદી

બાળકોના જાતજાતનાં સ્વભાવ પરત્વેના પ્રશ્નો.
એકના એક જ બાળક પરત્વે ઉભા થતા પ્રશ્નો.
છેક છેલ્લા અને નાના બાળક પરત્વેના પ્રશ્નો.
એકથી વધારે ભાંડુઓ ભેગાં વસતાં હોય તેના પ્રશ્નો.
સંયુક્ત કુટુંબમાં વસતાં બાળકોના પ્રશ્નો.
શહેરની કેળવણીથી દૂર રહેતા કુટુંબનાં બાળકોના પ્રશ્નો.
બાળકની સ્વતંત્રતાના પ્રશ્નો.
બાળકની ડિસિપ્લીન–શિસ્તના પ્રશ્નો.
બાળકની રીસ, હઠ, પ્રેમ વગેરે જાતની (emotions) લાગણીને લગતા પ્રશ્નો.
બાળકની બુદ્ધિશક્તિ, કલ્પના, તરંગ, ક્રિયાશક્તિને લગતા પ્રશ્નો.
બાળકની સર્જનશક્તિના પ્રશ્નો.
બાળકના ભણતરના પ્રશ્નો.
યાદદાસ્તના પ્રશ્નો.
મંદતા અને અતિ બુદ્ધિપણાના પ્રશ્નો.
બાળકની સાહિત્ય વગેરે કલાવૃત્તિને લગતા પ્રશ્નો.
બાળકને માટે કેવી શાળા તેના પ્રશ્નો.
પોશાકના, ખોરાકના, વાતાવરણના, મિત્રોના, સહજીવનના વગેરે વગેરે જે પ્રશ્નો બાળજીવનમાંથી ઉભા થાય છે તે પ્રશ્નો.
પ્રાથમિક શિક્ષણ અને બાળકને લગતા પ્રશ્નો–મોન્ટીસોરી પદ્ધતિની દૃષ્ટિએ.

પૂછું ? . . . . . કહ્યો ત્યારે કહું

કેસુડાં કયા ઝાડ ઉપર થાય છે ? .... ખાખરાનાં.

ગ્યાસલેટ કયાં થતું હશે ? ... ... ગ્યાસલેટ જમીનમાંથી નીકળે છે. તેના કૂવા હોય છે.

ખેતીનાં મુખ્ય ઓજારો કયાં ? ... . હળ, રપટો, બેલી, કોસ, કુંડીયું.

કયા ઝાડને કોળાં જેવડાં ફળો થાય છે ... . ફણસના ઝાડને.

પેન્સિલ શાની થતી હશે ? ... . પ્લમ્બેગોની.

પીવા માટેનું પાણી લોકો માટીના વાસણમાં શા માટે ભરે છે ? ... . માટીના વાસણમાં પાણી ચોકખું ને ઠંડું રહે છે; કેમકે માટી ઝમે છે.

રાત્રે કયાં પ્રાણીઓ દેખી શકતાં હશે ? ... . ઘુવડ, ચિબરી, બિલાડી ને ચામાચીડીયું.

કેટલાંક કંદનાં નામ આપશો ? ... . રતાળુ, સૂરણ, મૂળા, ગાજર.

કયા કયા ઝાડમાંથી ગુંદર નીકળતો હશે? .... બાવળ, બેર, લીમડો, એખરો, બોરડી, કડો, અગથિયો, ગોરડ.

તારા દિવસે કેમ દેખાતા નથી ? .... સૂર્યના તેજથી તેમનું તેજ ઝાંખું પડી જાય છે.

ફૂલોના કયા કયા શણગારો બને છે ? .... હાર, તોરા, કલગી, ગજરા, વેણી, બાજુબંધ, પછેડી.

દીવાસળી વગર દેવતા કેમ સળગાવાય ?.... .... અરણીનાં બે લાકડાં ઘસવાથી; ચકમક સાથે લોઢું અફાળવાથી સૂર્યકાચને સૂર્ય સામે ધરવાથી.

Reg. B 2241

ગ્રાહકોને

શિક્ષણ પત્રિકા
નો
આવતો અંક **વી. પી.** થશે.

જેઓનું લવાજમ તારીખ ૮ માર્ચ પહેલાં આવ્યું નહિ હોય તેમને ચોથા વર્ષનો પહેલો અંક વી. પી. થશે.

જેઓ મનીઓર્ડરથી અગર બીજી રીતે પૈસા મોકલવા માગતા હોય તેઓ તેમ લખી મોકલવા કૃપા કરે.

મહેરબાની કરી વી. પી. પાછું ઠેલશો નહિ. અમને નાહકનો ખર્ચ પડે છે.

શ્રી દ. મૂ. બાલમંદિર ભાવનગર } વ્યવસ્થાપક શિક્ષણપત્રિકા

તમારું નાનકડું પુસ્તકાલય

જીગતરામના પાઠો	શ્રી. જીગતરામ
અધુરીયાભાઇ	,, ચંદ્રશંકર
બાલવાર્તાવળી	શ્રીમતી હંસાબેન
ગોપીચંદ	,, લીલાવતીબેન
મંગેશનો પોપટ	,, તારાબેન
સુંદર વાર્તા	શ્રી. ગિજુભાઇ
કારણ આજે દીવાળી	,, યશવંત પંડ્યા
એક હતો કુતરો	,, વીમાવાળા
અમારી વાર્તાઓ	,, નાગરદાસ અને સુમતિબેન
ડાહ્યું કોણ ?	શ્રી. છ. હ. ચૌધરી
તારામંડળ	પુસ્તકાલય સ. સ. મંડળ
બાલહાસ્ય	શ્રી. રમણલાલ નાનાલાલ
કેમ કથાઓ	,, હિંમતલાલ ચુનીલાલ
ડોશીમાની વાતો	,, ઝવેરચંદ મેઘાણી
ટચુકડી વાતો	,, હ. ક્રા. કાંટાવાળા
દેશદેશની માર્મિક વાતો	,, દેશાઇ અને જોશી
બાળકોનો આનંદ	સ્વ. ઇચ્છારામ દેશાઇ
દયાળુ માતા અને સદ્‌ગુણી પુત્રી	સસ્તું સા. વ. કાર્યાલય
બાળસંવાદ	શ્રી. નાગરદાસ રાવળ

સૂતપુત્ર કર્ણ

મહાભારતના વીર કર્ણનું ચરિત
લેખક : શ્રી. નાનાભાઈ
કિંમત ૩ આના પોસ્ટેજ ૧ આનો

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૯૬

અંક ૧ લો
ફાલ્ગુન

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

જ્યાં સુધી આપણી આજુબાજુમાં ગંદકી છે,
ત્યાં સુધી આપણી જ સ્વચ્છતા ટકવાની નથી.

જ્યાં સુધી આપણી આજુબાજુ ચેપી રોગો છે,
ત્યાં સુધી આપણું જ આરોગ્ય સહીસલામત નથી.

જ્યાં સુધી આપણી આસપાસ દરિદ્રતા છે,
ત્યાં સુધી આપણો જ રોટલો નિર્ભય નથી.

જ્યાં સુધી આપણી આસપાસ ચોર, લુંટારા અને
ખૂનીઓ છે ત્યાં સુધી આપણો જ જાન સુરક્ષિત નથી.

જ્યાં સુધી આપણી આસપાસ નિરક્ષરતા, અજ્ઞાન,
અંધકાર, વ્હેમ, જડતા, કુરિવાજ, કુરૂઢીઓ છે,
ત્યાં સુધી આપણું જ જીવન સ્વસ્થ નથી, સુખી નથી.

કંઈ નહિ તો આપણે આપણા જ હિત માટે
લડીએ, ગંદકી, ચેપીરોગો, દુષ્ટતા, દરિદ્રતા અને
નિરક્ષરતા સામે આપણે જ ઉભા થઇએ અને
ઝુઝીએ, દુનિયામાં ચાલી રહેલી અનેક લડતોમાંથી
કઇ લડતમાં આપણે પણ ઝુકાવીશું ?

નવું વર્ષ

આજે આપણે પત્રિકાના પાંચમા વર્ષમાં પ્રવેશ કરીએ છીએ. આ વર્ષ પણ નિર્વિઘ્ને પસાર થાએ એવી આપણે પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ. પત્રિકા અને આપણે સૌ એની કૃપાછાયામાં જ વિકસી શકીએ અને વિકસી રહ્યાં છીએ. એ કૃપાછાયા આપણા પર અમર રહો, અનન્ત રહો. નવા વર્ષમાં પ્રવેશ કરતાં આપણે નિશ્ચય કરીએ કે આપણે પરસ્પર વધારે મદદગાર થઇએ, આપણી સંઘશક્તિ વધારે સંગઠિત કરીએ, આપણી પત્રિકાની સેવામાં કંઇ ને કંઇ અર્પણ કરીએ. પત્રિકાથી આપણી વચ્ચે થએલ સંબંધ વધારે ને વધારે દૃઢ કરીએ. નવું વર્ષ આપણને સૌને સફળ નીવડો.

તંત્રીઓ

નવા વર્ષે ▫ ▫ ▫ ▫ ▫ અભિલાષાઓ

નવા વર્ષે પાત્રિકા કંઇ કંઇ કોડ કરે અને આપણે સૌ તે પૂરા પાડીએ. ગયે વર્ષે પત્રિકાએ ૪૦૦૦ સંઘીઓને માગ્યા અને આપણે તે આપ્યા. આ વખતે પાત્રિકા ૫૦૮૦ મિત્રો માગે છે. આપણે ચાર હજાર થઇને એક હજાર મિત્રોને શોધતાં કેટલી વાર ? આપણે એક એક જ નવો મિત્ર શોધીએ તો પણ પત્રિકાનું બળ બમણું થાય. પણ પત્રિકા આ વર્ષે માત્ર ૧૦૦૦ મિત્રો જ વધારે માગે છે. પત્રિકા આપણી પાસે આજીવન સભ્યો પણ માગે છે. આપણે ધારીએ તો આપણામાંથી જ ઘણાઓને આપી શકીએ. નવા વર્ષની આ માગણી જરા લક્ષમાં લઇશું તો પત્રિકાના આજીવનસભ્યો બમણા થઇ જાય. આજે આજીવનસભ્યો બાવન છે. આ તો બહુ થોડી સંખ્યા. પત્રિકા આપણું સૌનું પ્રિય સંબંધી છે અને તેથી જ આપણે સૌ તેના ઉપર પ્રેમ કરી રહ્યા છીએ. આ વર્ષે આપણે તેને વધારે શોભાવીએ, વધારે સમૃદ્ધ કરીએ.

રાજબાળકની . . . ખરી . . . કેળવણી

આજે રાજ્ય મહારાજાઓ પોતાનાં બાળકો માટે બબ્બે હજાર રૂપિયા ખર્ચી તેમને માટે કાચા પાયાની કેળવણી ખરીદે છે. તેઓની નજર ઉઘડે તો તેઓ તેમાંથી ચોથા ભાગને ખર્ચે પાયાશુદ્ધ કેળવણી, રાજના મિજાજને ખાસ જરૂરતી એવી સ્વાતંત્र्यની કેળવણી, સહેલાઇથી મેળવી શકે છે.

અમે તો એમ માનીએ છીએ કે રાજપુત્રો ને રાજકન્યાઓની ખરી કેળવણી પ્રજાના બાળકો સાથે જ થઇ શકે. બાળપણમાં જેઓ પ્રજાની સાથે રમ્યા હોય, નાચ્યા હોય, કૂદ્યા હોય તેમની શક્તિઅશક્તિ અનુભવી હોય તેઓ જ આગળ જતાં રાજપદે આવે ત્યારે પ્રજાનાં સુખદુઃખ સારી રીતે સમજી શકે. પ્રજાના સુખે સુખી ને પ્રજાના દુઃખે દુઃખી થઇ શકે. સાચા અર્થમાં પ્રજાના પાલનહાર થઇ શકે. આજની રાજ કેળવણીની પ્રથા તો પ્રજા ને રાજા વચ્ચે લાખ ગાડાનું અંતર વધારે એવી છે. જે રાજા અને

પ્રજાએ બાળપણમાં સાથે ભણી સાચું સ્વાતંત્ર્ય ચાખ્યું હોય, સ્વાતંત્ર્યના વાતાવરણની હવા લીધી હોય તો આગળ જતાં રાજા ને પ્રજાના પ્રશ્નો હિત દૃષ્ટિએ એક બીજાથી જૂદા પડી જ ન શકે.

બાલમંદિરની કેળવણી એટલે સ્વાધીનતાની કેળવણી. રાજબાળક બાલમંદિરમાં આવીને સુપડી સાવરણી લઇ વાળે, અથવા પોતાનું ટેબલ પોતે સાફ કરી નાખે, પોતાના બૂટ પોતે પહેરતાં શીખે, તો તેમાં રાજશોભામાં કશો ઘટાડો તો નથી જ થતો પણ વધારો થાય છે. જે રાજા થવા માટે સર્જાએલો છે, જેને રાજ્યોનું પાલન કરવાનું છે, તે પોતે પોતાની બાબતમાં જ નોકરડાનો ગુલામ રહે તે કેમ ચાલે ! એટલે તેરીતે પણ રાજબાળકો બાલમંદિરમાં સૌની સાથે ભણે રમે જમે એ અત્યંત ઇષ્ટ જ છે. તા.

બરી જરૂર ક્યાં - - - - - - છે ?

"મોન્ટીસોરી પદ્ધતિની બરી જરૂર આફ્રિકાના હબસીઓને છે. એ પ્રાણદાયી પદ્ધતિથી એ નિષ્પ્રાણ પ્રજામાં ચેતન પ્રગટશે. એ સ્વાતંત્ર્ય અને સ્વયંસ્ફુર્તિના સિદ્ધાન્ત પર રચાએલી પદ્ધતિ, એ દીનહીન પ્રજાને ગુલામીમાંથી મુક્ત કરશે. પણ એ ભગીરથ કાર્ય કોણ કરે ? કેવી રીતે કરે ? કયારે કરે ?

* * *

સાચે જ મોન્ટીસોરી પદ્ધતિ પ્રથમ તો ગરીબો માટે છે. ગરીબોના આંગણામાં મોન્ટીસોરી પદ્ધતિને લઇ જવાનું કાર્ય હજી બાકી છે. મિલ માલેકોના આંગણે હજી મોન્ટીસોરી પદ્ધતિ નથી પહોંચી. હિંદના નિરાધાર કંગાળ બાળકોને જ્યારે કોઇ માતૃહૃદય ગોદમાં લેશે ત્યારે હિંદુસ્તાન ઇટલીની મોન્ટીસોરી પદ્ધતિને વીસરી જશે, ત્યારે આફ્રિકાના ઉત્કર્ષને માટે પણ હિંદની મોન્ટીસોરીના શિષ્યો મોમ્બાસાના કિનારે ઉતરી આવશે. ત્યારે સમસ્ત માનવ હૃદયમાં જ્ઞાનદીપ પ્રગટાવવા મથતા કેળવણીકારોને એ સાદી, સરલ, સસ્તી ને ઉપયોગી પદ્ધતિ ચકમક રૂપ થઇ પડશે. હિંદુસ્તાનને રેંટીયા જેટલી કોઇ પણ વસ્તુની જરૂર હોય તો તે આવી ચેતનદાયી શિક્ષણપદ્ધતિની. મોન્ટીસોરી પદ્ધતિને ગરીબોના ઘરમાં લઇ જવાશે તે દિવસે આપણા મોન્ટીસોરી સંઘનું જીવ્યું સાર્થક થશે."

મોશી, પૂર્વ આફ્રિકા } **રામનારાયણ ના. પાઠકના** એક પત્રમાંથી

અંત્યજ ભાઇઓ માટે ?

ગયે વર્ષે ઉદાર ગૃહસ્થોએ અંત્યજ ભાઇઓને પત્રિકા પહોંચાડવા મદદ મોકલેલી. એવી એક મદદ નવા વર્ષે રૂા. ૨૫) ની આવી છે. શ્રી કોરશી વીજપાળ રંગૂન. પચીસ અંત્યજના ઘરમાં પત્રિકા જશે. પણ અંત્યજ ભાઇઓ માટે જેટલા નાણાં આવે તેટલાં ઓછાં. જેટલા અંત્યજ ભાઇઓ પત્રિકાનો લાભ લે તેટલું આપણે રળ્યા. જે ભાઇઓ અને બહેનો અંત્યજને માટે પોતાના તરફથી જે કંઇ રકમ મોકલી આપશે તે સ્વીકારતાં હર્ષ થશે.

વેળાસર આપની મદદ મોકલી આપશો. . . . . .

માતા પિતાઓને ભલામણો

જેમને માતા પિતા થવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થયું છે તેમને સપ્રેમ અર્પણ.

૧ તમે તમારા પૂરા અંતઃકરણથી, તમારા સમગ્ર આત્માથી, તમારા સંપૂર્ણ બળથી, તમારા બાળકને ચાહજો; પણ સાથે સાથે ડહાપણથી ને તમારી સમગ્ર બુદ્ધિથી ચાહજો.

૨ તમે તમારા બાળકને પોતાની માલીકીનું ના ગણજો. પણ તમે તેને એક સ્વતંત્ર વ્યક્તિ લેખજો.

૩ તમે તમારા બાળકના પ્રેમ અને માનને હક્ક તરીકે ના માગજો; ઉલ્કટું એના તમે અધિકારી થજો. થવા પ્રયત્ન કરજો.

૪ તમે જ્યારે બાળકની અપૂર્ણતાથી અને બીજાઓથી અધીરા થઇ છેડાઇ પડો ત્યારે તમારું બચપણ યાદ કરજો ને તમારી પોતાની ન્યૂનતાઓ અને અધુરાપણાને સંભારજો.

૫ તમે યાદ રાખજો કે બાળકની સમક્ષ તમે તેનો આદર્શ છો. માટે જ યોગ્ય આદર્શ થવા તમે ધ્યાનમાં રાખજો.

૬ એ પણ વળી યાદ રાખજો કે તમારા ઉપદેશ કે ઠપકા કરતાં તમે જે કરી બતાવશો તે જ તેને કામ આવશે.

૭ રસ્તા ઉપરના માર્ગ બતાવનાર પાટીયા જેવા તમે બાળજીવનને દેખાજો. પૈડાને ખુતાડી દે છે તેવા ધૂળવાળા અને ઉંડા ચીલા જેવા ના થજો.

૮ તમે તમારા બાળકને સ્વાધીન થતાં અને જીવનકલહમાં જાતે જ લડી લે તેવાં કરજો.

૯ તમે તમારા બાળકને પગભર કરજો. તેને તમે જીવનવિગ્રહની સામે ઝુઝે તેવાં કરજો.

૧૦ તમે તમારા બાળકને સૌંદર્યને જોતાં, દયા માયા આચરતાં, સત્યને ચાહતાં અને મિત્ર થતાં શીખવજો.

૧૧ તમે તમારા ઘરમાં સાચું ગૃહજીવન આણજો. તમારું, તમારા બાળકોનું, મારતા મિત્રોનું અને તમારા બાળકોના મિત્રોનું, તમારા ઘરને સાચું સ્વર્ગ બનાવજો. (અંગ્રેજીને આધારે)

નવી માતા

આજે સૌની આંખો 'નવી સ્ત્રી' તરફ વળી છે. આજનો યુગ 'નવી સ્ત્રી' માગે છે.

પરંતુ આવતો યુગ 'નવી માતા' માગે છે. કારણ નવો યુગ બાળકનો છે. નવા યુગની માતા આમાંથી જ નીકળવી જોઇએ.

નવી પેઢી નવો ઉછેર માગે છે. શિક્ષણમાં નવી દિશા માગે છે.

આવતી પેઢીને માતાનો લાડઘેલો પ્રેમ નથી જોતો. પણ તે બાળવિકાસને પોષે તેવો સાચો પ્રેમ માગે છે.

લાડઘેલા પ્રેમમાં માતા પોતાને સંતોષે છે.

સાચા પ્રેમમાં માતા બાળકને પોષે છે.

લાડઘેલા પ્રેમમાં માતા બાળકને અપંગ બનાવે છે.

સાચા પ્રેમમાં માતા બાળકને સ્વાધીન બનવા મદદ આપે છે.

લાડઘેલા પ્રેમમાં માતા બાળકની ઉગતી આકાંક્ષાઓ દબાવે છે.

સાચો પ્રેમ બાળકને વિકસવાનો પૂર્ણ અવકાશ આપે છે. નવી માતા સાચો પ્રેમ જાણે છે. તા.

એ પણે.....બાપુ આવે

(૧)

એ પણે બાપુ આવે, હેઠયાં.

"ચાલો ત્યારે હવે પછી વાંચશું."

"આજે મારે બાપુને મેં ગોઠવેલી જોડાની હાર બતાવવી છે. જો પેલી રહી. બાપુ કહેશે સુંદર છે."

"ઉભો રહે; માટીનાં રમકડાં બનાવ્યાં છે તે મેડી ઉપરથી લઇ આવું."

"જો તો જરા આ બાંય ચડાવી દે ને. મારા હાથ શાહીવાળા છે. બાપુનો બડીઓ અને હોલ્ડર સાફ કરું છું."

"પેલી બાપુની ચોપડીમાં નિશાન મૂકયાં કે? એ ચિત્રો બાપુને બતાવવાનાં છે." ગિ.

(૨)

"એ પણે બાપુ આવે."

"જા, જા, ઝટ ચોપડી લઇને બેસી જા નહિતર બાર વાગ્યા સમજજે."

"એલા આ તારા જોડા રસ્તામાંથી ઉપાડી લે. બાપુ, ભાળશે તો લગાવશે."

"કોણ બાપુ આવે છે કે? ચાલ મને ઝટ ઝટ હાથ ધોઈ લેવા દે.કહેશે કે ગારાળા કેમ કર્યાં."

"એ રૂખી, સરખું ઓઢ, જો બાપુ દેખાણા. કાલે કાન ખેંચ્યો હતો તે ભૂલી ગઇ?"

"એલા મૂકી દે ઇ બાપુની ચોપડી. બાપુએ નો'તું કીધું કે જો કોઇ અડ્યાં છો ઇ ચોપડીને તો." ગિ.

તમને . . . . . શું લાગે છે?

શિવજીભાઇ બહુ કડક હતા. ઘરમાં ચાર છોકરાં. રતુ, અમૃત, ધીરી ને છગન. ચારે છોકરાં નામ સાંભળી ધ્રૂજે. શિવજીભાઇને ઘેર આવવાનો વખત થાય ત્યાં તો સૌ પાઠ કરવા બેસી જાય. કોઇ ચૂં કે ચાં ન કરે. શિવજીભાઇ ઘરમાં રહે ત્યાં સુધી સૌ ડાહ્યું ડમરું. જ્યાં શિવજીભાઇ બહાર ગયા કે કુદાકુદ ધક્કમ ધક્કા ગમ્મત રમત નાચમ નાચા. ચોપડી તો હાથમાંયે કોણ લે.

શિવજીભાઇ મનમાં એમ સમજતા હશે કે છોકરાં કેવાં ડાહ્યાં ને કામઢાં છે?

શિવજીભાઇ મનમાં એમ સમજતાં હશે કે જોયું મારો રોફ કેવું સરસ કામ કરે છે?

શિવજીભાઇ મનમાં એમ પણ માનતા હશે કે મને છોકરાંને સીધા રાખતાં બહુ આવડે છે.

શિવજીભાઇ ભલે એમ ધારે પણ તમને સૌને શું લાગે છે? ગિ.

શાન્તિમાં ભંગ . . . . . કેમ પાડે છે?

બાલમંદિરમાં વારંવાર શાન્તિની રમત ચાલે છે. એકાદ ઓરડામાં બાળકો બધાં ભેગાં થાય. શાન્તિથી બેસે. હાથ હલતાં બંધ થાય. પગ કે માથું પણ ના હલે. બધાં બાળકો સ્થિર થાય. ધીમે ધીમે ઓરડાના બારણા ઉપર પડદા પડે ને કોઇ કોઇ બારણાં બંધ થાય. અજવાળો ઓરડો અંધારો થવા માંડે. શાન્તિ અને ઝાંખું અજવાળું. સુંદર મજાનો દેખાવ,

બરાબર શાન્તિ જામે એટલે સંગીત શરૂ થાય. સૌ સાંભળવામાં તરબોળ હોય ત્યાં 'એં એં ઉં ઉં' નો અવાજ આવે ને રમતમાં ભંગ પડે. રામજી જ રડતો હોય. ઉભો થઇને ભાગવા માટે બારણા સુધી આવ્યો જ હોય.

કારણ શોધતાં એમ જડેલું કે રામજીને

એંઠું . . . . . કેમ ખાય છે?

બાલમંદિરમાં રોજ નાસ્તો હોય છે. નાસ્તા પછી સૌ બાળકો રમવા નીકળે. ચંદ્રપ્રભા સૌથી છેલ્લે રહે. ધીમે ધીમે ખાય ને પાછળ રહે. રોજ છેલ્લી મોડી મોડી નીકળે.

શિક્ષકને થયું: "આનું કારણ તે ધીમે ખાવાની ટેવ છે કે છે શું?"

શિક્ષકે ઝીણી તપાસ રાખી. નજરે આવ્યું કે બધાં બાળકો ગયા પછી ચંદ્રપ્રભા બીજાં બાળકોનાં પ્યાલમાંથી વધેલું લઇ છે ને ખાઇ જાય છે.

શિક્ષકે પ્રેમથી પૂછ્યું: "ચંદ્રપ્રભા, બીજા-એ તોફાન કરે તો એના બાપા અંધારા ઓરડામાં પૂરે છે. અંધારા ઓરડામાં પૂરી દેવાની ધમકી આપે છે.

બાલમંદિરના અંધારા ઓરડામાં પેલી બીક અને અનુભવ સાંભરે છે ને રામજી શાંતિની રમતમાં ભંગ પાડે છે. ગિ.

બીજાં . . . . . ના પ્યાલામાંથી કેમ લો છો?"

ચંદ્રપ્રભા કહે: "મને ભૂખ લાગે છે. તમે તો થોડું જ ખાવાનું આપો છો."

શિક્ષક કહે: "પણ ઘેર જમીને નથી આવતાં?"

ચંદ્રપ્રભા કહે: "આવીએ છીએ. પણ બા પૂરું ખાવાનું નથી આપતી. કહે છે કે જાજું ખાઇશ તો ઝાડા થશે ને માંદી પડીશ. અરધું ખવરાવીને ઉભી કરે છે."

શિક્ષકને વાત સમજણી કે ચંદ્રપ્રભા એંઠું કેમ ખાય છે. ગિ.

મોન્ટીસોરી પદ્ધતિ એ શું છે?

સ૦ મોન્ટીસોરી પદ્ધતિ એ શું છે?

જ૦ નાનાં બાળકોને કેળવવાની પદ્ધતિ.

સ૦ તે એનું નામ મોન્ટીસોરી કેમ?

જ૦ ડો. મોન્ટીસોરી નામની એક બાઇ છે. તેણે નાનાં બાળકોને કેળવવાની નવી રીત કાઢી તે ઉપરથી તે રીતનું નામ મોન્ટીસોરી.

સ૦ પણ પેલી 'કિન્ડર ગાર્ટન' એવું કંઇક કહે છે તે નહિ?

જ૦ ના કિન્ડરગાર્ટન જૂદી છે. તેને અને મોન્ટીસોરીને ગાઢાંતું અંતર.

સ૦ નવી રીત તે વળી શી કાઢી છે?

જ૦ નવી રીતમાં એમ છે કે છેક નાનાં બાળકોને માર્યા વિના ને ઇનામ આપ્યા વિના શીખવવાનું.

સ૦ પણ સાવ માર્યા વિનાં ચાલતું હશે? એમ ને એમ તે કાંઇ બાળક ભણે?

જ૦ હા, એની નિશાળોમાં જઇને જુઓ તો ખબર પડે. એક પણ બાળકને મારવું ન પડે.

સ. ઇ તો હશે પણ નાના એટલે કેવડાં બાળકોને શીખવવાની નિશાળ?

જ૦ નાનાં એટલે ૨॥ કે ત્રણથી તે ૬ વરસ સુધીનાં બાળકોને શીખવવાની નિશાળ.

સ૦ એટલાં બધાં નાનાં બાળકને વળી શું શીખવવાનું હોય ?

જ૦ એને તો ઘણું ય શીખવવાનું હોય છે. એને નિશાળમાં ચાલતાં અને દોડતાં શીખવે.

સ૦ તે ચાલતાં અને દોડતાં તો સૌ બાળકને આવડે. એમાં શીખવવું'તું શું ?

જ૦ ના, બાળકોને ચાલતાં નથી આવડતું. શરીર બરાબર હાથ નથી હોતું તેથી તેનાથી સીધી લીટીએ નથી ચાલી શકાતું. જેમ સાઇકલનું હેંડલ આડું અવળું થઇ જાય છે ને સાઇકલ વાંકી ચુંકી ચાલે છે તેમ બાળકો ચાલે છે. એને બરાબર ચાલતાં શીખવે છે. બરાબર ચાલતાં આવડે એટલે જ્યાં ત્યાં ન અથડાય.

સ૦ પણ એમાં શીખ્યું શું કહેવાય ? એ તો મોટા થાય ત્યારે સૌને આવડે.

જ૦ ના, નાનપણથી સફાઇથી ચાલતાં ન આવડયું તો મોટપણેય બેઢંગ જ ચલાય છે. આપણા મોટી ઉંમરના માણસોને જોને કેમ ચાલે છે. તેઓ જરાએ સફાઇ કે શોભા વિના ઢંગધડા વિનાના ચાલતા જોવામાં આવે છે. ને એ તો નાની ડાળ વાળીએ તેમ વળે. નાનપણથી સારી રીત લીધી તો ઠેઠ સુધી ચાલે.

સ૦ ત્યારે બાલમંદિરમાં તો બધાં નવી રીતે ચાલતાં હશે ?

જ૦ નવી રીતે તો ઠીક પણ કોઇ બારણા સાથે કે ટેબલ સાથે કે જ્યાં ત્યાં અથડાઇને નહિ ચાલે. કાચના પ્યાલાઓમાં પેન્સિલો પડી હોય છે, કુંડાં, ફુલદાનીઓ, નાનાં ટેબલો, એવું એવું રસ્તામાં આવે છે પણ અથડાઇને ઉંધું પડતું નથી. જમતી વખતે પણ કોઇના પ્યાલા કોઇના પગથી અથડાઇને ઉંધા નથી પડતા.

સ૦ ઈ તો કોઇ ઢોળે ફોડે તો ત્યાં કોઇ વઢતું હશેના ?

જ૦ નારે, વઢવાનું તો નામજ નહિ. વઢવાથી માણસ કાળજી રાખી ધીમે ધીમે ચાલે તો તે કેટલો વખત ? ઉલટો બીકમાં ને બીકમાં વધારે લથડે. પણ અહીં તો શરીર કાબુમાં આવ્યું હોવાથી બરાબર ચલાય છે.

સ૦ વાત તો ઠીક લાગે છે. પણ દોડતાં શી રીતે શીખવવાનું ? જોર હોય તે દોડે. માંદુ હોય તે ન દોડે. એમાં શીખવવાનું શું ?

જ૦ છે, એમાં પણ શીખવવાનું છે જ. ગામમાં કે ઘરમાં નાનાં બાળકોને જોયાં છે કે ? દોડશે તો પગ પછાડતાં ધપ ધપ, થપ થપ, લફ લફ કરતાં દોડશે. વાંકા ચૂંકા તો દોડશે પણ દોડતાં દોડતાં ગુલાંટ ખાઇ જશે. એવાં બાળકોને સુંદર રીતે દોડતાં શીખવે છે.

સ૦ તે બાલમંદિરનાં બાળકો તે વળી કેમ દોડતાં હશે ?

જ૦ બાલમંદિરનાં બાળકો હાથ જરા ઉંચા રાખી કોણીથી વાળી, પગના ફણા પર દોડે છે. એટલે શરીર સમતોલ રહે છે ને પગનો અવાજ થતો નથી. ઘણાં બધાં બાળકો કસમ કરતાં હોય તેની વચ્ચેથી નાનું બાળક દોડીને જઇ શકે છે.

સ૦ પણ બીજું કાંઇ શીખવવાનું બચ્યું કે ?

જ૦ હા, બીજું ઘણું યે શીખવાનું. બેસતાં ને ઉઠતાં પણ શીખવે છે.

સ૦ તે એમાં પણ શીખવવાનું ? એ પણ નાનાં બાળકને નથી આવડતું ? ઘરમાં તો રોજ બેસે છે ને ઉઠે છે.

જ૦ પણ એમાં અને બાલમંદિરમાં બેસતાં ઉઠતાંમાં ફેર છે. બાલમંદિરમાં બાળકોને બેસતાં ઉઠતાં જોશો તો શું જોશો કહું ?

સ૦ હા કહોને.

જ૦ વારૂ આવતે અંકે કહીશ.

બાલમંદિરની સૃષ્ટિ

બાલમંદિરો વિષે સ્વપ્નો સેવતી હતી. તેનું ઉજળું ભવિષ્ય કેવું હોય તેની કલ્પનામાં વિરહતી હતી. ત્યાં બે ચિત્રો આંખ આગળથી પસાર થયાં.

મોટું વિશાળ મકાન છે. મોટા મોટા ઓરડા છે. પ્લાસ્ટરની સરસ ભીંતો છે. સુંદર રંગે ભીંતો શોભે છે. મધ્યમાં કલાત્મક રંગોળી ને જુવારા છે. ભીંતે સુંદર ચિત્રો છે. બાળકો માટે ઉત્તમ આસનો છે. એકંદરે ઠાઠઠઠારો ભારે મનમોહક છે. બધે સમૃદ્ધિની છાયા પસરેલી છે. બહાર એવો જ સરસ બગીચો છે. બગીચામાં ઠેકઠેકાણે બેસવા માટે આરસ પથ્થરના ઓટલા છે. પીતળની કોતરણીવાળી સાંકળના હિંડોળા છે. કુવારા છે.

પણ બાળકો કયાં ? બાળકો કયાંક ભટકતાં હતાં. સાધનસંપન્ન ઓરડામાં તેમને લાવવા માટે શિક્ષક જતનતની તરકીબો રચતો હતો. મોન્ટી-સોરીનાં નીરસ, કલાહીન સાધનોમાં તેમને રસ ન પડે તેથી શિક્ષકે જતનતનાં બાળપ્રિય ઉધોગો વધાર્યા હતા ને ઓરડે ઓરડે શિક્ષકો રાખ્યા હતા ! બાળકોને કાપવા માટે ભાતભાતના કાગળ, રંગીન સુંદર ને હાથીદાંતની મુઠવાળી સુંદર કાતરો મૂકી હતી. શીવવા માટે રંગબેરંગી કુલઝાડથી સુશોભીત કપડાં ને ભાતભાતની રેશમની દડી મૂકી હતી. પણ બાળકો તો આમથી તેમ દોડે. શિક્ષક તેમને કાગળનાં ઓરડામાં લઇ જાય ત્યાં તો તે શીવણના ઓરડામાં ભાગી જાય. શિવણના ઓરડામાં શિક્ષક જાય ત્યાં તેઓ બગીચામાં નાઠા જ હોય. એક એક ઓરડામાં એક બે એક બે બાળકો કાંઇક ચીંથેલું કામ કરતાં હતાં ને શિક્ષકની પાછળ પડતાં હતાં કે 'કરી ધોને' 'કાઢી ધોને.'

ચિત્ર બદલાણું. દૃશ્ય ફરી ગયું. છાણમાટીથી સુંદર લીંપેલી એક પરસાળ છે. શણગારમાં માત્ર એક કેશુડાંની ડાળ છે. ભીંતે હાથે કાઢેલાં બાળકોનાં ચિત્રો છે. એક બાજુએ ગામના ચિતારાએ ચિતરેલી સરસ્વતી દેવી છે. બીજે બાળકોએ કાઢેલા ગણપતિ છે. પરસાળની સામે નાનો વાડો દેખાય છે. વાડામાં શાકભાજીના કયારા લીલાછમ દેખાય છે. બાળકો પાણી વાળવાનું કામ કરતાં નજરે પડ્યાં.

સાઠ માણસ સુખેથી બેસી શકે એવડી પરસાળ. ત્યાં ત્રીશ બાળકો ભેગાં થઇ પોતાનાં કામો કરતાં હતાં. તે દૂરથી એકાદ મધપૂડા જેવું લાગતું હતું. મિનારાના પડવાનો ઝીણો ધડુમ ધ્વમ, રંગની તખ્તીનો ઝીણો કટકટ અવાજ, ને ડાબલીની ઝીણી ખટખટ એ બધું ચાલતું હતું. પણે બે જણા વાતો કરતા હતા. પેલી બાજુ ચાર જણા મળીને એક મકાન પૂરું કરતાં હતાં. એક બાજુ કોડીઓ ગણાતી હતી. બીજી બાજુએ છોકરાં દડબડ દડબડ અક્ષર મૂકવા જતાં હતાં. શિક્ષક આખા ઓરડામાં ફરી જ્યાં જ્યાં મદદ જોઇતી હતી ત્યાં આપતો હતો. એનો મદદનીશ અક્ષર શીખવતો હતો ને કોડીઓ ગણાવતો હતો. જોવા આવેલો એક મુંબઇનો મેમાન વિચાર કરતો હતો કે આ આટલી જગ્યામાં આટલાં બધાં બાળકો આમથી તેમ ફરે છે હરે છે તે શું કરે છે ? આ તે કઇ જતની શાળા !

પહેલું દૃશ્ય જોતાં મનને દુઃખ થતું હતું. હૃદયમાં ભવિષ્ય માટે નિરાશા છવાતી હતી. હાય ! હાય ! જે કિંડરગાર્ટનનું થયું તે જ ભવિષ્ય મોન્ટીસોરી માટે રાહ જોઇ રહ્યું છે એમ થતું હતું. શિક્ષકો બાહ્ય સમૃદ્ધિ વધારામાં તરત સમજશે. શાળા એક શ્રીમંતનું દિવાનખાનું બનાવતા તેમને ઝટ આવડશે. છેલ્લામાં છેલ્લાં સાધનોનો ઓર્ડર તે તરત આપી દેશે. પેલા બાલમંદિરે બે કબાટ વસાવ્યા તો પોતે ત્રણ વસાવી દેશે. પેલાએ

સિનેમા વસાવ્યો તો પોતે રેડીયો વસાવશે. ને ન થાય ત્યાં સુધી અસંતુષ્ટ રહેશે. પણ આ બધાથી શું ? પેલા બાળકોનું ને તેમના માનસનું શું ? તેમની એકાગ્રતાનું શું ? ને તેમની ક્રિયાશક્તિની કેળવણીનું શું ? તેમનું સ્વાતંત્ર્ય ? તેમની સ્વયં-સ્ફુર્તિ ? તેમની અંદરની આજ્ઞાંકિતતા ? હાય ! ભવિષ્ય બધું કાળું, નિરાશાજનક દેખાણું હતું. પણ બીજું ચિત્ર જોઇ મનને ઉલ્લાસ થયો. ઉત્સાહ આવ્યો. આશાનાં મીઠાં કિરણોથી ભવિષ્ય ઉજળું દેખાવા લાગ્યું. મનને થયું બધા બહારની સમૃદ્ધિથી મોહિત થવા વાળા જ નહિ પાકે, બાલ-મંદિરની ખરી સમૃદ્ધિ જાણવાવાળા પણ હશે. આ કામનો આત્મા પકડવાવાળા પણ નીકળ્યા હશે ખરા. તેઓ બાળકના માનસમાં ઉંડા પેઠા હશે. તેનાં હૃદયના ધબકારા તેઓ સાંભળી શકયા હશે. કામ ઉપર એકાગ્ર થએલા બાળકના ચહેરા ઉપરની મસ્તી અને શાંતિ તેણે નિહાળી હશે. કામ કરીને ઉઠયા પછીનું તેનું મીઠું હાસ્ય તેણે જોયું હશે.

મોન્ટીસોરીની બાળમાનસને અવલોકવાની, તેને પોષવાની, તેને વિકસવા દેવાની આ પદ્ધતિનું ભવિષ્ય ઉજળું દેખાણું. મનને સંતોષ થયો.

આનંદથી મન પ્રફુલ્લ થયું.

તા.

વસંત વ્યાખ્યાનમાળા

વ્યાખ્યાન ૨ જું

વસંત બાલશિક્ષણ પ્રચારને અંગે ગૂજરાત અને ખુદ્ ગૂજરાતમાં જુદા જુદા સ્થળોએ આવતી માર્ચ તા. ૯ ને રવિવારે 'બાલક્રીડાંગણો શા માટે ?' એ વિષય પર વ્યાખ્યાનો થશે.

પત્રિકાના વાંચનારા ભાઇ બ્હેનોની આ કાર્યમાં અમે મદદ માગીએ છીએ. આપમાંના જે ભાઇ-બ્હેનો પોતાને સ્થળે અગર આજુ-બાજુમાં જ્યાં વ્યાખ્યાન કરવા ઇચ્છા ધરાવો ત્યાં વ્યાખ્યાન કરી શકશો. આપની તેવી ઇચ્છા જાણતાં અમે આપના ઉપર 'બાલક્રીડાંગણ' નામની નાની ચોપડી તથા વ્યાખ્યાન વખતે વાંચવાના અને ફેલાવવાના જાહેરપત્રો મોકલી આપીશું. બાળશિક્ષણના પ્રચાર અર્થે હરેક ભાઇ યા બેન આમાં ભાગ લઇ શકે છે. આ પ્રવૃત્તિને અંગે જે કંઇ પણ ખર્ચ કરવો હોય તો તે કરી તેનું બીલ અમારા તરફ આવતાં તેના નાણાં મોકલી આપીશું. અમે અંતઃકરણથી ઇચ્છીએ કે વર્ષમાં એક વાર તો આપ આવી પ્રવૃત્તિમાં ભાગ લેશો જ અને વળતી ટપાલે માગણીઓના પત્રથી અમારા હાથ ભરી દેશો.

બાલમંદિર
ભાવનગર

મંત્રીઓ,
વસંત વ્યાખ્યાનમાળા.

બાલક્રીડાંગણ શા માટે ?

જાહેર પત્રિકા નં. ૩

ઘરમાં હડધૂત થતાં ને શેરીમાં રઝળતાં રખડતાં બાળકોને કોઇ પણ પ્રયત્ને બચાવવાં જોઇશે. તેમને ગંદકીમાંથી, ગંદી રમતોમાંથી, અવ્યવસ્થા ને જંગલીપણામાંથી, ગાળાગાળી ને બાઝાબાઝીમાંથી કોઇ પણ ભોગે બચાવવાં જ જોઇએ.

એવો ઉપાય શોધવો જોઇએ કે જેથી બાળકોને ખુલ્લી હવા ને તડકો મળે. રમવા માટે વિશાળ અને ખુલ્લી જગા મળે. છૂટથી ને સુખની રમવાનું ને કૂદવાદનું મળે. નિશાળના સખ્ત ઉપરીપણા અને ભણાવવામાંથી મુક્તિ મળે.

એવો ઉપાય શોધવો જોઇએ કે જેથી બાળક ગંદું મટી સ્વચ્છ થાય, શોભીતું થાય થાય. બાળકના હાથપગ મજબુત અને કાબુવાળા થાય; બાળકની આંખો ચપળ થાય, બાળકનો કાન તીવ્ર થાય, બાળકની સઘળી ઇંદ્રિયો સશક્ત ને તેજસ્વી થાય.

એવો ઉપાય શોધવો જોઇએ કે જેથી બાળકની જીજ્ઞાસા વધે અને તૃપ્ત થાય; પળે પળે ઉઠતા સવાલોનો જવાબ મળે; નવું નવું જોવાની વૃત્તિને અવકાશ મળે, નવું કરવાની ઇચ્છાને ખોળવાનું મળે, નવું સાંળવાનું મળે, ગાવાનું મળે, નવું જીવવાનું મળે.

આ ઉપાય તે બાલક્રીડાંગણનો છે. ઠેરઠેર બાલક્રીડાંગણો કરીએ. ઠેરઠેર બાલવિકાસની વાડીઓ રચીએ. એ વાડીએ બાલહાસ્યનાં ફૂલો ઉઘડશે; એ વાડીએ બાલસુખનાં ગીત ગવાશે. એ વાડીએ મનુષ્યજીવનની પ્રગતિનાં પગલાં મંડાશે.

આજે તો બાલક્રીડાંગણ એક જ ભેટ છે. બાળકોનું એક જ કલ્યાણ છે.

લાખો બાળકોનો પ્રશ્ન.

જાહેર પત્રિકા નં. ૪

આપણી સામે લાખો બાળકોનો પ્રશ્ન છે. અને તે મોટા પાયા પર ઉકેલાવો જોઇએ.

આ પ્રશ્ન બાનગી માણસનો નથી. માત્ર એક શ્રીમન્તનો નથી; એકાદ કલ્પક શિક્ષકનો નથી. એકલા કેળવણી બાતાનો પણ નથી. આ પ્રશ્ન એક બાજુથી સઘળાં રાજ્યોનો અને બીજી બાજુથી આખી પ્રજાનો છે. અને તે આ રીતે ઉકલી શકે.

આપણે સ્થળે સ્થળે **'બાળક્રીડાંગણો'** સ્થાપવાં જોઇએ. 'બાળક્રીડાંગણો' બાળકોને વિકાસક એવી ક્રીડાઓ આપે. બાળક્રીડાંગણો દરેકે દરેક ગામમાં જોઇએ. મોટું શહેર હોય ત્યાં દરેકે દરેક લત્તામાં જોઇએ.

આ ક્રીડાંગણોનો ઉદ્દેશ આ પ્રમાણે રાખવોઃ—

"ત્રણથી સાત વર્ષનાં એટલે પ્રાથમિક શાળામાં જવા યોગ્ય થાય ત્યાં સુધીની ઉંમરનાં બાળકોને શેરીની વિવિધ બદીઓમાંથી બચાવી લેવાનો; તેમજ માબાપના અતિ લાડમાંથી અથવા બેદરકારીમાંથી અથવા જોહૂકમીમાંથી અથવા ઘરના અયોગ્ય વાતાવરણમાંથી છોડાવવાનોઃ તેમજ બાળકની બીલતી જતી ઇંદ્રિયો અને મનને પોષક એવું કેળવણીની દૃષ્ટિએ રચેલું સુખી અને તંદુરસ્ત વાતાવરણ અને ક્રિયાઓ આપવાનો."

આવાં ક્રીડાંગણો દરેક ગામની ભાગોળે ને ગામડું હોય ત્યાં પાદરે સ્થાપવાં જોઇએ.

"ઘરમાં મોન્ટીસોરી" કિં. ૦-૮-૦
તમામ માબાપ માટે લે. તારાબેન

નિબંધ-સંગ્રહ-મોન્ટીસોરી ૦-૧૨-૦
માબાપો તેમજ શિક્ષકો માટે

અક્ષરજ્ઞાનની યોજના

– એક વિજ્ઞપ્તિ –

પ્રિય વાચક,

અમે આપની પાસે એક યોજના રજુ કરીએ છીએ. એ યોજના નિરક્ષરોને અક્ષર-જ્ઞાન આપવાની છે.

આપણા હતભાગી દેશમાં આપણી આસ-પાસ કરોડો નરનારીઓ વાંચી શકતાં નથી, નિરક્ષર છે, છતી આંખે આંધળાં છે. આંખનો અંધાપો દુઃખદ છે પરંતુ તેથીયે દુઃખદ મનનો અંધાપો છે. આંખ વિનાનો માણસ પરાધીન અજ્ઞાની છે.

આપણે કયાં જોઁણતાં નથી કે આપણું બધું દુઃખ આપણા અજ્ઞાનમાંથી જન્મેલું છે? આપણા કુરિવાજો, આપણી કુરૂઢિઓ, આપણું અનારોગ્ય ને ગંદકી, આપણી ગુલામી ને અપમાન બધું અજ્ઞાનને લીધે છે. આંખ ઉઘડે તો જ માણસ જાગે!

આ બધું જાણીએ છીએ છતાં આપણા ઘરમાં જ નિરક્ષરતા છે ત્યાં સુધી આપણે ભણેલાં કેમ જ કહેવડાવીએ? આપણી સેવા કરનાર આપણા નોકરચાકરો, આપણો ધોબી, આપણો દૂધવાળો બધા નિરક્ષર છે ત્યાં સુધી આપણે સુખેથી ચોપડી વાંચીને બૌદ્ધિક આનંદ કેમ જ લૂંટી શકીએ? આપણા મીલમજુરો, આપણા ઢેઢભંગી, આપણા કોળીવાઘરી બધા અજ્ઞાનમાં કયરાઇ મરે છે ને આપણું હૈયું ન થડકે એ કેમ જ બને? ને આપણો ખેડુતો?

પાછળ જુઓ]

+ – ટૂંકી રૂપરેખા –

ઉદ્દેશ: અભણ લોકોને વાંચતા કરવાનો.

સભાસદ: કોઇ પણ સ્ત્રી યા પુરુષ આ યોજનામાં જોડાઇ શકે–જે ભણેલ હોય, જે આ યોજના પ્રમાણે કામ કરવા તૈયાર હોય, જેને માણસનો પ્રેમ હોય.

કાર્યની દિશા: પોતાને ફુરસદ મળે ત્યારે એક અથવા એકથી વધારે માણસોને ઘરમાં, ચાલીમાં કે ગમે ત્યાં પોતાને જેટલો વખત ફુરસદ હોય તેટલો વખત અક્ષર જ્ઞાન આપવું.

તૈયારી: આ યોજનામાં કામ કરનારે "અક્ષર-જ્ઞાન કેમ આપવું" તે વિષયનો અભ્યાસ કરી લેવો.

વ્યવસ્થા: અભ્યાસ વેર બેઠાં થઇ શકશે. યોજનામાં જોડાનારને અભ્યાસક્રમ તથા શીખવવાની રીતિ ટપાલથી સૂચનાઓ સાથે મોકલાશે. વખતો વખત પત્રવ્યવહારથી કેમ શીખવવું વગેરે બાબતમાં બબરો આપવામાં આવશે.

શીખ્યા પછી: જેઓને અક્ષરજ્ઞાન મળી જાય તેમનું જ્ઞાન ભૂલાઇ ન જાય માટે તેમને માટે બાસ વાચન તૈયાર કરવામાં આવશે. તે તેમને પહોંચાડવાની યોજના રચવામાં આવશે. તે યોજના અનુસાર તેમને અનેકવિધ જ્ઞાન મળે તેવી સગવડ જોવાશે.

[પાછળ જુઓ

પોતે ભૂખે મરીને આપણને ખવડાવનાર આપણી માતા સમાન આપણા બેહુતો અજ્ઞાન રૂપી રોગથી મરણ પથારીએ છતાં આપણે સુખેથી કેમ જ સૂઇએ ?

નહિ જ; આપણે સુખેથી સૂઇ નહિ રહીએ. ભણેલાં તરીકે આપણી નિરક્ષરો તરફની ફરજ બજાવવા આપણે જાગીએ. જાગ્યા ત્યાંથી સવાર ગણીને ઝટ કામે લાગીએ.

અમારી યોજનાનું ટૂંકું સ્વરૂપ નીચે પ્રમાણે છે. વિગતવાર પત્રિકાઓ પછી આવશે. આ યોજનામાં જોડાવા ઇચ્છનાર તુરત સાથેનું ફોર્મ ભરી મોકલી આભારી કરે.

આપનાં

શ્રીદક્ષિણામૂર્તિ ભવન ભાવનગર

નૃસિંહપ્રસાદ કા. ભટ્ટ
ગિજુભાઇ બધેકા
તારાબેન મોડક
હરભાઈ ત્રિવેદી
ગોપાળ ગ. વિદ્વાંસ

આપને ગયા અંક સાથે અક્ષરજ્ઞાનની યોજના મળી હશે. જણાવતાં ખુશી ઉપજે છે કે આપના તરફથી ફોર્મો ભરાઇને આવવાં લાગ્યાં છે. આપનો ઉત્સાહ જોઇ અમને આનંદ આવે છે. અક્ષરજ્ઞાનની યોજનાનું, નિરક્ષર ભાઈ બહેનોનું ભાવિ ઉજળું લાગે છે.

જે ભાઇ બહેનોએ ફોર્મો ભરી મોકલ્યાં છે તેમના હાથમાં થોડા જ વખતમાં 'કેમ શીખવવું' એ નામની ચોપડી પડશે. તેને આધારે તેઓ શીખવવા માંડશે. દરમ્યાન હમણા તો આપણે શીખનાર વર્ગને શોધીએ ને તૈયાર

[નકલ કરીને ભરી મોકલવાનું ફારમ]

તંત્રવાહકો,

અક્ષરજ્ઞાન યોજના,
શ્રીદક્ષિણામૂર્તિ ભવન,
ભાવનગર.

આપની યોજના વાંચી. હું તે યોજનામાં પ્રેમપૂર્વક જોડાઉં છું. મારૂં નામ નોંધી લેશો.

મને અક્ષરજ્ઞાન આપવાની વિસ્તૃત યોજના મોકલી આપશો એટલે મારૂં કામ હું શરૂ કરી દઈશ.

મારા કામનો ટૂંક અહેવાલ દર માસે મોકલી આપીશ.

જેઓ મારી પાસેથી અક્ષરજ્ઞાન લઇ લેશે તેમનાં નામ હામો હું વખતો વખત મોકલીશ.

આપની યોજનામાં હું સંપૂર્ણ માનું છું અને તેથી તેનો અમલ કરવા ઉત્સાહ ધરાવું છું.

આપનો

નામ _____

સરનામું _____

ગામ _____

નોંધ

રાખીએ. શીખવનાર મિત્રોને શોધીએ ને તેને સભ્ય બનાવીએ. શીખનારના જૂદા જૂદા કેન્દ્રો સ્થાપીએ, અને તેને વ્યવસ્થિત પણે કેમ ચલાવવા તેનો વિચાર કરીએ.

જેઓની જાણમાં આ યોજના હજી ન આવી હોય તેમને માટે યોજનાને આ સાથે છાપેલી છે. જેઓ હજી સભ્યો થઇ ચૂકયા ન હોય તેઓ સાથે આપેલા ફોર્મ પ્રમાણે ફોર્મ ભરીને મોકલી આપે. તુરત મોકલી આપે. અક્ષરજ્ઞાન આપવાના પુણ્ય કાર્યમાં પોતાનું નામ વહેલું નોંધાવે.

અમારાં શિક્ષક ભાઈ બેનોને

આપણે શિક્ષકો એટલે મૂળથી જ આપણું કાર્ય બીજાઓને શીખવવાનું. આપણું આ કાર્ય અત્યંત મહત્ત્વનું અને પવિત્ર છે એમાં કોઇને પણ શંકા નથી અને હોઇ શકે પણ નહિ. આ મહત્ત્વ અને પવિત્રતા ટકાવવાં, ઉજળાં રાખવાં, સંફળ કરવાં, એ હમેશ આપણા હાથમાં છે અને રહેશે. જ્યાં સુધી આપણે ભણવું અને ભણાવવું એ એક જ ઉદ્યમ, દિવસ અને રાત કરી રહીશું ત્યાં સુધી આપણા જીવનને આપણે હાંસલ કરી રહ્યા છીએ. ત્યાં સુધી આપણે સફળ જીવન જીવી રહ્યાં છીએ.

આપણું ક્ષેત્ર માત્ર શાળા નથી. જ્યાં જ્યાં માણસ અભણ છે ત્યાં ત્યાં ભણતરને અવકાશ છે ને ત્યાં ત્યાં આપણી સેવાની જરૂર છે. લાખો બલ્કે કરોડો લોકો આજે અભણ છે. મૂઠીભર લોકો જ ભણેલા છે. અજ્ઞાનનો અંધાપો જેવું તેવું દુઃખ નથી. એ મિટાવવાનું પુણ્ય કાર્ય સૌથી વધારે તો આપણે શિક્ષક ભાઇઓ જ સાધી શકીએ. આપણે એ કાર્યમાં જોડાઇએ. આપણે આપણો અદનો ફાળો આપીએ અને થોડુંએક સુકૃત રળીએ.

અન્યત્ર 'અક્ષર જ્ઞાનની યોજના' સાથે ભરી મોકલવાનું ફોર્મ છે. નકલ કરી તે ભરી મોકલી તુરત જોડાશો? ગુજરાત કાઠિયાવાડ અને બૃહત ગુજરાત પર ફેલાઇ રહેનારી વિશાળ યોજનામાં જોડાઇ તેને વધારે વિશાળ કરશો? અમારી વિનતિ સ્વીકારી અમને આપનો સાથ આપશો?

તમારાં
જિજુભાઈ અને તારાબેન

વઢવાણનું બાલમંદિર

(પાંચ વર્ષનો અહેવાલ)

શ્રી વઢવાણ બાળમંદિરના પાંચ વર્ષના અહેવાલની નોંધ લેતાં અમને હર્ષ થાય છે. એક રીતે આ બાલમંદિર સંબંધે કાંઇ પણ લખતાં અમને સંકોચ થાય છે કારણ કે એનો ને અમારો એટલો અંગત સંબંધ છે. છતાં થોડુંએક લખ્યા વગર રહેવાય નહિ.

આ બાલમંદિરનો વિકાસ અમે નજરે જોયો છે. પાંચ વર્ષમાં એ કેવી આબોહવામાં ઉછર્યું છે તે નજીકથી અવલોકયું છે ને પાંચ વર્ષના લાંબા કાળ પછી ખાત્રી પૂર્વક કહીએ કે આ બાલમંદિરે ઉંડા મૂળ નાખ્યા છે અને તે સારી રીતે આગળ વધ્યું છે.

આની પાછળ વઢવાણ રાજ્ય છે. વઢવાણના હાકેારસાહેબનું તથા દિવાન સાહેબનું એ પ્રિય બાળક છે. પોતાનાં રાજ્યનાં બાળકોનું તે તો પણ નાનાં અઢી ત્રણ વર્ષનાં બાળકોનું હિત જે રાજાના મનમાં વસે, તેની જે તેને લત લાગે, તેનો જે તેને શોખ જાગે તો તે રાજ્યની ભવિષ્યની પ્રજાના અહોભાગ્ય. તે રાજ્યના પણ અહોભાગ્ય. કારણ કે રાજ તો પ્રજાથી જ શોભે છે.

આ બાલમંદિરનું કુત્તેહમંદીથી ચાલતું કામ જોઇ કાઠિયાવાડના બીજા રાજા મહારાજાઓ પણ પોતાને ત્યાં આવાં બાલમંદિરો સ્થાપવા પ્રેરાય તે આ રાજ્યની જેમ તેને પોતાના બાનગી શોખની અથવા બાસ લાલનની વસ્તુ બનાવે એવી અમને આશા છે.

બાલમંદિરના સરસ કામ માટે અહીં તેના આચાર્ય અને શિક્ષકોને ધન્યવાદ આપ્યા વગર ચાલે તેમ નથી. આ બાલમંદિરના આચાર્ય એટલે ભાઇ ભોગીલાલ શ્રીદક્ષિણામૂર્તિ બાલ-અધ્યાપન મંદિરના પહેલા વિદ્યાર્થી. અધ્યાપન મંદિરનો પ્રારંભ હોવાથી અભ્યાસ કરતા તેમને ઘણી મુશ્કેલી વેઠવી પડી છે. છતાં જરા યે કંટાળ્યા વગર તેમણે અભ્યાસ પૂરો કર્યો. રાજ્યે જ તેમને શિષ્યવૃત્તિ આપીને અભ્યાસ માટે મોકલ્યા હતા એટલું જ નહિ પણ તેમની પછી બીજા બે વિદ્યાર્થીઓને મોકલ્યા. તેમ જ દરેક વર્ષ દરમિયાન આઠેક દિવસ બધાને ભાવનગર જઇ નવું જાણી તેમ જ જૂનું તપાસી ફરી વાર નવેસરથી કામ કરવા માટે તૈયાર થવાની તક પણ રાજ્યે આપી છે.

રાજ્ય અને શિક્ષકવર્ગની સાથે જ વઢવાણની પ્રજાને પણ અહીં ધન્યવાદ આપીએ કે જેણે પોતાનાં બાળકો આવી પ્રયોગાત્મક ગણાતી શાળાને શ્રદ્ધાથી સોંપ્યા. સામાન્ય પ્રાથમિક શાળાઓ કરતાં બાલમંદિરો માબાપો પાસે ઘણું વધારે માગે છે. તેમના નાસ્તા માટે આઠદસ આના તો માગે જ પણ તે સિવાય બાળકને રોજ ન્હવરાવવું જોઇએ, તેનું રોજ માથું ઓળવું જોઇએ, તેના નખ ઉતારવા જોઇએ, તેની આંખ કાનની તપાસ કરવી જોઇએ એવું એવું ઘણું માગે છે. સિવાય મારવું નહિ, વઢવું નહિ, લાલચ આપવી નહિ, ભય બતાવવો નહિ વગેરે નિષેધાત્મક નિયમો પણ તે માબાપો માટે રાખે છે. આવી બધી બાબતોમાં ધીરજ રાખી પ્રયત્ન પૂર્વક સહકાર આપનાર માબાપોને ધન્યવાદ આપ્યા વગર કેમ જ ચાલે. જો કે આ સહકારથી તેમના બાળકનું જ હિત સધાય છે. આશા છે કે માબાપોની શ્રદ્ધા ને સહકાર તેમજ રાજ્યનો શોખ દિન પ્રતિ દિન વધે ને આ બાલમંદિરનું કામ અધિક દીપે.

તા.

* અક્ષરજ્ઞાન યોજના *

સમાચાર

આજની તારીખે ૧૪૫ સભ્યો નોંધાયા છે. ભાવનગરમાં ૭ વર્ગો ચાલુ થઇ ગયા છે.

મિત્રોના ઉત્સાહ આપતા પત્રો આવતા જાય છે. થોડાંએકનાં નામોઃ દાહોદથી અમૃતલાલ ઠક્કર, વેડછીથી જુગતરામભાઈ, ગોંડળથી ચંદુલાલ બેચરલાલ, વિદ્યાધિકારી ગોંડળ સ્ટેટ. રાજકોટથી મુલજીભાઈ ચતુરભાઇ, પ્રિન્સીપાલ હે મે. ટ્રે. કૉલેજ. વડોદરાથી મોતીભાઈ અમીન. મુંબાઇથી શ્રીમતી જયશ્રીબેન, અમદાવાદથી અનસુયાબેન, શારદાબેન, નિર્મળાબેન.

'સૌરાષ્ટ્ર' 'પ્રતાપ' 'કુમાર' 'સૌરાષ્ટ્ર શિક્ષક' 'ગુજરાત દૈનિક' 'પુસ્તકાલય' વગેરે પત્રોએ યોજનાને વધાવી લઇ તેનો પોતાના પત્ર મારફતે ફેલાવો કરવાનું જણાવ્યું છે.

તા. ૨૩-૩-૩૦

અક્ષરજ્ઞાન કાર્યાલય
બાલમંદિર ભાવનગર.

મોન્ટીસોરી શિક્ષણસંઘ

આમુખ

પ્રથમ મોન્ટીસોરી સંમેલનના પ્રત્યક્ષ પરિણામ રૂપે એક મોન્ટીસોરી શિક્ષણસંઘની સ્થાપના કરવામાં આવી છે.

ઉદ્દેશ

આ સંઘનો ઉદ્દેશ મોન્ટીસોરી સિદ્ધાંતનો આપણા પ્રાંતમાં અભ્યાસ, સંશોધન અને પ્રચાર કરવાનો છે.

સભાસદો

જેઓને આ સંઘનો ઉદ્દેશ માન્ય હશે, અને જેઓ એકી સાથે રૂા. ૫૦) કે તેથી વધુ મદદ સંઘને આપશે તેઓ સંઘના આજીવન સભ્ય ગણાશે.

જેઓને આ સંઘનો ઉદ્દેશ માન્ય હશે અને જેઓ આ સંઘને વાર્ષિક ૧–૦–૦ મદદ આપશે તેઓ સંઘના સામાન્ય સભ્યો ગણાશે.

સંઘના દરેક સભ્યને 'શિક્ષણ પત્રિકા' વિના મૂલ્યે મળશે.

કાર્યપ્રદેશ

૧. આપણી ભાષામાં મોન્ટીસોરી પદ્ધત્તિનું સાહિત્ય નથી, માટે અંગ્રેજી કે ઇટાલિયન ભાષામાંથી તે ગૂજરાતીમાં ઉતારવું કે ઉતરાવવું.

૨. મોન્ટીસોરી પદ્ધતિમાં જેમણે કામ કર્યું છે અને જેઓ કામ કરે છે તેમની પાસે એ પદ્ધિત ઉપર તેમના અનુભવ અને અભ્યાસને આધારે પુસ્તકો રચાવવાં.

૩. મોન્ટીસોરી સાહિત્યને બને તેટલું સસ્તું રચાવવું અને તેને તેથાયે ઓછી કિંમતે લોકોમાં ફેલાવવું.

૪. માન્યાયો મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાંતો સરલતાથી સમજી શકે તે માટે સાદી ભાષામાં નાનાં નાનાં ચોપાનીયાં તૈયાર કરાવવાં, અને તે મફત અથવા થોડી કિંમતે વહેંચવાં કે વેચવાં.

૫. લોકો સમજી શકે તેવાં વ્યાખ્યાનો આપવાં કે અપાવવાં.

૬. મોન્ટીસોરી પંદ્ધતિમાં જે જે નવું જાણવાનું મળે તે, તથા જે જે નવા અનુભવો થાય તે, પદ્ધતિમાં રસ લેનાર શિક્ષકો તથા અન્ય જનોને નિયમિત રીતે મળ્યા કરે તે માટે એકાદ પત્ર (માસિક) ચલાવવું.

૭. નવી મોન્ટીસોરી શાળા કાઢનારાઓને મોન્ટીસોરી શિક્ષકો પૂરા પાડવા માટે મોન્ટીસોરી શિક્ષણપદ્ધતિનું શિક્ષણ આપનાર અધ્યાપનમંદિર કાઢવું અથવા તેવા અધ્યાપનમંદિરને બને તેટલી મદદ આપવી.

૮. પરદેશમાં તેમજ આપણા દેશમાં મોન્ટીસોરીને લગતી જાતજાતની પ્રવૃત્તિઓ, તેને લગતાં પુસ્તકો, તેમાં વપરાતાં સાધનો વગેરે સંબંધી માહિતી મેળવી પૂરું પાડનારું એક કેન્દ્ર સ્થાપવું.

૯. આપણા દેશમાં મોન્ટીસોરી પદ્ધતિનાં સાધનો તૈયાર કરાવી લેવાની વ્યવહારૂ પ્રવૃત્તિ કરવી, અને તેવાં તૈયાર થએલાં સાધનો જેને જોઇએ તેને પૂરાં પાડવાની ગોઠવણ કરવી.

૧૦. અત્યારે ચાલતી અને ભવિષ્યમાં નીકળનારી મોન્ટીસોરી શાળાઓ બરાબર કામ ચલાવી શકે તે માટે અવારનવાર સૂચના અને મદદ કરી શકે તેટલા માટે નિરીક્ષણમંડળ રાખવું.

૧૧. અત્યારે ચાલતી પદ્ધતિમાં પ્રાથમિક શાળાના શિક્ષકો મોન્ટીસોરી પદ્ધતિનો લાભ કેવી રીતે લઇ શકે તેનો વ્યવહારૂ રસ્તો બતાવવાની યોજના કરી તેને અમલમાં મૂકવા પગલાં લેવાં.

૧૨. સંઘમાંના યોગ્ય માણસોને પદ્ધતિનો પરિચય અને અભ્યાસ કરવાની દરેક પ્રકારની વ્યવસ્થા કરી આપવી.

૧૩. મોન્ટીસોરી પદ્ધતિનાં અને બાલ્ય બાલશિક્ષણસાહિત્યનાં અંગ્રેજી તથા દેશી ભાષાઓનાં ઉપયોગી પુસ્તકો એક સ્થળે એકઠાં કરી ત્યાંથી ફરતાં પુસ્તકાલયની વ્યવસ્થા કરવી.

૧૪. દશ વર્ષની અંદરનાં બાળકો ઉપર તેમના માનસના જ્ઞાન માટે વિશેષ અખતરાઓ કરવા તથા અગિયાર વર્ષ પછીની ઉમરનાં બાળકો ઉપર મોન્ટીસોરી પદ્ધતિએ આગળ અખતરા કરવા માટે એક કાયમી પ્રયોગમંદિર સ્થાપવું, અથવા તેવા કોઇ ચાલતા પ્રયોગમંદિરને બનતી મદદ કરવી.

૧૫. આવી જાતનાં સંમેલનોની કાર્યપદ્ધતિ વખતો વખત સુધારતા જવી અને તેની ઉપયોગિતા વધારે થાય તેવી યોજના વિચારતા જવી.

મંત્રીઓ
ગિજુભાઇ અને તારાબેન
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
ભાવનગર

: ટૂંકી ખબરો :

ગ્રાહકોને પત્રવ્યવહાર કરતી વખતે મહેરબાની કરી પોતાનો ગ્રાહક નંબર લખોઃ

કોઇને પરદેશ—આફ્રિકા, રંગુન, સીલોન, બંગાળ વગેરે પરદેશ ખાતે મોન્ટીસોરી શિક્ષકની જરૂર હોય તો લખોઃ મંત્રીઓ,
મોન્ટીસોરી સંઘ બાલમંદિર : ભાવનગર.

ગુણસુંદરી 'બાળક અંક' માર્ચ ૧૯૩૦
તંત્રીઓઃ ગિજુભાઇ અને તારાબેનઃ

'મોન્ટીસોરી પદ્ધતિ' કિં. રૂ. ૨
પદ્ધતિના અભ્યાસી માટે. લે. ગિજુભાઇ

નવું 'મોન્ટીસોરી સાહિત્ય' કિ. ૦-૯-૦
નાની નાની ૭ ચોપડીઓ.
લેખકોઃ ગિજુભાઇ અને તારાબેન

બાડી પડવાથી રામનારાયણ રેવાશંકર ત્રિવેદી જણાવે છે કે 'ગોખવાથી બાળકોને ભારે નુકસાન થાય છે. માટે તમે ગોખાવો નહિ.'

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૬

અંક ૨ જો
ચૈત્ર

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

સરદાર કોણ થઈ શકે ?

સરદાર કોણ થઇ શકે ?

જણે સાચી સિપાઇગિરી ઉઠાવી હોય તે.

શેઠ કોણ થઈ શકે ?

જણે સાચી નોકરી કરી જાણી હોય તે.

રાજા કોણ થઇ શકે ?

જણે પ્રજાનું દર્દ અંતરથી અનુભવ્યું હોય તે.

શિક્ષક કોણ થઈ શકે ?

જણે સાચું વિદ્યાર્થિજીવન ગાળ્યું હોય તે.

શિક્ષણતીર્થની યાત્રા

અમદાવાદથી એક ભાઇ અહીંનું બાલ-મંદિર જોવા આવવાના હતા. તેમણે કાગળ લખ્યો કે "એક તીર્થયાત્રા ગણીને અમે આવીએ છીએ."

મને થયું: "એ કે આટલા માટે આટલું બધું કહી નાખવું બહુ વધારે પડતું કહેવાય. આપણે શબ્દોને એટલા સોંઘા કરવા ન જોઇએ."

થોડા દિવસ પહેલાં બાલમંદિરની મુસાફરી-માં અમે બજુડ ગયાં ને અધ્યાપનમંદિર સાથે મુસાફરીમાં મોટા ઝીંઝાવદર ગયાં. પાછા વળતાં મનમાં થયું: "આ તો શિક્ષણની તીર્થયાત્રા!" તરત ઉપલો પ્રસંગ સાંભર્યો. બજુડ અને ઝીંઝાવદરને તીર્થસ્થાન તરીકે ઓળખાવીએ તો બજુડના ભાઇ પ્રભુદાસ અને ઝીંઝાવદરના ભાઇ કાશીરામને તે વધારે પડતું લાગે તે સહજ છે.

બાળકોના મહેંમાંથી

બા કહે: "રતુ, અલ્યા તારે ગણિત શીખવું જોઇએ. ગણિત નહિ શીખે તો તું રખડી પડીશ."

રતુ કહે: "તું, બા એમ માને છે કે માણસને વાંચતાં આવડે, લખતાં આવડે, ચિત્ર આવડે, સંગીત આવડે અને ગણિત ન આવડે તો રખડી પડે?"

શબ્દોનો સોંઘો ઉપયોગ લાગે. પણ વળતાં મનનું પૃથક્કરણ કર્યું ત્યારે મને સમજાયું કે કોઇ સ્થાન તીર્થસ્થાન છે કે નહિ તે ત્યાં જનારની ત્યાં ગયા પછી તે સ્થાનના વાતાવરણમાં કઇ જાતની મનોવૃત્તિ થાય છે તેના ઉપર અવલંબિત છે. ઘણાં માણસો ભાવનગર આવતાં હશે, અહીં ભાવનગરમાં જ રહેતાં હશે, ખુદ દક્ષિણામુર્તિમાં રહેતાં હશે છતાં પણ તેમને મન દક્ષિણામૂર્તિમાં તીર્થપણું ન પણ હોય. બજુડ, ઝીંઝાવદર ઓફિસરો જાય છે; ઘણી જનો જાય છે. પણ ત્યાં જતાં તીર્થ-સ્થાનમાં સ્નાન કરતાં હોઇએ એવી મનોવૃત્તિ જેની થાય તેમને મન તે સાચાં તીર્થ-સ્થાનો જ કાં ન હોય?

ભાઇ કાશીરામની ત્યાગવૃત્તિએ ઝીંઝા-વદરને તીર્થ બનાવ્યું છે. પોતાને ઘેર ૧૦૦ વીઘાં જમીન છતાં મહિને ૭ રૂપિયામાં બાયડી છોકરાં સહિત પાંચ માણ-સોના કુટુંબનો નિર્વાહ ચલાવે છે. બળામાંથી ખેડુતો દાણા આપી જાય છે ખરા, પણ આગળ જતાં ખેડુતોના દાણા ખૂટી પડે ત્યારે ભાઇ કાશીરામની કોઠી તેમને માટે ઉઘડે છે.

ભાઇ કાશીરામ માત્ર એક સારા બાવા છે, પરોપકારી છે, સાદા છે, એટલું જ નહિ પણ કુદરતી રીતે શિક્ષણમાં તેમની દૃષ્ટિ પહોંચે છે. છોકરાંઓ સાથે દિલભર દિલ રહેતાં તેમને આવડે છે. શિક્ષણના આજના જમાનાના રાષ્ટ્રીય દૃષ્ટિના અને શાસ્ત્રીય દૃષ્ટિના સુધારા તેમના ધ્યાનમાં છે, ને તેનો અમલ તેમની શાળામાં ચોખ્ખો દેખાય છે.

રાષ્ટ્રીય દૃષ્ટિએ તેમણે ગામને પાદર વૃક્ષો ઉછેરવાની પ્રવૃત્તિ કાઢી છે. ગામની નાખી દેવાની

વસ્તુમાંથી દોરીઓ બનાવવાની પ્રવૃત્તિઓ કાઢી છે. હાથે તકલી બનાવીને હાથે રૂ સાફ કરી કોરવી કાંતીને દોરડાં પણ ત્યાં બનાવે છે. દેશી ભરતકામ ને બીજા અનેક હુન્નરોને વિકસાવવાનો તેમનો પ્રયત્ન દેખાય છે. છોકરાંઓને કસરત શીખવે છે; સાફસુફી શીખવે છે.

બીજી બાજુ શિક્ષણની દૃષ્ટિએ વર્ગશિક્ષણ કાંઢી નાખી સ્વપ્રયત્નથી દરેક જણ પોતાની ગતિથી આગળ વધે એવી અનેક યોજના તેમણે પોતાના કલ્પક મગજમાંથી કાઢી છે. છોકરાઓ ભણે, વચ્ચે વચ્ચે હીંચકે હીંચે, કસરતના લાકડા ઉપર ચડી આવે વગેરે વગેરે બહુ જ સુંદર રીતે ચાલે છે. એ ભાઈએ રાસ, રાંસડાં, લડાઈ, દુહા, રામાવાળા વગેરે ગ્રામની સુંદર પ્રવૃત્તિને પોતાની શાળામાં વિકસવાનો સારો અવકાશ આપ્યો છે. સાથે સાથે જાતે ઓટલા ચણવા, બેઠક બનાવવી, ભીંતે ચિત્રો પાડવાં વગેરે પ્રવૃત્તિ પણ રાખેલ છે. તેમની માસિકો બાંધવાની રીત જ તેમની પાસે સ્વતંત્ર શિક્ષણની દૃષ્ટિ છે તે સ્પષ્ટ બતાવે છે. અમે ત્યાંનું લખાણ વાંચવામાં ઘણો વખત ગાળ્યો અને બહુ જ સંતોષ પામ્યાં. બાળકોની કહેલી વાર્તા પણ તેઓ સુંદર રીતે લખી લાવ્યા. વિચારમાં, ભાષામાં અને અક્ષરોમાં લખાણ સુંદર હતું. ટૂંકમાં શાળા જીવતી લાગી, શાળામાં પ્રાણ લાગ્યો; તેથી જ અમારાં મન તે તરફ ખેંચાયાં. ભાઇ કાશીરામ માણસાઇભર્યું જીવંત શિક્ષણ દે છે એમાં શંકા નથી.

બજુડમાં ભાઇ પ્રભુદાસનું કામ શાંત ને ધીરું છતાં જોરદાર રીતે ભણનારના હૃદયમાં સોંસરું જાય એવી રીતે ચાલે છે. પ્રભુદાસની રાત્રિશાળામાં સાઠ બેહુતો શીખે છે. પ્રભુદાસ તેમની વચ્ચે તેમના થઇને રહે છે; તેમને ઉત્કટ ભાવથી ભીંજવે છે; તેમનાથી અલગાપણું કે પારકાપણું રાખતા નથી. છતાં પોતાની સૌમ્ય સંસ્કારિતા છોડતા નથી. તેની અસર બાહ્યતઃ જાડા દેખાતા પણ અંદરથી ભાવગ્રાહી એવા બેહુતોના મન ઉપર ઉંડી પડ્યા વિના રહેવાની નથી. 'અમે પરભુભાઇના વિદ્યાર્થીઓ છીએ' એમ કહેતાં તેમની છાતી વેંત વેંત ફૂલતી હતી. અક્ષરજ્ઞાન સાથે પ્રભુભાઇ તેમને ગ્રામજીવનના સુધારાની સામાન્ય માહિતી પણ આપે છે અને ગ્રામસુધારા કરે છે.

બન્ને કામો અત્યંત સ્તુત્ય છે. પ્રયોગ તરીકે ધ્યાનમાં લેવા જેવાં છે. બન્ને જગ્યાએ તે તે કામને લાયક એવા જ માણસો છે એમ જોનારને ખાત્રી થાય છે. બન્ને ભાઇઓ તે જ કામને વળગી રહે તો ૫/૧૦ વર્ષમાં બજુડ અને ઝીંઝાવદર આદર્શ ગામડાં બની જવાનાં એમાં શંકા નથી.

તા.

બા અને બાળક

બા: "પણ તું સરખો તો ઉભો રહે! બનગન બનગન શું કરે છે?"

બાળક: "મને ટાઢ વાય છે. મારાથી ઉભું નથી રહેવાતું."

બા: "જોને, ચોરણી પહેરી નહિ ત્યાં તો કાઢી નાખી! છે ને પણ કાંઇ?"

બાળક: "બા, એમાં એક કીડી હતી તે કરડતી હતી."

બા: "જોજે, અહીં આવીશ તો મારી નાખીશ."

બાળક: "ત્યારે માંદો પડું છું ત્યારે દવા શું કામ કરે છે?"

* *

બા: "જોને, રકાબી પાડી નાખી ને ભાંગી નાખી."

બાળક: "મેં રકાબી નથી પાડી. ચીકણી હતી તે પડી ગઇ."

* *

બા: "મારે તે કરવું શું? આ લુગડાના કટકેકટકા કર્યા."

બાળક: "ઘણા બધા કટકા નથી કર્યા, ફક્ત બે જ કટકા કર્યા છે. મારે પગે પાટો બાંધવો છે."

* *

બા: "કયારનો સળવળ સળવળ શું કરે છે? સરખું સૂતાંયે નથી આવડતું?"

બાળક: "બા, મચ્છર ગણગણ કરી કાન આગળ આવે છે."

* *

બા: "એ હવે કેમે કરીને ન્હાવા ઉઠશો? કયાં સુધી રમશો?"

બાળક: "પણ તેં નથી કહ્યું કે બોલાવું ત્યારે આવજે? એકે વાર તેં અમને બોલાવ્યા તો નથી!"

* *

બા: "જો, કેવી ખરાબ ટેવ છે! ખાતાં ખાતાં પાણી ઢોળ્યું."

બાળક: "પણ બા, શાક તીખું લાગે છે તે મોઢું બળે છે." ૧૭.

માતપિતાની પ્રતિજ્ઞા

અમે અમારાં બાળકોની ખાતર—

બાળઉછેર અને બાળશિક્ષણનો રોજ ને રોજ અભ્યાસ કરશું.

બાળકને તંદુરસ્ત અને સુખી રાખવા એકેએક પ્રયત્ન કરીશું.

ઘરને સ્વચ્છ, સુશોભિત અને વ્યવસ્થિત રાખીશું.

ઘરમાં શાન્તિ, સુઘડતા અને સુવાસ રાખીશું.

અમે અંદર અંદર કદિ પણ ગરમ નરમ નહિ થઇએ.

અમે અમારામાં રહેલી કુટેવોને કાઢવા સદૈવ પ્રયત્ન કરીશું.

અમે વહેમ આચરશું નહિ અને વહેમ બોલીશું નહિ.

અમે અસભ્ય થઇશું નહિ અને અસભ્ય બોલીશું નહિ.

અમે કોઇની નિંદા કરીશું નહિ ને નિંદા થવા દઇશું નહિ.

અમે પરસ્પરના કામમાં મદદ આપીશું ને લઇશું.

અમે બાળકોને નોકરોને નહિ સોંપતાં જાતે સંભાળવા યત્ન કરીશું.

અમે જેવા તેવા મહેમાનોને તેમની સાથે કામ પાડવા નહિ દઇએ.

અમે મિત્રો અને મહેમાનોને તેમની સાથે મસ્તી કરવા નહિ દઇએ.

અમે તેમને રડતાં મૂકી નાટક સિનેમા જોવાનું છોડી દઇશું.

અમે તેમને મહેમાનોને બતાવવાનાં અને રાજી કરવાનાં રમકડાં નહિ લેખીએ. ગિ.

સ્વમતાગ્રહ

હું કહું છું કે રોજ દેવદર્શને જવું જોઇએ.

બસ ચોરણી જ પહેર. મને ચોરણી પહેરે તે જ ગમે છે.

જોને, આમ તે વાળ ઓળાય? આમ મારી જેમ ઓળ.

તે એમાં શું? થોડું થોડું મરચું ખાતાંયે શીખવું જોઇએ.

જો ભા, એમ ન બેસાય. એમ બેસીએ તો ભૂંડા લાગીએ.

એમ તે હાથ ધોવાય? કોણી સુધી ધોવા જોઇએ.

બાજરાના રોટલા ભાવવા જ જોઇએ. મને બહુ ભાવે છે.

ગિ.

+ સ્વતંત્ર મત

ભાઇ જેને દેવદર્શને જવું હોય તે જાય. તને ગમે તે પહેર. ચોરણી ગમે તો ચોરણી ને ધાધરી ગમે તો ધાધરી.

તને ગમે તેમ વાળ તું ઓળ્યા ને મને ગમે તેમ મેં ઓળ્યા.

ભાવે તો મરચું ખા; નહિતર આ શાક છે તે મોળું છે.

જો ભા, આમ બેસીશ? એમ બેસે તો સૌને જરા જગા વધે.

જો આમ ઘસીને હાથ ધો. બગડ્યા હોય તેટલા ધોઇએ.

બાજરાનો રોટલો ન ભાવે તો ઘઉંના ખા. કોઇકને ન પણ ભાવે.

ગિ.

હીરો પ્રશ્ન કેમ પૂછતો ન હતો

હીરો બાલમંદિરમાં આવ્યો ત્યારે ચાર વર્ષનો હતો. હીરો દીઠે રૂડો રૂપાળો. હીરો લુગડાં પણ સ્વચ્છ અને સારાં પહેરી લાવતો.

હીરાનું બાલમંદિરમાં એક વર્ષ વીતી ગયું. બધાં બાળકો કંઇ ને કંઇ પ્રશ્ન પૂછે પણ હીરો સદા એ રીતે મૂંગો જ હોય. હીરાના મ્હોંમાથી એક પણ પ્રશ્ન ન નીકળે. જાણે કે હીરાને કશુંય જાણવાની ઇચ્છા જ નથી.

બાલમંદિરના શિક્ષકના મનમાં વિચાર ઉઠ્યોઃ "આનું કારણ શું?" બાલમંદિરનો શિક્ષક એટલે અવલોકનાર–અવલોકયા પછી કારણ શોધનાર. "હીરો શા માટે સવાલ ન પૂછે? કુદરતી જીજ્ઞાસા એનામાં પણ હોય. હોવી જ જોઇએ." શિક્ષકના મનમાં વિચાર ઘોળાયા જ કરતો હતો.

હીરાની સાથે રમતાં ફરતાં બાળકોને અને હીરાને પાછળ ઉભા રહી શિક્ષકે જોઇ લીધું. ત્યાં પણ હીરો પ્રશ્ન પૂછતો નથી.

શિક્ષકે વિચાર કર્યોઃ "આનું કારણ ઘરમાં તો નથી?"

અને સાચે જ કારણ ઘરમાં હતું. બા કે બાપ એમાંથી હીરો કોને પ્રશ્ન પૂછે? બાપો દિ' બધો વેપારમાં રહેતા. બા દિ' બધો સભાંમાં ને ઘરવ્યવસ્થામાં રોકાતી. નોકરો સવાલનો જવાબ કેવો આપે તે તો આપણે જાણીએ જ છીએ ના!

ગિ.

અમેરિકાની એક શાળામાં

ભાઇ મગનલાલ પારેખ અમેરિકાની એક શાળામાં ગએલા. ત્યાં તેમણે જે જોયું તેના વર્ણનમાંથી થોડો ભાગ અહીં આપેલો છે. —તંત્રીઓ.

હું શાળાના ઓરડામાં પહોંચ્યો કે તરત જ મુખ્ય શિક્ષિકા બાઇએ મને Good morning–સવારની સલામ કરી ને નાનાં બાળકો સાથે મારી ઓળખાણ કરાવી: "આ ભાઈ હિંદુસ્તાનથી કેટલાએ સમુદ્રો ઓળંગી અહીં અભ્યાસ માટે આવેલ છે. હું માનું છું કે તમારામાંથી કેટલાંક મોટા થયા પછી તે દેશમાં જશો. તેઓ આજે તમોને અહીં કામ કરતાં જોવા માટે આવેલ છે. આલો, હવે આપણે આપણું કામ કરીએ."

બાળકો ગોળાકારમાં ઉભાં હતાં. તેમાંનો એક અમેરિકન વાવટો લઇ વચમાં ઉભો હતો. તે બાઇએ મને કહ્યું: "દરરોજ સવારે અમે વાવટાની પૂજા કરીએ છીએ."

પછી બાઇએ એક બાળકને પૂછ્યું: "આ વાવટો કયા દેશનો?"

જવાબ મળ્યો: "અમેરિકાનો."

સવાલ: "આપણે કોણ છીએ?"

જવાબ: "અમેરિકન."

બાઇએ પછી કહ્યું: "માટે આપણે અમેરિકન આપણા દેશના વાવટા માટે જરૂર પડે તો પ્રાણ આપીએ. અને તેને માટે જે કરવું ઘટે તે કરીએ."

ત્યાર પછી વાવટા સાથે બાઇએ બાળકોની કુચ કરાવી. ત્યાર પછી બાઇએ પૂછ્યું: "આપણા દેશનો પ્રેસીડેન્ટ કોણ છે?"

બાળકે જવાબ આપ્યો: "હુવર."

બાળકને હુવરની છબી બતાવવાનું કહેતાં તેણે તેની છબી બતાવી.

ત્યાર પછી સવાલ થયો: "આ કોણ છે?"

એક બાળકે જવાબ આપ્યો: "એબ્રાહમ લીંકન."

બીજું બાળક બોલી ઉઠ્યું: "મારું પહેલું નામ એબ્રાહમ છે. મારું બીજું નામ ફેરવીને લીંકન કરવું છે. એટલે હું પણ એબ્રાહમ લીંકન થઇશ."

* *

અહીંની કિંડરગાર્ટન શાળાઓમાં બાળકોને ચાર વર્ષની ઉંમરથી દાખલ કરવામાં આવે છે. ચારથી છ એટલે બે વર્ષ સુધી અહીં રાખ્યા પછી બાળકોને પ્રાથમિક શાળાના પ્રથમ વર્ષમાં દાખલ કરવામાં આવે છે. આ બે વર્ષ દરમ્યાન બાળકોને અક્ષરજ્ઞાન બીલકુલ આપવામાં આવતું નથી. અક્ષરજ્ઞાન પ્રાથમિક શાળાના પ્રથમ વર્ષથી શરૂ થાય છે.

* *

અહીં પ્રાથમિક શાળાઓમાં શિક્ષિકાઓ જે કામ કરે છે. પ્રાથમિક શાળાની એક શિક્ષિકાએ એક બાળકનું પેન્સિલથી દોરેલ મોટરકાર અને એરોપ્લેનનું ચિત્ર બતાવી કહ્યું: "આ બાળકને ચિત્રનો ખૂબ શોખ છે. હું તેને એ કરવા દઉં છું. તે સારો ચિત્રકાર થશે એમ હું માનું છું."

અહીં દરેક બાળકને નાનું ટેબલ અને ખુરશી હોય છે. આપણે ત્યાંની પ્રાથમિક શાળામાં માસ્તરોથી જે દબાએલપણાનું વાતાવરણ જોવામાં આવે છે તે અહીં બીલકુલ નથી. અહીં બાળકો પૂર્ણ સ્વતંત્રતાથી અભ્યાસ કરતાં જોવામાં આવ્યાં.

અક્ષરજ્ઞાન યોજનાની ઝોળી

અમે અક્ષરજ્ઞાન યોજના કાઢી. અત્યારે તેમાં ૫૦૦ જેટલા સભ્યો નોંધાઇ ચૂકયા છે. લોકોમાં તેને મીઠો આવકાર મળ્યો છે. આ યોજના આજની ઘડીએ અતિ આવકારદાયક હતી એવો સૌ કોઇનો મત થયો છે ને ઉપયોગ થશે જ એમાં કોઇને શંકા નથી. યોજના અનુસાર 'કેમ શીખવવું' તે ચોપડી તથા 'ચાલો વાંચીએ' તે છપાઇ ગયાં છે. 'કેમ શીખવવું' તે શીખવનાર માટે છે ને 'ચાલો વાંચીએ' તે ભણનાર માટે છે. યોજના પ્રમાણે વર્ગો ઉઘડવા લાગ્યા છે. ભણાવનારાઓએ ભણાવવાની અને ભણનારાઓએ ભણવાની મદદ આપી; પણ બીજી મદદની જરૂર છે. જેની પાસે જે છે, તેની તેઓ મદદ આપશે? શાળાઓ માટે ગ્યાસતેલ અને બત્તી જોઇએ છે; શાળાઓ માટે પાટિયાં અને ચૉક જોઇએ છે; શાળાઓ માટે સાવરણીઓ અને ડસ્ટરો જોઇએ છે. ભણનારને માટે ચોપડીઓ અપાવનાર જોઇએ છે. અક્ષરજ્ઞાનના આ સમગ્ર પુણ્યકાર્યમાં હરેક જણ પોતાનો ભાગ આપી શકે. ઉપલી સામગ્રી ઢગલાબંધ જોઇએ. શ્રીમંતો પોતાના બીસ્સાંમાંથી કેટલું મોકલશે? ગરીબ ભણનારને કેટલી મદદ કરશે? એક પાઇથી દસ હજાર રૂપીઆ સુધીની રકમ આ યોજના માગે છે. જેનાથી જેટલું મોકલાય તે મોકલી આપશે? કાળ જાય છે ને કહેણી રહી જાય છે. હાથે તે સાથે.

તંત્રીઓ

તા. ક. બધાની પહોંચ "અક્ષરજ્ઞાન યોજના સમાચાર" અને "શિક્ષણ પત્રિકા"માં સ્વીકારવામાં આવશે.

અક્ષરજ્ઞાનની યોજના

કોણ જોડાઇ શકે?

આ યોજનામાં આપણે સૌ જોડાઇ શકીએ છીએ. આપણે એટલે હરેક શિક્ષકભાઇ તો પહેલો જ. તેનું કામ જ અધ્યયન અને અધ્યાપનનું છે. આપણે એટલે હરેક વાંચી જાણતી બેન પોતાની બેનની નિરક્ષરતા કેમ જ સહી શકે? આપણી પોતાની આસપાસ આપણી કામવાળી નિરક્ષર છે; પોતાની પાડોશણ નિરક્ષર છે; પોતાની દૂધવાળી, તેલવાળી, લાકડાંવાળી નિરક્ષર છે. પોતાને ત્યાં બોલાવી બેસારી, શું શહેરમાં કે શું ગામડામાં, તે અક્ષરજ્ઞાન આપી શકે છે. બેનોને બપોરે નવરાશ મળે છે તેનો આ કાર્યમાં તે સુંદરમાં સુંદર ઉપયોગ કરી શકે છે. આપણે અમલદારો એટલે ક્યાં જન્મ્યાં આપણે ઑફિસોમાં હોઇએ ત્યાં ત્યાં આપણા પટાવાળાઓને આપણે કેમ ન શીખવીએ? એક અમલદાર પોતાના પટાવાળાને મોટાઇ છોડી

પાસે બેસાડી અક્ષરજ્ઞાન આપવા બેસે એ કેવું ક્ષુદ્ર દૃશ્ય છે? કેવું પવિત્ર છે? કેવું તારક છે? એક એક ઓફિસે એક એક જણ શીખનાર અને શીખવનાર બને! આપણે એટલે આપણા જુવાનો, જુવાન વિદ્યાર્થીઓ. આપણો તનમતાટ હાથમાં ન રહે તેવો છે. તે કંઈક માગે છે-સેવા માગે છે. અને તેવી સેવા આપણી સામે ખડી છે. જુવાનો તો રાત્રિશાળાઓ કાઢે, ગામડે ગામડે ફરે ને 'અક્ષરજ્ઞાન' શાળાઓ થપાવે. શેરીએ શેરીએ અને લત્તે લત્તે રાત્રે કે દિવસે બેનો કે ભાઈઓ માટે અક્ષરશાળાઓ ચલવે. ચીનના જુવાનોએ એક જ વર્ષમાં આંખા ચીનને અક્ષરજ્ઞાનવાળો કરી મૂક્યો. યુવાનો ધારે ને હાથ પર લે તો ગૂજરાતની નિરક્ષરતા કેટલા દિવસ નભે? અને આજે તો ગૂજરાતનો યુવાન બીજા દેશોના યુવાનો સાથે મુકાબલો કરી લે તેવો ઉત્સાહમાં અને થનગનાટમાં છે. આપણે એટલે રિટાયર્ડ-નિવૃત્ત થએલા આધેડો અને વૃદ્ધો. આપણે વૃદ્ધાવસ્થામાં આ એક પ્રવૃત્તિ લઈશું તો જીંદગીનો વિરામ શોભી ઉઠશે. પળેપળ સદ્પ્રવૃત્તિ થશે. વૃદ્ધાવસ્થા ભગવાને આપી અને ટકાવી તે સાર્થક થશે અને આપણને એક પ્રવૃત્તિ મળતાં આયુષ્ય પણ લંબાશે. ખરી રીતે એકેએક ભણેલ આ યોજનામાં જોડાઈ જ શકે. આ યોજના નથી એકલા સમાજસેવકોની, નથી યુવકમંડળ કે સ્ત્રીમંડળની, નથી રાજ્યદ્વારી વિચારકોની, નથી બેહુતસંધની કે શિક્ષકોની, પણ તે સૌની છે. એકેએક ભણેલાની છે. જેને માત્ર વાંચતાં આવડે છે તેની છે. દરેક ભણેલો આમાં જોડાઈ શકે છે. પોતાના ભાઈને વાંચતો કરી આપી શકે છે.

તંત્રીઓ.

બાળઉછેર

(અનુસંધાન ગત વર્ષ પાનું ૧૮૮ થી)

બાળકોના લાંબા પ્રવાસમાં ઉતારો કેવો જોઈએ, ગાદલાં ગોદડાં કે પાથરણાની શી વ્યવસ્થા હોય વગેરે મુદ્દાઓ ચર્ચાઈ ગયા.

હવે બોરાક એટલે રસોડું જોઈએ. બાળકો પરત્વે બે રીતે આ બૂબ મહત્ત્વની બાબત છે. એક તો બાળકોને પોતાને તેમાં રસ હોય છે એટલે અને બીજું બાળકોને યોગ્ય બોરાક ન આપીએ તો મુસાફરીમાં એમનું પેટ બગડી જતાં વાર લાગતી નથી તેથી. વળી મુસાફરીમાં એક નકામી ઉપાધિ ઉત્પન્ન થાય એ વાત અલગ ગણીએ તો પણ બાળક બહુ જ હેરાન થાય.

મોટી મુસાફરીમાં રસોડું બોલવું જ જોઈએ. એકલા ટાઢા ભાતા ઉપર ન ચાલી શકે. છતાં સાથે આણેલી વસ્તુનો લાભ લઈ ઝાઝું રાંધવાનું બચાવી શકાય.

બાળકોની સાથે બે ત્રણ ટંકનું ભાતું મગાવવું જોઈએ. જતાંવેંત પહેલે ટંકે મોટે ભાગે ભાતું જ બવરાવવું ઠીક પડે છે કેમ કે રસોડું તો હજી શરૂ થતું હોય છે. એ વખત જે રાત્રિના જમણનો જ આવી જવાનો હોય-જેમ કે આપણે કોઈ જગ્યાએ સાંજે ૬ પછી પહોંચતાં હોઈએ તો નાસ્તો ને વાળુ બેનો વખત રહે નહિ. ત્યાં રંધાવાની ગોઠવણ થઈ ગઈ હોય તો રાત્રે શાક, બીચડી ને દૂધનો

ખોરાક ફીક પડે. રસોડાની ગોઠવણ ગયા પછી થવાની હોય તો સાથેનું ભાતું ને તેની સાથે ગરમ દૂધ ને ખાંડ આપીએ તો ઠીક પડે. દૂધમાં તજ ને થોડી સુંઠ તથા એલચી નાખીને કરેલો કાવો ચોમાસું ને શિયાળામાં ઠીક પડે છે. સૌનું ભાતું ખોલીએ ત્યારે રૂપું પહેલું લેવું ને કયું બીજા દિવસ માટે રાખી મૂકવું તે નક્કી કરીને વાપરવું.

રાંધવાની બાબતમાં કેટલું રીધું લેવું એમાં હંમેશ ભૂલ થવાનો સંભવ રહે છે. મોટા રસોયા આપણને જણ દીઠ જે અંદાજ કહે તેમાં ચાર બાળકો કે બે મોટાનું એક માણસ ગણવું અને ઘરના અનુભવી ઘરગથ્થુ અંદાજ ચાલતો હોય તો તેમાં બે બાળકોનું એક માણસ ગણીએ તો ચાલે. નકામું વધી પડેલું કામનું નહિ ને ઘટી પડે તે તો ન જ પાલવે. એમ હોવાથી આ અંદાજશાસ્ત્ર બરાબર વિકસાવવાની ખાસ જરૂર છે. આપણી રાંધવાની સામાન્ય ટેવ જ એવી હોય છે કે પાંચ માણસ માટે રાંધ્યું હોય તેમાં એક બે સહેજે જમી જાય. એમાં મૂળ નીતિ ઉદાર હતી, કારણ જમવા બેસતી વખતે અતિથિ આવી ચડવાનો સંભવ હમેશને માટે ઉભો હતો. પણ હવેના મહેમાનો બે દિવસ અગાઉથી કાગળ લખે છે ને વળી કેટલાક તાર પણ કરે છે; ને એકંદરે આપણી સમૃદ્ધિ ઓછી થઇ છે. માટે રાંધેલું નકામું જાય એ આપણને કોઇ રીતે પાલવે તેમ નથી. આપણા ગરમ મુલકમાં ટાઢું ખાવાની પણ ભલામણ કરી શકાય નહિ. માટે આપણે જોઇએ તેટલું જ રાંધવાનું અંદાજશાસ્ત્ર ખીલવવાની જરૂર છે. અમારા અનુભવમાંથી કાઢેલું થોડું એક અંદાજપત્ર નીચે આપ્યું છે. થોડા ઘણા ફેરફાર સાથે સૌને તે કામ આવશે. આપણા ખોરાકનું પ્રમાણ પણ પ્રાંત પ્રાંત પ્રમાણે, જાતિ જાતિ ને કોમની સંસ્કારિતા પરત્વે ફરતું છે. એટલે આજે આપણને સૌને એક પ્રમાણ લાગુ પડવું મુશ્કેલ છે પણ દિશાસૂચન તરીકે નીચે આપ્યું છે.

માપ ચાળીશ તોલાના શેરનું ગણ્યું છે.

૨૫ બાળકો બરાબર ૧૦ મોટાં ગણીને ૨૦ મોટાં માણસોનું પ્રમાણ આપ્યું છે.

૨૫ બાળકો અને સાથે ૧૦ મોટાં.

ખીચડી એકલી ૧૦ શેર; ઘી શેર ૧।

રોટલા ૪ શેર; ખીચડી ૭ શેર.

શાક ૭ શેર.

દૂધ ભોજનમાં ૧૦ શેર.

ભાત ૬ શેર; ઘી ૦।।। શેર.

દાળ ૩ શેર.

રોટલીનો લોટ ૫ શેર; ઘી ૦।।। શેર.

૨૫ બાળકો અને સાથે ૧૦ મોટાં.

લાડુ માટે લોટ ૮ શેર; ઘી ૫ શેર; ખાંડ કે ગોળ ૩ શેર.

દુધપાક માટે દૂધ ૧।।। મણ; ચોખા ૦।।। શેર; ખાંડ ૪ શેર.

શીખંડ માટે દૂધ ૦।।। મણ; ખાંડ ૮ શેર.

શિરા માટે લોટ ૪ શેર; ઘી ૫ શેર; ગોળ કે ખાંડ ૩ શેર કે ૪ શેર.

કઢી માટે દહીં ૫ શેર.

પીરા માટે દૂધ ૧૩ શેર; ખાંડ ૧।। શેર.

પુરી માટે લોટ ૫ શેર; તેલ ૨ શેર; ઘી ૨।। શેર.

મીઠું ૧। શેર; ધાણાજીરું દસ ભાર; કોકમ દસ ભાર; હળદર નવટાંક; આખા મરચાં નવટાંક.

ફરવા જઇએ ત્યાં કાંઈ પોંક ઓળા મગફળી વગેરે ખાવાનાં હોય કે નાસ્તો પાણી થવાનું હોય તો તે પ્રમાણમાં રાંધવામાં ઘટાડો થવો જોઇએ. પણ જો પાલીતાણા જેવા ડુંગરા ઉપર નાસ્તો થવાનો હોય કે જ્યાંથી પાછા વળે ત્યાં સુધીમાં બધું પચીને ફરી વાર કકડીને ભૂખ લાગે જ લાગે, તે વખતે નાસ્તાનો હિસાબ ન ગણવો. એક વાર નાસ્તો જો પેટ ભરીને એટલે જોઇએ એટલો આપ્યો હોય તો તે પછી ચાર કલાકે જ ખાણું આપવું. અને નાસ્તો માત્ર ભૂખને આધાર તરીકે અમુક પ્રમાણમાં જ થોડો થોડો આપ્યો હોય તો પણ ૨/૩ કલાક તો વચ્ચે જવા જ જોઇએ. મુસાફરીમાં ઉપરાઉપરી અને જે તે ખાધા કરવું એવું બનવાનો બહુ જ સંભવ રહે છે; તેની સંભાળ લેવી. આમ ગયા એ ગાજર ખાધાં, આગળ ગયા ચાર શીંગો ખાધી, બીજે જરા બોર ખાધાં, ત્રીજે કટકો ટોપરું ખાધું એવું આખો વખત મોઢું ચાલ્યા જ કરે એ બાળકોનું પેટ બગાડનારું છે. ઘણે ભાગે તરત જ કોઇ કોઇને તો ઝાડા કરી જ દે છે. અને તરત જ ન થાય તો બાળકની હોજરીને નુકશાન કરનારું તો છે જ. માટે મુસાફરીમાં પણ બાળકોને નિયમિત રીતે અને યોગ્ય એવો ખોરાક મળે તે જોવાનું છે. મુસાફરીમાં મિષ્ટાન્ન જોઇએ કે કેમ એ પ્રશ્ન છે. અમારો નિયમ અમે એમ રાખ્યો છે કે બાળકોની મુસાફરીમાં એકાદ ટંક તેમને ગમે એવું મિષ્ટાન્નનું ભોજન કરીએ જ છીએ; જ્યારે એકલાં મોટાંઓની એટલે અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓની મુસાફરીમાં ખીચડી ને રોટલા કે એવો સાદો ખોરાક જ રાખીએ છીએ. બાળકોને ભલે જરા જરા લહેર આવે, ભલે આનંદ કરે; મોટાંઓ ઉપર તાલીમ ખાતર જેટલાં બંધનો નાખવાં હોય તેટલાં નાખી શકાય.

રસોડાની સાથે જ પીવાના પાણીની વ્યવસ્થા કરી લેવાની રહી. પાણી સ્વચ્છ ને ગળેલું જોઇએ. ટાઇફૉઇડ કે કૉલેરાની આસપાસ બીક હોય તો પાણી ઉકાળીને ઠારેલું વાપરવું. બાળકો એંઠા પ્યાલા ન બોળે તેની વ્યવસ્થા કરી દેવી. પાણી કાઢવાને માટે સાધન રાખીએ અને બાળકોને પાણી કેમ લેવું ને શામાં પીવું તે શાંતિથી બતાવી દઇએ એટલે તે રીત અમલમાં આવે છે. વાપરવાનું ને પીવાનું પાણી એક જ ન રાખવાં. લેવાના કળશા વગેરે પણ તે જ ન રાખવા. પીવાનું પાણી જુદું જ ગોઠવી દેવું, અને તેનાં લેવા મૂકવાનાં સાધનો–ભલે પછી કુલડીઓ હોય તો તે પણ જુદી જ રાખવી.

રસોડું એ પ્રવાસનું જેમ એક મહત્ત્વનું અંગ છે તેમ જ દિશાપેશાબની વ્યવસ્થા છે. પ્રવાસમાં બાળક આપણી પાસે ચોવીશે કલાક હોય છે એટલે એની બધી વાતો આપણે તપાસવાની રહી; અને બધી વાતોની સુઘડતા અને સુટેવો બતાવવાની રહી. ઉતારાની આસપાસ જ્યાં ત્યાં પેશાબ કરવા દઇને આપણો ઉતારો બગાડી નાખવો ન જોઇએ. નિશાળના પ્રવાસોના શોખીન શિક્ષકો ગાંધીજીના આશ્રમની તાત્કાલિક પાયખાનાં ઊભાં કરવાની અને સાફ કરી પૂરી દઇ ચાલવા લાગવાની રીત શીખી લે તે જરૂરનું છે.

ગાંધીજીની બીજી રીતે અમર ગણાતી કૂચના અહેવાલમાંથી દરેક ઝાઝા માણસોની મુસાફરી લઇ જનારે નીચેનો ભાગ તો ખાસ

અમલમાં મૂકવાનું શીખી જ લેવું જોઇએ–

"જે જે મુકામે અમે પડાવ નાખવાના હોઇએ છીએ તે તે મુકામે ચોવીશ કલાક અગાઉ વિદ્યાર્થીઓ આગળ જઈ અમારા ઉતારા આગળ પાયખાનાં અને મુતરડીના ખાડા અને પાતળ નાખવાના ખાડા કરવામાં ગામના ભાઇઓ સાથે જોડાય છે. અને અમે ઉતારો છોડીએ તે પહેલાં એંઠવાડ પાતળના ને પેશાબ પાયખાનાંના ખાડા પૂરવામાં, ઉતારાનો કચરો સાફ કરવામાં અને જાજમ સંકેલવામાં રોકાઇએ છીએ." (નવજીવન)

આપણી સામાન્ય ટેવ આમાંની એકે વાત કરવાની નથી. તેમાં કોઇ પહેલાં થોડી સગવડ ને સ્વચ્છતા કરી લે છે, પણ નીકળતી વખતે આપણાથકી એ જગ્યામાં જે જે કચરો પડયો હોય અથવા ગંદકી થઇ હોય કે અવ્યવસ્થા થઇ હોય તે બધું સાફ કરીને નીકળવાની સભ્યતાથી આપણે કેવળ અપરિચિત છીએ. માટે તે બાબત તરફ બાળકોનો પ્રવાસ લઇ જનારાઓનું ખાસ ધ્યાન ખેંચવામાં આવે છે.

લાંબા પ્રવાસમાં બાળકો આપણી સાથે વસતાં હોઇ દિશાપેશાબની. જેમ તેમનાં દાતણ પાણી, ન્હાવું અને ધોવું, તેમનાં કપડાં કે વસ્તુઓ, તેમનાં પોટકાં સાચવવાં વગેરે કામો પણ આપણા ઉપર આવે છે. તેઓ દાતણ કયાં કરે, કેમ કરે, ચીર કયાં નાખે તે જોવાનું રાખવું. દાતણ થઈ રહ્યા પછી બધાં દાંત બતાવી જાય એમ ધોરણ રાખવું. ન્હાયા પછી પણ એકવાર બધાંની સામાન્ય તપાસ થાય. ન્હાતી વખતે કાન અને કાનની પાછળ, કાખ વગેરે ભાગો ચોળીને કેમ ધોવા તથા પછી લુછીને કેમ સુકા કરવા તે બતાવવું, અને પછી તેને લગતી તપાસ કરી લેવી. કપડાં અને વસ્તુઓની બાબતમાં પણ બાળકોને સામાન્ય સૂચના આપવી: "પોતપોતાનાં કપડાં સંભાળી લ્યો. વસ્તુઓ લઇ લ્યો." આવી સામાન્ય તપાસ કરવા નીકળીએ એટલે કપડાં બરાબર સંકેલ્યાં છે કે નહિ, પોટકું બરાબર બાંધ્યું છે કે નહિ, વગેરે બબર પડે. દરેક બાળક પાસે પોટકામાં શું શું હતું તેની યાદી હોય તે પ્રમાણે વસ્તુઓ તપાસી લેવાની પણ ઠીક પડે.

ટુંકમાં મોટો પ્રવાસ એટલે બાળકોની લાંબી મુસાફરી તો બરી જ; પણ સાથે સાથે આપણે માટે એક મોટો અનુભવ. કેમ કે તેટલા વખત પૂરતાં આપણે તેમનાં માબાપ થઇને જ તેમની સાથે રહીએ ને તેમનું અવલોકન કરીએ, તેમ જ તેમની નાની નાની જરૂરીઆતો પૂરી પાડીએ તે જરૂરનું છે. રાત્રે સૂતાં હોઇએ ત્યાં પણ મા જેમ અર્ધી રાત્રે ઉઠી નાના બાળકને બાળે લઇ જાય છે જેથી બાળક પથારી બગાડે નહિ, તેમ આપણે પણ કરવું જોઇએ. છોકરાંઓ રાત્રે ઉઘાડાં થઇ જાય તો તેમને ઉઠીને ઓઢાડવું જોઇએ. વાતો નાની છે, પણ રહી જાય ને ધ્યાન બહાર જાય તો આપણી મુસાફરી બામીવાળી ગણાય.

પ્રવાસના મુખ્ય અધિકારી પાસે પ્રવાસનાં કામોના જુદા જુદા વિભાગો સ્પષ્ટ હોવા જોઇએ.

૧ ઉતારો, પાગરણ અને સામાન્ય વ્યવસ્થા.
૨ રસોડું.
૩ દિશા–દાતણ.
૪ સ્નાન–કપડાં.
૫ સામાન્ય સંભાળ ને સાજમાંદા.

૬ અર્થનો હિસાબ.

લાંબી મુસાફરીએ જવું હોય ત્યારે મા-બાપો ઉપર નીચેની સૂચનાઓ મોકલવી. એવી છપાવીને રાખવી અથવા હાથે લખીને બધાં બાળકોને આપવી ને બાળકો બરાબર માબાપોને આપે એની ટેવ પાડવી.

બાલમંદિર

આવતી કાલે તા. ના રોજ મોટી મુસાફરીએ જવાનું છે તો આપના બાળકની સાથે—

બે જોડ કપડાં
પ્યાલો
રૂમાલ અને ટુવાલ
જોડા
બે ટંકનું ભાતું

મોકલી આપવા વ્યવસ્થા કરશો.

વ્યવસ્થાપક : બાલમંદિર.

લાંબી મુસાફરીએ શાળા તરફથી શું શું લેવું જોઇએ તેની યાદી અંગેઉ એક વાર આવી ગઇ છે. તે પ્રમાણે બધું લઇને નીકળવું.

પ્રવાસમાં આપણાંથી સચવાય તેટલાં જ ને તે ઉંમરનાં જ બાળકો રાખવાં. જો આપણે તંદન એકલાં હોઇએ તો નાનાં એટલે ૭ થી ૧૦ સુધીનાં પાંચથી સાત કરતાં વધારે બાળકો સાથે ન લઇ જઇએ. એકાદ શિક્ષક કે કામવાળી બાઇ સાથે હોય તો તેટલી ઉંમરનાં દશ બાર બાળકોને સાચવી શકાય. શિક્ષક અને કામવાળી બેઉ હોય તો વીશ પચીશ બાળકોને સાથે લઇ જઇ શકાય.

મુસાફરી વખતે શું શું બતાવવું અથવા જોવું તે વિષે પહેલાં આવી ગયું છે. સોની કંસારા વાંચી વગેરેની દુકાનો, ગામની બજાર, પાદરનાં ખેતરો, વાડીઓ, ભરતકામ ને ગામની ઉપજ નીપજ, ત્યાંથી બહાર જતી વસ્તુઓ, વગેરે બધું જોતા જવું; વાતચીત કરતા જવું. પણ પ્રવાસ એક સામાન્ય જ્ઞાનની નિશાળ જ ન બને તે પણ જોવું. ગામમાં સારાં ભજનો ગવાતાં હોય અથવા રાસ લેવાતા હોય કે કોઇ વાર્તા કહેતું હોય તો તેવા કાર્યક્રમો પણ રચવા.

મુસાફરી ચલાવનારે મગજ શાંત અને ફળદ્રુપ રાખવું જોઇએ; કેમ કે ધાર્યા પ્રમાણે ઘણી વાર કાર્યક્રમ પાર ન પડે એવા સંજોગો અચાનક ઉભા થાય. આપણી ભૂલથી એમ ન બને તેની સંભાળ રાખવી; પણ અણધારી રીતે મુશ્કેલી ઉભી થાય તો પણ મુસાફરીની મજા લેવાની જુદી રીતો શોધી કાઢી મુસાફરી સફળ કરવી.

આમ પ્રવાસની વ્યવસ્થા બાજુ બરાબર પોતે સાચવીને તેમ જ વ્યવસ્થામાં બાળકોને જોડીને સંભાળ્યા પછી જોવાનું વગેરે કરવું. ફરવું હરવું, જોવું જાણવું એ મુસાફરીનું મુખ્ય અંગ હોવા છતાં વ્યવસ્થાવિભાગ ગૌણ તો ન જ કહેવાય. પૂર્ણ વ્યવસ્થા અને સુઘડતા સાથે ફરવું જોવું એ મુસાફરીનું ધ્યેય હોય. [સમાપ્ત] તા.

મોન્ટીસોરી અધ્યાપનમંદિર

જેઓ મોન્ટીસોરી અધ્યાપનમંદિરમાં દાખલ થવા માગતાં હોય તેઓ રીતસરની અરજી એપ્રીલની આખરમાં કરી નાખે. જેઓની અરજી મંજુર કરવામાં આવશે તેમણે તારીખ ૧૫મી જુને હાજર થવું.

વસંત બાલશિક્ષણ વ્યાખ્યાનમાળા

વ્યાખ્યાન બીજું

તારીખ ૯ મી માર્ચ ૧૯૩૦ રવિવાર

વિષય: બાળ ક્રીડાંગણો

આ માળાનું પહેલું વ્યાખ્યાન "બાળકોને ચીતરવા શ્રી. ભુપતરાય ત્રિવેદી પુરુષોને
મારશો નહિ" ને "બાળકોને બીવડાવશો નહિ" લીમડા (હનુમાના) શ્રી. માધવજી રાવળ ,,
એ વિષયો પર થયું હતું. બીજું વ્યાખ્યાન ઉક્ત
વિષય ઉપર ઉક્ત તારીખે જુદાં જુદાં સ્થળોએ
થઈ ગયું.

સ્થળ	વ્યાખ્યાનકાર	કોને માટે
પોરબંદર	શ્રી. નૃસિંહપ્રસાદ કા. ભટ્ટ	પુરુષોને
,,	શ્રી. હેમુભાઇ રામજી	,,
સુરત	શ્રી. બંસીલાલ વકીલ	,,
વલસાડ	શ્રી. વલ્લભદાસ અકડ	,,
,,	શ્રી. ઈશ્વરલાલ દેશાઈ	,,
ચોરવાડ	શ્રી. ગોકુળદાસ રાયચુરા	સ્ત્રીઓ અને
,,	શ્રી. અંબાશંકર પંડ્યા	પુરુષોની બે સભા
રાંદેર	શ્રીમતી પ્રેમીબેન શાહ	સ્ત્રીઓને
પાલીતાણા	શ્રી લાભશંકર પાઠક	પુરુષોને
ગોંડલ	શ્રી. ઉપેન્દ્ર મુગટરામ	,,
લાઠી	શ્રી. છગનલાલ વચ્છરાજ	,,
વડોદરા	શ્રી. ઇન્દુપ્રસાદ ભટ્ટ	,,
લીંબડી	શ્રીમતી ત્રિવેણીબેન રામજી	સ્ત્રીઓને
ઉમરાળા	શ્રી. ત્રિભોવન વ્યાસ	પુરુષોને તથા
વળા	શ્રી. ઉમીયાશંકર જોશી	સ્ત્રીઓને
વઢવાણ	શ્રી. ભોગીલાલ રણછોડલાલ	પુરુષોને
બોટાદ	શ્રી. વિષ્ણુપ્રસાદ ભટ્ટ શ્રી. પુરુષોતમદાસ પટેલ	,,
સુણાવ	શ્રી. સોમાભાઈ પટેલ	,,
ભંડારીયા	શ્રી. રામભાઈ ડાહ્યાભાઇ	,,
ઝરીયા	શ્રી. કાંતિલાલ એમ. ધોળકીયા	,,
ધ્રાંગ	શ્રી. ભવાનીશંકર રાવલ શ્રી. રવિશંકર ચાણિક	,,

૧ લી સભા	શ્રી. ગિજુભાઈ બધેકા શ્રીમતી અનસૂયાબેન ,, કુમુદબેન પારેખ } સ્ત્રીઓને
૨ જી સભા	શ્રીમતી તારાબેન મોડક ,, મણિબા ગ ,, મેરી સેમ્યુઅલ } ,,
૩ જી સભા	શ્રી. હરભાઇ ત્રિવેદી કુમારી ચંદનબેન પારેખ } પુરુષો અને સ્ત્રીઓને

સ્થળ કુલ ૨૧ :: વ્યાખ્ય તાઓ ૩૩ :: સભાઓ ૨૫

અમને જણાવતાં હર્ષ થાય છે કે પહેલા વ્યાખ્યાન કરતાં બીજા વ્યાખ્યાન વખતે સ્થળો તેમ જ વ્યાખ્યાતાઓમાં ઉમેરો થયો છે. એ રીતે વ્યાખ્યાનમાળાનો લાભ આ વખતે વધ્યો ગણાય. અમે આશા રાખીએ છીએ કે ધીમે ધીમે આ વ્યાખ્યાનમાળા વધારે સ્થળે ફેલાશે ને વધારે લોકો તેનો લાભ લેશે. આ માટે જે ભાઇઓનો અમારા તરફથી પ્રેમપૂર્વક સેવાભાવે વ્યાખ્યાનો કરે છે તેમનો અમારે અંત કરણથી ઉપકાર માનવો ઘટે છે. બીજા વ્યાખ્યાન વખતે રોકાએલાં સૌ ભાઇઓનોના પ્રયત્નને અમે વધાવીને તેમનો આભાર માનીએ છીએ.

ત્રીજું વ્યાખ્યાન 'બાળકોની સ્વચ્છતા' એ વિષય પર એપ્રીલની આખરમાં ગોઠવવા ધારણા છે.

દક્ષિણામૂર્તિ બાલમંદિર } પ્રચારકો
ભાવનગર } વસંતવ્યાખ્યાનમાળા

ચર્ચાપત્રો

: ૧ :

શ્રી. ગિજુભાઇ,

આ વખતની શિક્ષણ પત્રિકામાં બાળકોના નાસ્તા સંબંધે એક લેખ છે તેને છેડે નાસ્તા માટે અઠવાડિયાનાં દિવસોમાં કેવી રીતે વિવિધ નાસ્તો આપી શકાય તેનું એક ટાઇમટેબલ જેવું આપ્યું છે તે માર્ગદર્શક બને તે માટે છે.

આ લેખ સંબંધે મારા વિચારો નીચે મુજબ છે—

૧ નાસ્તો વ્યાવહારિક તાલીમ માટે મુખ્યપણે નહિ પણ પોષણની દૃષ્ટિએ અપાવો જોઇએ.

૨ પોષણનાં તત્ત્વો ખોરાકમાં જ પૂરાં પડવાં જોઇએ અને ખોરાક માત્ર એ વખત જ નહિ પણ બાળકને ત્રણ વખત મળવો જોઇએ; એટલે બાલમંદિરનો નાસ્તો નાસ્તો મટી રીતસરનો ખોરાકનું સ્થાન લે તો પણ સારું.

૩ ખોરાક તરીકે નહિ પણ માત્ર નાસ્તા તરીકે રાખીએ તો પણ બાળપોષણને આવશ્યક તત્ત્વોમાંથી જે તત્ત્વોની ઘરના ખોરાકમાં ઊણપ રહેતી હોય તે પૂરાં પાડવાની દૃષ્ટિ પ્રધાનપદે રહેવી જોઇએ.

૪ નાસ્તામાં એક દિવસે એકલો સુકો મેવો, બીજે દિવસે એકલું કઠોળ, ત્રીજે દિવસે એકલું ફળશાક, ચોથે દિવસે એકલું દૂધ કે પ્રવાહી, આ યોજના કોઇ પણ સિદ્ધાંત ઉપર રચાએલી નથી એટલું જ નહિ પણ અયોગ્ય છે.

૫ નાસ્તામાં (૧) ચરબીવાળાં તત્ત્વ અને દૂધ (૨) શાક–ફળ (૩) પ્રોટીન—તદ્દન પચે તેવી સ્થિતિમાં—આ ત્રણ તત્ત્વો હરરોજ આપવાં જોઇએ અને તે માફકસર અને બાળકની હોજરીની શક્તિને અનુકુળ સ્થિતિમાં. બને તો બધામાં વ્યાપક કરી શકાય. ચાલુ ખોરાક ઘેર મોટાં માટે તૈયાર થાય છે તેમાં આ તત્ત્વો પ્રમાણસર કે બાળકને માફક આવે તેવી સ્થિતિમાં નથી હોતાં.

૬ (૧) ચરબીવાળાં તત્ત્વ—દૂધ.

બાળક જેટલું દૂધ લઇ શકે તેટલું આપવું અને તે વધારે પ્રમાણમાં લઇ શકાય તે માટે વિવિધ રીતો અજમાવવી. વાયડું ન પડે તે માટે અંદર મસાલો આદિ નાખવું. ઘીનો જરૂર પડે ત્યાં યોગ્ય ઉપયોગ કરવા ચૂકવું નહિ.

(૨) ફળ-શાક દૈનિક ખોરાકમાં હોવાં જ જોઇએ.

(૩) પ્રોટીન—કઠોળ તદ્દન પચી ન જાય તો આંતરડાં સડે માટે તેને પૂરેપૂરું પકવ રૂપ આપવું જોઇએ: મોન્ટીસોરીએ તો પૂરણ (વેડમીમાં વપરાય છે તે) નું રૂપ પસંદ કરેલ છે.

મારા મત મુજબ આ ત્રણે તત્ત્વો યોગ્ય પ્રમાણમાં દરરોજના નાસ્તામાં આવવાં જોઇએ.

અમનલાલ મા. વૈષ્ણવ.

ઉત્તર

ભાઇ વૈષ્ણવનો પત્ર માબાપોને બહુ ઉપયોગી ને ધ્યાનમાં રાખવાં જેવો છે. બાળકના ખોરાકમાં તેમણે નોંધેલાં ત્રણ તત્ત્વો હમેશ હોવાં જોઇએ એટલું જ નહિ, પણ આ ત્રણે તત્ત્વોનું એક બીજા-પ્રત્યેનું પ્રમાણ પણ સચવાવું જોઇએ.

માત્ર આ કાગળ બાલમંદિરમાં અપાતા બપોરના નાસ્તાને લાગુ પાડવાનું હજી વ્યવહારૂ

લાગતું નથી. તેનું કારણ તત્ત્વભેદ નહિ પણ વ્યવહારભેદ છે. મુખ્ય મુશ્કેલી તો તેઓ ભલામણ કરે છે એવો ખોરાક બનાવી લેવાની જ પડશે કારણ આજે જ આઠ આના માબાપોને ભારે પડે છે. માબાપ તે તરફ કી તરીકે જુએ છે. મોટાં છોકરાંઓની કી ચાર આના ને અઢી વર્ષના બાળક માટે આઠ આના આપવા પડે! પણ ધારો કે આ બન્ને મુશ્કેલીને કોઇ બાલમંદિર વટાવી ગયું. તોયે એક પ્રશ્ન હમેશ માટે ઉભો જ છે તે ખાવાના ટાઇમીંગ્સ અથવા વેળાઓનો છે. બાળકને ચાર વાર સરખી જ ક્વૉન્ટીટી (જથ્થો) અને ક્વૉલીટી (જાત) આપવાની હોય નહિ. સવાર ને ત્રીજે પહોર નાસ્તા જેવું એટલે ઓછો ખોરાક હોય ને બપોર ને વાળુ-ટાણે જમણ જેવું એટલે પેટ ભરીને જમવાનું હોય. માટે નાસ્તામાં તો બાળકને સ્વાદફેર કરીને બે ચાર વસ્તુઓ અવારનવાર આપીએ તો ખોટું નહિ.

બીજી વાત અને વધારે મહત્ત્વની વાત એ છે કે ત્રણે તત્ત્વનું પ્રમાણ આખા દિવસમાં મળીને સચવાવું જોઇએ. આપણા હાથમાં બાળકનો આખા દિવસનો ચારે ટંકનો ખોરાક નથી. બાળક આપણી સાથે રાતદિવસ રહેતું નથી. એટલે એની હાજરી કોઇ વિશિષ્ટ દિવસે કેવું કામ આપે છે તે આપણે જાણતાં હોતાં નથી. વળી આપણે તો સાઠ સિત્તેર બાળકોને માફક આવે એવો ખોરાક ગોઠવવાનો હોય. તેમાં જેવું ઘરે માબાપો ધ્યાન દઇ શકે તેવું વ્યક્તિગત ધ્યાન આપી શકાય જ નહિ. બીજું, બાળકોનો જમવાનો વખત પણ ગોઠવવાનું આપણા હાથમાં હોતું નથી. જેમ કે જૈન છોકરાંઓ તો ઘેર જઇને તરત જમવા બેસે છે, એથી બાલમંદિરના નાસ્તા માટે બે જ રસ્તા વ્યવહારૂ દેખાય છે. કાં તો બાલમંદિર નાસ્તો અથવા એક ટંક ખાવાનું આપવાનો દાવો કરે જ નહિ; ને મારા પહેલા લેખમાં મેં ભાર મૂક્યો છે તેમ શિક્ષણને અંગે જરૂરી પ્રવૃત્તિ તરીકે જ રાખે, અને તેમાં કાંઇક ખાવા આપ્યા વગર પ્રવૃત્તિ પૂરેપૂરી થતી નથી માટે થોડું કંઇ ચવેણું આપે. આ નાસ્તો હમેશ સેફ સાઇડ ઉપર એટલે ઓછી ભૂલ થાય એવી રીતે ગોઠવે. ને કાં તો ત્રીજા પહોરનો નાસ્તો દરેક બાળકને પોતાનો લાવવા દે અને બાલમંદિરમાં તો માત્ર બધાં ભેગાં બેસીને **પોતપોતાનો નાસ્તો** ખાય. આ રીતમાં પૈસાની, નાસ્તો બનાવવાની, જમવાના ટાઇમીંગ્સની અને નાસ્તાનું પ્રમાણ અને (ક્વૉલીટી) ભારે હળવાપણું બધું માબાપોના હાથમાં હોઇ બાળકના ખોરાકનું એકધારાપણું વધારે સચવાયું, ને બીજી વ્યવહારૂ મુશ્કેલીઓ પણ ટળે.

ચમનભાઇએ કઠોળ વિષે જે કહ્યું છે તે ધ્યાનમાં લેતાં બાલમંદિરમાંથી કઠોળ આપવાનું બંધ કરવાનું ઠીક લાગે છે. ને ઘરે પણ માબાપો કાચાપાકા ચણા વટાણા કે મગ બાળકોને ખાવા ન દે પણ બરાબર પકાવીને આપે એ જરૂરનું છે.

ભાઇ વૈષ્ણવ પોતાના અનુભવનો અને પ્રયોગોનો હમેશ લાભ આપતા રહે એમ ઇચ્છીએ છીએ. **તા.**

: ૨ :

એક શિક્ષક બનેલા બનાવો મોકલે છે. અમે આપેલા જવાબ સાથે તે નીચે આપ્યા છે. **તંત્રીઓ.**

સવાલ: લગભગ ત્રણ વાગે અમારા ગામના શેઠ મારી પાસે આવ્યા અને બોલ્યા: "માસ્તર સાહેબ, તમારે બચ્ચુ ને બાલુને સવારથી સાંજ

સુધી ઉભા રાખવા. અમારે તે હવે કરવું શું? નિશાળેથી રજા થાય કે તુરત ભમરડા લઈને જાય તે દિવસ આથમ્યા સુધી રમે છે. કહી કહીને થાક્યા. મારીએ પણ છીએ. કહેશો શું કરવું?

જવાબ: ભાઇ; ઉભા રાખશો નહિ ને મારશોયે નહિ. બાળકો નિશાળ પછી ભમરડા ફેરવે એમાં કંઇ ગુન્હો કરતાં નથી.

છોકરાં છે, ભમરડાની રમત ગમે ને તેમાં પ્રાવિણ્ય મેળવવા માટે તેના ઉપર મંડી પડતાં હોય, તેમાં એકાગ્ર થતાં હોય, તેના ઉપર કાર્યશક્તિ ખર્ચતાં હોય તો તેમાં કશું ખોટું નથી. તેઓ બળ મેળવે છે એમ માનજો. ને એમ લાગતું હોય કે એવું કાંઇ ફળ મેળવતા નથી પણ દેખાદેખીથી અમસ્થો વખત કાઢે છે; તો બીજી સારી રમનો દાખલ કરો, ગેડીદડો આપો ને જુસ્સાથી રમી લેવા દો. બાળકોનુ તેમાં હિત છે. તે બંગાડશો નહિ.

સવાલ: શેઠનો છોકરો બીજી ચોપડી ભણે છે. ભણવામાં બહુ જ ચાલાક, પણ તેથીએ વધારે શરીરે નબળાઇ છે.

કસરત કરવાનો રિવાજ અને રમતો રમાડવાનો રિવાજ મેં બે માસ થયાં રાખ્યો છે. એક વખત છોકરાને તાવ આવ્યો. શેઠ મારા પર બીજ્યા "માસ્તર તમે છોકરાને શા માટે વેકરામાં તેડી જાવ છો! જુઓ, કાલનો છોકરાને તાવ આવ્યો છે. છોકરો બ્હી ગયો છે અને નળ ભરાઇ ગયાં છે."

છોકરો નબળો એટલે તેને મોટા છોકરાની સાથે તો રમાડવામાં આવતો ન હતો. બાળવર્ગ સાથે તેને સંતાકુકડી રમાડતા તેમાં છોકરાના નળ ભરાયા એ અજાયબી!

જવાબ: શેઠજીને કહેવું કે ભાઈ રમે છે માટે નથી માંદો પડ્યો પણ પૂરતો રમતો નથી માટે માંદો પડ્યો છે. માટે હવે તાવમાંથી ઉઠેને, ત્યારે મારી પાસે મોકલજ્યો. સરસ રમી રમીને શરીર કસાશે એટલે માંદો પડતો અટકશે.

હવે પછીનો અંક

વૈશાખ માસનો છે તે જેઠ માસના અંક સાથે બધા ગ્રાહકોને મળશે.

સ્થાનિક ગ્રાહકોને

જેઓ પાસે ગયા વર્ષનું તેમ જ ચાલુ વર્ષનું લવાજમ બાકી હોય તેઓ મહેરબાનીથી પહોંચાડી દેશો. અમોને ઉઘરાણી કરવાની તસ્દીમાંથી બચાવી આભારી કરશો. જેઓ ગ્રાહક રહેવા ન ઇચ્છતાં હોય તેઓ એક પત્તું લખી તેમ જણાવશે તો મોટો ઉપકાર થશે.

નવા આજીવનસભ્યો

શ્રી. મહાસુખરાય ગોપાળજી ભટ્ટ મુંબઇ.
શ્રી. હીરાલાલ વસંતદાસ અમદાવાદ.

અંત્યજોને મદદ

શેઠ કોરશી વીજપાળ.	રંગુન રૂા. ૨૫
બેન આલાં પોચા.	પૂના રૂા. ૭૫

હજી વધારે મદદની જરૂર છે.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, બીજા બિલ્ડીંગમાં પોરી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૬

અંક ૭ મો
ભાદ્રપદ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

બાળકો અનેક જાતનાં છે: અપંગ, આંધળાં, લૂલાં, લંગડાં, તોતડાં, બોબડાં, બાડાં, બાંડાં, કોઢીયાં, પતીયાં, મંદબુદ્ધિનાં, મડદાલ, ઘેલાં, ગાંડાં, મૂર્ખ, ઠોઠ, કાળાં, કુબડાં તેમજ ઘોળાં, રૂપાળાં, સાજાંનરવ્યાં, તાજાં-માજાં, ચપળ, ચંચળ, હુશિયાર અને ચબરાક.

બધાં બાળકો સાચાં માબાપોને મન સરખાં છે. બધાં બાળકો સાચા શિક્ષકોને મન સરખાં છે. બધાં બાળકો સાચા રાષ્ટ્ર ઘડનારાઓને સરખાં છે. જ્યાં બધી જાતનાં બાળકોની તંદુરસ્તી અને કેળવણીની ચિંતા અને વ્યવસ્થા નથી ત્યાં માબાપો નથી, શિક્ષકો નથી, રાષ્ટ્રસેવકો નથી. ત્યાં જતે દહાડે દેવાળું છે.

સુધી ઉભા રાખવા. અમારે તે હવે કરવું શું? નિશાળેથી રજા થાય કે તુરત ભમરડા લઇને જાય તે દિવસ આથમ્યા સુધી રમે છે. કહી કહીને થાક્યા. મારીએ પણ છીએ. કહેશો શું કરવું?

જવાબ: ભાઇ, ઉભા રાખશો નહિ ને મારશોયે નહિ. બાળકો નિશાળ પછી ભમરડા ફેરવે એમાં કંઇ ગુન્હો કરતાં નથી.

છોકરાં છે, ભમરડાની રમત ગમે ને તેમાં પ્રાવિણ્ય મેળવવા માટે તેના ઉપર મંડી પડતાં હોય, તેમાં એકાગ્ર થતાં હોય, તેના ઉપર કાર્યશક્તિ ખર્ચતાં હોય તો તેમાં કશું ખોટું નથી. તેઓ બળ મેળવે છે એમ માનજો. ને એમ લાગતું હોય કે એવું કાંઇ ફળ મેળવતા નથી પણ દેખાદેખીથી અમસ્થો વખત કાઢે છે; તો બીજી સારી રમનો દાખલ કરો, ગેડીદડો આપો ને જુસ્સાથી રમી લેવા દો. બાળકોનુ તેમાં હિત છે. તે બગાડશો નહિ.

સવાલ: શેઠનો છોકરો બીજી ચોપડી ભણે છે. ભણવામાં બહુ જ ચાલાક, પણ તેથીએ વધારે શરીરે નબળાઇ છે.

કસરત કરવાનો રિવાજ અને રમતો રમાડવાનો રિવાજ મેં બે માસ થયાં રાખ્યો છે. એક વખત છોકરાને તાવ આવ્યો. શેઠ મારા પર ખીજાયા. "માસ્તર તમે છોકરાને શા માટે વેકરામાં તેડી જાવ છો? જુઓ, કાલનો છોકરાને તાવ આવ્યો છે. છોકરો બહી ગયો છે અને નળ ભરાઇ ગયા છે."

છોકરો નબળો એટલે તેને મોટા છોકરાની સાથે તો રમાડવામાં આવતો ન હતો. બાળવર્ગ સાથે તેને સંતાકુકડી રમાડતા તેમાં છોકરાના નળ ભરાયા એ અજાયબી!

જવાબ: શેઠજીને કહેવું કે ભાઈ રમે છે માટે નથી માંદો પડ્યો પણ પૂરતો રમતો નથી માટે માંદો પડ્યો છે. માટે હવે તાવમાંથી ઉઠેને, ત્યારે મારી પાસે મોકલજો. સરસ રમી રમીને શરીર કસાશે એટલે માંદો પડતો અટકશે.

હવે પછીનો અંક

વૈશાખ માસનો છે તે જેઠ માસના અંક સાથે બધા ગ્રાહકોને મળશે.

સ્થાનિક ગ્રાહકોને

જેઓ પાસે ગયા વર્ષનું તેમ જ ચાલુ વર્ષનું લવાજમ બાકી હોય તેઓ મહેરબાનીથી પહોંચાડી દેશો. અમોને ઉઘરાણી કરવાની તરદીમાંથી બચાવી આભારી કરશો. જેઓ ગ્રાહક રહેવા ન ઇચ્છતાં હોય તેઓ એક પત્તું લખી તેમ જણાવશે તો મોટો ઉપકાર થશે.

નવા આજીવનસભ્યો

શ્રી. મહાસુખરાય ગોપાળજી ભટ્ટ મુંબઇ.
શ્રી. હીરાલાલ વસંતદાસ અમદાવાદ.

અંત્યજોને મદદ

શેઠ કોરશી વીજપાળ.	રંગુન રૂા. ૨૫
બેન આલાં પોચા.	પૂના રૂા. ૫

હજી વધારે મદદની જરૂર છે.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખો: તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, અંજીર બિલ્ડીંગમાં પોરી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૯૬

અંક ૭ મો
ભાદ્રપદ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

બાળકો અનેક જાતનાં છે: અપંગ, આંધળાં, લૂલાં, લંગડાં, તોતડાં, બોબડાં, બાડાં, ખાંડાં, કોઢીયાં, પતીયાં, મિદ્દલાં, મડદાલ, ઘેલાં, ગાંડાં, મૂર્ખ, ઠોઠ, કાળાં, કુબડાં તેમજ ઘોળાં, રૂપાળાં, સાજાંનરવ્યાં, તાજાં-માજાં, ચપળ, ચંચળ, હુશિયાર અને ચબરાક.

બધાં બાળકો સાચાં માબાપોને મન સરખાં છે. બધાં બાળકો સાચા શિક્ષકોને મન સરખાં છે. બધાં બાળકો સાચા રાષ્ટ્ર ઘડનારા-ઓને સરખાં છે. જ્યાં બધી જાતનાં બાળકોની તંદુરસ્તી અને કેળવણીની ચિંતા અને વ્યવસ્થા નથી ત્યાં માબાપો નથી, શિક્ષકો નથી, રાષ્ટ્રસેવકો નથી. ત્યાં જતે દહાડે દેવાળું છે.

અમારે માટે લડશો ?

બાળકો કહે છેઃ "મોટી મોટી લડાઇઓ ચાલે છે. કોઈ અમારે માટે લડશો ? નાની લડાઇઓ લડશો ?

"અમારાં માબાપો જુલમગાર છે. પરાણે અમને બવરાવે, પરાણે અમને ઊંધાડે, પરાણે અમને બરાબ નિશાળે ભણાવે.

"અમારાં માબાપો મારકણાં છે. વિના કારણે મારે છે. સમજાવ્યા વિના મારે છે. કો'કનો વાંક ને અમને મારે છે. કો'કની ભૂલ ને અમને મારે છે.

"અમારાં માબાપો ફોસલામણાં છે. કહે છે કે તમને આ અપાવશું ને આ અપાવશું. કહે છે કે તમને આ બતાવશું ને તે બતાવશું. અમે જોતું માંગતાં બંધ થઇ ગયાં એટલે પાછાં એનાં એ. કંઇએ આપે નહિ ને બતાવે નહિ.

"અમારાં માબાપ ડરકામણાં છે. તે કંઇક માગીએ તો ડોળા કાઢે. અમે પણ રમીએ તો રોફ મારે. અમારી કાંઇક ચૂક થાય તો ડરાવે કે પોલિસ બોલાવું, હાઉ બતાવું, બાઉ બતાવું.

"અમારાં માબાપ સ્વાર્થી છે. નોકરોને સોંપી પોતે મજા કરે. નાટક જોવાં જાય, સિનેમા જોવા જાય; અમને મૂકીને સારું સારું બાય. અમને કહેશે માંદાં પડો.

"અમારાં માબાપ આળસુ છે. માંદાં પડીએ પણ દવા ન લાવે. ગંદાં ફરીએ પણ સાફ ન કરે. પડી જઇએ પણ ઉભાં ન કરે. કંઇક જોઇએ તો ઉભાં થઇને આપે પણ નહિ.

"અમારાં માબાપ લુચ્ચાં છે, જૂઠાં છે. પોતે ઘરમાં હોય ને અમને કહેશેઃ 'કહોને કે બહાર ગયાં છે !' પોતે સાજાં હોય ને કહેશેઃ 'કહોને કે માંદાં છે !' અમારી સામે જૂઠું બોલે છે. અમારી આગળ જૂઠું બોલાવે છે.

"અમારાં માબાપ લોભી છે. પૈસા હોય પણ અમારે માટે દાક્તર ન લાવે; અમે માંદાં માંદાં પડ્યાં રહીએ. પૈસા હોય પણ સારાં સારાં કપડાં ન પહેરાવે. પૈસા હોય પણ સારું સારું બવરાવે નહિ.

"અમારાં માબાપ પાપી છે. અમારી સામે દારૂ પીએ; અમારી સામે બીડી પીએ; અમારી સામે ભૂંડું બોલે; અમારી સામે એવું એવું ગંદું પણ કરે.

"અમારે માટે તમે કોઇ નહિ લડો ?"

ગિ.

બાળકો અને સિનેમા

સિનેમાનું જોર વધતું જાય છે. સિનેમા કદાચ કાઢ્યા કઢાશે નહિ પણ ઉંચટા વધારે પેસવાના છે. એનો આપણે માટે તેમ જ બાળકો માટે સદુપયોગ કરી લઇએ.

સિનેમા ધારીએ તો બાળકેળવણીનું પણ એક મહત્ત્વનું સાધન કરી શકીએ. સિનેમાથી બાળકોને નાનપણથી જ બગાડવાનું પણ બની શકે. સિનેમા એ ધારી તલવાર છે. બધો આધાર વાપરી જાણવા ઉપર છે.

આજના સિનેમા મોટાઓ માટે છે. મોટા ઓને લક્ષમાં રાખી કમાણીની દૃષ્ટિ આગળ રી તે તૈયાર કરવામાં આવ્યા છે. તેમાં

સારામાં સારાથી માંડી હલકામાં હલકા સુધીના છે. લોકો પ્રકૃતિ અનુસાર તે જુએ છે ને મજા કરે છે; જ્ઞાન પણ મેળવે છે.

મોટાંઓ સિનેમા જોવા જાય છે ને સાથે નાનાંઓ પણ જાય છે. ઘણી વાર નાનાંઓને સાથે જવું પડે છે કારણ કે ઘરમાં સાચવનાર બીજું કોઇ નથી હોતું. ઘણી વાર બાળકો જ કજીયો કરી ત્યાં જાય છે કારણ કે તેમને તે ગમે છે. ઘણી વાર ઉલટું જ બને છે, એટલે કે મા-બાપો બાળકોને કોઇની પાસે મૂકી સિનેમા જોવા જાય છે, કેમ કે બાળકો ત્યાં ઉપાધિ રૂપ થઇ પડે છે. બાળકોને લાયકના સિનેમા નથી માટે બાળકોને ન લઇ જનારાં માબાપો ભાગ્યે જ મળે. કદાચ અહીં તો ન જ હોય.

બાળકોને જ્યાં ત્યાં સોંપી સિનેમા જોવાની હોંશ પૂરી કરવી તે માબાપને તો ન જ ઘટે. પણ તેથી પોતે જે જે સારા નરસા સિનેમા જોવા જાય ત્યાં ત્યાં બાળકોને લઈ જવાં એમાં બાળક પ્રત્યેનો પ્રેમ અથવા ધર્મ એકેય નથી. ત્યાં કાં તો અવિચારીપણું અથવા બાળક પ્રત્યે ખોટો પ્રેમ કે નુકશાનકારક પ્રેમ છે. સિનેમા બાળકોને તેમ જ મોટાંઓને ગમે છે; પણ ગમે તે બધું યોગ્ય ને હિતાવહ છે એમ ન બને. ગમતાની અંદર બરાબર હોય તો ગમવા સાથે બરાબરને અવકાશ મળી જાય. ગમે છે તેનો લાભ લઇ સારૂં ગોઠવવામાં આવે તો ગમવા સાથે યોગ્ય વસ્તુ મળે એટલે આનંદ સાથે વિકાસ થાય. સિનેમા આનંદ સાથે વિકાસનું સાધન બનવું જોઇએ. જો તેમ બને તો જ તેને બાળઉછેર અને જીવનમાં સ્થાન છે. તેમ ન હોય તો તેને ધક્કો મળવો જોઇએ.

અમેરિકાનાં માબાપો આજે પોતાનાં બાળકોનો બહુ વિચાર કરે છે. બાળકોના માબાપ થવું આજે ત્યાં અત્યંત જવાબદારીવાળું ગણાય છે. માતૃત્વ અને પિતૃત્વની આવડત અને કળાનું શિક્ષણ આજે માબાપો પ્રેમપૂર્વક લઇ રહ્યાં છે. ત્યાં બાળકો માટે સિનેમાની નવી નવી અને ભાતભાતની ફિલમો નીકળે છે. વેપારી દેશને જેટલું ઝટ ઝટ સૂઝે છે તેટલો જ ત્યાંનાં માબાપો તેનો ઝટ ઝટ અને સુંદર ઉપયોગ કરી જાણે છે. સિનેમાની બાળફિલમો સેંકડો નીકળે છે ને સેંકડો નાલાયક ઠરે છે. જેમ સાહિત્યની જરૂર પડતાં સારૂં નરસું બાલસાહિત્ય ઉભું થાય છે ને તેની ચોકી રાખવી પડે છે તેમ જ સિનેમા પરત્વે અમેરિકાને ચોકી રાખવી પડે છે. બાલહિતનાં છાપાંઓ નવી ફિલમોની સમાલોચના કરે છે. મોટાંઓને લાયકની, યુવાનોને લાયકની, બાળકોને લાયકની, એમ દરેક ફિલમ પરત્વે અભિપ્રાય પ્રગટ થાય છે ને એ અભિપ્રાયને આધારે ત્યાં ફિલમો ખરીદાય

અક્ષરજ્ઞાન યોજનાનાં પુસ્તકો

કેમ શીખવવું
ભણાવનાર માટે વિના મૂલ્યે

ચાલો વાંચીએ
ભણનાર માટે કિં. ૦–૨–૦

આગળ વાંચો પહેલી ચોપડી
ભણનાર માટે કિં. ૦–૧–૦

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર
ભાવનગર

છે ને નવી રચાય છે. લાખો બાળકો સારી ફિલ્મો જુએ છે ને તેનો લાભ લે છે.

આપણે આપણાં બાળકો માટે શું કરી શકીએ ? આપણે અમેરિકાની બાળાફિલ્મોમાંથી કેટલીએકનો ઉપયોગ કરી શકીએ. કેટલીએક ફિલ્મો ભૌગોલિક, આરોગ્ય વિષયક, વનસ્પતિ-જ્ઞાન, પ્રાણીજ્ઞાન વગેરે વિષયોને લગતી મળી શકે છે. તેવી ફિલ્મો સીધી જ વાપરીએ. મોટાંઓ માટેની નિરુપયોગી ફિલ્મો કરતાં આ ફિલ્મો બહુ જ સારી. એની સાથે જ બાળકોને લાયકની બીજી ફિલ્મો આપણા દેશમાં તૈયાર થવી જોઇએ. સિનેમાના વેપારીઓ બપત ઉપર વસ્તુ બનાવે છે ને વસ્તુ બનાવે તો તેનો બપ વધારે છે. બાળકો માટેની ફિલ્મો તેઓના લક્ષ પર વાત ઠસતાં તેઓ બનાવશે અને ફિલ્મો થતાં હજારો બાળકો તેનો લાભ લેશે. પ્રત્યેક કેળવણીની સંસ્થા સિનેમા કુંપનીને આ કાર્ય બાંસ ઉપાડવા ઉત્સાહ અને મદદ આપી શકે. કેટલાયે વિષયો શીખવતાં આવડતા નથી તે ફિલ્મની મદદથી ખૂબ રસિક નીવડે અને તેનું જ્ઞાન સચોટ થાય. આજની બદલાતી શિક્ષણપદ્ધતિમાં આ ફેરફાર વંબતસરનો જ ગણાય. માબાપો પણ આવી ફિલ્મો દ્વારા કેળવણીનો પ્રબંધ રચાવા પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે અને સમૂહગત અગર વ્યક્તિગત મદદ આપે. માબાપ, રાજ્યો અને શિક્ષકો ત્રણે મળીને જો સારી ફિલ્મોનો પક્ષ કરે અને નઠારી ફિલ્મોથી બાળકોને દૂર જ રાખે તો સિનેમા કુંપનીને આ કામ ઉપાડયે જ છૂટકો.

પણ જ્યાં સુધી બાળફિલ્મો તૈયાર થાય નહિ ત્યાં સુધી મોટાંઓની-મોટાંઓ માટે લાયકની કે નહિ લાયકની ફિલ્મો બાળકોને બતાવતા પહેલાં વિચાર કરવો ઘટે છે. ઘણી મોટાંઓની ફિલ્મો બાળકોને દેખાડવા જેવી હોય છે; તે તો અવશ્ય તેમને દેખાડવી જ જોઇએ. તે માટે માબાપો આગ્રહ રાખે. પણ મોટાંઓ જ સમજી શકે તેવી, તેમના જીવનની-મોટાંઓને પણ જોતાં આંચકો બાવો પડે તેવી, અગર બાળકો આગળ ઢાંકવા જેવી ફિલ્મો માબાપોએ બાળકોને ન બતાવવી; અને તે કારણે કાં તો માબાપો સિનેમા ન જુએ અગર બાળકોનું બીજી રીતે સમાધાન કરે. ગિ.

મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસીઓ માટે

ઘરમાં મોન્ટીસોરી	લે. તારાબેન	૦-૮-૦
મોન્ટીસોરી પદ્ધતિ	લે. ગિજુભાઇ	૨-૦-૦
મોન્ટીસોરી નિબંધ સંગ્રહ		૦-૧૨-૦
પાઠ આપનારાઓને	લે. ગિજુભાઇ	કિ.૦-૯-૦
મોન્ટીસોરી શિક્ષકની દૃષ્ટિ	લે. ,,	પોસ્ટેજ સાથે
બાલવાર્તાની શ્રેણીઓ	લે. તારાબેન	
બાલચારિત્ર્ય	લે. તારાબેન	છૂટક નકલ ૦-૨-૦
મોન્ટીસોરી પદ્ધતિ બર્બાળ છે ?	લે. ગિજુભાઇ	બાલમંદિર ભાવનગર
શ્રાવણ ભરત	લે. તારાબેન	

પ્રથમ કચ્છ શિક્ષણ સંમેલન

તારીબ ૪-૫-૬ ઑક્ટોબર ૧૯૩૦

ના દિવસોએ કચ્છ-માંડવીમાં મળશે.

: પ્રમુબ :

શ્રી. વિઠ્ઠલજી કેશવજી દવે

માજી એજ્યુ૦ ઇન્સ્પેકટર : કચ્છ સ્ટેટ

સૌ શિક્ષકભાઇઓ આ સંમેલનને સફળ કરવા જાતે હાજરી આપે અથવા નિબંધો મોકલી સહાય કરે.

બાલસાહિત્ય અને અપશુકન

અપશુકનની વાત બાલસાહિત્યમાં કરવી કે નહિ ? જો સાચેસાચ શુકનમાં માનીને તેવું કહેવાતું હોય તો તેવું ન જ કરવું.

પણ ઘણી વાર આજકાલ સાહિત્યમાં એક સાહિત્યપોષક વાત તરીકે શુકન અપશુકનની વાતો થાય છે: સાચેસાચ માનીને નહિ પણ સાંભળવામાં વર્ણન જરા સારું લાગે એટલે ભેરવ બોલતી હતી ને છાપરે ઘુવડ ઘુઘવતાં હતાં ને એવું એવું વર્ણન આવે છે. એટલે શુકનો એ લોકસાહિત્યની ભાષામાં પ્રસંગના રસને પોષનાર તત્ત્વ તરીકે માત્ર વપરાય છે. તેમાં સાચેસાચ માનીને નહિ. આ જાતના માત્ર સાહિત્યના શણગાર તરીકે શુકનો અપશુકનો આવે તેથી વાંધો નથી એમ લાગે છે. તેની વહેમ તરીકે અસર થતી ન થતી એનો આધાર ઘરના ઉપર છે.

મરાઠી ભાષામાં
'કેમ શીખવવું'
શ્રીમતી તારાબેન મોડક અને શ્રીમતી રાજસબાઇ ડોંગરે એમણે તૈયાર કર્યું છે.
થોડા વખતમાં પ્રસિદ્ધ થશે. પોતાની આસપાસના મરાઠી શિક્ષકો તથા ભાઈઓને કહી રાખશો કે અભણ મરાઠાઓની સેવા કરવા તત્પર થાઓ.

હું મારું બાળપણ સંભારું છું ત્યારે મને યાદ આવે છે કે ઘરમાં કોઇ જ ભૂત કે શુકનને માનતાં નહોતાં; તેવી વાતો જ કોઇ વખતે થતી ન હતી. આગળ ઉપર એટલે દસેક વરસની ઉંમરે બોર્ડિંગમાં એવી વાતો સંભળાતી ત્યારે સાંભળવી ગમતી, વાંચવી ગમતી; પણ તેનાથી બીક જેવી લાગણી ઉદ્ભવતી નહિ. 'પીંપળના મુંજ'ની વાત વાંચવી ને સાંભળવી ગમતી પણ રાત્રે પીંપળાની નીચેથી નીકળતાં બધાં બ્હીએ તો પણ હું ત્યાંથી જતી. એટલે સાહિત્ય તરીકે આવી વાતો એક જાતનો ભયાનક રસપોષક હોવાથી ગમ્મત આપે છે, પણ તે બીક તો ત્યારે જ ઉત્પન્ન કરે છે કે જ્યારે ઘરમાં તે વાતોથી બ્હીવાનું શિક્ષણ મોટાંઓ પાસેથી મળેલું હોય છે. ઘરમાં સાચેસાચ બ્હીને એવી વાતો થાય છે ને બાળકોના સર્વસ્વ આધારભૂત મા ને બાપ, મોટાભાઈ ને મોટીબેન જ આવી વાતોથી બ્હીએ છે ને બાળકને પણ બ્હીવાનું કહે છે ત્યારે બીક પેસે છે. ને બીક પેઠી હોય તો એ જાતના વાચનની અસર બીક ઉત્પન્ન કરવામાં થાય છે એ વાત સાચી. હાલ આપણા સમાજમાં એવાં જ કુટુંબો વધારે છે. માટે જ હાલ વહેમને વખોડનારું સાહિત્ય ઉપજાવવાની જરૂર છે. ને વહેમી વાતો સાહિત્ય તરીકે પણ બાલસાહિત્યમાંથી હાંકી કાઢવાની જરૂર છે. **તા.**

મોન્ટીસોરી સંઘના નિયમો

મોન્ટીસોરી સંઘના મંત્રી—બાલમંદિર—ભાવનગર પાસેથી મળશે. વિના મૂલ્યે મગાવો.

વિયાવું

વિયાવું શબ્દ બાળકોને એટલો બધો અપરિચિત નથી. શેરીમાં કૂતરી તો હમેશ વિયાય છે. 'આયમાય કૂતરી વિયાણી' વગેરે બાળકો હમેશ બોલે છે. ગામડામાં તો ગાય વિયાય કે ભેંશ વિયાય એ બાળકોનો જાણીતો પ્રદેશ છે; શહેરનાં બાળકોને તે કદાચ નવો હોય તો પરિચિત થવાની જરૂર છે. શહેરી સભ્યતાની કલ્પના આવા શબ્દોની આડે ન જ આવવી જોઇએ. (Sex-education) જાતીય જ્ઞાન જે આજ કાલ બહુ જ જરૂરનું ગણાય છે તેની સરળ શરૂઆત આવા કુદરતી બનાવોમાંથી થાય છે. તેની આસપાસ ખોટી શરમ, અથવા ન બોલવા જેવાપણું, અથવા અસભ્યતાનું આરોપણ મોટેરાંઓએ કરવું જોઇએ નહિ પણ તદ્દન સ્વાભાવિક અને રસિક બનાવ તરીકે પસાર થવા દેવો જોઇએ. બાળકો પ્રશ્ન પૂછે તો તેમની ઉંમરને લાયક એવા સાદા જવાબો પણ જરાયે અચકાયા વિના આપી દેવા. એટલે વધારે જિજ્ઞાસા જાગે ત્યારે ફરીથી આપણને પૂછતાં બાળક અચકાય નહિ.

વાર્તામાં બાળક કદાચ પૂછે કે વિયાવાનો વખત એટલે શું? તો તેમાં આપણે ગભરાઇ જવા જેવું શું છે? તુરત કહી દેવું કે બચ્ચાં આવવાનો વખત થાય તે.

નિર્વ્યાજતા (innocence) વિષેના આપણા ખોટા ખ્યાલ અથવા આગ્રહને કારણે આપણે બાળકને પ્રાણીજીવનથી દૂર રાખ્યું હોય તો આપણે બાળકને ઘણું જ ગંભીર નુકશાન કર્યું છે એમ જ માનવું. પ્રાણીજીવનથી પરિચિત હોય તો તો બચ્ચાં આવવાના બનાવથી તે અપરિચિત ન જ હોઇ શકે. પ્રાણીજીવનમાં બાળકને સૌથી વધારે રસ પડે એવો બનાવ બચ્ચાં આવવાનો છે. ગાયની વાછડી, કૂતરીનાં ગલુડિયાં, બિલાડીનાં બચોળીયાં, ચકલી કાગરનાં ઇંડાં ને બચ્ચાં, કુકડીનાં બિલાં એ બધાંમાં બાળકને ખૂબ રસ પડે છે એટલું જ નહિ પણ તેનો લાગણીનો પ્રદેશ ઉઘડે છે. પેલાં બચ્ચાં પોતાની બા સાથે ગેલ કરતાં જોઇને બાળકને પોતાના જીવન સાથેની નિકટતા દેખાય છે. હું જેમ મારી બાનું તેમ આ બચ્ચું એની બાનું, એ ભાવના જાગૃત થાય છે. એટલે બચ્ચાં આવવામાં કે વિયાવામાં આપણે મોટાંઓને જે ન વાત કરવા જેવો પ્રદેશ લાગે છે તે નિર્વ્યાજતાને લીધે નહિ પણ નિર્વ્યાજતાની ખામીને લીધે. એટલે બાળકોની નિર્વ્યાજતા કાયમ રાખવી હોય તો તેમની સાથે તેમની જેમ જ છૂટથી વાત કરવી

તા.

બાળકો મનમાં બોલે છે

જુઓને, બાપા તો બેઠા બેઠા છાપાં વાંચ્યા જ કરે છે. બા જ બધું ઘરનું કામ-કાજ કર્યા કરે છે.

--- બાપા તો કોઇને પોતાની ઓરડીમાં ગડબડ નહિ. અહીંથી ભાગો. ?? બાની પાસે આવવા જ નથી દેતા. બાની ઓરડીમાં જવાની સૌને છૂટ છે.

બાપા જરાક બોલીએ તો કહે છે: " ચૂપ,

ગડબડ સડબડ બધું ચાલે. કોઇનેં કહેતી નથી કે ભાગો.

બાપા રોજ એક સવાલ પૂછે છે : "કેમ, નંબર કેટલામો આવ્યો ? લેસન બરાબર કર્યાં હતાં ?" બા તો કેટલીયે વાતો કરે છે.

બાપા ગંભીરતાથી બેસી રહે છે ને અમારી સાથે બહુ જ થોડું બોલે છે.

બા શું કરે છે ? * * * બા શું કરે છે ?

(૧)

કેમ સરોજબેન, તમારી બા શું કરે છે ?
અમારી બા ભાભુ સાથે લડે છે.
કેમ ચંપાબેન, તમારી બા શું કરે છે ?
અમારી બા રોટલી કરે છે.
રેવાબેન, તમારી બા શું કરે છે ?
નાનાભાઇને ધડ ધડ મારે છે.
લલ્લુભાઇ, તમારી બા શું કરે છે ?
એ બેઠી બેઠી પોપૈયો ખાય છે.
ચિનુભાઇ, તમારી બા શું કરે છે ?
ધીરી કાકીને ગાળો દે છે ને તેમની સાથે લડે છે.
લીલુબેન, તમારી બા શું કરે છે ?
બાપાને વઢે છે ને ઠામ પછાડે છે.

(૨)

કેમ જીનુભાઇ, તમારી બા શું કરે છે ?
ગરીબ આંધળાંને રોટલો આપે છે.
લખુભાઇ, તમારી બા શું કરે છે ?
બેઠી બેઠી કંઇક સાંધે છે.
સુશીલાબેન, તમારી બા શું કરે છે ?
કપડાંને સંકેલીને પેટીમાં મૂકે છે.
લાલભાઇ, તમારી બા શું કરે છે ?
બાપાને કાગળ લખે છે.
ભીખુબેન, તમારી બા શું કરે છે ?
બાપાને તાવ આવ્યો છે તે એમની પાસે બેઠી બેઠી વાંચે છે.
વિમળાબેન, તમારી બા શું કરે છે ?
રેંટીયો કાંતે છે ને ગીત ગાય છે.

હું ગમ્યો નહિ . . . . . કારણ કે—

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું બહુ વધારે પડતો ગંભીર હતો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું ગંદો હતો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું બહુ ઉતાવળથી બોલતો હતો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું તેની હાજરીમાં બીજાને વઢતો હતો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે મેં તેને એકદમ ઉંચું કર્યું.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે મેં તેની બોચી થોભી બચી લીધી.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે મેં તેને તુંકારે ને ઉંચે સાદે બોલાવ્યું.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું ધફ-ધફ ધસડધસડ ચાલતો હતો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે હું તેને ગલીપચી કરવા લાગ્યો.

બાળકને હું ગમ્યો નહિ કારણ કે મેં એને ખોળામાં બેસવાનું કીધું.

બાળકને હું ગમ્યો નહિ કેમ કે મારું મોઢું ગંધાતું હતું.

પાછું પાડો નહિ

બાળક કંઈક પૂછે તો છણકાવીને પાછું પાડો નહિ.

બાળક કંઈક બતાવે તો 'એમાં શું જોવું છે ?' એમ કહીને પાછું પાડો નહિ.

બાળક કંઈક કરે તો 'એય... કરીશ મા.' એમ કહીને પાછું પાડો નહિ.

બાળક વારંવાર પૂછે તો 'હવે મૂકને માથાકૂટ !' એમ કહીને પાછું પાડો નહિ.

બાળક નવું નવું સંભળાવે તો 'હવે મૂકને તારો લવારો !' એમ કહીને પાછું પાડો નહિ.

બાળક કંઈક હસે અને ગમ્મત કરે તો 'રાખો, હવે બહુ થયું.' એમ કહી પાછું પાડો નહિ.

બાળક કંઈક સાચેસાચી સલાહ જેવું બોલે તો 'હવે રાખો, બહુ ડાહ્યાં છો તે !' એમ કહીને પાછું પાડો નહિ.

બાળક વખતે સાચેસાચું ઉઘાડું સંભળાવી દે તો 'હવે બાંગરો થા મા, બાંગરો.' એમ કહીને પાછું પાડો નહિ.

સારાં માબાપોએ બાળકોને આપવા જેવી શિખામણો

જો ભા, નિશાળમાં મહેતાજી મારે તો ત્યાંથી ચાલ્યો આવજે.

જો ભા, તારો મહેતાજી ગાળો દે તો ફરીથી એ નિશાળે ના જતો.

જો ભા, તારો મહેતાજી ભણાવે નહિ ને કોઈની સાથે બેઠો બેઠો વાતો કરે તો કહેજે: "માસ્તર સાહેબ, વાતો ન કરો; અમને ભણાવો."

જો ભા, તારો મહેતાજી નિશાળમાં બીડી પીએ કે તમાકુ ખાય તો કહેજે: "સાહેબ, એમ ના થાય. એ તો જંગલીપણું કહેવાય."

જો ભા, તારો મહેતાજી પરીક્ષા વખતે કૉપી કરાવે તો તું પરીક્ષકને જ કહી દેજે.

જો ભા, તારો મહેતાજી સમજાવે નહિ ને ગોખાવે તો કહેજે: "માસ્તર, સમજાવતાં ન આવડતું હોય તો શું કામ ભણાવો છો ?"

જો ભા, તારો મહેતાજી તને ખોટો ઉતારી મૂકે કે બીજાને ખોટો ચડાવે તો સૌને કહેજે: "માસ્તર ખોટા છે, ખોટા છે."

જો ભા, માસ્તર ભણાવે જ નહિ ને ઘરનું કામ કરાવ્યા કરે તો કામ કરવાની ના પાડવી.

જો ભા, માસ્તર આવા ખોટા કારણે ગુસ્સે થાય ને મારવા ઉઠે તો નિશાળમાંથી ચાલ્યો આવજે.

જો ભા, બધા છોકરાને શીખવાડજે કે એવી નિશાળમાં નથી ભણવું, નથી ભણવું.

જો ભા, રજા હોય તો પણ માસ્તર રજા ન પાડે તો ભાગ્યો આવજે ને બીજાને પણ લેતો આવજે.

જો ભા, ગાળો દે તે માસ્તરને પગે લગાય નહિ; તેને સલામ થાય નહિ; તેની સામે અક્કડ ઉભા રહેવાય.

જો ભા, માસ્તર કાંઇ દીપડો નથી; હાઉ નથી. તેનાથી બ્હીતો નહિ; ડરતો નહિ. જે પૂછવું હોય તે પૂછજે ને જવાબ ન આપે તો ઘરે આવીને બધી વાત કરજે.

તોયે અડપલું કરે છે

"ઈંદુભાઇની ચિઠ્ઠી લાલીએ છીએ તોયે અડપલું કરે છે?" બાએ બટુકડી ઉપર હાથ ચલાવ્યો ને બટુકડીના મોઢામાંથી આ શબ્દો નીકળી પડ્યા.

બાએ બીજે દિવસે ઈંદુભાઇને વાત કરી: "તમે તો છોકરાંને ભારે બગાડી મૂકો છો! હવે તો જરાક હાથ ઉંચો કરીએ ત્યાં તો અમને ઘડીકમાં પાછાં પાડી દે છે, ને વારેવારે બીક બતાવે છે કે મારીશ તો અમારા ઈંદુભાઇને કહી દઇશ. તમે તો છોકરાંને ભારે કરી મૂક્યાં!"

ઈંદુભાઇએ જવાબ આપ્યોઃ "બાપુ, એ તો આજનાં છોકરાં છે. હવેનાં છોકરાંનાં માબાપ થવું બહુ આકરું છે. આ જુગનાં છોકરાં એમ માબાપનો કે કોઇનો માર બાઈ નહિ રહે."

બાએ કહ્યું: "માળું સાચું લાગે છે."

આ વાત તો અહીં રહી પણ મારા મનમાં વિચાર ઉઠ્યાઃ "આ ઈંદુભાઈ તે છોકરાંઓને શું શીખવે છે, ને શું સમજાવે છે?" મનને થયું કે એક વાર એની નિશાળમાં જઇને જોવું જોઇએ.

હું એક વાર એના બાલમંદિરે ગયો.

બાલમંદિરમાં ઈંદુભાઈ અને તેનાં બાળકો બેઠાં હતાં. બધાંની સામે નાસ્તાની રકાબીઓ પડી હતી. બધાં બાળકોને ઈંદુભાઇ કંઇક પૂછતા હતા ને હાથ ઉંચા કરીને બાળકો જવાબ દેતાં હતાં.

ઈંદુભાઇએ પૂછ્યું: "જે બાળકોને બા મારતી હોય તેઓ હાથ ઉંચા કરે."

કેટલાયે હાથ ઉંચા થયા.

ઈંદુભાઇ કહેઃ "હાથ નીચા. જુઓ, આજે હું તમને છાપેલી ચિઠ્ઠી આપીશ. જુઓ, એમાં લખેલું છેઃ 'બાળકોને મારશો નહિ. મારવાથી બાળક બગડી જાય.' આ ચિઠ્ઠી તમારી બાને વંચાવજો. પછી જો તમને મારે તો તમે એને કહેજોઃ 'અમને ના મરાય; અમે તો નાનાં છીએ ને તમે તો મોટાં છે. અમને ના મરાય; અમને મારતાં તમને શરમ આવવી જોઇએ. અમને ના મરાય; અમને મારશો તો અમે રડશું, ભૂખ્યાં ભૂખ્યાં ઊંઘી જઇશું. અમે કાંઇ તમારી સામે થોડાં થઇ શકીએ? અમને ન મરાય; અમે તમને વહાલાં છીએ. અમે તમારાં છીએ. અમે તમને મોંઘાં છીએ."

ઈંદુભાઇએ ત્યાર પછી ચિઠ્ઠીઓ વહેંચી. બાળકોએ લાંબા હાથો કરીને લીધી ને નાસ્તા પછી હસતાં કૂદતાં ઘેર જવા ઉપડ્યાં.

મોહનલાલઃ "હવે મારી બા મારે તો હું કહીશઃ "અમને ના મરાય. મારશો તો અમે

મોંઘાં છીએ."

સવિતા: ' હું પણ કહીશ. અમને મારવાની ઈંદુભાઇએ ના પાડી છે."

રવિન્દ્ર: " અમને તો બા મારતી જ નથી; પણ બાપા મારે છે. એને આ ચિઠ્ઠી આપીશ."

બટુક: " બા ખીજાય ત્યારે અમને જ મારે છે. હવે તો બાને કહી જ દઇશ કે તારાથી ન મરાય. નાનાં છોકરાંને ન મરાય."

ચંપક: " પણ આપણે તોફાન કરીએ તો નહિ મારીએ. મારે ના?"

રસુ: " પણ અમે તોફાન કરતાં જ નથી. ઇ તો કાંઇ કરીએ એટલે બા કહે છે કે તોફાન કરો છો. મુંગાં બસં હલ્યા-ચલ્યા વિના બેસી રહીએ તો તોફાન કર્યું ન કહેવાય."

બાળકો આનંદમાં અને લહેરમાં ઘેર ગયાં.

મને કૌતુક થયું: "ચાલને એક બે જણાંને ઘેર જઉં ને જોઉં તો ખરો કે આ ચિઠ્ઠીની શી અસર થઇ છે?"

શામજીનું ઘર નજીક હતું. ત્યાં ગયો ને બહારથી જોયું. શામજીએ ચિઠ્ઠી કાઢી ને બાને આપી. " લે હવે મારીશ નહિ. જો આ ઇન્દુભાઇની ચિઠ્ઠી. વાંચ."

બા કહે: " હવે વાંચ્યાં વાંચ્યાં. અહીં કાણું નવરી છે? તારો ઈંદુભાઇ નવરો છે તે રોજ લખી આપે છે."

ઘરમાં કોઈ અભણ છે?

ઘરમાં બેન, દીકરી, પત્ની,
જો કોઇ અભણ હોય તો
કેમ શીખવવું
મંગાવવા માટે
અરધા આનાની ટિકીટ મોકલો.

અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય
બાલમંદિર : ભાવનગર

છોકરો કહે: " ઠીક ત્યારે, અમને મારજે. જોજે, ઈંદુભાઇને કહું છું કે નહિ."

ત્યાંથી શાંતાને ઘેર ગયો. એના પિતાને હું જાણું છું શાંતાએ બાના હાથમાં ચિઠ્ઠી આપી. બાએ કહ્યું: " આ તો ઈંદુભાઇનો હુકમ લાવી કે શું? ઠીક જા, તારા કાકાને આપ. હવેથી બા નહિ મારીએ. શું કરીએ? કો'ક દિ' ગુસ્સામાં મરાઇ જાય છે, પણ હવે

ત્યાંથી નીકળી જરા ઉતાવળે પગલે ચાલી એક છોકરીની પાછળ ગયો. સામેથી જ એની બા આવતી હતી. " બા, લે આ નહિ મારવાની ચિઠ્ઠી. જો મારીશ તો ઈંદુભાઇને કહીશું."

બા કહે: " આ ઈંદુભાઇનું તો આપણા ઉપર રાજ્ય ચાલ્યું. ઠીક જા, મારી પેટી પર મૂક. હમણાં ઘેર આવીને વાંચું છું."

એક જ છોકરાના ઘર પાસેથી પસાર થઇ હું મારે ઘેર ગયો. તે છોકરાના બાપે ચિઠ્ઠી હાથમાં લઇ કહ્યું: " અલ્યા શંકર, હું તને મારું તો શું કરીશ? ઈંદુભાઇને કહીશ તો ઈંદુભાઈ મને શું કરશે?"

" તમને ના પાડવા આવશે."

" પણ તોયે મારું તો?"

" તો ઈંદુભાઇ તમને વઢવા આવશે."

" શું વઢશે?"

"કહેશે કે બાળકોને મરાય નહિ. મારીએ તો બાળકો રડે. બીજું બિચારા શું કરે?"

"અલ્યા, બહુ ડાહ્યો થઇ ગયો!"

"તે થઇએ ના. અમને ઇંદુભાઈ એવું એવું શીખવે છે."

હું મારે ઘેર ગયો. શું કામ બદુકે એમ કહ્યું હતું કે ચિઠ્ઠી લાવીએ છીએ તોયે અડપલું કરે છે, અને ઇંદુભાઈ શું ભણાવતા હશે, તે પ્રશ્નોનો મારા મનથી ખુલાસો થઇ ગયો.

ગિ.

આનો શો — — — જવાબ?

સ૦ બાળક ખાવાનું વધારે માગે છે ને પાછળથી પડતું મૂકે છે.

જ૦ બાળકને કેટલું જોઈએ છે ને કેટલું નથી જોઇતું તેનો તેને લાંબા વખતથી અનુભવ નથી તેથી ખૂબ ભૂખ લાગવાથી ખૂબ જમાશે કે જોશે એમ ધારીને લે છે. ભૂખ તૃપ્ત થતાં વધારાનું પડયું રહે છે.

અગર તો બાળકને માગવા છતાં પાછળથી પૂરું નહિ મળે એવી શંકા આવી ગઇ છે એટલે આગળથી જ વધારે માગી રાખે છે કે ફરી વાર માગવું ન પડે—ભૂખ્યાં રહેવું ન પડે. માંદાં બાળકોને માબાપો ન આપવાનું કરે છે ત્યારે બાળકો બમણું લેવાનું કરે છે.

અગર તો બાળક મોટાંઓની દેખાદેખી કરે છે અને હજી સમજી શકે તેવી સ્થિતિમાં નથી આવ્યું કે આ દેખાદેખી નિરર્થક છે.

અગર તો બાળકને સૌએ બીજી રીતે અવગણ્યું છે, તુચ્છકાર્યું છે ને તેને પરિણામે તેનામાં હું નાનું છું, અનાદરપાત્ર છું એવો ખ્યાલ બેસી ગયો છે. આ ખ્યાલને લીધે બાળક મોટું થવાના દેખાવો કરે છે, ને પોતાના હક્કો માગે છે. મોટા થાળ ને મોટા પાટલા માટે આગ્રહ રાખવો તેમ જ ખૂબ જ પીરસાવશું એ પણ એ જ કારણે હોઇ શકે.

સ૦ બાળક બીજાને ત્યાં ખાય તે અયોગ્ય કે યોગ્ય?

જ૦ બાળક અમડાઈ જશે તો શું થઇ જશે તેમ માની તેને ખાતું અટકાવવું તે અયોગ્ય.

બાળકને ભૂખ લાગે પણ બા બીજા કામમાં રોકાઇ જવાથી બાળક બીજાને ત્યાં જઇ બેસી જાય તો બાને માટે તે અયોગ્ય.

બાળકને ગરીબી કે માંદાં પડવાની બીકે પૂરું પાધરું ખાવાનું ન મળતું હોય તો તે જ્યાં ત્યાં ખાવા બેસી જાય, અગર ખાવાની તક શોધે તો તે માબાપ માટે અયોગ્ય.

બાળકને એક વાર સમજાવ્યા વિના જમવાનું અને બીજી વાર સમજાવ્યા વિના ન જમવાનું કહેવાથી પરિણામે ક્યાં જમવું અને ક્યાં ન જમવું તેનો નિર્ણય કરવાની અશક્તિને લીધે તે જ્યાં ત્યાં ખાવા બેસી જાય તો માબાપને માટે અયોગ્ય.

આડોશી પાડોશીઓ હેતાળ અને ઉદાર હોય અને બાળકોને ચહાવાવાળાં હોય પણ બાળકોની તંદુરસ્તીનો ખ્યાલ રાખ્યા વિના તેમને ખવડાવવાનો જ શોખ રાખતાં હોય ને તેમ કરી પ્રીતિ દાખવતાં હોય તો તેમને માટે અયોગ્ય. તેમને બરાબર ન દોરનાર બાળકના માતપિતા માટે પણ અયોગ્ય.

બાળકોના ખાવાના સમય વિના બાળકો જ્યાં ત્યાં ખાતાં ફરે અને બીજાઓ તેમને ખવરાવ્યા કરે તો બન્નેને માટે અયોગ્ય.

માબાપો જોડી સાથે ન બોલતાં હોય અગર બાજતાં હોય અને છતાં બાળક તેને ત્યાં જઈને

વખતે ખાઇ બેસે તો તેને ધમકાવે કે ના પાડે તે તેના માબાપને માટે અયોગ્ય, પણ નિર્દોષ બાળક માટે તેનું પગલું યોગ્ય છે.

બીજાને ત્યાં ખવડાવવાની અને બાળકનું પેટ ભરાવી લેવાની વૃત્તિવાળી માનું બાળક જ્યાં ત્યાં ખાઇ આવે તો તે માતાને માટે અયોગ્ય અને બાળકને માટે ભારે નુકશાનકર્તા.

બાળક ખાઇને આવે ને ત્યાર પછી તેને ખાવા ન આવા સંબધે સમજાવવામાં ન આવે પણ તેને ધમકાવવામાં આવે તો માબાપ માટે અયોગ્ય.

સ૦ બાળકને બીજા બાળકને બટકાં ભરવાની ટેવ હોય તો શું ભરવા દેવાં? અગર શું કરવું?

જ૦ ના, ન જ ભરવા દેવાં. ઘણી વાર બાળકો કોઇનું જોઇ એમ કરે છે. પ્રથમ વાતાવરણને શુદ્ધ કરવું. બાળક બટકાં ભરે તે માટે તેને મારવું નહિ તેમ જ ઉપદેશ દેવો કે ટીકા કરવી નહિ. બાળક ઉપર પ્રેમ રાખી જ્યારે તે અભિમુખ હોય ત્યારે તેને પાસે લઈ 'આમ કરતો?' એમ કહેવાથી તેના મનમાં કંઇક પ્રકાશ પડે છે. તેને તક જ ન મળે તેવી રચના કરવી. પોતાને પણ બટકાં ભરે તેને એક મોટી બાબત બનાવી તેની ચર્ચા, વાતો, ધમાધમ બનાવવાથી બાળકને તેમાં ઉલટો રસ આવે છે. બીજાનું ધ્યાન પોતાના પ્રત્યે ખેંચવા માટે તે આવું ઘણી વાર કરે છે. ઘણી વાર બાળકોને એવાં જ કામો કરવા આપણે ઉશ્કેરણી રૂપ થઇએ છીએ. એ કામ તરફ આપણો ઉત્સાહ જ બતાવીએ પણ તેની બહુ વધારે પડતી નોંધ ન લેવી. બાળકો અંદર અંદર કજીયો પતાવી લે છે; બાળકોને આ બાબતમાં તેમ કરવા છૂટાં મૂકી જોવાં. સ્વાનુભવમાંથી ઘણાં બાળકો રસ્તે આવે છે. હડકાયા કૂતરા જેમ બાળક બટકાંભરણું થઇ ગયું હોય તો ડાક્તરને બતાવવાની જરૂર છે. તેમ જ તેના ઘરના એકંદર માનસિક કરડકણા વાતાવરણમાંથી બાળક કરડકણું થયું હોય તો માનસિક દૃષ્ટિએ તેનો નિકાલ લાવવા ઘરનું માનસિક કરડકણું કે ચીડીયું વાતાવરણ દૂર કરવું જરૂરનું છે. રોવું, મારવું, કરડવું વગેરે બાળકોના ક્રોધ બતાવવાનાં, હક્ક લેવાનાં, નારાજી કે અણગમો પ્રદર્શિત કરવાનાં સાધનો પણ બને છે. પ્રત્યેક પ્રસંગે દરેક વ્યક્તિગત બાળક આ સાધનને શા માટે વાપરે છે તે જોવું અને પછી તેનો ઉપાય લેવો. હક્ક લેવા માટે બટકું ભરનારને હક્ક મળવાથી બટકું નહિ ભરે. ગેરવ્યાજબી હક્ક સાબીત કરવા માટે બટકું ભરવાનું અશક્ય કરવું જરૂરનું ગણાય. બટકું ભરવાની લાંબા વખતની ટેવનો બીજો ઉપાય થાય ત્યાં સુધી તેમ કરવાની તેમ જ ન મળે તેવી રચના કરવી. પોતાને પણ બટકાં ભરી જાય તેવા બાળકની માનસિક અગર શારીરિક ખામી છે તેમ અવશ્ય સમજવું, અને તેની તાત્કાલિક તપાસ કરાવવી.

> તમારે બાળકોના નેતા થવું હોય તો તમે તેને ઉપદેશ દેશો નહિ. તમે તેને ભૂલ માટે વઢશો નહિ. તમે તેની ટીકા કરશો નહિ. પણ તમે તેને કામ આપો. સેવા કરવાના માર્ગો બતાવો. કામના રસનો અનુભવ કરાવો. તમે તેની આગળ નહિ પણ પાછળ ચાલો.

સ૦ બાળક અમુક જ કપડાં પહેરે અને અમુક તેને માટે કરાવ્યાં હોય છતાં ન પહેરે તો શું કરવું?

જ૦ તેને પરાણે અણગમતાં કપડાં પહેરા-

વવાં જ નહિ; પણ તે શા માટે નથી પહેરતું તેની તપાસ કરવી. બાળકની ઇચ્છાને માન આપવું જરૂરનું છે તેમ જ તેની ઇચ્છાનાં કારણો તપાસી તેમાંનાં કયાં બરાબર છે ને કયાં નથી તે જોઈ તેની સાથે આગળ કામ લેવું. બાળકોને કપડાં સંબંધે ઝીણી ઝીણી મૂંઝવણો અને અગવડો હોય છે. ખાસ કરીને શારીરિક અનુકૂળતા એ બાળક માટે મુખ્ય વાત હોય છે. માટે તેમના શરીરને ફાવે તેવાં કપડાં છે કે નહિ તે જોવું. તેમને અમુક અમુક રંગ અને રૂપનો શોખ હોય છે. ઉપયોગી કપડું આવા રંગો અને રૂપો સાથે તે ઝટ લે છે. આપણી દૃષ્ટિએ જે કપડું પહેરાવવા માગતા હોઇએ તેને બાળકની પસંદગી–રુચિ મારફત પહેરાવીએ તો આપણી મુશ્કેલી ટળી જાય છે. બાળક ઘણી વાર ઉપયોગિતાની દૃષ્ટિ સમજી શકે છે તો પણ તેની રૂપ રંગ આકાર વગેરેની દૃષ્ટિ તેના ઉપર સવાર થઇને આડે આવે છે. માટે બાળક અને આપણી વચ્ચે સમાધાનીથી ચાલવું એ જ ઉત્તમ માર્ગ છે.

સ૦ બાળક માંદું હોય અને ન ખાવા જેવી ચીજ માગે તો આપવી? તેનું મન દુઃખાય તેનું શું?

જ૦ ના, ન આપવી. તે માંદું છે ત્યાં સુધી આપણે તેના વૈદ્ય છીએ અને તેને બદલે આપણને નિર્ણય કરવાનો અધિકાર છે. માંદગીમાં તેની સ્વતંત્ર ઇચ્છાને વશ જ થવું એમ નથી. તેનું માંદું મન ન દુઃખાય તેવી રીતે આપણે ના પાડવી. એકને બદલે ગમી જાય તેવું ખાવાનું આપીને ના પાડવી. માંદગીમાં શરીર સાચવવા જતાં મનને વધારે આઘાત ન બેસે તે બરાબર ધ્યાન રાખી સાચવીને ના ભણવી. અર્થાત્ પ્રેમથી 'ના' પાડવી યોગ્ય છે; તેમ જ સત્તા છે માટે કર્કશતાથી નહિ પણ મુલાયમપણે અને તેનાં જ બનીને ના પાડવી. માંદગીમાં અયોગ્ય વસ્તુની હા પાડવાથી બાળક રાજી થશે પણ તેની ભયંકરતા તે સમજી શકતું હોય તો તે આપણને નાલાયક જ ગણે. એમ જ તંદુરસ્તી રોળવ્યા પછી લાંબે વખતે જ્યારે બાળક પોતે 'ના' નું મહત્ત્વ સમજશે ત્યારે ઉલટું આપણા માટે વિશ્વાસ અને માન ધરાવશે. ગિ.

વાર્તા કહેનારાઓને

પોતાને વાર્તા બરાબર આવડતી હોય તો જ કહેવી.

પોતાનો વાર્તા કહેવાનો શોખ કેળવવો.

વાર્તા કહેતી વખતે વચ્ચે સમજાવવા કે ઉપદેશ દેવા ન મંડવું.

વાર્તામાં કોઇ રસ ન લે તો પણ કીધા કરવી નહિ.

વાર્તા બાળકોનું મન જોઇને કહેવી; તેમની શાંતિ સમજીને લાંબી ટૂંકી કહેવી.

વાર્તા ચોખ્ખી ભાષામાં અને શાંતિથી કહેવી.

વાર્તા કહેતી વખતે ચિત્રો દોરવાં નહિ.

વાર્તા કીધા પછી તે બાળકો પાસેથી કહાવવી નહિ.

એક વાર્તા બાળકો સાંભળે તેટલી વાર કહેવી.

વાર્તા બીક અથવા વહેમ પેદા કરે તેવી ન કહેવી.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો ગ્રાહક નંબર જરૂર લખો

લક્ષ્મીશંકરભાઇની મૂંઝવણ

લક્ષ્મીશંકરભાઇની હમેશની મૂંઝવણ એ રહે છે કે જીવો ભૂગોળમાં ધ્યાન આપતો નથી. લક્ષ્મીશંકર ઉત્સાહી અને પ્રામાણિક શિક્ષક છે. તેમની હોંશ એવી છે કે પોતાનો દરેક દરેક વિદ્યાર્થી બધા વિષયોમાં પહેલે નંબરે આવવો જોઇએ. પોતાનાં પરિણામો સૌથી સુંદર લાવવા તે ઇચ્છે છે, ને તે માટે ખૂબ જ મહેનત કરે છે. લક્ષ્મીશંકરભાઇના ઉત્સાહ અને પ્રામાણિકપણું તેમ જ શ્રમ માટે ધન્યવાદ. પણ તેમની મૂંઝવણનો ઉકેલ એમાંથી નથી આવતો, અને નહિ આવે. મૂંઝવણનો ઉકેલ શિક્ષકભાઇની વિચારસરણી સમજીને બદલાય તો જ આવે. એ વિચારસરણી આવી હોય. આટલા બધા છોકરાઓ ભૂગોળમાં ધ્યાન આપે છે ને જીવો નથી આપતો તો જીવાને કંઇક ખાસ કારણ હોવું જોઇએ. આટલા બધા છોકરાઓને ગોળ ભાવે છે ને જીવાને નથી ભાવતો તો જીવાને શું થયું છે? આટલા બધા છોકરાઓ ભૂગોળ ભણીને ડાહ્યા થશે ને એક જીવો ભૂગોળ ભણ્યા વિનાનો રહી જશે તો જીવાનું અને દુનિયાનું શું ઉલટું થઇ જશે? જીવાને બીજું ઘણું ગમે છે છતાં એક ભૂગોળ નથી ગમતી તો શું વાંધો છે? જો લક્ષ્મીશંકરભાઇને લાગે કે જીવો બીજી રીતે સારો છે, ગણિતમાં તો એક્કો છે, પાઠ સારો વાંચે છે, અક્ષર સારા છે તો શા માટે તેણે ભૂગોળ પરાણે ભણવી? ભૂગોળના વિષયમાં ભલે નાપાસ થાય. એકાદ વિષય ન આવડયે કોનું ચાલ્યા વિના રહ્યું છે? ધારો કે લક્ષ્મીશંકરભાઇ આ વિચારસરણીએ ગયા તો શું તેમણે જીવાને ભૂગોળમાં નાપાસ થવા દેવો? શું તે વખતમાં જીવો ધ્યાન ન આપતાં નખરાં કરે તે કરવા દેવાં? તેના માબાપને શું જવાબ દેવો? જીવાને આગળ ઉપર નુકશાન થશે તો? લક્ષ્મીશંકરભાઇને જવાબ આપી શકાય કે હા, જરૂર જીવાને ભૂગોળમાં નાપાસ થવા દેવો. એક વાર એમાં નાપાસ થયા પછી જીવામાં જાગૃતિ આવે—જીવો તેની પાછળ પડે તો ભલે પડે. ઘણી વાર એમ જ બાળકોનો અનાદર ચાલ્યો જાય છે. છતાં જીવો દરકાર નહિ જ કરે તો તે જીવાનો પ્રશ્ન છે એમ જરૂર આપણે માનવું. તે પ્રશ્ન આપણો કર્યો છે એને-લીધે જીવો વધારે ઠોઠ થાય છે. તે પ્રશ્ન થઇ શકે તેટલો તેનો પોતાનો જ થવા દઇએ તો જીવો પણ બની શકે તેટલો તે વિષયમાં બીલે. વળી જીવો ભૂગોળમાં નખરાં કરે છે ને વર્ગના બીજા વિદ્યાર્થીઓને ધ્યાન આપવા દેતો નથી એ જેમ સાચું છે તેમ તે ગણિતના વર્ગમાં એટલો તલ્લીન થઇ જાય છે કે વખત કયાં ગયો કે આજુબાજુ શું બન્યું તેનું ધ્યાન પણ તેને નથી રહેતું તે પણ સાચું છે. ગણિતમાં તે એટલા માટે એકાગ્ર રહે છે કે તે તેનો ગમતો વિષય છે. તો ભૂગોળ વખતે પણ તેને ગણિત જ આપે તો? તો ગમતો વિષય બમણો થશે ને જીવાની ઉપાધિ ટળશે. જીવો જ્યાં ફાવે તેમ છે તેમાં તે વધારે ફાવશે. ધૂળ જેવો ભૂગોળ જાણનાર થાય તેના કરતાં ઉત્તમ ગણિતી થાય તો શું ખોટું? છોકરા વર્ગમાં એટલા માટે તોફાન કરે છે કે કાં તો તેમને શિક્ષક નથી ગમતો ને કાં તો તેમને શિક્ષણનો વિષય નથી ગમતો અગર શીખવવાની

પદ્ધતિ નથી ગમતી. લક્ષ્મીશંકરભાઈ અને તેનું ગણિત જીવાને ગમે છે તેનો અર્થ એટલો જ છે કે તેને લક્ષ્મીશંકર ગમવા છતાં ભૂગોળનો વિષય નથી ગમતો. શીખવવાની પદ્ધતિ તો એકની એક જ રહે છે ને તે પરત્વે જીવા ઉપર જુદી અસર નથી થતી. વળી લક્ષ્મીશંકરભાઇએ એના માબાપને એમ જવાબ આપવો કે જીવો ભૂગોળનો જીવડો નથી; તેને તેમાં રસ નથી; તેમાં તે મૂંઝાય છે. માટે જેમ તમે બાળકને કડવો લાગતો ખોરાક તેને નથી આપતાં તેમ જ જીવાને કડવી લાગતી ભૂગોળ નહિ ભણાવું. માબાપ પૂછે: "પણ શા માટે ન ભાવે? બધું ભાવવું જોઇએ. છોકરાએ બધું ભણવું જોઇએ." લક્ષ્મીશંકરભાઇએ કહેવું જોઇએ કે આપણને કોઇ એમ કહે તો? કોઇની ઇચ્છા અને ગોઠવણ પ્રમાણે આપણે ચાલ્યા જ કરવું એવું કોઇ ઠરાવે તો? છોકરાંઓને માટે તેમને ગમે તેવું ને શરીરને પોષક થાય તેવું રાંધવું જોઇએ કે જે રાંધીએ તે તેણે ખાવું જોઇએ? આપણે જે અભ્યાસક્રમ રચ્યો તે પ્રમાણે છોકરાંઓએ ભણવું જોઇએ કે છોકરાઓને જે ભણવાનો શોખ હોય તે તેમને ભણાવવું જોઇએ? વળી જે જોઇએ તે ન આપવું અને ન જોઇએ તે આપવું એ તો અવળી વાત છે. હવે લક્ષ્મીશંકરભાઇએ એક સવાલનો જવાબ આપવો રહ્યો. આગળ ઉપર નુકશાન થશે તો? આગળ ઉપર તો કોણ જાણે. પણ અત્યારે તો પરાણે ભણાવવાથી થતું નુકશાન દેખીતું છે. ન ગમતું ભણાવવામાં વખત જાય છે, શરીર અને મનને ત્રાસ પડે છે અને એ ઉપરાંત માણસમાં ભણતર અને ભણાવનાર પ્રત્યે અણગમો પેદા થાય છે. માણસના શરીર મન અને આત્મા પર આવી રીતે આક્રમણ કરવાથી તે અપંગ થાય છે. ને તેના અપંગપણાને લીધે તે દુઃખી ને દુષ્ટ વૃત્તિવાળો અને એકંદરે ભયંકર માણસ થાય છે. આ નુકશાન વધારે છે કે ભૂગોળનાં બે ગામો ન ભણે એ નુકશાન મોટું છે? ભવિષ્યમાં જો જીવાને બીજા વિષયો આવડ્યા હશે, તેની સામાન્ય અક્કલ વધી હશે તો જ્યારે જરૂર પડે તેવા અન્ય પ્રસંગોએ તુરત જ તે ઉપયોગી સાધનો મેળવી લેશે ને તેનો યોગ્ય ઉપયોગ કરી લઈ પોતાનું કામ પાર પાડશે. લક્ષ્મીશંકરભાઇ આ બધું જાણી પોતાની મૂંઝવણમાં ઘટાડો કરે તો સારું; નહિતર એની જ નહિ પણ એનાથી બમણી મૂંઝવણ જીવાની છે, તે બન્ને ચાલુ રહેશે. **ગિ.**

ગરીબ અભણનો લાંબો હાથ

અક્ષરશાળાઓ એટલે હજારો ગરીબ અભણને માટે ચલવવામાં આવતી શાળાઓ.

એ શાળાઓ માટે પૈસા જોઇએ છે. ગરીબોએ લાંબા કરેલા હાથમાં જે ગમે તે આપજો.

ક્યાં મોકલશો?

અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિરઃ ભાવનગર

હજી ન જોડાયા હોય તેઓ

જેઓ અક્ષરજ્ઞાન યોજનામાં હજી સુધી ન જોડાયા હોય તેઓ જોડાઇ શકે. ૨૫૦૦ થી વધારે માણસો તેમાં જોડાયા છે. ભણનારાઓ માટે 'ચાલો વાંચીએ' ની માગણી આવવા લાગી છે. કંઇ નહિ તો દેશી જનોને ભણાવવાનું સારૂં કામ કરવા તો આજે એસી જ જાઓ. ઘેર બેઠાં ગંગા એમ ઘેર બેઠાં જ આ કામ થઇ શકે છે. આજુબાજુમાં અભણની સંખ્યા ઓછી નથી. યોજનામાં જોડાવા માટે નીચેના નમુનાનું ફૉર્મ ભરી મોકલો તથા 'કેમ શીખવવું' નામની ચોપડી મંગાવો.

[નમુનાનું ફૉર્મ]

તંત્રવાહકો, અક્ષરજ્ઞાન યોજના
શ્રીદક્ષિણામૂર્તિ ભવન, ભાવનગર

આપની યોજના વાંચી. હું તે યોજનામાં પ્રેમપૂર્વક જોડાઉં છું. મારૂં નામ નોંધી લેશો.

મને અક્ષરજ્ઞાન આપવાની વિસ્તૃત યોજના મોકલી આપશો એટલે મારૂં કામ હું શરૂ કરી દઇશ.

મારા કામનો ટૂંક અહેવાલ હું દર પખવાડીએ આપીશ.

જેઓ મારી પાસેથી અક્ષરજ્ઞાન લઇ લેશે તેમનાં નામઠામો હું વખતો વખત મોકલીશ. આપની યોજનામાં હું સંપૂર્ણ માનું છું અને તેથી તેનો અમલ કરવા ઉત્સાહ ધરાવું છું.

સહી _____

સરનામું _____

ગામ _____

અક્ષરજ્ઞાન અને શિક્ષકો

શિક્ષકો જો આ યોજનાને પોતાની કરે તો ઉત્તમ કામ થાય. આ કામ જ મૂળે તો શિક્ષકોનું છે. શિક્ષકોની સામે આ એક સોનેરી તક છે કે પોતાનું જ કામ પોતે ઉપાડી લે, અને સેવા કરવાના આ પ્રસંગને દીપાવે. આ કામ શિક્ષકોથી જેટલું થશે–જેટલું સુંદર થશે તેટલું બીજાઓથી કદાચ નહિ થાય. મારી આ માન્યતા સાચી ઠરતી જાય છે. આજે જોઇએ તો આ યોજનામાં જોડાનારની સૌથી વધારે સંખ્યા શિક્ષકોની છે. શિક્ષકોને વહેલી હોંશ ચડી છે. શિક્ષકોને માટે તે સરલ પડે છે એટલા માટે કે શિક્ષકો આવા ભણાવવાના કામના ભોમિયા છે. શિક્ષકોને હાજરીપત્રકો ભરવાં વગેરેની પણ ટેવ છે. સાચે જ શિક્ષકો આ યોજનામાં ફાવશે. શિક્ષકો આ યોજના દ્વારા પોતાની સેવાવૃત્તિ અને શિક્ષણબુદ્ધિ બતાવી શકશે.

પણ હજી ઘણા શિક્ષકો જોડાયા વિનાના છે. તેઓને હવે વિનતિ કરવાની હોય કે ભાઇઓ અને બેનો તમે જોડાઓ? આ તો તમારૂં જ પવિત્ર કર્તવ્ય છે અને તે તમે જ પાર પાડો. તમે તમારા ક્ષેત્ર ઉપર તમારી શક્તિ–તમારૂં તેજ જો નહિ બતાવો તો કોણ બતાવશે? હજી જેઓ ન જોડાયાં હોય તેઓ, તુરત જોડાય.

તંત્રવાહકો.

આગળ વાંચો બીજી ચોપડી
સપ્ટેમ્બરની શરૂઆતમાં પ્રગટ થશે.

વાર્ષિક લવાજમ રૂ. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
શ્રી 'સરસ્વતી' છાપખાનું, બજાજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૬

અંક ૮-૯ મો
આશ્વિન-કાર્તિક

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

સરદારી

સરદાર બનવું સહેલું છે એટલું સરદારી ટકાવી રાખવી સહેલી નથી.

સરદાર બનવું એટલે કાંટાનો તાજ પહેરવો. એ તાજ પહેરાવવા સૌ આવે છે, પણ એ જ પહેરાવનારાઓ સરદારના રસ્તામાં કાંટા વેરે ત્યારે કાંટાનો મુગટ અસહ્ય થઇ પડે છે.

કોઈ પણ કામમાં સરદારી–નેતાગીરી સ્વીકારતા પહેલાં આપણે પોતાના બળનો વિચાર કરીએ. આપણા સાથીઓનોયે વિચાર કરીએ.

પૂરતી ખાત્રી કર્યા પછી લીધેલી સરદારી અલ્પજીવી નથી બનતી.

સોનેરી તક

આપણાં બાળકો મહા ભાગ્યશાળી છે. આજે સોનેરી જ શું પણ સોનાથીયે કિંમતી તક આપણને ને આપણાં બાળકોને મળી છે. જગતનું એક અદ્‌ભુત દૃશ્ય જોવાનું ભાગ્ય આપણને મળ્યું છે. આપણાં બાળકોને આ અદ્‌ભુત હવાનો શ્વાસોચ્છવાસ લેવાનું ભાગ્ય મળ્યું છે.

આજે દેશમાં એક મહાન્ સંગ્રામ ચાલે છે. જગતે કોઇ કાળે ન જોએલું નં જાણેલું એવું એ અદ્‌ભુત યુદ્ધ છે. પાશવી શક્તિની સામે પાશવી શક્તિએ લડેલી ઘણી લડાઇઓ થઇ ગઇ. તીક્ષ્ણ જીવલેણ હથિયારો સામે તેવાં હથિયારો ખખડતાં જ આવ્યાં છે. માથાં સાટે માથાં કપાતાં જ આવ્યાં છે. ક્રોધ સામે ક્રોધ, ઇર્ષા સામે ઇર્ષા ને દ્વેષ સામે દ્વેષ તો ચાલતાં જ આવ્યાં છે.

પણ આજે તો સંગ્રામનો નેતા એક મહાત્મા છે. દૈવી પ્રેરણાથી તે લડે છે. તેનાં હથિયારો પણ દૈવી છે. તેની વાણી પણ દૈવી છે.

પાશવી બળ સામે તે આત્મિક બળ ધરે છે. શારીરિક શક્તિ સામે તે હાર્દિક શક્તિ મૂકે છે. ક્રોધ સામે પ્રેમ છે; ઇર્ષા ને દ્વેષ સામે પણ પ્રેમ જ છે. દુઃખ સામે સહનશીલતા છે. દુષ્ટતા સામે ભલાઇ છે. લડતમાં શૌર્ય છે તે મારવામાં નહિ પણ મરવામાં છે. લડતમાં વીર્ય છે તે ક્રોધના પ્રહાર શાંતિથી ઝીલવામાં છે. આ શુદ્ધ બલિદાનની લડત છે. મહાત્મા પુરુષે આદરેલો આ એક મહાન્ યજ્ઞ છે. આ જંગ નથી પણ જગન છે. આ હત્યા નથી પણ બલિદાન છે. આ પાશવી વૃત્તિને જીતવાની એક મહાન્ તપસ્યા છે. સાત્વિક તેજથી તેજઃપુંજ થવાની આ ઉપાસના છે.

દુનિયાના ફિલસૂફો હા ભણી રહ્યા છે. વિચારકો માથું નમાવે છે. પોતાના સતના તેજથી શત્રુને હરાવવાની નહિ પણ મિત્ર કરી લેવાની, તેનો હૃદય પલટો કરવાની આ લડત એક અદ્‌ભુત અખતરો છે.

આવા જગત્ પરિવર્તન કરનારા કાળમાં આપણાં બાળકો મોટાં થાય છે એ આપણું ને આપણાં બાળકોનું કેટલું અહોભાગ્ય! આપણે કાળને સમજી લેવો જોઇએ; બનાવોની મહત્તા જાણવી જોઇએ ને આપણાં બાળકોને તેનો લાભ લેવા દેવો જોઇએ.

આજે ભણતર શાળામાં નથી પણ લડાઇના મેદાન ઉપર છે. પ્રકાશ શાળાની ચોરડીમાં છે જ નહિ. જ્યાં સત્ય ને અહિંસાના મહાન્ જીવનસિદ્ધાન્તો જીવાતા હોય ત્યાં જ બધું ભણતર છે. ત્યાં જ બધું ગણતર છે. ત્યાંની ભૂગોળ તે ભૂગોળ છે; તેનો જ ઇતિહાસ તે ઇતિહાસ છે.

બાળકો લડતના સિપાઇઓનું શાંતિમય શૌર્ય જુએ; બાળકો જીવલેણ હથિયારો સામેની અડગ શાંતિ જુએ; બાળકો મહાન્ ત્યાગ જુએ ને જીવનનો વિશાળ ખ્યાલ મેળવે; જીવનની ઉચ્ચતા ને ભવ્યતા નજરે જુએ; જીવનનની સંકુચિત, સ્વાર્થપરાયણ દ્વેષમૂલક ભાવનામાં લડથડિયાં ખાતાં આપણા સંકુચિત સંસાર ખાબોચિયા

માંથી નીકળી જીવનની મહત્તા ને સાત્વિકતાને નીહાળે એવી તક આપણે આપણાં વ્હાલાં બાળકોને આપવાની છે. આજે તેમને મહાન્ ભણતર લેવાની, વિશાળ ભણતર ભણવાની, માણસ તરીકે કેમ જીવાય તે ભણવાની સોનેરી તક મળી છે. આપણે તેમને તેનાથી વંચિત નહિ રાખીએ પણ તેમને પૂરેપૂરો લાભ મળે તેવી ગોઠવણ કરીએ. આપણે તેમને માથેરાન કે મહાબળેશ્વર લઇ જવાને બદલે ધરાસણા ને વડાલા લઇ જઇએ. આપણે તેમને ગિરનાર ને પાલીતાણા બતાવવા લઇ જઇએ તે કરતાં બારડોલીનાં ખેતરો બતાવવા લઇ જઇએ. દારૂનાં પીઠાંની માણસાંઇની લડત બતાવીએ. વિદેશીના વેપાર સામેની લડત બતાવીએ. આપણે તેમને ખોડિયાર ને અંબાજીને પગે લગાડવા લઇ જવાને બદલે મહાત્માજી ને જવાહરને પગે લગાડવા લઇ જઇએ. આપણે તેમને ક્રિકેટના પ્લે ગ્રાઉંડમાં મોકલવાને બદલે વાનરસેનાની તાલીમ લેવા જવા દઇએ. આપણે તેમને કલ્યાણ ને માલકંસની ચીજો શીખવવાને બદલે 'શિર જાવે તો જાવે'ના રાગ અંતરથી શીખવાની તક આપીએ.

આપણે તેમને દરેક જાતનું ભણતર મેળવવાની પૂર્ણ તક આપીએ. તેમાં જ આપણાં બાળકોનો સ્વાર્થ છે; તેમાં જ આપણાં બાળકોનું ભલું છે; તેમાં જ આપણાં બાળકોનું પરમ હિત સમાએલું છે.

આજની અપૂર્વ અમૂલ્ય તક જવા દઇએ તો બાળકોનું હિત સાધવામાં ચૂકશું, બાળકોનું ભવિષ્ય બગાડશું ને કાયમને માટે ઠપકાપાત્ર થશું. તા.

આભારોનો સહકાર

બાલમંદિરમાં આવતી એક બેનના પિતા મારા ઉપર નીચે પ્રમાણે પત્ર લખે છે:—

પ્રિયભાઇ,

ચિ. કુસુમ તેની માતાની માંદગીને કારણે અમદાવાદ ગઇ છે. તે કારણે તે બાલમંદિરમાં આવશે નહિ. મારી માંદગીના કારણે તેની આટલા દિવસની ગેરહાજરી રહેલી તે દરગુજર કરશોજી. અમદાવાદથી આવ્યા પછી તે નિયમિત રીતે બાલમંદિરમાં હાજરી આપશે. એજ.

ભાવનગર
હિંદુ સેનીટેરીયમ
તા. ૨૫-૮-૩૦

લી. સ્નેહી
ગોપાળરાવ ભાગવત
ના વંદન

એક બીજા ભાઇનો પત્ર આ પ્રમાણે આવેલો છે:—

દેવજી ભગતની ધર્મશાળા
ભાવનગર તા. ૩૦-૮-૩૦

પૂજ્ય વડાલશ્રી,

લખવા વિનંતિ કે હું આજે સાંજે મારાં બન્ને બાળકો ચિ. રતુ તથા કાંતાગૌરીને મારી સાથે મોરબી લઇ જાઉં છું. ત્યાં અમારી પરિષદ ભરાવાની છે. તો આઠ દિવસ સુધી બન્ને બાળકોને હું બાલમંદિરમાં મોકલી નહિ શકું તો ક્ષમા માગું છું. હું તા. ૧૦ મીએ પાછો ફરીશ તે દિવસથી આ બાળકોને પાછાં મોકલીશ. તરદી માટે ક્ષમા માગું છું.

લી. સેવક વનમાળીના પ્રણામ...

પહેલા પત્રના લખનાર એક દક્ષિણી બ્રાહ્મણ છે; બીજા પત્રના લખનાર વાળંદ જાતિના એક ભાઇ છે. બન્નેને અહીં હું મારા ધન્યવાદ આપું છું, તે એટલા માટે કે તેમને પોતાનાં બાળકોના શિક્ષણ માટે કેટલી બધી કાળજી છે. મને પોતાને આનંદ થાય છે તે એટલા માટે કે બ્રાહ્મણ પિતા તો ઠીક પણ વાળંદ પિતા પણ પોતાનાં બાળકોની ચિંતા કરવા લાગી ગયેલ છે; તે એટલા માટે કે મને બાળકોના પિતાઓનો અને માતાઓનો મારા કાર્ય અર્થે સહકાર મળે છે.

શિક્ષણનું અને ખાસ કરીને બાળશિક્ષણનું કાર્ય માબાપોના સહકાર વિના શક્ય જ નથી. ત્રણ વર્ષનાં બાળકો છેક છૂટાં થઇ માબાપથી દૂર પડી શકતાં નથી. માબાપોના પ્રેમાળ વાતાવરણમાંથી બાળકોને કેવળ દૂર કાઢવાનું સલાહ ભરેલું નથી. બીજી બાજુથી ઘર બાળકોને માટે સંપૂર્ણ વિકાસનું સ્થાન રહ્યું નથી. બાળકોને ઘરમાંથી શાળામાં—બાળશાળામાં મૂકવાનો વખત જ્યારે આવી લાગે ત્યારે તેમને ત્યાં મૂકવાં જ ઘટે છે. છતાં બાળક ઘર અને શાળા બન્નેના વાતાવરણમાં જ ઉછરવું જોઇએ. બન્નેની મીઠી સહાયમાં જ વિકસવું જોઇએ. બન્નેના સહકારી પ્રયત્નો સાથે જ આગળ વધવું જોઇએ. અને તેથી જ નાનાં બાળકોનાં માબાપો અને શિક્ષકો વચ્ચે વધારે સહકાર આવશ્યક છે. ઘરમાં બાળકોની સ્થિતિ શી છે તે જાણવાથી શિક્ષકના કાર્યમાં ઘણો સુધારો વધારો થઇ શકે છે. એમ જ શાળામાં બાળકો શું કરે છે ને શા માટે કરે છે, તેનો માબાપોને ખ્યાલ હોય તો તેઓ શાળાનું કામ સફળ બનાવવા માટે મદદ કરે અને વિઘ્ન નાખે નહિ. શાળા શાળાને ઠેકાણે ને ઘર ઘરને ઠેકાણે રહે તો બાળકોને સહેવાનું રહે છે. ઉપલા પત્રો સહકારના એક દાખલા રૂપ છે. માબાપની શિક્ષણ પરત્વેની ધગશ અને લાગણી રૂપ છે. માબાપને મન બાળશિક્ષણની કેટલી કિંમત છે તેના પુરાવા રૂપ છે. શિક્ષકને માટે એ પત્રો ભારે પ્રોત્સાહન રૂપ છે, પોતાના કાર્યમાં મદદ રૂપ છે. બાળક સંબંધે શિક્ષક તથા માબાપ બન્નેને અનેક પ્રશ્ન ઉઠે છે; બન્નેના સાચા નિકાલ ઉપર બાળકની પ્રગતિનો આધાર છે. માબાપ અને શિક્ષકોએ બાળકો સંબંધે વારંવાર મળવું જોઇએ, બાળકોની ન્યૂનતાઓ અધિકતાઓ વિષે વાતો કરવી જોઇએ અને બાળકને આગળ વધારવાની યોજનાઓ રચી તે પ્રમાણે અમલ કરવાને તત્પર થવું જોઇએ. આનું નામ માબાપો અને શિક્ષકો વચ્ચે સહકાર. ભવિષ્યનાં બાળકો અને બાળહિત શિક્ષણમાં આવો સહકાર અતિ આવશ્યક વસ્તુ તરીકે માગે છે. ગિ.

પત્રિકાના ૪૫૦૦ ગ્રાહકો થઇ જવા આવ્યા છે. આ વર્ષે ત્યાં જ અટકીશું. ગ્રાહકો કરી આપનારાં તમામ ભાઇ બહેનોનો ઉપકાર. હવે તેઓ આ વર્ષે વધારે મહેનત ન ઉઠાવે.

૧. બાળક માટી ખાય તો શો ઉપાય લેવો ?

કેટલાક દાક્તરોનું એવું માનવું છે કે માતા બાળકના ગર્ભાવસ્થામાં માટી ખાય છે તેથી બાળક માટી ખાતું થાય છે. કેટલાક દાક્તરો એમ માને છે કે બાળકને અમુક ક્ષારોની જરૂર હોય છે ને તે તેના શરીર અગર ખોરાકમાંથી નથી મળતા તેથી તે માટીમાંથી મેળવવા જાય છે. માટીમાં સ્વાદ છે તે વાત ખરી છે. બાળક ખાય છે ત્યારે તેનો તેને સ્વાદ આવે છે. આ સ્વાદની ટેવ પડ્યા પછી તે વારંવાર તેને લેવા કરે છે. ઉપાય તરીકે બાળકને દાક્તર કે વૈદ પાસે લઇ જવું. માટી ખાવા મળે તેવી એક પણ તક ન આપવી. માટી ખરાબ છે અથવા ન ખાવી તેવો ઉપદેશ કે ટોકણી ન કરવી, પણ રસ્તો વગર બોલ્યે બંધ કરવો.

૨. બાળક અંગુઠો કે આંગળાં ચૂસે છે તો શું કરવું ?

આ ટેવ પડવાનાં ઘણાં કારણો છે. તેથી

શો ?

ડવું ચોપડવું. વારંવારની સક્રિય કાળ
એક વાર પડેલી ટેવ ધીમે ધીમે
આવી કુટેવ કહેવાથી, ધમકાવવાથી, ઉ
દેવાથી કે લાલચ દેવાથી નથી જતી
બાળક ટેવને આધીન થઇ ગયેલું
છે. તે ધારે છે કે અંગુઠો મ્હોંમ
નાખવો જોઇએ તો પણ હાથ એની
મ્હોંમાં જાય છે. રાત્રે ઊંઘમાં પણ અ
મ્હોંમાં જઇને બેસે છે. માટે જ પ
ટેવ ઉલટાવવામાં અવળી ક્રિયા વાર
કરાવવી અને તે ધીરજ અને શાંતિથી
કોઇ કશોય વાંક કાઢયા વિના. બ
મોટી ઉંમરનું થઇ ગયું હોય તો
અંગુઠો ચૂસનારના દાંત કેવા બગડી
છે, મોઢું કેવું કરૂપ થઇ જાય છે
વાત કરવી, ને તેવાં ચિત્રો બતાવવ
મુખ્ય આધાર તો ટેવ ઉલટાવવા ઉપ
સ૦ ૩. બાળકને કઇ ઉંમર સુધી તેની
ધવરાવવું ?

જ૦ કુશળ ડાક્ટર અગર વૈદને પૂછ

થવો જોઇએ. નિર્બળ માતાએ પોતાની શક્તિ વધારવી જોઇએ ને બાળકને દૂધ પૂરું પાડવું જોઇએ. પોતાની અશક્તિના પરિણામે બાટલી કે આયા એ શરમાવા જેવું તેમ જ દુઃખ રૂપ ગણાવું જોઇએ. ગામડામાં આથી ઉલટું છે. બાળકને સૌ કોઇ ધવરાવે છે, પણ બાળકને ધાવણ છોડાવવાનો વખત આવી જાય છે તો પણ ધવરાવે છે. અજ્ઞાન માતાઓ બાળકોને લાંબો વખત ધવરાવવામાં હેત સમજે છે. પાંચ અને છ વર્ષનાં કેટલાંક બાળકો ગામડામાં ધાવે છે. આથી માનું નિરોગી ધાવણ નથી મળતું; દૂધ સિવાયનો ખોરાક બાળકે હવે લેવો જોઇએ તે તે લેતું નથી તેથી તેને ઓછું પોષણ મળે છે. બાળક ઉલટું નબળું પડે છે. મોટે બાળકને નાની ઉંમરે માએ ધવરાવવું જોઇએ અને બહુ મોટી ઉંમર સુધી ન ધવરાવવું જોઇએ. ધાવણ કયારે છોડાવવું તે માટે દાક્તરનો મત લેવો; પણ તે સાથે બાળકની જરૂરીઆત, બીજો ખોરાક લેવાની તાકાત, માની શક્તિ અશક્તિ વગેરે બાબતો ધ્યાનમાં લેવી જરૂરની છે.

સ૦ ૪. બાળકને લઇને બજારમાંથી જતા હોઇએ અને કેળાંવાળાની દુકાન આવે તો કેળાં, ચણાવાળાની દુકાનેથી ચણા, રેવડીની દુકાનેથી રેવડી અપાવી દેવા બાળક કહે તો શું કરવું? જે માગે તે લઇ દેવું?

જ૦ જે માગે તે લઇ દેવાની કશી જરૂર નથી. બાળક માગે તે આપવું જ જોઇએ એમ નથી. બાળક માગે તે ચીજ આપતી વખતે આપણે આટલું વિચારવું જોઇએ કે બાળકને તે ઉપયોગી છે? તાત્કાલિક જરૂરનું છે? કોઇ જાતનું નુકશાન કરે તેવી ઉપરથી રૂપકડી પણ પૈસા પડાવી લે ને બાળકને લોભાવે એવી ચીજ છે? પ્રસ્તુત બાળકની તંદુરસ્તી બગાડે તેવી છે? અને છેવટે આપણે તે માટે પૈસા ખર્ચી શકીએ તેમ છીએ? સામાન્યતઃ બજારમાંથી જોઇતું કંઇક જેમ આપણે ખરીદી શકીએ તેમ બાળક પણ ખરીદી શકે. તેને પણ ખરીદવાની છૂટ જોઇએ. ધીમે ધીમે જાતે પસંદ કરી નક્કી કરી ખરીદવાની શક્તિનો વિકાસ થવો જોઇએ. વળી બાળકને તેની ઇચ્છા સંતોષવા આપણે માગેલું અપાવી દેવું પણ જોઇએ તેની મરજી સાચવવી ઘટે છે. પણ બાળકની માગણી બીજી રીતે કેટલી વ્યવહારૂ અને લાભદાયક છે તેનો વિચાર જરૂર કરવો, અને જો અપાવી દઇ શકાય તેમ ન હોય તો બાળકને કારણો આપી સમજાવવું અને ન સમજી શકે તેમ હોય તો 'ના' પાડીને તેને વળગી રહેવું.

સ૦ ૫. બાળક સાત વર્ષની ઉંમરનું થાય છતાં નિશાળે ન જાય તો પરાણે મોકલવું કે કેમ?

જ૦ ન મોકલવું. પરાણે મોકલવાથી તે ભણશે નહિ. સાત વર્ષનું થઇ જાય ને નિશાળે ન જાય તો કંઇ ખોટ જશે નહિ. દુનિયાની નિશાળો બંધ કરી દો તો પણ બાળકને નુકશાન જવાનું નથી. ઉલટું

આજની નિશાળો બંધ થઇ જાય તો જ ઘણો ફાયદો સમજવો.

બાળક નિશાળે ન જાય તો કારણો તપાસવાં. નિશાળ ખરાબ છે ? મારતર ન ગમે તેવા છે ? બાળકને કોઇ ત્યાં હરકત કરે છે ? બાળકને બીજી કોઇ મુશ્કેલીઓ છે ? બાળકને આપણા તરફથી થતા શાળાએ જવાના વધારે પડતા આગ્રહને લીધે શાળા પ્રત્યે અણ-ગમો આવ્યો છે ? શાળાની બોટી બીક પેસી ગઇ છે ? ઘરનો વધારે પડતો પ્રેમ છે ? બા કે કોઇ બીજું માણસ આ-ડકતરી રીતે તેને ઘરમાં રાખવાના મતનું તો નથી ? બાળક પોતે અશક્ત હોવાથી શાળાએ જતાં અચકાય છે ? ઘરમાં મળતું જ્ઞાન હજી સંપૂર્ણ નથી થઇ ગયું શું ?

આબાપો શું વાંચશે ?

"ઘરમાં મોન્ટીસોરી"

લખનારં શ્રીમતી તારાબેનં

વર્ષોથી બાળકોનાં અવલોકનો અને અનુભવ ઉપરથી લખાએલું બાબાપો જ માટેનું, સાદી ભાષાવાળું નાનું એવું પુસ્તક. કિંમત ૦-૮-૦.

પોસ્ટેજ દોઢ આનો

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

ભાવનગર

સ૦ ૬. આંખમાં મેશ આંજવાથી બાળક રડે તો રડાવીને પણ આંજવી કે નહિ ?

જ૦ મેશ આંજવી કે નહિ તે બાબતમાં દાક્તરો મતભેદ ધરાવે છે. પણ જો મેશ આંજવી એવું તમારો વૈદ કહે તો જરૂર આંજવી. પછી તો મેશ આંખની દવા રૂપ છે. બનતાં સુધી બાળકને રડાવ્યા વિના આંજવી. બાળકના હાથ પકડીને આંજવાથી તે અનુભવ તેને કડવો લાગવાથી મેશ અંજા-વવાને કબૂલ્યા કરે છે. મેશનું આંજણ કંઇક અંશે આંખમાં બળે છે તે પણ આનાકાની માટેનું કારણ છે. બાળકને શાંતિથી લઇએ તો બાળક પોતે ધીરે ધીરે ટેવાઇ જાય છે ને આંજણ આંજવા દોડે છે. હમેશ જ રડતું હોય ને આંજણ ત્રાસ રૂપ થતું હોય તો આંજવાનું પડયું મૂકવું.

સ૦ ૭. પાંચ વરસની અંદરના બાળકને કફની પહેરાવવી સારી કે ઝબલું ?

જ૦ કફની સારી લાગે છે. કપડાંની બાબ-તમાં ઘણી બાબ-તોનો વિચાર કરવો પડે છે. ઋતુ, કાપડ, ફેશન, કાપ-ડની જાત, બાળ-કની છૂટ અને આરોગ્યનો પ્રશ્ન વગેરે ધ્યાનમાં લઇ નક્કી કરવું. ઝબલા કરતાં તો કફની સારી પડશે. અનુભવ કરી જુઓ.

સ૦ ૮. ત્રણ વર્ષની અંદરનાં બાળકને અના-જનો ખોરાક આપવો કે નહિ ?

જ૦ વૈદ અગર દાક્તરને પૂછો.

સ૦ ૯. છોકરો દશ વર્ષની ઉંમરનો છે. મોઢું ઉઘાડું રાખે છે. ના કહ્યા છતાં તે સમ-જતો નથી. શું કરવું ?

જ૦ કુશળ દાકતર પાસે તપાસાવો. તેને ગળામાં કાકડા અગર ચૂરીયા Tonsils કે Adenoids હોવા જોઇએ. ગળાની અંદર દરદ હશે તો કહેવું નકામું જ જશે. તુરત વૈદકીય સલાહ લેશો.

સ૦ ૧૦. છોકરો દશ વર્ષનો છે. મોળું દૂધ પીતો નથી; ગળ્યું દૂધ ભાવે છે. તો સાકરવાળું દૂધ આપવું ?

જ૦ કોઇ વાંધા જેવું લાગતું નથી. ખુશીથી આવતી જતી સાકર નાખીને આપવું સાકર દૂધ સાથે ઉકાળવી.

સ૦ ૧૧. બાળક બજારની ચીજો ખાવા બહુ મન કરે છે તો અપાવાય કે નહિ ?

જ૦ બજારની ચીજોને બદલે ઘરમાં કરીને આપો તે સારું. બજારની ચીજોનો માલ સારો નથી હોતો, ગંદો હોય છે. તે ચીજો ઉપર માખીઓ બેસવાથી ગંદી અને રોગ લાવે તેવી બની હોય છે. માટે બનતાં સુધી બજારૂ ચીજો છોડી દેવી ને ઘેર બનાવી દેવી. ગિ.

સ્વતંત્ર બાળક એ છે કે

૧. જેને આ કરવું અને આ ન કરવું તેનો વિચાર કરવાની છૂટ છે.

૨. જેને પોતાના વિકાસ માટે વિચાર દર્શાવવાની છૂટ છે.

૩. જેને પસંદ કરેલું ક્રિયામાં ઉતારવાની છૂટ છે.

૪ જેને અમુક કરવું જ જોઇએ અને અમુક ન જ કરાય એવું ખોટું બાહ્ય બંધન નથી.

૫. જે પોતાનો વિચાર અને ક્રિયા સ્વાધીનપણે કરી શકે છે.

૬. જે પોતાનું જીવન અન્યને માન આપીને, અન્યની સગવડ સાચવીને, અન્યના હક્કો જાળવીને ચલવે છે. ગિ.

નવું બાલસાહિત્ય

નામ	લેખક	પ્રકાશક
વાત બહેનાં	મણિભાઇ: ઈંદુભાઇ	જીવનલાલ અમરશીઃ અમદાવાદ
બાપુની સ્વરાજ યાત્રા	વલ્લભદાસ અઝુડ	શાહપોર, સુરત
દેવ કથાઓ [બીજી આવૃત્તિ]	ચંદ્રશંકર મ. ભટ્ટ	ગુજરાત સાહિત્યમંદિરઃ અમદાવાદ
આંબાવાડિયું	ગિજુભાઇ: જુગતરામ	,, ,,
આપણે પોતે	તારાબેન	શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરઃભાવનગર
કાવ્યસંગ્રહ	સંપાદિત	,, ,, ,,
છેલ્લો પાઠ	ગિજુભાઈ	,, ,, ,,

તમે બગડી ગએલા પિતા છો—

જો તમે ઘરમાં પેસતાં જ બાળક પાસેથી માન અને વિવેકની આશા રાખતા હો તો.

જો તમે ઘરમાં પેસતાં જ બાળક તમારાથી ડરીને સંતાતું હોય તો.

જો ઘરમાં પેસતાં જ બાળક તમને અતિ નમ્ર બની ગભરાઈને નમસ્કાર કરે અગર માન આપે તો.

જો ઘરમાં આવીને તમે આરામ ખુરશી પર બેસી બાળક ઉપર હુકમ છાંટતા હો તો.

જો ઘરમાં બેઠાં બેઠાં બાળક પાસે હુકમ કરી પાણી, બીડી, તમાકુ, સોપારી વગેરે મગાવતા હો તો.

જો તમે વારંવાર બાળકની માતાને બોલાવી બાળકને સંભાળવાને કહ્યા કરતા હો તો.

જો તમે તમારો ગુસ્સો રોકવાને બદલે બાળકને મારવા કે ધમકાવવા ઉઠતા હો તો.

જો તમે પોતાને ડાહ્યા અને બાળકને મૂર્ખ, નાલાયક, અણસમજુ ને ભાન વિનાનું ધારતા હો તો.

જો તમે બાળકને માત્ર નિશાળે કે બાનગી માસ્તરને સોંપીને બહુ કર્યું એમ માનતા હો તો.

ગિ.

બાળકોમાં ભૂખ અને રુચિ

બાળકો ઘણી વાર જમવા બેસે છે ને તદ્દન થોડું ખાઈને ઉઠી જાય છે. બા પૂછે છેઃ "અલ્યા, એમ કેમ? ઉઠ્યો કેમ? ખાવું નથી?"

બાળક કહે છેઃ "ભૂખ નથી. નથી ભાવતું. નથી ખાવું."

બાળકના આ જવાબોમાં કયો જવાબ સાચો છે તે જાણવું મુશ્કેલ છે. પોતે ખાધું નહિ તેનો કંઈક ખુલાસો આપી બાળક છૂટું થાય છે. બા પણ તેના જવાબોમાં કંઈક ખુલાસો કાઢે છે ને ઉદ્‌ગારો કાઢે છેઃ "આજ કાલ મારા બટુકને કાંઈ ભાવતું નથી. ઘણું સારું સારું કરીએ છીએ પણ કંઈ ભાવે તો કે? એ તો બહુ સ્વાદીયો થઈ ગયો છે. મોસાળ જઈ આવ્યો ત્યારથી એવો જ થઈ ગયો છે." કાં તો કહે છેઃ "એનું ચિત્ત રમવામાં હોય ત્યારે કે બહાર ભાઈબંધો બેઠા હોય એટલે ઝટ ઝટ જમી લે છે ને આ ભાગે છે રમવા." વળી એમ પણ ખુલાસો આપે છેઃ "ભણવાની કાંઈ ચિંતા વધી છે, કાંઈ ચિંતા! ચિંતા આડે ખાવું પીવું ભાવે તો કે?"

બા અને બાળકના આ બધા ઉદ્‌ગારોમાં બાળક શા માટે 'ભૂખ્યું ઉઠે છે' તેનાં કારણો પડેલાં છે અને નથી પણ પડેલાં. બાને કે બાળકને સ્પષ્ટ રીતે જાણવામાં આવ્યું નથી કે દરેક પ્રસંગે ખરું કારણ શું છે. ને તેથી તેમના ખુલાસામાં અસ્પષ્ટતા છે.

દરેક તંદુરસ્ત બાળકને ભૂખ લાગવી જોઈએ ને લાગે છે. છતાં ઘણી વાર ભૂખ્યું બાળક–ખાઉં ખાઉં કરતું બાળક ભૂખ લાગે તે જ ટાણે ખાઈ શકતું નથી ને ખવડાવીએ તો પણ બગડી ગયું હોય તેમ હાથ ઘોષ

ઉભું થાય છે. કારણ કયાં છે તે જરા તપાસીએ.

પેટમાં ભૂખ લાગી હોય ને છતાં પેટમાં ખોરાક ન પડે તે શા માટે બનતું હશે ? પેટ લાંબા હાથ કરી ખોરાક માટે અધીરૂં થયું હોય તે વખતે શા માટે બાળકના ગળા હેઠે ખોરાક નહિ જતો હોય ?

કારણ 'અરુચિ' છે. ભૂખ તો શરીરના સહજ નિયમ પ્રમાણે લાગે છે. ભૂખ ખોરાક માંગે છે પણ 'અરુચિ' ખોરાકને ખાવા દેતી નથી. આ અરુચિ શું છે ને કયાંથી આવે છે.

અરુચિ સ્થૂળ ખોરાક સાથે જોડાએલી છે તેમ જ તે માનસિક પરિસ્થિતિ સાથે જોડાએલી છે. ભૂખ ઘણી લાગેલી હોય છે છતાં જો ખોરાક ખરાબ હોય, ગંધાતો હોય, ખરાબ રીતે પકવેલો હોય તો ખાવાની મરજી હોવા છતાં ખવાતો નથી; ભૂખ લાગે છતાં લેવાતો નથી. ખોરાકમાં કાંકરી, ઇયળ વગેરે આવી ગયું હોય તો બરાબર સખ્ત ભૂખ લાગ્યા પછી ખાવા બેઠા હોઇએ છતાં તે જોવાથી રુચિ ચાલી જાય છે ને ખાવાની અરુચિ પેદા થાય છે– ભૂખ હોવા છતાં ભૂખ્યા ઉઠવું પડે છે. ખોરાક સારો મજાનો હોય અને ભૂખ લાગવાથી તે હોંશે હોંશે ખાતા હોઇએ ત્યાં કોઇ કહે: "અરે! રસોઇ થતી વખતે આ ખોરાકને અમુક જણ અડી ગયો હતો." તો ખોરાક તે જ હોવા છતાં ને ભૂખ પણ તે જ હોવા છતાં અરુચિ પેદા થાય છે ને ખાવાનું ભાવતું નથી ને માણસ ખાતો ઉઠે છે. માણસ છ આઠ કલાક કામ કરીને ઘેર આવે છે, ભૂખ લાગી હોવાથી સારી ચીજો ખાવા માટે લેતો આવે છે પણ જ્યાં ઘરમાં પેસે છે કે સ્ત્રી કંઇ ને કંઇ કજીયો સામે ધરે છે એટલે પેલા ભાઇનું ખાવાનું મન ઠરી જાય છે ને ખાઇ જ શકતો નથી. જમતાં જમતાં એકાદ તાર આવે છે, એકાદ અણગમતી વાત નીકળે છે, એકાદ અપ્રિય માણસ આવે છે, એટલે ખાવાના રસમાં નીરસતા આવે છે. વળી આઠ કલાકના કામ પછી સખ્ત ભૂખ લાગવી જોઇએ, તેને બદલે ઉલટું મજુર કે એવા માણસો ખાવાનો અણગમો ધરાવે છે. આમ આપણે જોઇએ તો થાક, ચિંતા, ભય, અકસ્માત, વાતાવરણ વગેરે કારણોની અસર રુચિ ઉપર થાય છે તેથી ભૂખ લાગવા છતાં માણસ ખાઇ શકતો નથી. ભૂખ મટાડવી એટલે માત્ર ખાવું નથી પણ રુચિથી ખાવું અર્થાત પ્રસન્નતાથી ખાવું એ છે.

બાળકોનું અવલોકન કરતું તો જણાશે કે બાળક આવાં જ કારણોથી ઓછું ખાય છે, ભાવતું નથી એમ કહે છે કે ભૂખ નથી લાગી એમ કહે છે. પણ બાળક નિશાળના અભ્યાસની ચિંતા લઇને કે શિક્ષકનો ભય લઇને ઘેર આવ્યું હોય તો સાત વાનાંની સુખડી પણ કેમ રુચે? બાળકને તેના મિત્રો સાથે અણબનાવ થયો હોય, તેને કોઇ રમાડતું ન હોય, તેને એકલો રાખેલ હોય તો તેના મનની સ્થિતિ દુઃખી હોવાથી ખાવાની રુચિ નબળી પડે છે. મા કે બાપ ઘરમાં લડતાં હોય અગર ઘરનું વાતાવરણ ગમગીન કે તોફાની હોય તો બાળક તુરત જ તે પારખી શકે છે ને તેની અસર તેના ખાણા ઉપર થાય છે. બાળકને મા બાપ વઢતાં હોય અથવા 'હમણાં વઢશે, હમણાં વઢશે, હમણાં ધંધક કહેશે, હમણાં ભૂલ પડશે

ને ટોકશે' એમ બાળકના મનમાં હોય તો તેને તેની ફિકરને લીધે ભાવતું નથી. મતલબ ભય, ચિંતા, મૂંઝવણ, અપ્રેમ, અમૈત્રિ, અપ્રસન્નતા વગેરે કારણોને લીધે ભૂખ હોવા છતાં ખવાઇ શકાતું નથી. ભૂખ મરી જવી એટલે ભૂખ હોવા છતાં મનની અસ્વસ્થતાને લીધે ખોરાક લેવાનો અણગમો એમ સમજવું. બાળકોનો એક વર્ગ ગરીબીને લીધે, બીજો વર્ગ અતિ ખોરાકને લીધે ને ત્રીજો વર્ગ ભૂખ મરી જવાથી પૂરું પોષણ મેળવી શકતો નથી. ઘરમાં સારી સારી વાનીઓ રંધાય અગર બાળકોને ગમતી વાનીઓ રંધાય તે પૂરતું નથી; ખરી વાત બાળકોની રુચિને ન બગાડવાની છે. બાળજીવનની આસ-પાસ એટલા બધા બનાવો બને છે ને આપણે પણ બનાવીએ છીએ એ કે બાળકોની રુચિ ભાંગી જાય છે. આપણે માબાપોએ આ બાબતમાં ખાસ કાળજી લેવી. આ બાબતમાં દાક્તરોની દવાનો કંઇ અર્થ નથી. દવાથી થોડીક ઉત્તેજના મળતાં ખાવાનું મન વધે છે, પણ તે પાછું હતું ત્યાં ને ત્યાં જઈ બેસે છે. બહુ જ મીઠા મીઠા ખોરાકો બનાવીને રુચિ પેદા કરવાથી ખરી રુચિ આવતી નથી. મીઠાશને લીધે કંઇક ખવાય છે પણ મનની પ્રસન્નતા વિના ખાધેલાનું પાચન થતું નથી. ખોરાક પ્રત્યે જ્યારે અભિમુખ હોઇએ ને ભૂખ લાગી હોય છે, ત્યારે ખોરાક જોતાં આનંદ થાય છે ને મ્હોંમાં વાણી આવે છે. મ્હોંમાં પાણી છૂટવું એ રુચિનું લક્ષણ છે. જ્યારે ચિંતા શોક વગેરે હોય છે ત્યારે મ્હોંમાં પાણી છૂટતું નથી; મોઢું સુકાઇ જાય છે ને સારો ખોરાક પણ ગળે ઉતારવો મુશ્કેલ થાય છે. રુચિ વિના ખાવાના પ્રયત્નમાં આપણે હમેશ પાણી છૂટે તેવા મશાલા વગેરે નાખંતા થઇ ગયા છીએ. મશાલા કૃત્રિમ પાણી આણે છે, કૃત્રિમ પાચન પેદા કરે છે અને પરિણામે રુચિ અને ભૂખ બન્ને ઘસાય છે ને અશક્ત બને છે. નાનાં બાળકોને માટે ભાવતા ખોરાકો પણ સાદા ખોરાકો તૈયાર કર્યા પછી, વધારે કાળજી તો રુચિને બગાડે તેવું કશું ન બને તે માટે રાખવાની છે.

આજે તો સેંકડો બાળકો ચિંતા, ભય વગેરેને કારણે વિના રુચિએ ખાય છે, ને અંદ-રમાં લાગેલી ખરી ભૂખને સંતોષી શકતાં નથી. તેથી તેમનાં શરીરો પણ પોષણ વિનાનાં નિસ્તેજ અને નિર્બળ રહે છે.

બાળકોની ભૂખ ને રુચિનો પ્રશ્ન દરેક માબાપે વિચારવો ઘટે છે. ગિ.

મોન્ટીસોરી પદ્ધતિના અભ્યાસીઓ માટે

ઘરમાં મોન્ટીસોરી	લે. તારાબેન	૦–૮–૦	બાલચારિત્ર્ય	લે. તારાબેન	
મોન્ટીસોરી પદ્ધતિ	લે. ગિજુભાઇ	૨–૦–૦	મોન્ટીસોરી પદ્ધતિ બરાબર છે?	લે. ગિજુભાઇ	
મોન્ટીસોરી સંમેલન	નિબંધ સંગ્રહ	૦-૧૨-૦			
પાઠ આપનારાઓને	લે. ગિજુભાઇ				
મોન્ટીસોરી શિક્ષકની	દૃષ્ટિ લે. ગિજુભાઇ				
બાલવાર્તાની શ્રેણીઓ	લે. તારાબેન				

છેલ્લી પાંચ ચોપડીઓના દરેકના પોસ્ટેજ સાથે બે આના.

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર: ભાવનગર

વિચારી જશો ?

તમારૂં બાળક તમારી પાસે હસતું હસતું દોડીને કંઇ પૂછવા આવે છે કે ડરતું ડરતું ને ધીમે ધીમે ?

તમારૂં બાળક તમને મનમાં આવે તે સવાલ પૂછી શકે છે કે સવાલ પૂછતા પહેલાં અટકે છે ને વિચાર કરે છે કે આવું બાપુને કે બાને પૂછાય કે નહિ?

તમારૂં બાળક તમને તેની નાની નાની ચીજો બતાવવાની અને તે વિષે કંઇ કંઇ કહેવાની હોંશ ધરાવે છે કે તમે તેમાં હોંશ ધરાવશો કે નહિ તે બાબતમાં તેને શંકા છે?

તમારૂં બાળક જરૂર હોય ને ઉપયોગ હોય ત્યારે તમારી ચીજ વિના ધીક્કે અને સંકોચે લે છે કે તમારી ગેરહાજરીમાં તે ફિકર સાથે લે છે?

તમારૂં બાળક ખુલ્લું અંતઃકરણ મૂકી પોતાની કાલીઘેલી વાતો તમારી પાસે પડ્યું પડ્યું કદિ કહે છે કે તે તો તમારાથી દૂર જ રહે છે ને અંતર ઉઘાડી શકતું નથી ?

તમારૂં બાળક તમે ગામમાંથી આવો છો ત્યારે રાજી થાય છે કે મનમાં ગભરાય છે કે 'એ બાપાજી આવ્યા. ચૂપ રહો, નહિતર માર્યા ! ' એમ સમજી નારાજ થાય છે ? ગિ.

રડીએ તો ગાંડા કહેવાઇએ

નોકરઃ "રડીએ તો ગાંડા કહેવાઇએ."

બાળક રડે છે કારણ કે તે બાલમંદિરમાં પહેલવહેલું જ આવેલું છે; તેને આવું વાતાવરણ નવું લાગે છે; તે મનમાં ઘર, બા, ભાંડુઓને સંભારે છે ને મૂંઝાઈ જઇ રડી પડે છે. નોકર તેને કહે છેઃ "રડીએ તો ગાંડા કહેવાઇએ."

બાલમંદિરનો શિક્ષક નોકરને પૂછે છેઃ " તું રડે તો ગાંડો કહેવાય કે નહિ ?"

નોકરઃ "ના, હું ન કહેવાઉં."

શિક્ષકઃ " ત્યારે આ બાળક શેનું કહેવાય ?"

નોકરઃ " બાળક તો કહેવાય."

શિક્ષકઃ " એટલે બાળક રડે તો ગાંડું બની જાય એમ તું ધારે છે ?"

નોકરઃ " ના, ગાંડું થઇ ન જાય; પણ તે રડે ત્યારે તેને એમ કહેવું જોઇએ કે રડીશ તો ગાંડો કહેવાઇશ."

શિક્ષકઃ " એમ શા માટે કહેવું ?"

નોકરઃ " કેમ કે એમ કહેવાથી બાળક રડતું મટી જાય."

શિક્ષકઃ " પણ બાળકને એમ નહિ લાગે કે જો રડીશ તો ગાંડો કહેવાઇશ ? અને તેમ તેના મનમાં લગાડવું એ તો ખોટું કર્યું કહેવાય !"

નોકરઃ " ખોટું કે સાચું, અમારે તો બાળકોને જેમ તેમ કરીને ઠેકાણે રાખવાં જોઇએ ના ? બાળકો તો એવાં છે કે ઘડીયે ને પહોરે રડ્યા કરે. રડવા દઇએ તો તમે ખીજાઓ, શેઠ અને શેઠાણી ખીજાય. પછી આવું કંઇક લાવવું જોઇએ ના ?"

શિક્ષકઃ " પણ શેઠ તને આવું કહેતાં સાંભળે તો ધમકાવે કે નહિ ?"

નોકરઃ " ના રે, શેઠ અને શેઠાણી બન્ને બાળકને એક સો વાર કહે છે કે રડીએ તો

ગાંડા કહેવાઇએ !"

શિક્ષક બાળકને પૂછે છેઃ " હેં ભાઇ, તમે ગાંડા છો કે ડાહ્યા ? "

બાળકઃ " હું ગાંડો છું. "

શિક્ષકઃ " કેમ ? "

બાળકઃ " હું ગાંડો છું એમ. "

શિક્ષકઃ " પણ ડાહ્યા નહિ ને ગાંડા કેમ ? "

બાળકઃ " હું રડું છું તેથી. "

શિક્ષકઃ " પણ રડ્યાથી ગાંડા શું કામ ? "

બાળકઃ " બા કહે છે, બાપા કહે છે, આ નોકર પણ કહે છે કે રડીએ તો ગાંડા કહેવાઇએ એટલે ગાંડા. "

શિક્ષકઃ " પણ તમે ગાંડા કે ડાહ્યા ? "

બાળકઃ " ગાંડા. "

શિક્ષકઃ " પણ ચાલો હું ગાંડા નથી કહેતો, ડાહ્યા કહું છું. તો ? "

બાળકઃ " પણ હું રડું છું પછી ડાહ્યો કેમ ? "

શિક્ષકઃ " રડો છો શું કામ ? "

બાળકઃ " ઘેર જવું છે. "

શિક્ષકઃ " ત્યારે એમાં ગાંડા શું કામ ? "

બાળકઃ " બધા કહે છે કે રડે તે ગાંડો. "

ગિ.

પગની સંભાળ

અહમદહુસેન નામના બાળકના હાથ, પગ, નાક, આંખ હું તપાસતો હતો. બાલમંદિરમાં રોજ શરીર કપડાં વગેરેની તપાસ ચાલે છે. અહમદનાં પગનાં તળીયાં જોઇ હું ચમકી ગયો. આ તે આના પગની આવી ચામડી છે કે આને તળીએ ચોટીને જામી ગએલો મેલ છે ? એટલું બધું પગનું તળીયું કાળું હતું: આખું પગલું, પગના ફણાથી તે પગની પાની સુધીનું !

અહમદના પગના તળીયાનો મેલ કેટલાએ મહિનાઓથી જામતો આવ્યો હશે. ભાગ્યે જ તેને કોઇએ કાઢયો હશે. વખતે માબાપે તે ભાળ્યો પણ નહિ હોય. અહમદ શેરીમાં, ફળીયામાં જ્યાં ત્યાં રખડતો હશે. તેને પગે કંઇ કંઇ ચોટતું હશે. પગ ધોઇને, ઘસીને ઘરમાં આવવાનો કે જમવાનો રિવાજ નહિ જ હોય. આઠ પંદર દિવસે એની બા એને ઘસી ઘસીને નવરાવતી નહિ હોય: એનાં માબાપોને બબર પણ નહિ હોય કે નાનાં બાળકોનાં પગલાંએ મેલ જામી જાય ને તે જ એક પ્રકારનું પડ બની જાય.

આવો પગ તો મેં મારી જીંદગીમાં પહેલવહેલો જ જોયો. અને છતાં તે જોયો હતો તો બરો જ. આવા પગો દુનિયામાં હશે જ અને જોવા નીકળીએ તો ઘણા જડી આવે. આવા પગથી અનેક નુકશાનો થતાં હશે અને તેનાં દુઃખો બાળકો ભોગવતાં હશે અને દાક્તરો તેના ઉપાયો કરતા હશે.

અહમદ વારંવાર માંદો સાજો રહે છે તેનું એક કારણ તેના ગંદા પગ પણ હોય. અને ઘણાં બાળકોની માંદગીનાં અનેક કારણોમાં એક કારણ પગની ગંદકી પણ હોઈ શકે.

બાળકોના પગની સંભાળની બાબતમાં આપણે છેક જ બેદરકાર છીએ. પગ અત્યંત સ્વચ્છ રહેવા જોઇએ એ પહેલી સંભાળ છે,

પગ ઉપર ધૂળ ચડે ને તે ઉપર પાણી પડે ને એમ કરતાં મેલ પેદા થાય છે. આ મેલ પગની ચામડીનાં છિદ્રોને ખુરી દેતાં ચામડીના રોગો થાય છે. બાળકને પગ ઉપર ગુમડાં નીકળે છે, ખસ નીકળે છે, ચળ આવે છે વગેરે ઉપદ્રવો થાય છે તેની પાછળ ખાસ કરીને પગની ગંદકી હોય છે. પગને હમેશ ધોઇને સાફ કરવા જ જોઇએ. બાળકો ખુલ્લે પગે ફરે હરે તે સારું છે; પણ કચરામાં, ગંદકીમાં કે ધૂળમાં જઈ આવ્યા પછી તે ધોવાવા જોઇએ. પગ ધોવા એટલે તે ઉપર પાણી રેડવું એટલું જ નહિ; ઉપરથી, તળીએથી અને આંગળીઓ વચ્ચે ઘસીને પગ ધોવા જોઇએ, અને ધોયા પછી તે ખૂબ સારી પેઠે લૂછાઇને, કોરા થવા જોઇએ. નાનાં બાળકોના પગો ધોઈ આપી તે કેમ અને કેવા સ્વચ્છ રખાય તે માબાપોએ બતાવવું જોઇએ.

જોડા ન પહેરનારાં અને ખુલ્લામાં રખડતાં રઝળતાં અને પાછળથી પગ ન ધોનાર બાળકોને માટે ઉપરની વાત થઇ. પણ જોડા પહેરનારાં બાળકોના પગ બીજી રીતે બગડે છે. મોજાં અને જોડામાં પગ કાયમ જ પડયા રહે છે ત્યારે તે અત્યન્ત મુલાયમ બને છે. મેલ વિનાના રહે છે પણ સ્વચ્છ નથી હોતા. પગ મુલાયમ હોય તો તે દુશ્મન રૂપ છે. પગનું કામ પગ ન કરી શકે તેવા જે તે જોડા અને મોજાં પહેરવાથી થઇ જાય તો જોડા અને મોજાંનો ત્યાગ જ ઘટે છે. ઉઘાડા પગને તડકો અને હવા મળે છે તેથી યોગ્ય રીતે વધે છે. જમીન ઉપર વગર જોડાએ ચાલવાથી પગ કઠણ અને ચપળ થાય છે; જમીન ઉપર ચાલવાની હુશિયારીવાળા થાય છે; જમીન ઉપર આવતી અનેક આડખીલીઓને વટાવીને આગળ વધવામાં સમજણવાળા થાય છે. જ્યારે મોજાં જોડામાં બેઠેલા પગોને જમીનનો, હવાનો, અજવાળાનો લાભ મળતો નથી. તે કેદખાનામાં શક્ય હોય તેટલું વધે છે. તે જોડા વિના ચાલવાની, દોડવાની ચપળતા ગુમાવી બેસે છે. જમીન ઉપર ચાલવાનો આનંદ તે અનુભવી શકતા નથી.

પગમાં ખૂબ મોજાં ઘાલવાં એ જે મોટાઇ હોય તો તે શાપ રૂપ છે. મોટાઇ તંદુરસ્તી કે વિકાસની આડે આવે ત્યારે તેને મારીને કાઢી મૂકવી જોઇએ. ખૂબ અને મોજાંમાં રહેનારાં આંગળાં, તળીયાં વગેરે ઉપર ધૂળ નથી ચડતી; પણ તે પસીના વગેરેથી સડે છે. ચામડીનું ઉપલું પડ કોહી જાય છે તે વાસ મારે છે. ટૂંકમાં પગ ખુલ્લા રહે તો જ સારું; તેમાં જ તે વધે ને ચપળ થાય.

આપણે બાળકો અગર મોટાંઓના પગ સામે જોઇશું તો પગ ઘણી જાતના માલુમ

ઘરમાં કોઈ અભણ છે ?

ઘરમાં બેન, દીકરી, પત્ની, જે કોઇ અભણ હોય તો

કેમ શીખવવું

એ પુસ્તક મંગાવવા માટે
અરધા આનાની ટિકીટ મોકલો.

અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય

બાલમંદિર : ભાવનગર

પડશે ને તેને લીધે તેમની ચાલવાની રીતમાં પણ ફેર દેખાશે. કોઇના પગ ચાંપલા દેખાશે એટલે કે પગનું આખું તળીયું જમીન પર ચોટતું જણાશે. કોઇના પગના કૂણા સાવ ટૂંકા તો કોઇના અત્યંત પહોળા; કોઇની પાનીનો ભાગ છેક નાનો તો કોઇનો નહિ નાનો દેખાશે. કોઇ ચાલશે તો જાણે કે હમણાં પડ્યા કે પડશું તેવો દેખાવ થશે. કોઇ જાણે કે પગ સામસામે અંદર મૂકીને ચાલતું દેખાશે. કોઇ સહેજ રાંકું ચાલતું હશે તો કોઇનો પગ જરા ઉલળીને ચાલતો હશે.

આ બધી વિચિત્રતાઓ પગની સંભાળ છેક નાનપણથી ન લેવાથી આવે છે. પગ મજબૂત જોઇએ, તેનાં તળાં દૃઢ અને ચપળ જોઇએ, તેની ગતિ સમાન્તર જોઇએ. જે બાળક બાલ્યાવસ્થામાં કેવળ સ્વાભાવિક રીતે શરીરબળ અને પગનું બળ વિકસાવીને મોટું થાય છે તે બાળકના પગ આપણે ધારીએ તેવા બરાબરના લાયક થાય છે. પણ જ્યાં બાળકને નાનપણથી લૂગડાં લત્તાં, બૂટ મોજાં વગેરેથી ઢાંકવામાં આવે, ચલવવાને જાતજાતનાં ઉપાયો કરવામાં આવે, ચાલતી વખતે ખોટા આધારો આપવામાં આવે ત્યાં બાળકના પગમાં કંઇ ને કંઇ વિચિત્રતા આવે છે.

પગ આખા શરીરનો આધાર છે. તેની શક્તિ બરાબર ખીલવી જોઇએ ને તે માટે તેની પૂરતી કાળજી લેવાવી જોઇએ.

ગિ.

બાળકો અને મોટેરાં

માતા અને પિતા પહેલેથી જ બાળકોનાં શરીરો કરતાં મોટાં શરીરો ધરાવે છે તેથી તેઓ બાળકો વધે તે પહેલાં જ શરીરથી વધેલાં છે. અને તેથી બાળકોનાં શરીરો સાથે તેમનાં શરીરો પણ વધારતા જવાની જરૂર પડી નથી અને કદિ પડશે પણ નહિ. પણ બાળકોનાં માબાપો થવાથી આપણે સૌ કોઈ મનની અને બીજી શક્તિઓથી ઘૂમ આગળ વધેલાં નથી હોતાં. બાળકો જન્મે છે ત્યારથી શરીર મન અને આત્માથી ઝપટભેર આગળ વધવા માંડે છે; થોડા જ વખતમાં તેમની શક્તિ ઘણી જ અદ્‌ભુત ગતિથી વધતી જોવામાં આવે છે. આપણે ધારીએ છીએ તે કરતાં છેક નાની ઉંમરે બાળકો ઘણી બાબતમાં આગળ વધી ગએલાં હોય છે. આગળ વધતાં બાળકો આપણી આગળ જાય છે ને આપણે પાછળ રહીએ છીએ. આપણને એમ લાગે છે ખરૂં કે આપણે આગળ છીએ કારણ કે આપણે આગળ આગળ જન્મ્યાં છીએ. પણ આગળનું બાળક આપણે જોઇ શકીએ તો આપણે જરૂર શરમાઇ જઇએ, ઝાંખા પડી જઇએ, આપણે તેની મોઢા આગળ પામર લાગીએ.

આ વાતનું જાણપણે કે અજાણપણે આપણને ભાન હોવાથી આપણે તેને અમુક હદની પેલી પાર જતાં રોકવા દોડીએ છીએ. તેની ઝડપને રોકીએ છીએ. તેનામાં એ શક્તિનું આરોપણ કરી તેને વધવાની ના પાડીએ છીએ. પરિણામ એ આવે છે કે બાળક આપણા પંજામાંથી છૂટી જવા લાગે છે; છૂટે છે ને દોડે છે. તે આપણું મુરબ્બીપણું બંધન રૂપ

ભાળે છે; આપણી વાણીમાં તેને છળ લાગે છે; આપણા પ્રત્યે માનને બદલે અવિશ્વાસની દૃષ્ટિએ જુએ છે. તેથી તે આપણને તોફાની, ઉદ્ધત, અભિમાની, અનાજ્ઞાંકિત લાગે છે. આ પ્રમાણે આપણી અને બાળકની વચ્ચે અંતર પડયું કે આપણે એક બીજાની સામે લડવા માંડીએ છીએ.

આપણે માબાપ થયાં ને બાળકના જીવનને ગતિ આપી ત્યારથી તે ગતિમાન થયું. હવે તે ગતિની સાથે આપણે દોડવું ઘટે. તે વધે તેની સાથે વધવું ઘટે. તેની પ્રગતિની સાથે આપણી પોતાની પ્રગતિ સાધવી જોઈએ. પણ જો આપણે સ્થિર થઇ જઇએ, અચલાયતન રહેવા માગીએ તો બાળક ત્યાં રોકાશે નહિ અને ભાગશે. માટે કાં તો આપણે સ્થિરતા છોડી તેની સાથે વિકસવું અગર જો ન જ વિકસવું હોય અને પડ્યા પડ્યા સડવું હોય તો બાળકોને દોડવા માટે છૂટાં મૂકી દેવાં. ગતિને રોકવાનો આપણો મમત આપણને જ ઊંધા પાડી દેશે. ગતિ રોકી રોકાશે તો નહિ પણ તે જરા અટવાશે, નુકશાન પામશે અને છતાં આગળ તો વધશે જ. માત્ર એ નુકશાનની જવાબદારી આપણે શીર રહેશે.

ડાહ્યાં માબાપો બીજી બધી બાબતમાં આગળ વધે છે તેમ બાળકો સાથે જીવનમાં પણ આગળ વધવાનું શીખે તો જ તેઓ બાળકો અને પોતાની વચ્ચેનો સંબંધ અને પ્રેમ સાચવી શકશે; બાળકોને જીવન આપ્યાનો લહાવો લઇ શકશે. અને બાળકો અને ભાવિ પ્રજા તો જ માબાપો પ્રત્યે ઋણી રહેશે અને માબાપોનું જીવન ધન્ય કરી બતાવશે.

ગિ.

તમે તમારા બાળકને નિશાળે બેસાડો તે પહેલાં

:૧:

બાળકની નિશાળ જોઇ આવજો.

નિશાળનું મકાન, ફરનીચર, સ્વચ્છતા, વ્યવસ્થા કેવાં છે તે જોજો

નિશાળમાં હવા અને અજવાળાની કેટલી સગવડ છે તે જોજો.

નિશાળમાં બેસવા ઉઠવાની કેટલી સફાઈ અને સગવડ છે તે જોજો.

નિશાળમાં પાણી પીવાનાં વાસણો વગેરે કેવાં છે તે જોજો.

નિશાળનાં પાયખાનાં અને પેશાબખાનાં જોજો.

આ બધું જોયા પછી લાગે કે ઘર કરતાં તો નિશાળ બગડી નથી, તો જ ત્યાં બાળકને મૂકજો.

તમારું બાળક ત્યાં જઇને અનારોગ્ય અને અછૂટના વાતાવરણમાં આવી પડે તેમ હોય તો જરૂર ત્યાં મૂકશો નહિ.

:૨:

વળી એ નિશાળના મહેતાજી કોણ છે ને કેવા છે તે જોજો.

તેમની ટેવો કેવી છે તે બારીકાઇથી જોજો.

તેમનામાં બાળકો પ્રત્યે લાગણી અને પ્રેમ કેટલાં છે તે પણ જોજો.

તેમનામાં વ્યવસ્થા, શાંતિ, સુઘડતા કેટલાં છે તે જોજો.

અક્ષરજ્ઞાન યોજના સમાચાર

અક્ષરશાળાઓની સંખ્યા વધતી જાય છે. આજે કુલ ૨૬૦૦ શાળાઓ છે. શિક્ષકોનાં હાજરીપત્રકો આવે છે ને તે ઉપરથી કેટલા ભણી ઉતર્યા ને કેટલા ચાલુ છે તેની નોંધ કાર્યાલયમાં થઇ રહી છે. જેઓ ધીરજથી, ખંતથી અને શ્રદ્ધાથી સતત કાર્ય કરી રહ્યા છે તે બધાને ધન્યવાદ છે. જેઓના કામનો અહેવાલ હજી આવ્યો નથી તેની રાહ ઉત્કંઠાથી જોઇ રહ્યા છીએ. કોઇ પણ કારણને લીધે જેમણે કામ શરૂ ન કર્યું હોય તેઓ જરૂર શરૂ કરી દેશે. શુભસ્ય શીઘ્રમ્. કર્યું તેટલું કામ.

જોતજોતામાં કંઇક આંકડો મૂકીએ એટલા ભણી રહ્યા છે. એટલાઓનું અજ્ઞાન ટળી ગયું છે. તેઓ આંધળા મટી દેખતા થયા છે. તેમાં કોળી છે, કણબી છે, ઢેઢ છે, વાઘરી છે ને હબ્જમ પણ છે. એ બધાઓના સૌને આશીર્વાદ છે એમ સમજજો. આંધળાને આંખ દેવાના કામને માટે આપણા સૌનું કામ અખંડ રહો.

શ્રીમતી તારાબેન, શ્રી. ગિજુભાઇ, શ્રી. દાસભાઇ અને શ્રી. નરેન્દ્ર એમણે ભાવનગર રાજ્યના મહુવા અને તળાજા મહાલોના ગામડે ગામડે અક્ષરજ્ઞાનનો સંદેશો દીધો. તેઓએ ૮૨ ગામે સભા કરી. ઉપરાંત ૧૦૪ ગામના લોકો સભાના ગામે આવ્યાં હતાં. આ બધાં ગામોમાંથી ૪૭૪ સ્વયંસેવકો અભણની સેવા અર્થે બહાર પડયા. બી વાવ્યાં છે; કંઇક તો ઉગ્યાં પણ છે. ધીરે ધીરે બધાં ઉગશે. પોતાના રાજ્યમાં અક્ષરજ્ઞાન પ્રચાર માટે ભાવનગર રાજ્યે અને તેના અમલદારોએ સરસ મદદ કરી. તેમનો સાચે જ આભાર માનવો ઘટે છે.

ગોંડલ અને ભાવનગર રાજ્યના શિક્ષકોનાં હાજરીપત્રકો આવી પહોંચ્યાં છે. એજન્સીના શિક્ષકો જોડાવા લાગ્યા છે.

વેસ્ટર્ન ઇન્ડિયા સ્ટેટસ એજન્સીના વિદ્યાધિકારી શ્રી. એમ. એસ. દ્વિવેદીએ પોતાના શિક્ષકોને આ કાર્યમાં જોડાવાની મંજુરી આપવામાં આવે છે એવો સરકયુલર કાઢયો છે. (તા ૫-૬-૩૦)

પાલીતાણા સ્ટેટના વિદ્યાધિકારી શ્રી. લક્ષ્મીશંકર ધનજીભાઇ દવેએ આ યોજનાને સફળ કરવા પોતાના શિક્ષકો પ્રત્યે રસપૂર્વક લાગ લેવાને પૂરતી મદદ કરવા સરકયુલર કાઢયો છે. (૨૯-૪-૩૦)

ચોરવાડની આજુબાજુનાં ગામડાંમાં શ્રી. હરખચંદ મોતીચંદ શાહ અક્ષરશાળાઓ સ્થાપી રહ્યા છે. કોઇ કોઇ શાળાનાં હાજરીપત્રકો પણ આવી ગયાં છે.

વીરમગામ અને ધોલેરા તાબાની સત્યાગ્રહ છાવણીઓએ પણ ગામડાંઓમાં આ કામ ચાલતું કર્યું છે.

પાલણપુરમાં ત્યાંના યુવકમંડળ દ્વારા આ કામ આગળ ધપી રહ્યું છે.

કચ્છમાં શ્રી. પ્રભુલાલ જ. ધોળકીયા યોજનાનો પ્રચાર કરે છે અને આગામી કચ્છ શિક્ષણ સંમેલન પ્રસંગે આખા કચ્છમાં આ યોજના કેમ ફેલાવવી તેનો વિચાર રજુ કરી તેના ઉપર

વ્યવહારૂ ઠરાવ આણવાના છે.

વાંકાનેર સ્ટેટના ડે૦ એજ્યુ૦ ઇન્સ્પેકટર ભાઇ પાનાચંદ તથા ભાઇ નાનાલાલ વાંકાનેરમાં યોજનાનો પ્રચાર કરી રહ્યા છે.

અક્ષરજ્ઞાન યોજનાને શ્રીમતી તારાબેન (અક્ષરજ્ઞાન યોજનાનાં એક પ્રચારક) મરાઠીમાં ઉતારી રહ્યાં છે. થોડા વખતમાં મરાઠી આવૃત્તિ બહાર પડશે અને મહારાષ્ટ્રની બાલુમાં કામ ચાલશે.

અત્યાર સુધીમાં

ચાલો વાંચીએ ૪૦૦૦ નકલ ગઇ.

કેમ શીખવવું ૭૫૦૦ નકલ ગઇ.

આગળ વાંચો પહેલી ચોપડી ૭૦૦ ગઈ.

અજવાળું પત્ર કાઢવાની યોજના દેશના હાલના સંજોગોમાં માંડી વાળી છે. તેને બદલે 'આગળ વાંચો' નામની ચોપડીઓ બહાર પડશે. એક બહાર પડી છે.

ત્યાર પછીની **આગળ વાંચો બીજી ચોપડી:** લે. તારાબેન કિં. ૦–૧–૦ તૈયાર થાય છે.

'સૌરાષ્ટ્ર શિક્ષક' દ્વારા કાઠિયાવાડ એજન્સીના તમામ શિક્ષકોને 'કેમ શીખવવું' ની નકલો વહેંચાવી.

ગોંડળના શિક્ષક ભાઇઓને ઉદ્દેશીને એક સર્વસામાન્ય પત્ર તેમના વિદ્યાધિકારી સાહેબ મારફત વહેંચાયો.

શ્રીમતી તારાબેને મુંબઇમાં જુલાઇ માસમાં Adult Education Society સમક્ષ 'અક્ષરજ્ઞાનની યોજના અને મહારાષ્ટ્ર' એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું.

રંગુનના કચ્છી શેઠ શ્રી. કોરશી વીજપાળે પ્રચાર અર્થે રૂા. ૨૦૦) આપી કેમ શીખવવું ની ૫૦૦૦ નકલો છપાવી આપી છે.

મુંબઇના કચ્છી શેઠ શ્રી. ખટાઉ વલ્લભદાસે ગરીબ ભણનારાંઓને માટે 'ચાલો વાંચીએ'ની ૧૦૦૦ નકલ રૂ. ૬૨।। આપી છપાવી આપી છે.

દિલ્હીથી શ્રી. રતિલાલ નારણદાસ ગામીએ અક્ષરજ્ઞાન પ્રચાર માટે રૂ. ૧૦૧) ની મદદ મોકલી છે.

તે સર્વ મદદો માટે તે તે ભાઇઓનો આભાર માનવો જોઇએ.

અક્ષરજ્ઞાન યોજનાનાં પુસ્તકો

કેમ શીખવવું	વિના મૂલ્યે
ચાલો વાંચીએ	કિં. ૦–૨–૦
આગળ વાંચો પહેલી ચોપડી	કિં. ૦–૧–૦
આગળ વાંચો બીજી ચોપડી	કિં. ૦–૧–૦

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

ભાવનગર

ટપાલમાંથી

કચ્છથી એક યુવક લખે છેઃ "અંત્યજોને ભણાવીશ તેથી મને નાત બહાર કરશે તો તો હું ધન્ય બનીશ." આ યુવકને ખરેખર ધન્યવાદ. કામ કરવા માટે આવા યુવકો જોઇએ છે.

મોટા બારમણથી લાલજીભાઈ લખે છેઃ—

"મે માસમાં આવેલા બે અંત્યજ વિદ્યાર્થીઓમાંથી એકે 'ચાલો વાંચીએ' પૂરી કરી."

ચોગઠથી ભાઇ ભાનુશંકર લખે છેઃ—

"ભાદ્રુતી શિક્ષણના જમાનામાં આપની યોજના જરૂર ગ્રામવાસીઓનો માનસિક અંધાપો ટાળી શકશે."

કલકત્તાથી ભાઇ અંબાલાલ નૃ. શાહ લખી

જણાવે છેઃ—

"અમારી શાળામાં બંગાળી શિક્ષકને અરધા તૈયાર કર્યા છે. પ્રગતિ ઠીક થઇ છે."
ઓલાપુરના શિક્ષક લખે છેઃ—

"જે કે હાલ વાવણીનો સમય છે તો પણ રાતના દસ દસ વાગે લોકો નવરા થઇ ભણવા આવે છે. અંત્યજો પણ રસ લેતા થયા છે. જ્યારે જ્યારે હું બહાર જઉં છું ત્યારે ત્યારે મને જોઇ અંત્યજના છોકરાઓ કહે છેઃ 'માસ્તર હું વાંચું? હું વાંચું?"

કોઇ કોઇ જણાવે છે કે હાલમાં વાવણીનો સમય હોવાથી હાજરી ઓછી થાય છે.

સૂચનાઓ

૧. 'ચાલો વાંચીએ' એ પાઠ્યપુસ્તક છે અને તેનો ઉપયોગ શરૂથી જ ઘેર વાંચવા માટે થાય માટે એક આનાની કિંમત મોકલી મંગાવી જ લેવી. તે વગર પરિણામ ન જ આવે.

૨. હાજરીપત્રક મહિને મહિને બરાબર નિયમિત મોકલવા સૌને વિનતિ છે.

૩. કોઇ પણ સંજોગો વચ્ચે પોતાનો વર્ગ બંધ કરવો પડે તો પોતાના સ્નેહી, મિત્ર કે બીજા કોઇ ઉત્સાહી ભાઇ કે બહેનને પોતાનો વર્ગ સોંપી મુકત થવું.

૪. વેકેશનના દિવસોમાં પોતાના ગામમાં શરૂ કરેલા વર્ગો વેકેશન પૂરું થયે તે વર્ગ બીજા કોઇ ભાઇને સોંપી છૂટા થવું.

૫. એક વર્ગ કે વ્યક્તિ વાંચતાં શીખી જાય પછી બીજા નિરક્ષરોને શોધી કામ ચાલુ રાખવું. થોડાથી સંતોષ ન માનવો. ઘરમાં, પાડોશમાં અને ગામમાં નિરક્ષરોની શોધ કરવી.

૬. વિદ્યાર્થીઓને ખાત્રી કરી આપવી કે ભણાવીને લડાઇમાં તાણી જવા માટે ભણાવતા નથી. તેમને વાંચતાં આવડી જાય એટલા જ માટે ભણાવીએ છીએ.

૭. જેઓની શાળાઓ બંધ પડી હોય તેઓ લખી જણાવે એટલે તેમનું નામ બંધ કરવામાં આવે.

૮. જેઓ શિક્ષકો હોય તેઓ આ પદ્ધતિથી પોતાની શાળાના વિદ્યાર્થીઓને શીખવી જુએ. આ પદ્ધતિ નિશાળમાં સહેલી થઇ પડે કે કેમ તે નક્કી કરવા જેવું છે. સહેલી સાબીત થાય તો ઘણો વખત અને ખર્ચ બચે.

અક્ષરજ્ઞાન યોજનાને મદદ

[તા. ૧૦-૫-૩૦ થી ૫-૧૦-૩૦ સુધી.]

૫-૦-૦	શ્રી. સૌભાગ્યચંદ ખી. કોઠારી	ભુજ
૨૫-૦-૦	શેઠ ખટાઉ વલ્લભદાસ	મુંબઇ
૧૨-૦-૦	શ્રી. અમૃતલાલભાઇ	કલકત્તા
૨૫-૦-૦	શ્રી. મોતીલાલનીહાલચંદ વીસેપારલે	
૫-૦-૦	મીસીસ આર. એ. મહેરવાનજી	પુના
૨૦૦-૦-૦	શેઠ કોરશી વીજપાળ	રંગુન
૫-૦-૦	બહેન હરિબાઇ દુર્લભજી	ભાવનગર
૬૨-૮-૦	શેઠ ખટાઉ વલ્લભદાસ	મુંબઇ
૧-૦-૦	શ્રી. મોહનલાલ પ્રભાશંકર	પચ્છેગામ
૧-૦-૦	શ્રી. શાંતિલાલ ભાઇચંદ	કરાંચી
૫-૦-૦	શ્રી. ચંદુલાલ કા. મહેતા	કરાંચી
૫-૦-૦	શ્રી. છગનલાલ દેસાઇ	કલકત્તા

૫–૦–૦	શ્રી. જે. ઇ. ઇબ્રાહીમ	રંગુન
૨–૩–૦	શ્રી. ઝવેરભાઇ ગુલાબભાઇ	હણખી
૧૦–૦–૦	શ્રીમતી આલાં પોચા	પુના
૫–૦–૦	શ્રી. નાનાભાઇ જી. ખોલે	મુંબઇ–૨
૨–૦–૦	શ્રી. જકુરામ પ્રેમાશંકર	ચીખલી
૫–૦–૦	શ્રીમતી ત્રિવેણીબેન રામજી	લીંબડી
૭–૧૨–૦	શ્રી. છોટાલાલ નરસિંહભાઇ	સુલતાનપુર
૫–૦–૦	માનવંતાં રાણીસાહેબ	વાંકાનેર
૨–૦–૦	મે. દિવાનસાહેબ	,,
૨–૦–૦	ડૉ. શાહ	,,
૨–૦–૦	ડૉ. શૌ	,,
૨૫–૦–૦	શ્રી. મનોરદાસ નારણદાસ	મુંબઇ
૫–૦–૦	શ્રી. પુનમચંદ નગીનદાસ	મુંબઇ
૧૦–૦–૦	શ્રી. લાભશંકર ત્રિકમજી	મુદ્રા–કચ્છ
૧૫–૦–૦	શ્રી. પ્રભુદાસભાઇ	મુંબઇ
૧૦૧–૦–૦	શ્રી. રતીલાલ નારણદાસ	ગામી દિલ્હી

આબાપો માટે ખાસ

વસંત બાલશિક્ષણ પ્રચારમાળા

બાળઉછેર માટે માબાપોને આ પુસ્તકોનું વાચન ખૂબ માર્ગદર્શક થશે.

પહેલા ગુચ્છમાં નવ પુસ્તિકાઓ અને
બીજા ગુચ્છમાં દસ પુસ્તિકાઓ છે.

ગુચ્છ પહેલોઃ પાકી બંધાઇ ૦–૧૧–૦
ગુચ્છ બીજોઃ ,, ૦–૧૨–૦

પોસ્ટેજ ચાર આના જુદું.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિરઃ ભાવનગર

હજી ન જોડાયા હોય તેઓ

જેઓ અક્ષરજ્ઞાન યોજનામાં હજી સુધી ન જોડાયા હોય તેઓ જોડાઇ શકે. ૨૫૦૦ થી વધારે માણસો તેમાં જોડાયા છે. ભણનારાઓ માટે 'ચાલો વાંચીએ' ની માગણી આવવા લાગી છે. કંઇ નહિ તો દેશી જનોને ભણાવવાનું સારું કામ કરવા તો આજે બેસી જ જાઓ. ઘેર બેઠાં ગંગા એમ ઘેર બેઠાં જ આ કામ થઇ શકે છે. આજુબાજુમાં અભણની સંખ્યા ઓછી નથી. યોજનામાં જોડાવા માટે નીચેના નમુનાનું ફૉર્મ ભરી મોકલો તથા 'કેમ શીખવવું' નામની ચોપડી મંગાવો.

[નમુનાનું ફૉર્મ]

તંત્રવાહકો, અક્ષરજ્ઞાન યોજના
શ્રીદક્ષિણામૂર્તિ ભવન, ભાવનગર

આપની યોજના વાંચી. હું તે યોજનામાં પ્રેમપૂર્વક જોડાઉં છું. મારું નામ નોંધી લેશો.

મને અક્ષરજ્ઞાન આપવાની વિસ્તૃત યોજના મોકલી આપશો એટલે મારું કામ હું શરૂ કરી દઇશ.

મારા કામનો ટૂંક અહેવાલ હું દર પખવાડીએ આપીશ.

જેઓ મારી પાસેથી અક્ષરજ્ઞાન લઇ લેશે તેમનાં નામઠામો હું વખતો વખત મોકલીશ.

આપની યોજનામાં હું સંપૂર્ણ માનું છું અને તેથી તેનો અમલ કરવા ઉત્સાહ ધરાવું છું.

સહી _____

સરનામું _____

ગામ _____

તેઓ બાળકોને કેટલે અંશે સન્માને છે અગર કેવાં ગણે છે તે જોજો.

તેમના બાળકો સંબંધેના વિચારો જાણજો.

તે સોટીમાં કે પ્રેમમાં–શેમાં માને છે તે પણ પૂછજો.

તેમને શીખવતાં આવડે છે કે નહિ તે પણ જરા નિશાળમાં રોકાઈને જોઈ લેજો.

તે પેટ ભરવા માટે શિક્ષક થએલ છે કે કેમ તે પણ જોજો.

તે થાકેલ, આળસુ, મિજાજી અને ઢસરડા કરતો માણસ છે કે કેમ તે જોજો.

તે ઉપલકીયો, ધમાલીયો, દોડાદોડીયો તો નથી, તેની પણ તપાસ કરજો.

આ બધું કર્યા પછી આવા શિક્ષકના હાથમાં બાળકને મૂકવાથી તેને ફાયદો થશે કે નહિ તેનો વિચાર કરીને બાળકને મૂકજો. ગિ.

આજે નિશાળે નથી જવું

બાળકઃ "આજે નિશાળે નથી જવું."

બાપાઃ "કંઈ નહિ, કાલે જજે."

બાળકઃ "આ કપડું તો નથી ગમતું. બીજું પહેરું?"

બાપાઃ "ત્યારે બીજું પહેર. ગમે તે પહેર."

બાળકઃ "આટલું હવે નહિ ભાવે; પડયું રહેશે."

બાપાઃ "ઠીક, ત્યારે પરાણે ન બાતો."

બાળકઃ "હવે આ ઓરડીમાં હું નહિ વાંચું; મને નથી ગમતી."

બાપાઃ "કંઈ નહિ; ત્યારે પેલીમાં વાંચ."

બાળકઃ "આજે નિશાળે નથી જવું."

બાપાઃ "ન કેમ જા? જવું પડશે."

બાળકઃ "આ કપડું તો નથી ગમતું; બીજું પહેરું?"

બાપાઃ "ન કેમ ગમે? એ જ પહેર."

બાળકઃ "આટલું હવે નહિ ભાવે; પડયું રહેશે."

બાપાઃ "આવું પડશે. પડયું કેમ મૂકાય?"

બાળકઃ "આ ઓરડીમાં હું નહિ વાંચું; મને નથી ગમતી."

બાપાઃ "ન કેમ ગમે? પહેલેથી વિચાર કરવો'તો ને? હવે તો એમાં જ બેસવું પડશે."

તમને કેવું લાગે?

તમે શેઠનું કામ કરીને જરા વખત મળતાં છાપું વાંચો ને શેઠ ધમકાવી કાઢે કે "એ, બધો વખત આમ જ બગાડો છો કે?" તો તમને કેવું લાગે?

બાળક તેનું તમે સોંપેલું કામ કરીને જરા ચિત્રો જુએ ને તમે ધમકાવો કે "જોને, દિ' બધો ચિત્રો જ જોયા કરે છે!" તો તેને કેવું લાગે?

તમે કંઈક નવી વાત લઈ શેઠ પાસે હસતા હસતા જાઓ ને શેઠ તમને પાછા પાડી દાદ ન દે તો તમને કેવું લાગે?

બાળક તમારી પાસે કંઈક નવું લઈને હસતું હસતું આવે ને તમે તેની સામુંયે ન જુઓ ને દાદ ન દો તો તેને કેવું લાગે?

તમારો જરાએ વાંક ન હોય ને છતાં શેઠ ઘરમાંથી બીજાઈને આવ્યા હોય ને તમારા

પર ઉતરી પડે તો તમને કેવું લાગે?

બાળકનો જરાએ વાંક ન હોય પણ તમે કયાંકથી ખીજાઈને આવ્યા હો ને તેના ઉપર ઉતરી પડો તો તેને કેવું લાગે?

તમને શેઠે કયાંક કામે મોકલ્યા ને તમારા એક મિત્રને જરા મળવા ઉભા રહ્યા ને જરા વાર લાગી ને શેઠ વઢે તો તમને કેવું લાગે?

બાળકને તમે કયાંક કામે મોકલ્યું ને રસ્તામાં ગોઠીયો મળ્યો ને જરા ઉભું રહ્યું ને તમે ધમકાવી નાંખ્યો તો તેને કેવું લાગે?

આવા શેઠ વિષે તમે શું ધારો?

આવા આપ વિષે બાળક શું ધારે? ગિ.

ભવિષ્યના કાયદાઓ

જે માબાપો પોતાની મેળાએ પોતાનું, પોતાનાં બાળકોનું અને ભાવિ પ્રજાનું હિત સમજી પોતાના આજના વર્તનમાં ફેરફાર નહિ કરે તો ભવિષ્યમાં તેમની સામે નીચે લખ્યા કાયદાઓ થશે.

માબાપો પ્રેમ, અને જનહિત બુદ્ધિથી પ્રેરાઇ પોતાનામાં ફેરફાર કરશે તો તેમાં તેમની ઉન્નતિ છે. તેમને તેમ કર્યાનો આનંદ રહેશે. તેઓ તેમના ધર્મમાં ચડયાં કહેવાશે. પરંતુ જ્યારે કાયદાને આધીન થઇ વર્તશે ત્યારે તેમની અવનતિ થશે. તેઓ ધર્મમાં ઉતર્યાં ગણાશે. તેઓને તેમ કરતાં ક્લેશ રહેશે.

કાયદો ૧ લો. માબાપ થવાની શારીરિક યોગ્યતાનું પ્રમાણપત્ર મંજુર કરેલા ડાકતર પાસેથી મેળવ્યા પછી જ કોઇ પણ વ્યક્તિ લગ્ન કરી શકશે.

કાયદો ૨ જો. બાલઉછેર, બાલમાનસ વગેરે-વિષયો-સંબંધેનું જ્ઞાન છે એમ યોગ્ય અધિકારી સમક્ષ સાબીત કરવામાં જેઓ નિષ્ફળ જશે તેમને લગ્ન કરવા દેવામાં આવશે નહિ.

કાયદો ૩ જો. લગ્ન પહેલાં જેઓએ મંજુર એવા માબાપને માટેના અધ્યાપનમંદિરમાં ૬ માસ. ઓછામાં ઓછા નહિ ગાળ્યા હોય તેમને લગ્ન કરતાં અટકાવવામાં આવશે.

કાયદો ૪ થો. જેઓને કાં તો વનસ્પતિશાસ્ત્ર અગર પ્રાણીશાસ્ત્ર એ બેમાંથી એકાદની સાદી માહિતી પણ નહિ હોય તેમને લગ્ન કરવા દેવામાં આવશે નહિ.

કાયદો ૫ મો. માબાપ થવા માટેની માનસિક યોગ્યતાનું માનસવૈદ્ય પાસેથી લગ્ન પહેલાં પ્રમાણપત્ર મેળવવું જોઇશે.

કાયદો ૬ ઠ્ઠો. જેઓ માબાપ તરીકેની હસ્તી ધરાવતાં હશે તેઓથી પોતાનાં બાળકોને કદિ પણ મારી શકાશે નહિ; અર્થાત્ તેમને કોઇ પણ પ્રકારની સજા કરી શકાશે નહિ.

કાયદો ૭ મો. જેઓ માબાપ તરીકેની હસ્તી ધરાવતાં હશે તેઓએ બાળકોના પોષણ માટે પૂરતું કમાવું પડશે, અગર તો ખોટા ખર્ચ કરવાની તેમને મનાઇ થશે, અગર તો બાળકોની ઉત્પત્તિની બાબતમાં તેમણે સંયમ સાચવવો જોઇશે.

કાયદો ૮ મો. જેઓ માબાપ તરીકેની હસ્તી ધરાવતાં હશે તેઓએ શિક્ષકો તથા શાળાઓ સાથે સહકાર રાખવો જ જોઇશે, અને શિક્ષકોની શિક્ષણ વિષયક સૂચનાઓનો વખતો વખત અમલ કરવો પડશે.

કાયદો ૯ મો. જેઓ માબાપ તરીકેની

હસ્તી ધરાવતાં હશે તેમણે પોતાનાં બાળકોને સન્માન આપવું પડશે, તેમના પ્રત્યે માન મરતબાથી વર્તવું પડશે અને તેમના યોગ્ય સ્વાતંત્ર્યની આડે અવાશે નહિ.

કાયદો ૧૦ મો. જેઓ માબાપ તરીકેની હસ્તી ધરાવતાં હશે તેમણે પોતાનાં બાળકોને માટે સારી નિશાળ પસંદ કરવી જોઇશે; અને નાલાયક નિશાળોમાં મોકલનાર માબાપને યોગ્ય સજા કરવામાં આવશે.

કાયદો ૧૧ મો. જેઓ પોતાનાં બાળકોને અમુક વર્ષો સુધી ભણાવશે નહિ, અમુક વર્ષોમાં અમુક અંતર સુધીનો પ્રવાસ કરાવશે નહિ, અમુક પ્રદર્શનો અને સંગ્રહાલયો બતાવશે નહિ તેમને યોગ્ય નસિયતે પહોંચાડવામાં આવશે.

આવા ઘણા કાયદાઓ ભવિષ્યમાં નીકળશે.

ગિ.

તમારું બાળક તમને કહે કે—

ધારો કે તમારું બાળક તમને કહે કે બાપા, હું જરા લખું છું; તાણી તાણીને વાતો કરીને મને બ્લેલ ન પહોંચાડો.

ધારો કે તમારું બાળક તમને કહે કે આજે તો મારા મિત્રો મને મળવા આવ્યા છે એટલે હું જમવામાં મોડો આવીશ.

ધારો કે તમારું બાળક કહે કે તમે મોટાઓ નિયમિતપણે પોતાનું કામ નથી કરતા એ તો ઠીક નહિ.

ધારો કે તમારું બાળક કહે કે આજે નિશાળે જવાની જરા આળસ થાય છે; જરા મહેતાજીને ચિઠ્ઠી લખીને મોકલાવો ને કે આજે એ નહિ આવે.

ધારો કે તમારું બાળક કહે કે કપડાં ગંદાં રાખો છો, જોડા મેલા રાખો છો તે કાંઈ સારું નહિ; એવું અમને નથી ગમતું; એવું મોટાઓને શોભે નહિ.

ધારો કે તમારું બાળક તમને કહે કે જુઓ બા, એમ જૂઠું ન બોલાય; જૂઠું બોલવાથી પાપ લાગે. જુઓ, કાલથી સાચું બોલજો.

ધારો કે તમારું બાળક તમને કહે કે પૈસા કાંઇ નાખી દેવા માટે નથી; નકામી ચોપડીઓ ને કપડાં ને એવું લીધા કરો છો તે ઠીક નહિ.

ધારો કે તમારું બાળક કહે કે જુઓ, તમને અમારી સાથે બરાબર વર્તતાં નથી આવડતું માટે તમારે બાળકો પ્રત્યે કેમ વર્તવું તે બાબતમાં અમુક ચોપડી વાંચવી.

ધારો કે તમારું બાળક કહે છે કે જુઓ, તમે બા બાપા અંદર અંદર લડશો તો તમને ઘરમાં આવવા નહિ દઇએ, તમને જમવા નહિ દઇએ.

ધારો કે તમારું બાળક કહે કે તમને બરાબર કામધંધો નથી આવડતો માટે માસ્તર રાખવો પડશે. ...તો?

ગિ.

પત્ર વ્યવહાર કરતી વખતે તમારો ગ્રાહક નંબર લખો.

આવી નિશાળે ગમશે ?

ધારો કે તમને મોટી ઉંમરનાને નિશાળે ભણવા મૂકયા. તમને ગંદી ભોંય પર બેસીને ભણવું ગમશે ?

તમને એક હારમાં હાલવા ચાલવા દીધા વિના શિક્ષક મહાશય બેસારી રાખશે તે ગમશે ?

તમને શિક્ષક શીખવશે નહિ ને વારંવાર એનું બે લખી લાવવાનું કહેશે તો ગમશે ?

તમને નકશાનાં ગામોનાં નામો જોયા કરવાનું સોંપશે તો તેમાં રસ આવશે કે ?

તમને શ્રુતલેખન લખાવશે પણ શિક્ષક તે જોશે નહિ તો ગમશે કે ?

શિક્ષકનું વિચિત્ર વર્તન જોઇ તમને હસવું આવશે ને તેથી શિક્ષક તમને મારશે કે તમારા ઉપર ખીજશે તો તમને ગમશે કે ?

ગમત રમત કરવા માટે શિક્ષક તમને ઉભા રાખે તો ગમશે કે ?

અને જો તમને એવું ન ગમે તો તમારાં બાળકોને આ બધું ગમતું હશે બરૂં ? એનો તમે વિચાર કર્યો ? ગિ.

શિક્ષકો, ...

તમારા ખ્યાલમાં છે કે દિવસે દિવસે બાળકોની શક્તિ વધતી જાય છે, તેઓ પોતાના હક્કોની વાતો કરવા લાગ્યાં છે ને તેમના હક્કોની લડતો પણ લડાવા લાગી છે ? આવે વખતે તમારા ખ્યાલમાં છે કે એક પળ એવી પણ આવશે કે જે વખતે બાળકો તમને નીચે પ્રમાણે લખી મોકલશે ?

"પ્રિય શિક્ષકજી,

"તમે ઘણા દિવસ શાળા અને નિશાળીઓના રાજા રહ્યા; પણ હવે તમારા દિવસો પૂરા થયા છે. તમને છેલ્લી છેલ્લી વાર લખવામાં આવે છે કે જો તમે નીચેની શરતોનો ચૂસ્તપણે અમલ નહિ કરો તો તમારી નિશાળો બંધ કરીશું, ખાલી કરીશું, નવી નિશાળો સ્થાપીશું અને નવા શિક્ષકો મૂકીશું. આપ માની જશો તો આભાર થશે. આપની પાસે બેસી હજી પણ શીખવાની અમારી ઇચ્છા છે.

તમારા ખ્યાલમાં છે ?

શરતો.

(૧) કોઈ પણ શિક્ષક કોઇ પણ નિશાળીઆને કોઇ પણ કારણે મારશે નહિ.

(૨) કોઇ પણ નિશાળીઆનું તેને ન આવડે કે બીજા કારણે, કદિ અપમાન તો નહિ જ થાય.

(૩) કોઇ પણ શિક્ષક નિશાળીઆને ગાળો દેશે નહિ તેમ જ તેને તુંકારે બોલાવશે નહિ.

(૪) કોઇ પણ શિક્ષક વર્ગમાં ચા બીડી પીશે નહિ, તમાકુ પાન વગેરે ખાશે નહિ.

(૫) કોઇ પણ શિક્ષક વર્ગમાં બેઠા બેઠા ઝોકાં ખાશે નહિ.

(૬) કોઇ પણ શિક્ષક વિદ્યાર્થીઓને કંઇ ને કંઈ લખવાનું આપી પોતે પોતાના મિત્રો વગેરે સાથે ગામગપાટા મારશે નહિ.

(૭) કોઇ પણ શિક્ષક વિદ્યાર્થીનાં માબાપ પાસેથી સીધું કે બે પૈસાની આશા રાખશે નહિ.

(૮) કોઇ પણ શિક્ષક 'શિક્ષકના ધંધા'ને

હીણપ લગાડે તેવી પ્રવૃત્તિ જેવી કે લેાટ માગવેા, કથા વારતા કરવા માટે ભટકવું, આઠ આનામાં આઠ જણને ભણાવવાનું ટયુશન રાખવું વગેરે કરશે નહિ.

(૯) કાઇ પણ શિક્ષક શાળાના કંટીજન્ટ-માંથી શાળાના જ હિતાર્થે વપરાશ કરશે અને તેમાં કશી ચૂક કરશે નહિ.

આ નિયમેાનેા અમલ નહિ થાય તેા અમે તમારા નિશાળીઆએા શાળાએા ખાલી કરીશું.

લી. તમારા નિશાળીઆએા."

.....

આપણે શિક્ષકેાએ ચેતવાનું છે. ગિ.

કેાનેા વાંક છે ?

ગઇ કાલે મેં સાંભળ્યું કે અમુક બુકસેલર તેા ધેારણની નેાટબૂકેા છપાવી ખૂબ વેચે છે. આજ કાલ ધેારણની નેાટબૂક એ જ વિદ્યાર્થીનેા આધાર છે, તે જાણી બુકસેલરેા હલકામાં હલકા કાગળેા અને ખરાબ ટાઇપ વાપરી ચેાપડીઓ છાપી કાઢે છે. એમાં આપેલા અર્થો અને સમજુતી વગેરે ભૂલ ભરેલાં હેાય છે તે તેા જુદું.

મને થયું: "બુકસેલર કેવા ખરાબ ! પેટ ભરવા માટે કેવા કેવા ઉદ્યોગેા ચલાવે છે? પ્રજાનાં બાળકેાની આંખેા જાય, જ્ઞાનને બદલે મગજમાં ડૂચાકૂચા ભરાય, એની એને જરા પણ પરવા નહિ? એવા બુકસેલરેાની દુકાનેા સામે શું કરી શકીએ? બધી ચેાપડીઓ ખરીદી લઇને બાળી મૂકીએ તેા?"

પણ વધારે વિચાર કરતાં બુકસેલરેા સામેનેા ફજીયેા નરમ પડે છે. અલબત્ત બાળકેાનાં જે અનેકવિધ ખૂનેા થઇ રહ્યાં છે તેમાં તેમનેા પણ ભાગ છે જ, અને તેમણે પણ આખરે તેની ભરપાઇ કરવી જ પડશે. પણ વાંક તેા બીજાનેા —મારી જ્ઞાતિનાં (શિક્ષક) ભાઇબહેનેાનેા છે— શિક્ષક શિક્ષિકાઓનેા છે.

ધેારણની નેાટબૂકેા વિદ્યાર્થીઓ એટલા માટે વાપરે છે કે તેમને નિશાળમાં બરાબર આવડે. તેઓ તેમાંથી ગેાખીને જાય એટલે ભૂલેા ન પડે. તેમને એટલાં માટે તેમ કરવું પડે છે કે શિક્ષકેા પાઠેા બરાબર માગે છે, ભૂલને માટે દંડ કરે છે અને પેાતાને જાતે પાઠેા શીખવવા નથી. ધેારણની બૂકેામાંથી છેાકરાઓ ગેાખી લાવે તેા શિક્ષકને તૈયાર માલ મળે. માત્ર વારંવાર લાકડી ફેરવવી, ગાળેા દેવી, નંબર ઉતારવાં એટલે છેાકરાઓ ધેારણ બૂકેા ખરીદે, ગેાખે ને પાઠ કરી લાવે. ભણતા છેાકરાઓ ઉપર શિક્ષકેાનું રાજ્ય. માબાપેા પણ તેમને આધીન. છેાકરાઓની માગણીને વશ થઇ માબાપેાએ ધેારણની નેાટેા અપાવે જ છૂટકેા. અને જ્યારે શિક્ષકે જગાડેલી જરૂરીઆતમાંથી ધેારણની બૂકેાની માગણી બજારમાં થાય ત્યારે આજનેા વેપારી તેા તે પૂરી જ પાડે. આંખેા મીંચીને નહિ પણ તેમ કરવાથી બાળકેાને પારાવાર નુકશાન થશે એમ જાણવામાં હેાય છતાં પૂરી પાડે. અને તેથી તે વાંકમાં છતાં થેાડેાક બચે છે. પણ શિક્ષકની શીખવવાની આળસ ઉપરાંત પણ ધેારણની નેાટેા પાછળ કંઇક હેાય છે એમ કહેવાય છે. એમ ન હેાય તેા કાઇ પણ સારા શિક્ષકને

શરમાવું મટયું. પણ એમ હોવાનો અસંભવ નથી. તે એમ છે કે આવી નોટો કમાણી કરવા માટે શિક્ષકો જ બનાવે છે; અને ઘણી વાર બુકસેલરોના વેચાણ પર શિક્ષકોનુ કમીશન ચડતું હોય તો તેમાં નવાઇ નથી.

ખાતાંઓ દેખતાં હોય તો ધોરણની નોટબૂકો વાપરવી નહિ તેવા પોતાના હુકમનો કડક અમલ કરે અને શિક્ષકને આ અત્યાચાર અને વિદ્યાર્થીઓને ગોખણના ત્રાસમાંથી બચાવે. શિક્ષકો પોતે પોતાની આબરૂ સામે જુએ ને સમજે તો તો ખાતાના હુકમોને જગા પણ ન રહે. ખાતાના આવા હુકમો એમ તો શિક્ષકને કલંક રૂપ જ છે એમાં શંકા નથી.

છતાં બધા શિક્ષકોને માથે આપણે અવગુણનો પોટલો ને મૂકીએ. એક સારા શિક્ષકનો મને પોતાને જ અનુભવ છે. અમે ધોરણની નોટમાંથી ગોખી ગએલા. પોતે નોટ વિરુદ્ધ કટ્ટા હતા. ધોરણની નોટના શબ્દો સાંભળી અમને ઝાડ્યા અને ઘેર માણસ મોકલી અમારી નોટો શોધી કઢાવી તેને જપ્ત કરી. પણ પોતે આળસુ ન હતા. પોતે શબ્દ, સમજુતી, અન્વય વગેરે કાઢી લાવતા; પોતે પાટિયા પર જાત સમજાવતા; ન સમજાય ત્યાં સુધી માથું કૂટતા. એટલું જ નહિ પણ પોતે પોતાની જવાબદારી સમજતા અને તે અદા કરવા પ્રયત્ન કરતા. ટૂંકમાં તે માણસ હતા. ગિ.

તમને કોઇ વાર થાય છે?

તમને કોઇ વાર એમ થાય છે કે આપણો ધંધો કેટલો વિશાળ છે, સર્વવ્યાપી છે?

તમને કોઇ વાર એમ થાય છે કે આ જૂનું પુરાણું શિક્ષણનું કારખાનું સુધારવા યોગ્ય છે કે આખું ને આખું મૂકીને ત્યાંથી ભાગવા યોગ્ય છે?

તમને કોઇ વાર એમ થાય કે આપણે જ આપણા ધંધામાં હજી બહુ પછાત છીએ માટે તેમાં આગળ વધવા વલખાં મારીએ?

તમને કોઇ વાર એમ થાય છે કે આ આપણા કેળવણીના ખાતામાં ઘણા ઘણા સુધારા થવા જોઇએ, ને ન થાય તો સુધારા કરાવવા આપણી સહાય અને આગ્રહ આપવાં જોઇએ?

તમને કોઇ વાર એમ થાય છે કે આ ધંધો નીચો રહે છે તેનું કારણ આપણી જ આળસ, પુરુષાર્થની ખામી અને નિસ્તેજપણું છે?

તમને કોઈ વાર થાય છે કે શિક્ષકો એક બંડવાન સંસ્થા છે, ને ધારે તો એકી સાથે બધી નિશાળોને સુધારવાની તેમનામાં શક્તિ છે?

તમને કોઇ વાર એમ થાય છે કે આપણે શિક્ષકો જો ભણાવવાનું કામ જ બંધ કરી દઇએ તો બરાબ ભણતરનો અંત આવી જાય? ગિ.

ગરીબ બાળકોનો લાંબો હાથ અક્ષરશાળાઓ એટલે હજારો ગરીબ બાળકોને માટે ચલવવામાં આવતી શાળાઓ. એ શાળાઓ માટે પૈસા જોઇએ છે. ગરીબોએ લાંબા કરેલા હાથમાં સૌ જે ગમે તે આપજો.
મદદ મોકલવાનું સ્થળઃ **અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય** : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

શાંતાક્રુઝ બાલમંદિરમાંથી

:૧:

એક ત્રણ વરસનો છોકરો હતો તેને અડધી અડધી કલાકે તાણ આવતી. દવા કરી માબાપ થાકયાં હતાં. મને પૂછયું. મેં કહ્યું: "તમે બાલમંદિરમાં મૂકો. કાંઇ હરકત નહિ." મેં વચન આપ્યું કે તાણ આવશે તો હું તમારા કહેવા પ્રમાણે માથે પાણીનું પોતું કરીશ. છોકરો આવ્યો તે પછી તેને મેં બાસ રસથી તેમ જ હિંમતથી (Confidence)થી ધ્યાનમાં લીધો. તેની નોંધ તથા અવલોકન બહુ જ રાખ્યાં. બાલમંદિરમાં આવ્યા પછી એક પણ દિવસ તેને તાણ આવી જ નથી; તેની હલનચલનની ક્રિયાઓ સંયમિત થઇ છે; અવલોકન કરતો પણ વધારે થયો છે. આટલું થયા છતાં તેને ઘેર હજુ કોઇ કોઈ વખત તાણ આવતી. એકનો એક છોકરો હતો. તેનાં માબાપ સમજુ હતાં તેથી મેં તેમને બને તો ઘર બદલાવવાની સૂચના કરી. તેઓએ ઘર બદલ્યું. "તાણ હવે નથી આવતી." એ તેની માના શબ્દો હતા. બાળક ૭ મહિનાથી આવે છે. પહેલું સાધન (લાકડાના દડાની પેટી નંબર–૧) લાધું હતું ને તે ૨૫૦ વખત તેણે વાપર્યું હતું. પહેલાં અડધા ભરેલા પ્યાલા ઢોળતો; હવે ભરેલા પ્યાલા પણ નથી ઢોળતો ને બહુ જ હરખથી તે બાલમંદિરમાં આવે છે. રવિવાર તેને પસંદ નથી કારણ બાલમંદિર બંધ રહે છે. વા. ઇ. ઠા.

:૨:

એક છોકરો બહુ જ અવલોકન કરનાર હતો. બધી ચીજોને જોતો પણ અડતો નહિ. મને તેના તરફ દયા આવી; તેમ જ મનમાં મૂંઝવણ પણ થવા લાગી. ઘણી વાર રસ્તામાં વિચાર આવ્યા કરતા: "આનું શું કરવું?" એ છોકરો કંઈક મૂંઝાતો હોય એમ લાગ્યું. હેતાળ હતો. આમ મહિના લગી ચાલ્યું. પછી મેં હિંમત ધરી પૂછ્યું: "ભાઇ, તું શું જુએ છે?" તેણે સામું પૂછ્યું: "બા કહે છે તે સોટી તમે કયાં રાખો છો?" તરત હું જાગ્યો; રોગની ખબર પડી. છોકરાને બાલમંદિરમાં સોટી ના હોય તેની ખાતરી કરી આપી, તેમ જ માને પણ સૂચના કરી. છોકરો તે દિવસ પછી બહુ જ આનંદમાં રહેતો. તેનું મન તદ્દન ફરી જ ગયું. પછીથી તે બહારનાને કહેતો ફરતો કે "અમારા બાલમંદિરમાં તો સોટી હોય જ નહિ. રમવાનું જ હોય છે." વા. ઇ. ઠા.

વસંત બાલસાહિત્યમાળા

બાળકો માટે ખાસ

કાબાચાર એક વાર્તા ઇતિહાસના શિક્ષણની
થીઆસાં ,, ભૂગોળના શિક્ષણની
આલ્સસ અને ફ્રાન્સ ,, ભાષાના શિક્ષણની
તિરંદાજ ,, દેશાભિમાનની

દરેકનો એક પૈસો : પોસ્ટેજ જુદું.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

આર. આર. શેઠની કું. પ્રિન્સેસ સ્ટ્રીટ: મુંબઇ–૨

મોન્ટીસોરી સંઘના નિયમો

મોન્ટીસોરી સંઘના મંત્રી પાસેથી મળશે.

વિના મૂલ્યે મંગાવો. બાલમંદિર : ભાવનગર

આપણે અને આપણા ઉપરી સાહેબ

આપણે જ્યારે આપણા ઉપરી સામે ઉભા રહીએ ત્યારે સભ્યતાથી ઉભા રહીએ, પરંતુ ટટ્ટાર ઉભા રહીએ.

આપણે જ્યારે આપણા ઉપરી સાથે વાત કરીએ ત્યારે વિનયથી કરીએ, પણ નિડરપણે કરીએ.

આપણે જ્યારે આપણા ઉપરી વર્ગમાં પધારે ત્યારે માનપૂર્વક તેમને આવકાર આપીએ, પરંતુ તે નચિંતપણે આપીએ.

આપણને જ્યારે આપણા ઉપરી કોઇ બાબતમાં ખુલાસો પૂછે ત્યારે તે સાચો અને ચોખ્ખો આપીએ, પણ અકળાયા વિના અને ગભરાટ વિના આપીએ.

આપણને જ્યારે આપણા ઉપરી વખાણે ત્યારે વખાણને ઘટારત રીતે આપણે સ્વીકારીએ; પણ તેથી ફૂલણશી ન બનીએ.

આપણને જ્યારે આપણા ઉપરી ખોટા વખાણે ત્યારે તેવું માન અપમાન છે એમ સમજીએ, ને તે વિષે બેદરકાર રહીએ.

આપણને જ્યારે આપણા ઉપરી ખોટા દબાવે ત્યારે આપણે ઘૂંજી જઇએ નહિ તેમ જ ખુશામદ કરવા મંડીએ નહિ, પણ અચળ અને સ્થિર રહી ગંભીર મૌનથી તેનો ઉત્તર આપીએ.

ગિ.

શું કરવું ?

સ૦ ૧. પિતાને દારૂ પીવાની ટેવ હોય અને તેને સમજાવ્યા છતાં તે બાળકના દેખતાં પીતો હોય તો શું કરવું ?

જ૦ તો બાળકને પિતાના ઘરમાંથી દૂર કરવું. તેમ કરવા જતાં માતાને જો પતિનું ઘર છોડવું પડે તો છોડવું. પતિનો પોતાની પત્ની પ્રત્યેનો પ્રેમ દારૂ છોડવામાં મદદ ન કરી શકતો હોય તો તેવા પ્રેમને નિષ્ફળ ગણી પત્નીએ પુત્રપ્રેમ ખાતર સંસારનાં સુખોનો ત્યાગ સુખેથી કરવો.

સ૦ ૨. પણ પિતા બાળકોના વાલીપણાનો દાવો કરી બાળકને પોતાને કબજે રાખે તો શું કરવું ?

જ૦ વાલીપણાનો કાયદો બાળકના હિતની ખાતર છે, અને જો દારૂડીયો પિતા બાળકનું અહિતકર્તા છે તો તેના હાથમાં વાલીપણું રહી શકે નહિ. પણ દારૂ પીનારા ન્યાયાધીશો એમ ઠરાવે કે દારૂ પીવામાં વાલીપણાને હરકત પહોંચતી નથી તો વાલીપણાના કાયદાની સામે માતાના પ્રેમનો કાયદો ઉભો રહી શકે છે. જે પુત્રપ્રેમને ખાતર માતા પોતાના પતિને છોડે તે પ્રેમને ખાતર વાલીપણાના કાયદાનો વિરોધ કરતાં કદાચ જેલમાં જવું પડે તો માતા અવશ્ય જાય જ. મા પોતાના બચ્ચાને છાતી ઉપર રાખીને બેસે અને પછી કહે કે પતિની સખ્તાઇ કે ક્રૂરતા સામે, કાયદાની સામે અને જેલની સામે તેમ જ જોહુકમીની સામે હું તો આ બેઠી. મારૂં થાય તે કરી લો. તો જરૂર માતાનું બાળક કોઇથી લઇ શકાશે નહિ.. આવી એક !

પણ માતા નીકળશે તો સેંકડો પામર પિતાઓને ઠેકાણે લાવવા બસ થશે.

સ૦ ૩. પિતાનો મત બાળકને ગામઠી શાળામાં અને માતાનો મત બાળકને મોન્ટીસોરી અગર કિંડરગાર્ટન શાળામાં મૂકવાનો હોય તો શું કરવું ?

જ૦ પિતા તરફથી સવાલ હોય તો પિતાને એ જવાબ છે કે ગામઠી શાળામાં બાળકને ન મૂકાય. ગામઠી શાળા જાતે જઈને જુઓ. ત્યાં તમારું બાળક સુખી થશે ? ત્યાં તમારા બાળકને બરું ભણતર મળશે ?

તમે જો બાળકના ભણતરમાં રસ લેતા ન હો તો તમારે તેની બા જે શાળા પસંદ કરે તેમાં માથું મારવું નહિ.

તમે ઘરમાં મોટા છો માટે તે કારણે બાળકની માતા ઉપર હુકમ ચલવી તમે ધારેલી શાળામાં બાળકને મોકલાવશો, તો મા તથા બાળકો તેની રાહ જોતાં બેસશે કે કયારે તક મળે અને તમારા ઉપર તેઓ હુકમ કરી શકે. તેઓ તમને હુકમ કરવા લાગશે ત્યારે તમને આકરું પડશે.

સવાલ પૂછનાર બા હોય તો જવાબ એ છે કે બાળકના પિતાને શાંતિથી સમજાવવું. ગામઠી શાળાની બદીઓ નજરે દેખાડવી. સારી શાળાઓ જોવા લઇ જવી. બાળકને પોતાના હાથમાં સોંપી દેવાનું કહેવું. મોટે ભાગે તો તે કામ તમને સોંપશે જ. પિતાઓ ધંધામાં પડેલા છે; તેઓ આવી પંચાત કરવી એને માથાઝીક ગણે છે. તેઓ જે સ્ત્રીઓ ઘરનાં ઘણાં કામો ઉપાડે તો એક પણ ન કરે એવા આનંદી છે. આથી તમારી માગણી કબૂલ રહેશે.

પણ સખ્ત વાંધો પડે તો બન્નેમાંથી ડાહ્યા માણસે છોડી દેવું. આવી બાબતોથી ઘરમાં કલેશ લાવવો અને એ વાતાવરણમાં બાળકોને ઉછેરવાં એના કરતાં બા અગર બાપા એમાંથી એકનું ધાર્યું થવા દેવું અને બીજા પક્ષે પ્રેમ અને નમ્રતાથી પોતાની વાત મૂકયા જ કરવી. ગિ.

ચર્ચાપત્ર

: ૧ :

પાડોશીનાં બાળકો

તમારો કાગળ વાંચ્યો. તમારી દીકરીએ તમને સારી પેઠે મૂંઝવણમાં નાખ્યાં હોય એમ દેખાય છે. બધી બાબતોનો તમે વિચાર કરો છો ને પોતાની ભૂલો પણ તપાસવા ને સુધારવા ઇચ્છા રાખો છો તે બહુ જ ખુશી થવા જેવું છે. થોડા જ દિવસમાં તમારી મુશ્કેલીનો અંત આવશે એમ મને આશા છે.

આપની મુખ્ય મુશ્કેલી પાડોશીનાં બાળકો પરત્વેની લાગે છે. પેલાં બાળકો સંગતિ રાખવા જેવાં ન હોય ને તેમના ઉછેર પરત્વે કોઇ પણ સુધારો તમે તેમના ઘરમાં કરાવી શકો એમ ન હોય તો ઉત્તમ ઉપાય તો તમારે તમારું રહેવાનું સ્થાન બદલી નાખવું એ છે. નવા સ્થાનમાં નવા પાડોશી ને તેમનાં બાળકોની રહેણીકરણી કેવી છે તે પહેલેથી જ તપાસી આપણને માફક આવે એવા લત્તામાં જ રહેવા જવું. એમ

બને એમ ન હોય તો એનને માટે યોગ્ય મિત્ર-મંડળ તમારે ઘરે ઉભું કરવું જોઇએ. તમારા મિત્રોનાં-જેમની સાથે ઉછેરની બાબતમાં તમે એકમત છો-બાળકો તમારે ત્યાં આવે તેમ જ એન તેમને ઘેર જાય વગેરે વ્યવસ્થા ઉભી કરવી જોઇએ.

એનાં હાલનાં મિત્રો પણ તમારે ઘેર આવી તમે બતાવો છો એ રીતે રમવા તૈયાર હોય તો તેમને પણ આવવા દઇ શકો. આવવા દેવાં કે ન દેવાં એનો નિર્ણય તમે જ કરી શકો. પણ એનની જે એમની સાથે બહુ દોસ્તી હોય તો કદાચ તેમની સાથે ન જ રમવાનો નિયમ તેને અઘરો પડે. તેમાં જોવાનું એ કે એન મિત્રને અભાવે તેમની સાથે રમવા દોડે છે કે એમનામાં એન પ્રત્યે અને એનમાં એ બાળકો પરત્વે ખાસ પ્રેમભાવ હોવાથી તે એમ કરે છે?

ખરી રીતે ત્રણ સાડા ત્રણ વરસની ઉંમર બાળકની ખાસ સામાજિક સંબંધો બાંધવાની ઉંમર નથી, પણ વ્યક્તિગત વિકાસ સાધવાની છે. માટે તમે એને વિકાસનાં સાધનો જે ઘરે પૂરાં પાડો તો મને લાગે છે કે તમારી મુશ્કેલી એની મેળે ટળશે. ઘરમાં બાળકને કેવા કેવા ઉદ્યોગો આપી શકાય ને એના વિકાસમાં આપણે કેમ મદદ રૂપ થઈ શકીએ એ પૂરત્વે એક બે ચોપડીઓ છે તે વાંચજો. જેવી કે 'ઘરમાં બાળકે શું કરવું?' 'ઘરમાં મોન્ટીસોરી' 'નવા આચારો' 'તોફાની બાળક' 'બાળકની હઠ' વગેરે ચોપડીઓ તમને ઉપયોગી થશે *

બાળકને મારશો તો નહિ જ. કેટલીએક તમારી મુશ્કેલીઓ તેને મારો છો તેમાંથી ઉત્પન્ન થઇ છે, જેમ કે 'જ્યારે આડી થાય' એમ લખો છો તે. બાળકને આડા થવાનો વખત જ આપણે ન આપવો જોઇએ. આપણે ગુસ્સે થઇએ તેથી બાળકને પણ ગુસ્સે કરીએ; ને તે નાનું હોવાથી બીજું શું કરે? આડે થઇને ગુસ્સો બતાવી શકે છે. આપણે એની સાથે હઠીલાં ન થવું. હઠ કરવાની યુક્તિ પણ એ આપણી પાસેથી જ શીખે છે. છતાં કેટલીએક બાબતમાં તમારે દૃઢ પણ રહેવું જ જોઇએ. આપણા પોચાપણાથી ને નરમપણાથી પણ બાળક ઘણું દુઃખી થાય છે. જેમ કે તે નીચે ન જાય એમ તમે ઇચ્છતાં હો તો નીચે જવાનું બારણું બંધ રાખી શકો. પછી તે ઉઘાડી આપવા માટે એન રડે તો રડવા દેવી જોઇએ. તે વખતે વઢવું કે ઠપકો આપવો કે નારાજી ન બતાવવી. તેમ જ જરા રડે કરે તો પોચા પડીને "જા, ત્યારે રડીશ નહિ." એમ પણ ન કહેવું. પણ "જવાનું નથી. અહીં રમો." એટલું જ દૃઢતાથી કહી બસી જવું, ને એને પોતાની મેળે રડીને શાંત પડવા દેવી.

મુખ્યતઃ ઘરમાં તેને વિકાસક રમતો ગોઠવશો, વાર્તાઓ કહેશો, ગીતો ગાશો, ફરવા ને રમવા લઇ જશો એટલે એક પાડોશીનાં જ બાળકો સાથે રમવાની એની લત છૂટી જશે. **તા.**

:૨:

શા માટે મારો છો?

માબાપો અને શિક્ષકો બાળકોને શા માટે મારે છે તેનાં કેટલાંએક કારણો શિક્ષકોએ અને માબાપોએ મોકલ્યાં છે તેમાંથી થોડાંએક

---

* આ ચોપડીઓ શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર ભાવનગરથી મળી શકશે. વિગત માટે ત્યાં પૂછાવો.

નીચે આપ્યાં છે:—

: ક :

શિક્ષક બાળકોને શા માટે મારે છે ?

તોફાન કરે અને વાંચી ન લાવે માટે.

એક બે ત્રણ વખત એકની એક વસ્તુ સમજાવેલી હોવા છતાં ન આવડે તેથી.

બીજા છોકરાઓને પજવે ચીડવે મારે તેથી.

નિયમિત વર્ગમાં ન આવે; જોઇતી વસ્તુઓ ઘણી વખત ભૂલી જાય તેથી.

ઘણી વખત વ્યવસ્થા તથા શિસ્ત ન જાળવે તેથી.

કપડાં ચોખ્ખાં ન હોય તેથી.

એક બીજા સામસામી મજાક કરી ફરિયાદ લાવે તેથી.

એકની એક ભૂલ વધારે વખત થાય તેથી.

નોટ, ચોપડીઓ, લખાણ વગેરે સ્વચ્છ ન હોય તેથી મારવા પડે છે.

: ખ :

૧ વારંવાર મોડાવહેલા આવવાની ટેવ ભૂલાવવા અગર તો વારંવાર ગેરહાજર રહેતો અટકાવવા.

૨ ખરાબ સોબત ને દુર્વ્યસનો છોડાવવા; અપશબ્દો બોલતા અટકાવવા; વિવેક શીખવવો; રઝળવાની ટેવ ભૂલાવવા.

૩ પોતાને આપેલા પાઠો વારંવાર કહેવા છતાં લાંબો વખત તૈયાર નહિ કરવાથી. શીખવેલ બાબતોની વારંવાર ભૂલો કરવાથી.

૪ વર્ગના છોકરાઓ સાથે તોફાન કરવા માટે; અસત્ય બોલવા માટે; ગંદો રહેવા માટે; અટકચાળા કરવા માટે; હુકમનો અનાદર કરવા માટે

૫ લખવામાં કે વાંચવામાં વારંવાર ભૂલો કરવાથી અને શીખવેલ બાબતો ઉપર બેદરકાર રહેવાથી.

૬ કોઇની સ્લેટ, ચોપડી ફોડી ફાડી નાખે, ચોરી જાય, કાંકરો ભાંગી નાખે કે ચોરી જાય તે માટે.

: ગ :

માબાપો પોતાનાં બચ્ચાંઓને શા માટે શિક્ષા કરે છે?

૧ નિશાળે નહિ જવા માટે; ભાઇભાંડુ સાથે ઇર્ષા કરવા, તોફાન કરવા કે બાવાની ચીજો માટે તકરાર કરવા માટે.

૨ પૈસો માગવાથી, અપશબ્દો બોલવાથી, પોળનાં છોકરાંઓ સાથે મારામારી કે ગાળાગાળી કરી આવવાની ફરિયાદ આવવાથી.

૩ પોતાના હુકમનો અમલ નહિ કરવાથી, કામ નહિ કરવાથી, રમતાં જતાં મોડું થવાથી, ના કહેવા છતાં નહિ માનવાથી.

૪ નાવા ધોવામાં આનાકાની કરવાથી, પોતાનાં ભાઇબેનને રમાડવા ન લઇ જવાથી, બાના કામમાં ખલલ કરવાથી, કાંઇ ઢોળવાં ફોડવાથી બીજાઓને શિક્ષા કરે છે.

૫ એકની એક બાબત ઉપર વારંવાર પ્રશ્નો કરવાથી; કામ કરતાં વચ્ચે નડવાથી; રાત્રે પથારીમાં પેશાબ જવાથી કે આંગણામાં ઝાડે જવાથી.

: ઘ :

આખો વખત સાથે મળીને ધૂમાધૂમ તેમ જ દોડાદોડી કર્યા કરે અને પછીથી વઢીને એક બીજાને મારે. આપણે કહીએ તો સાંભળે નહિ અને મારવાથી જ સમા બેસે તો તેનો

ઉપાય શું કરવો ? આજુબાજુવાળાથી અવાંજ સંભાય નહિ, તેમ જ આપણે પોતે પણ આખા વખતના અવાજથી કંટાળી જઇએ તો પછી શું કરવું ?

: ચ :

અમો સ્વભાવે શાન્ત છીએ અને બાળક તોડફોડ કરે તેવું છે. જ્યારે ઘણી વસ્તુઓમાં બગાડ થાય, વ્યવસ્થિત વસ્તુઓને અવ્યવસ્થિત કરી મૂકે અને જ્યારે તેને ધીમે રહીને કહેવા છતાં સમજાવવા છતાં ન માને ત્યારે આંખો કાઢી બીવરાવવું પડે છે; અને તેથી રડે છે. રડતું હોય તે વખતે ઘણી વસ્તુઓથી રીઝવવું પડે અને તેમ છતાંય ન રીઝે એટલે મારવાનું મન થઇ જાય છે, મારવું પડે છે.

કોઇક વસ્તુની જ્યારે હઠ પકડે ત્યારે ત્યારે મારવું પડે.

સંધ્યાવંદન આદિ ક્રિયા કરતી વખતે સવારમાં ઉઠી જ્યારે રડે ત્યારે શાન્ત ચિત્ત હોય તે વખતે ખલેલ પડવાથી આંખ કાઢી બીવરાવી ઘરમાંથી બહાર કાઢવું પડે એટલે રડે; અને રડવાનું ચાલુ જ હોય ને ન રહે ત્યારે શાન્ત થાય તે વાસ્તે વધારે મારવું પડે જ.

કોઇ જરૂરી કામ માટે (ઉતાવળ હોય) બહાર જવાનું હોય ત્યારે સાથે આવવાની હઠ પકડે અને સાથે ન લઇ જવાથી રડાવવુ પડે અને રડતાં છાનું ન રહે ત્યારે મારવાનું જરૂર મન થઇ જાય છે.

સારું પુસ્તક યા ઘડીયાળ યા કાચનો સામાન ન કહેવા છતાં આમતેમ અફાળી ફાડી તોડી નાખે તો ગુસ્સે થઇ મારવું પડે.

ચોમાસામાં વરસાદમાં રખડે; ઠંડા પાણીથી ખૂબ નહાય, ડોલમાં યા વાસણમાં પડી ન્હાય, પગ બોળે, માથું બોળે અને ઠંડા પાણીમાં જ રમત કરી શરદી લાગે ને તાવ આવે તેમ ફરીથી ન થાય તે માટે માર મારી અટકાવવું પડે છે.

દાડમ-સફરજન તથા ગળી વસ્તુઓ વધારે ખાય છે; દાડમ સફરજન ખાય તેથી ઝાડો બરાબર ઉતરે નહિ તેમ જ ગળી વસ્તુ ખાવાથી ગેરફાયદો થાય છે. તે વસ્તુઓ ન આપવાથી ખાવાની હઠ પકડે તેથી મારવું પડે છે.

રેંટીઓ કાંતતાં વચ્ચે ડખલ કરે છે; ત્રાક પુણીઓ બગાડી નાખે છે; દોરી તાણી રેંટીયાની ગાડી કરે છે અને બધી વસ્તુઓ અસ્તવ્યસ્ત કરે છે. ત્યારે ધમકાવી મારવાનું મન જરૂર થઇ જાય છે.

પડી જવાથી વાગે એવી વસ્તુઓ ઉપર ચઢે છે અને પછી વાગે છે તેથી રડે છે, રડયા કરે છે તે ફરીથી તેમ ન કરે માટે મારવો પડે છે.

કોઇ વખત પણ દવા પીતો નથી; તો દવા પીવરાવવા જોર બળાત્કાર કરી પાવી પડે છે.

રસોઇનો સામાન બગાડી નાખે, ખાવાની ઉતાવળ કરે એટલે મારવો પડે.

: છ :

શિક્ષાના પ્રકારો

૧ શારીરિક શિક્ષા, સોટી, હાથનો ઉપયોગ, ખાવા ન આપવું.

૨ એકાન્તમાં એકલો મૂકી દેવો.

૩ બીવરાવવું, ધમકાવવું.

૪ માગેલી વસ્તુ ન આપવી અને તેના પ્રત્યે બેદરકાર રહેવું.

૫ શાન્ત ગંભીર થઇ ધીમા શબ્દોથી કડુ સખ્ત વચન કહેવાં.

૬ ઇમ્પોઝીશન લખવા આપવું.
૭ ક્લાસ આઉટ કરવો.
૮ ઉભો રાખવો.
૯ છેલ્લો બેસાડી તેના પ્રત્યે ધ્યાન ન આપવું.
૧૦ ક્લાસમાં બેસાડી મૂકવો.
૧૧ દંડ કરવો.
૧૨ તેની જાતે તેને મન પસંદ શિક્ષા કરવી અને તે જાતે કરી લે તેવો હુકમ કરવો.
૧૩ ફેરા ખવરાવવા.
૧૪ મહેનત કરાવવી.
૧૫ ટાઢમાં પણ ખુલ્લા ચોગાનમાં સુવરાવવું; કોઇ પણ આવતું જતું ન હોય તેવી જગ્યાએ સૂઇ રહેવા હુકમ કરવો.
૧૬ ખોરાકમાં અમુક વસ્તુઓ (શાક, દુધ, ઘી) સિવાય ચલાવી લેવરાવવું.
૧૭ સૂવા પથારી ન આપવી.
૧૮ અસહકાર કરવો.
૧૯ શ્લોક ગોખાવવા. (ફરજીઆતપણે)

જ

૧ હાથમાં નેતરની સોટીની; ઉભા રાખવાની; અંગુઠા પકડાવવાની.
૨ ગાલ ઉપર તમાચાથી.
૩ કાન ખેંચે ને તમાચો મારે.
૪ માથામાં ધોલ મારે.
૫ પડખામાં ચીંટીઓ ભરે.
૬ વાંસામાં હાથના પહોળા પંજાથી થપાટ
૭ અગર તો મુઠી વાળીને મારે.
૭ સાથળમાં વળ દઇ ચીંટીઓ ભરે.
૮ પાછળના ભાગમાં આંકણી કે સોટી મારવી.
૯ વાંસામાં આંકણી કે સોટી મારવી.
૧૦ પગના સાથળના કે પીંડીના ભાગમાં સોટી કે આંકણી મારવી.
૧૧ પગથી પણ કોઇક અજાડ માણસો પાડુ મારી શિક્ષાનો પ્રભાવ બતાવે છે.

ઝ

આપણે જોઈ શકીશું કે

શિક્ષકોનાં કારણોમાં તોફાન, અભ્યાસ ન આવડે, શિસ્ત ન જાળવે ને અસત્ય અપશબ્દ આદિ નૈતિક ગુન્હાઓ એટલાં કારણો દેખાય છે; જેમાંથી એકે વસ્તુ મારથી સુધરતી નથી ને તાત્કાલિક સુધરેલી લાગે તો પણ ઉંડેથી તે જતી નથી. જેમ કે નૈતિક ગુન્હાઓ. ઘણા સારા શિક્ષકો એમ કહે છે કે અભ્યાસ ન આવડે તો અમે નહિ મારીએ, પરંતુ નૈતિક ગુન્હાઓ માટે તો મારવું જ જોઇએ. કારણ તે ઘણા ગંભીર છે. જ્યારે નવીન માનસશાસ્ત્ર એમ જ કહે છે કે મોટે ભાગે નૈતિક ગુન્હાઓ માર ને શિક્ષાઓમાંથી જ જન્મેલા હોય છે. દબાણ અને સખ્તાઇથી નૈતિક ગુન્હાઓ ઉલટા વધે છે. નૈતિક ગુન્હાઓ એ જ કારણથી થાય છે. માણસનું સ્વાભાવિક જીવન જે જીવવાનો તેને હક્ક છે છતાં ગમે તે કારણથી તેને તે મળતું નથી ત્યારે તે સીધા માર્ગ છોડી આડે માર્ગે જઇને પણ તે મેળવવાનો રસ્તો ગોતી લે છે. બાળકોમાં ખાવાની વસ્તુની ચોરી કે તે માટે પાઇ પૈસાની ચોરી ને તેને અંગેનું જૂઠાણું ઘણી વાર દેખાય છે. ઘણા ગરીબ લોકોને પણ એવી ટેવ હોય છે કારણ તેમને પેટ પૂરતું ખાવાનું મળતું નથી. બાળકોને મોટાંઓ તેમનું પેટ બગડશે વગેરે તેમના હિતની દૃષ્ટિ માની ના પાડે છે. પણ બાળકની ઇચ્છા રહી જાય તેથી તે પોતાનો રસ્તો ગોતી લે છે, જેને આપણે ચોરી ને જૂઠાણું કહીએ છીએ. બાળકની દરેક નૈતિક કુટેવ પરત્વે મોટે ભાગે આવું જ

હોય છે. આ નૈતિક ગુન્હા સરળ પ્રકારના છે. જ્યારે બીજો પ્રકાર તે માંદી અવસ્થાનો છે. માર પડવાથી, ઠપકો મળવાથી કે એવા જ બીજા દબાણના પ્રકારોથી બાળકનું મન તંદુરસ્ત મટી જાય છે. તેને લીધે અનેક પ્રકારના નૈતિક ગુન્હાઓ બાળકો કરી બેસે છે. જેમ કે સખત માર પડવાથી બાળક હસ્તદોષ જેવી ભયંકર કુટેવમાં સપડાય છે. માટે માર કે શિક્ષા નૈતિક ગુન્હાઓ નાબૂદ કરવાના ઉપાયો નથી પણ તેના ઉત્પન્નકર્તા છે.

બાળકોનાં તોફાનનો ઉપાય પણ માર ન જ હોઇ શકે. મોટે ભાગે તો આપણને જે તોફાન લાગે તે તોફાન હોતાં જ નથી. જેમ કે બાળક બારી ઉપર ચડી જાય કે હસે, મશ્કરી કરે, મોટેથી ગાય કે બરાડા પાડે એ શાળામાં તોફાન ગણાતી વસ્તુઓ તોફાન નથી પણ તંદુરસ્ત બાળકની જરૂરની વસ્તુઓ છે. આપણે તેનું તોફાન બંધ પડાવીને તેને નિષ્પ્રાણ બનાવીએ છીએ, તેનો વિકાસ અટકાવીએ છીએ.

શિસ્ત ને વ્યવસ્થા ખાતર મારવું એનો અર્થ દબાણથી શિસ્ત ઉભી કરવી. ખરી રીતે બાળકની અંદર શિસ્ત પ્રત્યે માન અને પ્રેમ ઉત્પન્ન કરીને તેમ જ સમાજમાં રહેવું હોય તો અમુક નિયમન સ્વીકારવું જ પડે, નહિ તો આપણે સમાજની બહાર ચાલ્યા જવું જોઇએ વગેરે વસ્તુનું ભાન કરાવવું જોઇએ. એ ભાન થતાં આવતું નિયમન તે જ સાચું છે. શિક્ષા ને મારની સહાયથી રખાએલી શિસ્ત તે નિષ્પ્રાણ છે, ગુલામોની શિસ્ત છે. આપણે એવી શિસ્ત રાખીને બાળકોને ગુલામીનું શિક્ષણ આપીએ છીએ. બીજું એથી શિસ્ત બાળકના જીવનમાં ઉતારતાં નથી પરંતુ તેનું એક ઉપલકીયું અંગ બનાવીએ છીએ. શિક્ષાની બીક ન હોય ત્યાં બાળક અશિસ્ત અને અવ્યવસ્થિત રહે છે; ઉલટું અવ્યવસ્થિત બનાવવાનો લહાવો પણ લે છે. શાળામાં માસ્તર ન હોય તો પણ પોતાની મેળે બાળકો વ્યવસ્થિત ને શાંત બન્યાં હોય એવું કોઇ દિવસ બન્યું જ નથી. કારણ માર થી જાળવેલી શિસ્ત છે.

અભ્યાસ ન આવડે ને મારવું એ તો હવે મારના હિમાયતીઓ પણ કબુલ રાખતા નથી, તો આપણે તો ક્યાંથી રાખીએ ? અભ્યાસ ન આવડવાનાં કારણો શોધવાં જોઇએ. આપણી શિક્ષણપદ્ધતિ કે શિક્ષકની શીખવવાની અણ-આવડતથી બાળકોને આવડતું નથી. બીજું દરેક બાળકને આપણે યોગ્ય ગણેલા દરેક વિષયમાં સરખા જ વખતમાં સરખી જ આવડત આવવી જ જોઇએ એ આપણું કૃત્રિમ ધોરણ બાળકને અભ્યાસ ન આવડવાનું કારણ હોય છે. આમ શિક્ષકોને બાળકોને મારવા માટે એક સબળ કારણ છે જ નહિ. ને એક શિક્ષકે લખ્યું છે તેમ જો નિશાળોમાંથી માર બંધ થઇ ગયો હોય તો તે માટે તેમને અભિનંદન ઘટે. કેમ કે માબાપો મારે ને શિક્ષકો મારે એમાં ફેર છે. માબાપ તો ગમે તે માણસ થાય છે; માબાપ થવા માટે બાળઉછેરની આવડતની જરૂરીઆત સ્વીકારાઇ જ નથી. એટલે માબાપોનું અજ્ઞાન ક્ષમ્ય ન હોય તો પણ સમજી શકાય એવી વસ્તુ છે, જ્યારે શિક્ષકમાં તો શિક્ષણના સિદ્ધાન્તો અને વ્યવહારની માહિતી અને આવ-ડત કલ્પેલી છે. માટે હવે શિક્ષકોએ તો આ પાશવી બદીમાંથી તુરત જ મુક્ત થવું ઘટે.

માબાપ માર છે તેનાં કારણોમાં અનેક જાતની વિવિધતા જોવા મળે છે. અહીં નથી નોંધાયાં એવાં એક હજાર ને એક કારણો માબાપોના મારની પાછળ જડી આવશે.

એમાંથી શિક્ષકોએ આપેલાં કારણો પણ માબાપોનાં–ખાસ કરીને સમજુ ગણાતાં માબાપોનાં હોય છે. એનો જવાબ ઉપર આવી ગયો છે. તે ઉપરાંતનાં કારણો તપાસીએ તો છોકરાંઓને રાખવાની કળાની અણઆવડતનો મોટો પ્રકાર દેખાશે. કોઈ ઉપાય ન સૂઝે એટલે મારનો ઉપાય કરી બેસે છે. પણ પહેલાં તો કોઈ ઉપાય છે કે કેમ એટલું વિચારવાનોયે અવકાશ સેંકડે ૯૯ માબાપો લેતાં નથી. નાનપણમાં માર ખાધેલો હોવાથી પોતે માબાપ થાય કે જે કાંઈ બને તેને માટે તે મારી બેસે છે: છોકરું ઘૂમ પાડે તોયે માર, દોડાદોડ કરે તોયે માર, તોડફોડ કરે તોયે માર, ન્હાવા ન આવે તોયે માર, જૂઠું બોલે તોયે માર, સાચું બોલે તોયે માર, એકંદરે જે જે કાંઈ માબાપોને તે તે વખતે અઠીક લાગે તે બધાને માટે માર. તેમાં ખાસ ધોરણ તો એટલું જ કે કેટલાએક ગુન્હાઓ સમાજે સ્વીકારેલા હોવાથી તેને ગુન્હા ગણીને મારવું જોઈએ એવી માબાપોની માન્યતા; ને બીજું ધોરણ એ કે માબાપોની શાંતિની હદ આવે કે માર. આ ધોરણ પ્રમાણે કેટલીએક વાર ઘૂમ પાડવી કે ફરીફરીથી બોવાનું માગવું એ માર યોગ્ય ગુન્હો બની જાય, તો કેટલીએક વાર તે ક્ષમ્ય ગુન્હો બને, તો કેટલીએક વાર તેને ગુન્હો જ ગણવામાં ન આવે! એનું ધોરણ એટલું જ કે માબાપ બકળાય ત્યારે તે ગુન્હો ને ન બકળાય ત્યાં સુધી કરવા યોગ્ય. બરી વાત તો એ છે કે માબાપોએ બાળઉછેરનો અભ્યાસ કરવો જોઈએ. બાળમાનસશાસ્ત્ર શીખવું જોઈએ. એટલે બાળકમાં કઈ વસ્તુ વિકાસક છે, કઈ વસ્તુ વિકાસવિરોધક છે વગેરે જાણી લેવું જોઈએ. શાસ્ત્રીય અભ્યાસ બધાંને શક્ય ન હોય તો પણ, વ્યવહારૂ વાતો તો જાણવી જ જોઈએ. એટલે બાળકોના ઘણા ગુન્હાઓ આપણને ગુન્હાઓ જ લાગશે નહિ. બીજું બાળક ઘરમાં આપણી દયા ઉપર નભનારું પ્રાણી ન થવું જોઈએ. આપણને ફુરસદ હોય તો બાળક લાડ કરવા યોગ્ય ને આપણે કામ હોય ત્યારે થપાટ બોવા યોગ્ય; આપણું મન પ્રસન્ન હોય ત્યારે બચી ભરવા યોગ્ય ને આપણે ગુસ્સામાં કે કંટાળી ગએલાં હોઈએ ત્યારે ધબ્બો બોવા યોગ્ય એમ ન બનવું જોઈએ.

બાળઉછેરને સ્વતંત્ર સ્થાન હોવું જોઈએ. ને બાળકો આપણા સંધ્યાવંદન કે રેંટીયા કાંતવાની કે રાંધણું કરવાની આડે ન આવે તેને માટે ઉપાયો કરી આપણું ને તેમનું જીવન એક ઘરમાં સરળ ચાલે એવા રસ્તાઓ કરવા જોઈએ. આપણા ઘરમાં આપણે માત્ર રાજા ને બાળકો કાંઈ ધર્માદા ઉપર કે આપણી દયા ઉપર જીવનારાં આગંતુક પ્રાણીઓ નથી. ઘરમાં સગવડ સાથે જીવવાનો તેમનો આપણી જેટલો જ હક્ક છે. કિં બહુના, તેમને જીવવાનો રસ્તો કરી દેવાની આપણી ફરજ છે. એ જ આપણું સાચું સંધ્યાવંદન! બાળકો સાથે શાંતિ રાખવી એ સંસારીઓની યોગસાધના ને ધર્મસાધના. કંટાળી જઈએ, મિજાજ બોઈ બેસીએ, ગુસ્સો કરી બેસીએ, કાબુ બોઇ બેસીએ એ જ આપણી

નબળાઇઓ ને એને જીતવી એ જ આપણી મોટી સાધના.

ઘણી વાર માબાપ બાળકને રડતું છાનું રાખવા ખાતર મારે છે. પણ બાળક અત્યંત બ્હી ન ગયું હોય તો મારથી વધારે રડે છે, એવો સર્વ સામાન્ય અનુભવ છે. માબાપોને પણ મારીને પછી બીજી રીતે બાળકને છાનું રાખવું પડે છે; છતાં રડે છે માટે જ માબાપો મારે એવું હમેશ બને છે. મારની સખ્ત બીક લગાડીને બાળકને છાનું રાખે છે તે માબાપો તો બાળકનું ભયંકર નુકશાન કરે છે. બાળકને પુરુષત્વહીન બનાવે છે. માત્ર તાત્કાલિક ઉપાય કરી કામ કઢાવી લેવું એ માબાપોનો ધર્મ ન હોય. માબાપોને તો બાળકનું ઇહલોક ને પરલોકનું ભલું થાય તે જોવાનું છે. બીજા કોઇ પણ મારે તો પણ માબાપો મારે અથવા બીજાને આપણા બાળકને મારવા દે એ ન જ ચાલે. માબાપો સમજે તો શિક્ષકો કે સિપાઇ કે રાજ્ય પણ કોઇને કેમ જ મારી શકે ? ઇશ્વર કરે ને આપણે આપણાં બાળકોનું હિત ઝટ સમજી જઇએ ! તા.

વડલો : સચિત્ર નાટક લેખક: શ્રી. કૃષ્ણલાલ શ્રીધરાણી ડિસેમ્બરમાં પ્રગટ થશે.

અક્ષરજ્ઞાન અને શિક્ષકો

શિક્ષકો જો આ યોજનાને પોતાની કરે તો ઉત્તમ કામ થાય. આ કામ મૂળે તો શિક્ષકોનું જ છે. શિક્ષકોની સામે આ એક સોનેરી તક છે કે પોતાનું જ કામ પોતે ઉપાડી લે, અને સેવા કરવાના આ પ્રસંગને દીપાવે. આ કામ શિક્ષકોથી જેટલું થશે–જેટલું સુંદર થશે તેટલું બીજાઓથી કદાચ નહિ થાય. મારી આ માન્યતા સાચી ઠરતી જાય છે. આજે જોઇએ તો આ યોજનામાં જોડાનારની સૌથી વધારે સંખ્યા શિક્ષકોની છે. શિક્ષકોને વહેલી હોંશ ચડી છે. શિક્ષકોને માટે તે સરલ પડે છે એટલા માટે કે શિક્ષકો આવા ભણાવવાના કામના ભોમિયા છે. શિક્ષકોને હાજરીપત્રકો ભરવાં વગેરેની પણ ટેવ છે. સાચે જ શિક્ષકો આ યોજનામાં ફાવશે. શિક્ષકો આ યોજના દ્વારા પોતાની સેવાવૃત્તિ અને શિક્ષણબુદ્ધિ બતાવી શકશે.

પણ હજી ઘણાં શિક્ષકો જોડાયા વિનાના છે. તેઓને હવે વિનતિ કરવાની હોય કે ભાઇઓ અને બેનો, તમે જોડાઓ ? આ તો તમારું જ પવિત્ર કર્તવ્ય છે અને તે તમે જ પાર પાડો. તમે તમારા ક્ષેત્ર ઉપર તમારી શક્તિ–તમારું તેજ જો નહિ બતાવો તો કોણ બતાવશે ? હજી જેઓ ન જોડાયાં હોય તેઓ તુરત જોડાય. આ યોજના માટેનું સાહિત્ય મંગાવવાથી મફત મળશે. તંત્રવાહકો.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકાઃ શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૫ મું
૧૯૮૭

અંક ૧૦ મો
માર્ગશીર્ષ

:તંત્રી:
ગિજુભાઇ
તારાબેન

અપંગતાનું શિક્ષણ

માબાપ અને શિક્ષક કહેઃ 'તું ના કરતો, હું કરું છું.' 'તું ના બોલતો, હું બોલું છું.' 'તું ના ચાલતો, હું ચાલું છું.' 'તું ના લખતો, હું લખું છું.' આજ દિવસ સુધી આ જાતનું શિક્ષણ ઘરમાં ને શાળામાં બાળકોને મળ્યું. પરિણામ એ આવ્યું કે આજનું બાળક અપંગ છે; અપંગ બાળક પરાધીન છે; પરાધીન પરતંત્ર છે. અને પરતંત્ર એટલે ગુલામ.

હવે . . શું . . કરવું ?

હું, તારાબેન અને મોંઘીબેન સત્યાગ્રહની લડતમાં જોડાયે છીએ અને બાલમંદિર હાલ તુરત બંધ કરીએ છીએ એવા ખબરો બાલમંદિરમાં ભણતાં બાળકોનાં માબાપોને પડતાં તેઓમાંનાં કોઈ કોઈ અમને પૂછે છે: "ત્યારે હવે અમારે શું કરવું ? આ અમારાં બાળકોને કયાં ભણાવવાં ? નિશાળે મૂકવાં કે નહિ ? ઘેર રાખીને ભણાવવા માગીએ તો કેવી રીતે ભણાવવાં ?"

આ પ્રશ્નો સાંભળી એક રીતે અમારું મન દૂભાય છે. બાળકોને અમે મૂકીને ચાલ્યાં છીએ; તેમની કેળવણીની જાણે કે અમે દરકાર પણ નથી કરતાં. પણ તે બાબતમાં અંતઃકરણ કહે છે કે આજે તો બાલમંદિર બંધ રાખવું એ જ આજનાં અને ભવિષ્યનાં બાળકોનું સાચું સ્વતંત્ર શિક્ષણ છે. આજનો બાલમંદિરવાળાંઓનો પણ આ જ ધર્મ છે. આમાં મનનું સમાધાન થયું. પણ હવે બાળકો અને માબાપોની મુશ્કેલી ઉકેલવાનું રહ્યું.

જે માબાપો પોતાનાં બાળકોને શાળાએ ન મોકલતાં તેમના શિક્ષણની ગોઠવણ ઘરમાં જ કરવા માગતાં હોય તેમને માટે નીચેની સૂચનાઓ કરીએ છીએ. આશા છે કે આ સૂચનાઓ અમલમાં મૂકવાથી તેમની મુશ્કેલી ટળશે.

જે બાળકને શાળાએ મૂકવાનું બંધ રાખવું હોય તો બાળકને ઘરમાં પ્રવૃત્તિ આપવી જોઈએ. તેની પ્રવૃત્તિને દોરનાર પણ જોઈએ.

માતાઓ અને પિતાઓ ! જો નવીન શિક્ષણ ઉપર તમારી પ્રીતિ વળી હોય તો તમે પોતે જ એક એક મોન્ટીસોરી શિક્ષક તરીકે ઉભાં રહો. પ્રત્યેક માતા મોન્ટીસોરી માતા થવાને અધિકારી છે. પ્રત્યેક પિતાએ માતાને સહાય કરવા આગળ આવી પિતૃધર્મ બજાવવાનો છે. ખાત્રી છે કે માતા અને પિતા બન્ને સહકાર કરે તો તેઓ પોતાનું દરેકનું ઘર મોન્ટીસોરી શાળા બનાવી શકે. સાચાં માબાપો પોતાનાં વહાલાં બાળકો માટે પોતાનું ઘર મોન્ટીસોરી મંદિર બનાવી દેશે.

માતા પિતા મોન્ટીસોરી પદ્ધતિનાં થોડાંએક પુસ્તકો વાંચી લે. સાધનો વિના શિક્ષણ કેમ અપાય તેનું રહસ્ય તેમાંથી જ મળશે. વાતાવરણ એ જ શિક્ષણ છે તેની સમજણ તેમને સ્ફૂરશે. પોતાનાં વહાલાં બચ્ચાંઓને સમજણ પૂર્વક શિક્ષણ આપનાર માતા અને પિતાથી વધારે મોટો શિક્ષક કોઈ નહિ બની શકે. માતા શિક્ષણની અમુક બાબત સંભાળે, પિતા અમુક સંભાળે. માતા અને પિતા બાલશિક્ષણના કાર્યને એક યજ્ઞકાર્ય—ઉત્સવકાર્ય સમજી લે. તે માટે પોતે જે વખત આનંદ મજામાં કે વિલાસમાં કાઢતાં હોય તે બચાવી લે. તે માટે પોતે જરા વધારે કષ્ટ સહન કરે. તે માટે થોડાંએક નાનાં નાનાં સુખોનો ત્યાગ કરે. પિતા ઘરમાં વધારે વસે ને બાળકોને ભણાવવા અને સાચવવામાં મદદ કરે. માતા સામાજીક રૂઢિ વગેરેને અનુસરવામાં વખત ન ખુએ; રસોડામાં નકામી વધારે વાનીઓ બનાવવા પાછળ વખત ન ગુમાવે. દેવસેવામાંથી પણ વખત કાઢી લઈ જીવતા દેવો માટે રાખે.

ઘરમાં ફરતાં ફરતાં બાળકો માટે શારી-

રિક, માનસિક અને આત્મિક ત્રણે પ્રકારની ઉન્નતિ માટે નીચે પ્રમાણેનું વાતાવરણ અને શિક્ષણ રચી શકે.

શારીરિક

બાળકોને માટે રમવાની છૂટ આપો. ઓશરી કે ઓરડાના અમુક ભાગો ખાલી કરી બાળકોને સોંપો. ત્યાં તેમને છૂટથી કૂદવા રમવા દેવાં. બની શકે તો રેતીમાં કૂદવાની ને ઠેકડા ખાવાની ગોઠવણ કરી આપો. દોડાદોડ કરવા દો. દાદરા પર ચડવા ઉતરવા દો. ટેબલ પરથી કૂદવા દો. ટ્રંકમાં તેમને બેસારી ન રાખતાં. વારંવાર તેમને ફરવા લઇ જાઓ, નહાવા લઇ જાઓ. હરવા ફરવાની તમામ તક આપો. માત્ર શેરીમાં રખડવા ન દેતાં.

માનસિક

શિક્ષણની બાબતમાં તેમને ત્રણ વાત શીખવોઃ વાચન, ગણિત અને સામાન્ય જ્ઞાન.

વાચનઃ—'કેમ શીખવવું' એ ચોપડીમાં જે પદ્ધતિ આપી છે તે પદ્ધતિથી હરેક માબાપ બાળકને શીખવી શકશે. પાટી ને પેન અગર ચૉક ને પાટિયું વાપરવું.

બાળક વાંચતું થયું એટલે તેને જાત જાતની ચોપડીઓ આપવી.

ગણિતઃ—બાળકને શીખવવું પણ તેને સમજાવીને શીખવવું. વગર સમજ્યે ગોખાવવું નહિ. ધીમે ધીમે પણ તે વ્યવહારૂ રીતે સમજે તેમ કરવું.

સામાન્ય જ્ઞાનઃ—બાળકોનું બરું જ્ઞાન સામાન્ય જ્ઞાન છે. તે માટે માબાપોએ તેમની સાથે જુદા જુદા વિષયો ઉપર વાતચીત કરવી. આજના ચાલુ બનાવોથી માંડી જૂના ૩૦૦૦ વર્ષ પહેલાંની બુદ્ધની વાતો પણ કહેવી. વિજ્ઞાનના વિષયોની વાતોમાં બાળકોને બહુ રસ આવે છે. તેમને નવું નવું બૂબ બતાવ્યા કરવું. આપણને જે જ્ઞાન છે તેમાંનું ઘણું સારી રીતે તેમને આપણે આપી શકીએ છીએ. આ આખી દુનિયા કેમ ચાલે છે તેની અનેક વાતો આપણે તેમને કહી શકીએ. બાળકોને સંગ્રહસ્થાનો, બાગ, ચીડીયાખાનાં, બજાર, યંત્રો, કારખાનાં, નિશાળો વગેરે બતાવ્યા કરવું. ઉપરાંત કલાની ચીજો જૂની નવી બતાવવી. તેમને ઇતિહાસ, પુરાણ, રામાયણ અને મહાભારતની વાતો કહેવી. બાળકોની બાતર માબાપો કથાઓ વાંચીને પણ કહે. ઉત્સાહી માબાપો તેમ અવશ્ય કરશે જ.

ટ્રંકમાં માતા અને પિતાએ બાળકોના મિત્ર બનવું. તેમની અનેક મુશ્કેલીઓ સમજવા પ્રયત્ન કરવો. તેમની ગૂંચ જાતે ઉકેલવા વિચાર કરવો. વિચાર કરવાથી અને નિકાલ લાવવાથી આપણે પોતે શિક્ષણશાસ્ત્રી બની જઇએ છીએ. બાળકો પ્રત્યે પ્રેમ રાખવો. તેમને તોફાની ગણવાં નહિ. તેમને પ્રવૃત્તિ આપીએ તો તેઓ શાંત થઇ કામ કર્યા જ કરે છે.

"ઘરમાં બાળકે શું કરવું?"* એ ચોપડીમાં બાળકોને લગતી પ્રવૃત્તિઓની યાદી છે. ઉપરાંત આપણને ઠીક લાગે તે પ્રવૃત્તિ બાળકને આપવી. જો બાળક એકાગ્ર થઇ તે કર્યા કરે તો તે સાચી પ્રવૃત્તિ છે એમ સમજવું. જો તેની દરકાર ન કરે તો પરાણે ઉપયોગ કરાવવો નહિ, પણ તે પ્રવૃત્તિ લઇ લેવી.

---

* પોસ્ટેજ સાથે બે આના :

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર.

માતપિતાઓ સમજી લે કે બાળકો અમુલ્ય વસ્તુ છે. તેમને કદિ ગાંડાં ને તોફાની ન ધારવાં. તેમાં આપણું અપમાન છે ને તેમનું પણ છે. તેમને આપણે સમજવાં ને સમજાવવાં. તેઓ આપણાં પરમ આનંદનું સાધન થશે. તેઓ આપણાં પ્રાણપ્રેરક થશે. આપણે પોતે બાળકોમાં રસ લઈશું ત્યારે આપણને આશ્ચર્ય થશે કે અહો, બાળકો તો આવી અદ્‌ભુત શક્તિ છે ! તેમનો સહવાસ આટલો મધુર છે ! અરે, અત્યાર સુધી આપણે તેને શેરીમાં અને શાળામાં હાંકી કાઢ્યાં તેમાં આપણી ગંભીર ભૂલ થઇ છે !

માતા અને પિતાએ આ નવા ધર્મને યથાર્થ બજાવવા કેટલુંએક સાહિત્ય વાંચી જવું. બાળકો માટે પણ કંઈ કંઇ બાસ વસાવવું.

માબાપોએ શું વાંચવું ?

૧. ઘરમાં મોન્ટીસોરી.

આ પુસ્તકને આધારે માતપિતા બાળકોને માટે અનેક નવી નવી બાબતો દાખલ કરી શકશે. ઘરમાં બાલજીવનને વિકસવા માટે વાતાવરણ અને પ્રાણ લાવી શકશે.

૨. મોન્ટીસોરી પદ્ધતિ.

જે માબાપો મોન્ટીસોરી સાધનો ઘરમાં વસાવીને જ તે કામ કરવા માગતાં હોય તેમણે બાસ વાંચવી. બાળકને સમજવા માટે આ પુસ્તકનું પ્રકરણ 'શિક્ષક કેવો હોવો જોઇએ' એ બાસ વાંચવું.

૩. વસંત બાલશિક્ષણ અઘારમાળા

—— ગુરુછ ૧-૨

દરેક માતપિતાએ સામાન્ય દૃષ્ટિ માટે આ બન્ને ગુચ્છો વાંચી જવા.

૪. વાર્તા કહેનારને, બાલવાર્તાની શ્રેણીઓ, બાલવાર્તાઓનો વિનોદ.

વાર્તાઓ જાણવા માટે બાલવાર્તા ભાગ ૧ થી ૫ વાંચવા. ઉપરાંત વાર્તાની સારી સારી ચોપડીઓ વાંચવી. રામાયણ અને મહાભારત તથા ભાગવતની વાતો બાળકોને વારંવાર કહેવી. તે ઉપરાંત સંતો, દેશનાયકો, કારીગરો વગેરેનાં ચરિત્રો કહી સંભળાવવાં.

૫. બાલસાહિત્યમાળા–૮૦ ચોપડીઓ; તેમ જ બીજી બાલસાહિત્યની ચોપડીઓ.

બાળકો પાસે સારું વાચન કરવું. તેમને આ ચોપડીઓ વાચન માટે કામની થશે.

૬. કેમ શીખવવું ?

૭. વધારે નવરાશ અને શોખ લાગે તો

'શિક્ષક અને શિક્ષણ'માંથી બાલવિભાગ.

૮. શિક્ષણ પત્રિકા.

માતાઓ અને પિતાઓ ! આજે તમે આ કામ ઉપાડી લેજો. તો જ તમે નવીન શિક્ષણની અને બાલમંદિરની સાચી કદર કરી ગણાશે. પણ તેથી વધારે તો તમે તમારા બાળકનું શિક્ષણ હાથમાં લઇ તમારું માતા અને પિતાપણું સાચું કરી બતાવશો. આવો પ્રસંગ ભાગ્યે જ આવે છે કે અમારું કામ તમારે સંભાળી લેવું પડે. થોડો વખત અમારું કામ સુંદર ચલવી તમારાં બાળકો અને કામનો અહેવાલ અમને પાછો સોંપજો. આખરે તો એ કામ અમારું છે અને અમે તે કરવા પાછાં આવશું જ. ત્યારે તમને રાહત આપીશું; ત્યારે તમને અમારા કામમાં વધારે મદદ કરતાં થએલાં જોઇ આનંદ પામશું.

બાળકોને સાચવજો. તેમને મારશો તો

નહિ જ. તેમને ફ્રેાસલાવશેા પણ નહિ. તેમને બીવડાવશેા તેા નહિ જ. તેમને નિર્ભયતાનું શિક્ષણ આપજો. એક નિર્ભયતા આપણને જે જોઇએ તે અચૂક આપશે. ભયને લીધે આજે આપણી આટલી અવદશા થઇ છે.

છેવટે રજા લેતાં આજ દિવસ સુધી આપે બાલમંદિર પ્રત્યે પ્રીતિ રાખી, આપનાં બાળકોને અમારી સૂચનાનુસાર મંદિરમાં વ્યવસ્થિત મેાકલી વારંવાર અમારી ચિઠ્ઠીઓનેા અમલ કરી અમારા કામમાં તમે જે મદદ કરી છે તે માટે અમે તમારેા કેટલેા ઉપકાર માનીએ છેવટે પણ ભલામણ કરવાની કે તમે તમારા બાળકેાનું શિક્ષણ જાતે ચલવજો, અનુભવ મેળવજો અને બાળકેાને જાતે જ હેાશિયાર બનાવવાની તક લઇ માતપિતા તરીકે સફળ થજો. વધારે શું લખીએ ?

અમે છીએ તમારાં

નવસારી
૧૫ : ૧૧ : ૩૦

ગિજુભાઈ
તારાબેન
મોંઘીબેન

મોન્ટીસેારી પદ્ધતિના વિદ્યાર્થીઓને

પ્યારા મિત્રેા,

અમે તમારી વચ્ચે રહ્યાં અને અમે તમારા નિકટ સંબંધમાં આવ્યાં છીએ. અમારી પાસે જે મામુલી ધન હતું તે અમે આપવાનેા બનતેા પ્રયત્ન કર્યો. કામ કરી બતાવીને, વ્યાખ્યાનેા આપીને, અમે જે વસ્તુમાં માનીએ છીએ, જે વસ્તુથી કેળવણીનેા ઉદ્ધાર થશે એવી અમારી શ્રદ્ધા છે, તે અમે તમારી પાસે મૂકયું. તમે રાતદહાડેા મહેનત કરીને વિદ્યાર્થીને શેાભે તેમ વિદ્યા લેવા પ્રયત્ન કર્યો. ઉરના ઉત્સાહથી તમે ભણવા આવ્યાં હતાં. શ્રદ્ધાથી તમે ભણ્યાં. આજે અધ્યયન અધ્યાપનના કામની પૂર્ણાહુતિ છે. આજે શું કરવાનું હેાય ? શું કહેવાનું હેાય ? આજે શું સમજાવવાનું હેાય ? આજે તેા તમને આશીર્વાદ આપવાનેા છે કે તમે જે ભણતર લીધું તે તમને સફળ થાએા.

તમારી શક્તિ પ્રમાણે તમે સંમજ્યાં હશેા તેની અમને ચિંતા નથી. અમે તમારી પાસે જે માંગીએ છીએ તે શ્રદ્ધા માગીએ છીએ, શ્રમ માગીએ છીએ, એકનિષ્ઠા માગીએ છીએ. તમને જે વસ્તુ અમે શીખવી તેની તમે ઉપાસના કરજો. ઉપાસના એટલે તમારા ધ્યેય સાથે એકતાનતા. સમગ્ર જગતને ભૂલી એનું જ એકનું ચિંતન. ઉપાસના વડે પત્થરમાંથી પણ દેવ પ્રગટશે. ઉપાસના તમારી પાસે વફાદારી માગશે. ઐહિક સુખભોગને ભૂલી જવાનું કહેશે. શરીર અને મનને કસોટીએ ચડાવશે. પણ જો તમે સ્થિર હશેા, વિચારી હશેા તેા તમે વિજયી નીવડશેા. દુનિયામાં કેાઇ વસ્તુ સ્વતઃ મહાન છે કે અલ્પ છે એવું કશું નથી. ઉપાસનાથી પ્રત્યેક વસ્તુએ મહત્તા મેળવી છે. ઉપાસનાની નિષ્ફળતાથી મહાન વસ્તુનેા પણ પરાજય થયેા છે, મહાન વસ્તુ પણ અલ્પ પ્રાણુને પામી છે.

મોન્ટીસેારી પદ્ધતિનું મૂળ બાળસન્માનમાં છે. મનુષ્યવિકાસની જેને ચિંતા થઇ, મનુષ્ય-ઉદ્ધાર માટે જેનું હૃદય કકળી ઉઠયું, મનુષ્ય-જીવન જેવી મહામૂલ્ય વસ્તુને જેણે અનેક સ્વમતાગ્રહની પરંપરા અને કેળવણીની બેડીથી

જકડાએલી જોઇને એ શિક્ષણપદ્ધતિ સમગ્રની સામે એક જાતનું બંડ કર્યું તેના હૃદયમાંથી એ જન્મી છે, તેના અથાગ શ્રમમાંથી એનું શરીર ઘડાયું છે. એવી વ્યક્તિ ડૉ. મોન્ટીસોરીનું ચરિત્ર વારંવાર વાંચશો ને તેનું મનન કરશો. તેનું ચરિત્ર એટલે તેના વિચારો.

સાધનો, પદ્ધતિદર્શક પાઠો, ઓરડાની લંબાઇ પહોળાઈ અને એવું તો મૂળ સિદ્ધાંતમાંથી જન્મ્યું છે. સિદ્ધાંતજ્ઞાન વિના એ ને શ્રદ્ધાથી પ્રયોગ ઉપર ચડાવીને સિદ્ધ કરી બધાનો કશો અર્થ નથી. એનો જડ ઉપયોગ થશે તો અત્યાર સુધીની કેળવણીની પદ્ધતિઓની જડતાથી તેની જડતા ઉતરશે નહિ. જો તમે સિદ્ધાંતો સમજ્યાં હશો તો જ તમને સાધનો કામનાં છે, તો જ તમે સાધનોને સાધ્યને બદલે સાધન સમજશો. સિદ્ધાંતો સમજ્યાં હશો તો જ સાધનોમાં જે ચેતન રહેલું છે તે તમે સમજશો; તેમાં સંકુચિતતા નહિ લાગે. પણ જો સાધનોને જ તમે પદ્ધતિને નામે ઓળખી હશે તો તમારા હાથમાં દટ્ટા ને ફ્રેમ રહી જશે; બાળકોને તે ભાર રૂપ થશે; અને જીવનવિકાસ આપવાને નામે, બાલસ્વાતંત્ર્યને નામે તમે જ બાળકનો વિકાસ રોકશો અને બાળકને ગળે સીલેન્ડરની બેડી બાંધશો.

સત્યો એનાં એ જ છે. જ્યાં જ્યાં એની ઉપાસના થાય છે ત્યાં ત્યાં એનું દર્શન થાય છે. સ્વતંત્રતામાં ખરો વિકાસ છે. સ્વતંત્રતા એટલે નિયમન. ખરો મનુષ્ય સ્વાધીન છે, પરાધીન નહિ; તે પરપ્રત્યયનેયબુદ્ધિ નહિ પણ સ્વયંબુદ્ધિ છે; પરાવલંબી નહિ પણ સ્વાવલંબી છે. આ સત્યો જગજૂનાં છે. અત્યાર સુધી ખરા કેળવણીકારની સમક્ષ કેળવણીનો આદર્શ હરહમેશ આ જ રહ્યો છે. પરંતુ અત્યાર સુધીમાં કોની કલ્પનામાં આવ્યું હતું કે ત્રણ વર્ષનાં બાળકોમાં પણ સ્વાધીનતા, સ્વતંત્રતા, સંયમન વગેરેનાં સહજ દર્શનો થશે? કોણે એ કલ્પના આપ્યું કે છેક નાની ઉંમરનાં બાળકો સ્વતંત્રતાનો ખરો લાભ ઉઠાવી શકે છે, અને પોતાનો વિકાસ પોતે જ સાધી શકે છે? અને કોણે વિકાસનાં અનુકૂળ સાધનો શોધી કાઢી બાળકોનો વિકાસ પ્રત્યક્ષ કરી બતાવ્યો? ડૉ. મોન્ટીસોરીએ નવું કર્યું છે તેના કરતાં તેણે જૂનાં સત્યોને નવો માર્ગ, નવી દિશા, નવું રૂપ આપ્યું છે. પણ એ નવું રૂપ આપવાની નવીનતામાં જ એનું આખું કાર્ય એકાએક નવું અને મૌલિક બનેલું છે.

મોન્ટીસોરીની શોધ પાછળ જે તત્ત્વ રહેલું છે તે તત્ત્વ તમારે સમજવાનું છે. એ તત્ત્વ મોન્ટીસોરીનું નથી, ઇટાલીનું નથી, યુરોપનું નથી, પણ દુનિયાનું છે. જેનો વિકાસ સાધવો હોય તેનું અવલોકન કરવું; અવલોકનમાંથી શોધી કાઢવું કે તેના વિકાસમાં રોધક-રોચક શું છે અને તદનુસાર વિકાસપ્રેરક વાતાવરણ રચવું. વિકાસ ઇચ્છનાર દ્રષ્ટા છે, સહાયક

બાકી લવાજમ

ઘણા ભાઇઓનું ચાલુ સાલનું લવાજમ આવવું બાકી છે. પત્રિકાનું વર્ષ હવે પૂરું થવા આવ્યું છે માટે તેઓ વિના વિલંબે મોકલી આપે. હવે પછીના વર્ષનું લવાજમ પણ સાથે મોકલી આપવામાં ખર્ચનો ફાયદો થશે.

વ્યવસ્થાપક

છે. આ સત્યને તમે સંકુચિત ન કરતા. તમે એને ગમે તે નામે ઓળખજો. ચહાય તો મોન્ટીસોરી પદ્ધાત કહો, ચહાય તો વૈજ્ઞાનિક પદ્ધતિ કહો; પણ નામથી એને બાંધશો નહિ. એની વફાદારી એના યથાર્થ પાલનમાં છે. એ પાલન તમે નિર્મળ અને સ્વતંત્ર બુદ્ધિથી કરજો. દૃઢતાથી ને નિર્ભયપણે કરજો. વેદિયા ન થતા. ચાલો મોન્ટીસોરી શું કહે છે અથવા ગિજુભાઇએ શું લખ્યું છે; ચાલો તારાગેનની શી નોંધ છે; એમ કહી તમે તમારી ગૂંચ ઉકેલવાની આશા ન રાખતા. તમારી ગૂંચ તમારે જ ઉકેલવાની છે. મેં તમને માર્ગ માત્ર બતાવ્યો છે; હવે અનુભવ તમારે કરવાનો છે. બાળકે બાળકે અવનવા અનુભવો કરીને તમારે જ તેના માનસની ખોજ કરી વિકાસનો માર્ગ ઉઘાડવાનો છે. તમે તેના અનુભવને પૂરેપૂરું માન આપજો. એમાંથી જ સાચું શિક્ષણ જન્મ પામશે. જે પદ્ધતિના સિદ્ધાંતો મનુષ્યજાતને ગુલામી માનસમાંથી મુક્ત કરવા ઇચ્છે છે તે જ પદ્ધતિના તમે કેવળ ગુલામ થઇ જશો તો ઉદ્દેશ નિરર્થક જશે. પદ્ધતિ સત્યશોધન માગે છે; સત્યશોધન યથાર્થ અનુભવમાં છે; યથાર્થ અનુભવ તેને થાય છે કે જે પોતાની આંખે જુએ છે, જે પોતાને જ કાને સાંભળે છે, જે પોતે જ વિચાર કરી શકે છે, જે સત્ય જણાતાં ભૂલને કબુલ કરે છે અને સત્ય સમક્ષ અસત્યને છોડવા તૈયાર છે.

પદ્ધતિ તમારી પાસે આ વસ્તુ માગે છે.

અહીંના આલેશાન મકાનમાં ચાલતી બધાંળ મોન્ટીસોરી પદ્ધતિને તમે જોઇ છે. એ ઉપરથી તમે એમ ન સમજતા કે આ બધા વિના મોન્ટીસોરી શાળા ન ચાલી શકે. મોન્ટીસોરી શાળાનો જન્મ ઇટાલીના ગરીબ લોકોનાં ઝૂંપડાંમાં થયો છે. આપણા ગરીબ લોકોને જ્યાં સુધી આપણે આ પદ્ધતિનો લાભ આપીશું નહિ ત્યાં સુધી આ પદ્ધતિની બરી કિંમત નથી. જ્યાં શરીરની ગંદકી છે, બુદ્ધિનું અંધારું છે ત્યાં આ પદ્ધતિનો પ્રકાશ લઇ જવો પડશે. તમે ભંગીઓને કે દુબળાઓને આ પદ્ધતિનો લાભ આપશો ત્યારે એનો બર્ચ લેખે લાગશે.

તમે શિક્ષક છો; તમારું કાર્ય શિક્ષણનું છે. પૈસા માટે શક્તિને વૈશ્ય વેચે. પૈસાનો મોહ છોડી દેશો તો જ તમે ગરીબ ને ગામડાંઓની સેવા કરી શકશો. જો તમને બરેબર એમ જ લાગ્યું હોય કે આજે હિન્દુસ્તાને નિર્મળ બુદ્ધિનું, બરી ક્રિયાશક્તિનું, તંદુરસ્ત કલ્પના-શક્તિનું દેવાળું કાઢ્યું છે તો તો જ્યાં વધારે અંધકાર હોય, જેઓ વધારે અસહાય હોય, જેઓ સાધનરહિત હોય તેમની પાસે જ જજો ને તેમને આગળ લાવવા મહેનત કરજો.

આપણે નાના માણસો છીએ. નાને મોઢે અમે ઘણી મોટી વાત કરી. હૈયે હિંમત ધરીને ઇશ્વર ઉપર આસ્થા રાખીને આપણે ચાલીશું તો એ જ ઇશ્વર આપણને બધાં કામો માટે મદદ કરશે. તમારું ને અમારું કામ પ્રયત્ન કરવાનું છે. અમે અમારો પ્રયત્ન યથામતિ, યથાશક્તિ કર્યો છે. હવે તમારું કર્તવ્ય ઉભું થાય છે. પ્રભુ તમને સહાય કરો. ગિ. અને તા.

વંડલો : સચિત્ર નાટક. લેખક: શ્રી. કૃષ્ણલાલ શ્રીધરાણી. ડિસેમ્બર આખર પ્રગટ થશે.

બાળકો પોતાની મેળે જ શીખે છે.

હજી સુધી પણ લોકો માને છે કે બાળક નિશાળ વિના તે કદિ ભણતું હશે? છેવટે નિશાળ વિના ચાલે પણ શિક્ષક મારફત ભણાવ્યા વિના તો બાળક શીખે જ નહિ.

નવા કેળવણીકારો તો કહી જ રહ્યા છે કે બાળક નિશાળમાં જાય છે તેટલો વખત સડે છે; બાળક પોતાની ખરી કેળવણી નિશાળની બહાર જ લે છે.

તેઓ એમ પણ કહે છે કે શિક્ષક શીખવી શકતો નથી અને શીખવી શકવાનો નથી. શિક્ષક તો બાળકોનો ભણવાનો વખત બગાડે છે અને બાળક શિક્ષાના કે બીજા દબાણથી નિશાળમાં બેસે છે પણ શિક્ષણ લેવાની વૃત્તિને બંધ રાખે છે. પોતાનું હૃદય ઉંધા વાળેલા પ્યાલા જેમ અવળું કરી મૂકે છે. આના ઉપર શિક્ષક જે કહે તે તેને સ્પર્શતું નથી, અને બધું ભણાવ્યું નકામું જાય છે.

આગળ પડતા સમર્થ કેળવણીકારો એમ પણ કહી ચૂક્યા છે કે જે શિક્ષક થઈને બેઠો છે ને 'હું બાળકને શીખવનારો છું, હું બાળકને ઘડનારો છું' એમ કહે છે તે શિક્ષક નથી પણ ગુનેગાર છે, રાક્ષસ છે. સાચા મહાન કેળવણીકારોએ કહી દીધું છે કે બાળકો પોતાની જાતે જ શીખે છે ને શીખવાનાં છે. તેમનામાં શીખવાની વૃત્તિ સહજ છે, જબ્બર છે, અખૂટ છે, અસીમ છે. તે પૃથ્વીમાંથી વહતા એક કુદરતી ઝરણા સમાન છે.

લોકો માનતા નથી ત્યારે તેમની સામે કુદરતી બનાવો પ્રત્યક્ષ થાય છે, ને એ બનાવો તેમની આંખ ઉઘાડવા સમર્થ બને છે.

એવા થોડા જ દાખલાઓ બસ થશે.

એક સાત વર્ષની છોકરી છે. ભણતરના સ્વાભાવિક વાતાવરણમાં તે ભમે છે. આજુબાજુ જેને શિક્ષક કહીએ તેવું કોઇ નથી. તેને કોઇએ એમ કીધું નથી કે આ તું શીખ અને આ ન શીખ. અને છતાં તે વાંચવા લાગી ગઇ છે. પોતાની મેળે લખવા શીખી ગઇ છે. નાના નાના કાગળો લખે છે. કક્કા, બારાખડી અને જોડાક્ષર શીખવાનું ભારે માથાકૂટિયું કામ તેને કરવું પડ્યું નથી અને કોઇને કરાવવું પડ્યું નથી. તે પોતાની મુશ્કેલી બીજાને પૂછે છે અને આગળ વધે છે.

કારણ?

કારણ એ કે બાળકો પોતાની મેળે શીખી શકે છે. તેમને શિક્ષકની જરૂર નથી પણ સહાયકની જરૂર છે.

એક વાર એક પિતાએ પૂછ્યું: "મારી દીકરી નિશાળે જતી નથી. તેને શાળાએ જવાનું કહેતાં દુઃખ થાય છે, રડી પડવા જેવી થાય છે. શું કરવું?"

મેં પૂછ્યું: "દીકરી ઘેર વાંચે લખે છે? કંઇક કરે છે?"

પિતાએ કહ્યું: "ઘેર વાંચે છે, લખે છે અને આનંદમાં રહે છે. દિવસ આખો કંઇ ને કંઇ કર્યા જ કરે છે."

મેં છોકરીને પૂછ્યું: "તને નિશાળે જવું ગમશે?"

તેણે ના કહી.

મેં સલાહ આપી: "એને નિશાળે ન

મોકલેા. એને નિશાળની જરૂર નથી. તે નિશાળ માગતી નથી; શિક્ષક માગતી નથી. તે પેાતાની જાતે ભણવા માગે છે. તે સ્વયં-શિક્ષણના નવા યુગની બાળા છે. તેને જૂના યુગનું શિક્ષણ નહિ રુચે!"

પિતાએ તેને શાળાએ મોકલવી બંધ કરી. છેાકરી પેાતાની મેળાએ જ્ઞાન લીધા વિના નથી રહેતી.

એક નાનકડી છેાકરીએ આવીને મને કહ્યું: "હમણાં મારી પાસે વાંચવાની એકેય ચેાપડી નથી. હતી તેમાંથી કેટલીક ગૂમ થઇ છે. મને તમે થેાડી-એક મેાકલી આપશેા?"

મેં પૂછ્યું: "પેલી-પેલી-ચેાપડીઓ વાંચી લીધી કે?"

તે કહે: "હેાવે, તે તેા બધી વાંચી લીધી! મારે નવી નવી વાંચવી છે."

આ છેાકરીને કયે શિક્ષકે આટલું બધું વાંચવાનેા રસ લગાડ્યેા? એ છેાકરી કઇ નિશાળે ગઇ હતી? એ કેાઇ બાસ નિશાળનું શિક્ષણ લેતી ન હતી. તેનાથી લેવાય તેવું નહેાતું. પણ...પણ એ તેા નવા યુગની છેાકરી; શિક્ષણના નૂતન સિદ્ધાન્તેાને સાચા પાડનારી છેાકરી; પેાતાની મેળાએ વાચનનેા શેાખ આગળ ધપાવતી છેાકરી; એમ ઠરાવનારી છેાકરી કે નિશાળ વિના ચાલી શકે છે, નિશાળની બહાર ભણુતર શકય છે.

થેાડા વખત પહેલાં હું એક મારા મિત્રને ત્યાં ગએલેા. તેણે પેાતાની નાની છેાકરીને બતાવીને કહ્યું: "જુએાને, આ છેાકરી નિશાળે જવાની સાફ સાફ ના પાડે છે. અરે, એટલું જ નહિ પણ ઘેર શિક્ષક રાખ્યેા છે તેા, તેની પાસે ભણવાની ના પાડે છે! તેની પાસે બેસતી જ નથી. પણ નવાઇ જેવી વાત તેા એ છે કે તે પેાતાની મેળે ભણે છે. પૂછી પૂછીને ભણે છે. વાંચતાં લખતાં શીખી છે એટલું જ નહિ પણ સરવાળા બાદબાકી પણ શીખી છે."

મને નવાઇ લાગી. બાળકેા પેાતાની મેળે શીખવાનાં જ છે એની ખાત્રી હેાવા છતાં નવાઇ લાગી.

મેં કહ્યું: "ગણિત પણ પેાતાની મેળે શીખે છે?"

તેણે કહ્યું: "હા. એ પણ પેાતાની મેળે જ શીખે છે. જો કે તે ઘણા બધા સરવાળા અને બાદબાકી કરતી નથી. એક વાર આવડ્યા પછી નવું જ શીખવા લાગે છે."

મને ખાત્રીની ખાત્રી થઇ કે બાળકેા પેાતાની મેળે શીખે છે, શીખવાનાં છે. બાળકેાને શીખવવા નીકળેલા નાહકની જખ મારે છે ને ભૂલ ખાય છે!

બાળકેાની આ સ્વાભાવિક સ્વયંશિક્ષણની શક્તિને આપણે પિછાનીએ તેા શિક્ષણના કાર્યનું આવતી કાલે કેવું સ્વરૂપ બની જાય? તેા આજની નિશાળેા અને તેનું ભણુતર કયે ઠેકાણે પહેાંચે?

ગિ.

પત્રિકા

ના અત્યારે ૪૫૦૦ ગ્રાહકેા થઇ જવા આવ્યા છે. આ વર્ષે ત્યાં જ અટકીશું. ગ્રાહકેા કરી આપનારાં તમામ ભાઇ બહેનેાનેા ઉપકાર. હવે તેઓ આ વર્ષે વધારે મહેનત ન ઉઠાવે.

એ પિતાને - - - શું ?

એ પણ એક પિતા છે. મને કહે છેઃ "મારાં બાળકો મને બહુ પ્રિય છે. મેં ધન મેળવ્યું અને મારાં બાળકોને લાભ ન આપું તો કોને આપું ? તમે મને એક સુંદર શિક્ષિકા આપો. એક સુંદર. બસ એવી આપો કે બાળકોને હું પૂરેપૂરા વિશ્વાસથી સોંપી શકું ! મારે એને વિષે કશી ચિંતા કરવાનું રહે જ નહિ ! બધું એની મેળે કરી નાખે. હું તો માત્ર તમે કહો તેટલો પગાર આપું. તમે કહો તે બર્ચ કરું."

હું વિચારમાં અને વિમાસણમાં પડ્યો. કેવો અદ્‌ભુત પિતા ? બાળકો માટે કેટલી ધગશ ? બર્ચ કરવા બડે પગે ! પણ એ ભાઇ કહે છે કે 'મને કશી ચિંતા કરવાનું ન રહે તેવું કરો.'

મને ધીરે ધીરે વસ્તુસ્થિતિ સમજાવા લાગી. આ પિતા પણ એક નમુનો. પૈસાનું બળ એટલે જ કેળવણી આપવાની શક્તિ એમ તે સમજે છે. બસ, પૈસાથી માણસો મેળવી શકીએ એમ તે સમજે છે. બસ, એકાદ માણસને બાળકો સોંપી દીધાં એટલે બહુ થયું !

આટલું જ હોત તો મને બહુ દુઃખ ન થાત. તેનો ઉંડો આશય કોઇ કહે કે એવો છે કે પોતે બાળકોથી અલગ રહેવા માગે છે. બાળકોને કોઇના હાથમાં મૂકવાં એટલે પોતે ચિંતા અને બંધન રહિત. બાળકોની ઉપાધિ અને બટપટ કોણ કરે ? એ બધી નાહકની પીડા એમ તેઓ સમજનારા !

આવા પિતાને શું કહીએ ? બાળકોના પિતા થવું એ સહેલું છે. પૈસા કમાવા તે એક જુદી વાત છે, પણ બાળકો માટે સાચી રીતે અને સારી રીતે પૈસા બર્ચવા એ નોખી જ વાત છે. ધનવાનો સમજી લેશે કે માત્ર પૈસા બર્ચી કાઢવાથી બાળકોને કેળવણી નહિ મળે. જેમ ગમે તેવાં બાળકો ઘરમાં લાવીને તેને પોતાનાં બનાવી શકાશે નહિ તેમ ગમે તે માણસના હાથમાં બાળકોનું શિક્ષણ સોંપી બાળકોને કેળવણી આપી શકાશે નહિ.

બાળકોને કેળવણી આપવા માગતા હોય તેવા શ્રીમંતો થોડો પણ પોતે જાતે જ રસ લે. થોડી પણ પોતે જાતે જ સમજણ કેળવે. થોડી પણ પોતે જાતે જ કેળવણીની બાબતમાં માહિતી રાખે. અને પછી પોતાની જ દેખરેખ નીચે સારા શિક્ષકો રાખે, તેની શિક્ષણપદ્ધતિ વગેરે ઉપર થોડી પણ નજર રાખે. તો જ તેના પૈસાનો લાભ તેનાં બાળકોને મળશે. પૈસા, બાળકો અને શિક્ષકો ત્રણે માત્ર ભેગાં કરવાથી કશું નહિ વળે ! જો શ્રીમંત ચેતશે નહિ તો એકાએક તેને માલૂમ પડશે કે તેણે પોતાનાં પૈસાનો વધારેમાં વધારે દુરુપયોગ કર્યો હોય તો તે બાળકોને શિક્ષણ આપવામાં ! વધારેમાં વધારે કોઇનું નુકશાન કર્યું હોય તો તેનાં પોતાનાં બાળકોને !

ગિ.

ગરીબ બ્રાહ્મણનો લાંબો હાથ અક્ષરશાળાઓ એટલે હજારો ગરીબ બ્રાહ્મણને માટે ચલવવામાં આવતી શાળાઓ. એ શાળાઓ માટે પૈસા જોઇએ છે. ગરીબોએ લાંબા કરેલા હાથમાં સૌ જે ગમે તે આપજો. મદદ મોકલવાનુ સ્થળઃ **અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય :** શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર

એ પિતાને - - - પ્રણામ છે !

મારા સ્વપ્નમાં પણ નહિ કે હું એવું દૃશ્ય જોઇશ. એકાએક જઇ ચડ્યો ને મેં ભાળ્યું. હું સાચે જ ચમકી ગયો. પ્રથમ તો મારી આંખો તે સહસા માની શકી નહિ પણ તે બનાવ હકીકતનો જ હતો અને મેં તુરત તે કબૂલ્યો.

એક માણસ એક સુંદર આરસથી આચ્છાદિત અદ્યતન સ્નાનગૃહની અંદર બે બાળકોને નહવરાવતો હતો. એક નાની બાળાને તે ઘણી ધીરજથી ઘસતો હતો. તેને કંટાળો ન આવે તેમ પોચે હાથે અને પ્રસન્ન વદને તેને નહવરાવતો હતો. પાસે જ એક બીજો છોકરો ઉભો હતો અને તે નહાવાને માટે તૈયાર હતો.

આમાં કયું અદ્‌ભુત દૃશ્ય હતું તે હું ચમક્યો ? 'એક માણસ બે બાળકોને નહવરાવતો હતો' એમાં શું હતું ?

ના, હતું. એ માણસ શેઠનો નોકર ન હતો; એ માણસ શેઠનો નાનો ભાઇ કે નજીકનો સંબંધી પણ ન હતો; એ માણસ શેઠનો મોટો મુનીમ પણ ન હતો; પણ એ માણસ ખુદ શેઠ પોતે હતા.

અને એ શેઠ હતા એટલું જ નહિ પણ તે લાખોપતિ હતા. જે સ્નાનાગારમાં ઉભા રહી બાળકોને તે નહવડાવતા હતા તે જબ્બર મોટો તેનો પોતાનો હતો. તેને ઘેર નોકરો હતા, ચાકરો હતા. ધાર્યું હોત તો શેઠ પોતે બાળકોને માત્ર નહવરાવવા જ એક અંગ્રેજબાઇ પણ રાખી શકયા હોત. પણ છતાં શેઠ જાતે નહવરાવતા હતા.

શેઠ એટલે એક શેઠ માત્ર ન હતા; પૈસો ભેગો કરી જાણનાર એક વેપારી આદમી માત્ર ન હતા. તે એક સંસ્કારી, શિક્ષિત અને કુશળ શેઠ હતા. કેટલીયે લોકોપયોગી પ્રવૃત્તિના પ્રાણ રૂપ હતા. તે મોટા માણસમાં, શહેરીમાં ખપનાર હતા. અને છતાં શેઠ જાતે નહવરાવતા હતા.

વળી શેઠ માત્ર મોટા માણસ ન હતા; માત્ર બેઠાં બેઠાં હુકમ કરનાર શેઠ ન હતા. જાતે કેટલીયે જંજાળોના ચલવવાવાળા દિવસમાં અઢાર કલાક ગુંથાએલા હતા. અને છતાં તે શેઠ જાતે પોતાનાં બચ્ચાંને નહવરાવતા હતા.

આ એક ચમત્કાર હતો અને તેનું કારણ પણ હતું. કારણ એ હતું કે તે સાચા પિતા હતા. તે શેઠ હતા, શ્રીમાન હતા, મહાન્ હતા, બધું હતું પણ તે ઉપરાંત એક સાચા પિતા હતા.

તેનું સમગ્ર જીવન જોયું; તેની સાથે ઘણી વાતો થઇ. મનને ખાત્રી થઇ કે એ સાચા પિતા છે માટે નહવરાવે છે. પોતે સમજીને નહવરાવે છે. અનેક પ્રવૃત્તિઓ છે છતાં નહવરાવે છે. અનેક જણ પાસે નહવરાવી શકે તેમ છે છતાં નહવરાવે છે.

આવા પિતા વિષે શું કહેવું ? તેમને ધન્યવાદ આપવા ? તેમને પ્રણામ કરવા ?

ગિ.

પત્રવ્યવહાર વખતે પરબીડિયા ઉપરનો તમારો ગ્રાહક નંબર લખો.

બાળકોના અનુભવોમાંથી

અમારા નોકરે

બાળકને વાર્તા કહી. સામેથી બાળકે વાર્તા કહી. વાર્તા ગંદી હતી. બાળકને પૂછ્યું: "કોણે કહી હતી?" બાળક કહે: "અમારા નોકરે."

આ માસ્તર તે કેવા?

બાળકને બા બાલમંદિરમાં મૂકવા આવી. બાળકને ન ગમ્યું ને મા સાથે પાછું ચાલ્યું. બા કહે: "રહે, અહીં રહેવાનું." મેં કહ્યું: "જુઓ, નં ગમે તો ઘેર જાઓ. કાલે આવજો!" બા કહે: "આ માસ્તર તે કેવા? બાળકને રોકવાને બદલે કહે છે કે 'કાલે આવજો!"

મેં બાળકને જવા દીધું. ત્રીજે દિવસે બાળક મેળે આવ્યું ને મિત્ર બની ગયું.

છોનાં રાખવાની યુક્તિ

બાલમંદિરનાં બાળકો ઘરમાં કંઈ કારણસર રડે છે તો મા કે બાપ કહે છે: "જો, રડીશ તો બાલમંદિરમાં જવા નહિ દઉં."

બાળક રડતું રહી જાય છે. આગળ બાળકો રડતાં ત્યારે એમ કહેવાતું: "જો રડીશ તો નિશાળે મોકલી દઈશ."

વા. ઠા.

+ મોન્ટીસોરી અધ્યાપનમંદિર

ચાલુ વર્ષમાં નીચેના વિદ્યાર્થીઓ આ અધ્યાપનમંદિરમાં આવ્યા હતા. તેઓએ એક સત્ર અભ્યાસ કર્યો છે. રાષ્ટ્રીય લડતને અંગે મંદિર બંધ પડવાથી તેઓનો અભ્યાસ અધૂરો રહ્યો છે. મંદિર પુનઃ ઉઘડતાં તેમનો અભ્યાસ પૂરો કરાવવામાં આવશે. છતાં તેઓને મોન્ટીસોરી શિક્ષણની દૃષ્ટિ–અનુભવ ઠીક ઠીક પ્રમાણમાં પ્રાપ્ત થયાં છે. એકંદરે તેમના સહવાસમાં આવતાં બાળકોને લાભ થવા સંભવ છે. ક્રીડાંગણનું કે મોન્ટીસોરી શાળામાં મદદનીશ શિક્ષક તરીકેનું કામ તેઓ કરી શકશે તેટલાં તૈયાર થયાં છે.

શ્રી. આયમાયણેન નગરવાલા
શ્રી. સરસ્વતીબેન ત્રિપુરાશંકર
શ્રી. કાશીબેન મથુરભાઇ
શ્રી. કાન્તાબેન પારેખ
શ્રી. લીલુબેન ચંદુભાઇ દવે
શ્રી. જયાબેન પારેખ
શ્રી. ગિરિજાબેન ભોગીલાલ
શ્રી. રસિકલાલભાઇ શ્રી. ત્ર્યંબકલાલભાઇ
શ્રી. ચંદુલાલ જવેરી શ્રી. મગનભાઇ સોની
શ્રી. મનજીભાઇ: ક્રીડાંગણ શિક્ષક.

અત્યારની પ્રાથમિક શાળાના બાળ ધોરણમાં સંગીત

અત્યારે પ્રાથમિક શાળામાં સંગીતનો વિષય કોઇ ઠેકાણે દાખલ કરવામાં આવ્યો છે ને કોઇ ઠેકાણે નથી કરવામાં આવ્યો.

આજે દરેક બાળશાળામાં સંગીત અવશ્ય હોવું જોઇએ. નાનપણમાં કળાના સંસ્કારો પડવાથી કળા પ્રતિની અભિરુચિનાં મૂળ નખાય છે. આગળ ઉપર સંજોગો મળતાં વૃક્ષ ઉગી નીકળે.

બાળ વર્ગમાં સંગીત દાખલ કરવું હોય તોઃ–

૧. શિક્ષકને કંઇક ગાતાં, કંઇક વગાડતાં આવડવું જોઇએ. અર્થાત્ શિક્ષકને તાલ અને

સૂરનુ સાદું ભાન જોઇએ.

૨ શિક્ષક પોતે ન જાણતો હોય તો બહારનો ગાનાર લાવવો જોઇએ.

૩ બાળકો આગળ સંગીત મૂકવું એ જ સંગીતની બાબતમાં એની બરી પ્રાથમિક કેળવણી છે. માટે ગાનારે સારી રીતે ગાઇ સંભળાવવું; બાળકો શાંતિથી માત્ર સાંભળે.

૪ બાળકો પાસે સંગીત ઝીલાવવાના પ્રયત્નો પણ ન કરવા. બાળકો એની મેળે ગાતાં થઈ જશે, ઝીલવા લાગશે.

૫ ગાનારે કવિતાઓ કે ગાયનો સારાં, સંસ્કારી, બાલજીવનને રુચે તેવાં પસંદ કરવાં. બાળકોને લક્ષમાં રાખીને પસંદગી નહિ થાય તો કોઇ સાંભળશે નહિ.

૬ શિક્ષકે ચોખ્ખા ઉચ્ચારોથી અર્થાત્ સ્પષ્ટતાથી ગાવું. ગાનમાં શબ્દસ્પષ્ટતાની પ્રધાનતા જોઇએ. આલાપ અને તાન શરૂઆતમાં બાળકોને નથી ગમતાં.

૭ કાવ્યને શોભે તેવા અભિનય સાથે ગાવું. વધારે પડતો અભિનય બાળકોને માત્ર ગમ્મત આપે છે, અને તેમાં સંગીત તરફથી તેમનું ધ્યાન ખસી જાય છે.

૮ સંગીત સંભળાવવાનો હેતુ સંગીતના સંસ્કાર પાડવાનો છે; જેમાં કદિ ભૂલ ન આવી. માત્ર કવિતાઓ મોઢે કરાવવી એમાં સંગીતનું શિક્ષણ નથી.

૯ સંગીત તાલ સાથે ગાવું: તાળી અથવા મંજીરાં વાપરીને.

૧૦ સંગીત થાય ત્યારે વાતાવરણ શાંત, સ્વસ્થ અને પ્રસન્ન રાખવું. ધોંધાટ વચ્ચે સંગીત ચલવવું જ નહિ.

૧૧ જે બાળકોને સંગીત ન ગમે તેમને પરાણે બેસાડવાં નહિ.

૧૨ જેઓ સંગીતમાં બેસે છતાં વાતો કે અડચણ કરે તેમને શાંત પાડવાં અગર શાંતિથી રજા આપવી. બધાં જ ઉપર સંગીતના સંસ્કારો પાડવાની મહેનત ન કરવી.

૧૩ ગવાતી ચીજ સાંભળનારને મોઢે થઇ જવાથી તેઓ ગાનાર સાથે જોડાઇ શકે છે. માટે ગવાતી ચીજ પાટિયા પર લખીને વર્ગ સામે ધરી રાખવી.

૧૪ સરગમ વગેરે શાસ્ત્રીય રીતિથી સંગીતસંસ્કાર ન પાડવા. બાળકોને ગાન ગમે છે; ગાનનું વ્યાકરણ નથી ગમતું.

૧૫ સંગીતનું વાતાવરણ જમાવવા ધૂપ દીપ પણ કરી શકાય. ગિ.

બાળકો અને ચમત્કારી વાતો

એક ભાઇએ જે અનુભવ અને તેમાંથી તેમને આવેલા વિચારો પત્રિકા માટે મોકલી આપ્યા છે તે આ નીચે પ્રગટ કરીએ છીએ. એ વિચારો સર્વાંશે વ્યવસ્થાથી અને ચોકસાઇથી નથી મૂકાયા છતાં વાચકો જોઇ શકશે કે ભય-મૂલક વાર્તા બાળકોને નુકશાનકારક છે એવું કહેવું તેમનું સ્પષ્ટ છે.

આપણે પણ માનીએ છીએ કે બાળકો જ્યાં એવી વાતોથી બહીએ એમ હોય ત્યાં તેવી વાતો ન જ કહેવી. બીકરામણી વાર્તાઓથી બાળકમાં ભયનું ઇન્જેકશન આપી શકાય. ભયનું ઇન્જેકશન એટલે મોતનું ઇન્જેકશન.

ક્રમ કે હરેક પ્રકારનું સામાજીક, ધાર્મિક, રાજકીય નૈતિક મોત ભયને લીધે જ થાય છે. ભયંકર રસને રસ તરીકે જેઓ ઝીલી શકે અને પચાવી શકે તેને માટે જ તેવી વાર્તાઓ ભલે રહે. વાર્તાનો સ્વાદ નહિ મળે તો કંઈ ખોવાનું નથી; ભય ઉત્પન્ન કરનારી વાર્તાઓનો નાશ થાય તો પણ વાર્તાના સાહિત્યનો વંશ જવાનો નથી. આથી ભયભરેલી વાર્તાઓનો પક્ષ બહુ ખેંચવાની જરૂર નથી. આ સ્થળે ચમત્કારિક, જાદુની, પરીઓની વગેરે વાર્તામાં જ્યાં ભય આવતો હોય તે બાબતમાં જ આ ચર્ચા છે. સ્વતઃ પરીઓની, જાદુની કે ચમત્કારની વાર્તા કેટલે અંશે સ્વીકાર્ય અગર ત્યાજ્ય છે તે જોવાનું બાકી જ રહે છે. **તંત્રીઓ.**

પત્ર

સાધારણ રીતે માનવામાં આવે છે કે બાળકોને ચમત્કારી વાતો બહુ ગમે છે. દાખલા તરીકે પરીઓની વાતો, જાદુની વાતો, ભેદી સ્થાનની વાતો વગેરે વગેરે. એથી સમજાય છે કે બાળકોને ચમત્કાર પ્રિય છે. તેઓ શાંતિથી કાંઇ પણ ધોંધાટ વગર આતુરતાથી સાંભળે છે અને કોઇ અંદર વિઘ્ન નાખે તો તેઓ ચીડાય છે. આથી બાળકોને વાતો જ અને તે પણ ચમત્કારી જ કરવી ઘટે. આવા વિચારથી આજે જે બાલસાહિત્ય પ્રગટ થાય છે તે ચમત્કારપ્રધાન હોય છે. આવે વખતે હું મારો બચપણનો અનુભવ વર્ણવીશ તો તે અસ્થાને ન જ ગણાય.

બાળકો વાર્તાપ્રિય હોય છે તેમ હું પણ હતો. ઘણી વાતો મેં વાંચી. પરંતુ તે વાંચતાં અમુક પાત્ર જે કરુણ ચિતાર રજુ કરતું હોય છે તેનું શું થયું હશે વગેરે ચિંતાઓ કલાકો સુધી થયાં કરતી; આખો દિવસ એ જ વિચાર આવ્યા કરતા. પછી તો મેં વાર્તા વાંચવાનું ન છૂટકે મૂકી દીધું કારણ કે તેમાં આવતાં ભયંકર પાત્રોની મને એટલી તો બીક લાગતી કે રખેને મને તે જ વિચાર આવ્યા કરે એવા ભયથી વાંચવું મૂકી દીધું. બાલમાનસ બહુ નાજુક હોય છે; તે જે કાંઇ જુએ કે સાંભળે તેની આબેહુબ છાપ લઇ લે છે. વીરની વાતોમાંનો બાબરો ભૂત ને બીજાં એવાં પાત્રો બાળકોને વહેમી અને તેથી જ બીકણ જરૂર બનાવે.

અમુક જગ્યાએ મોટો અવાજ થયો ને દેવદૂત કે ભયંકર ચંડિકા આવી બાળકને બીવરાવે એવું વર્તન કર્યું એવું ચિત્રણ હોય ત્યાં પણ બાળક જરૂર બ્હીએ. અને જો એ જોયું હોય તો એવી એકાદ વાત તેને કરવાથી કે વાંચવા આપવાથી તે કાંઇ અવાજ થતાં વાર્તામાંની ચંડિકા કે ભૂત એવું કંઇ હશે એમ ધારી લે છે.

મારો કહેવાનો આશય એ નથી જ કે બાળકોને ચમત્કારી વાર્તા કહેવી નહિ. પરંતુ તે કહેવામાં પણ ઘણા વિવેકની જરૂર છે. આવી ભયંકર વાતો—બાળકને સડક જ કરી નાખે તેવી વાતો તો દોઢ ગાઉ દૂર જ રાખીએ. કોઇ કહેશે કે આવી વાત બની નથી એમ કહેવું અને વધારે એ પણ સમજાવવું કે એવું બને-કદાચ—તો કેવું? આમ કરવાથી બાળક બ્હીતું અટકશે. તે માત્ર તેને ગપ્પમત તરીકે સ્વીકારશે. પણ આ કથન કરતાં વાર્તાની વધુ ગાઢ છાપ હોય છે. એટલે એ હેતુ અણસમજુ બાળકોમાં ફળે એમ મને તો નથી લાગતું.

પ્રથમ દુષ્ટોનો જય થતો લાગે અને છેવટે ધર્મીનો જય થાય એવી વાતો કરવામાં કશું ખોટું નથી. પરંતુ તેમાં બાળકો બ્હીએ એવી ભયંકરતા ન જ હોવી જોઇએ. અને તે કલ્પિત છે એવું કહેવાની જરૂર પણ નથી. અસ્વાભાવિક વાતો હોય ત્યાં તે સ્પષ્ટ કરવું જ જોઇએ. પણ જાદુની ને એવી એવી વાતો અને તેને અંગેનાં ભયંકર ચિત્રો—શબ્દચિત્રો તો ફેંકી જ દઇએ.

એક શિક્ષક.

શિક્ષકો અને તેમની ગરીબી : એક ઉપાય.

આજે લડત ચાલે છે. એમાં જોડાવું ન જોડાવું એ પ્રશ્ન અહીં ચર્ચતો નથી. પણ આવા દેશકાળમાંથી શિક્ષક પોતે શો લાભ ઉઠાવી શકે છે તે વિચારીએ.

આ લડત કહે છે કે માણસ માત્રે નકામો ખર્ચ ન કરવો. જોઇએ તે કરતાં વધારે કપડાં પહેરવાની આપણને એક ખરાબ આદત પડી છે; જોઇએ તે કરતાં વધારે કપડાં રાખવાની ખૂરી આદતથી લાખો માણસોનાં કપડાં બીજાઓ ખૂંચવી લે છે.

આપણે એક વાત કરીએ. જોઇએ તેટલાં જ કપડાં પહેરીએ; એ જ ખરી વસ્તુ છે. આપણામાં એક પ્રકારનો અસંતોષ રહે છેઃ "અરેરે, આપણી પાસે તો માત્ર બે જ પહેરણ છે, બે જ ધોતીયાં છે. આપણે ગરીબ છીએ માટે એ સ્થિતિ છે. આપણે શ્રીમંત હોત તો કેવું સારૂં થાત!"

ખરી વાત એમ છે કે ખરો સમજુ શ્રીમન્ત તો હવેના વખતમાં તે છે કે જે નકામાં ધોતીયાં પહેરણ સંઘરતો નથી; જે થોડા ઉપર ફરફસરથી ચલવે છે; કપડાં ફાટે છે તો તેને સાંધીને ચલવે છે, અને ફાટેલા કપડાનો એક પણ ટુકડો નકામો જવા દેતો નથી.

શિક્ષકભાઇને આ કરવું બહુ સહેલું છે. કરવું તો સહેલું છે જ પણ સમજવું પણ સહેલું છે. આપણી મનોવૃત્તિમાં જે અસંતોષ હતો તે ખોટો હતો, બહિર્ તુલનાનો હતો. તે કાઢીને સાચો સંતોષ જોવો એટલે આપણી દૃષ્ટિ બદલાશે. આપણી કંગાલિયત મનોવૃત્તિ તેજસ્વી બનશે. આપણું ગરીબ મ્હોં ઉજળું લાગશે. આપણાં થોડાં અને સાંધેલાં વસ્ત્રો દેશની આર્થિક સુધારણા માટે સહાય રૂપ થશે. આજે તો શ્રીમન્તોના શ્રીમન્તો પણ એક પહેરણ અને એક ધોતીયે આખું અંગ સુખેથી ઢાંકે છે. શિક્ષકને આ વર્ગ સાથે ભળતાં કેટલી વાર છે?

બીજી વાત. આપણા જીવનને આપણે આર્થિક દૃષ્ટિએ જ જોવાનું રહ્યું. આર્થિક દૃષ્ટિ આપણને શું કહેશે? આપણને સસ્તું અને લાંબું ચાલે તેવું કાપડ પોસાય. એવું કાપડ જાડી ખાદી—વેજુ છે. અસલના લોકો ખાદી પહેરતા તેનું રહસ્ય એ હતું. તે સોંઘી પડે છે; તે લાંબો વખત ટકે છે.

ખાદી આપણા દેશની છે અને તેની ઉત્પત્તિના પૈસા આપણા ભાઇઓના હાથમાં જાય છે ને તેથી તેઓ દરિદ્રતામાંથી બચવા લાગે છે. એ વાતથી શિક્ષક અજાણ ન હોય. ખાદી

વાપરવામાં એ ગરીબ ભાઇઓને મદદ કરવાનું તો આવી જ જાય છે. અને જ્યાં આપણી પોતાની કરકસરનો પ્રશ્ન ઉકલે અને સાથે જ બીજાને મદદ થાય એવું બને ત્યાં તો આપણે એ પગલું કેમ જ ન લઇએ ?

વારૂ, આપણે આ જમાનો ઓળખી સ્વાવલંબી થઇ જઇએ; આપણાં બાળકો અને સ્ત્રીઓને તેવાં બનાવી દઇએ તો કંઇ નહિ તો આપણે તો ઘણું રળ્યા સમજીએ. આપણે ગરીબ છીએ અને છતાં બીજી પ્રવૃત્તિ કરતા નથી. આપણી સ્ત્રી ઘરમાં બેસી રહે છે અને છતાં પ્રાઇ કમાતી નથી. આપણે ટૂંકા પગારમાં અત્યંત ભૂખ દુઃખ વેઠવાં અને માગી ભીખીને ચલાવવું એટલું કરીએ છીએ. શા માટે આપણે પોતાનું પેટ સારી પેઠે ભરતાં ન શીખવું ? શા માટે સ્ત્રીઓને માત્ર આપણા પૈસા પર જીવતી રાખવી ? શા માટે તેમનો ફાજલ વખત ઉપયોગમાં ન લેવો ?

દેશકાળ પ્રમાણે કાંતવાની પ્રવૃત્તિ આપણા આર્થિક ઉકેલ માટે અવશ્ય લેવા જેવી છે. સાંજ પડે આખું ઘર મળીને પણ ચાર આઠ આના કમાય તો પણ શું ખોટું છે ? કાંતવું એ પરાપૂર્વથી આપણા દેશનો ઉજળો ધંધો છે; ઘરે બેઠાં થઇ શકે છે. બેન દીકરીઓ આંબરૂ સાથે તે કરી શકે છે અને સાંજે બે પાંચ આના કમાઇ શકે છે. આજે તો સુતરની આગણી છે; સુતરની કિંમત તુરત મળે છે. એમ નહિ તો હાથે કાંતેલું વણાવીએ તો પોતાનાં જ કપડાં આપણે પહેરવાનું ભાગ્ય મેળવી શકીએ. શા માટે આપણે એટલી બચત ન કરવી ? શા માટે આપણે ફાજલ વખતમાં આપણાં કુટુમ્બીઓને કામે ન લગાડવાં ?

આપણે સૌ શિક્ષકો આપણી આજની ગરીબીનો વિચાર કરી જરૂર ખાદી પહેરતા અને કાંતતા થઇ જ જઇએ. ગિ.

નવું બાલસાહિત્ય

વસંતમાળા પ્રચાર

વાનરસેનાનાં ગીતો	લે.	ગિજુભાઇ
તિરંદાજ	,,	,,
આલ્પસ અને ફ્રાન્સ	,,	,,
થીઆસાં	,,	,,
કામાચારૂ	,,	,,

કલ્યાણ : એક શૂર કાવ્ય.
લે. ચંદ્રવદન ચિ. મહેતા.

દગો.	માતાને ખોલે.
દેશને ખાતર.	રણમેદાન.
ભાઇનું બલિદાન.	

નાટકો : લે. જે. છ. ચૌધરી : સુરત

બંજરંગી હનુમાન કંસવધ	}	વાર્તાઓ જે. છ. ચૌધરી

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, બંજર બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૬ ઠું
૧૯૮૭

અંક ૨-૩ જો
ચૈત્ર-વૈશાખ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

માબાપ એમ માને કે અમે ગમે તેમ વર્તીએ અને છતાં અમે અમારાં બાળકોને સુંદર બનાવી શકશું તો તેઓ ભૂલ કરે છે.

માબાપ અને ઘર એ આ દુનિયામાં સૌથી મોટી અને બળવાન શાળા છે. ત્યાં બાળક જે શીખ્યું તે કદિ અણશીખ્યું થવાનું નથી. ઘરનું શિક્ષણ કદિ ભૂંસાતું નથી, કારણ કે તે બહુ ઉંડું જાય છે.

શિક્ષકો, માનસશાસ્ત્રીઓ અને ઇલમીઓ પણ જો માબાપના જ ઘરમાંથી બાળકો બગડ્યાં હશે તો તેમને સુધારવામાં નિષ્ફળ જવાના છે.

બાળકોના . . . . . કાન

બાલમંદિરમાં વારંવાર બાળકોનાં આંખ, કાન, નાક તપાસવામાં આવે છે.

તપાસ કરતાં નીચેની સ્થિતિ જોવામાં આવે જ. ભાગ્યેજ બાળકોના કાનમાં મેલ નથી હોતો. કાળો ગુંગળો મેલ આજુ બાજુએ ચારેકોર ચોંટેલો અને ભરેલો જણાય છે. કેટલાંક બાળકોના કાનમાંથી પરૂ વહેતું દેખાય છે પરૂને લીધે કાનમાંથી દુર્ગંધ આવે છે.

તપાસ પછી માબાપોને ચિઠ્ઠી લખવામાં આવે છે કે બાળકોનાં આંખ, કાન, નાકની સ્થિતિ આવી આવી છે માટે સુધારો, વગેરે.

સમજુ માબાપો કાનને સ્વચ્છ રાખત થાય છે. કોઇ કોઇ માબાપો બાળકોને દવા બાને લઇ જાય છે ને પિચકારી મરાવી તેમ દવા નખાવે છે. કેટલાંએક માબાપોને વારંવાર કહ્યા છતાં ધ્યાન પર લેતાં નથી.

કાનની પીડાને લીધે જ્યારે નાનાં બાળકો ચીસો નાખે છે ત્યારે સાંભળી જતી નથી. છેક નાનાં બાળકો તો શા માટે રડે છે તે જ સમજાતું નથી. પેટમાં દૂખે છે કે સૂળ કે ચૂંક આવે છે એમ સમજી માં તે બાજુએ દવા કરે છે જ્યારે ખરી રીતે તેના કાનમાં ચાસકા આવતા હોય છે.

પાસ વહે છે તે બાળકની પાસે બીજાં બાળકો બેસતાં નથી. વારંવાર કાનમાં માખી જાય છે ને પરૂ લઇ જ્યાં ત્યાં બેસી દુર્ગંધ અને ગંદકી ફેલાવે છે. બાળકને માંદીની કનડગત થાય છે તેથી તે વારંવાર કાનમાં આંગળી ભોંસે છે, કોઇ વાર કાનમાં પેઠેલી માખી કાનમાં મરી જાય છે. બાળક પાસ વાળી આંગળી જ્યાં ત્યાં અડાડે છે. જમતી વખતે હાથ ધોયા વિના જમે તો તેવી આંગળી મ્હોંમાં પણ જાય છે.

બાળકના કાનમાં કચરો હોય છે કે પાસ વહેતું હોય છે ત્યારે તે કાને બરાબર સાંભળી શકતું નથી. આથી બાળકને જાતજાતની મુશ્કેલીઓ ઉભી થાય છે. વાર્તા કે વાતચીતનો આનંદ બાળક લઇ શકતું નથી; તેનો ચહેરો મંદ લાગે છે ને તેથી શિક્ષક તેના ઉપર સમજ્યા વિના ચીડાઇ જાય છે; તે ભણવામાં પાછળ રહે છે જ્યારે તેનો દોષ તેના ઉપર નથી હોતો.

કાનમાં અવાજ ઓછા કે આછા જાય તેથી બાળક સંગીતમાં રસ લઇ શકતું નથી. તે સંગીત વર્ગમાંથી નાંસી જવા પ્રયત્ન કરે છે. કાન સાજા હોવા છતાં મેલને કારણે તે બહેરું બને છે ને લાભ ખુએ છે.

કાનનો પડદો પહેલેથી જ ખામીવાળો હોય તો જરૂર તેનો ઉપાય દાકતરને હાથ કે ઈશ્વરને હાથ છે.

કાન વહે તો તેની દવા માબાપે કરાવવી જોઇએ, અને ન કરાવે તો તે બાળકના દુઃખની પરવા વિનાનો ગણાય.

કાનનો મેલ કાઢી કાન સાફ ન રાખનાર માબાપો બાળકોના સુખ, આનંદ અને પ્રગતિનાં વિરોધી બને છે. માબાપોએ પહેલી તકે ચેતવું જોઇએ.

કાનની એક પીડાની વાત પૂરી થઇ. કાનને બીજી જાતની પીડાઓ છે, કાનને માબાપો

વીંધાવે છે, એટલે કે કાનમાં કાણાં પડાવે છે. કારણ તો એ છે કે એ કાણાંમાં ઘરેણાં ભેરવી બાળકો રૂપાળાં લાગે ! કાણાં પાડી શરીરને શણગારવું એ રિવાજ જંગલી લોકોના રિવાજોને મળતો છે. શરીરને શણગારવાનું ટળી ન શકે તો શરીરને પીડ્યા વિના શણગારાય તો ભલું. બધાં બાળકો કાનમાં કાણાં પાડ્યા વિનાનાં હોય તો કોઈ કોઈની અદેખાઈ ન કરે અને કોઈને ખોટી હોંશ ન થાય. સમજુ માણસો કાન વીંધાવવામાંથી બચે તો સારું. અણવીંધ્યા કાન કરૂપ લાગે કે સુરૂપ લાગે એ તો આંખને જોવાની ટેવ ઉપર છે. છતાં કાન કૂલોથી શણગારેલા હોય તો શોભે છે. એવો સસ્તો સાદો કુદરતી શણગાર કાન વીંધ્યા વિના થઈ શકે તો બાળકો ભલે કરે. કાન નાક વીંધ્યા વિના સૌભાગ્યચિન્હો ધારણ કરવાનું શું થશે એ વહેમ અને રૂઢિને તો ત્યાગવી જ જોઈએ. સૌભાગ્યને કાન નાકનાં કાણાં ઉપર ક્યાં અવલંબિત કરીએ ? બળદોને કાને કાણાં પાડી તેમાં મોતી કે કોડીઓ નાખવામાં આવે છે. આપણાં બાળકોના કાનના ઉપલા ભાગો વીંધાવી તેમાં મોતીની કડી નાખીએ છીએ ત્યારે આપણે તેમને બળદ જેમ શણગારીએ છીએ એમ કહેવાય. અગાઉ છોકરા છોકરીઓ બંનેના કાન વીંધાતા. હવે છોકરાઓના કાન સુધારામાં જતા જાય છે. છોકરીઓના કાન પણ ભલે સુધરે. કાન ઉપર આગળ જતાં ઘરેણાં પહેરવાની જે છોકરીઓને હોંશ થશે તેઓ હવે નીકળેલી ચાંપવાળી બુટ્ટીઓ ખરીદશે અને એ રીતે કાનને શણગારીને રાજી થશે.

= મોન્ટીસોરી સંક્ષિપ્ત =

આવતા ઑગસ્ટ માસમાં
પ્રસિદ્ધ થશે.

ડૉ. મોન્ટીસોરીએ લખેલ
ડૉ. મોન્ટીસોરીઝ ઓન હૅન્ડ
બુક' નામની ચોપડીનું ભાષાંતર

ભાષાંતર કર્તા
શ્રીમતી તારાબેન મોડક

પ્રકાશક: **ઇ. મૂ. પ્રકાશનમંદિર**

અત્યારથી માગણી નોંધાવો.

કાનનો એક દુરૂપયોગ મહેતાજી કરે છે. તે છોકરાઓના કાન ખેંચે છે. તોફાની છોકરાઓ અને ઠોઠ છોકરાઓને મનમાં થતું હશે કે ભગવાને કાન ન આપ્યા હોત તો સારું થાત. પણ આપણે એમ કહીએ તો કેવું સારું કે કાન તાણવા માટે મહેતાજીને ભગવાન હાથ ન આપે તો કેવું સારું થાય ?

કાનનો ખરો ઉપયોગ વણિક કરે છે. તે કલમ કાને ખોસે છે. કલમસ્થાન કે કલમદાન તરીકે કાનનો ઉપયોગ એ બહુ ઊંચી અક્કલનો નમુનો છે. વણિક પાસેથી દરજીએ કાને સોય ખોસવાનું શિક્ષણ લીધું હશે. ચશ્મા પહેરવાવાળાએ પણ કાનને જ ભાળ્યા છે. કાન સાંભળવા માટે છે; કાન વસ્તુના ટેકા માટે છે; કાન શોભા શણગાર ગોઠવવા માટે પણ ચાલે. પણ કાન ખેંચવા કે આમળવા માટે નથી જ. ગિ.

પત્રવ્યવહાર વખતે પરબીડિયા ઉપરનો તમારો ગ્રાહક નંબર લખો.

એક છાની વાત - - - - હાથ આવી

અમારા નાના રસિકભાઇ ઘણા ચાલાક. ઘણી વાતો એમને કાને આવે; ઘણી વાતો એમની નજરે ચડે; ને રસિકભાઇ બેઠા બેઠા વિચારી જાય.

રસિકભાઇને આજુબાજુના હમણાંના વાતાવરણમાં ખૂબ રસ પડે.

એક દિવસ એણે સાંભળ્યું કે પંડિત મોતીલાલજી ગુજરી ગયા. એને વિચાર થયો કે પંડિતજી ગુજરી ગયા એટલે શું થયું? એણે ઘણાંને પૂછ્યું પણ કોઇ સરખો જવાબ દે તો કે? કોઇ કહેઃ "ચૂપ બેસ. નાને મોઢે કેટલી વાત કરીશ?" કોઇ કહેઃ "એમાં તું ન સમજ." કોઇ કહેઃ "એમ ન પૂછાય." કોઇ કહેઃ "નાનાં છોકરાંને એ ન કહેવાય." દરેક જવાબથી એની જીજ્ઞાસા ઉલટી વધી ને છેલ્લા જવાબથી તો તે અધીરાઇની ટોચે પહોંચી. નાનાં છોકરાંને ન કહેવાય એવું કાંઇક છે એટલે તો ભારે જાણવા જેવું હોવું જોઇએ. રસિકભાઇ ખૂબ અસ્વસ્થ થયા. રમવા જાય તોયે તે જ વિચાર આવે ને ખાવા બેસે તોયે તે જ વિચાર આવે.

થોડા દિવસ થયા ત્યાં તો તેના પાડોશમાં એક મરણ થયું. બધાં કહેઃ "પાર્વતીમા ગુજરી ગયાં." રસિકભાઇ એ વાત સાંભળીને એકદમ દોડ્યા. તેને થયું કે હવે તો મોતીલાલજી કેમ ગુજરી ગયા તેની ખબર પડશે. પાર્વતીમા તો તેને વાર્તા કહેતાં ને તેની સાથે વાતો પણ કરતાં એટલે તે તો તેને કહેશે જ કહેશે. એટલે રસિકભાઇ તો દોડીને પાર્વતીમાને ઘેર પહોંચ્યા. પણ ત્યાં તો ઓશરી પર થોડા ઉઘાડા માથાવાળા પુરુષો બેઠેલા. કોઇ બોલે કે ચાલે. અંદરથી કાંઇક અવાજ આવતો હતો. રસિકભાઇને ખબર ન પડી કે એ ગાવાનો અવાજ છે કે રડવાનો. એટલું લાગ્યું કે આવું શું ગાય છે? જાણે રડતાં હોય! પણ રસિકભાઇને કોઇ અંદર જવા દે નહિ. પેલા ગોર્ધનડોસા તો એવા વઢ્યા ને જાણે મારવા જ આવ્યા. "અહીં કયાં આવ્યો? ભાગ નહિ તો મારું છું." રસિકભાઈ તો ઘર ભેગા થઇ ગયા. તેના મનમાં થતું હતું કે પાર્વતીમા તો જરૂર મને સંભારશે ને જોવા બોલાવશે. કાંઇ જરાક આવાનું હોય તોયે તે રસિકને સંભાર્યા વગર ન રહે. તો આજે નહિ બોલાવે, કાંઇ? તેને થયું કે પાર્વતીમા તો હમણાં માંદાં હતાં તે એટલામાં સાજાં થઇ ગયાં હશે? એને કહ્યું પણ નહિ ને શું કામ ગુજરી ગયાં? આ બધા જ લોકો એને કેમ ખબર પણ પડવા દેતા નથી? કાંઇ સરસ હોવું જોઇએ. રસિકભાઇ તો ઘરે ગયા ને આમ તેમ આંટા મારે. આજે તો ઘરમાંયે કોઇ ન હતું. રસિકની બા પણ પાર્વતીમાને ત્યાં, બાપા પણ ત્યાં. એક બેન હતી તે પણ કાંઈ રાંધતી કારવતી ન હતી. રસિકભાઇ તો આમ તેમ ફરતા ફરતા દાદરા ઉપરની એક નાની બારી પાસે પહોંચ્યા. ત્યાંથી પાર્વતીમાની ઓશરી દેખાતી હતી. રસિકભાઇ ખૂબ ખુશ થયા: "હવે ફિકર નહિ. શું શું થાય છે તે બધું દેખાશે. બધી ખબર પડશે." ઘણો વખત થયો. કાંઈ થાય નહિ. કોઇ કોઇ

માણસો આવે ને ગમગીન મોઢું કરીને બેસે. રસિકભાઇ કંટાળીને બેઠા બેઠા ઝોકાં ખાવા લાગ્યા એટલામાં મોટેથી ઓ...થતું સંભળાયું. રસિકભાઇ જુએ ત્યાં તો પાર્વતીમાને એક વાંસડાના ખાટલા જેવું કાંઇક હતું તેના પર સુવરાવેલાં ને ચાર જણાએ ઉપાડેલાં. આજુબાજુના સૌ રોવા લાગ્યા. મોટેથી ઓ... કરવા લાગ્યા. કોઇ રડતાં રડતાં બોલે, તો કોઇ છાતી કૂટે, તો કોઇ પડી જાય. રસિકભાઇને પાર્વતીમાને કયાં લઇ જતા હશે તે જોવા જવાનું મન થયું, પણ આવું બધું જોઇ તે તો દાદરા પર જ ઠંડા થઇને બેઠા. જરા વાર તો તેને ગમ્યું નહિ ને નીચે બેન હતી તેની પાસે જઇને તેના બોળામાં માથું મૂકી તે પણ રડવા લાગ્યો. બેને તેના વાંસા પર હાથ ફેરવ્યો એટલે તેને સારું લાગ્યું. થોડી વાર થઇ ને રસિકે પૂછ્યું: "બેન, પાર્વતીમાને કયાં લઇ ગયા?"

બેન કહે: "સ્મશાને."

રસિક કહે: "તે ત્યાં શા માટે?"

બેન કહે: "ત્યાં તેને બાળશે. એ તો મરી ગયાં."

"મરી ગયાં? એટલે શું? કોઇ કહેતું હતું કે ડોશીમા ગુજરી ગયાં."

"હા. તે એક જ ને? હવે કાંઇ મા આપણને મળશે નહિ. એ તો ગયાં!"

બેને આટલી વાત સમજાવી ને વઢીને એને કાઢી ન મૂક્યો એટલે રસિકને સારું લાગ્યું. તેને વધારે પૂછવાની હિંમત આવી. "હેં બેન, એ કયાં ગયાં? ને શું કામ આપણને ન મળે?"

"ભાઇ, એ તો ગુજરી ગયાં. મરી ગયા પછી બાળી નાખે ને તેની રાખ પણ નદીમાં નાખી દે. પછી કયાંથી મળી શકાય?"

"હેં! પણ બાળે શું કામ? માજી દાઝશે નહિ?"

"અરે ના રે. બેના શરીરમાં કયાં જીવ હોય છે? જીવ જાય ને શરીર લાકડા જેવું થઇ જાય; ન હલે કે ચલે. એટલે પછી બાળી મૂકે. આ તે દિવસે ગલુડિયું મરી ગયું હતું તે તેં નહોતું જોયું?"

"ગલુડિયું? હા. જોયું તો હતું. પણ એને તો ઢેઢ ઉપાડી ગયો હતો."

રસિકભાઇ જરા વાર એમ ને એમ બેસી રહ્યા. પછી એકદમ કાંઇક સૂઝયું હોય તેમ તાળી પાડીને બોલ્યા: "બેન બેન, મોતીલાલજી ગુજરી ગયા તે આમ જ ગુજરી ગયા હશે."

"હા જ તો."

"એટલે જ સૌ 'અરેરે! બહુ બોટું થયું!' એમ કહેતાં હતાં બરાં. હવે મોતીલાલજી કોઇને મળશે નહિ, કેમ? એને પણ બાળવા લઇ ગયા હશે?"

બેને માથું હલાવી હા કહી. રસિકભાઇ આવું આવું બોલે એ તેને હવે ગમતું નહોતું.

પણ રસિકભાઇના હૃદયમાંથી એક મોટી મૂંઝવણ દૂર થઇ. કોઇ વાર સૂતી વખતે કે ઉઠતી વખતે ને કેટલીયે વાર એને થતું કે મોતીલાલજી ગુજરી ગયા એટલે શું? તે હવે જાણે ઘણા દિવસનો કોયડો ઉકલ્યો.

તે દિવસ આખો દિવસ તેને એક રીતે ગમતું ન હતું. માજી સાંભરતાં. સિવાય પાડોશમાંથી રડવાનો અવાજ આવે ત્યારે તેને પણ રડવાનું મન થતું. પણ આજે તેનું હૃદય

હળવું હતું. આજે તેની એક મહાન જિજ્ઞાસા તૃપ્ત થઇ હતી. આજે એક મહાન નવું જ્ઞાન તેને પ્રાપ્ત થયું હતું.

તેના મનમાં ફટકાયે નવા પ્રશ્નો ઉઠ્યા હતાઃ "શું, બધાં ગુજરી જતાં હશે? એ ગુજરીને કયાં જતાં હશે? દરેકને કયારે ગુજરવાનું હશે?" આવા એક નહિ પણ હજાર પ્રશ્નો હતા. પણ આજ ને આજ તે કોઇને પૂછવા ન ગયા. તેને જરાક બીક હતી કે કોઇ જાણશે કે તેને ગુજરવાની બબર પડી છે તો વખતે તેને વઢે ને બેનને પણ વઢે.

આજે જગતે છાની રાખેલી એક મોટી વાત તેને હાથ આવી હતી. તેણે પણ તેને પોતાના નાના મગજમાં સંતાડી દીધી. તા.

ફોગળા

આપણે અને બાળકો ફોગળા કરીએ જ કરીએ.

જ્યારે સવારે ઉઠીએ ત્યારે.
દાતણ ઘસી રહ્યા પછી.
ચ્હા, દૂધ, કોફી કે કંઇ પીવા પછી.
બપોરે કે રાતે જમ્યા પછી.
કોઇ પણ વખતે નાસ્તો લીધા પછી.
શેરડી,મુસંબી કે કોઇ પણ ફળો બાધા પછી.
પાનસોપારી કે એવો મુખવાસ બાધા પછી.
રાતે સૂતી વખતે. ગિ.

શોખ લગાડો

નાનાં બાળકોને કાચમાં મ્હોં ઉઘાડી પોતાના દાંત જોવાની રમત બતાવો. તેમને જાતે જોતાં શીખવો કે પોતાના દાંત ઉજળા છે કે મેલા. ઉજળા કરવા માટે દાતણ ઘસતાં શીખવો; સારાં અને નિર્દોષ એવાં મંજન ઘસતાં શીખવો. મંજનો ઘણી જાતનાં અને બળેલાં છાણાની રાખથી કૉલગેટ સુધીનાં છે. સસ્તાં છતાં સુગંધી મંજનો બાળકોને ગમશે. દાંત ઘસીને બાળક વારંવાર કાચમાં જુએ. દાંત ઘસવાની ને કાચમાં જોવાની મજા લે. ગિ.

ચેતજો, ઘરમાં બાલશિક્ષક રાખતા પહેલાં

આજે બાલશિક્ષણ તરફ સારાં માબાપોની અભિરુચિ છે ત્યારે તેવાં માબાપોને ઠગનારા ઉભા થાય છે. માબાપો મોન્ટીસોરી પદ્ધતિનો શિક્ષક માગે છે એટલે પેટ ભરવાને માટે બહાર નીકળેલ ભાંઇ અગર બહેન કહે છેઃ "મોન્ટીસોરી પદ્ધતિ? હા, મોન્ટીસોરી પદ્ધતિ હું જાણું છું. છોકરાંને ભણાવવાની. એમાં મરાય નહિ ને રમાડીને અને હસાવીને ભણાવાય, મને એનો અભ્યાસ છે. હા હા, હું ખુશીથી કામ કરીશ." માબાપ ભલાં હોય છે. મીઠો માણસ તેમને ભોળવીને ઘરમાં દાખલ થાય છે. આ પહોંચેલો માણસ મોન્ટીસોરી પદ્ધતિની ચોપડીઓની શોધખોળ કરે છે. સાધનો કયાં મળે છે તેની પૂછપરછ કરે છે ને ગમે તે સાધનો ભેગાં કરી બાળકો સામે કંઇક કરવા બેસી જાય છે. વળી કોઇ વાર કોઇ તેને પૂછે છેઃ "માસ્તર, તમે આ પદ્ધતિનો અભ્યાસ વગેરે કર્યો છે કે?" જવાબ વાળે છેઃ "હા,

હા. ભાવનગર, અમદાવાદ, હું ગયો હતો અને બધું મારા જાણવામાં છે. અને અભ્યાસ એ તો મુખ્ય વાત છે. એ બધું હું જાણું છું. આપણે ત્યાં મોન્ટીસોરી બરાબર ચલવું છું. ક્યાં છે? એ ભાઇ, રતિભાઇ, અહીં આવો તો? પેલી ઢીંગલીની કવિતા બોલી જાઓ તો."

પૂછનાર માણસ મોન્ટીસોરી, કિન્ડરગાર્ટનથી અજાણ્યા હોવાથી માને છે કે આ બધું બરાબર હશે

એમ કરતાં શારદામંદિરમાંથી વજુભાઇ આવી ચઢ્યા ને તેમની હાજરીમાં અમે પૂછ્યું: "કેમ ભાઇ મોન્ટીસોરી પદ્ધતિ ક્યાં શીખ્યા હતા? આ બધું કયે આધારે ચલવો છો?" પેલા શિક્ષકભાઇ કહે છેઃ "કેમ ચલવે છે એ તો મેં બધે ઠેકાણે જોએલ છે. ને શારદા-મંદિરમાં પણ બે દિવસ રહેલો. ભાવનગર તો હજી નથી ગયો, પણ જવાનો છું. આ સાધનો જુઓ, સારાં સારાં બધાં આણ્યાં છે. આ રજામાં જરાક વધારે અભ્યાસ કરી લેવો છે. બાકી પેલા ભાઇ સાથે પત્રવ્યવહાર છે ને તે મને ઓળખે છે."

વજુભાઇને લાગે છે કે આ શિક્ષક પક્કો છે. ભલા માબાપની ભોળાઇનો લાભ લે છે. વજુભાઇ જ્યારે માબાપને કહે છે કે "ભાઇ, આ તો લેભાગુ છે; એને રાખશો નહિ. જોઇતો હોય તો જેને પ્રમાણપત્ર મળ્યું હોય તેને શોધો." ત્યારે માબાપને બબર પડે છે ને પેલા શિક્ષકભાઇને જવું પડે છે.

જેઓ મોન્ટીસોરી શિક્ષક અને મોન્ટીસોરી પદ્ધતિથી બાલશિક્ષણ આપવા માગતાં હોય તેઓ ઉમેદવાર શિક્ષકો પાસેથી પ્રમાણપત્ર માગે જ માગે. અને મોઢાના તડાકા ઉપર વિશ્વાસ રાખી નાહકના પૈસા બરબાદ ન કરે.

અંત્યજોના પ્રેમીઓ

દર વર્ષે અંત્યજ ભાઇઓને વિના મૂલ્યે પત્રિકા પહોંચાડવા માટે અંત્યજ પ્રેમી શ્રીમંત ભાઇઓ અમારા તરફ તેમના લવાજમ પેટે નાણાં મોકલી આપે છે.

આ વખતે જૂના અંત્યજ પ્રેમી-ઓએ નાણાં મોકલવાનું શરૂ કર્યું છે. પણ એટલેથી અંત્યજ ભાઇઓની જરૂરી-આતને પહોંચી વળી શકાશે નહિ.

વર્ષે એક રૂપીઓ આપીને અંત્યજ ભાઇને મદદ થઈ શકતી હોય—તેના ઘરમાં જ્ઞાનપ્રકાશ મોકલી શકાતો હોય અને તેનું પૂણ્યફળ મેળવી શકાતું હોય તો શા માટે સેંકડો મધ્યમ સ્થિતિના માણસો પણ આવી મદદ ન કરે?

સૌ પત્રિકાના વાંચકો પાસે અમારી આગ્રહપૂર્વકની માંગણી છે. જો આપને અંત્યજની કશી પણ દાઝ હોય તો આટલી નાની મદદ તો આકાશમાંથી વરસાદ પડે તેમ તમે અવશ્ય પાડશો.

તંત્રીઓ

જેઓ મોન્ટીસોરી શિક્ષક અને મોન્ટીસોરી પદ્ધતિથી બાલશિક્ષણ આપવા માગતાં હોય તેઓ ઉમેદવાર શિક્ષકો પાસેથી પ્રમાણપત્ર

હિત બગાડે નહિ, અને પોતાની સજ્જનતાનો દુરુપયોગ થવા દે નહિ. ગિ.

: : : : : કયો ઉપાય સાચો ? : : : : :

ગંદી શાળાને સળગાવી મૂકીએ તે ઉપાય સાચો ?

ગંદી શાળાને જાતે જઈને રોજ ને રોજ સાફ કરી આવીએ તે ઉપાય સાચો ?

ગંદી શાળા માટે શિક્ષકને પટાવાળો અપાવીએ તે ઉપાય સાચો ?

ગંદી શાળા બાળકોને વાળતાં શીખવીએ એ ઉપાય સાચો ?

ગંદી શાળામાં બાળકોને મોકલવાં નહિ એમ માબાપોને સમજાવીએ એ ઉપાય સાચો ?

ગંદી શાળામાં શિક્ષક ભણાવે જ નહિ એ ઉપાય સાચો ?

ગંદી શાળામાં બાળકોને પેસવા જ ન દેવાં અને બારણા આગળ ચોકી કરવી એ ઉપાય સાચો ?

કયો ઉપાય સાચો ? ગિ.

બાલમંદિર . . . તેને . . . કહીએ

બાલમંદિર આપણે તેને કહીએ કે જ્યાં સ્વચ્છતા હોય. બારી બારણે બાવાં ન હોય; છો ઉપર ધૂળ ન હોય; છાપરામાં જાળાં ન હોય; ચીજો બધી સાફ હોય. તેને આપણે બાલમંદિર કહીએ કે જ્યાં વ્યવસ્થા હોય. જગ્યા માટે ચીજ હોય અને ચીજ માટે જગ્યા હોય; કશું કાંઇ રખડતું ન હોય.

તેને આપણે બાલમંદિર કહીએ કે જ્યાં શાંતિ હોય. બાળકોમાં શાંતિ હોય, અધ્યાપકોમાં શાંતિ હોય; વાતાવરણમાં શાંતિ હોય.

તેને આપણે બાલમંદિર કહીએ કે જ્યાં બાળકોને માટે છૂટ હોય. હરવા ફરવાની છૂટ હોય, ઠેકડા મારવાની છૂટ હોય, વાંચવાં લખવાની છૂટ હોય, થાકી જાય તો પડ્યા રહેવાની છૂટ હોય, સ્વસ્થ ન હોય તો ઊંઘવાની છૂટ હોય.

તેને આપણે બાલમંદિર કહીએ કે જ્યાં બાળકોનું સન્માન હોય. જ્યાં બાળકને કોઇ ધૂતકારે નહિ, જ્યાં બાળકને કોઈ ધક્કાવે નહિ, જ્યાં બાળકને કોઇ અવગણે નહિ, પણ જ્યાં બાળક પ્રત્યે આદર હોય, ભાવ હોય, તેનામાં વિશ્વાસ હોય.

તેને આપણે બાલમંદિર કહીએ કે જ્યાં બાળક સ્વતંત્ર હોય. સ્વતંત્ર હોય એટલે શરીરની દુર્બળતામાંથી, ઇંદ્રિયોની વિકૃતિમાંથી, મનના મનસ્વીપણામાંથી મુક્ત હોય. સ્વતંત્ર એટલે શિક્ષકની વિચારસરણીમાંથી, સમાજની રૂઢિમાંથી, પરંપરિત ધર્માન્ધતામાંથી, મર્યાદિત અને અંધ સ્વાભિમાનમાંથી મુક્ત હોય. ગિ.

: : : આજે જ દાક્તર પાસે લઈ જાઓ : : :

આજે જ દાક્તર પાસે જાઓ અને તમારા બાળકના દાંત તપાસાવો. તેની પાસેથી જાણો કે બાળકના દાંતમાં કોઇ પણ જાતનો સડો પેઠો છે ? ઘણી વાર આપણે આપણી નરી આંખે જોઇ કે જાણી શકતાં નથી; દાંતનો સારો દાક્તર તે તુરત કહેશે.

તમારા બાળકના દાંત પીળા, ઝેરીવાળા છે તો તેનું શું કરવું તે તેને પૂછો, અને જે

ઉપાય બતાવે તે તુરત કરો.

તમારા બાળકના દાંત હલતા હોય તેનો ઉપાય માગો.

તમારા બાળકના દાંતનાં પેઢાં ઉપસી આવ્યાં હોય તો વિના વિલંબે તેની કાળજી કરો.

સારા દાંત ઉપર સારા પાચનનો મોટો આધાર છે. સારા દાંત એટલે આયુષ્યની વૃદ્ધિ. ખરાબ દાંત એટલે આયુષ્યનો ક્ષય. ગિ.

જંપ ક્યમ વળે?

ત્યાં સુધી બાલમંદિરને જંપ ક્યમ વળે? જ્યાં સુધી રાજા મહારાજાઓનાં બાળકોની કેળવણી ગોલાંબાટાંના હાથમાં છે.

ત્યાં સુધી બાલમંદિરને જંપ ક્યમ વળે? જ્યાં સુધી રંકનાં બાળકોની કેળવણી કોઇના જ હાથમાં નથી?

ત્યાં સુધી બાલમંદિરને જંપ ક્યમ વળે? જ્યાં સુધી શ્રીમંતોનાં બાળકોનું ઘડતર આયાને હાથે થાય છે.

ત્યાં સુધી બાલમંદિરને જંપ ક્યમ વળે? જ્યાં સુધી ગરીબનાં બાળકોનું ઘડતર 'ભગવાન' ને હાથ હોય છે.

ત્યાં સુધી બાલમંદિરને જંપ ક્યમ વળે? જ્યાં સુધી સેંકડો બાળકો જન્મીને મરણ પામે; સેંકડો બાળકો અનેક રોગોથી ઘસરડાઇને ચાલ્યાં જાય; સેંકડો બાળકો કેટલાયે રોગોથી પીડાયા કરે.

ત્યાં સુધી બાલમંદિરને જંપ ક્યમ વળે? જ્યાં સુધી બાળકો ઘરમાં માર ખાય, શેરીમાં દુર્ગંધ ખાય અને શાળામાં ગાળ ખાય.

ત્યાં સુધી બાલમંદિરને જંપ ક્યમ વળે? જ્યાં સુધી આંધળાં ને લૂલાં, ગાંડાં ને બાંડાં; નાદાન અને ઉખડેલ બાળકોનું કોઇ બેલી નથી–કોઇ ધણીધોરી નથી.

ત્યાં સુધી બાલમંદિરને જંપ ક્યમ વળે? જ્યાં સુધી સ્થળે સ્થળે બાળકો માટે શાળા નથી, વાચનાલય નથી, ક્રીડાંગણો નથી, બાગ બગીચા નથી, નાટકો નથી, સિનેમા નથી.

ત્યાં સુધી બાલમંદિરને જંપ ક્યમ વળે? જ્યાં સુધી એક પણ બાળક સન્માન વિનાનું છે, અસ્પૃશ્ય છે, માંદું છે, ગંદું છે, અવ્યવસ્થિત છે.

હે ભગવાન! બાલમંદિરને બળ આપ. બાલમંદિર પોતાનું ઇચ્છિત પ્રાપ્ત કરે. ગિ.

કારણ અને ઉપાય

: ૧ :

બાળક છાનું ચોરીને ખાતું હોય તો તેનું કારણ શું ને તે બાબતમાં શું કરવું?

ચોરીને ખાવાનાં કારણો અનેક હોય. કોઇ પણ માણસ કાંઇ પણ છાનું કરે છે તેનું સર્વસામાન્ય કારણ તો એ જ હોય છે કે તેને તે કરવું હોય છે પણ પ્રગટ રીતે તે તે કરી શકતું નથી. બાળકને ખાવું હોય ને ઉઘાડી રીતે લઇને ખાવાની ઘરમાં રજા ન હોય તો બાળક છાની રીતે લઇને ખાવાનું કરે તે સ્વાભાવિક છે. રજા ન હોય તેની પાછળ પણ અનેક કારણો હોય. કોઇ માબાપને બીક લાગતી

હોય છે કે છોકરાંને વધારે આપેલું પચે નહિ એટલે આવાની વસ્તુ ઉપર તે ચોકી રાખે; કોઇને એમ લાગે છે કે આવામાં સંયમ જોઇએ માટે તે આવાની છૂટ અટકાવે છે; કોઇને ત્યાં પહોંચતી સ્થિતિ ન હોવાથી કરકસર આતર તેઓ આવાનું છૂટથી વાપરી શકતાં નથી.

માબાપો તરફથી ઉપર વર્ણવ્યાં એક પણ કારણ આપવામાં ન આવે તો બાળકને ઘરમાં ચોરીને આવાનો પ્રસંગ નહિ આવે; એટલે કે બાળકો આતાં અટકશે એમ નહિ પણ તેમને જે છાની રીતે આવું પડતું હતું તેવું કરવાનું કારણ ન રહેવાથી તેમને છાનું કે ચોરી કરવાની આવશ્યકતા નહિ રહે. અત્યારના વાતાવરણમાંથી દાખલો આપીએ તો એમ કહેવાય કે પ્રેસ ઑર્ડિનન્સ ન હોય ને પ્રેસ ઉપર દબાણ ન હોય તો બુલેટિન્સ છાની રીતે છાપવાની ને વહેંચવાની લોકોને જરૂર ન હોય; તેમ બાળકને પણ ચોરા છૂપીથી છાની રીતે આવાની જરૂર ન હોય.

બાળકનું બાણું સંયમિત અથવા નિયમિત કેમ થાય, કયા અર્થમાં સંયમિત થાય તો ઇચ્છવા યોગ્ય, ગરીબ સ્થિતિને અંગે બાળકને આવાનું પૂરું પાડવાનું શું થાય, બાળક બાઉડ થાય માટે શું કરવું, વગેરે પ્રશ્નો જુદા છે. ચોરી કરવાની જરૂર પડે તે પરિસ્થિતિ બદલી નાખવી એ પહેલી ને મહત્ત્વની બાબત હોઇ તે પહેલાં જ સુધારવી જોઇએ.

: ૨ :

બાળક મનમાં મનમાં મૂંઝાતું હોય પણ કાંઇ કહી ન શકતું હોય તેનું શું કારણ હશે ને તેનો શો ઉપાય કરવો?

એક કારણ એ હોઇ શકે કે બાળકને પોતાનું દિલ બોલીને વાત કરવાનું તેનો વિશ્વાસ મેળવે એવું કોઇ સ્થાન જ ન હોય. માબાપ કે ઘરના વડીલોથી તે બ્હીતું હોય, અથવા વડીલો તેની વાત કે જીવન સમજવા અસમર્થ હોય, અથવા તેમને બાળકના જીવનમાં ઉતરવા જેટલી કુરસદ જ ન હોય, અથવા સ્વભાવથી જ તેઓ બાળજીવન સાથે ઓછી સહાનુભૂતિ ધરાવનારાં હોય તો બાળકે પોતાની વાતો કોને કહેવી? બાળકની મૂંઝવણ બાળક કોની આગળ ઠલવે? નાનાં મોટાં સગાંસંબંધી, માબાપ, ભાઇબેન બધું છતાં બાળક ઘણી વાર દુનિયામાં એકલું અટૂલું ફરે છે, અનાથ બાળકનું જીવન જીવે છે. તેણે તેનું હૃદય કયાં બાલી કરવું?

એક કારણ એ પણ હોય કે બાળકની પાસે પોતાના અનુભવો પારખવાની ને પારખ્યા પછી તે બાષામાં મૂકવાની શક્તિ ન હોય; તો તે પોતાને શું થાય છે તે સમજી શકતું નથી ને બાષાને અભાવે સમજાવી પણ શકતું નથી. તેને સાંબળવા ઘણાં સહાનુભવ હૃદયો તૈયાર હોય-તત્પર હોય તો પણ તે કોઇ તેને સહાય કરી શકતાં નથી; તેને આરામ આપી શકતાં નથી; તેનું દુઃખ હળવું કરી શકતાં નથી.

બાળકોની લાગણી ઘણી સૂક્ષ્મ હોય છે. ઘણી નાની વાતોથી તેમને મૂંઝવણ પેદા થાય છે.

બાલમંદિરનો એક અનુભવ છે. એક ચાલાક બુદ્ધિશાળી બાલમંદિરનું જૂનું બાળક એક વાર પોતાના નાનાબાઇને બાલમંદિરમાં લાવ્યું. પોતે પાંચ વરસનો ને બાઇ ત્રણ વર્ષનો. થોડી વારે નાનોબાઇ ઊંઘી ગયો ને મોટાબાઇને

ગમે નહિ. મૂંઝાઇને આમતેમ આંટા માર્યા પછી તેમનો એક મિત્ર-શિક્ષક મળ્યા. તેમની પાસે જઇને ભાઇએ વાત કરીઃ "ભાયાભાઇ સૂઇ ગયા માટે મને ગમતું નથી." વાત કરીને તો ભાઇ રોઇ પડ્યા. શિક્ષકે તેને કહ્યુંઃ "ઓહો એમાં શું ? તમે જઇને એની પાસે સૂઇ જાવ ને." ભાઇને વાત ગમી. હૃદયનો ભાર હળવો થયો. પોતે જઇને ભાઇની પાસે તેના ઉપર હાથ મૂકીને સૂઇ ગયા. આપણે તો કલ્પના પણ ન કરી શકીએ કે પેલા પાંચ વરસના બાળકના જીવનમાં નાના ભાઇને સાથે લઇને બાલમંદિરમાં જવું એ કેટલો મહાન બનાવ હતો, તેને પોતાને માથે કેટલી મોટી જવાબદારી તેને લાગતી હતી, ને તેને અંગે તેને અનેક મૂંઝવણો પણ પેદા થતી હતી. પણ પેલા બાળકને સહાનુભૂતિ પૂર્વક સાંભળનાર કોઇ ન મળ્યું હોત તો ? સાંભળ્યા પછી તેનો રસ્તો કાઢવાનું ન જડ્યું હોત તો ? પેલા બાળકને તેની આંગળ પોતાનું હૃદય ખોલવા જેટલી તેની સાથે ભાઈબંધીનો સંબંધ ન લાગ્યો હોત તો ? પેલા બાળકને પોતાને શું થાય છે તેના કારણની ખબર જ ન પડી હોત તો ? ખબર પડે પણ ભાષામાં કહી બતાવવા જેટલું ભાષાબળ તેની પાસે ન હોત તો ? તો બિચારૂં મૂંઝાત ! દુઃખી થાત ! એકલું ને અસહાય થઇને ફરત !

આવાં બાલ્યાવસ્થાનાં unremidied દુઃખો ને મૂંઝવણોને લીધે દુનિયાને ઘણું નુકશાન થયું છે.

: ૩ :

બાળક રાતમાં પેશાબ કરતું હોય તો તેનું શું કારણ હશે ?

હમેશની બીકણ (nervous) પ્રકૃતિનું અથવા કવચિત્ કોઇ પ્રસંગથી બીધેલું બાળક પથારી બગાડે છે.

આળસુ ને તેથી ગંદકીની સુગ નહિ એવી પ્રકૃતિનું બાળક પણ પથારી બગાડે છે.

મુત્રાશયના રોગવાળું બાળક પથારી બગાડે છે.

રાત્રે સૂતી વખતે તેમ અધી રાત્રે એક વાર બાળક જાગે ને રડીને પોતાની હાજતની ખબર કરે તે વખતે બાળકને પેશાબ કરવા લઇ જવાની માતાની આળસને પરિણામે બાળકને પથારીમાં પેશાબ કરવાની ટેવ તદ્દન બાલ્યાવસ્થાથી પડી જાય છે.

હાજતની બાબતમાં બાળકને યોગ્ય વ્યવસ્થિત ટેવો તેના જન્મથી જ પાડવાની જે જરૂરીઆત હોય છે તે માતાએ ન કર્યું હોવાથી પણ બાળકને પથારીમાં પેશાબ કરવાની ટેવ પડી જાય છે.

કોઇ વાર સ્વપ્નોને કારણે બાળકો પથારીમાં હાજત કરે છે.

પણ સામાન્યતઃ ચોકખું, સ્વાભિમાનવાળું, સ્વચ્છ ટેવોવાળું, શરીરના સ્નાયુ પર તેમ જ જ્ઞાનતંતુ પર કાબુ આવ્યો હોય (muscular and nervous control બરાબર) એવું ને તંદુરસ્ત બાળક પથારી બગાડતું નથી. જ્યારે સામાન્યતઃ nervous, બીકણ, મંદ, આળસુ, ગંદું, સ્વાભિમાનશૂન્ય, જેને દુનિયા સાથે વાંધા પડ્યા હોય, જેને જીવનમાં ઘણો અસંતોષ હોય, જેને જીવનમાં કશું વ્યવસ્થિતપણું જ ન હોય અથવા પછાત કે ખોડખાંપણવાળું હોય તેવા બાળકોને પથારી બગાડવાની ટેવ પડેલી માલુમ પડે છે.

બાળકોને આવી ટેવ હોય તેમાં માબાપોએ પોતાનો દોષ કયાં ને કેટલો હોઇ શકે તે જોઇને જાતે સુધરવાનું છે. બાળક તો પરાધીન છે ને માબાપોના દોષોનું ભોગ થાય છે. તા.

કેવી વાર્તાઓ ન કહેવાય

વાર્તાઓને શિક્ષણમાં અને બાળકોમાં સ્થાન મળી ગયું છે. વાર્તાઓ, વાર્તાઓ અને વાર્તાઓ ઉભરાવા લાગી છે એ સારી વાત છે. પણ બાળકોને કેવી વાર્તાઓ કહેવાય અને કેવી ન કહેવાય તેનો ભેદ ઘણાઓ ભૂલી જાય છે ને જેને વાર્તા કહેવાય તે બધી વાર્તાઓ છોકરાંને કહેનારાઓ અને શિક્ષકો સુદ્ધાંત કહે છે: એ બાબતમાં થોડીએક ચોખવટની બાસ જરૂર છે.

વાર્તાઓમાં આજના આપણા આદર્શ-જીવનની વિરુદ્ધ હોય તેવું કશું ન આવવું જોઇએ. "એક વાર એમ હતું." એ અચાવ સારો નથી. બાળકો પાસે અમુક વસ્તુઓ મૂક્યા વિના બધું કામ ચાલી શકતું હોય તો તે મૂકવાની જરૂર જ નથી. આપણે જે સાદી સીધી વાતો તે બાળકોને મન ઘણા ગુંચવાડા ઉભા કરનારી હોય છે. માટે એવી બધી બાબતો ત્યાજ્ય સમજવી. એક હતો રાજા. તેને સાત રાણી. જોઇએ જ એમ નથી. સાત રાણી પરણવાનો આજે આદર્શ નથી. એ આજે નિંદ્ય છે. સાત રાણી પરણવાથી ભયંકર પરિણામ બતાવનારી વાર્તા કદાચ ચાલે; પણ માનેતી અને અણમાનેતી રાણીની વાતો અને તેને લગતા વેરઝેરની વાતો વગેરે બાળકોના મનમાં ઝેર જ ભરે છે. શુદ્ધ દુનિયાની કલ્પના આપવાને બદલે આપણે આવી વાર્તાઓ દ્વારા મલિન મનોનાં દર્શન કરાવી, વખતે તેવે માર્ગે ભવિષ્યમાં જવાનું પણ ભૂલે ચૂકે બતાવી દઇએ છીએ. શબ્દ બળવાન છેઃ તેની છાપ રહી જાય છે. બાળક ન સમજે તો પણ તે મનમાં સ્પર્શે છે. અને વખતે પ્રતિકૂળ સ્થિતિમાં એવી દુષ્ટ બાબતો જ પાંગરે તો ભારે નુકશાન થઇ બેસે. બનણી જોઇને, દેખી પેખીને આપણે જ્યાં દાડમ, પોપૈયા, મુસંબી, સંતરાં કે આંબા વાવવા હોય ત્યાં અરીણુનાં બી સાથે સાથે ન જ છાંટીએ. અને એવી ઉંમરે તો કદાપિ પણ ન જ છાંટીએ કે જે ઉંમર એવી વાતોને કાં તો પચાવી શકે, અગર હસી કાઢી શકે, અગર તેનું દૃષ્ટિબિન્દુ સમજી શકે. એવી જ રીતે જે જે વાતો પરંપરાગત વહેમોને પોષે, ભૂત પ્રેત કે ધૂણવું વગેરેમાં શ્રદ્ધા પેદા કરતી હોય, તે પણ ન કહેવાય. વાર્તા એવી હોઇ શકે કે જેમાં આ બધી વસ્તુની ઉલટી હાંસી હોય, જે દ્વારા ઉલટું આ બધી બાબતનું પોગળ ખુલ્લું પડતું હોય, અને તેની વાર્તાઓ કુશળતાથી કહી શકાય. જે વાર્તાઓ દગાફટકાની ચાલાકી, દુષ્ટતાનો વિજય, જાદુની સચ્ચાઇ કહે તે પણ ન કહેવાય વાર્તા કહેનારાઓ વાર્તાના માત્ર શોખીન ન જોઇએ. તે માત્ર કહેનારા પણ ન ચાલે. તેઓ વાર્તાની કેળવણી વિષયક કિંમત સમજનારા જોઇએ.

વળી આજે જે વાર્તાઓ બાલસાહિત્યમાં પ્રગટ થાય છે તે, અગર જે બધી વાર્તાઓ પ્રગટ થાય છે તે, અગર આપણે અંદર અંદર

કહીએ છીએ તે બધી બાળકોને કહી શકાય એમ નથી. સાહિત્યકારની નજર કેળવણીકારથી જુદી હોવી ન જોઇએ છતાં કયાંઇ કયાંઈ તેમાં તફાવત આવી શકે છે, અને આજે તો તે બહુ સંભવિત છે કારણ કે સાહિત્ય અને કેળવણી એ બંન્ને ક્ષેત્ર એટલાં શુદ્ધ અને નિર્મળ નથી થયાં.

આથી કેળવણીની દૃષ્ટિએ જે વાર્તાઓ ચોકખી લાગે તે જ કહેવાવી જોઇએ. વાર્તા કહેનાર માત્ર વાર્તા કહેનારો નથી પણ તે બાળજીવનનો–બાળશિક્ષણનો ફિલ્સુફ છે. વાર્તાશિક્ષક સદા વિચારીને–ચેતીને પોતાની વાર્તાની પસંદગી કરે. ગિ.

: : માફ કરશો : :

એવા અનિવાર્ય સંજોગો આવી જાય છે કે જેથી ધાર્યા પ્રમાણે કામ નથી થતું.
આ અંક વાચકોને બહુ મોડો મળે છે, તેનું કારણ એવા સંજોગો જ છે.
સૌ વાચકો અમને ઢીલ માટે માફ કરે.

વળી

લડત દરમ્યાન પત્રિકાથી અમે થોડાંએક વિખૂટાં પડ્યાં હતાં. એવે વખતે પણ પત્રિકા પહોંચવામાં ઢીલ થઈ હોય કે અન્ય કશી અડચણ વાચકોને પડી હોય તો તે માટે પણ માફી માગીએ છીએ.

આશા રાખીએ છીએ કે હવે પછીથી અમારી હંમેશની નિયમિતતા ચાલુ રાખવા અમે યત્નો કરીશું.

રજા આપે

બેશક પહેલી જ તકે કોઇ પણ કેળવણીનું ખાતું આવા શિક્ષકોને જરૂર જ રજા આપે:—

જેઓ એદી હોય, જેને વખતની કિંમત જ ન હોય.
જેઓ અનિયમિતપણે શાળામાં આવે ને જાય.
જેઓ શાળામાં ઊંઘે અગર વાતોના ફડાકા મારે.
જેઓ ગંદાં કપડાં, ગંદું મ્હોં અને ગંદા વાળ રાખે.
જેઓ બોલવામાં ગમે તેવી ગંદી ભાષા વાપરે.
જેઓને ભણાવતાં ન આવડે ને ભરતાં આવડે.
જેઓ મારવાથી ભણતર આવડે છે એમ માને ને તે પ્રમાણે આચરે.
જેઓ ખાતાના નિયમોનો બેદરકારીથી અમલ કરે.
જેઓ ખાતાના હુકમોને ઉઠાવવામાં ચોરી કરે.
જેઓ શિક્ષકોને અંદર અંદર લડાવે.
જેઓ અંદર અંદર ખટપટ અને વેરઝેર કરાવે.
જેઓ ખાતાની રીતિનીતિને છાની રીતે નિંદે.
જેઓ ખાતાનું હિત જાણીબૂઝીને બગાડે.

ગિ.

ત્યારે—જ્યારે

પ્રાથમિક શાળાનો શિક્ષક પોતાના ટૂંક પગાર માટે જ્યારે જ્ઞાતાની પાસે વારંવાર પગાર વધારવાની વિનતિ કરવાનું છોડી દઇ અંદર અંદર સંગઠ્ઠન કરી લડત લડવાનો આરંભ કરશે, ત્યારે તે જ્ઞાતાની સામે રણમેદાને ચડશે; ત્યારે તે જ્ઞાતા સમગ્રનો અસહકાર કરી શિક્ષકજનતાની સત્તા સ્થાપશે; ત્યારે જ તે જ્ઞાતાની સામે બળવો કરી જ્ઞાતાનો નાશ કરશે. જ્યારે તે પોતે જ એક સાચો શિક્ષક થઇ શકયો હશે, જ્યારે તેણે શિક્ષણની ઉપાસના દ્વારા સરસ્વતીનો વરદ હસ્ત પોતાના માથા ઉપર મૂકાવ્યો હશે, જ્યારે તેણે પોતાની નિશાળને સુંદર રમણીય ઉદ્યાન બનાવવાના સઘળા પ્રયત્નો કરી લીધા હશે, જ્યારે તેણે વિદ્યાર્થી સમગ્રને સાચું સ્વાતંત્ર્ય આપ્યું હશે, જ્યારે તેણે શિક્ષા અને ધનામને શાળામાંથી હાંકી કાઢયાં હશે, જ્યારે તેણે નાની લાલચો અને લોભમાંથી મુક્તિ મેળવી હશે, જ્યારે તે ટયૂશનની બદીમાંથી છૂટ્યો હશે, જ્યારે તેણે શાળામાં બેઠાં બેઠાં ફડાકા તડાકા મારવાનું બંધ કર્યું હશે, જ્યારે તે જ્ઞાતાની બોટી બટ પટ નિંદા અને ખુશામતમાંથી મુક્ત થયો હશેઃ ટૂંકમાં જ્યારે તે પોતે સ્વાભિમાની, સ્વાવલમ્બી અને સ્વતંત્ર થયો હશે ત્યારે જ તે પોતાની ગરીબીમાંથી છૂટવાને ગમે તે સાચો પ્રયત્ન કરવા યોગ્ય થશે, અને તેનો પ્રયત્ન અવશ્ય સફળ થશે.

ગિ.

એક શિક્ષક ભાઇ

ગઇ કાલે એક શિક્ષક ભાઈ મળ્યા. તેઓએ મારી પાસે નોકરીની માગણી કરી. મેં તેમને પૂછ્યું: "અગાઉ શું કરતા હતા?"

તેમણે જવાબ આપ્યોઃ "હું પ્રાથમિક શાળામાં શિક્ષક હતો. મેં પ્રાથમિક શાળા છોડી દીધી છે."

મેં પૂછ્યું: "શા માટે છોડી દીધી?"

જવાબ મળ્યોઃ "ટૂંકા પગારને કારણે."

મેં પૂછ્યું: "પણ તેથી તમે નોકરી શા માટે છોડી? ટકી રહેવું જોઇતું હતું."

"નોકરી છોડવા માટે છોડી કે આ પેટ અને કુટુમ્બનું પેટ ભરાઇ ન શકયું. કરકસર એટલી બધી હદે કરવા માંડી કે દર વર્ષે માંદગી આવવા માંડી, દર વર્ષે ઘરમાં પણ બિમારી આવી. બાળકો તો બિચારાં હાડકાં અને ચામડી ટકાવી રાખે; એમની જાત જાતની હોંશ પૂરી પાડવાનું તો હોય જ શાનું?"

"પણ તમે ટયૂશન વગેરે રાખી પોતાની કમાણીમાં વધારો કરી શકયા નહિ?"

"ના, હું ટયૂશનમાં માનતો નથી. ટયૂશન એટલે બાનગી છોકરાને ભણાવવા; ને તેની પાછળ શક્તિ ખર્ચ્યા પછી શાળામાં આવતા છોકરાને ભણાવવાનો આવે કંટાળો. પરિણામે વગર ભણાવ્યે પરંતુ દમ મારી, માર મારી; જેમ તેમ કરી છોકરાને ગોખાવીને પરીક્ષાને માટે ઉભા કરવા. આ અનીતિ મને ન ગમી;

મારાથી ન સહેવાય. એટલે ટ્યૂશનની જીંદગી તો મારાથી કેમ જ ચાલે?"

"પણ તમને બીજી ત્રીજી કમાણી-નોટ બુક્સ ખરીદાવવાથી બુકસેલરો પાસેથી મળતું કમિશન, માબાપો તરફથી નાની નાની નવાજેશો, ઇધરતિધર, એવું કાંઇ નહોતું મળતું?"

"શિવ, શિવ! જો હું ટ્યૂશન ન રાખું તો આવું તો કેમ જ સ્વીકારું? તો તો..."

"પણ ભલા માણસ, તમે તમારા અત્યંતના વખતમાં કાંઇ ઉદ્યોગ કરી શકો. સ્વતંત્ર ખાનગી એવો ગૃહઉદ્યોગ તમે કર્યો હોત તો એ પૈસાની મદદ ન થાત? તમારા ઘરમાંથીયે પણ તમને એ જાતની મદદ આપવી જોઇતી હતી."

"વાત ઠીક છે. પણ જો કે તમે મને કંઇક હવાઇ મગજનો ગણશો, પણ મારે તમને કહેવું જોઇએ કે મારાથી એવો ખાનગી ઉદ્યોગ કેમ થાય? હું શિક્ષક હોઉં તો મારે એ જ વિષયનું નિરંતર ચિંતન કરવું જોઇએ, એ જ વિષયમાં ઉંડી ખોળ કરવી જોઇએ, એનો રહસ્યભેદ જાણવો જોઇએ. શિક્ષક હોઉં તો હું કાં તો મારા કામની પાછળ પાગલ હોઉં. અને હું શિક્ષક ન હોઉં તો પણ મારી સ્ત્રી પણ ગૃહઉદ્યોગમાં રસ લે છે તેના કરતાં બાળશિક્ષણમાં વધારે રસ લે છે. તેને મારો ચેપ લાગ્યો છે. અમે છોકરાંના શિક્ષણના વિચારોમાં ગરીબાઇને દૂર કરવાના પ્રયત્નોને ભૂલી જઇએ છીએ. ઘણી વાર બાળકોને ખવડાવી અમે ભૂખ્યા પેટે સૂઈ રહ્યાં છીએ."

અત્યાર સુધી આ તેજસ્વી જુવાન સાથે હું બેદરકારીથી વાતચીત કરી રહ્યો હતો. મોરી હંમેશની રીત મુજબ હાંકયે જતો હતો; પણ તેના છેલ્લા જવાબે મારું ધ્યાન એકદમ ખેંચ્યું. મેં તેની સામે પગથી તે માથા સુધી જોયું. તેની આંખમાં ભરેલ તેજને જોયું. મેં તેને વધારે પૂછ્યું: "પણ તમારા જેવા શિક્ષણ પ્રેમીની કદર બાતાના ઉપરી સાહેબે કેમ ન કરી? તમને તો ઇન્સ્પેકટર તરીકે નીમી શકયા હોત અને તમારી પાસેથી સારું કામ મેળવી શકયા હોત."

શિક્ષકે કહ્યું: "મને મારા ઉપરી સંબંધે બોલવું નથી ગમતું. મને એમાં સભ્યતા નથી લાગતી. અને છતાં તમારા પ્રશ્નનો જવાબ આપવાનું કુદરતી મન થઇ આવે છે. મૂળ વાત જ એ છે કે મારા ઉપરી સાહેબને શિક્ષણની કશી જ પડી નથી. તેઓ અમલદાર છે; વિદ્યાના ઉપાસક નથી. તેઓ ઓફિસ ચલાવે છે; તેમને શિક્ષણના સુધારા સાથે લાગતું વળગતું નથી. તેઓ 'આગેસે ચલી આતી હે' એમાં માને છે; નાહકની પીડા હાથે કરીને વહોરતા નથી. ટૂંકમાં મારા ઉપરી જૂની ઢબના છે. તેમને બીજી જાતના શિક્ષકો પસંદ છે. પણ..."

મેં કહ્યું: "બોલો, વિના સંકોચે બોલો. તમે એવી વસ્તુઓ મારી પાસે મૂકવામાં કશો વિવેકભંગ નથી કરતા. શિક્ષણના માણસ આગળ તમે આવી વાતો કહી શકો છો. બોલો, બોલો."

શિક્ષકે આગળ કહ્યું: "પણ, હું બીજી જાતનો શિક્ષક છું. મારાથી ખુશામત થઇ શકતી નથી. મારા કેટલાએક શિક્ષકમિત્રોની મને અદેખાઇ આવે છે. તેમના અધિકારીઓ તેમની શક્તિની કદર કરે છે. તેઓ ખુશામત માગતા

નથી પણ પ્રાણ માગે છે. તેઓ હા જી હા માગતા નથી પણ કામ માગે છે. એવા અધિકારી પણ છે; તેમને હું માન આપું છું. પણ મારા અધિકારીની ખુશામત મારાથી ન બની શકી ને મારે મારી નોકરી છોડવી પડી."

"વારૂ, એ તો ઠીક. પણ ત્યારે શું કરવા માગો છો?"

"હવે હું નોકરી શોધું છું, બને ત્યાં સુધી શિક્ષણની; સન્માન સાચવે તેવા અને સહાનુભૂતિભર્યા ઉપરી અમલદારની; કદર કરે ને પ્રેરણા આપે તેવા વિદ્યાધિકારીની, અને પેટપૂરતું મળે તેટલા પગારની. હું ગાંડો બની શિક્ષણની ઉપાસના કરીશ. મારા બાતાને શોભાવવા હું જાતને ખુવાર કરીશ. મારા ઉપરી અધિકારીને જશ અપાવવા મારાથી બનતું બધું કરીશ. હું પોતે સુખ અને શાંતિ અનુભવીશ અને પેટપૂરતું મને મળશે એટલે કુટુંબને પણ સંતોષ મનાવીશ."

મને થયું: "આવા શિક્ષકને સાચવી લેવો જોઇએ." મારા એક મિત્ર વિદ્યાધિકારીને મેં પત્ર લખ્યો ને આ ભાઇની ભલામણ કરી.

* * *

આજે આ વાતને એક વર્ષ પૂરું થઇ ગયું છે. ગયા અઠવાડિયામાં હું પેલા શિક્ષકની શાળા જોઇ આવ્યો. મને ખૂબ જ સંતોષ થયો. મારા મિત્રે તેના કામ માટે સંતોષ બતાવ્યો. તે શિક્ષકે મને કહ્યું: "મને જોઇતું હતું તે મળ્યું છે. પ્રેરક ઉપરી, ઉત્સાહી વાતાવરણ, કદરદાન શેઠ અને જોઇતો પગાર. હવે હું જીંદગી આખી શિક્ષણની પાછળ જીવીશ અને શિક્ષણની પાછળ મરીશ.

ગિ.

તબડાક સિપાઇ

રાજકીય ચળવળના ગયા વર્ષના મહા વલોણામાંથી જે અનેક સુંદર રત્નો બહાર આવ્યાં તેમાં વાનરસેનાની પ્રવૃત્તિ બાળશિક્ષકોનું સારી રીતે ધ્યાન ખેંચે છે. શાળામાં અપાતા શિક્ષણ ઉપરાંત બાળકોને કાંઇક તાલીમ મળવી જોઇએ. માત્ર શાળાના શિક્ષણથી માણસો મોટે ભાગે પઢત મૂર્ખા—એટલે ભણેલા પઢેલા ખરા પણ વ્યવહાર માટે મુરખા થાય છે, એવો સામાન્ય અનુભવ છે. જ્યારે શાળામાં ન ગએલાં ઘણી વાર માત્ર વ્યવહાર કુશળ જ હોય છે; સ્વાર્થી ટૂંકા વ્યવહાર ઉપરાંત તેમને વિશાળ દૃષ્ટિ, ઉંચી ભાવના જ હોતાં નથી.

વાનરસેનાની પ્રવૃત્તિમાં વ્યાવહારિક તાલીમ છે. વાનરોએ વ્યવહારમાં ઉપયોગી એવી ઘણી આવડતો કેળવવાની છે. પણ આ વ્યાવહારિક શિક્ષણની પાછળ એક મોટી ભાવના છે. "હું રાષ્ટ્રનો બચ્ચો છું. માટે હું રાષ્ટ્રનો સેવક છું. મારે રાષ્ટ્રને ચરણે મારી જાતને હોમી દેવાની છે." એ ભાવનાની સાથે આ વ્યાવહારિક શિક્ષણ બાળકો લે છે. બાળક શીખતું તો હોય સાયકલ પર બેસતાં કે રેલ્વેની ટિકીટો ખરીદતાં કે સભાની વ્યવસ્થા રાખતાં કે મોટા ટોળાને વ્યવસ્થિત રીતે જમાડતાં; વાતો તો તદ્દન વ્યાવહારિક છે. છતાં તેની પાછળ ભાવના મહાન છે, જવલંત છે, જીવતી છે.

વાનરસેના પ્રવૃત્તિ માત્ર સામયિક

નથી. દેશની આઝાદીની લડતમાં બાળકોની જરૂર પડી તેથી તે ઉભી થઇ એટલું જ તેનું મહત્ત્વ નથી. આની પાછળની ભાવનામાં વ્યક્તિ તરીકે બાળકને ભાન થાય છે કે હું સમાજનું એક અંગ છું, દેશની પ્રજાનું એક અંગ છું, મારે માથે વ્યક્તિ તરીકે દેશની ને સમાજની સેવા કરવાની જવાબદારી છે, મારે સમાજના કે દેશના કામમાં ભળવું જ જોઇએ, વગેરે. માટે જ પૃથ્વીનાં તમામ બાળકો માટે સર્વ કાળે ને સર્વ સ્થળે આ પ્રવૃત્તિની જરૂર છે. માટે જ આ પ્રવૃત્તિને તમામ બાળશાળાઓએ અપનાવવાની જરૂર છે. અમારા બાલમંદિરમાં આજ ઘણાં વર્ષોથી આવી એક અસ્પષ્ટ પ્રવૃત્તિ ચાલતી; તેનું નામ તબડાક ટોળી. બધાં મોટાં બાળકો(૫-૬ વર્ષનાં) ગિજુભાઇના ઘોડાઓ ગણાય. પછી ગિજુભાઈ કહેઃ "જાઓ ફલાણું કરી આવો. તબડાક તબડાક." એટલે ઘોડાઓ તબડાક તબડાક કરતા છૂટે, ને ઘડીકમાં કામ પૂરું. પછી જ્યારે લડતનું રણશીંગું વાગ્યું ત્યારે આ તબડાક ટોળીને તબડાક સિપાઇ નામ આપવામાં આવ્યું અને તેમને માટે નીચેનો અભ્યાસક્રમ ઘડવામાં આવ્યો. બાળશાળાઓ માટે તે ઉપયોગી જણાતાં નીચે આપું છું:—

તબડાક સિપાઇ

તૈયારી વિભાગ

શારીરિક તૈયારી

સાદી કવાયત, કૂચ વગેરે.

સાદી કસરત–દાંડીયા લાઠી જેમ ફેરવવા તથા હાથ પગની કસરત.

ચાલવું, દોડવું, તરવું, ઝાડે ચડવું વગેરે.

વ્યાવહારિક તાલીમ

પોતાનાં કપડાં ધોવાં.

રસોઇ–ભાત, ખીચડી, શાક.

શીવણ–ફાટેલું સાંધવું, બુતાન ટાંકવાં, દોથળી સીવવી.

તરત ઉપાય–First Aid

સાદા પાટા બાંધવા;

માખી, વીંછીના કરડના ઉપાય;

ઠેશ વગેરે વાગી લોહી નીકળે તો શું કરવું.

ફાંતવું–રેંટીયો તકલી.

સેવાકાર્યો

બજારમાંથી વસ્તુઓ લાવવી.

દવાખાનેથી દવા લાવી દેવી.

જાહેર કામોની વ્યવસ્થામાં મદદ

ફરફરિયાં વહેંચવાં.

પાણી પાવું.

રસ્તો કે જગ્યા બતાવવાં.

ઉતારાની વ્યવસ્થામાં મદદ.

નીશ રહેવું.

સાદા સંદેશા લાવવા લઇ જવા.

ચિઠ્ઠી પહોંચાડવી;

ટપાલમાં કાગળ નાખી આવવું વગેરે.

પીરસવામાં મદદ.

રેલવેની ટિકીટ ખરીદવી.

પ્રવાસો

ચાલીને પ્રવાસો. ઝાડો ઓળખવાં.

રસ્તો શોધવો. પક્ષી ઓળખવાં.

દિવાસ્વપ્ન

એક વાર્તા: શિક્ષણના પ્રયોગની

લેખક ગિજુભાઇ

પ્રાથમિક શાળાના શિક્ષકોને તેમ જ માબાપોને ખાસ ઉપયોગી. "આવી વાર્તા હજુ નથી લખાઇ." બહુ થોડા વખતમાં નકલો ઉપડી જવાનો સંભવ છે.

કિં. ૦–૧૦–૦ પો. ૦–૨–૦

પગલાં ઓળખવાં. પગેરું કાઢવું.

લાકડી બનાવવી. વાવટાનાં નિશાન વગેરે.

રમતો

વાવટાની રમત. મીંઢાની રમત. કિલ્લાની રમત. ખોખો, હુતુતુ વગેરે રમતો.

વ્યવસ્થિત રીતે ને ચપળતાથી રમવી.

આ જાતનો એક સાદો ક્રમ હાલને માટે ગોઠવેલો છે. અમલમાં આવતો જશે તે એ દિશામાં અનુભવ વધશે તેમ આમાં સુધારા વધારા કરવા પડશે.

તબડાક ટોળીમાં ૫ થી ૧૦ વર્ષ સુધીનાં બાળકો દાખલ થએલાં છે. તેથી નાનાં બાળકો પણ દાખલ થવા ઇચ્છા રાખે છે. સમજણ શક્તિ, શરીર પ્રકૃતિ વગેરે જોઇને નાનાંઓ પણ આમાંથી કાંઇક કાંઇક કરી શકે છે. તેટલા પૂરતાં તેમને દાખલ કરી શકાય.

તબડાક સિપાઇ માટે હજી ખાસ પોશાક નક્કી કર્યો નથી; પણ ખાદીનું પહેરણ ને ચડ્ડીનો પોશાક બધાં કામો માટે માફક આવશે એમ લાગે છે. છોકરીઓની ઘાઘરીને તો રજા મળવી જ જોઇએ. પણ એ બાબતમાં હજી નક્કી નિર્ણય કર્યો નથી. તેમ જ સિપાઇ તરીકે બાહ્ય ચિહ્ન રાખવું જોઇએ કે કેમ તે પણ નક્કી કર્યું નથી. અહીં તો ખાદીની લાલ ને લીલી પટ્ટીઓ આપીએ છીએ. બાળકોને મજા આવે છે. જાણે છાતી આગળ કાઢી છાતી પર પટ્ટી ધારણ કરવામાં તેમને સિપાઇપણાનું ભાન થાય છે એમ દેખાય છે. છતાં એ બાબતનો આખરી નિર્ણય હજી બાકી છે. બધી બાળ-શાળાઓ પોતાની શાળામાં આવો કોઇ પ્રબંધ રાખી અભ્યાસક્રમની ત્રુટીઓની ભરપાઇ કરે એ ઇચ્છવા જોગ છે. તા.

:: ચર્ચાપત્રો ::

: ૧ :

એક ભાઇ પૂછે છે: "છેક બાલ્યાવસ્થામાં બાળકોને મોટી મોટી મુસાફરીથી ફાયદા થતા હશે કે ગેરફાયદા?"

પૂછનાર ભાઇ, છેક બાલ્યાવસ્થા એટલે બાળકની કેટલી ઉંમર સમજે છે, કોણ જાણે. જો એ વર્ષની અંદરની ઉંમર હોય તો તો કહેવું જોઇએ કે આવી ઉંમરમાં બાળકને મોટી મોટી મુસાફરીથી કશો લાભ થતો નથી પણ ઘણી વાર ગેરલાભ એ થાય છે કે બાળક બહુ હેરાન થાય છે. એને વખતસર સારું દૂધ મળતું નથી, ગામગામનાં પાણી પીવાં પડે છે, ને વખતસર પૂરતી ઊંઘ મળતી નથી. એ ઉપરાંત બખતે કૉલેરા કે ઓરી જેવા ચેપી રોગમાં સપડાઇ જવાની ધાસ્તી તો હોય જ છે. આ કથનને અપવાદ છે. બાળકને ખાસ સારી હવાની જગ્યાએ હવાફેરે લઇ જવામાં આવતું હોય તો હવાપાણીની અસરથી તેનું શરીર સુધરે ખરું, એટલે તે લાભમાં ગણાય. તેમ જ શ્રીમંત માબાપ સાચવીને લઈ જાય તો ગેરલાભમાંથી બાળકને બચાવી શકે ખરાં. પણ ઉપલા પ્રશ્નમાં પ્રશ્નકારના મનમાં હું ધારું છું ત્યાં સુધી શારીરિક નહિ પરંતુ માનસિક લાભ છે; ને તે દૃષ્ટિએ આટલી નાની ઉંમરે બાળક જુદાં જુદાં દૃશ્યોનો લાભ નથી ઉઠાવી શકતું.

ત્રણ વર્ષ પછીનાં બાળકો કાંઇક કાંઇક

લાભ ઉઠાવી શકે છે ખરાં. પણ જેટલા પ્રમાણમાં તેઓ લાભ ઉઠાવી શકે તેટલા પ્રમાણમાં મોટી મુસાફરી ખાસ સફળ થઈ ન ગણાય. જેમ કે ૩–૪ વર્ષનાં બાળકો આબુ કે મહાબળેશ્વરની શોભા જોઈ શકે, તાજમહાલ કે દેલવાડા જોઈ શકે, ગંગા કે સિંધુ જોઈ શકે, પણ એ બધું એટલું મહાન્ હોય છે કે તેની ખાસ અસર તેમના મન ઉપર થતી નથી. તે ઉંમરે પણ બાળક સૌંદર્યપાન કરે છે ને બાળકને એ દૃષ્ટિએ જેટલું સમૃદ્ધ વાતાવરણ આપી શકાય તેટલું તેનું હૃદય ને બુદ્ધિ સંધરે છે. પણ તે ચૂસી શકે તેથી બહુ ઊંચી કક્ષાની કળાના નમુના તેની આગળ નકામા હોય છે. બાળકની કક્ષા એટલે કળા કે સૌંદર્યનો સુંદર નમુનો ન હોય એમ નથી જ.

મોટી ઉંમરનાં એટલે દસ બાર વર્ષ પછીનાં બાળકો મોટી મોટી મુસાફરી કરે તેમાંથી અનેક રીતે લાભો ઉઠાવી શકે. ભાષા જાણે, નવા રિવાજો જુએ, જાતજાતના માણસોના પરિચયમાં આવે, મુસાફરી કરવાની હોંશિયારી કેળવે; તે ઉપરાંત સુંદર સુંદર જોવાનાં સ્થળો જુએ, ઐતિહાસિક મહત્ત્વ સમજે, રાજકીય મહત્ત્વ સમજે, અનેક જાણવાની વાતો જાણે વગેરે લાભ લઈ શકે. તેવું બધું નાનાં બાળકો કરી શકતાં નથી. મુસાફરીનું ખર્ચ ને મુશ્કેલીઓ વેઠવાના પ્રમાણમાં તેઓ ઘણું ઓછું મેળવે. તા.

: ૨ :

એક ભાઈ પૂછે છે: "મારું બાળક દિવસ બધો ખાઉં ખાઉં કરે છે. તેને ગમે તેટલું આપીએ તો પણ તૃપ્તિ થતી નથી. વારંવાર તે માંદું પડી જાય છે. આનો ઉપાય બતાવશો?"

ઉત્તરમાં:—બાળકની તબિયત સારી નહિ હોય તેથી જ વધારે ખાઉં ખાઉં થાય છે. રસ્તો અઘરો છે પણ કરી શકો તો તેની સ્વાભાવિક ભૂખ પર તે આવશે. ને પછી તેને તૃપ્તિ પણ થશે ને ડૉકટરના બાટલા પણ રાખવા નહિ પડે. પરંતુ નાનાં છોકરાં પરત્વે આ ઉપાય અઘરો તો પડે. ખાસ કરી છોકરું પોતે સમજણું ન હોય ત્યારે મુશ્કેલી પડે એ સમજી શકાય તેમ છે. બાળકને કડક ઉપવાસ કરાવવો; એકલું પાણી પીવા આપવું. અને એકલા પાણી ઉપર ન જ રહી શકતું હોય તો દૂધ ઉપર રાખવું. રોજ એક વાર એનિમા દઈ ઝાડો સાફ કરાવવો. એક બે દિવસ તેને અઘરા જશે. પછી ખાવાની ઇચ્છા એની મેળે જ ઓછી થશે બહેકે ખાવા પ્રત્યે કંટાળો આવશે. જીભ બગડી જશે એટલે ધોળી થશે. કદાચ મોંઢું પણ ગંધાશે. જીભ પાછી રાતી થાય ને કુદરતી ભૂખ ઉઘડે ત્યાં સુધી ખોરાક આપવો જ નહિ. પાણીના અપવાસ ચાલુ રાખવા. ભૂખ ઉઘડે એટલે મુસંબીના રસથી ખોરાક શરૂ કરવો. પાછા ખોરાક ઉપર લાવવાની ક્રિયા બહુ જ સાવચેતીથી ને ધીમે ધીમે કરવી જોઈએ. વિશેષતઃ નાનું બાળક હોઈ ગમે તે ખાઈ ન બેસે તેનું બરાબર ધ્યાન રાખવું જોઈએ. બે દિવસ મુસંબીના રસ ઉપર કાઢયા પછી દૂધ શરૂ કરવું. પહેલે દિવસે દરેક વખતે બબ્બે ચમચી દૂધ આપવું. બબ્બે કલાકે આપો તો હરકત નહિ. પછી આસ્તે આસ્તે વધારવું. ચાર પાંચ દિવસ દૂધ ઉપર રહ્યા પછી આસ્તે આસ્તે થોડા ખોરાક ઉપર ચડાવાય. ખોરાક ખૂબ ચાવીને રસ કરીને જ પેટમાં ઉતારે તે ધ્યાન રાખવું. સિવાય બહુ જ ધીમે ધીમે

એટલે બે કોળિયા ચાર કોળિયા. એમ ખોરાક આપવાનો. આવું બધું તમે કરી શકો કે નહિ તેહું જાણતી નથી. આ ઉપાય લેવાય એમ ન હોય તો ડૉક્ટરની સલાહ લઇ તેને બરાબર વળગી રહેવું. બાળક ગમે તેટલું રડે કે રીસાય તો પણ ડૉક્ટરની સૂચનાની બહાર ન જ જવું. ખાસ કરીને બે ત્રણ બાતનો સુધારો તો ખૂબ દૃઢતાથી જરૂર કરશો.

૧ ખાવાનો નક્કી વખત રાખવો. સવારે સાત, અગ્યાર, ત્રણ ને સાંજે સાત કે એવો કાંઇક રાખશો. બાર કલાકને અંતરે જ ખાવાનું મળે. વચ્ચે કશું જ નહિ. એ નિયમ પાકો રાખવો. ખાવાને વખતે બાળકને જેટલું ખાય તેટલું ખાવા દેવું પણ બે ટંકની વચ્ચે જરા પણ ચવેણું આપવું નહિ.

૨ ખાણામાંથી ખાસ તીખું તમતમતું (જેમ કે ચેવડો ભજ્યાં વગેરે) કાઢી નાખો. સાદો ખોરાક જેટલો ખાવો હોય તેટલો ખાવા દેવો.

૩ ખાણામાં દૂધ, દહીં, છાશ, કાચું શાક જેમ કે મૂળા, ગાજર, પાકાં ટમેટાં, કોબી, મોગરી વગેરેનું પ્રમાણ પૂરતું રાખવું. શક્ય હોય તો ફળો રાખવાં. પોપૈયા વગેરે સસ્તાં ફળો વાપરી શકાય.

૪ પાઇ પૈસો વાપરવા આપી બજારમાંથી જે તે ચીજ લેવાની ટેવ તો સદંતર કાઢી નાખવી. મૂળથી થોડા ઢીલા પોચા રહેવાથી બોટી-ટેવો પડી ગઇ હશે તે કાઢી નાખે જ છૂટકો છે. તે માટે જરા કડક ને દૃઢ થવું પડશે. થોડા દિવસ બાળક હેરાન થશે; ખૂબ રડશે ને કજીયો કરશે. પણ તે બધું તમારે સૌએ શાંતિથી સહન કરવું પડશે. તે કજીયો કરે ત્યારે વઢવું નહિ, મારવું નહિ પણ શાંતિથી સહન કરવું. બાળકને એટલું જ લાગે કે આપણા કજીયા તરફ કોઇ ધ્યાન દેતું નથી. આપણા કજીયાથી કોઇ અકળાતું પણ નથી. ભૂખ્યું સુઇ જાય કે પડી રહે તે માટે તો જરાયે દરકાર કરવી નહિ.

બીજું તમારા બાળકને થોડા માનસિક ઉપચારની પણ જરૂર હશે. તેને ખૂબ જ ગમે એવા ઉદ્યોગોમાં બાવાના બે ટંક વચ્ચેના વખત દરમિયાન તે પરોવાએલું રહે તેમ કરજો. જેમ કે તે ફરવા જાય કે રમે કે અખાડામાં જાય, વાર્તા સાંભળે કે વાંચે, મિત્રોની સાથે રમે વગેરે.

માનસિક ભૂખ વધે ને માનસિક ખોરાક ભૂખ પ્રમાણે મળતો જ જાય એવું કરશો તો બાઉકડપણું એની મેળે ઓછું થવાનો સંભવ છે. કેમ કે માનસિક વ્યાપારનો અભાવ એ પણ એક બાઉકડપણાનું કારણ હોઇ શકે છે.

પહેલેા ઉપાય લેવો હોય તો બહુ જ સાવચેતીથી ને ડૉક્ટરની સલાહથી લેવો જોઇએ. પહેલેા લ્યો તો પણ, ને ન લ્યો તો પણ બીજો ઉપાય તો જરૂર લેશો જ.

ત્રા.

રાત્રિશાળાઓ

આ પત્રના વાંચનારાં ભાઈ બહેનો!

આપના જાણવામાં જે જે રાત્રિશાળાઓ હોય તે તેનાં નામો અને દામો નીચેને સરનામે મોકલી અમને આભારી કરશો. અમે રાત્રિશાળાઓની એક યાદી કરવા ઇચ્છા રાખીએ છીએ.

અક્ષરજ્ઞાન કાર્યાલય
બા. દ. મૂ. ભવન
ભાવનગર

} ગિજુભાઇ

પત્રવ્યવહારમાંથી— —પ્રશ્નોત્તર

મોન્ટીસોરી અધ્યાપનમંદિર શું છે?

એક ભાઇ પૂછે છે કે મોન્ટીસોરી અધ્યાપનમંદિર શું છે? જવાબ એ છે કે મોન્ટીસોરી અધ્યાપનમંદિર એ શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિ-ભવનને અંગે ચાલતી શિક્ષણ સંસ્થાઓમાંની એક છે. આ સંસ્થાનું કામ મોન્ટીસોરી પદ્ધતિ જાણવા માટે જે ભાઇ બેનો ઇચ્છા રાખતાં હોય તેમને તેનું જ્ઞાન આપવાનું છે. આ માટે વિદ્યાર્થીઓએ એ સંસ્થામાં એક વર્ષ રહેવું પડે છે. ભણાવવા બદલ ફી લેવામાં આવતી નથી. વર્ષ આખરે વિદ્યાર્થીઓને એક પ્રમાણપત્ર આપવામાં આવે છે. જેઓ આ મંદિરમાં આવી અભ્યાસ કરવા માગતાં હોય તેઓ અરજી કરી વધારે માહિતી મેળવી શકે છે.

માબાપોને કેળવવાની કાંઇ યોજના છે?

એક ભાઇ પૂછે છે કે બાલશિક્ષણમાં માબાપો રસ લેતાં થાય અને બાળકો પ્રત્યે પોતાની જવાબદારી સમજતાં થાય તે જાતની તેમને કેળવણી આપવાની નિશાળ કે યોજના છે? જવાબ એ છે કે જે માબાપો પોતે જ કેળવવા માગતાં હોય તો તેઓ ઘણું કરી શકે તેમ છે. જેમ કે—

૧. તેઓ બાલશિક્ષણ અને બાલસાહિત્ય ઘેર બેઠાં વાંચે. દરરોજ થોડો વખત તો આવા વાચન પાછળ કાઢે જ.

૨. તેઓ દરરોજ થોડો વખત બાળકો સાથે વાતો કરે, તેમને વાર્તા કહે, તેમની સાથે રમે. બાળકો સાથે વસવાથી બાળકોના માનસનો અને તેથી માનસશાસ્ત્રનો ઉત્તમ અભ્યાસ થાય છે.

૩. કોઇ પણ બાલમંદિરનું ચાલતું કામકાજ જોવા દર અઠવાડિયે એકાદ આંટો જાય અને બાલશિક્ષકો બાળકો સાથે કેવી રીતે કામ પાડે છે તે જુએ. તેમાંથી ઘણું શીખવાનું મળશે.

૪. કોઈ બાલશિક્ષણની કે બાલશિક્ષણ અધ્યાપનમંદિરની સંસ્થામાં એકાદ મહીનો રહેવું અને બાલશિક્ષણની આરાધના કરવી. ગિ.

ગામડાની બાળકેળવણી

કોઇ પણ ગામડામાં જઇને ભણેલા કે શહેરી તરીકે તમે ઉભા રહો તો તમારા પર પહેલી છાપ પડશે તે એ હશે કે ગામડામાં કેટલાં બધાં બાળકો છે! ચારે કોર બાળકો જ બાળકો. નાનાં મોટાં બધાં બાળકો તમને દર્શન દેવા ને તમારાં દર્શન લેવા દોડતાં દોડતાં તમારી પાસે આવશે. તેમનાં ધૂળવાળાં મ્હોં ઉપર તરી આવતી તેમની ચમકતી આંખોનું તેજ તમારું હૃદય વીંધીને તમારી અંદર પેઠા વિના નહિ રહે. એક પળવારમાં તો આખા ગામડાંનાં છોકરાં વાયુવેગે કેવી રીતે એકઠાં થઇ ગયાં તેનો વિચાર હજી તમે કરતાં હશો એટલામાં તો પેલાં બાળકોએ તમને પગથી તે માથા સુધી નીહાળી લીધાં હશે. તમારી વિશેષતા, તમારી વિચિત્રતા, તમારું બધું એમના મનમાં નોંધાઇ ગયું હશે. દરેક ગામ

ડાનાં બાળકો પરત્વે તમને એકસરખો અનુભવ થશે કે ગામડાનાં બાળકો જોવા જાણવા માટે બહુ ઉત્સુક હોય છે. તેઓ જીંદગીથી કંટાળેલાં, જોવા જાણવામાં રસહીન થઇ ગએલાં શહેરી બાળકો જેવાં નથી. તેઓ ચાલાક, બળવાન, તેજસ્વી અને જિજ્ઞાસુ છે. જિજ્ઞાસા તૃપ્ત કરવા માટે મહેનત લેવી એ તેમના હિસાબમાં નથી. એક સહેજ વાત માટે એકાદ માઇલ દોડી જવું કે એ ત્રણ માઇલ ચાલી નાખવું એ તેમને મન સાધારણ વાત છે.

આજ કાલ વિચારકો, કાર્યકર્તાઓ, કેળવણીકારો, રાષ્ટ્રવિધાયકો, જનતાને દોરનારાઓ, સમાજસેવકો સૌનું લક્ષ ગામડા તરફ જાય છે. નવા અને હોંશીલા કાર્યકર્તાઓ તો ગામડામાં કામ કરવું તેમાં મહત્ત્વ સમજે છે–તેમાં કાવ્ય માને છે. પણ આથી જ ગામડાવાળાઓએ ચેતતા રહેવાનું છે. ગ્રામપુનર્ઘટનામાં ગામડાનું કાવ્ય અને ગામડાની શાકત ઘટી ન જાય તે ધ્યાનમાં રાખી બધાં કામો થવાની જરૂર છે.

આપણે ઉક્ત દૃષ્ટિએ ગામડાંનાં બાળકોની કેળવણીને તપાસીએ.

કેળવણીનો પ્રચાર એટલે શાળાઓનો વધારો એવો અર્થ અત્યાર સુધી થતો આવ્યો છે. ગામડાની શાળા એટલે શહેરની શાળાની ઘણી ઉતરતી પ્રતિમા; ગામડાનો શિક્ષક એટલે શહેરની શાળાનો એક હલકો નમુનો; શહેરમાં સારા અને મોટા પગારના શિક્ષકો તો ગામડામાં થોડા પગારના થોડું ભણેલા શિક્ષકો; શહેરની શાળામાં સાધન સમૃદ્ધિ વધારે તો ગામડાની શાળામાં તેની જરૂર નહિ. આ જાતના એક જ દિશાનાં ફેરફારોવાળી ગ્રામશાળાઓ એટલે એકંદરે શહેરની શાળાઓની દુર્બળ પ્રતિકૃતિઓ. કારણ કે ગ્રામશાળામાં શહેરની શાળાનો અભ્યાસક્રમ છે, એ જ શાળાનું ભણાવવાનું ધોરણ છે, એ જ ઢબ છે. પણ લોકો માને છે કે શાળાઓ ફેલાવવી એટલે કેળવણી પ્રચાર.

વાસ્તવિક રીતે ગામડાની શાળાઓ તદ્દન જુદા જ પ્રકારની જોઇએ. તેમાં પાંડિત્યના શિક્ષણ કરતાં વ્યવહારોપયોગી જ્ઞાનના શિક્ષણની વધારે જરૂર છે. તેમાં બેઠાં બેઠાં મેળવવાના બાળસુ જ્ઞાન કરતાં ઉઠીને હાથ પગ હલાવવા મન દોડે તેવી કેળવણીની જરૂર છે. ગામડાની કેળવણી ફુરસદની વેળાનો શુદ્ધ વિલાસ પણ ન જ હોય. કારણ તો એ છે કે ગામડાંઓ એટલે તો સમગ્ર સમાજની જીવનદાયી માતાઓ. ગામડાંઓ સૌને ખવરાવે પીવરાવે, પોઢાડે ને ઓઢાડે છે. ગામડાંઓ એટલે ઉદ્યોગભૂમિ. ગામડાંઓ એટલે પ્રવૃત્તિ, પ્રવૃત્તિ ને પ્રવૃત્તિ. માટે જ ગામડાંની કેળવણીનો ઉદ્દેશ ઉજળિયાત પંડિતો, વૈજ્ઞાનિકો કે કલાકારો માત્ર બનાવવાનો ન હોય; પણ મુખ્યત્વે તેનો ઉદ્દેશ ઔદ્યોગિક જીવન જગાડવાનો ને પોષવાનો હોય. અને છતાં ગામડાની કેળવણી જીવનસંસ્કારિતાથી અળગી ન હોય. સાહિત્ય, કલા આદિ વિષયો ગ્રામજનો માટે અસ્પૃશ્ય ન રહે. ઉલટું કુદરતના ખોળામાં નિરંતર વસનાર ગામડિયાઓ નિસર્ગના સાચા ને શુદ્ધ ભોક્તા થઇ શકે. સદ્‌ભાગ્યે તેઓ શહેરી કૃત્રિમતાથી હજી તો મુક્ત છે.

આજની ગામડાની શાળાઓ શહેરી શાળાઓ પેઠે ગામડાનાં બાળકોને બેઠાડુ બનાવે છે. પાંચ કલાક શાળાના અને બીજા ઘેર

અભ્યાસના મળીને કેટલાએ કલાકો એહ્ા એહ્ા વાંચવા લખવામાં નકામા જાય છે, અને ગામડાનાં બાળકો માટે જે ભવિષ્યમાં અતિ અગત્યનું છે એવા ઔદ્યોગિક જીવન માટે તેમનાં શરીરો નાલાયક બને છે. આજની ગામડાની શાળાઓ બાળકો પાસેથી ચાલવું દોડવું, કલાકો સુધી ટાઢ તડકામાં સખ્ત મજુરીનાં કામો કરવાં, એ ખૂંચવી લે છે. આપણે જો સાચી જ ગ્રામકેળવણી આપવા માગતા હોઇએ તો આજની શાળામાં ગોશાળા હોય; વણાટ ને કાંતણ વિભાગ હોય; પ્રાયોગિક ખેતરો હોય; ગાયો ને ભેંશો ચારવાનું ને પાળવાનું હોય. આવા ઉદ્યોગોમાં બાળકોના ત્રણથી ચાર કલાકો જાય તો બાકીના એકાદ બે કલાકોમાં બાળકો ભલે લખવા વાંચવાનું શીખે. પણ જ્યાં આમ શકય ન હોય ત્યાં બાળકોને પોતપોતાનાં માબાપોનાં ખેતરોમાં કે તેમની ઉદ્યોગની જગ્યાએ રહેવા દેવાં ને શિક્ષકોએ માત્ર કલાક દોઢ કલાક બાળકોને શાળામાં બોલાવવાં ને તેમને સાદું લેખન વાચન ને ગણિત શીખવવું.

ગામડાનાં બાળકોનું શિક્ષણ આજના જેવી શિક્ષણશાળાઓ દ્વારા નહિ પણ બીજી નવીન સંસ્થાઓ દ્વારા કરવું વધારે સારું ને સગવડ ભરેલું છે. આ બીજી સંસ્થાઓ તે ગ્રામ વાચનાલય, ગ્રામ રમત-મેદાન, પ્રાસંગિક જલસાઓ અને વ્યાખ્યાનો, તેમ જ સિનેમા, મૅજિક લૅંટર્ન, પ્રદર્શનો અને પ્રવાસો છે. આજનાં ગામડાંઓને કેળવવાને માટે આવી જીવંત રોજ નવી કરી શકાય તેવી અને ફેરવી ફેરવી શકાય તેવી આ સંસ્થાઓ એકંદરે ઓછા ખરચની પણ થશે. સીધી રીતે ભણાવવામાંથી શિક્ષકનો જે વખત બચશે તે આમાં વાપરી શકાશે.

બાળકને વાંચતાં આવડે કે તરત જ તે ફુરસદને વખતે પુસ્તકાલયમાં જાય. પુસ્તકાલયનો યોગ્ય ઉપયોગ કરતાં શીખવું તે જીંદગીની એક કિંમતીમાં કિંમતી કમાણી છે. વાચનાલયમાં ગમે તે જ્ઞાન મેળવવાની ચાવી સમાએલી છે.

ગામડાનાં બાળકો માટે બીજું અત્યંત મહત્ત્વનું સ્થળ તે રમત મેદાન છે. ત્યાં ગ્રામ રમતો, કૂચ કવાયત વગેરે બધું થઇ શકશે.

અઠવાડિયામાં એક કે બે વાર કવિતા, ગીતો, કાવ્યો, વાર્તાઓ ને કથાઓના જલસાઓ ગોઠવામાં આવે, અને ખાસ કરીને આપણા તહેવારોને આ અર્થે વાપરીએ તો ગામડાનાં બાળકોને સંસ્કારી સાહિત્ય આપવાનું સુલભ બનશે. સંસ્કારી સાહિત્ય એટલે શિષ્ટ સાહિત્ય નહિ પણ સુસંસ્કારોથી ભરેલું સાહિત્ય. કાવ્યસંસ્કાર અન્વય ને અર્થ ગોખવાથી નથી પડતા પણ કાવ્યના સ-રસ શ્રવણ અને સહગાનથી પડે છે. પસંદ કરેલાં લોકગીતો અને લોકસાહિત્યમાં સંસ્કાર આપવાની ભારે શક્તિ છે.

વ્યાખ્યાનો એટલે ભાષણ કે પ્રવચનો નહિ પણ ગ્રામબાળકો પાસે જગત અને જગતમાં શું ચાલી રહ્યું છે, દેશ અને દેશના મોટા લોકો કોણ છે, શોધ અને તે કેમ થઈ તેની સરલ વાણીમાં સાદી કથા. ગામડામાં મુખ-શિક્ષણને હજી મોટું સ્થાન છે.

સિનેમા અને મૅજિક લૅંટર્નનો ઉપયોગ ગામડામાં અવશ્ય થવો જોઇએ. બે પાંચ સાત ગામડાંના ઝુમખા માટે એક સેટ મોંઘો ન પડે. એ દ્વારા ભૌગોલિક ને વૈજ્ઞાનિક એવું ઘણું

જ ઉપયોગી જ્ઞાન ગમ્મત સાથે આપી શકાય. ગોખણિયા ભણતર કરતાં આની છાપ વધારે ઉંડી, કાયમી ને સ્પષ્ટ પડશે. શરીરશાસ્ત્ર, આરોગ્યશાસ્ત્ર અને ઉદ્યોગોને લગતું કેટલુંએક વિજ્ઞાન ચોક્કસ આ સાધનો દ્વારા આપવું જોઇએ. લોકશિક્ષણનાં સુંદરમાં સુંદર એવાં આ સાધનોનો આજે ખરાબમાં ખરાબ દુરુપયોગ જોઇ કોઇ પણ કેળવણીકારનું લોહી ઉકળી આવે તેમ છે.

જુદી જુદી જાતનાં પ્રદર્શનો મહિનામાં એકાદ વાર કરીને બાળકોને કલા અને ઉદ્યોગને લગતા સુંદર સંસ્કારો આપી શકાય. શિક્ષક આજુબાજુનાં ગામડાંઓમાંથી ગ્રામકળાપૂર્ણ વસ્તુઓ એકઠી કરી શકે.

ગામડાનાં બાળકો માટે પ્રવાસ અગત્યનો વિષય છે. વર્ષમાં એકાદ બે વાર પણ બાળકો પ્રવાસે નીકળે તો આખું વર્ષ નકશા પાસે બેસી ગોખીને જે ભૂગોળ ન ભણી શકે તે આ પ્રવાસ દરમિયાન ભણશે. વિશેષમાં બાળકોને જીવનની અને વ્યવહારની વિશાળ દૃષ્ટિ આપશે એમાં શંકા નથી.

સારાંશ આજનાં ગામડાનાં બાળકોની કેળવણીમાં ઘણા મુદ્દામ ફેરફારો થવા જોઇએ. તો જ ગામડાના લોકો આગળ વધશે.

શિક્ષણની રીત, અભ્યાસક્રમ, સ્થળ કાળ વગેરેને લગતા ફેરફારો જેમ આવશ્યક છે તેમ જ નવા શિક્ષકની પણ જરૂર છે. આજનો ગામડાનો શિક્ષક રૂઢિગ્રસ્ત ને પુરાતન છે. ગામડાનું નવું શિક્ષણ નવો શિક્ષક માગે છે.

આપણે ગામડાંઓને નવાં, જીવતાં અને પ્રગતિમાન કરવા માગીએ છીએ; ગામડાંઓને ભાવના અને કાર્યથી જીવતાં કરવા માગીએ છીએ. એ આપણું લક્ષ્યબિંદુ નવા શિક્ષક આગળ હોવું જોઇશે. એ નવો શિક્ષક આપણને ગામડાની પુનર્ઘટના આપશે.

ટૂંકમાં ગામડાંની બાળકેળવણીની નવી દિશા આપણે ત્યારે જ સાધીશું કે જ્યારે આજની દિશાનો આપણે ત્યાગ કરીશું. અને એ કાળ આપણી સામે આવતો જાય છે. તા.

ગામડાની પ્રાથમિક કેળવણી

એક રીતે જોઇએ તો પ્રાથમિક શિક્ષણનો પ્રશ્ન સાર્વત્રિક છે; કારણ કે બાળકો પોતાનો વિકાસની પ્રથમ અવસ્થામાં શું માગે અને તેમને શું દેવું જોઇએ એનો બધો આધાર સ્વતઃ બાળકો જ છે; અને સામાન્યતઃ બાળકોના શારીરિક, માનસિક, ઇંદ્રિય વિષયક, લાગણી વિષયક અને આધ્યાત્મિક વિકાસનો સિદ્ધાન્તો અને વ્યવહાર એક સરખા જ હોઇ શકે છે. છતાં બાલશિક્ષણ તેમ જ સમગ્ર જીવન-શિક્ષણ અને વિકાસમાં, પરિસ્થિતિ અને સાધન-સંપત્તિ અતિ મહત્ત્વનાં માલૂમ પડ્યાં છે. એટલું જ નહિ પરંતુ તેમણે શિક્ષણના સિદ્ધાન્તો અને વ્યવહારને ઘણી વાર મર્યાદિત કર્યા છે. પરિસ્થિતિ અનિવાર્ય હોય ત્યાં સ્વાભાવિક શિક્ષણ ઉપર બાંધેલી મર્યાદા જ્યાં સુધી અનિવાર્યતા આવશ્યક હોય છે ત્યાં સુધી હિતાવહ ગણવામાં આવી છે. એટલું જ નહિ પણ તેને અવગણીને ચાલવામાં નુકશાન પણ થયું છે. આથી એક તાત્ત્વિક વિચારકની સામે પ્રાથમિક બાલશિક્ષણનો પ્રશ્ન એકધારો અને અવિચ્છિન્ન

હોય છે, જ્યારે પરિસ્થિતિ અનુસાર કેળવણીની રચના કરનાર સામે તાત્ત્વિક દૃષ્ટિએ કેવળ એકતા હોવા છતાં વ્યવહારમાં ભિન્નતા દેખાય છે. અને જ્યાં આ ભિન્નતાનો પાયો તત્ત્વસ્વીકાર ઉપર અને અમલ પરિસ્થિતિ ઉપર નખાય છે. ત્યાં શિક્ષણનું હરેક મંદિર સફળ નીવડયું છે.

આથી ગ્રામ પ્રાથમિક કેળવણી અને શિક્ષણની રચના શહેર પ્રાથમિક કેળવણી અને શિક્ષણથી જુદી પડવી જોઇએ. ગ્રામની વિશિષ્ટ પરિસ્થિતિ અનુસાર એવી રીતે જુદી પાડેલી કેળવણી જ ફલેહમંદ થઇ શકશે. આ ભેદની વિગતો આગળ ઉપર વિચારીએ તે પહેલાં પ્રાથમિક શિક્ષણમાં આવશ્યક એવી સાર્વત્રિક રચનાનો આલેખ પહેલાં જ કરીએ. આ રચના બધાં બાળકોના શિક્ષણમાં અનિવાર્ય છે. એના વિના શિક્ષણકાર્ય આગળ લઇ જઇએ તો શિક્ષણ અપંગ, અધરૂં, વિરૂપ અને કાચું રહે છે. બાલશિક્ષણના સૌ ઉપાસકોએ જો કોઈ એક જ બાબત ઉપર બહુ લક્ષ આપ્યું હોય તો તે બાલજીવનવિકાસની મૂળભૂત પ્રાથમિક ભૂમિકા તૈયાર કરવા ઉપર આપેલું છે.

બાળકો એટલે શરીર, મન અને આત્મા. એની પ્રાથમિક સામાન્ય કેળવણી એટલે શરીર આરોગ્યની–ઇંદ્રિયોની તીવ્રતા અને સંસ્કારિતાની, મનની એટલે બુદ્ધિની નિર્મળતાની અને આત્માની એટલે માણસની સાત્ત્વિક લાગણીઓની સંયમિતતા અને સમતોલતાની કેળવણી. આવી કેળવણી શહેરમાં કે ગામડામાં જ્યાં જ્યાં બાળક હોય ત્યાં ત્યાં હોવી જોઇએ. આવી કેળવણીનાં સામાન્ય સાધનોનો સ્વીકાર શહેરે કે ગામડાએ સરખો જ કરવો જોઇએ. આવી કેળવણીને આપનારાઓ શહેરો કે ગામડાંઓ માટે એક જ દૃષ્ટિવાળા અને એક જ તાલીમવાળા જોઇએ. આવી કેળવણીનો વિચાર કરતાં શહેર કે ગામડું એવો ભેદ આપણા મનમાં ન જોઇએ. એક ગંદું, ઇંદ્રિયોની જડતાવાળું, મનનું મઠ અને લાગણીઓનું બુઠ્ઠું બાળક બધે ઠેકાણે કેળવવું જોઇએ, અને તેને માટે કેળવણીના વિજ્ઞાને પેદા કરેલાં સાધનો સૌએ વાપરવાં જોઇએ. આ વૈજ્ઞાનિક સાધનો ગામડામાં જાડાં પાતળાં અને રેઢીયાળ હોય અને શહેરમાં સુંદર હોય તે ન ચાલે. ગામડાનાં અને શહેરનાં બાળકોની આંખો સરખી જ છે, કાન સરખા જ છે, ચામડી સરખી જ છે; એકની કુદરતી બક્ષિશ જાડી છે, ખડબચડી છે, ગરીબ છે, અશક્ત છે જ્યારે બીજાની સ્વતઃ જ સંસ્કારી, કોમળ, તરંગર, શક્ત છે એમ નથી. બાલ્યાવસ્થામાં બધાં બાળકો સમાન ધર્મમાં બધું ખરું છે. પણ પરિસ્થિતિ તેનામાં અજ્ઞાનતા–અસમાન ધર્મ લાદે છે, અને કેળવણી તેને પોષણ આપે છે; એટલું જ નહિ પણ તેનો બચાવ કરે છે. આ બચાવ આજના શિક્ષણના વૈજ્ઞાનિક દિવસોમાં હવે ટકી શકે તેમ નથી. આથી પરિસ્થિતિનું દબાણ લાદતા પહેલાં પરિસ્થિતિની અનિવાર્યતાનો સાચો વિચાર કરવો. પરિસ્થિતિને નામે આપણા અજ્ઞાનને લીધે ઉભો થએલો મતાગ્રહ તો ન જ લાદવો. અર્થાત્ શું ગામડાનાં કે શહેરનાં, બધાં બાળકોનો એ પ્રાથમિક હક્ક છે કે તેમના વિકાસને માટે કેળવણીનાં સ્વીકૃત બધાં સાધનો તેમને મળવાં જ જોઇએ. ગામડાની કેળવણીને હમેશ જુદી ગણી તેને શહેરથી કંગાળ, ગરીબ, સાધન રહિત રાખી ન જ શકીએ. શહેરોમાં ધનિકો વસે

છે અને ગામડામાં ગરીબો વસે છે માટે ધન-સ્થિતિ પ્રમાણે બાળ અગર પ્રાથમિક શિક્ષણ-સાધનની સંપત્તિ જોઇએ, એમ કહેવા નીકળીએ તો આપણે એ સ્વીકારવું પડે કે ગામડાનાં અને શહેરનાં બાળકો વચ્ચે કુદરતે તફાવત નથી કર્યો છતાં આપણે તે કરવો છે; કુદરતથી પણ આપણે આગળ જવું છે. ખરી રીતે મનુષ્યોએ જે અકુદરતી તફાવત કરેલ છે તેનો આપણે નાશ કરવો જોઇએ. અને તેનો નાશ કરવાનો એક જ રસ્તો છે અને તે એ કે બધાં બાળકોને—શહેરનાં અને ગામડાનાં, રાજાનાં અને રંકનાં, તવંગરનાં અને ગરીબનાં, મજૂરનાં અને અમીરનાં—બધાં બાળકોને પ્રાથમિક શિક્ષણનો સરખો લાભ, સરખો હક્ક મળવો જોઇએ. ગામડું ગરીબ છે માટે તેનાં સાધનોમાં કરકસર જોઇએ અગર તેનાં સાધનો ગામડા પ્રમાણે જોઇએ એમ કહેનારા કેળવણીકારો ન હોય પણ મુત્સદ્દીઓ હોય. કેળવણીકારો તો કહેશે કે જે શહેરોએ ગામડાને પાયમાલ કર્યાં છે તે શહેરોએ જ કાં તો ગામડાંની ઢબે જીવનમાં અને શિક્ષણમાં ઉતરવું અગર પોતાનાં શ્રીમન્ત સાધનોમાં ગરીબનાં બાળકોનો ભાગ પાડવો. ગામડાની કેળવણીનો વિચાર કરનારાઓ પણ સમજી જ લે, કે તેમની એ જ ફરજ છે કે તેમણે ગામડાની કેળવણી ગરીબ રાખવા કરતાં શહેરની તવંગર કેળવણીની લૂંટ કરવી.

જો ગામડાની પ્રાથમિક કેળવણીની પ્રવૃત્તિ જોવા આપણે જઇએ તો આપણને શું દેખાવું જોઇએ? એક તો સ્વચ્છ, તંદુરસ્ત, ચોખ્ખાં સાદાં કપડાં પહેરેલાં બાળકો; સ્વચ્છતા સાચવવાને માટેનાં સાદાં સાધનો; ખુલ્લી વિશાળ વ્યાયામશાળા કે જ્યાં બાળકો અબાધિતપણે પોતાની હાથ પગની હીલચાલ કરતાં હોય; સ્વચ્છ, પહોળી, આકર્ષક એવી નિશાળ; મનને સહેજે પ્રસન્ન કરે તેવી કુદરતનો પાડોશ; દુર્ગંધ, ધોંધાટ, વગેરે વ્યાવહારિક બદીઓથી દૂરપણું; સૂર્ય, વૃક્ષો, હવા, પૃથ્વી વગેરે પ્રકૃતિનાં અંગોનો છૂટે હાથે છૂટે મને ઉપભોગ થઇ શકે તેવી ગોઠવણ. વધારામાં ઇંદ્રિયો અને મનનો વિકાસ ઘડનારાં વૈજ્ઞાનિક સાધનો—જે સાધનો ઇંદ્રિયોને યથાર્થદર્શી કરે, જે સાધનો મનને સમતોલ કરે.

અને જેમ આટલું આપણે ગામડામાં માગીએ તેમ આટલું શહેરમાં પણ માગીએ. પણ શહેર ખર્ચ વધારે કરે માટે ત્યાં શક્ય છે અને ગામડાને પોસાય નહિ માટે તે પડતું મૂકવું, એ દલીલ અસ્વીકાર્ય છે.

ઉપરાંત ગામડાની પ્રાથમિક શાળામાં બાળકોનો વિકાસ આગળ લઇ જનાર, તેમને ઉત્તરોત્તર ઉચ્ચ ભૂમિકા ઉપર ચડતાં જરૂર પડે ત્યારે મદદ કરનાર એવો કુશળ શિક્ષક જોઇએ. ગામડામાં ગામડિયો, થોડું ભણેલો અને થોડા પગારનો શિક્ષક રાખનારા અને રખાવનારા ગામડાનાં બાળકોના જીવનભરનો દુશ્મનો છે; અને ગામડાની શક્તિ એટલું જ નહિ પણ જગતનાં એટલાં બાળકોની શક્તિનો નાશ કરનારાઓ છે. અહીં પણ ગામડું અને શહેર વચ્ચે તફાવત ન હોઇ શકે.

ટૂંકમાં અને ઉતાવળથી આપણે જોયું કે પ્રાથમિક સ્થિતિમાં બાળકોને કેળવવામાં આપણે તેમને માટે સામાન્ય સિદ્ધાંતો ને વ્યવહારનો સ્વીકાર કરીએ.

પરંતુ ધીમે ધીમે પ્રાથમિક શિક્ષણમાં પરિસ્થિતિજન્ય મર્યાદાનો આજે તો સ્વીકાર કરીએ અને તે પ્રમાણે ગ્રામ પ્રાથમિક શિક્ષણ રચીએ. આજ દિવસ સુધી જે ભૂલ કરી તે એ કે શહેરને ઘોરણે ગામડાને ચલાવ્યું, શહેરને ઘોરણે ગ્રામશાળાઓ બાંધી, પાઠ્યપુસ્તકો રચ્યાં, અભ્યાસક્રમ ઘડ્યો, પરીક્ષાઓ રાખી અને છેવટે શહેરને ઘોરણે જ વિદ્યાર્થીને લાયક થયો કે ન થયો તેનો મત બાંધવા ઉપર ગયા. ગામડાના શિક્ષકને પણ શહેરને ઘોરણે જ ઘડ્યો અને ઘણું ખરૂં શહેરમાંથી જ તેને ગામડામાં નાખ્યો. પરિણામ એ આવ્યું છે કે આજ લગી ગામડાનાં બાળકોને ગામડાને માટે કેળવવાનું, તૈયાર થવાનું શિક્ષણ મળવાને બદલે તેમને શહેરને માટે, શહેરી થવાને માટેનું શિક્ષણ મળ્યા કર્યું અને તેને લીધે દરેક વર્ષે, ગામડાનાં બાળકો સાચા ગ્રામજનો થવાને માર્ગે જવાને બદલે ત્યાંથી ભ્રષ્ટ થઇને શહેરને માર્ગે નીકળે છે. અને શહેરના માર્ગે તો તેઓ ચાલી શકયા જ નથી તેની ખાત્રી હવે વધારે કરવાની રહી નથી. ગામડું શહેરમાં જેમ દબાઇ ગયું છે તેમ જ ગામડિયો શહેરમાં દબાઇ ગયો છે. તે શહેરી શિક્ષણમાં અપવાદ રૂપે જ આગળ ગયો છે; અને જ્યારે તે આગળ ગયો છે ત્યારે તે ગામડિયો ભાંગીને શહેરી બની રહ્યો છે. અને છતાં હજારો શહેરીઓમાં એક ગામડામાંથી આવેલની વિશેષ કિંમત થઇ નથી અને થવાની પણ નથી.

એટલે આપણે પ્રાથમિક શિક્ષણના સુધારા માટે જે ચોખ્ખાં અને દૃઢ પગલાં લેવા માગતા હોઇએ અને જો તેમ કરીને ગામડાની નૈસર્ગિક પ્રતિભાનો તેમના સુખ અર્થે ઉદય અને વિકાસ કરાવવા ચાહતા હોઇએ તો શહેરી અને ગ્રામ શિક્ષણના માર્ગો જુદા જ કરી નાખીએ અને તે માટે નીચેના મહત્ત્વના ફેરફારો કરાવવા યત્ન આદરીએ.

પ્રથમ તો આપણે ગ્રામશિક્ષકો માટે નવું જ ગ્રામ અધ્યાપનમંદિર કાઢીએ. આજનું અધ્યાપનમંદિર તૈયાર કરેલ શિક્ષકોને ગામડામાં વિશેષતઃ મોકલે છે; પણ ગામડામાં કેમ કામ કરવું તેની કેળવણી અને શિક્ષણ આપતું નથી. એનો મૂળ ઉદ્દેશ ગમે તે હોય પણ આજે તો ટ્રેનિંગ કોલેજો ગામડાનાં સાચા પ્રાથમિક શિક્ષકો તૈયાર કરવામાં ખૂબ પછાત પડી ગએલી છે એ ચોખ્ખું છે.

આ ફેરફાર ત્યારે જ બરાબર સફળ થાય કે જ્યારે ગ્રામશિક્ષણ માટે તૈયાર થતો શિક્ષક ગ્રામસંસ્કારિતાનો પ્રેમી, ગ્રામઉધ્ધારનો શોખીન અને ગ્રામજનતાનો હોય. એમ ન હોય તો પણ તે ગ્રામ શિક્ષણનો અત્યંત ચાહનારો તો હોવો જ જોઇએ. આજનો ગ્રામશિક્ષક એટલે લગભગ કંઇ જ વિસાતમાં નહિ તેવો, એમ ગણાય છે તેને બદલે શિક્ષણમાં ગ્રામ શિક્ષક એટલે મુખ્ય શિક્ષક, એવી પ્રતિષ્ઠા ને પદવી સાધ્ય કરવાના આદર્શવાળા શિક્ષકો ગ્રામ શિક્ષણનો પ્રશ્ન બરાબર ઉકેલશે.

ત્રીજું ગ્રામ શિક્ષણને શહેરના શિક્ષણથી જુદું કરી નાંખવું જોઇએ–અર્થાત્ તેનો વિદ્યાધિકારી, તેના નિરીક્ષકો વગેરે જુદાં જોઇએ: અને તેઓનો પગાર મોટો હોય કે નાનો હોય પણ તેઓ ગામડાના અભ્યાસી, ગામડાના પ્રેમી અને ઉપરાંત કેળવણીના પ્રશ્નના માહિતગાર

જોઇએ. ખૂબ ભણેલો અને મોટો ગણાતો તથા શહેરી જીવનમાં રસબોળ એવો વિદ્યાધિકારી કે નિરીક્ષક ગામડાના જીવનને સમજી શકતો નથી; તેના તરફ ઇચ્છે તો પણ પૂરી સહાનુભૂતિ રાખી શકતો નથી. તે આજ પોતાના કામમાં લગભગ નિષ્ફળ છે એવું ગામડાની શાળાઓમાં ઉભા રહેતાં વાર જ માલૂમ પડે છે. ઘણા થોડા વિદ્યાધિકારીઓએ પોતાની નીચેની બધી ગામડાની શાળાઓ જોઈ હશે; તેઓ બહુ થોડા ગ્રામ શિક્ષકોને ઓળખતા હશે અને ગામડાંનાં માબાપો સાથે તો ભાગ્યે જ તેઓ કશો સંબંધ કે પરિચય ધરાવતા હશે.

ગ્રામ શિક્ષણમાં ચોથો અગત્યનો ફેરફાર તે તેની શાળાના અભ્યાસક્રમનો છે. આજે શહેર અને ગામડા માટેનો એક જ અભ્યાસક્રમ છે. એ અભ્યાસક્રમ અનેક દૃષ્ટિએ બાબી-વાળો હોવાથી શહેર અને ગામડું બન્નેને નુકશાન કરી રહ્યો છે. છતાં તે ગામડાને તો કેવળ નકામો છે. એના દોષોની વિગતોમાં ઉતરવાને અહીં અવકાશ નથી. પણ જેઓ જરા પણ ગામડાના જીવનનો પરિચય ધરાવતા હશે, ગામડાંની ઉન્નતિને માટેની વસ્તુઓ કઇ છે તે જેઓ જાણતા હશે, તેમને આજનો અભ્યાસક્રમ ફેંકી દેવા જેવો લાગશે. એમાં ગ્રામજીવનનાં અંગો જેવાં કે ખેતી, ગ્રામ ગૃહઉદ્યોગો, ગ્રામ કુદરત અને ભૂગોળ, સ્થાનિક ગ્રામ ઇતિહાસ વગેરેનો સમાસ જ નથી. આજનો અભ્યાસક્રમ ગામડામાંથી કાઢી ગામડાની આંતર માગણીને પોષક એવો રચવો જોઇએ.

ઉક્ત અભ્યાસક્રમને અંગે ઉભી થએલી પાઠ્યપુસ્તકોની અાપત્તિ પણ દૂર કરવી જોઇએ. ગ્રામ વાચનમાળા હજી કોઇએ કલ્પી પણ નથી. દુનિયાના આગળ વધેલા દેશોએ એક નહિ પણ અનેક ગ્રામ વાચનમાળાઓ, ગ્રામ પાઠ્ય-પુસ્તકો અને ગ્રામ ઇતર વાચન તૈયાર કર્યાં છે, જ્યારે આપણે ત્યાં તો આખા ઇલાકા સમસ્ત એક વાચનમાળા સૌને લાગુ પડે છે અને સૌને એક જ લાકડીએ હાંકવામાં આવે છે. ગ્રામ વાચનમાળા નવેસરથી જ રચાવી જોઇએ.

ગામડાંની નિશાળો ગામડાને શોભે તેવી સાદી છતાં સુંદર જોઇએ. ગામડાંની કુદરતનો જેમ સ્વાભાવિક રીતે લાભ મળે તેવી તેની રચના જોઇએ. તેમાં ભણનારની બેઠકો વગેરે સમાજજીવનની સાથે સંગતિવાળું જોઇએ. આજની ગામડાની શાળાના બાંકડા, સાંકડા બોરડા વગેરે વગેરે કોણ જાણે કયાંથીયે ઉતરી આવેલી નકલી વસ્તુઓ છે. કોઇ ગામનું વડ નીચે શાળા રાખે, કોઇ નદી કાંઠે રાખે તો કોઇ તળાવને કિનારે પોતાની શાળા બેસારે. બેઠ-કોની રચના પણ જાતજાતની અને ભાતભા-તની થઇ શકે. શાળાનો શણગાર પણ એવી જ રીતે ગ્રામ વનશ્રીમાંથી ઉપજાવી શકાય.

ગામડામાં ભણવાનો સમય અને રજાઓ શહેરની ઢબે છે એ તુરત જ ટળવું જોઇએ. ગામડાના છોકરાઓને જ્યારે ભણવું ન ગમે પણ રમવું ગમે એવી ઋતુ હોય, જ્યારે છોકરાઓને ધરતી પાસેથી, કૃષિ પાસેથી, કુદરત પાસેથી જે જે ઋતુઓમાંથી સ્વાભાવિક શિક્ષણ મળ-વાનું હોય ત્યારે ત્યારે પણ શાળામાં રજા હોય. શાળાની રજાઓ, તહેવારો, સમય બધું ગામ-ડાની પરિસ્થિતિ પ્રમાણે હોય.

અલબત્ત આ દૃષ્ટાંતો સૂચક છે. આ સંપૂર્ણ

યાદી નથી. પણ આ વિચારસરણીએ આપણે ગ્રામશાળાને રચીએ તો આજની શાળાનું આખું સ્વરૂપ લુપ્ત થઇ તેની જગાએ નવી જ ઘટના ઉભી થાય અને તે થવી જ જોઇએ.

જેમ બધી બાબતમાં ફેરફારની જરૂર છે તેમ જ શિક્ષણની પદ્ધતિમાં પણ ફેરફાર કરવાની જરૂર છે. શહેરની કૃત્રિમ સાધન સંપત્તિમાં એક પદ્ધતિ આવકાર દાયક હોય ત્યારે ગામડાની કુદરતી સંપત્તિમાં બીજી પદ્ધતિ ઉપયોગી હોય. શિક્ષકને આ વસ્તુનું પણ ભાન થવું જોઇએ.

અંતમાં ગામડાની પ્રાથમિક કેળવણીનો પ્રશ્ન નિરાળો કરી નાખી તેને નિરાળી રીતે ઉકેલવો જોઇએ. તે માત્ર પ્રાથમિક શિક્ષણ પૂરતો નિરાળો રહે એમ નહિ, પણ સમગ્ર કેળવણી પૂરતો પણ નિરાળે થવો જોઇએ. એ માટે ગ્રામ વિદ્યાપીઠની કલ્પના આવશ્યક છે.

હિંદ ગામડાંઓનું બનેલું છે. હિંદે ગામડાંની કેળવણીનો વિચાર પહેલેથી ધારણ કરવો ઘટે છે. લાખો ગામડાંઓ માટે સેંકડો વિદ્યાપીઠો પણ થોડી છે. એ વિદ્યાપીઠો ગ્રામ પ્રાથમિક કેળવણીના સ્વતંત્ર અને સ્વાવલંબી મંડાણ ઉપર રચાય. આપણે નવેસરથી ગ્રામ પ્રાથમિક કેળવણીનાં પગલાં માંડીએ અને ઇશ્વર ઉપર શ્રદ્ધા રાખીએ કે ગ્રામ વિદ્યાપીઠના દિવસો નજીકના ભવિષ્યમાં આવે.

આપણા નાના પ્રયત્નો મોટા આદર્શો માટે હોય એમાં જ એ નાનાપણાની મહત્તા છે. પ્રત્યેક શિક્ષક આ વસ્તુ ધ્યાનમાં લેશે તો ગ્રામ-શિક્ષણનો ઉકેલ ચોક્કસ છે. ગિ.

નવું બાલસાહિત્ય

બટુકડી વાતો	મિસ મેરી સોલંકી	પ્રકાશક: મોહનલાલ દામોદર: રાજકોટ
વાનરસેનાનાં ગીતો	સંગ્રાહક શ્રી. ચંદ્રશંકર ભટ્ટ	પ્રકાશક: ગુણસુંદરી કાર્યાલય
આવાં વાંદરાં ન જોઇએ	લે. ગિજુભાઇ	,, ,,
વાનર સૈનિક	લે. ચંદ્રશંકર મ. ભટ્ટ	,, ,,
મોટીબહેન	નવી આવૃત્તિ લે. ગિ. અને જુ.	ગુજરાત સાહિત્યમંદિર
લાલ અને હીરા	લે. ગિજુભાઇ	શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

[લાલ અને હીરા એ બાલસાહિત્ય ગુચ્છનાં ૨૫ પુસ્તકોની યોજના (પોસ્ટેજ સાથે ૨-૮-૦) પૈકીનું પહેલું પુસ્તક]

વિના મૂલ્યે

વસંત બાલશિક્ષણ પ્રચાર કાર્યાલયમાંથી નીચે પ્રમાણે વિના મૂલ્યે મળશે:—

બાળકોને મારશો નહિ	બાળકોને બીવડાવશો નહિ	લાખો બાળકોનો પ્રશ્ન
બાળ ક્રીડાંગણો	વાનરસેનાનાં ગીતો	આલ્પસ અને ફ્રાન્સ
તિરંદાજ	કામાચાર	થીઆસાં
ઘરમાં બાળકે શું કરવું ?		

ટપાલ ખર્ચ માટે -૧-૦ મોકલો શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર ભાવનગર

આપણું સરવૈયું

આ આપણું સ્થૂળ સરવૈયું. આમાં પૈસાની હાંસલ ખોટના આંકડાઓ છે. આંકડાઓ કહે છે કે આપણે રહ્યા છીએ. આપણે શૂન્યથી શરૂ થયા અને આજે આપણે રૂા. ૨૩૭૪–૦–૬ એ પહોંચ્યા છીએ.

આંકડા વિનાનું સૂક્ષ્મ સરવૈયું આજે કાઢી શકાય તેમ નથી. આંકડાઓની પાછળ જઈને જોનારને તેનો થોડોએક ખ્યાલ આવી શકશે. આપણા કામની કેટલી અસર થઇ છે, આપણી સેવા કેટલી સફળ થઇ છે તેનું સરવૈયું આપણે કાઢીએ તેના કરતાં કોઈ તટસ્થ વ્યક્તિ કાઢે અને આપણે જાણીએ કે આપણે તેમાં પણ રહ્યા છીએ તો આપણને ઘણો સંતોષ થાય.

આપણી બીજી મૂડીમાં આ સ્થૂલ મૂડી પણ વધતી જાય છે. આ બન્ને મૂડીને દિવસે દિવસે વધારે સારી રીતે રોકીને વધારે નફો કરીએ. એમાં આપ સૌની મદદની અને શુભેચ્છાની જરૂર છે જ. અમને ખાત્રી છે કે આપની પાસેથી તે સદાય મળ્યા કરશે.

મંત્રીઓ: મોન્ટીસોરી સંઘ

શ્રી શિક્ષણ પત્રિકાના પાંચ વરસના જમા ખર્ચની તારીજ

જ		ઉ	
૨૬૭૨–૪–૦	શ્રીઆજીવન સભ્યોના લવાજમના	૧૮૧૯–૪–૬	શ્રી છપામણી ખરચ ખાતે ઉધાર
૪૨૯–૭–૦	શ્રી ચોથા વરસના લવાજમના	૯૨૧–૯–૦	શ્રી પોસ્ટેજ ખાતે ઉધાર
૩૬૨૭–૬–૦	શ્રી પાંચમા વરસના લવાજમના	૩૨–૯–૬	શ્રી કમીશન ખાતે ઉધાર
૬૧૧–૫–૦	શ્રી છઠ્ઠા વરસના લવાજમના	૨૫૫-૧૩-૦	શ્રી મોન્ટેસોરી પ્રચારમાળા ખાતે ઉધાર
૧–૬–૦	શ્રી શિક્ષણ પત્રિકા ભેટ અંકના	૨૯૮–૬–૦	શ્રી પરચુરણ ખરચ ખાતે ઉધાર
૧૧૯–૧–૯	શ્રી વ્યાજ વટાવ ખાતે જમા	૬-૧૩-૦	શ્રી પ્રકાશનમંદિર ખાતે ઉધાર
૯–૨–૦	શ્રી સાતમા વરસના લવાજમના	૨૦૮૬–૬–૬	શ્રી ભાવનગર દરબાર સેવીંગ્સ બેંક ચાલુ ખાતે ઉધાર
૫–૦–૦	શ્રી આઠમા વસરના લવાજમના	૩૧૨૦–૦–૦	શ્રી ભાવનગર દરબાર બૅન્ક ફિક્સ્ડ ડિપોઝીટ ખાતે ઉધાર
૩–૦–૦	શ્રી નવમા વરસના લવાજમના	૮૫૪૭–૧૩–૬	
૨–૦–૦	શ્રી દશમા વરસના લવાજમના		
૮–૦–૦	શ્રી ભગવાનજી પુરુષોત્તમના જમા	૨૮૪–૬–૯	શ્રી સીલીક
૧–૦–૦	શ્રી ભાયાલાલ રાયચંદ ખાતે જમા	૮૮૩૫–૪–૩	
૨–૬–૦	શ્રી બી. જી. પટેલને ખાતે જમા		
૮–૦–૦	શ્રી હીરાલાલ વસંતદાસના જમા		

૧૪-૨-૦	શ્રી જૂના અંકોના વેચાણના
૫૬-૦-૦	શ્રી કેળવણી મદદ ખાતે જમા
૧૨૫૫-૧૧-૬	શ્રી નફા ટોટા ખાતે જમા
૮૮૨૫-૪-૩	

શ્રી પાંચમા વર્ષનું સરવૈયું

જ		ઉ
૪૧૯૦-૧-૯	શ્રી લવાજમ ખાતે જમા	૩૦૭૧-૧૩-૦ શ્રી ખરચ ખાતે ઉધાર
	૩૬૨૭-૬-૦ શ્રી પાંચમા વરસના લવાજમના	૧૮૧૯-૪-૬ શ્રી છપામણી ખર્ચ
	૪૨૯-૭-૦ શ્રી ચોથા વરસના લવાજમના	૯૨૧-૯-૦ શ્રી પોસ્ટેજ કન્ટીજન્ટ ખર્ચ
	૧૧૯-૧-૯ શ્રી વ્યાજ વટાવ ખાતે જમા	૨૯૮-૬-૦ શ્રી પરચુરણ ખર્ચ
	૧૪-૩-૦ શ્રી જૂના અંકોના વેચાણના	૩૨-૯-૬ શ્રી કમીશન ખર્ચ ખાતે
		૩૦૭૧-૧૩-૦
		૧૧૧૮-૪-૯ શ્રી નફા ખાતે
૪૧૯૦-૧-૯		૪૧૯૦-૧-૯

નોંધ

પત્રિકાના પાંચ વર્ષના વહેવારમાં લવાજમોમાંથી ખર્ચ બાદ જતાં પાંચમા વર્ષ આખરે રૂ. ૨૨૭૪-૦-૩ સિલિકે રહે છે.

ઘાટકોપરમાં બાલમંદિરનો વાર્ષિક ઉત્સવ

આ ઉત્સવ પ્રસંગે શ્રી. ગિજુભાઇએ હાજરી આપી ઘાટકોપરનાં માબાપોને એક પ્રવચન આપ્યું હતું. ઉત્સવ સંપૂર્ણ ફૂર્તિથી ઉજવાયો હતો. પ્રવચન આવતા અંકમાં પ્રગટ થશે.

આંધળાને આંખો આપશો ?

જ્યારે આંખના વૈદો આંખનું મફત ઑપરેશન કરવા બહાર પડે છે ત્યારે એવા એવા શ્રીમન્તો નીકળી આવે છે કે તેમના દ્રવ્યના બળે દવાખાનાંઓ તૈયાર થાય છે; આંધળા લોકોને માટે ઑપરેશન દરમ્યાન રહેવાનાં, ખાવાન તૈયાર થાય છે. કોઇ સખી ગૃહસ્થો તો તેમને માટે રેલ્વેના ખર્ચો આપવા પણ નીકળી પડે છે.

દેહની આંખોને ફરી વાર દેખતી કરવાની કિંમત આપણે સારી પેઠે સમજીએ છીએ. શ્રીમન્ત લોકો પોતાના ધનનો તેમાં સદુપયોગ કરે છે.

અભણ માણસ આંધળો છે. તે બિચારો વાંચી લખી શકતો નથી. જ્ઞાનના ભંડાર સામે ગરીબ થઇને ઉભો રહે છે. તે બિચારો વાંચી લખી શકતો નથી તેથી દુનિયાનું અનેકવિધ જાણવા જેવું જ્ઞાન તેનાથી દૂર રહે છે. પરિણામે તે અજ્ઞાન, વહેમ અને તેને લીધે ગરીબાઇ, હલકાઇ વગેરેમાં સબડે છે !

આ લોકોને વાંચતા કરવાનું ઔષધ અક્ષરજ્ઞાન યોજના છે. આ યોજના તૈયાર છે. ચાલુ પણ થઇ છે. કેટલાએ લોકો વાંચતા થઇ પણ ગયા. પણ જ્યાં આપણા દેશમાં કરોડોની સંખ્યામાં અભણ છે ત્યાં આવું કામ કેટલોયે સમય માગે છે, કેટલીયે મહેનત માગે છે, અને કેટલુંયે ધન માગે છે.

સમય આપણી સામે પડેલો છે; ઉદ્યોગી સ્વયંસેવકો અમે શોધી રહ્યા છીએ. એમની મહેનત આપણને મળવાની છે અને મળી રહી છે.

ધનવાનો પોતાનો ફાળો આપશે ? સ્વયંસેવકો પાસે સેવા અને શ્રમ માગીએ; પણ તેમને અન્નવસ્ત્ર તો આપવાં જ જોઇએ. આ યોજના હજારો સ્વયંસેવકોને માગે છે અને તેમની સાથે હજારો રૂપીઆની જરૂરીઅત પણ માગે છે. એક રૂપીઆથી હજારો રૂપીઆનો આ યોજના પ્રેમપૂર્વક સ્વીકાર કરશે.

જેને એ પૈસા પરમેશ્વરે આપ્યા છે તેઓ એને વાપરવાનો આ અવસર ન ચૂકો.

તંત્રવાહકો: અક્ષરજ્ઞાન યોજના:
શ્રીદક્ષિણામૂર્તિ ભવન : ભાવનગર

અધ્યાપનમંદિર

મોન્ટીસોરી અધ્યાપનમંદિર તથા બાલક્રીડાંગણ અધ્યાપનમંદિર તા. ૧૦ મી જુન ૧૯૩૧ ના રોજ ખૂલશે. આ અધ્યાપનમંદિરોમાં જેમને દાખલ થવું હોય તેઓ પોતાની અરજીઓ તા. ૨૫ મી મે પહેલાં મોકલી આપે. અરજી મંજુર નામંજુર થયાના ખબરો તા. ૧ લી જૂનના રોજ આપવામાં આવશે. દાખલ થવાનું ફોર્મ તથા નિયમો મગાવવાથી મળશે.

પૂછો: ગિજુભાઇ. **શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર : ભાવનગર**

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિસંમેલન—૧૯૩૧

મોન્ટીસોરી અધ્યાપનમંદિર સંમેલન વિભાગ

શ્રીદક્ષિણામૂર્તિ વિદ્યાર્થિસંમેલનનો ત્રીજો દિવસ વિભાગીય સંમેલનો માટે હતો. વિભાગીય સંમેલનોમાં એક મોન્ટીસોરી અધ્યાપનમંદિર સંમેલન હતું. પ્રત્યેક સંમેલને પોતાનો કાર્યક્રમ, પોતાની ઢબે ગોઠવી લેવાનું ઠરેલું હતું. મોન્ટીસોરી અધ્યાપનમંદિરે પોતાનો સમય સવારના પાંચથી સાંજના ચાર અને સ્થળ વિક્ટોરીઆ બાગ રાખવામાં આવ્યાં હતાં.

જ્યારે જ્યારે અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ મળે છે ત્યારે ત્યારે તેઓ 'જીવનમંદિર'ને કાર્યક્રમમાં ઇચ્છે છે. 'જીવનમંદિર' એ મોન્ટીસોરી અધ્યાપનમંદિરની વિશેષતા છે. 'જીવનમંદિર' એટલે પ્રાતઃકાળમાં અનુકૂળ વખતે સૌ એકઠાં થાય; મંદ મધુર પવન લહરીઓમાં, પૂર્વમાં આછી દેખાતી ઉષામાં, સુવાસ ભરેલા વાતાવરણમાં, તાજાં જાગતાં પક્ષીઓના કલરવમાં સૌ શાંત, સ્વસ્થ ચિત્તે બેસે, બે પાંચ ભજનો અને ઈશ સ્તવનો ગાય અને જીવન સમગ્રને સ્પર્શી કોઇ એકાદ વિષય ઉપર વિચારોને ઝીલે.

એક નાની એવી ટેકરી ઉપર ઉઘડતી સવારે પક્ષીગાન વચ્ચે ગંભીર ભાવે નીચેના વિચારો સંભળાયા અને તે અંતરમાં રહી ગયા.

"આપણે આજીવન યોદ્ધાઓ છીએ. આપણે કદિ પણ આપણાં હથિયારો નીચે મૂકી શકીશું નહિ. સાધારણ દુશ્મનોની સામેની લડાઇઓ સાધારણ હોય છે. પરસત્તાઓની લડાઇઓ પણ લાંબો વખત નભતી નથી. પણ પોતાની પરાધીનતાની સામેની મનુષ્યની લડાઇ અનંતકાળ સુધીની છે. આપણે કાળાન્તરથી પરાધીન બનેલ અને પરાધીન બનાવી દીધેલ માનવીઓ ચોમેર જાળ જેમ પાથરેલી પરાધીનતાની સામે ઉઠ્યા છીએ. એ પરાધીનતાનો મોટામાં મોટો ભોગ બાળક થઇ પડેલું છે. પરાધીન બાળક આજે દીનહીન દશામાં છે. જેમ તે સ્વાધીન અને સ્વતંત્ર જીવન જીવવા વધારે તડફડાટ કરે છે તેમ તેમ તેને માનવી વધારે ને વધારે દબાવે છે. તેને આપણે છોડાવવાનું છે. જ્યાં સુધી બાળક છે, જ્યાં સુધી તેની આસપાસ બ્હેનોની, કહેવાતા ધર્મની, સત્તાની, શાણપણની બેડીઓ છે ત્યાં સુધી આપણે લડવાનું છે. ત્યાં સુધી આપણે લડવૈયા છીએ. એટલે જ આપણે સદાના લડવૈયા છીએ. આપણે ધંધાથી જ લડવૈયા છીએ. એટલે જ સ્વરાજની લડતના આપણે હુકમદાર લડવૈયા છીએ. એટલે જ સ્વરાજ મળ્યા

પછી પણ આપણી લડત ચાલુ રહેશે અને તેની સામે આવનાર સૌની સામે આપણે લડ્યા જ કરવું પડશે.

આપણે અખંડ ઉદ્યોગ અને અચલ શ્રદ્ધાને વરીએ. ગમે તેવું મહાન કઠીન કાર્ય આપણે કરી શકીએ. આપણે એક રહીએ અને આસ્તાથી આગળ ધપીએ. આપણી સાથે ઈશ્વર છે. આપણને યશ મળશે."

'જીવનમંદિર' માં પ્રેરણા ભરી વિકટોરીઆ બાગમાં સૌ પેઠાં. મંડળમાં બ્હેનો હતી ને ભાઇઓ હતા. ભાવનગરમાંથી અને બહારથી સૌ પોતાનાંને મળવા હળવા, વાર્તાલાપ કરવા અને તાજગી ભરવા આવ્યા હતા. જૂની વાતો તાજી કરતાં કરતાં કુણા તડકામાં મંડળી ગુલાબ બાગમાં આવી.

મંડપ વિના આકાશના મંડપે, વ્યવસ્થા અને વ્યવસ્થાપકો વિના કયારાઓ અને ક્યારીઓની વ્યવસ્થામાં, ક્રમ વિના અનુક્રમે ગાન આનંદ શરૂ થયો. પ્રત્યેક જણે ગાયું. આજે સૌના રાગ મીઠા લાગતા હતા. દરેક ગાન સાથેના સંભારણા જાગૃત થતાં હતાં.

ગાન પછી પાન–કાવો વગેરે–ને પણ લેવાયાં અને જ્ઞાનચર્ચા ચાલી. પ્રમુખનું કામ હતું નહિ. ભાષણો, ઠરાવો, ટેકાઓની જરૂર રહી ન હતી. જુદા જુદા પ્રશ્નો ઉપસ્થિત થયા ને વાટાઘાટને અંતે ચોખવટ થઇ.

"મોન્ટીસોરી સાધનો યૂરોપમાંથી તો અણછૂટકે જ મંગાવાય અને બધા અહિં જ બનાવવા જોઇએ. પણ અત્યારે જે સાધનો બનાવનારાઓ બનાવે છે તે સાધનો સંતોષકારક નથી, તેની કિંમત વધતી જાય છે માટે એવું નક્કી કરવામાં આવ્યું કે એકાદ અધ્યાપન મંદિરના વિદ્યાર્થીએ સાધનો બનાવવાનું માથે લેવું. તેણે–તે કામને–શિક્ષણપ્રચાર અને સેવા દૃષ્ટિ સામે રાખી કરવું અને છતાં પોતાની મહેનતનું ફળ તેણે વ્યાજબી હોય તે લેવું."

બીજો વિચાર એ થયો કે "સઘળા મોન્ટીસોરી શિક્ષકોના અનુભવોની આપલે કરવાનું એક સાધન ઉભું કરવું. આ સાધન અત્યારે તો હસ્તલિખિત માસિક રૂપે જણાવ્યું. શ્રી. વસંત નાયક, બખાટીયા ચકલોઃ સુરત એમને આ માસિકને ચલાવવાનું સોંપાયું અને સૌ ભાઇ બ્હેનોએ તેને સાથ આપવા તત્પરતા બતાવી. કંઈ પરચુરણ ખર્ચ થાય તેને પહોંચી વળવા મોન્ટીસોરી સંઘ હાજર રહેશે."

"બાળકોના માનસિક વિકાસ માટેના સાધનો તૈયાર થઇ ચૂકયાં છે પણ શારીરિક વિકાસના સાધનો હજી પૂરાં વિકસ્યાં નથી તો તે કેવાં જોઇએ અને કેટલાં જોઇએ તેનો નિર્ણય કરવાનું શ્રી. ભોગીલાલ રણછોડલાલ, શ્રી. મૂળચંદ સુખલાલ અને મુ. ગિજુભાઇને સોંપાયું."

આ ઉપરાંત સાધનોના વપરાશ સંબંધે તેમજ અન્ય શિક્ષણ વિષયક મુશ્કેલીઓ સંબંધે વાર્તાલાપ ખૂબ ચાલ્યો. મધ્યાન્હ કયારે થયા તે કોઇના ધ્યાનમાં પણ ન રહ્યું. વાતચીત એટલી શાંત અને રસમય ચાલી હતી.

પણ ભોજન વિના કોણ રહી શકે? આ કાર્યક્રમ દક્ષિણામૂર્તિની ઢબે ન હોય તો 'દક્ષિણામૂર્તિનું બીચકુંરે સાથે શકરીયાનું શાક એ કાવ્ય નીકળ્યાનું રહસ્ય કેમ સમજાય?

શબરીના બોર જેમ દક્ષિણામૂર્તિનું બીચડું સૌએ વહાલથી આરોગ્યું હતું.

જૂની કહેવત એવી છે કે 'મારીને ભાગી જવું અને બાઇને સૂઇ જવું.'

આજના અહિંસાના યુગમાં મારવાનું ન રહ્યું પણ જમવાનું રહ્યું અને પાછળ સૂવાનું પણ રહ્યું.

પણ ઘણા દિવસે મળેલા શિક્ષણપ્રેમી મિત્રો સૂતાં સૂતાં એના એ જ વિષયની વાર્તાઓ કર્યા વિના રહ્યાં હશે બરાં? ન આવેલને સંભાર્યા વિના રહ્યાં હશે બરાં? નવાં સ્વપ્નો રચ્યા વિના રહ્યાં હશે બરાં?

અત્યાર સુધી કાયદા વિના અને સ્વૈર પ્રકૃતિએ સૌ બેઠાં ઉઠયાં. હવે ત્રણ વાગ્યા ને વ્યવસ્થિત સભાનો દેખાવ થયો. પણ આગળના બે દિવસોએ પ્રમુખ, ટેકો, પ્રવચન, ચર્ચા બહુ થયાં હતાં એટલે અત્યારે તો શ્રી. તારાબેને બે બોલ કીધા, મુ. ગિજુભાઇએ ત્રણ બોલ કીધા અને મુ. નાનાભાઇએ આશીર્વાદ આપ્યા.

શ્રીમતી તારાબેને બે બોલમાં એમ કહ્યું: "આપણી સંસ્થાને માથે આગળ ઉપર આક્ષેપ હતો. આપણે કેવળ કેળવણીકાર અને રાષ્ટ્રીય કેળવણીકાર નહિ. આક્ષેપ મુ. નાનાભાઇથી માંડીને ઘણા જણાએ લડતમાં જોડાઇ જૂઠો પાડ્યો છે. આપણે જેવા હતા તેવા વખત આવ્યે બહાર પડ્યા ને તે માટે વખત આવ્યો તે સારું થયું. છતાં આપણે સદૈવ ચેતતા રહેવા જેવું છે. શિક્ષણના અનેક અંગો છે. એમાં રાષ્ટ્ર ઉદ્ધાર માટેનું શિક્ષણ ચલવવું એ મુખ્ય છે એ કદિ ભૂલાવું ન જોઇએ. આપણે જ્યારે એ ભૂલીશું અને બીજી બાબતો પર વધારે ભાર આપીશું ત્યારે જેમ અત્યારની બીજી કેટલીક શિક્ષણ સંસ્થાઓ ઝાંખી પડી દેખાય છે તેમ આપણું તેજ પણ હણાશે."

શ્રી. ગિજુભાઇએ કહ્યું: "વિદ્યાર્થીઓ, તમને જોઇને મારું મન પ્રસન્ન થાય છે. એકી સાથે છેલ્લાં દશ વર્ષોના તમારી સાથેના સંભારણાં તાજાં થાય છે. તમે એક બીજાને મળશો ને આનંદ લેશો તેના કરતાંયે હું તમને બધાંને મળીને વધારે આનંદ લૂંટી રહ્યો છું. તમને હું મારાં બનેલા જોઉં છું. એ વાત હું અનુભવું છું. કોઇ દિવસ કહેતો નથી પણ આજે કહું છું. તમે મારી સાથે રહેજો. મારાં સ્વપ્નાં અનેક છે. એને હું તમારા બળ વડે સિદ્ધ કરવાના મનોરથો ધરું છું. તમે મારી આંખો છો, તમે મારી પાંખો છો. તમારું બળ એ મારું બળ છે. હવે તો હું ઇચ્છું કે તમે મને આગળ ને આગળ ઉપાડી જાઓ.

આપણી પ્રવૃત્તિની ઉપાસના કરો. એ જો ફળશે તો એવું કશું દુનિયામાં નથી કે જે આપણે મેળવી નહિ શકીએ. આપણે આપણાં બાળકો માટે લડ્યા જ કરીએ. જરૂર પડે ત્યારે દેશની લડત લડી આવીએ. એ લડત લડવાની ન હોય ત્યારે આપણી લડત લડીએ. બાળકોને છોડાવવાની લડત તો કાયમની છે. આપણે ફરી ફરીને મળીએ અને આપણી મૈત્રિ વધારીએ."

શ્રી. નાનાભાઇએ આશીર્વાદ આપ્યો: "હું આશીર્વાદ આપી શકતો હોઉં તો મારા તમને આશીર્વાદ છે. ગિજુભાઇના મનોરથો તમે પાર પાડજો. હજી તો દક્ષિણામૂર્તિની સામે ઘણું

કામ પડેલું છે. તમારો સૌનો સાથ હોય તો દક્ષિણામૂર્તિને હામ છે કે તે 'બાળકોની વિદ્યાપીઠ' જેવી જબ્બર સંસ્થા કાઢી શકે. બાળકોના તમામ પ્રશ્નો ઉપર ત્યાં પ્રયોગો થાય. બાળજીવનનો સંપૂર્ણ અભ્યાસ થાય અને બાળ કેળવણીનું નિર્માણ થાય. તમને મારા આશીર્વાદ છે. તમે દુનિયામાં ખૂબ સારાં કામો કરો."

સંમેલન સંપૂર્ણ થયું. થોડાએક કલાકના મિલનથી કોને સંતોષ થાય?

કોઇ કહે "બે ત્રણ દિવસ સાથે રહેવું સંમેલન આપણે એકલાનું ન જોઇએ. ને ખૂબ વાતો કરવી જોઇએ."

એક જણ "કહે પંદર દિવસ કોઇ એકાન્ત શાન્ત સ્થળે જઇ સાથે ગાળવા જોઇએ. આપણે એક જ ધંધાદારીઓએ સાથે વસવું એ મહાન શિક્ષણ છે."

વળી કોઇ કહે "આપણે જ નહિ પણ આપણા બૈરાં છોકરાં સૌ પાંચ પંદર દિવસ માટે એકઠાં થાય, કાર્યક્રમમાં ભાગ લે, વાર્તાલાપ સાંભળે એ જ આપણે માટે ઉપકારક છે."

સૌ કહે "એ વાત સુંદર છે. આવતું

:: વિનતિ ::

અનિવાર્ય સંજોગોને લીધે જેઠ તથા આષાઢ માસના અંકો આષાઢ શુદમાં સાથે નીકળશે.

: : : માફ કરશો : : : :

રજી. નં. જી.પી.બી./૧૧

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૬ ઠ્ઠું
૧૯૮૭

અંક ૪-૫ મો
જ્યેષ્ઠ-આષાઢ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

બાળકોને ભારેમાં ભારે નુકશાન ત્યારે થાય છે કે જ્યારે માબાપ વચ્ચે વિસંવાદ ચાલતો હોય છે – તેને પરિણામે ઘરનું અને બહારનું વાતાવરણ ક્ષુબ્ધ અને કલુષિત હોય છે. કાંઇ નહિ તો આપણે આપણાં બાળકો ખાતર આપણા સ્ત્રી પુરુષના સૂરો સંવાદી રાખવા પ્રયત્ન કરીએ. દુર્ભાગ્યે કદાચ વિસંવાદ ઉપજે તો તેને વધારીએ નહિ, પણ નિવારીએ.

સુખી, શાંત, પ્રસન્ન અને સંવાદી એવા ઘરનું વાતાવરણ બાળકોની મહાન કેળવણી છે.

બાળકોને અવકાશ

બાળકો અવકાશ એટલે જગાની છૂટ માગે છે. શરીરને બરાબર ખીલવાનું મળે એટલે બાળકો દોડવા, કૂદવા, નાચવા ને ભમવા ઇચ્છે છે, ને તે માટે તેમને પુષ્કળ જગા જોઇએ. બાળવિકાસમાં પહેલામાં પહેલી સગવડ છૂટી અને પુષ્કળ જગાની કરવી જોઇએ. ઘરની અને શાળાની ચાર દીવાલો શરીરવિકાસનું કેદખાનું છે. બાળકોને આ કેદખાનામાંથી પહેલી તકે છોડાવીને તેમને આપણે ખુલ્લા આકાશ નીચે અને વિશાળ ધરતી ઉપર મૂકીએ.

ઇંદ્રિયોને બરાબર ખીલવવા માટે બાળકો આકાશ, તારા, સૂર્ય, ચંદ્ર, તેજ, છાયા, ઝાડ પાન, પશુ પક્ષી, પતંગિયાં, જીવડાં, પત્થરો, સવાર સાંજ, વગેરે વગેરે કુદરતનાં સ્વરૂપો જોવા તલસે છે. બાળકોની આંખો સુંદર રૂપો અને રંગો જોઇ આનંદિત થાય, કાન મધુર ધ્વનિ સાંભળી આનંદિત થાય, નાક સુવાસોથી આનંદિત થાય, જીભ સુમિષ્ટ ખાવાનાં પદાર્થોથી આનંદિત થાય અને ચામડી મધુર કોમળ સ્પર્શોથી આનંદિત થાય એ માટે સગવડ કરી આપવી જોઇએ. આજનાં ઘર અને શાળા ઇંદ્રિયોની સામે અંધારી કાળી કોટડીઓ સમાન છે. બાળકોને એમાંથી છોડાવીએ અને તેમને કુદરતના બાગમાં વિહરવા દઇએ. ખુલ્લી ભવ્ય કુદરત એ સ્વતઃ જ શિક્ષણ છે.

બાળકોનાં મન છૂટ માગે છે. તેની બુદ્ધિ પ્રશ્નપરંપરા કલ્પે છે, તેની ક્રિયાશક્તિ કંઇ કંઇ ક્રિયા કરવા ઉછળે છે, તેની કલ્પના કયાંઇ કયાંઇ ઉડવા બે પાંખે તૈયાર છે, તેને માટે પણ પુષ્કળ અવકાશ જોઇએ. ઘર અને શાળામાં આ અવકાશ ક્યાં છે? આજનું ભણતર બાળકની બુદ્ધિની, ક્રિયાની અને કલ્પનાની શક્તિ બુઠી કરે છે. બાળકને શિક્ષકના વિચારો સાંભળવાના છે; જે કહે તે ગળે ઉતારવાનું છે. પોતાની બુદ્ધિએ માત્ર મૂંગા બેસી રહી ગુલામી ઉઠાવવાની છે. પોતાની બુદ્ધિને વિશાળ થવાની પાઠયપુસ્તકો, શાળા અને ઘરનો રિવાજ, વિવેક, પરંપરા ના પાડે છે. બુદ્ધિમાં ઉપજતા પ્રશ્નો બાળક પૂછવા જાય તો તેને માબાપ દબાવે છે. શિક્ષક હસી કાઢે છે. શિક્ષક અને માબાપ બન્ને તેમાં જોખમ, ભય, નાસ્તિકતા, વિનાશ ભાળે છે. બુદ્ધિને ફરવાહરવા માટે ચોપડીઓનું કેદખાનું બહુ સાંકડું છે. માબાપના વિચારોની બેડી બહુ મજબુત અને ગૂંગળાવી નાખે તેવી છે. બુદ્ધિના ઉડ્ડયનને આપણે બધા વિભ્રમ કે ભ્રષ્ટમતિ કહીએ છીએ અને તેને માટે બંધનો ઉપર બંધનોની જેલ રચ્યા કરીએ છીએ.

જેમ બુદ્ધિને જેલમાં રાખીએ છીએ તેમ જ ક્રિયાશક્તિને પણ જેલમાં રાખીએ છીએ. શાળા અને ઘરમાં ક્રિયાશક્તિ જ્યારે અવકાશ માગે છે ત્યારે તેને તોફાન કહેવામાં આવે છે. ક્રિયાશક્તિના જીવવા માટેના તડફડાટને આપણે મસ્તી અને ધકેાડાટ-તોફાન કહીએ છીએ. વાંચો, લખો, અહીં આટલું રમો, આટલું ચાલો ને ફરો, આ બધું ક્રિયાશક્તિને કબરસ્તાનની ખાઈમાં નાખે છે. ક્રિયાશક્તિ ધીમે ધીમે મંદપ્રાણ થઇ મરી જાય છે, અને તેના મૃત્યુ માટે જ આપણે બાળકને વઢીએ છીએ, નમાલો કહીએ છીએ

અશક્ત કહીએ છીએ. બાળકોના હાથપગને છૂટા કરો. જે ક્રિયા કરે તે ઘરની બહાર, શાળા બહાર કરવા દો. ક્રિયાશક્તિ માટે મોટું મેદાન આપો. ખોદવું, બાગ કરવો, પશુ પાળવાં, ડુંગરા નદીઓ ટેકરાઓ કરવા, પતંગિયાં ઉછેરવાં, ઘોવું, રાંધવું, પાણી કાઢવું, ભાંગવું, તોડવું, આ બધું ક્રિયાશક્તિનું મેદાન છે. ક્રિયાશક્તિ પોષવા માટેનો મોટો બધો અવકાશ છે.

શાળા અને ઘરમાં કલ્પનાશક્તિને કયાંય જગા નથી મળતી ત્યારે તે જમીન છોડી આકાશમાં ચડે છે. કલ્પનાશક્તિને જમીન ઉપર પુષ્કળ અવકાશ મળે તો બાળક ચિત્રો કાઢે, સાહિત્ય લખે, કાવ્ય કરે, માટીકામ કરે, રાંગોળી પૂરે, કાગળોના નવા નવા આકારો કરે, રેતી અને માટીથી નવી નવી સૃષ્ટિઓ રચે. પણ નિશાળ અને ઘર કહે છે હલો નહિ, ચલો નહિ, ગાઓ, વાંચો, પરીક્ષા માટે તૈયાર થાઓ, ચૂપ રહો, ડાહ્યા થાઓ, હાથ બગડશે, પગ બગડશે, કપડાં બગડશે, નકામો વખત જશે, એમાં કશું વળવાનું નથી. આ બધું કલ્પનાશક્તિનું કારાગૃહ. પછી કલ્પનાશક્તિ કારાગૃહમાંથી સળીયામાંથી બહાર આવી આકાશે ચડે છે. ક્રિયા વિના કલ્પનાતરંગ થાય છે. તરંગમાં વિહરતાં વિહરતાં બાળક ગાંડું બને છે. ગાંડપણ ક્રિયાશક્તિને અને કલ્પનાશક્તિને અવકાશ ન આપવામાંથી આવે છે. ચિત્ર હવામાં કાઢવાનાં, નાચવું હવામાં, કૂદવું હવામાં, રમવું હવામાં, જે કાંઇ કરવાનું મન થાય તે બધું બાળક ઘરમાં કે શાળામાં એહાં એહાં હવામાં –તરંગમાં કરવાનું. મન કલ્પક મટી તરંગી થયું; હાથપગના સ્નાયુઓ પડ્યા પડ્યા મંદ બન્યા; શરીર ક્ષીણ થયું; મન માંદું પડ્યું; બાળક મૃત્યુ તરફ ચાલવા માંડ્યું. દાક્તરો અને વૈદ્યો રોગ જાણ્યા વિના દવા પાય છે. શરીર, મન, શક્તિઓ છૂટ માગે છે–અવકાશ માગે છે. દાક્તર બાળકને પથારીમાં રહેવાની ફરજ પાડે છે. માબાપ બાળકને વિચાર કરવાની, વાંચવાની કે કશું કરવાની ના કહે છે. આખરે અંદરથી નિષ્પ્રાણ બાળક બહારથી પ્રાણરહિત થઇ જાય છે. છૂટના અભાવે આ સ્થિતિ હજારો બહુ લાખો બાળકોની આજે પ્રત્યક્ષ છે અને છતાં ભાગ્યે જ થોડાને તે દેખાય છે. આપણે સૌ ચેતીએ.

ગિ.

વિનતિ

આ વર્ષે વાચક ભાઇબેનો તમે કેટલી મદદ આપશો? પત્રિકા તમારી પાસે માત્ર એક જ ગ્રાહક માગે છે. આજુબાજુમાંથી, મિત્રોમાંથી, આડોશીપાડોશીમાંથી, રેલ્વે અને ટ્રામ વગેરેમાં ફરતાં એક ગ્રાહક મેળવી દેવાની તસ્દી લેશો.

ટીપે ટીપે સરોવર ભરાય,
કાંકરે કાંકરે પાળ બંધાય;
વાડ હોય તો વેલો ચડે.

પત્રવ્યવહાર વખતે પરબીડિયા ઉપરનો તમારો ગ્રાહક નંબર લખો.

મારી . . . . . અસર

જ્યારે હું મનમાં ખૂબ ગુસ્સે થએલો હતો... ... ...

જ્યારે હું મનમાં ખૂબ ઇર્ષ્યાથી બળતો હતો... ... ...

જ્યારે હું મનમાં અન્યનું બુરું કરવાના વિચારો કરતો હતો

જ્યારે હું મનમાં અત્યંત અનુદાર, સંકુચિત અને સ્વાર્થી હતો

જ્યારે હું મનમાં બેપરવા અને તોછડો હતો... ... ...

જ્યારે હું મનમાં અન્યને ધિક્કારતો હતો... ... ...

જ્યારે હું મનમાં આળસુ અને પ્રમાદી હતો... ... ...

ત્યારે મારાં બાળકો બીજાં બાળકો ઉપર અને મારી ઉપર ગુસ્સે થતાં હતાં.

ત્યારે મારાં બાળકો બીજાં બાળકોનું સારું જોતાં, સારાં કપડાં જોઇને રાજી થતાં ન હતાં; ઉલટાં તે જોઇને અકળાતાં હતાં.

ત્યારે મારાં બાળકો જેને તેને મારી આવતાં હતાં, જેનું તેનું સારું કામ બગાડી નાખતાં હતાં.

ત્યારે મારાં બાળકો પોતાનામાંથી કોઇને કશું આપવાની ના પાડતાં હતાં; ઉલટું કોઇનું કંઇ ઉપાડી લાવતાં હતાં.

ત્યારે મારાં બાળકો કોઇ બોલાવે તો જવાબ દેતાં ન હતાં; અતડાં રહેતાં હતાં; તંગ રહેતાં હતાં.

ત્યારે મારાં બાળકો જેનો તેનો વાંક કાઢતાં હતાં, જેનું તેનું વાંકું બોલતાં હતાં.

ત્યારે કહીને થાકતો છતાં મારાં બાળકો કામ કરવા ઉભાં જ થતાં ન હતાં. ગિ.

: : : માજીની મુશ્કેલી : : :

: ૧ :

[એક ઘરડાં માજી કોઇ બાળશાળામાં એક બાળકને હેળવવા આવતાં. બાળકનાં તે કૂઇઆ હતાં. બાળકની બા અને બાપા ઘેર રહેતાં; બાળકને લઇને કૂઇઆ આવતાં. બાળક તેનાથી દૂર જતું જ નહિ; પગમાંથી બૂટ કાઢતું નહિ, હાથમાંથી પ્યાલો છોડતું નહિ. તે સંબંધી એક ભાઇ લખી જણાવે છે.]

: ૨ :

"માજી, તમે કેમ મૂકવા આવો છો?"

"બાપુ, શું કરું? એની માને તો આળસ થાય છે, ને એના બાપને તો બાઇને આડે પડખે સૂવાની ટેવ."

"પણ તમે શું કામ આવ્યાં?"

"પણ પેલી કામવાળીની છોકરીને મોકલી તો તમે પાછી મોકલી."

"તે એવી ગંદી છોકરી સાથે તે સારા માણસનાં છોકરાંને મોકલાય? કામવાળાં તે કામવાળાં!"

"હા ભાઇ, એ તો સાચું. પણ એની મા એ છોડી સાથે એને ધકેલી મૂકે એનું શું?"

"પણ ઘરડે ઘડપણ તમારે તો ન આવવું જોઇએ."

"બાપુ, આવ્યા વિના કાંઇ ચાલે છે? વહુ તો મોટું માણસ. આપણે કીધું ન કરીએ તો કહેશે 'કઇયા તો બધી વાતની ના જ પાડે!"

"હેં કઇયા, તમને તો અહીં ઊંઘ આવે છે. જરાક આડે પડખે થવું છે?"

"શું કરીએ ભાઇ, રાતે ઘરડા માણસને ઊંઘ ઓછી આવે. અત્યારે જરા આળસ મરડાય પણ ઊંઘવા તે ક્યાંથી નવરાં થઇએ? ને ઊંઘવાની વેળા થાય છે ત્યાં તો વહુ કહે છે કે 'જાઓ, આ છોકરાને લઇને બાલમંદિર.' બાપુ, આજકાલ સુખેથી કયાંક રહેવું હોય તો આજકાલની નાની વહુઓનું પણ કામ કરવું પડે."

[ઘરડાં માજીની પાસે જ પેલા શેઠના ચિ. ...ભાઇ બેસી રહે. પોતાની બાની અને બાપાની વાતો કાન દઇને સાંભળે. બા અને બાપા તે વિષે કેવા વિચાર કરતા હશે?]

: ૩ :

"માજી, આ છોકરો તમારી પાસેથી ખસતો જ નથી. જરાક કહો તો ખરાં કે અંદર આવે ને સૌની ભેગો રમે."

"અરે ભાઇ, કયારની માથાકૂટ કરું છું. ઝટ હળી જાય તો હું છૂટું ના? છોકરો પણ કાંઈ છે? ઘેર તો સોળ કળાનો થઇને ફરે છે અને અહીં આવે છે ત્યારે તો મિયાંની મીંદડી થઇ જાય છે."

માજી છોકરા સામે જોઇને કહે છે: "જા ને અંદર જા ને! અંદર જતાં શું થાય છે? ત્યાં કોણ તને ખાઇ જાય છે? આ જોતો નથી આટલાં બધાં છોકરાંઓ અંદર રમે છે?"

છોકરો ટાઢોટમ જેવો બેસી રહે છે. માજી એના પર ચીડાય છે ને આગળ બોલે છે.

"આ મોટા માણસનાં છોકરાં કાંઇ છે! અમથાં તો રોયાં દોડાદોડ કરી મૂકે ને ઘડીક જંપે નહિ. નોકરોને તો ઉભાં લેવરાવે. પણ જે ને, અહીં તો ગરીબ ગાય જેવા થઇ જાય છે! ઘરમાં ડાંખરાં; નોકરો ઉપર રોફ ચલવે. બહાર તો ટાઢાંબોળ થઇ જાય."

"પણ માજી, એ તો છોકરાં છે તે એવાં જ હોય."

"ના ભાઇ, આ ગરીબ માણસોનાં છોકરાં છે કોઇ હેળવનાર કે બોલાવનાર? એ બિચારાં રમ્યા કરે છે. અને આ ભાઇશા'બ તો આવતાં આવતાં સત્તર તો નાચ કરે! આ બૂટ નહિ ને બોલ્યો બૂટ નહિ; આ રૂમાલ નહિ ને પેલો રૂમાલ નહિ. ઇ બધા મોટાં માણસનાં છોકરાંના ચાળા. પહેલેથી જ બાપા, ભાઇ કરીને સૌ બગાડે. પછી સરખા ચાલે જ નહિ. રોજ બાલમંદિર આવતાં બે કલાક કરે."

[છોકરો કાન દઇને સાંભળે છે. પોતાની વાત આવે છે એટલે જરા જરા હસે પણ છે. જરાક આમ આમ આંખો પણ કાઢે છે. ડોશીમાનો વિચાર એવો છે કે છોકરાને મૂકીને ચાલ્યા જવું. એટલે છોકરો પાછળથી એની મેળાએ ઠેકાણે આવે.]

: ૪ :

"ભાઇ, હું હમણાં જરા જરૂર જઇ આવું છું હોં. હમણાં તું બેસજે. જોજે, રડતો નહિ. હમણાં જ પાછી આવું છું."

છોકરો માથું ધુણાવી હા પાડે છે. ડોશીમા શિક્ષકને હળવેથી કહે છે: "મારે તો ગામ જવું છે. એમ છોકરાંને ફોસલાવીને ચાલ્યાં ન જઇએ તો છોકરાં સમજે નહિ. એમ તો વાંસે

જ થયા કરે."

"પણ માજી, એમ તો છોકરાંને એમ લાગે ના, કે તમે ખોટું બોલો છો? તમે જૂઠાં છો?"

"હયો, હું કયાં બોટાબોલી છું. પૂછવો એના બાપને કે હું કોઇ દિ' બોટું બોલું? અરર! બોટું બોલાય કે? છોકરાંને તો ફોસલાવાય. એમ તો કરાય. સૌ કરે જ છે ના? એ તો છોકરાંયે સમજે."

[માજી જાય છે. છોકરો થોડી વારે ઉભો થઇને માજીને શોધે છે. પછી રડે છે.]

"કેમ ભાઇ, અંદર આવો ને."

"એં એં! મારી ફઇબા કયાં ગયાં? પાયખાને ગયાં હતાં ને? પાછા આવવાનું કહીને ગયાં હતાં."

[છોકરો ખૂબ રડે છે. શિક્ષક છાનો રાખવાનો પ્રયત્ન કરે છે.]

* * *

મોટા માણસોનાં છોકરાંને મંદિરમાં હળતાં નેવાનાં પાણી મોભે ચડાવવાં પડે છે. આવા કેટલાયે અનુભવો બાલશિક્ષકોની નોંધપોથીમાં પડેલા છે. ગિ.

બે.....ઘરોમાં

: ૧ :

બાળકો નવી નવી રમતો રમતાં હતાં; અંદર અંદર હસતાં હતાં.

એક બીજાંને રમાડતાં હતાં ને હસતાં હતાં.

એક બીજાંને મદદ કરતાં હતાં ને મદદ લેતાં હતાં.

કંઇ કંઇ નવી નવી સૃષ્ટિઓ પેદા કરતાં હતાં ને તે જોઇ રાજી થતાં હતાં.

પરસ્પર સન્માનભર્યાં હતાં, હેત ભર્યાં હતાં.

માતા વારંવાર ગૃહકાર્યમાંથી ડોકિયું કરી બાળકોને દૂર દૂરથી નિરખતી હતી. તેમના મધુર હાસ્યના પલકારામાં આનંદથી નહાતી હતી. તેમના સુસ્મિત ગુંજનથી કાનને તૃપ્ત કરતી હતી. વારંવાર જોઇ જોઇને પાછી જતી હતી અને વળી વળીને જોવા માટે પાછી આવતી હતી.

બાળકો અને માતાની પળો ધન્ય હતી, ભવ્ય હતી.

: ૨ :

બાળકોને રમવાનું કશું સૂઝતું ન હતું. અંદર અંદર લડતાં હતાં ને રડતાં હતાં; એક બીજાને ધક્કો દેતાં હતાં ને એક બીજાંનું ઝૂંટવી લેતાં હતાં.

કોઇ કાંઇ નવું નવું કરવા જતું હતું તો બીજું તે બગાડી નાખતું હતું, અને પછી બધાં લડી પડતાં હતાં.

પરસ્પર ધુરકતાં હતાં; એક બીજાં સામે વખતોવખત ડોળા કાઢતાં હતાં.

માતા ઘરકામમાંથી અકળાઇને ધાંટો પાડતી હતીઃ "એ મારા રજ્યાઓ, લડો મા. હમણાં આવીશ તો વાંસો ભાંગી નાખીશ." મનમાં બળતી જતી હતી. વારંવાર મ્હોં બગાડતી હતી અને ઠામવાસણ પછાડતી હતી, અથવા જેને તેને વઢતી હતી. બાળકો બહુ લડી પડતાં ત્યારે તે તેમની પાસે આવતી હતી અને જેને તેને બે ચાર ધબ્બા મારી પાછી ચાલી જતી હતી.

બાળકો અને માતાની પળો અધન્ય હતી, દીન હતી.

સાંભળ બેટા

તું ઊંઘતે ખોળે નિશ્ચિંત પડ્યો છે ત્યારે તારી પાસે ઉભો ઉભો હું આ વાત કરું છું. થોડી જ ક્ષણ પહેલાં હું મારી લાઇબ્રેરીમાં મારાં કાગળીયાં ફેરવતો હતો, ત્યારે એકાએક એક દુઃખદ લાગણીનું મોજું મારા ઉપર ફરી વળ્યું. મારાથી રહેવાયું નહિ ને તરત એક અપરાધીની જેમ હું તારા ખાટલા પાસે આવીને ઉભો છું.

બેટા, મારા મગજમાં એ જ વસ્તુઓ ભમ્યા કરે છે કે આજના આખા દિવસમાં હું કેટલી વાર તને વઢ્યો, તારા પર ખીજ્યો ? તું નિશાળે જતો હતો ને મેં તને જોઈને રાડ પાડીને કહ્યું: " એલા એ...મોઢું પણ બરાબર ધોતાં ન આવડ્યું ? મૂરખ, જા બરાબર સાફ થા. " અને પાછો તને " ટોપી કેમ બરાબર પહેરી નથી ? " કહીને એક તમાચો લગાવ્યો.

તું નિશાળેથી આવ્યો ને ચોપડીનો ઉભો ઉભો ઘા કર્યો એટલે હું તને વઢ્યો. તું મારી સાથે જમવા બેઠો ને તારાથી દાળ ઢોળાઇ એટલે મેં તને ઉધડો લીધો. તું ખાવા લાગ્યો ત્યારે " ઉતાવળે કેમ ખાય છે ? ખાતાં આવડતું નથી ? " કહી વઢ્યો. તું ગમગીન થઇને બેઠો હતો ત્યારે " બરાબર બેસતાંયે નથી આવડતું ?" કહીને મેં એક ભાષણ આપ્યું. પછી હું ઓફીસે જવા નીકળ્યો ને તું રમવા જતો હતો. તેં મારી સામે જોયું ત્યારે હસીને તને ઉત્તેજન આપવાને બદલે મેં રોફથી કહ્યું: " ટટ્ટાર ચાલ. આ શું બાયલા જેમ ચાલે છે ! " સાંજે હું ઘેર આવતો હતો ને મેં તને શેરીમાં તારા મિત્રો સાથે રમતાં ભાળ્યો. તારૂં પહેરણ ફાટી ગએલું હતું એટલે તારા મિત્રોની દેખતાં મેં તને શરમાવ્યો. ને રમતમાંથી ઉઠાડી પહેરણ શીવવા ઘેર મોકલ્યો. મેં એમ પણ કહ્યું: " તારે કયાં કમાવા જવું પડે છે ? તારે પૈસા આપવા પડતા હોત તો ખબર પડત ! " અરેરે ! એક બાપ એના દીકરાને આવું બોલે? અત્યારે મને મારા શબ્દો તદ્દન મૂર્ખાઇભર્યા લાગે છે.

અને બેટા, યાદ છે ? રાત્રે જમ્યા પછી તું ઓરીસમાં મારી પાસે આવ્યો ને મને ભેટી પડ્યો. ત્યાં મેં ચીડાઇને કહ્યું: " કેમ શું છે ? કાંઇ કામ છે ? " તું ગભરાઇ ગયો ને " ના, કાંઈ નહિ " કહીને ત્યાંથી ભાગી ગયો.

બ્હાલા બેટા ! તું ગયો. થોડી વારે જ મારા હાથમાંથી મારાં કાગળીયાં સરી પડ્યાં. કારણ કે એક ભયંકર દુઃખની લાગણીએ મારો કબજો લીધો હતો. એકાએક જાણે મારી દૃષ્ટિ ઉઘડી અને તારા પ્રત્યે હું જેવો હતો તેવો મને પોતાને દેખાવા લાગ્યો. હું કેટલો સ્વાર્થી ! કેટલો આપમુદીવાળો ! મારૂં હૃદય ભરાઇ આવ્યું.

આસ્તે આસ્તે મને સાંભરવા લાગ્યું કે તારી પ્રત્યે તો હું હમેશ દોષ બતાવવો, વાંક કાઢવો, વઢવું, ચીડાવું, એટલું જ કરતો આવ્યો છું. તું એક નાનો છોકરો તેને આ બધી મારા તરફથી ભેટ મળે છે.

હું વિચારવા લાગ્યો: " શું હું મારા દીકરા ઉપર પ્રેમ નથી કરતો ? " જવાબ મળ્યો: " ના." મારામાં તારા પ્રત્યે પ્રેમ તો છે જ. પણ હું એક નાના છોકરા પાસેથી એક મોટા પીઢ

માણસ જેટલું ડહાપણ ને આવડત માગતો હતો. હું મારી પોતાની ઉંમરના ડહાપણના માપથી જ તને માપવા જતો હતો. જાણે કે તું મારા જેવડો જ હોઇશ !

હવે આ વિચારે ચડ્યો છું ત્યારે ખ્યાલ પડે છે કે તારા સ્વભાવમાં કેટલી નિખાલસતા ને કેટલી સુંદરતા છે ! ખરેખર, હું તને જે જ્યારે ને ત્યારે ટોંક ટોંક કરતો હતો તેની તારે માટે જરાએ જરૂર ન હતી.

તારું હૃદય તો પ્રભાત જેવું ચોખ્ખું ને પહોળું હતું– ઉદાર હતું. આખો દિવસ હું તને વઢ્યો તોયે સાંજે તું આવીને મને ભેટી પડ્યો. નેં હાય ! તે વખતે પણ મેં તને ધુતકાર્યો !

બેટા, કંઈ નહિ. આજે હવે વાંધો નથી. કારણ આજે મારી આંખ ઉઘડી છે. આજે તારા ખાટલા પાસે મેં મારું મન ધોયું છે. હું શરમાયો છું. હું નમી પડ્યો છું. આ કાંઇ પૂરતી ભરપાઇ તો નથી જ. મારે તો નવો યજ્ઞ કરવો જોઇએ ને મારા મનને હજી ખૂબ ધોવું જોઇએ. આ બધું તું કાંઈ સમજ નહિ. છતાં મારે તારી આગળ એકરાર તો કરવો જ જોઇએ. હું પરમેશ્વરને સાક્ષી રાખીને આજે નિશ્ચય કરું છું કે કાલથી હવે હું તારો સાચો પિતા થઇશ. હું તારો મિત્ર બનીશ. તારે દુઃખે દુઃખી થઇશ ને તારે સુખે સુખી થઇશ. તારી સાથે રડીશ ને તારી સાથે હસીશ, ઉતાવળા ક્રોધના શબ્દો કોઇ વાર જીભ ઉપર ચડે તો હું મારી જીભ કરડીશ. હું એક ધાર્મિક મંત્ર તરીકે આ મંત્ર જપતો રહીશઃ "એ તો માત્ર છોકરું છે, એક નાનું બચ્ચું છે !"

મારી મોટી ભૂલ જ એ હતી કે મેં તને એક મોટો માણસ જ ધારેલો. હા, હવે તને થાકેલો પોકેલો ખાટલામાં આમ સૂતો ભાળું છું. તારા હાથ કેમ પડ્યા છે, તારા કપડાં

કયાં છે–ત્યારે મને દે માય છે

કે તું તો નાનો બાળક છો. તું કયાં હજી મોટો થયો છો ? આ જરાક વાર પહેલાં જ તો તું ધાવણો હતો, ને તારી બાને ખોળે તું તેના ગળામાં હાથ નાખેલો, તેના બબા પર માથું મૂકેલો હું તને ભાળું છું. ખરેખર ! મેં તારી પાસેથી બહુ જ મોટી અપેક્ષા રાખેલી. ખરેખર, બહુ જ મોટી !

બેટા, તું મને ભેટવા આવ્યો તે બનાવ મારા અંતરમાં તાજો છે. તેણે જ મારું હૃદય ખોલ્યું. મારામાં પશ્ચાત્તાપની લાગણી જાગી. મારું હૃદય રડ્યું. ને આખરે પ્રેમથી ઉભરાયું ને હું તારા ખાટલા પાસે આવ્યો ને નમી પડ્યો.

વ્હાલા બેટા ! મારા નાનકડા બચ્ચા ! આજે આ રાત્રિની શાંત ચાંદનીમાં તારા ખાટલા પાસે, બાલ્યાવસ્થાના આ મંદિર પાસે એક પશ્ચાત્તાપી હૃદય નમે છે. **એક પિતા**

અંત્યજોની મદદે

*

અંત્યજો પત્રિકા વાંચવાની હોંશ ધરાવે છે. પણ એક રૂપીઓ કયે ઝાડવેથી પાડવો ? જેને ઘેર પૈસાનું ઝાડ છે એવા શ્રીમન્તો બે પાંચ રૂપીઆની ભેટ અંત્યજો માટે મોકલશો કે ?

તંત્રીની નોંધ

સૂતું બાળક અને સૂતા બાળકની પથારી એ જ માતા કે પિતાને માટે સુંદરમાં સુંદર મંદિર છે. આનાથી વધારે પવિત્ર સ્થાન કયું હોય કે જ્યાં મનુષ્યનાં હૃદયનો તાર સીધો અનંતતાની સાથે સંધાય ને જ્યાં હૃદય પરમાત્માનું સાન્નિધ્ય જોઇ શકે ને અનુભવી શકે ? એ જ મંદિરમાંથી પ્રેમનાં પવિત્ર ઝરણાં વહે ને હાસ્યના ફુવારા ઉડે. એ જ મંદિર વિશ્વાસ અને આનંદથી આપણું જીવન ભરી દે. દરેક માતપિતાએ પોતાના સૂતા બાળકની પથારી પાસે પોતાની ઉંડામાં ઉંડી પ્રાર્થના ને પૂજા કરી લેવી જોઇએ.

સૂતા બાળકની પથારી પાસે મનુષ્યકૃત મોટા નાનાપણું બધું નીકળી જાય છે, ને મનુષ્ય માત્ર કિરતારની આ નાની મૂર્તિ આગળ ભાવથી નમી શકે છે.

પોતાની બાલ્યાવસ્થામાં પોતે પોતાના બાળકને સમજી શકે, પાછાં જઇને બાળકની સાથે ફરીથી વધવાનો લ્હાવો લે તો પોતે તેનો પ્રેમ સંપાદન કરે ને તેનો પૂર્ણ વિશ્વાસ મેળવે, અને જરા પણ બીક કે અંતરના પડદા વિના બાળક પોતાને એક મિત્ર–એક ભાઇબંધ તરીકે સ્વીકારે. આ સિવાય કોઇ પણ સ્ત્રી કે પુરુષને માટે આ જગતમાં બીજી સદ્‌ભાગ્યની વાત શી હોઇ શકે ? આ લોકમાં કે પરલોકમાં પણ આનાથી વધારે ઇચ્છવા લાયક બીજી વસ્તુ નથી.

સાથેનો 'પિતાનો એકરાર' બીજા પિતાઓને અર્પણ કરીએ છીએ. આશા છે કે તેઓ તે વાંચશે અને કાંઈક લાભ ઉઠાવશે, અને આજે કચરાઇ જતા બધા નાના બચ્ચુઓને ને બબલીઓને પણ લાભ આપશે.

ઘૂંઘરાંનું જોખમ

બાપ નાનાભાઇને પરણાવવા નીકળ્યો હતો. એના ધડ ઉપર માથું શાનું હોય ? મા તો વરમા થઇ હતી. એનો હરખ તો કયાંઇ માતો ન હતો. વેવાણોને મળવા હળવામાં છોકરાં કયાં હતાં એનું એને ભાન જ શાનું હોય ? કાકો નાનાભાઇના ઘોડાની બાજુએ સાફો બાંધીને ઉભો હતો ને વર ઠીક શોભે છે કે નહિ તે જોવામાં હતો: એનાં ભત્રિજાંને સાચવવા એ કયાં નવરો હતો ? ઢોલ નગારાં વાગતાં હતાં એમાં નાનાં છોકરાં રડતાં હોય તે કોણ સાંભળે ? ને વેવાઇઓ ને વેવાણો ને સાજનમાજન દોડાદોડ કરતાં હોય એમાં એકાદ છોકરું જરા ચગદાયું કે ન ચગદાયું એનું કોને ધ્યાન રહે ?

નાનાભાઇ ઘોડે ચડીને પરણવા આવ્યા હતા. સાળી વરરાજાને પોંખતી હતી. કન્યા બારીએથી વરરાજાને નીરખતી હતી. સાજન માજન બેઠકે વિરાજી શોભા વધારતા હતા. જુવાન છોકરાઓ અત્તર ગુલાબથી માંડવાને મઘમઘાવતા હતા. ધામધૂમ હતી. ધમાધમી હતી.

બિચારી ચંપા કયારની રડતી હતી. બાપાએ કોઇને સોંપેલી તે કામે ગયું ને ચંપા એકલી થઇ ગઇ. "એ બા ! બાપા !" એવી બૂમો તો પાડી પણ શરણાઇમાં તતુડી કયાં સંભળાય ? કોઇએ પૂછ્યું: "એલી, તારા બાપા કયાં ?" કોઇએ કહ્યું: "તારી બા પાસે જા ને ?"

પણ કહેનારા તો ઉતાવળમાં હતાં. એકદમ ત્યાંથી ચાલ્યાં ગયાં.

વરઘોડામાં મોટાં હતાં ને છોકરાં હતાં; બધાં સૌ સૌને પગે ઢસરડાતાં ચાલ્યાં આવતાં હતાં. રડતી રડતી ચંપા પણ ઢસડાઇ. કયાંઇ જવાય એમ તો ન હતું. ચંપા રડતી રડતી ઠંડી પડી ને ડુસકાં ભરવા લાગી. નાનું બાળક પણ વખત વરતે છે, દુઃખને ઝીલે છે, સહન કરવા તત્પર થાય છે. ચંપા આટલાં બધાંની ઓથે ઓથે ધીમે ધીમે ચાલી. છતાં ચાલતાં ચાલતાં એને ખબર ન રહી કે કોણ એની પાસેથી ગયું ને કોણ આવ્યું. એ તો બાઘા જેવી થઇ ગઇ હતી. પંડનું પૂરું ભાન ન હતું.

વરઘોડો માંડવે આવ્યો. કોણ જાણે શું થયું ને ફરી વાર ચંપાએ ચીસ પાડી. ચીસ પાડી ને ગુંગળાઇ ગઈ! કો'ક એની પાસે દોડી આવ્યું. "અલ્યા, આ તો જગુભાઇની છોકરી! કાંઇક થઇ ગયું છે." કો'ક જગુભાઇને તેડી આવ્યું. જગુભાઇની નજર ચંપા ઉપર પડી ને ત્રાડુકીને બોલ્યા: "રાંડ ચંપલી! સોનાની સાંકળી કયાં નાખી? બોલ આવી, બરી?" ત્યાં તો ચંપાની બા આવી. ધડ દઇને વરમાએ ધબ્બો દીધો ને ગાળ આપી. "નો'તી કે'તી રાંડ સાંકળીને સાચવજે." એક તરફથી ચંપાને બાપ વઢે છે ને મારે છે ને બમણી રડાવે છે; બીજી તરફથી ડાહ્યા ડોસલાઓ ચંપાને અને એના બાપને વઢે છે; ત્રીજી તરફથી સાંકળી માટે શોધખોળ થઇ રહી છે. એક વરકન્યા પરણવા બેઠેલાં છે તે આમાં ભાગ લઇ શકતાં નથી. બ્રાહ્મણોના વેદો તો ભણાયે જ જાય છે.

ચંપાને બા કહે છે: "રાંડ કહે તો બરી, સાંકળી કોણ લઇ ગયું?"

ચંપા કહે છે: "મને બબર નથી."

"રાંડ, ભાન ન રાખીએ?"

ચંપા રડે છે.

ચંપાની બાને કોઇએ કહ્યું: "ત્યારે એવડા બાળકને શું કામ પહેરાવીએ? જરાક વિચાર તો કરવો હતો?"

ચંપાની બાએ નણંદના માથામાં માર્યું: "તે સાંકળી જ્યારે ઘેર માગવા આવીએ ત્યારે કહેજો. ગઇ તો ઘોળી ગઇ! મારા દાદા આગળ!"

ચંપાના બાપને કોઇ મિત્રે કહ્યું: "અલ્યા ઘરેણાં પહેરાવ્યા વિના રહી જતું'તું? આ તો ઠીક કે સાંકળી જ નહિતર..."

બાપાએ ઉત્તર વાળ્યો: "સાંકળી તો કોઇ ગોતાવતું નથી ને ઉલટા દોઢ ડાહ્યા થવા આવ્યા છો. આખો મલક છોકરાંને ઘરેણાં પહેરાવે છે. મેં કાંઇ નવું કર્યું હતું? એ તો રાંડ ચંપાનો વાંક કે ધ્યાન ન રાખ્યું. મેં કીધું જ હતું કે હાથ સાંકળી ઉપર ને ઉપર જ રાખજે."

હું ભોગજોગે એ વરઘોડામાં ગએલો. મેં મારી નજરે આ કરુણ દૃશ્ય જોએલું. મેં ચંપાને પાસે લીધી ને બોળામાં બેસાડી. મેં કહ્યું: "જો ચંપા, હવેથી ઘરેણાં જ ના પહેરતી. એટલે સાચવવાં જ ન પડે. ચંપાએ ગળગળે અવાજે કહ્યું: "હા. પણ બા પહેરાવે તો? અને ન પહેરું તો મારે તો?"

હું ગળગળો થઈ ગયો. આંખમાં આંસુને આવવા ન દીધું. ચંપાને વાંસે હાથ ફેરવી બેસી રહ્યો.

ગિ.

જોડણીનું શિક્ષણ

જોડણીનું શિક્ષણ શિક્ષકને અને શીખનારને બન્નેને તકલીફ આપે છે. અભ્યાસના સમય દરમ્યાન વિદ્યાર્થીનું લક્ષ્ય કાંઇ નહિ તો શુદ્ધ અશુદ્ધ જોડણી તરફ ખેંચાતું કરવું જોઇએ. જોડણી તરફ વિદ્યાર્થીનું લક્ષ દોરવાથી ધીમે ધીમે જોડણીની સુરુચિ તેઓ કેળવશે. પાંચ પચાસ શબ્દોની જોડણી શીખવવાથી કે કરાવવાથી જોડણીની રુચિ કેળવાતી નથી. જોડણીની બાબતમાં કાન ને આંખની તીવ્રતા અને સંસ્કારિતા કેળવવાની જરૂર છે.

ત્રણ રીતે આપણે જોડણી માટેની રુચિ જગાડીને કેળવી શકીએ. એક કાનની મદદથી, બીજી આંખની મદદથી અને ત્રીજી હાથની મદદથી.

ખરી રીતે જોડણી એ વાણી અને કાનનો વિષય છે. ભાષા લખાતી થઇ તે પહેલાં બોલાતી ભાષામાં વાણીની શુદ્ધિ અને કાનની તીવ્રતાને લીધે મુખજોડણી આવી ગઇ છે. ત્યાર પછી લખાણમાં મુખજોડણી ઉતરી. આથી જોડણીની શુદ્ધિને માટે વાણીની નિર્મળતા ને કાનની સૂક્ષ્મતા ને તીવ્રતા કેળવવાની જરૂર છે.

વર્ગમાં શિક્ષકે શુદ્ધ વાણી બોલવી, સ્વાભાવિક બોલવી. પોતાનામાં ઉચ્ચારશુદ્ધિની, અવાજશુદ્ધિની ખામી હોય તો દૂર કરવી.

બાળકો જોડણીશુદ્ધ વાતાવરણમાં રહેશે તેથી તેમનો કાન કેળવાશે. આ કેળવાએલા કાન દ્વારા નીચેની રીતે વિદ્યાર્થીઓને જોડણી શીખવવી.

વિદ્યાર્થીઓને ગોળાકારમાં બેસારી શિક્ષકે કહેવું: "હું બોલું છું તે સાંભળો. તમારે કાને મારૂં બોલેલું ટૂંકું સંભળાય તો બે હાથ ઉંચા કરજો." ને લાંબું સંભળાય તો એક હાથ ઉંચો કરજો. ટૂંકું કોને કહેવું અને લાંબું કોને કહેવું તેનો દાખલો બોલીને આપવો. જેમ કે વિનાયકમાં 'વિ' ટૂંકો બોલાય છે, જ્યારે વીનાયકમાં 'વી' લંબાવીને બોલાય છે. માટે પહેલા વિનાયકનો 'વિ' ટૂંકો કહેવાય અને બીજા વીનાયકનો 'વી' લાંબો કહેવાય. આટલું સમજ્યા પછી વિચાર, વિવેક, વિના, ચીર, નીર, હીર, એ શબ્દો ઉચ્ચારવા અને હાથ ઉંચા કરાવવા. આવી રીતે જ્યારે બાળકો ટૂંકો ઉચ્ચાર એટલે હ્રસ્વ ઉચ્ચાર અને લાંબા ઉચ્ચાર એટલે દીર્ઘ ઉચ્ચાર એમ સમજે છે એમ જણાય ત્યારે બોર્ડથી પાટિયા ઉપર હ્રસ્વ ચિહ્ન લખીને વિદ્યાર્થીને કહેવું કે ટૂંકો અવાજનું આ નિશાન (˘) અને લાંબા ઉચ્ચારનું આ નિશાન (¯). પછી વિનાયક, વિચાર, વિવેક, વિના, ચીર, હીર, વગેરે શબ્દો હ્રસ્વ દીર્ઘનાં નિશાનો મોટાં દેખાડીને લખવા. ત્યાર પછી નવા શબ્દો પાટીમાં વિદ્યાર્થી પાસે લખાવવા. આ એક જાતનું શબ્દોની જોડણી માટેનું શ્રુતલેખન થયું. પણ આ શ્રુતલેખનનો પાયો જુદો છે. શબ્દો લખાવતી વખતે શિક્ષકે સ્વાભાવિક ઉચ્ચાર કરવા. ખાસ લંબાવીને કે ખાસ ટૂંકાવીને જૂની શ્રુતલેખન લખાવવાની ઢબે ઉચ્ચાર ન કરવા.

શબ્દોના ઉચ્ચાર ધીરેથી, છટાથી અને અત્યંત સ્પષ્ટતાથી કરવા. બાળકોને અગોઉથી

કહી રાખવું કે દરેક શબ્દ કેટલી વાર બોલાશે. કહેવામાં આવ્યું હોય તેનાથી વિશેષ વાર બોલવું નહિ. પહેલેથી "શું લખાવ્યું? શું લખાવ્યું?" એવા પ્રશ્નો પૂછવાની ટેવ પડવા દેવી નહિ.

શરૂઆતનું કામ બને તેટલા શાંત સ્થળે કરવું કારણ કે આ કામ કાન દ્વારા લેવાનું છે. પડતી ભૂલો સુધારવી નહિ તેમ ભૂલ પડી છે તેવું વિદ્યાર્થીને જણાવા દેવું નહિ; પણ ભૂલ પડવાનાં કારણો શોધવાં. બહેરો અથવા ઓછું સાંભળનાર વિદ્યાર્થી અથવા શબ્દ અને ધ્વનિનો અરસિક વિદ્યાર્થી આ રીતે જોડણી શીખી શકશે નહિ.

બાળકોને કહેવું: "તમે પોતે જેવી રીતે બોલો છો તેવી રીતે લખો. બોલો જોઈએ, રવિવાર કહો જોઈએ. 'વિ' તમારા કાનને ટૂંકો સંભળાય છે કે લાંબો?" વિદ્યાર્થી શુદ્ધ બોલતો હશે તો તે કહેશે: "ટૂંકો સંભળાય છે." આપણે તેને કહેવું: "ત્યારે રવિવાર લખો. 'વિ' ટૂંકો લખશો ને?"

પછી વિદ્યાર્થીઓને પોતાની મેળાએ પોતાની વાણી સાંભળવાનું અને સાંભળીને હ્રસ્વ દીર્ઘવાળા શબ્દો જાતે લખવાનું સૂચવવું. ધ્વનિપ્રધાન અને શબ્દપ્રધાન વિદ્યાર્થીઓ આ કામમાં બહુ રસ લેશે અને શુદ્ધ લખશે.

આ જ રીતે એક શબ્દમાં આવતા એકથી વધારે હ્રસ્વ દીર્ઘ લખવાની દિશા બાળકોને બતાવવી. આ કામ રમત જેવું થવું જોઈએ. અર્થ કે અર્થ વિનાના શબ્દો વાપરી શકાય. મુખ્ય આધાર ધ્વનિ ઉપર જ છે. શિક્ષક પાસે સારો શબ્દસંગ્રહ રહેવો જોઈએ, અને તે કકાવારના ક્રમમાં હોય તો વધારે સારું. તેમ જ ઉદ્યોગી શિક્ષક બે ત્રણ કે ચાર અક્ષરના જોડણીવાળા શબ્દોનો સંગ્રહ પણ રાખી શકે.

હવે આંખથી જોડણી શીખવવાની રીત.

આની પાછળ કોઈ શાસ્ત્રીય ઘોરણનો પાયો ગોઠવી શકાતો નથી. જોડણીવાળા શબ્દો જોડાવવા અને ધ્યાનમાં રખાવવાથી ધીમે ધીમે જોડણી એકધારી થવા લાગે છે. કોઈ પણ ચોપડીના પાનામાં પેન્સિલથી હ્રસ્વ શબ્દો અને દીર્ઘ શબ્દો ઉપર નિશાનો કરાવવાં. જાત જાતની જોડણીવાળા શબ્દો ચોપડીમાંથી પાટીમાં ઉતરાવવા.

સિવાય બીજી વધારે સારી રીત વિકસાવવાનું બાકી છે. જરા મોટી ઉંમરના વિદ્યાર્થીઓને પ્રૂફ રીડીંગનો શોખ લગાડીએ તો આ શબ્દ હ્રસ્વ કે દીર્ઘ તેનો વિચાર કરવો પડશે, અને તેથી તે તેનો નિર્ણય કરશે. અને કરેલો નિર્ણય વારંવાર તેને યાદ રહેશે. એકનાં

શ્રીદક્ષિણામૂર્તિ અધ્યાપનમંદિરો

ચાલુ સાલમાં મોન્ટીસોરી અધ્યાપનમંદિરમાં ૩૨ વિદ્યાર્થીઓ આવેલા છે. પુરુષો ૨૫ સ્ત્રીઓ ૭ કુલ ૩૨ ગ્રામ અધ્યાપનમંદિરમાં પાંચ વિદ્યાર્થીઓ આવેલા છે.

કચ્છના લુહાણા કેળવણીમંડળ તરફથી ૭ વિદ્યાર્થીઓ પ્રાથમિક શિક્ષણના વિષયમાં ખાસ માહિતી મેળવવા આવેલા છે.

એક બીજાં આંખ આગળ આવવાથી આંખ પોતે જ પકડી રાખે છે. અને તેથી આપણે સ્વતઃ જ વખત આવે શુદ્ધ કે અશુદ્ધ લખીએ છીએ. પ્રૂફ રીડીંગનું કામ શિક્ષક પાટિયા ઉપર બતાવી શકે.

હાથથી જોડણી બે રીતે સાધી શકાય. એક તો શુદ્ધ શબ્દોની વારંવાર નકલ કરવાથી, અને બીજું ગળામાંથી વાણી હ્રસ્વ નીકળે છે કે દીર્ઘ તે ભેદ હડિયા કે ટોટા ઉપર આંગળીઓ મૂકીને પારખવાથી.

આપણે આપણા ટોટા ઉપર આંગળી મૂકી બોલીશું તો આંગળીઓ ઉપર ટોટો શબ્દોચ્ચારણને લીધે ઉંચો નીચો થતો માલુમ પડશે. હ્રસ્વ દીર્ઘનો ભેદ ટોટા ઉપર આંગળીઓને જણાય છે, તેની દરેક શિક્ષક પ્રથમ પોતે ખાત્રી કરે. આ ખાત્રી તે વિદ્યાર્થીને કરાવે. અર્થાત્ વિદ્યાર્થીઓ પાસે હ્રસ્વ દીર્ઘવાળા શબ્દો ઉચ્ચારાવે અને આંગળીઓ ઉપર હ્રસ્વ દીર્ઘનો થડકો કેવો લાગે છે તેનો અનુભવ કરાવે. વિદ્યાર્થી આથી બીજી રીતે પણ હ્રસ્વ દીર્ઘનો ભેદ પકડતાં શીખશે અને જેમ પોતાની વાણીમાં રહેલી શુદ્ધિ કાનથી સાંભળી શકશે તેમ સ્પર્શથી અને સ્નાયુથી પણ તે વાણીને સાંભળશે, અને વાણીની શુદ્ધિ અશુદ્ધિ લેખનમાં ઉતારશે.

ગિ.

ખેડૂતોનું પ્રાથમિક શિક્ષણ

ખેડૂતની પ્રાથમિક શાળા નવેસરથી માંડવી જોઇએ. સમયપત્રક, અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તક, સ્થળ અને શિક્ષક બધું જ બદલી નાંખવું જોઇએ.

શાળાનું સ્થળ

ઝાડ નીચે. વરસાદ ન હોય ત્યારે ખેડૂતને ખુલ્લા આકાશ નીચે જ રહેવાનું ભાગ્ય છે તે શાળા ખૂંચવી ન લે. વડ, આંબલી, પીંપળો એવાં ઝાડોની છાયા નીચે લીંપીને બળું–બળી કરવી. ખેડૂતોના છોકરાઓને તે જાણીતી છે. તે બળી ઉપર શાળા બેસે. બળી ગોળાકારે રાખવી. પહેલેથી જ બળી કરતાં શીખવવું એટલે ખેતીનો એ પહેલો પાઠ.

વરસાદમાં નિશાળ

ઉઘાડો દિવસ હોય ને ભીનાહું ન હોય ત્યારે જમીન ઉપર બેસીને ચાલે. ભીનાહું હોય ત્યારે નિશાળ પગ ઉપર ચાલે. એટલે કે શિક્ષક અને છોકરાઓ સાથે ખેતરોમાં ફરવા નીકળે. ખેતરમાં ખેડૂતોને કામ કરતા જુએ. ખેતરોમાં તેમને કામ કરતા છૂટા મૂકી દે. નાની એવી વાડી કે ખેતર કરાવે. ચોમાસામાં વાવવું, ઉછેરવું, નીંદવું, વગેરેનું જ શિક્ષણ આપવું. એ માટે નિશાળના સ્થળની જરૂર જ નહિ. સીમ આખી નિશાળ બનાવી દેવી. વરસતા વરસાદે વરસાદમાં રઝળવાનું શિક્ષણ બહુ અગત્યનું છે. તે વખતે પ્રાકૃતિક ભૂગોળનાં કેટલાંક દૃશ્યો બતાવી શકાય. કુદરતનું અનુપમ દૃશ્ય બતાવી કુદરત તરફ બાળકોને અભિમુખ કરી શકાય. કુદરતમાં ફરવું ને તેને નીહાળવી એ પણ કળાનો જીવન્ત અભ્યાસ છે.

શાળાનો સમય

ચોમાસામાં જ્યારે માબાપો છોકરાઓને

પોતાની ખેતીમાં રાખી લે અને તેથી હાજરી ઓછી થાય ત્યારે શાળાને બંધ ગણવી. જ્યારે જ્યારે ખેડૂતોના છોકરાઓ મોસમને લીધે શાળામાં આવી જ ન શકે ત્યારે ત્યારે રજાઓ પાડવી-વેકેશનો પાડવાં. મોસમ ખેડૂતોના છોકરાઓ માટે મહાશાળા છે.

શાળાનો સમય દરેક ગામડાના જીવનને ગોઠે તેવો રાખવો. સવાર અને બપોરના સમયો આપણા ગરમ દેશમાં બહુ સારા છે. ગામડામાં તે સમયો રાખવામાં અડચણ નથી પણ અનુકૂળતા છે. લોક માત્ર બાર વાગે લગભગ જમે છે. સવારે શીરાવીને છોકરા આવે; અગિયાર સાડા અગિયારે ઘેર જાય. બપોરે બે ત્રણ વાગે આવે ને ઘણુ આવવાનો વખત થાય ત્યારે ઘેર જાય. વચ્ચે રોંઢો કરવાની રજા આપવી. ૧૧ થી ૫ નો સમય સરકારી ઓફિસે આપણને આપ્યો છે. તે શહેરને અનુકૂળ હોય તો ભલે; મોટાઓને અનુકૂળ હોય તો ભલે; પણ છોકરાઓને માટે સવાર બપોરના સમયો ઠીક છે.

અભ્યાસક્રમ

ખેડૂતની શાળાનો અભ્યાસક્રમ કંઈક આવો હોય:—

ખેતીનું જ્ઞાન (વિગતો નથી મૂકી.)

આરોગ્યશાસ્ત્ર અને અકસ્માત વખતે શું કરવું તેની માહિતી.

અર્થશાસ્ત્ર.

નામુઠામું અને વ્યવહારશાસ્ત્ર.

પોતાના ધંધા અને સ્થિતિ પૂરતું રાજકારણ.

ધારાધોરણનું જ્ઞાન. (કાયદાઓનું જ્ઞાન)

જગતનો સામાન્ય ખ્યાલ.

દેશદેશના ખેડૂતો અને તેમની સ્થિતિનો ખ્યાલ.

સુતારીનું સાદું જ્ઞાન.

કાંતવું પીંજવું.

લેખન વાચન.

સાદું ગણિત.

ઇંદ્રયોની કેળવણી.

જીવનની સંસ્કારિતા.

લોકગીતો, લોકચિત્રો, વગેરેનો પરિચય.

પ્રવાસો.

ઘોડે બેસવું, તરવું, ઝાડે ચડવું, ચણવું, નળીયાં ચાળવાં.

જાતજાતની મરદાનગીની રમતો.

ઇતિહાસ તેમના ગામનો અને તેમના બાપદાદાનો મુખ્ય.

અભ્યાસક્રમમાં ક્રમિક ધોરણો વગેરે વિગતો નક્કી કરીને મૂકી શકાય.

પાઠ્યપુસ્તકો

ઉપલા વિષયોની માહિતી આપે તેવાં નવાં પાઠ્યપુસ્તકો રચાવાં જોઇએ. અત્યારનાં પાઠ્યપુસ્તકો તેમને માટે નકામાં છે.

મોટે ભાગે શિક્ષણ મોઢેથી અપાવું જોઇએ. પાઠ્યપુસ્તકો શિક્ષકો વાપરે.

પરીક્ષા

છોકરાઓને રસથી ભણાવી વિષયમાં રસ લેતા કરવા. એટલું થાય એટલે પરીક્ષાને અવકાશ નથી.

ચાર ધોરણ પૂરાં કરીને શહેરની શાળામાં જવું હોય તેને માટે શાળાની પરીક્ષા યોજવી પડશે. તેમાં કયા વિષયો રાખવા તે શહેરની માધ્યમિક શાળાના પ્રથમ વર્ષમાં કેટલા જ્ઞાનની અપેક્ષા છે તે જાણીને નક્કી કરી શકાય. આ

સિવાય પરીક્ષાના તૂત અને ભૂતમાંથી ખેડૂતોને તો બચાવવા જ. શહેરવાળા ભલે હેરાન થયા કરે.

શિક્ષક

આ કામ માટે શિક્ષક નવો જોઇએ. ગામડાનો ભોમિયો જોઇએ. ખેડૂતોના જીવનનો પૂરો જાણકાર, ખેતીનો જાણનાર, ખેતીની પ્રગતિ શામાં છે તે સમજનાર, છતાં આધુનિક પ્રગતિ વગેરેથી અજાણ્યો નહિ રહેનાર અને ઉપરાંત શિક્ષણશાસ્ત્રમાં પણ જરા સમજ ધરાવનાર જોઇએ. ખેડૂતનો દીકરો શિક્ષક થાય તે સર્વોત્તમ. ખેડૂત જ ખેડૂતને સાચું ભણાવી શકશે. આપણે વાણિયા બ્રાહ્મણો દીપણું જોતાં કે હીંગ તોળતાં જ શીખવી શકીએ; હળ ખેંચતાં શીખવવાનું આપણને નથી આવડતું. તેની વાતો કરતાં આવડે છે. આવા નવા શિક્ષકો આપણે તૈયાર કરવા જોઇશે.

ગિ.

ચર્ચાપત્ર

: ૧ :

પ્રિયભાઈ માધવભાઇ,

તમારા ઘણા લાંબા પત્રનો લાંબે વખતે જવાબ આપું છું તો માફ કરશો. હું બીજા કામ તળે દબાએલો હતો.

હું તમારી સાથે સંપૂર્ણ મળતો છું કે આપણા દેશનાં બાળકોમાં આપણે ભૂત પ્રેત આદિના વહેમો પેદા કરે તેવું સાહિત્ય તેમના હાથમાં ન મૂકીએ. એવા વહેમોમાં શ્રદ્ધા પેદા કરે તેવી જે કોઇ ચોપડી હોય તે આપણે આપણા ઘરમાં ન આણીએ, અને કોઇ પુસ્તકાલયમાં હોય તો ત્યાંથી કઢાવી નાખીએ. આપણું ચાલે તો લેખકો અને પ્રકાશકોને પણ આપણે વિનવીએ અને તેવું લખતા અટકાવીએ. ભૂત પ્રેત વગેરેમાં માનવું અને તેનાથી બ્હીવું એ આપણા લોકોનો જડમૂળ ઘાલેલો રોગ છે—ભયંકર રોગ છે. અત્યારે લગભગ અસાધ્ય રોગ છે. એને લીધે ભારે લડવીર પણ રાંક થઇ જાય છે. તેને પસીનો છૂટે છે. જેમ તમારો બ્હીવાનો અનુભવ છે તેમ મારો પણ છે. હું પણ તમારી પેઠે નાનપણમાં અંધારામાં પડેલા મારા પિતાના જોડાથી બીધેલો અને મને પસીનો છૂટેલો! બીકના આવા દાખલાઓ ઘણા આપી શકું. મોટા મોટા વિદ્વાનો પણ બ્હીએ છે. મોટા સિપાઇઓ પણ ભૂત, પ્રેત, મેલડી આગળ રાડ નાખે છે. એટલે જ વાત બરાબર છે કે નવી પેઢી આ ભયમાંથી બચી જાય તે માટે આપણે પુષ્કળ પ્રયત્નો કરવા જોઇએ.

એમાં પહેલો પ્રયત્ન તો એ છે કે આપણે જેઓ બીકણ છીએ તેમણે બીકણ મટી જવું જોઇએ. જ્યાં સુધી આપણી જાતમાં બીક છે, વહેમ છે, ત્યાં સુધી આપણે બોલીશું કે નહિ બોલીશું તો પણ ઘરમાં બીકનું વાતાવરણ ઉભું થશે. પ્રત્યેક શુભાશયી માતપિતા આ બાબત ધ્યાનમાં લે.

બીજું ઘરમાં આપણે બીક ઉત્પન્ન કરે તેવી વાતો કરવાનું બંધ કરીએ. જો કોઇ એવી વાતો કરે તો તેને તેમ કરવા ના પાડીએ. આપણે બીકની વાતો ઘણી વાર એટલા માટે કરીએ છીએ કે એમ કરી કાં તો બ્હીવાનો આનંદ

આપણે ફરી વાર નિર્ભયપણે લેવા માગીએ છીએ, અગર આપણે આપણામાં પેસી ગએલી બીકને કાઢવાનો પ્રયત્ન કરીએ છીએ. આ વાતનો આપણને ખ્યાલ નથી હોતો એ સાચું છે.

આપણા ઘરના નોકરચાકરો, સગાં સંબંધીઓ, સૌને સ્પષ્ટ થવું જોઇએ કે આ ઘરમાં તો એવી બીકની વાતો ચાલી શકશે જ નહિ.

પણ આપણે આવી વાતો કોઇથી કદિ બોલાય જ નહિ, કદિ લખાય જ નહિ, એટલા સખ્ત ન થઇએ. મેં ઉપર કહ્યું તેમ આપણી પોતાની બીક આપણામાંથી કાઢવાનું આ એક સાધન છે. નિર્ભયતા કેળવવા માટે બીકની વાતોનું તળિયું તપાસી લઇ તેનું મિથ્યાપણું જાણી લેવાની પણ જરૂર છે. જેમ કાંટો કાંટા વડે કાઢી શકાય છે, તેમ મોટાંઓને માટે બીકની બાબતમાં બની શકે છે. તમે બીકની વાતોનો વિરોધ કરો અને હું તેનો પક્ષ કરું એ બન્ને બાબતો તત્ત્વતઃ એક જ છે. આપણે બન્ને જણાઓ બીકને કાઢવાની મહેનત કરીએ છીએ.

માત્ર આપણે એટલું જોવું જોઇએ કે આપણામાંથી બકરું કાઢતાં બાળકમાં ઊંટ ન પેસે! એટલા જ માટે મેં કહેલું કે જે બાળકો ભયાનક રસ પચાવી શકે તેઓ પાસે ભયાનક વાતો કહી શકાય.

બીજી વાત. વાત ભયાનક હોય તેથી ડરવાનું નથી. શૌર્ય વગેરે પ્રેરવા, તેમ જ ભયમાંથી મુક્ત કરવા ભયાનક વાતોનું શરણ લઇ શકાય. જોવાનું એટલું છે કે ભયાનક વાર્તાનાં પાત્રો ભયની પરિસ્થિતિમાં અને ભય પ્રત્યે કેવી મનોદશા તથા વર્તન બતાવે છે. ભય આખરે પોકળ છે, મેલડી વગેરે બાંધલ છે; પત્થરોથી કંઈ બ્હીવા જેવું નથી, એવું જે વાર્તાઓમાંથી નીકળે તે વાર્તા કામની છે. ઉલટી તેને શિક્ષણના સાધન તરીકે વાપરી શકીએ.

આપણે ભૂત પ્રેત વગેરે સંબંધે મૌન રાખવું પાલવશે નહિ. આપણા વાતાવરણમાં, પરંપરાથી આપણા વારસામાં અને લોહીમાં એ બધાંની બીક આવેલી છે. મૌન રાખવાથી કે ઉપર લીંપણ કરવાથી અર્થાત્ બીજી ત્રીજી વાતો કહેવાથી તેનું વિષ ઓછું થશે નહિ. આપણે જો તેનો ભય ઉચ્છેદવો હોય તો તેને જગાડી, સામનો કરી તેની સામે લડવું જોઇએ. અને તેમાં તેને હરાવવી જોઇએ. તેનું પોકળ ખુલ્લું કરી તેની હાંસી કરી બતાવવી જોઇએ. એટલા માટે તેને સ્થાન છે.

વળી વાત કહેનારે કહેવામાં કાળજી રાખવી જોઇએ. કોઇ એક પણ વાર્તા એવી નથી કે જેમાં સારા નરસાનું મિશ્રણ ન હોય. ઉલટું નઠારું બતાવવા માટે જ સારાનું, અને સારાનો અંતે વિજય છે એમ સિદ્ધ કરવા માટે નરસાનું જ મિશ્રણ આવશ્યક છે. વળી બ્હીકણ, વહેમી, વગેરે પાત્રો વિના બહાદુરને વહેમ વિનાના બતાવવા શી રીતે? હાસ્યાસ્પદ શું છે તે બતાવ્યા વિના તેની નિંદા શી રીતે થઇ શકે? અત્યાર સુધી લોકો કેવી માન્યતામાં હતા અને તે કેવી ભૂલ ભરેલી હતી એમ જો ભયાનક વાતો સફળતાથી કહી શકે-કહેનારો કહી શકે તો જરૂર તે ઉપયોગી છે.

પણ જે બાળકો હજી છેક કૂણાં છે, આપણો આશય સમજતાં નથી પણ માત્ર

ભયાનક વાતમાંથી બ્હીતા થાય છે તેમને આવી વાર્તાઓ ન જ કહેવાય. જરૂર ન જ કહેવાય.

વળી વિજ્ઞાનની વાતો વગેરે જીવન્ત દુનિયાની વાતો બહુ કહેવાથી મનુષ્યના મનમાં ઉતરેલો ભય અને વહેમ દૂર થતા નથી. વૈજ્ઞાનિક પણ બ્હી શકે છે: વિજ્ઞાનના વિષયમાં તેમની બુદ્ધિ નિર્મળ રહી શકે છે. તેની બહાર લોકમન આવી શકે છે. આના ઘણા દાખલા ઉઘાડી આંખ આગળ દેખાય છે.

વળી માણસે બ્હીવું પણ જોઇએ. કેવળ નીડરતાની વાતો કર્યા કરવી એ સ્વાભાવિક સૃષ્ટિથી દૂરની વાત છે. એ જ સ્વતઃ એક તરંગ છે, ભ્રમણા છે. ભૂતથી માણસે ન ડરવું જોઇએ પણ દૂરીને તોફાન કરતા ગાંડા હાથીથી બ્હીવું જોઇએ. અંધારાથી માણસે ન ડરવું જોઇએ પણ અંધારામાં સાપ અને વીંછી હોય તો કરડે તેનો સંભવ સ્વીકારવો જોઇએ, અને ડરીને ચાલવું જોઇએ. ભય એ કુદરતે બક્ષેલી એક બક્ષિશ છે. વખત ઉપર જે ભયને સમજે છે અને તેનાથી પોતાને બચાવી લે છે તે બચી શકે છે. ભયને ગણકાર્યા વિના બહાદુર નહિ પણ ગાંડો ચાલે છે. માત્ર ખોટો ભય અને ખરો ભય એમાં ભેદ પાડતાં શીખવું અને શીખવવું જોઇએ. ભૂતથી ન બ્હીવું જોઇએ અને મારકણી ગાયથી બ્હીવું જોઇએ. કોઇ છોકરું આ અર્થમાં બ્હીતું જ ન હોય તો તેને બ્હીતાં–ચેતતાં–સાવધ રેહેતાં–કાળજી રાખતાં–દૂર રહેતાં શીખવવું જોઇએ.

પત્ર બહુ લાંબો થયો છે એટલે તમારા પત્રના બીજા પ્રશ્નો આમાં નથી લેતો. બીજા પત્રમાં વાત. લિ. ગિજુભાઇના નમસ્કાર.

: ૨ :

પ્રિયભાઇ,

તમારો પત્ર મળ્યો. વાર્તાને લગતી બાબતમાં હું હવે પછી લખીશ. પ્રથમ હું તમારી અંગત વાત લઉં.

બાળ કેળવણી વિષે તમારી બગશ સ્તુત્ય છે. પિતા તરીકેની તમારી ચિંતા અને પ્રવૃત્તિ બન્ને બહુ થોડા માણસોમાં આજ કાલ જોવામાં આવે છે. આજે બાળકો અજ્ઞાત માતાઓને હાથે કેવું દુઃખ વેઠી રહ્યાં છે તે તમે સારી પેઠે અનુભવો છો. પ્રત્યેક પિતા આવું દુઃખ અનુભવે તો બાળકોના ઉદ્ધારને માટે જે લડત ભવિષ્યમાં લડાવાની છે તેનો સમય બૂબ નજીક આવે.

સાચે જ તમારી સામે ધર્મસંકટ છે. દેશસેવા અને બાળકોની કેળવણી એ બેમાંથી તમે દેશસેવાનો સ્વીકાર કરી તમે દેશપ્રેમ બતાવ્યો છે. પણ તમારો તમારાં બાળકો પ્રત્યેનો કુદરતી પ્રેમ વારંવાર દેશપ્રેમની કસોટી કરે છે. આવી કસોટીઓ દ્વારા જ માણસ ચડે છે, અને તમે ધીમે ધીમે ચડશો એમ મને લાગે છે. તમારી મુશ્કેલીઓ કેમ ઓછી થાય તે વિષે મારા વિચારો કંઇક આવા છે.

તમે એમ છેક ન માનો કે અભણ સ્ત્રી બાળઉછેરમાં કશું સમજે જ નહિ. સ્ત્રીમાં માતૃપ્રેમ કુદરતે આપ્યો છે. એ પ્રેમથી ઘણા ટકા બાળક ઉછરીને મોટું થાય છે. એ પ્રેમ ટકાવી રાખવા જેવો છે. શિક્ષણની વ્યવસ્થા આપણે હાથ લઇએ તો પણ એ પ્રેમની મારફતે જ લઇએ. એ પ્રેમને અલબત્ત વધારે ચોખ્ખો, વધારે બળવાન, વધારે વ્યાપક થવા દેવામાં આપણે સ્ત્રીને મદદ કરી શકીએ છીએ.

આજે સ્ત્રીઓ બાળકોને મારે છે; આપણા નવીન શિક્ષણના વિચારોનો વિરોધ કરતી દેખાય છે. તેનાં ઘણાં કારણોમાંનું એક કારણ એ છે કે તેઓ સામે બીજો કશો આદર્શ નથી. તેઓએ એથી બીજું કશું જોયું કે જાણ્યું નથી. આખો સમાજ તેને જાણે કે મદદ આપતો હોય એવું ભાસે છે. આપણે નવા વિચારકો તે સમજતા નથી; તેમને જે સ્વાભાવિક છે તેનો આપણે વિરોધ કરીએ છીએ. પરિણામે તેઓ અને આપણી વચ્ચે વિસંવાદ ઊભો થાય છે.

તમારી પોતાની સ્થિતિ વિશિષ્ટ છે. તમે બહાર રહો છો. અને બાળકને ઉછેરવાનું કામ પત્નીને સોંપી ચાલ્યા જાઓ છો; ને પુનઃ યોગ્ય રીતે ઉછેરવાની ફરજ તેને માથે મૂકી તેમાં થતી ભૂલો માટે અસંતોષ બતાવો છો. બરી રીતે તમારે બહાર જતા અટકવું જોઇએ. બાળઉછેરની જવાબદારી માતપિતા બન્નેને માથે સરખી છે. બહારના કામની જવાબદારી પત્નીને પણ એટલી બધી લાગે કે તે આપણને છૂટા કરે, અને બાળકનો ઉછેર પ્રેમપૂર્વક પોતાને હાથ આગ્રહપૂર્વક લે ત્યારે આપણે છૂટી શકીએ છીએ. પણ જ્યારે પત્ની આપણી પ્રવૃત્તિથી વિરુદ્ધ હોય છે ત્યારે સામસામી ખેંચતાણમાં બાળકોને જ સહન કરવું પડે છે.

તમારી પત્ની તમને ચાહે છે તેનો તમો એવો લાભ ન લઇ શકો કે "લ્યો, તમે બાળકો ઉછેરો ને હું અન્ય ક્ષેત્રો ખેડું." મારો અનુભવ છે કે સ્ત્રીઓને માથે બાળઉછેરનું કામ ધક્કેલી પાડવાથી તેઓ ચીડાય છે. પણ વધારે તો તેઓ બીજા કારણથી ચીડાય છે ને પીડાય છે, ને તેને લીધે તેઓ આપણને ખૂબ દુઃખ કરાવે છે. તે એ છે કે આપણે તેમને સ્વાભાવિક ગૃહસ્થાશ્રમ-ધર્મનો લહાવો આપવામાંથી છટકી જઇએ છીએ. આપણા ગૃહસ્થાશ્રમધર્મમાં જેટલી ઉણપ-જેટલી બેદરકારી તેટલી ઘરમાં, બાળ-ઉછેરમાં અને સ્ત્રી પોતામાં અવ્યવસ્થા અને બેદરકારી આવે છે. સ્ત્રીઓ ગૃહજીવનની શાંતિ, સુખ, પ્રેમ વગેરે માગે છે. એ તત્ત્વો એને મળે તો તેઓ બાળઉછેરનું કામ વિના વિરોધે કરે છે. પણ આપણે કહીએ કે 'અમે તમને ચાહીએ છીએ; આ કામ તમે કરો; તમે તેને માટે લાયક થાઓ.' વગેરે, તો તેઓ સામે નહિ થાય તો પણ સંતુષ્ટ તો નહિ જ થાય. એટલે જ પુરુષોએ પોતાની પ્રવૃત્તિ એવી ગોઠવી કે સ્ત્રી કબુલ રાખે કે ગૃહજીવન માટે એ પ્રવૃત્તિ અનિવાર્ય છે અને એ જ ગૃહસુખનો આધાર છે. આપણી પ્રવૃત્તિમાં જ્યારે સ્ત્રીને વિશ્વાસ નથી હોતો ત્યારે તે ભારે મુશ્કેલી પેદા કરે છે.

પણ જો આપણી પ્રવૃત્તિ એટલી કિંમતી લાગતી હોય કે એમાં આપણે સ્ત્રી તથા બાળકોને હોમી દઇ શકીએ અને તે માટે કદિ પણ પસ્તાવાના ન હોઇએ, તો આપણે આપણી મનકલ્પિત મનગમતી પ્રવૃત્તિ કરીએ; અને એ કિંમતી વ્યાપક સેવાની પ્રવૃત્તિમાં આપણા ગૃહસ્થજીવનનો યજ્ઞ કરીએ. પછી બાળઉછેરના ને એવા બ્યાલો છોડી દેવા. એટલા જ માટે મેં આગળ લખ્યું કે તમે અત્યારે કસોટીએ ચડ્યા છો. કાં તો તમારે સેવાકાર્ય કરવું, અગર તમારે ગૃહસ્થાશ્રમ યથાર્થપણે સંભાળવો.

આજે લોકલાજથી અગર ચાલુ પવનથી સ્ત્રીઓ આપણી વાતની સામે નહિ થાય, તો તેઓ કાલે સામે થશે. જ્યાં સુધી તેમની બ્યા-

જળી ઇચ્છાઓને દાબીને ચાલશું ત્યાં સુધી દબાણ જતાં ઉછાળો આવવાની સંભવિતતા કબુલીને જ ચાલવું. એટલે આજે આપણું જોર હોય ત્યારે, આપણો પ્રેમ તેના પર અધિકાર ભોગવતો હોય ત્યારે પણ તેના ઉપર કશું દબાણ રૂપ ન કરો. દબાણથી લીધેલું કામ બગડી જશે. એટલું જ નહિ પણ જતે દહાડે સ્ત્રી તમારા કામનો અને તમારો પોતાનો દુશ્મન થઇ બેસશે.

પ્રેમળ સ્ત્રી સાથે સત્યાગ્રહ કરવાનો અખતરો તમે કરી જોયો. તેમાં તમે ફાવ્યા છો એમ ન કહેવાય. એમાં નહિ ફાવો. અજ્ઞાની સ્ત્રીને મન સત્યાગ્રહ કેવળ દબાણ અને આક્રમણ લાગે છે. તેના ઉપર જુલ્મ થતો હોય એમ ભાસે છે. તે આપણને બદલાઇ ગએલા ધારે છે. તેનો આપણી પ્રત્યેનો અંતરનો ઉમળકો ઘસાવા લાગે છે, તે ગોટવાય છે. તે સ્પષ્ટ રીતે સમજી શકતી નથી કે પોતાના પ્રેમને આ વસ્તુ દબાવે છે, અને તે કહી પણ શકતી નથી. પ્રેમી સ્ત્રી સામે સત્યાગ્રહ ન કરતાં તેના ઉપર પ્રેમ કરવો. પ્રેમમાં સ્ત્રી ઘણું સમાવે છે. એ બધું આપણે તેને આપવું જોઇએ. માત્ર 'પ્રેમ છે, પ્રેમ છે.' કહી બધી રીતે પોષીએ નહિ તો તે સૂકાઇ જાય છે. પ્રેમ એટલે શું? ખાસ કરીને સ્ત્રીપુરુષનો પ્રેમ એટલે શું એ આજકાલના નવા માણસ બરાબર નથી જાણતા. તેઓનો પ્રેમાનુભવ તે ગાળ હોય છે. પ્રેમને નામે તેઓ કેવળ વિષય સેવે છે, અગર કેવળ હવાઇ ખ્યાલોમાં વિહરે છે. જગત વાસ્તવિક છે અને પ્રેમ પણ આ વાસ્તવિકતામાં પોતાની જગા માગે છે. પ્રેમ સ્થૂળ અને સૂક્ષ્મ બન્ને સાથે જોડાઇને રહે છે. જેમ જીવન દેહ અને આત્માના જોડાણમાં રહીને આગળ ધપે છે તેમ પ્રેમ આગળ વધવા ઇચ્છે છે. પ્રેમ આગ્રહી નથી; તે નિરાગ્રહી નથી. પ્રેમને પોતાનું બળ છે ને તે બહુ પ્રબળ છે. તેના વડે આપણે આપણું હૃદય બીજાને કહી શકીએ. તમારી પત્ની ત્યારે જ તમારાં બાળકો ઉત્તમ રીતે ઉછેરશે કે જ્યારે તમારો પ્રેમ તેના ઉપર વરસતો દેખાશે—તમારો પ્રેમ તે જ્યારે અનુભવશે. તમારી પત્નીને એવો પ્રેમ મળ્યો છે?

એ વાત કબુલ છે કે પત્ની જે અયોગ્ય રીતે બાળકોને રાખે તેની સામે આપણો વિરોધ હોય. પણ એ વિરોધ એટલે ક્રોધ નહિ. વિરોધ એટલે આપણે આખો દહાડો "તમને કશી બબર નથી, આવડતું નથી." એમ કહેવું એ પણ નહિ. વિરોધ એટલે ઘરમાં અનાદર અને નિવૃત્તવૃત્તિ પણ નહિ. વિરોધને આપણે બહાર બતાવીએ તેના કરતાં અંદર અંતઃકરણમાં બતાવીએ. અને તે પરિસ્થિતિ ઉલટાવવા માટે કોઇની સાથે લડીએ બઢીએ તેના કરતાં દુઃખી થઇએ. મૌન અંતરનું દુઃખ તીવ્રતાથી અનુભવે છે. ઉપરથી પ્રસન્ન રહેવું, બાળકોને સદા આનંદમાં રાખવા પ્રયત્ન કરવો, વાતાવરણને પ્રેમથી ભરવા મહેનત કરવી, અને અંતઃકરણને પીડાવા દેવું. જ્યારે પત્નીને પ્રેમથી ભીની કરવી ને તેના પ્રત્યે કોમળતા બતાવવી ત્યારે પોતે પ્રભુની પાસે પ્રાર્થના કરવી. બાળકોના કલ્યાણ અર્થે પતિ પત્નીએ વધારે ને વધારે નજીક આવવું જોઇએ. અને જ્યારે બહારના સાધારણ ઉપાયો અજમાવી જોયા પછી રસ્તો ન જડે ત્યારે પ્રભુને ચરણે જઇ, નમ્ર થઇ માર્ગ માગવો જોઇએ. જો આપણો બાળકો પ્રત્યેનો પ્રેમ નિર્મળ હશે તો પ્રભુ રસ્તો ઉઘાડશે. ગિ.

બાળકોના કાન

લોકો કહે છે કે બાળકોને કાન છે પણ સાન નથી. હું માનું છું કે બાળકોને કાન પણ છે અને સાન પણ છે. પણ આપણે મોટાંઓ તેમના કાન અને સાન બન્નેને બહેરાં કરી નાખીએ છીએ:

કાન સાંભળવાને માટે આપેલા છે. પણ તે માબાપની કે શિક્ષકની ગાળો, હલકી તોછડી વાણી, જોહુકમી વગેરે સાંભળવા માટે નહિ. કાન શિક્ષક અને માબાપ પાસેથી કોમળ, મધુર, અર્થપૂર્ણ અને અર્થગંભીર સન્માનભરી વાણી સાંભળવા માગે છે અને તેને માટે તે સર્જાએલા છે. જે માબાપનાં બાળકોને ભગવાને કાન આપ્યા હોય તેઓ બાળકોને આવી વાણી સંભળાવે. એમ ન બને તો કાનમાં દાટેલા દઇ કાન બંધ રખાવે.

કાનને સાંભળવું ગમે છે – પક્ષીઓના નવા નવા અવાજો, પવનનો અવાજ, ઘરનાં વાસણોનો અવાજ, માણસોના અવાજો, વાજાંના અવાજો વગેરે પ્રકારના અવાજો. પણ તેને ઘરમાં કે શાળામાં ચાલતો ઘોંઘાટ સાંભળવો નથી ગમતો. એકલા કાગડા અને કાબરનો કલબલાટ અને કોકાટ નથી ગમતો. ગાળાગાળી અને ધમપછાડાનો અવાજ નથી ગમતો. ઠામ પછડાતાં હોય, ચીજો ફેંકાતી હોય, ખુરશીઓ ઢસરડાતી હોય, બાળકોનાં શરીરો ઉપર ધબ્બાઓ પડતા હોય તેનો અવાજ બાળકોને નથી ગમતો. અને ઘરના માણસો હો હો કરી નાના નાજુક કાન પાસે ઉતાવળથી ઢંગધડા વિનાનું બોલે છે ને વહાલ કરે છે તે તો કાનથી સહન થયું જતું નથી! આપ બસૂરું ગાય છે ને આ ઢેં ઢેં હારમોનિયમ વગાડે છે તે પણ નથી ગમતું. કોઇ બીજાને વાસણ પછાડે તે નથી ગમતું. પણ બાળકના કાનને ઘરમાં કોઈ સારા અવાજે હાલરડાં ગાતું હોય, બા કે બાપ મીઠે અવાજે ગીત ગાતાં હોય, ઘરમાં બધી ચીજો નકામી બબડતી ભભડતી ન હોય, ઘરમાં બધાં સમજાય તેમ ધીમેથી બોલતાં હોય તો તે સાંભળવું કાનને ગમે છે. કાન એટલા માટે છે. આપણે માબાપો બાળકોના કાનનો વિચાર કરી આપણા ઘોંઘાટોનો વિચાર કરીશું? અને બાળકોને સારા જલસામાં લઇ જઇને, કુદરતનાં મધુરકંઠી પક્ષીઓ વચ્ચે લઈ જઇને, નદીના અવિરત સ્રોતના બળબળાટ પાસે લઇ જઇને, ઝાડપાન વચ્ચેથી મંદ મધુર પવન વહેતો હોય તેની સમીપ લઇ જઇને તેમના કાનને તૃપ્તિ આપીશું? ટૂંકમાં જેમ જીભને મીઠું મીઠું બવડાવીએ ને કડવું ન બવડાવીએ તેમ કાનને પણ બવડાવીશું? કાન પણ બાય છે.

પણ કાન બિચારો સાંભળે તે માટે તે ઉઘાડો તો જોઇએ ના? અમે બાળકોના કાન તપાસીએ છીએ. મોટે ભાગે તેમાં મેલ ભરેલો હોય છે. મેલ એક જાતની દુર્ગંધ મારતો હોય છે. બિચારો ટૂંકી દૃષ્ટિવાળો દૂરથી જોઇ ન શકે ને મૂંઝાય તેમ બાળક છતે કાને સાંભળી ન શકે ત્યારે મૂંઝાય છે; અને આપણે તેને કેમ ધ્યાન નથી આપતો તે બાબતમાં ઠપકો આપીએ છીએ! પણ તેને બદલે સાંભળવામાં આડે

આવતો મેલ કાઢી નાખીએ તો ? કાન મેલને ભરી રાખવાની ટોપલી રૂપે કુદરતે નથી બનાવ્યા. તેમાં બાકોરા છે માટે તે કચરાની પેટી છે તેમ ન માનવું. રોજ રજ ઉડીને નાકમાં, કાનમાં, આંખમાં જાય છે; તેને અટકાવવી જોઇએ અને ન અટકે ત્યાં તે પેઠા પછી કાઢવી જોઇએ.

કાનને બિચારાને રોગો થાય છે. જ્યારે મેલ વગેરે ખૂબ ભેગું થાય ને તેમાં પાણી પડે ત્યારે ચામડી સડે છે. ઘણી વાર મોટા અવાજના આઘાતથી પડદો તૂટે. કેટલીક વાર રમત રમતમાં બાળકો કાનને ઈજા કરી બેસે છે. કેટલીક વાર માબાપો કાન ખોતરીને તેને બાળો કરે છે. આમાંથી કાન પાકે છે; પસ વહે છે; કાન ગંદો અને ગંધાતો થાય છે. માખી જઇ બાળકના કાનને ચટકા ભરે છે. બાળક માખી કાઢવા જતાં આંગળી પસવાળી કરે છે. એ જ આંગળીએ તે પાણી પીએ, ખાય, આંગળી આખા ડીલે લગાડે. માખી ઘણી વાર કાનમાં જ મરી જાય છે. માબાપો આ બધું જરાક કાળજી રાખે તો દૂર કરી શકે, અને કાનને સુખી કરી શકે.

કાન દૂખે છે ત્યારે ચીસેચીસ નખાવે છે. બાળકની વેદનાનો પાર રહેતો નથી. પછી કાનને કેટલીયે દવાઓને સહન કરવી પડે છે. ઘરમાં જે આવે તે એક એક નવી દવા બતાવે ! 'આકડાનાં ટીપાં પાડો.' 'ધંતુરાના મૂળને ઘસીને ચોપડો.' 'ગધેડાનું શીંગડું વાટીને તેનાં ટીપાં પાડો.' જેને જેમ ફાવે તેમ સલાહ આપે. માબાપ જે તે દવા કરે. કાન બબણે દુઃખી થાય. આને બદલે માબાપ દાકતરને કાન બતાવે ને સીધી દવા કરે તો ?

કાનને બીજાં પણ દુઃખો છે. કાનને નાની ઉંમરે વીંધાવું પડે છે તે તેને નથી ગમતું. ઘરેણાં પહેરાવવાં માબાપને ગમે છે; ઘરેણાં પહેરી છોકરાં માને છે કે પોતે રૂપાળાં દેખાય છે, ને તેઓ રાજી થાય છે. પણ કાન તો એમ કહે છે કે મને કાણાં પાડ્યાં હતાં ત્યારે મને બહુ પીડા થઇ હતી. તેમાંય જ્યારે એ પાકયો ત્યારે તો તોબા તોબા થયું હતું ! ઊંચમાં કાન જરાક દબાય ને ચીસ નખાઇ જાય. કાનની વાળી વાળમાં આવે એટલે તો ઓયઓય થઇ જાય. કાનમાં જરા ઘરેણાં પહેરાવે ત્યારે તો કાને તેના ભારથી દબાવું એટલું જ નહિ, પણ કોઇ કોઇ વાર તો કપાઇ પણ જવું ! ઘરેણું લેવાને માટે કાનને કાપી નાખ્યાના દાખલાઓ પણ મળી આવે છે. કાન કહે છેઃ "એ બધું તો ઠીક. પણ માબાપો મારામાં કાણાં પાડે, તેમાં ઘરેણાં પહેરાવે ને પછી જ્યારે ઘરેણું ખોવાઇ જાય ત્યારે મને જ ખેંચે છે ! મેં કાંઇ ઘરેણું ખોયું નથી હોતું. કાણું સરખું ન હોય કે ચેરીંગનો પેચ ઢીલો હોય તો મારો શો વાંક ? મને નાહકનો ચોળીને લાલચોળ શીદને કરવો ?"

માસ્તરો કાન ખેંચવાના શોખીન હોય

મોન્ટીસોરી સંક્ષિપ્ત

આવતા ઑગસ્ટ માસમાં
પ્રસિદ્ધ થશે.

ભાષાન્તર કર્તા
શ્રી. તારાબેન મોડક

પ્રકાશક
શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર

નામ નોંધાવો

છે. કુંભારને પણ ગધેડાનો કાન ખેંચવો ગમે છે. કાન એ લગામ નથી કે ખેંચવાથી છોકરાં સીધાં ચાલે. કાન ખેંચાઇને લાલ થાય છે, પીડાય છે અને ઘણી વાર કાનના મૂળીયામાં રસોળી થાય છે. માસ્તરનો નાનો એવો કાન બધા વિદ્યાર્થીઓ મળીને ખેંચે તો કેટલો બધો લાંબો થાય? તેના મૂળમાં કેટલી મોટી ગાંઠ થાય? કેટલાક વિદ્યાર્થીઓના કાને મને કહેલું છે કે મહેતાજી કાનને નખ ભરાવે છે ત્યારે તો "ભાઇશાબ, ભાઇશાબ! હવે નહિ કરું!" એમ કહેવાઇ જાય છે. અરે, ચોરી કરી ન હોય તો પણ "હા હા, મેં લીધું'તું." એમ કહેવું પડે છે! એક માસ્તર તો નાની એવી કાંકરી લઇ કાન ઉપર એવી દબાવે કે કાંકરી ચામડીમાં પેસી જાય!

ઘણી વાર કાન છોકરાઓને માર બવરાવે છે. કાન સાંભળે નહિ, માસ્તર જરા બહેરા છોકરાને શોધીને પોતાની પાસે બેસાડે નહિ, અને દૂર બેઠેલો બહેરો છોકરો માસ્તરનું ભાષણ સાંભળી શકે નહિ; તેથી તે નવરો પડે ને તેથી તે તોફાન કરે એટલે માસ્તર તેને કહે: "કેમ સાંભળતો નથી?" અને પછી મારે. માસ્તરો બહેરાઓને જરા નજીક બેસાડે તો? ઘણા છોકરાઓને નિશાળમાં નથી આવડતું તે એટલા માટે નહિ કે તેઓ ઠોઠ છે, પણ એટલા માટે કે તેઓ પૂરું સાંભળતા જ નથી. બહેરા કાનવાળાને આંખો મ્હોં બધું જરા ખેંચીને કાન લંબાવીને સાંભળવું પડે છે. તેથી મોઢાનો દેખાવ બદલાઇ જાય છે. કાનને સાજે તાજે રાખીએ તો આ બધું ન થાય.

કાન કુદરતથી બને છે. લાંબા કાન કે ટૂંકા કાન ઇશ્વરાધીન છે. છતાં 'ટુંકી ગરદન લાંબા કાન, હરામજાદાકા એ નિશાન.' એ કહેવત શા માટે જોઇએ? અને 'લાંબી ગરદન ટૂંકા કાન, બાદશાહકા એ નિશાન.' એ કહેવત પણ નાદાન છે. કોઇના કાન ટૂંકા હોય, કોઇના લાંબા હોય; કોઇના બૌદ્ધકાલીન લોકોના બીજા યુગના હોય. જેવા ભગવાને દીધા એવા કાન છે, એમાં નિંદવાનું કે સ્તુતિ કરવાનું શું? લાંબા કે ટૂંકા ગમે તેવા કાન હોય પણ તે અરીસા જેવા સ્વચ્છ હોય તો બસ છે.

જેમ આપણે રોજ બાળકોના કાન તપાસવા ને સાફ કરવા જરૂરી છે તેમ જ બાળકોને જાતે કાન સ્વચ્છ કેમ રાખવા તે પણ બનાવતા રહેવું. કેવી રીતે ચોળાય, કેવી રીતે મેલ કઢાય વગેરે બતાવવું જોઇએ.

કાન ખોતરવો એ બૂરી આદત છે. કાન ખોતરણી નુકશાનકારક હથિયાર છે. એક જણે કહેલું કે 'કાન ખોતરવો હોય તો કોણીથી ખોતરવો.' આ વાત બરાબર છે. સળીથી, પેન્સિલથી, હોલ્ડરથી, રૂપાની કાન ખોતરણીથી કાન ખોતરવો નહિ. માબાપોની ટેવો જોઇ બાળકો આ શીખે છે, માટે માબાપો જ ચેતે. ગિ.

અક્ષરજ્ઞાન યોજના

જૂના અને નવા અક્ષરજ્ઞાનના તમામ સ્વયંસેવકો! હમણાં આપણું કામ જરા ઢીલું દેખાય છે. હમણાં દેશની બીજી તૈયારીઓ સાથે આ દિશામાં પણ જેટલી બને તેટલી પ્રગતિ કરી લઇએ. તમે તમારું કામ ફરી વાર ચાલુ કરો. તમારા રિપોર્ટો, હાજરીપત્રકો વગેરે મોકલવા માંડો. ગરીબ આંધળાં હિંદી ભાઇબ્હેનોની આટલી શી સેવા તત્પરતાથી સત્વર ઉપાડો.

ટેવની ટેવ

અમે નાનાં હતાં ત્યારે સૌ વિચારકો એકમત હતા. સૌ એમ જ માનતા ને કહેતા કે Habit is second nature–ટેવ એટલે બીજી કુદરત છે. એટલે કુદરતનાં કામો જેટલી સ્વાભાવિકતાથી અને અચૂક ચાલે છે તેટલી જ સ્વાભાવિકતા ને અચૂકતાથી ટેવ કામો કરે છે. માટે સારી ટેવો પાડવી જોઇએ એ ઉપરના સિદ્ધાન્તનો ફલિત સિદ્ધાન્ત સર્વ જગપ્રસિદ્ધ અને જગન્માન્ય. સારા શિક્ષકો અને સારાં માબાપોને માટે ઝાઝું વિચારવાનું કે શંકા કુશંકા કાઢવાપણું હતું જ નહિ. સારી ટેવો પાડવી જ જોઇએ, અને અનુભવી ડાહ્યાઓ તો બધા જાણે જ કે કાચી માટીએ કાંઠો ચડે. એટલે સારી ટેવો તો બાલ્યાવસ્થામાં જ પડાય એ અનુભવસિદ્ધ સત્ય કોઇથી અજાણ્યું નહોતું.

આ સત્યને અનુસરી ઘરે ને બોર્ડિંગોમાં સવારે વહેલા ઉઠવાની ટેવ સર્વત્ર પડાતી. કોઇ વહેલાં ઉઠી ન્હાવા ધોવાની ને પાઠપૂજા કરવાની ટેવ પડાવતું, તો કોઇ વહેલાં ઉઠી વાંચવા ને ગોખવા બેસવાની, તો કોઇ વહેલાં ઉઠી કસરત કરવાની ને ફરવા જવાની વગેરે અનેક પ્રકારની 'સારી ટેવો' બાળકોમાં પાડવામાં આવતી. અર્થાત્ સારી ટેવોની જેટલી વિવિધતા તેટલી જ સારી ટેવો પાડવાની રીતિમાં પ્રકારો હોય એ સ્વાભાવિક છે. પરિણામે ઘણા લોકો સારી ટેવવાળા થયા. વહેલા ઉઠવું, નિયમિત ફરવા જવું, નિયમિત જમવું, નિયમિત સૂવું વગેરે બધી સારી સારી વાતો તેમને માટે બીજી કુદરત અથવા સ્વભાવ જ બની ગઇ; તો ઘણાને આ બધી સારી વાતો સામે કાયમના વાંધાઓ પડ્યા. અર્થાત્ તેઓ દુષ્ટ અથવા હતભાગી ગણાયા. ઘણાઓની સુટેવો શિક્ષક કે વડીલોનું માથે છત્ર હતું ત્યાં સુધી ટકી પણ પોતે સ્વતંત્ર થયા ત્યારે આ જૂની ટેવોથી તદ્દન વિરુદ્ધ આચરણ કરવું એ જ તેમને માટે જીવનનો લ્હાવો થઇ પડ્યો!

આમ સારી સારી ટેવો પડાતી ને સારું સારું જગત સારી રીતે ચાલ્યું જતું હતું. ત્યાં નવા અભ્યાસીઓ જાગ્યા; નવા માનસશાસ્ત્રીઓ નીકળી પડ્યા. વિચારોનું બંડખોરપણું જેમ બીજા પ્રદેશોમાં ફેલાયું તેમ 'સારી ટેવો'ને પણ તેનો ધક્કો લાગ્યા વગર રહ્યો નહિ. ટેવોની બાબતમાં નવા વિચારો આવ્યા. નવા પ્રશ્નો ઉત્પન્ન થયા. શું ટેવો એ માણસજાતની એક ગુલામગિરી નથી? શું પરાણે ટેવો પાડવાથી તે પડે છે ને કાયમી ટકે છે? ને ટકતી હોય તો માણસનું તેમાં હિત છે? વગેરે અનેક શંકાઓ નવા વિચારકોએ કાઢી અને પૂર્ણ વિશ્વાસથી ને સરળતાથી ચાલનારા ઘણા એકમાર્ગીઓને તેમના સરલ માર્ગમાંથી ચલિત કર્યા; ઘણાંઓને ડોલાયમાન કર્યા; ઘણાઓને શંકાશીલ કર્યા. ને ઘણાઓને સામા થઇને હઠથી પોતાના જૂના વિચારોને જ વળગી રહેતા પણ કર્યા!

આપણે ત્યાં તો એકંદર જાગૃતિ જ ઓછી, એકંદર વિચાર જ ઓછો–ને બાળકોની બાબતમાં તો તદ્દન જ ઓછો, એટલે મોટે ભાગે સારી ટેવો પાડવાની જૂની અનાદિ કાળની રીત ચાલતી આવે છે. છતાં જે થોડા ઘણા લોકો વિચાર કરતા થયા છે તેમના પર આ નવા

આંદોલનની અસર થયા વગર રહી નથી. આપણે આ બે છેડાની બે પ્રકારની વિચારસરણીમાં સત્ય કયાં રહ્યું છે ને વ્યવહાર કયાં રહેલો છે તે તપાસી જઇએ.

મનુષ્યનું શરીર અને મન ટેવને આધીન કેમ થાય છે તે જોઇએ. જેમ ખુલ્લા મેદાનમાં જ્યાં રસ્તો નથી ત્યાં માણસોના વારંવાર ચાલવાથી કેડીઓ પડે છે, અથવા જેમ વરસાદનું પાણી વારંવાર અમુક રસ્તે નીકળી જઇ વોકળા બને છે, નાળાં બને છે, નદીઓ બને છે અને પાણી પોતાને પસાર થવાનો માર્ગ દર વખતે પસાર થવાને લીધે જ વધારે ને વધારે ઉંડો બનાવે છે, તેમ આપણા જ્ઞાનતંતુઓ અને ક્રિયાતંતુઓનું પણ છે. એટલું જ નહિ પણ આપણી વિચારસરણી, આપણી લાગણીઓ વગેરેનું પણ છે. અમુક બાબતમાં અમુક રીતે વર્તન કરીએ—એક વાર કરીએ, બે વાર કરીએ; વારંવાર કરીએ-એટલે હમેશ તે પરિસ્થિતિમાં તે જ પ્રકારનું વર્તન થવાનો વધારેમાં વધારે સંભવ બંધાય છે. એનું જ નામ ટેવ. પણ નિર્જીવ ચીલા અને આ સજીવ ચીલાઓમાં મોટે ફેર છે તે એ કે પાણી તો એના ચીલામાં જ ચાલ્યું જશે, જ્યારે આપણા જ્ઞાનતંતુઓ આપણા તાબામાં હોઇ આપણે એને હા કહીશું તો જશે ને ના પાડીશું તો નહિ જાય. એટલે ધારીએ તો આપણી ટેવો ઉપર પણ આપણે કાબુ ધરાવી શકીએ—જેમ વર્ષોથી વ્યસનમાં સપડાએલો એટલે કે એક પ્રકારની ટેવને આધીન થએલો માણસ પોતાના બળથી બે ટેવ ભૂંસી નાખી શકે છે. અર્થાત્ ટેવ જેટલી ઉંડી અને જબ્બર એટલું બળ પણ વધારે વાપરવું પડે છે.

આ ઉપરથી જણાશે કે આપણામાં ટેવ પડવા દેવાની પણ શક્તિ છે ને ટેવ ભૂંસાડવાની-કાઢી નાખવાની પણ શક્તિ છે. અર્થાત્ માણસ ટેવો પાડે અથવા પડવા દે, અને પાછળથી તે સ્વેચ્છાએ બદલવાની તાકાત ન ધરાવે તો તે ટેવોનો ગુલામ કહેવાય. બે ટેવો સારી પણ હોય ને નઠારી પણ હોય, પણ જ્યાં સુધી ટેવો માણસ ઉપર રાજ્ય ભોગવે અને માણસ તેના પર ધારે ત્યારે ચડી બેસી ન શકે, ત્યાં સુધી મનુષ્ય જરૂર પોતાની ટેવોનો ગુલામ છે; પરાધીન છે; નિર્બળ છે. આપણને સહેજ દર્શને લાગશે કે બરાબ ટેવો જેવી કે વ્યસનો, અવ્યવસ્થિતપણું, અમંગળ-પણું, વગેરે નુકશાનકારક છે, અને તે માણસને પોતાનો ગુલામ બનાવે છે એ તો સાચું; પણ સારી ટેવો ગુલામ કેમ બનાવે? હાલના વાતા-વરણમાંથી એક દાખલો લઇએ. ગયે વર્ષે હજારો માણસો જેલમાં ગયાં હતાં. અર્થાત્ તે બધાંને પોતાની અસલી ટેવો પ્રમાણે વર્તવાની બંધી થઇ ને શરીરને ને મનને નવી ટેવો પાડવી પડી. ત્યાં જે લોકો ચા કે બીડી જેવા વ્યસનને અધીન હતા તેઓ જ દુઃખી થયા એમ નથી, પણ એવી એકે કુટેવ નહિ પણ બંધી મુકેવો જેમને વધારે હતી તેઓ જ વધારેમાં વધારે હેરાન થયા. અમુક રીતે જ સૂવું, અમુક રીતે જ બેસવું, ઉઠવું, બાવું, પીવું, બોલવું, ચાલવું એવી જેમને વધારે ટેવો તેઓને ડગલે ને પગલે દુઃખ પડયું. જેઓ પોતાની ટેવોના ગુલામ ન હતા તેઓ પરિસ્થિતિને અનુકૂળ થઇને તરત જૂની ટેવો કાઢી નાખી નવી વસાવી શકયા, જ્યારે

જેમનામાં એ તાકાત ન હતી તે હેરાન થયા. આપણે હમેશ જોઇએ છીએ કે જીવનમાં ઘણા લોકો નજીવી નજીવી બાબતોમાં હેરાન હેરાન થાય છે. કોઇને બાટલા પર સૂવાની ટેવ હોય ને એક દિવસ ન મળે કે આખી રાત ઉજાગરો; કોઇને કાંઇ ને કોઇને કાંઇ બાબતો નડ્યા જ કરે છે. એનું કારણ પોતાની ટેવો પર એટલે એક જ વાત વારંવાર થવાથી જે મગજમાં અને જ્ઞાનતંતુમાં ચીલા પડેલા છે તેના ઉપર કાબુ નહિ. એટલે ટેવ માત્રની બાબતમાં ધ્યાનમાં રાખવાની બાબતો બે થઇ. પહેલી વાત એ કે આપણે પાડીએ કે ન પાડીએ, જે વાત પુનઃ પુનઃ થાય છે તેના ચીલા તો પડી જ જવાના છે. એટલે આપણા શરીરને અને મનને ટેવો તો પડવાની જ છે. આપણું ખાવું, પીવું અને રહેણીકરણીથી માંડીને તે ધાર્મિક, લાગણી વિષયક, બૌદ્ધિક, સામાજિક અને વ્યક્તિગત અનેક ટેવો આપણને પડે જ છે, પડેલી જ હોય છે. બીજી બાબત એ કે આપણે ધારીએ તો આપણી બધી ટેવોના નિયામક બની શકીએ, ને ન ધારીએ ને એમ ને એમ ચાલ્યા જઇએ તો ટેવો આપણને ગુલામ બનાવે. અર્થાત્ જેને જીવન જીતવું છે તેણે ગુલામ ન થવું જોઇએ પણ પોતાના રાજા થવું જોઇએ.

આ સિદ્ધાંતને અમલમાં ઉતારીએ ત્યાં શિક્ષણનો પ્રદેશ આવ્યો. માણસને ટેવોના રાજા બનતાં શીખવવું જોઇએ. પોતાની ટેવો પોતે ધારે ત્યારે બદલી શકે–ઘડી શકે ને તોડી શકે એ તાકાત આપવાની જરૂર છે.

પ્રશ્ન એ છે કે એ તાકાત કેમ આવે? પહેલાં તો ટેવો પડાવવાની આખી ક્રિયાથી તાકાત કેમ જાય છે તે જોઇએ. બાળક ટેવ મેળવે છે પણ ટેવ ધારે ત્યારે બદલવાની તાકાત મેળવતું નથી, એટલું જ નહિ પણ ટેવોને લીધે ઉલટું નબળું બને છે. એનું કારણ ટેવો પરાણે પડાય છે, સખ્તાઇથી પડાય છે. મોટે ભાગે દરેક બાળક એની સામે પોતાનામાં શક્તિ હોય તે પ્રમાણમાં બંડ કરે જ છે. પણ આખરે તેને વશ થાય છે. અર્થાત જબરજસ્ત દોરડાંથી કોઈ માણસને બાંધીએ તો તેની જેવી સ્થિતિ થાય છે તેવી બાળકોની થાય છે. સ્વાભાવિકપણે દરેકનું મન આ ક્રિયા સામે બંડ કરે છે. પણ તેમાં કેટલાંએક તરત વશ થઇ જાય છે ને કેટલાંએકનો વિરોધ જીંદગી સુધી કાયમ રહે છે. એટલે જ તેઓ ઉપર ઉપરથી ટેવ મેળવે છે, પણ વરસોની ટેવ એક દિવસમાં લાગ આવે તેઓ ઉડાડી દે છે, ને તદ્દન વિરુદ્ધ આચરણ કરવા લાગી જાય છે. કેટલાંએકના વિરોધ અનેક જાતનું વિકૃત સ્વરૂપ પણ પકડે છે. ખાસ કરીને જે ધાર્મિક ટેવો પાડવામાં આવે છે તે સ્વતઃ સારી નથી એમ કહેવાની કે માનવાની હિંમત બાળકમાં હોતી નથી. છતાં તેનું મન ટેવ સ્વીકારતું નથી, ત્યારે તેનો માનસિક વિરોધ બીજી રીતે બહાર પડે છે. બાળકો માંદાં પડે છે, મશ્કરાં બને છે; અનેક પ્રકારો થાય છે. એકંદરે સાર એ છે કે બાળકના મન ઉપર ભાર થાય, દબાણ થાય, એવી રીતે ટેવો પાડવામાં આવે તે બાળકને ઘણું જ નુકશાન કરતી થઇ પડે છે. તેમાંથી કોઇ પણ જાતની સગવડ મળવાને બદલે બાળક જીંદગી માટે પંગુ બને છે.

કોઇ કહેશે કે સખ્તાઇ, શિક્ષા કે દબાણથી નહિ પણ અમે યુક્તિથી કે ફોસલામણથી ટેવો પડાવીએ તો કાંઇ વાંધો ? માર મારીને ને સખ્ત શિક્ષાઓ કરીને, ગાળો ભાંડીને કે ધાક બતાવીને ટેવો પડાવે એના કરતાં કદાચ સારી યુક્તિથી પડાવેલી ટેવો પ્રત્યક્ષ નુકશાન ઓછું કરતી હશે. કેમ કે બાળકનું મન બાટું થઇ જાય કે બાળક ગભરાઇ જાય કે બંડખોર ભાવના સેવે એવું ન બને. પણ ટેવની ગુલામી તો એ રીતે પણ આવવાની જ. બહારથી નાખેલી ને બાળકે તેમ સ્વીકારેલી ટેવો બાળકને ટેવો પર ચડી બેસવાની ટેવ અથવા તાકાત આપતી નથી. એનું કારણ ટેવ બહારના બળથી આવી છે, પોતાની શક્તિથી નહિ. તાકાત ઇચ્છાશક્તિમાં રહેલી હોય છે. બાળક કોઇ પણ પ્રવૃત્તિ જ્યારે પોતાની ઇચ્છાથી કરે છે, અંદરના ધક્કાથી અથવા પોતાને કારણે કરે છે ત્યારે તેમાંથી પડેલી ટેવો તેની સાથે હમેશ રહે છે. તે તેના મન પર ભાર રૂપ રહેતી નથી પણ તેની આવડતમાં, તેની ફાવમાં વધારો કરે છે. તેના પર ચડી બેસનાર જુલમગાર માલેક નહિ પણ તેના કામમાં સુલભતા લાવનાર તેના વિશ્વાસુ નોકરો અથવા ભાઇબંધો બને છે. બાળક–આગળ જતાં માણસ તેમનો ઉપયોગ કરી શકે, ને ઉપયોગ ન હોય તો બદલી પણ શકે. સારાંશ ઉપર જે આપણે પ્રશ્ન ઉપસ્થિત કર્યો હતો કે ટેવોના રાજા થવાની તાકાત કેમ આવે તેનો જવાબ આપણને અહીં મળે છે. એ કે કોઈ પણ ક્રિયાનું પુનરાવર્તન કરવાથી તે ક્રિયાના લીસોટા ઉંડા થાય છે જેને આપણે ટેવ કહીએ છીએ. આ પુનરાવર્તન બાળક જ્યારે પોતાની ઇચ્છાથી કરે છે, પોતાના રસને કારણે કરે છે ત્યારે તે પુનરાવર્તન તેને લાભદાયી નીવડે છે. પોતાની ઇચ્છાશક્તિથી તેણે તે કર્યું હોવાથી પોતાની ઇચ્છાશક્તિથી તે બદલી શકે છે. એટલે મુખ્ય મુદ્દો એ છે કે ટેવ પડાવીએ છીએ, પુનરાવર્તન થાય છે, પણ ઇચ્છાશક્તિ કેળવાતી નથી. ઇચ્છાશક્તિ તો પોતે જાતે બાળક જ્યારે ઇચ્છા કરે ત્યારે જ કેળવાય. બીજું ઇચ્છા કરવાની જરૂર બાળકને પોતાને ઉભી થવી જોઇએ કે ભાસવી જોઇએ. એનો અર્થ એ કે આપણે ટેવો પડાવવી જોઇએ નહિ, પણ બાળક સ્વેચ્છાથી ટેવો પાડે તે જરૂરનું છે. બાળકને આપણે સારી ટેવોનું રહસ્ય અથવા સંગઠ બતાવી શકીએ; તેને તે કેમ પડે તેનો રસ્તો બતાવીએ. પણ બાળક પોતે તેની પાછળ પ્રયત્ન કરે તેની રાહ જોઇએ. એની પાછળનો પ્રયત્ન બાળકનો પોતાનો હોવો જોઇએ.

અહીં સુધી પહોંચ્યા પછી એક વાત બાસ ધ્યાનમાં રાખવા જેવી આપણી સમક્ષ આવે છે. ટેવો શારીરિક હોય ને માનસિક પણ હોય. ગુલામી પણ શારીરિક હોય ને માનસિક હોય. અમુક જ વખતે અમુક જ રીતે સૂવું બેસવું, ઉઠવું, બાવું પીવું એની જેમ શરીરને ટેવ પડે તેમ સામાજિક, ધાર્મિક કે બીજા વિષયો પર વિચાર કરવાની પણ મનને અમુક જ પ્રકારની ટેવ પડે છે. ને એ માનસિક ટેવો આપણે મોટાંઓ બાળકની આસપાસ વાતો કરીને, તેમ જ તેને સમજાવીને પાડીએ છીએ. અંત્યજને તો ન જ અડાય એ રીતે વિચારવાની ટેવ બાળકને પડે. પછી મોટી ઉંમરે તે બીજી

રીતે વિચારી જ શકતાં નથી; અથવા તેમની બુદ્ધિ કદાચ તેમને એક રસ્તો બતાવે તો પણ તેમનું મન કોઇ પણ જાતનો સુધારો કબૂલ રાખતું નથી. એ થઇ માનસિક ગુલામી. એને શારીરિક ગુલામી કરતાં પણ ભયંકર ગણવી જોઇએ. માટે મોટાંઓએ નૈતિક ધાર્મિક કે સામાજિક શિક્ષણ આપતી વખતે બાળકને જાતે વિચારવાની, અને જે વિચાર્યું હોય તે આચરવાની તક આપવી જોઇએ. એમાંથી જે ટેવ બંધાય તે તેને જીંદગી સુધી સ્વતંત્ર માણસ રહેવા દેશે.

તા.

બાળકની ચોરી

એક ભાઇએ એક પ્રશ્ન મોકલ્યો છે.

સ૰ એક દશ વર્ષનું બાળક છે. તે ચોરી બહુ કરે છે; ને સાથે સાથે અસત્ય પણ ઘણું બોલે છે. છૂપી રીતે ચોરી કરે છે ને જ્યારે ચોરી પકડાય છે ત્યારે પણ સત્ય બોલતું નથી ને પોતાનો ગુન્હો છૂપાવે છે. ઘરમાં આ બાળકને ચોરી ન કરવા વિષે ઘણું સમજાવવામાં આવે છે છતાં તે ચોરી ને જૂઠું બન્ને કરે છે. આ બાળકને ઘરમાં સંપૂર્ણ સ્વતંત્રતા છે, છતાં પણ શા માટે ચોરી કરે છે ને જૂઠું બોલે છે? આનો પ્રતિકાર કેમ સંભવે તે જણાવશો?

જ૰ ઘરની ને આજુબાજુની બરાબર પરિસ્થિતિ જાણ્યા વગર જવાબ દેવો અઘરો છે. ચોરીને માટે જે કારણો હોઇ શકે તે આપીને થોડુંએક વિવેચન કરૂં છું. તેમાંથી કદાચ માર્ગદર્શન મળે.

પહેલાં આજુબાજુનું વાતાવરણ તપાસવું જોઇએ. ઘણી વાર ઘરમાં માતાપિતા, સગાં-સંબંધી વગેરેનું વાતાવરણ અપ્રામાણિક હોય છે. સમાજમાં સામાજિક કારણસર ડગલે ને પગલે સ્ત્રીઓને જૂઠું બોલતી બાળક જુએ છે. તેની અસર બાળક ઉપર થયા વગર રહેતી નથી. પિતા પણ પોતાના વ્યવહારમાં કેટલા પ્રામાણિક છે તે બાળકો જાણતાં હોય છે. માટે પહેલી અને અગત્યની તપાસ આ છે.

બીજું બાળકની સંગતિ તપાસો. મિત્રો કે આડોશીપાડોશીમાંથી કયાંથી ચેપ આવે છે?

ત્રીજું તમે માનો છો તેમ સાચે જ બાળકને છૂટ છે કે કેમ તે બરાબર તપાસો. બાળક કઇ જાતની ચોરી કરે છે, તે પણ બરાબર અવલોકન કરી જોજો, જો એમ માલુમ પડે કે બાળક વસ્તુની ખાતર ચોરી કરતું નથી; ચોરેલી વસ્તુ તો તેને પૂરતા પ્રમાણમાં સીધા માર્ગે મળી શકે તેમ છે, તો એમ સમજવું કે બાળકને બીજા કોઇ પ્રકારનો રોગ છે. જેમ કે અભ્યાસની બાબતમાં કે બીજી સામાજિક સભ્યતા કે બીજી સુટેવો પાડવાની બાબતમાં તેની પર સખ્તાઈ થતી હોય, તેના આત્મ-સન્માનને ધક્કા મળતા હોય, કે એનું મન બાકું થવાના વારંવાર પ્રસંગો આવતા હોય તો તે બધાના પ્રતિકાર તરીકે બાળક ચોરી કરવાનું કરે એ સંભવિત છે.

ઉપર આપેલાં કારણોમાંથી એકે કારણ એને લાગુ પડતું નથી એમ જો ઝીણા અને શાસ્ત્રીય અવલોકન પછી જણાઇ આવે તો

એક બીજો પ્રકાર રહ્યો. બાળક વિશેષ તરંગી અથવા સાહસપ્રિય હોય તો એક ગમ્મત તરીકે ચોરી કરે કે ખોટું બોલે એ સંભવનીય છે. ચોરી કરવી ને ન પકડાવું એમાં એક જાતનું સાહસ છે, ને તેમ કરવામાં ઘણાં બાળકોને મજા આવે છે. અને તેઓ પકડાય તો પણ તે ચોરીને લગતી જે ગડબડ (fuss) થાય છે, ને બાળકને વઢવામાં આવે છે કે મારવામાં આવે છે તે બધું પણ સાહસનો જ એક ભાગ હોય છે, ને તેથી બાળકને ગમે છે—જેમ વાઘનો શિકાર કરવા નીકળે તેને કોઇ વાર ભૂખમરો વેઠવો પડે, કોઇ વાર ઘા ઝીલવા પડે ને બીજી અનેક મુશ્કેલીઓ વેઠવી પડે તો તે સાહસનો જ ભાગ હોઇ પ્રિય હોય છે. ઉલટું કોઈ વાર મુશ્કેલી ન નડે તો શિકારીને મજા આવતી નથી. આપના બાળકનો આ પ્રકાર હોય તો તેને ચોરીની બાબતમાં કશું કહેવું નહિ ને બીજી રીતે સારા સાહસને માર્ગે મૂકી દેવું. ચોરી જૂઠાણાની બાસ નોંધ જ લેવી નહિ.

સૌથી છેલ્લે એક વાત. મોટાંઓએ બાસ ધ્યાનમાં રાખવા જેવી એ વાત કે મોટે ભાગે બાળકને ચોરી જૂઠાણું આપણે શીખવીએ છીએ. બાળક કાંઇક લે છે; આપણે તેને કહીએ છીએ: "કેમ ચોર્યું?" "તું ચોર છો." વગેરે. આપણે વસ્તુની તપાસ કર્યા વગર 'ચોર' 'ખોટા બોલો' વગેરે વિશેષણો આપીને બાળકને તે બધાંનું ભાન કરાવીએ છીએ. સારો રસ્તો તો એ છે કે બાળકમાં ચોરી કરવાની કે જૂઠાણું કરવાની ટેવ છે જ નથી એમ માનીને ચાલવું. કેટલાંએક ઘરોમાં ખોટું ન બોલવું ને ચોરી ન કરવી એના ઉપર બહુ ભાર દેવામાં આવે છે, તે ઘરનાં બાળકો ચોરી જૂઠાણામાં વધારે સમજતાં હોય છે. નહિ તો બાળકને ચોરી કરવી પડે કે ખોટું બોલવું પડે એવું વાતાવરણ આપણે કાઢી નાખીએ ને તે સંબંધમાં કશો ઉપદેશ ન આપીએ તો બાળકને ચોરી જૂઠાણાનો પરિચય મેળવવાનું કારણ રહેતું નથી. તા.

મોહનભાઇની મુસાફરી

[પોતાને મોઢે આપેલું વર્ણન]

[નોંધ: આ બાળકે પોતાની મુસાફરીનું વર્ણન પોતે જ લખાવ્યું છે. બાળકની દૃષ્ટિએ તેને શું શું મહત્ત્વનું લાગે છે તે વાચકો જોઇ શકશે. માબાપોને બાળકનું દૃષ્ટિબિંદુ સમજવામાં આ ઉપયોગી થશે એમ ધારીને અહીં આ વર્ણન પ્રસિદ્ધ કરીએ છીએ. તંત્રી.]

પહેલા ગયા'તા વિરમગામ.

ત્યાં શું જોયું?

ત્યાં અમે લુગડાં કાઢીને કળશે ગયા. એની પછી ઉપર જઇ પગ ધોયા, હાથ ધોયા. થોડો વખત થયો ને બધાંને ભૂખ લાગી હતી એટલે પોપૈયા આપ્યા તે સુધારીને ખાધા, ખાઇને પછી થોડીક વાર થઇ ત્યાં અમે રમતા હતા.

એની પછી રેલગાડીમાં ગયા હતા. અમે ગયાતા અમે બાપુજીના આશ્રમમાં. મોટર આવી ત્યાં બકરૂં પીસાઇ ગયું'તું. ત્યાં અમે ઘોડાગાડીમાં કાકાસાહેબની દુકાને ગયા હતા. ત્યાંથી કૂલ લીધું હતું. કાકાસાહેબે આપ્યું હતું. કાકાસાહેબ કહે

કે મોજાં કાઢી નાખ્યો, વિલાયતી છે. ત્યાંથી પછી ગ્યા'તા ઘરે. રહ્યા હતા. ત્યાં રેલગાડીમાં બેસી ત્યાંથી સુરત ગયા હતા. સુરત વાનરે પરિષદમાં ગયા હતા.

ત્યાં મોટરમાં બેસી આવ્યા હતા. હંસાબેનની વાંસે અમે મોટરમાં આવ્યા હતા. મોટર આવી અમે ઘેર આવ્યા હતા ઘેર આવીને બૅંડ વાગતો હતો. ગિજુભાઇ આગળ જઇને કહ્યું: "અમારે બેંડ વગાડવું છે." ઇશ્વરલાલ સાથે રાતમાં સૂઇ ગયા હતા. સવાર પડી ત્યારે દાતણ કરી ન્હાઇ ધોઇને ગયા હતા. ફરવા જઇને હંસાબેનના સરઘસમાં ગયા હતા. એની વાંસે આવ્યા હતા. સરઘસ તળાવ પર આવ્યું. બધા માણસો બેસી ગયા. હંસાબેન કહે: "પગે લાગીએ છીએ. બેસી જાવ." એની પર બાંકડો હતો એની પર હંસાબેન બેઠાં હતાં. ગિજુભાઇએ કીધું: "હંસાબેનનું ભાષણ સાંભળો બધા." ભાષણ થઇ રહ્યું ત્યારે બધા ઉઠયા. ત્યાં મોટરમાં બેસી હંસાબેન ને ઓલા દાઢીવાળા (ઇમામ સાહેબ) હતા (તે હંસાબેનના કોણ હતા? કોઇ નહિ) તે ગયા. ઘરે આવ્યા. સવાર પડી. દાતણ કર્યું. ન્હાઇ ધોઇને ગયા. ત્યાંથી પછી ગિજુભાઇએ ભાષણ કર્યું.

ભાષણ ગિજુભાઇનું થઈ રહ્યું ત્યારે બધાં માણસ ઉઠયાં. પછી બીજી સવાર પડી ત્યારે ત્યાં હંસાબેન જ્યાં બેઠાં હતાં ત્યાં ગયા. ત્યાંથી મોહનભાઇએ ભાષણ કર્યું. પેલાં ભાષણ કરતી વખતે આમ ઉલળી પડ્યા ત્યારે ગિજુભાઇએ મને થોભી રાખ્યો'તો. ત્યાં હંસાબેને કહ્યું: "આ ભાષણ કરે છે." મેં ગિજુભાઇને કીધું: "આ સાંભળતા નથી."

એની પછી બીજે દિવસ થયો. ત્યાં દાતણ કર્યું. ન્હાઈ ધોઇને ત્યાં ગયા. ત્યાં ગિજુભાઇએ સરબતનો પ્યાલો હતો એમાં પાણી પીધું. ત્યાં ગાદીએ હંસાબેન આમ બેઠાં હતાં. એની સાથે હું આમ બેઠો હતો. એની પછી સવાર પડી. દાતણ કર્યું. દુધ પીધું. રાત પડી ત્યાં તો નાટકનો વખત થયો.

ટપાલની પેટી

હમણાં જ ચંદુભાઇએ ટપાલની પેટીને સમારીને રૂપાળી કરી છે. નવા કાગળો ચોડેલી પેટી બાળકોને ગમી ગઈ છે. બાળકો હોંશે હોંશે ચિઠ્ઠીઓ લખવા બેસી ગયાં છે, અને ટપાલની પેટીમાં તેઓ તે નાખે છે. પેટી ઉપર એક લંબચોરસ ચીરો છે. ત્યાંથી ચિઠ્ઠી પેટીમાં પડે છે.

ટપાલની પેટીમાં પડેલી આ બધી ચિઠ્ઠીઓ જ્યારે ચાર વાગે નાસ્તાનો વખત થાય છે ત્યારે ટપાલી લઇને તે જગાએ આવે છે. બીજું કામ ચાલતું હોય છે ત્યાં સુધી તે કાગળનો થોકડો હાથમાં રાખી ઉભો રહે છે. જ્યારે 'ટપાલ' એમ બોલવામાં આવે છે ત્યારે તે ચિઠ્ઠીઓ ઉપરનાં સરનામાં વાંચી બાળકોને પત્રો–ચિઠ્ઠીઓ આપે છે. બાળકો હાથ લાંબા કરી તે લઇ લે છે. પત્ર ઉઘાડી જેઓ વાંચી શકે છે તેઓ ચિઠ્ઠી વાંચી લે છે, અને જેઓ નથી વાંચી શકતાં તેઓ વંચાવવા આવે છે. તે ચિઠ્ઠીઓ મોટેથી વાંચી સંભળાવવામાં આવે છે.

દરેક ચિઠ્ઠીમાં કંઇ ને કંઇ નવું નવું હોય છે. કોઈ ચિઠ્ઠીમાં હોય છે "તમે કાગળ કેમ નથી લખતા ? લખજો." કોઈમાં એમ હોય છે: "તમારું ચિત્ર મને ગમ્યું છે. મને એક આપશો ?" કોઇમાં એમ હોય છે: "ફરવા કયારે લઈ જશો ?" "નાટકો કે'દિ થવાનાં છે ?" ચિઠ્ઠીઓ જેમ બાળકો ઉપર હોય છે તેમ મોટાંઓ ઉપર–શિક્ષકો ઉપર પણ હોય છે.

'ટપાલી' થવાનો બાળકો હક્ક બજવે છે. વારા માગે છે. ટપાલ વહેંચવાનો તેઓ આનંદ લે છે. શરનામાં વાંચી વાંચીને તેમનું વાચન વધે છે. જ્યારે ચિઠ્ઠીઓ ૪૦–૫૦ કે તેથી વધારે થઇ જાય ત્યારે તેનું વાચન વધી પડે છે. જેઓ હાજર નથી હોતાં તેના પત્રોનું શું કરવું તે તેને પૂછીને નક્કી કરવું પડે છે. વધેલી ટપાલને વ્યવસ્થિત રાખવાનું ને બીજે દિવસ પહોંચાડવાનું અથવા કોઇની સાથે તે પહોંચડાવવાનું કામ તેણે વિચારવું પડે છે.

જેમને ટપાલ મળે છે તેઓને પોતાના પત્રો વાંચવાનું અગત્યનું કામ કરવું પડે છે. ત્યાં પણ તેઓ પત્રવાચનની તાલીમ લે છે.

કેટલાંક બાળકોને પત્રો લખવા ગમે છે. કેટલીક વાર તો ઘણી બધી ચિઠ્ઠીઓ લખ્યા છતાં તેઓને પૂરો સંતોષ થયો હોતો નથી. તેઓ ઘેર જઇને ચિઠ્ઠીઓ તૈયાર કરે છે ને મંદિરમાં આવે છે ત્યારે તે લેતાં આવે છે.

કેટલાંક બાળકોને લખતાં નથી આવડતું છતાં ટપાલ લખવાનો શોખ ધરાવે છે. તેઓ બીજા પાસે ટપાલ લખાવે છે ને બીડાવે છે. તેઓ ટપાલ લખ્યા જેટલો આનંદ લે છે; તેઓ મનમાં વિચાર કરતાં હશે કે કયારે લખતાં આવડે ને જાતે ટપાલ લખીએ ?

કેટલાંક ટપાલ મેળવવાનાં શોખીન હોય છે. તેઓ બીજી રીતે લોકપ્રિય–બાળપ્રિય હોય છે તેથી તેમના પર ટપાલ લખવાવાળા ઘણા જણને ધરાવે છે. તેમને ટપાલ લાંબો વખત વાંચવી પડે છે.

આપેલી બધી ટપાલ વંચાઇ જાય ત્યાર પછી શિક્ષક એક જુદી પેટીમાં મૂકવાને બાળકોને કહે છે. પેટી ટપાલની ચિઠ્ઠીઓથી ભરાઇ જાય છે. શિક્ષક અને તેના અધ્યાપનમંદિરના વિદ્યાર્થીઓ આ ચિઠ્ઠીઓને વખત મળે વાંચે છે ને બાળકોના લેખનનો તથા માનસનો આ સાધન દ્વારા પણ પરિચય સાધે છે. બાળ-ભાવભર્યાં મન ચિત્રવિચિત્ર પત્રો લખે છે ને તેમાંથી આનંદ સાથે નવું શીખવાનું આપે છે.

શિક્ષકો આ પત્રોના અભ્યાસમાંથી સાહિત્ય-પ્રિય, વ્યવસ્થાપ્રિય, શૈલીપ્રિય બાળકોને ઓળખે. પત્રોમાંથી તેમની મુશ્કેલીઓ અને માગણીઓ જાણવાનું મળે છે; પત્રોમાંથી બાળકોના આપણા સંબંધના અને આપણા કામ સંબંધના અભિપ્રાયો જાણાય છે.

બાળકો ટપાલની પેટીનો આટલી નાની ઉંમરે ઉપયોગ કરે છે એ નવાઇ જેવું દેખાય છે છતાં એ જ સ્વાભાવિક છે. બાળકો નવી નવી રીતે પોતાના વિચારો દર્શાવવામાં મજા લે છે. વાણીથી વિચાર દર્શાવવાની મજા ઘણા વખતથી તેઓ લઇ રહ્યાં છે. એ જ વિચારોને વગર બોલે જણાવવાની નવી રીત એક નવી શોધ જેવી ભાસે છે. જેમ તાર, રેડિયો વગેરે અદ્‌ભુત શોધો છે તેમ લખીને વિચાર મોકલવાની એટલે કે વિચારને કાગળ પર ચીતરીને મોક-લવાની શોધ અદ્‌ભુત છે. જંગલી મુલકમાં એક ગોરાએ કાગળના કટકા પર કોલસાથી

લખીને બીજા ગોરાને મોકલ્યું અને બીજે ગોરો બધું સમજી ગયો એમ જ્યારે જંગલી લોકોએ જોયું ત્યારે તેઓ આ ગોરા લોકોને જાદુગર જેવા ધારવા લાગ્યા, અને તેનાથી ચેતતા ચાલવા માંડ્યા. લેખનની શક્તિ એ એક જાદુ શક્તિ છે. તે જ્યારે પહેલવહેલી બાળકોને હાથ બેસે અને તેનો ઉપયોગ કરવાનું મળે ત્યારે તેઓ તે અવિશ્રાન્તપણે કર્યા જ કરે છે, આ શોધનો તેઓ ઘરાઇ ઘરાઇને આનંદ અને લાભ લે છે.

ટપાલની પેટીની પ્રવૃત્તિ આખા ટપાલ-ખાતાની વ્યવસ્થાનો પ્રદાર્થપાઠ સહેજે થઇ પડે છે; પત્રવ્યવહારની આવડત કેળવવાની સહજ પ્રવૃત્તિ બની રહે છે. શિક્ષક ઓરડામાં સરનામાં કેમ થાય, નાની નાની ચિઠ્ઠીઓ કેમ લખાય તેના નમુના મૂકે છે. કેવી રીતે કાગળમાં લખાણ થાય. અને શરનામાં કેમ લખાય તે પણ બતાવે છે. કાગળ લખવા લખવામાં પણ સફાઇ, વ્યવસ્થા વગેરે દૃષ્ટિએ ફરક પડે છે. હાંશિયાવાળો, બરાબર જગા છોડીને આરંભેલો, છૂટા અક્ષરો અને સીધી લીંટીઓવાળો કાગળ કલાકૃતિ જેવો સુંદર બને છે ને આંખો હોશે હોંશે તે વાંચવા દોડે છે.

સૌથી વધારે ગમ્મત આપનાર અને કેળવણી આપનાર વિભાગ ટિકીટોનો છે. મંદિરમાં જાતજાતની ટિકીટો બનાવવામાં આવે છે. બાલ-મંદિરના ચિત્રની, રાષ્ટ્રધ્વજની, કોઇ બાળકને મનગમતી આકૃતિની વગેરેની. આ ટિકીટો દરેક ચિઠ્ઠી બંધ કરી ચોડવાની હોય છે. વગર ટિકીટે કાગળ જઇ ન શકે આર્થિક નિયમ પાળે તેને જ સામાજિક સંસ્થાનો લાભ મળી શકે. બાળકો ટિકીટોને બનાવવામાં નવી નવી યોજનાઓ સૂઝાડે છે. શા માટે અને કોની ટિકીટો દુનિયાની ટપાલ ઓફિસોમાં ચાલે છે તેની વાતો આ ટિકીટો ચોડવા પાછળ ઉભેલી રહે છે. બાળકોને આડકતરી રીતે ભાસે છે કે આપણા મંદિરમાં આપણી ટિકીટ કરી શકીએ છીએ. આપણે આપણી ટપાલ ચલાવી શકીએ છીએ; બાળકો નવા નવા આકારની અને યોજનાની ટિકીટો વાપરવા ખાતર પણ જાત જાતના વધારે કાગળો લખે છે. અને પત્રલેખન અને તેનાં કારણોનો અભ્યાસ સુલભ કરે છે.

ટપાલની પેટી અક્ષરજ્ઞાન જેને થઇ ગયું છે એવાં બાળકોને પ્રવૃત્તિ આપી શકે છે. દરેક શાળામાં તેમ જ દરેક ઘરમાં તેને સ્થાન છે. માબાપો બાળકો ઉપર અને બાળકો માબાપો ઉપર ગમ્મત ખાતર અને ગમ્મત સાથે જ્ઞાનભર્યા પત્રો લખી શકે. શાળામાં શિક્ષકો ટપાલની પેટી દ્વારા જરા બુદ્ધિ વાપરે તો કેટલુંક શીખવી પણ શકે. પોતે અને બાળકો વચ્ચેનો સંબંધ ગાઢ તો કરી જ શકે. બાળકોના કાન ખેંચીને ઉઘડાવી પણ શકે.

ટપાલની પેટી એટલે એક સુઘરેલી દુનિયાની સંસ્થા. એ એક સંસ્થામાં રસ આવે એટલે એના જેવી બીજી સંસ્થાને પણ ઘરમાં કે શાળામાં દાખલ કરી શકાય. ટપાલની ઓફિસ એ પણ એક કેળવણી અને વ્યવહારની સંસ્થા છે. પત્ર દ્વારા ઘરમાં કે શાળામાં બેઠાં બેઠાં ચતુર માબાપો અને શિક્ષકો ધારે તો ઘણું કામ કરી શકે.

ગિ.

બા, તું કેટલી રૂપાળી ?

માતા ને બાળક પાસે પાસે સૂતાં હતાં. બાળક વહાલથી માતાના મુખ પર હાથ ફેરવતું હતું. માતાનું હૃદય વાત્સલ્યથી ઉભરાતું હતું. તેનો પ્રેમાળ હાથ બાળકના વાંસા પર ફરતો હતો.

બાળક એકાએક બોલી ઉઠ્યું: "બા, તું કેટલી રૂપાળી ? બહુ જ રૂપાળી લાગે છે, બા તું."

બરેબર દરેક બાળકને માતા ને પિતા અત્યંત રૂપાળાં, અત્યંત સુંદર હોય છે. તેમનાં બાળકોને તે સુંદર જ લાગે છે, કારણ ઈશ્વરે તેમના હૃદયમાં છલકાતો ઉછળતો પ્રેમસાગર મૂક્યો છે. માબાપની પ્રેમાળ આંખ બાળક પર પડે, તેમનો પ્રેમાળ હાથ તેમને અડે કે બાળકોને લાગે છે, જાણે અમી વૃષ્ટિ થઇ ! તેમને તે સુંદર લાગે છે ને સાચે જ તે વખતે માબાપ સુંદર દેખાય છે. કારણ તેમનું વાત્સલ્ય સુંદર છે, કારણ પ્રેમ સુંદર છે.

શું દરેક માબાપને સુંદર દેખાવું નહિ ગમે ? જરૂર ગમે. દુઃખની વાત એટલી જ કે ઘેરઘેર માંબાપો છે, શેરીએ શેરીએ માતપિતા દેખાય છે, પણ વાત્સલ્યથી ઉભરાતાં પ્રેમભીનાં સુંદર માબાપો થોડાં જ જોઇ શકાય છે.

માબાપને વાત્સલ્ય કેવળ સહજ છે, છતાં તેઓ વાત્સલ્યની જગ્યાએ ક્રોધ જ વધારે શા માટે કેળવતાં હશે ?

ક્રોધી ચહેરો બાળકને કેવો લાગે તે કોઇ બાળક તેની માને કહી દે તો ? તા.

પ્રાથમિક શાળામાં : લેખક : ગિજુભાઇ કિંમત દસ આના : ટપાલ ખર્ચ બે આના

ભાષાશિક્ષણ હમણાં જ પ્રગટ થયું છે. પાકું પૂંઠું : પાનાં ૧૬૦

દાંત શા માટે કચકચાવે છે ?

બાળકો ઊંઘમાં દાંત કચકચાવે છે તેનું કારણ ચોક્કસ કાંઇ કહી શકાય નહિ. પણ તેમને દાંતમાં કાંઇ દુઃખ હોય, અગર તો નવા દાંત આવતા હોય, અગર તો કબજીયાત અગર ઝાડો કે એવા કાંઇ આંતરડાના વ્યાધિ હોય તો બનવા જોગ છે.

ઉપાય દાંત દૂખતા હોય તો તપાસ કરી તે દુઃખ મટાડવું. નવા દાંત આવતા હોય તો તેનું ઉપરનું પેઢું કઠણ થઇ ગયું હોય અને તે દાંત ઉગતાં હરકત કરતું હોય તો તે પેઢાના ભાગ ઉપર નસ્તર મૂકવાથી પણ તે હરકત દૂર થાય.

આંતરડાના વ્યાધિથી દાંતનું ઘસવું હોય તો તેનો ઉપાય કરવો.

છેલ્લું કારણ છોકરું 'Nervous temperament' નું હોય તો પણ દાંત કચકચાવે છે. તેના ઉપાય માટે દાકતરની સલાહ લેવી.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૬ ઠું
૧૯૮૭

અંક ૭ મો
ભાદ્રપદ

: તંત્રીઓ :
ગિજુભાંધ
તારાબેન

શું લાખો બાળકોને શેરીઓમાં રખડવા દઇશું ? નિશાળમાંથી બહાર, ઘરમાંથી બહાર, શેરીમાં બાળકો શું કરે છે તે તમે જાણો છો ? જો તમે જાણતા હોત તો તમે બાળકોને અનીતિ અને કુટેવોની નિશાળરૂપી શેરીમાંથી કયારનાંયે બચાવી લીધાં હોત. કાં તો બાળકને ઘરમાં સારી પ્રવૃત્તિ આપીએ, કાં તો લાંબા વખતની શાળાઓ સ્થાપીએ, અગર તો શેરીને ચોક્કસ ચોક્કસ બાળક્રીડાંગણ કાઢીએ. સૌથી સહેલું ને સસ્તું બાળક્રીડાંગણ છે.

ભયમુક્તિ

શિક્ષણશાસ્ત્રીઓ કહે છેઃ "બાળકોને બીવરાવશો નહિ." ડાહ્યાં ને સમજુ માબાપો ને શિક્ષકો બાળકને ભયમુક્ત રાખવાના બધા ઉપાયો કરે છે.

વાત સાચી છે. બાળકોનો નવો યુગ ભયમાંથી મુક્તિ માગે છે. ને આજનાં બાળકોનો નવો યુગ એટલે આવતી કાલનો મનુષ્યજાતિનો નવો યુગ છે.

મનુષ્યજાતિ નવી રીતે, સાચી રીતે જીવવા માગે છે. આજ દિવસ સુધી મનુષ્યનો સમસ્ત જીવનવ્યવહાર ભયના પાયા પર રચાએલો હતો. માણસો એક બીજાથી બ્હીએ છે; સમાજ સમાજથી બ્હીએ છે; રાષ્ટ્ર રાષ્ટ્રથી બ્હીએ છે. તેથી એક માણસ બીજા માણસને ડરાવે છે; એક સમાજ બીજા સમાજને ડરાવે છે; એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્રને ડરાવે છે. એકંદરે બીક ડરામણીના પાયા પર જ મનુષ્યના રાજકીય, સામાજિક કે કૌટુંબિક તમામ વ્યવહારો ચાલે છે.

મોટાં સૈન્યો રાખી ફરનારાનું માનસ બીક પ્રધાન જ છે. મોટા કાયદા કાનૂન રાખનારાનું માનસ પણ ભયપ્રધાન જ છે. જેમ જેમ હથિયારો વધે, જેમ જેમ લશ્કર વધે, જેમ જેમ ઑર્ડિનન્સો કે કાયદાઓ વધે તેમ તેમ ભયનું સામ્રાજ્ય વધે છે એમ જ સમજવાનું છે. માણસ ભયભીત થાય ત્યારે જ પોતાના સંરક્ષણ ખાતર મજબૂત કિલ્લાઓ બાંધે છે, ને પોતાના રક્ષણ ખાતર હથિયારો રાખે છે.

આજની કહેવાતી સુધરેલી દુનિયા પણ પ્રાથમિક જંગલી માણસોથી મૂળભૂત જીવન-આધારમાં જુદી નથી. પ્રાથમિક મનુષ્ય પોતાનું જીવન સુરક્ષિત ચલાવવા માટે તેનાં જંગલી હથિયારો લઈ ફરશે, તો સુધરેલો ગણાતો મનુષ્ય છેલ્લામાં છેલ્લી શોધાએલી પિસ્તોલ કે તેથી જાલીમ હથિયાર લઈને ફરશે. બન્ને હથિયારોના પાછળનું માનસ સરખું છે. બન્ને ભયપ્રધાન છે; બીક ડરામણીના વ્યવહારને અનુસરીને ચાલવાવાળા છે.

આપણે બાળકોને ડરાવશો નહિ એમ કહીએ છીએ ત્યારે આપણે શું કહેવા માગીએ છીએ તેનો અર્થ આપણા મન સાથે સ્પષ્ટ કરવાની જરૂર છે. એના બે અર્થ હોઈ શકે; કાં તો આપણે ભય ડરામણીની રમતમાં આપણાં બાળકો ભયભીત ન રહે, મોટાં થાય ત્યારે તેમના જીવનમાં ડરનાર તરીકે ડરાવનારનાં ભોગ થઈ ન પડે, એટલું જ માગીએ છીએ. ભય ડરામણીના સિદ્ધાંતથી ચાલવાવાળા આપણે બાળકે ડરાવનાર બને તેમાં વાંધા જેવું ગણતા નથી. એટલું જ નહિ પણ રાજ કરનાર જાતિઓ તો પોતાનાં બાળકોને બીજાને કેમ ડરાવવું ને લોકોના બીકણપણા પર જ કેમ રળી ખાવું તેનું જ શિક્ષણ બાળકોને આપે છે! અર્થાત્ બુલી (Bully) કે દબડાવનાર વર્ગ એ રીતે માનવજાતિમાં ઉત્પન્ન થયો છે; ને બીજો વર્ગ બ્હીનારો હોવાથી જ દબડાવનાર વર્ગ ફાવે છે. કોઈ પણ બુલીને સાચો નીડર માણસ મળે છે ત્યારે તે નરમ પડી જાય છે. આ પ્રમાણે જ્યારે બાળકોને નીડર બનાવવાનો પ્રયત્ન કરાય છે ત્યારે તેને દબડાવનાર બનવાનો ઉપદેશ પણ

અક્ષરજ્ઞાન યોજના

સમાચાર—૬

સત્યાગ્રહ યુદ્ધ ચાલ્યું અને ઘણા અક્ષર-સેવકો તેમાં જોડાયા. પરિણામે એ સમય દરમ્યાન અક્ષરશાળાઓ ધીમી પડી. કેટલીએક બંધ પણ પડી.

હમણાં પાછી શાળાઓ ઉભી થવા લાગી છે. બધી શાળાઓની નોંધણી નવેસરથી ચાલે છે. લડત દરમ્યાન અને અત્યારે પણ કેટલીએક સત્યાગ્રહ છાવણીઓએ અક્ષરજ્ઞાન આપવાનું કામ ઉન્નતિના એક અગત્યના અંગ તરીકે સ્વીકારી લઇ ચલાવ્યું હતું.

હમેશ અક્ષરજ્ઞાનના સહ્ય થવાની તેમ જ અક્ષરજ્ઞાનની સિદ્ધ થએલી ઉપયોગિતા બતાવતી ટપાલ ચાલી આવે છે.

મરાઠીમાં કેમ શીખવવું તથા ચાલો વાંચીએ (कसें शिकवावें आणि चला पुस्तक) તૈયાર કરનાર શ્રી. તારાબેન મોડક અને મીસ ડોંગરે. હવેથી મહારાષ્ટ્રમાં પણ અક્ષરજ્ઞાનની યોજના પ્રચાર પામશે.

ઉર્દુમાં કેમ શીખવવું તથા ચાલો વાંચીએ (આસાન અલેફ બે) મીસીસ બદીજા શરીફજીએ તૈયાર કરેલ છે. મુંબાઈ રયુનીસીપાલીટીએ આ પુસ્તકને બાળવર્ગના પાઠ્ય-પુસ્તક તરીકે ઉર્દુ શાળાઓ માટે મંજુર કર્યું છે.

ને તે બાળકોને નિર્ભય બનાવવામાં મદદ છે. કારણ બાળકોને જાણી કરીને બીવ-ાએ નહિ તેથી કાંઇ તે ભયમુક્ત થતાં નથી. ા કે આપણે તેને 'જો તને કૂતરો ઉપાડી જશે' ા કહીને બીવરાવીએ, તો તે એક બોટી કતું કારણ તેના જીવનમાં ઉત્પન્ન થયું. પણ ાક જતું હોય ને જો કૂતરૂં તેના પર ભસે સામે દોડી આવે કે ગાય સામે શીંગડાં મારે એ બીકનાં સાચાં કારણો થયાં. તેવાં તો કુદરતમાં સામે મળવાનાં જ છે. તેમાંથી ેર્ભયતા મેળવવાની તેને ઇચ્છા હોય છે. તે માટે ને તેના હાથમાં લાકડી મળે, ને લાકડી વાપરવાથી ને એક વાર અનુભવ મળે કે કૂતરૂં તો પાછું ાલ્યું ગયું, ગાય સામે આવતી હતી તે પાછી ાળી, તો તેવા પ્રસંગમાં ફરી ફરીથી આવવાનું ને ગમશે: ને તેમ કરીને જ તે ભયમાંથી મુક્ત થતું જાય છે. એ એક નાના એવા દાહ-ાની વાત થઇ. એવી જ રીતે મોટા ભયોમાંથી ું સુરક્ષિત રીતે કેમ પાર પડવું તેની આવ-મેળવવાથી બાળક સાચેસાચ ભયમુક્ત ય છે.

બાળક ભયમુક્ત થયું કયારે ગણાય કે જ્યારે ભયની મજા લેવા લાગે. અથવા વધારે સાચું તો મજા લેવાની સ્થિતિમાંથી પસાર થઇને-ભય ઉત્પાદક વાતોમાં તેને ન ભય લાગે ન મજા આવે; ઉલટું તે સહેજ ન ગણકારવા વી—ન ધ્યાન આપવા જેવી બાબત લાગે ત્યારે તે સાચેસાચ ભયમાંથી મુક્ત થયું ગણાય. માટે ાળકોને ભયમાંથી મુક્ત બનાવવા ઇચ્છનારા-ાનું માત્ર ન બીવરાવવાથી કામ ન સરે, પણ મને સાહસને માર્ગે જવા દઇ તેમને ભય ાતવાને માર્ગે મૂકવાં જોઇએ. તા.

શિક્ષણશાસ્ત્રીઓ કહે છેઃ "બાળ બીવરાવશો નહિ." ડાહ્યાં ને સમજુ મા ને શિક્ષકો બાળકને ભયમુક્ત રાખવાના ઉપાયો કરે છે.

વાત સાચી છે. બાળકોનો નવો યુગ માંથી મુક્તિ માગે છે. ને આજનાં બાળ નવો યુગ એટલે આવતી કાલનો મનુષ્યજા નવો યુગ છે.

મનુષ્યજાતિ નવી રીતે, સાચી રીતે જીવ માગે છે. આજ દિવસ સુધી મનુષ્યનો સમ જીવનવ્યવહાર ભયના પાયા પર રચાએલો હ માણસો એક બીજાથી બ્હીએ છે; સમાજ સ જથી બ્હીએ છે; રાષ્ટ્ર રાષ્ટ્રથી બ્હીએ છે. ત એક માણસ બીજા માણસને ડરાવે છે; એ સમાજ બીજા સમાજને ડરાવે છે; એક રા બીજા રાષ્ટ્રને ડરાવે છે. એકંદરે બીક ડ ણીના પાયા પર જ મનુષ્યનાં રાજકીય, સા જિક કે કૌટુંબિક તમામ વ્યવહારો ચાલે

મોટાં સૈન્યો રાખી ફરનારાનું માનસ પ્રધાન જ છે. મોટા કાયદા, કાનૂન રાખના માનસ પણ ભયપ્રધાન જ છે. જેમ જે હથિયારો વધે, જેમ જેમ લશ્કર વધે, જેમ જે ઑર્ડિનન્સો કે કાયદાઓ વધે તેમ તેમ ભ સામ્રાજ્ય વધે છે એમ જ સમજવાનું છે. મા ભયભીત થાય ત્યારે જ પોતાના સંરક્ષણ આ મજબૂત કિલ્લાઓ બાંધે છે, ને પોતાના રક્ષ ખાતર હથિયારો રાખે છે.

આજની કહેવાતી સુધરેલી દુનિયા પ્રાથમિક જંગલી માણસોથી મૂળભૂત જીવ

[૨]

મીસ ડોંગરેએ અક્ષરજ્ઞાનની ઉપયોગિતા ઉપર લેખ લખી અંગ્રેજી વર્તમાનપત્રોમાં આપેલો હતો જેને પરિણામે અંગ્રેજી ભાષા જાણનારા જુદા જુદા સમાજસેવકોના પત્રો અક્ષરજ્ઞાન યોજનાની માહિતી મેળવવા માટેના આવવા લાગ્યા છે.

અક્ષરજ્ઞાનયોજનાને હિંદી તથા બંગાળીમાં ઉતારવાનો પ્રયત્ન શરૂ થયો છે.

અત્યાર સુધીમાં અક્ષરજ્ઞાનનાં નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છેઃ—

ક્રમ શીખવવું	૧૦,૦૦૦ નકલો
ચાલો વાંચીએ	૧૦,૦૦૦ ,,
આગળ વાંચો પહેલી ચોપડી	૩૦૦૦ ,,
આગળ વાંચો બીજી ચોપડી	૩૦૦૦ ,,

સૌરાષ્ટ્રે 'આંધળાને આંખ' નામનો લેખ છાપી, તથા પુસ્તકાલયો 'આંખનાં પડળ ઉઘાડો' લેખ લખી પ્રચારના કામને મદદ કરી યોજનાને આભારી કરેલ છે.

સૂચનાઓ

૧. 'ચાલો વાંચીએ' એ પાઠ્યપુસ્તકછે અને તેનો ઉપયોગ શરૂથી જ ભણનારને ઘેર વાંચવા માટે થાય માટે એક આનાની કિંમત મોકલી મંગાવી જ લેવી. તે વગર પરિણામ ન જ આવે.

૨. કોઇ પણ સંજોગો વચ્ચે પોતાનો વર્ગ બંધ કરવો પડે તો પોતાના સ્નેહી, મિત્ર કે બીજા કોઈ ઉત્સાહી ભાઇ કે બહેનને પોતાનો વર્ગ સોંપી મુક્ત થવું.

૩. વેકેશનના દિવસોમાં પોતાના ગામમાં શરૂ કરેલા વર્ગો વેકેશન પૂરું થયે તે વર્ગ બીજા કોઇને સોંપી છૂટા થવું.

૪. એક વર્ગ કે વ્યક્તિ વાંચતાં શીખી જાય પછી બીજા નિરક્ષરોને શોધી કામ ચાલુ રાખવું. થોડાથી સંતોષ ન માનવો. ઘરમાં, પાડોશમાં અને ગામમાં નિરક્ષરોની શોધ કરવી.

ટપાલમાંથી વાનગી

વલસાડથી:—

"હમણાં દુબળાના છોકરાઓ આવે છે ને કેટલીક. સ્ત્રીઓ પણ હોંશથી ભાગ લે છે. અત્યાર સુધીમાં ૮૯ છોકરાઓએ ભાગ લીધો."

એક ભાઇ લખે છે:—

"મારાં પત્નીને ભણાવવું શરૂ કર્યું હતું. ચાલો વાંચીએ વાંચતાં આવડી ગયું છે. બીજા ભાઇ લખે છે:—

"હું અક્ષરજ્ઞાન યોજના માટે અભિમાન ધરાવું છું. એક ૧૮ વર્ષના અભણ બાંયીને મેં વાંચતો લખતો કર્યો છે."

બાંયી અમથાલાલ લખે છે:—

"અમારા ચાર છોકરા તથા ચાર છોકરીને આ યોજના પ્રમાણે વાંચતાં કર્યા છે. અને તેમને ગુજરાતી સ્કૂલમાં દાખલ કરી દીધાં છે."

ભાઇ જુગતરામ લખે છે:—

"ભાઇ સા'બ, દસાહું દફ્તરમાંથી કાઢી નાખશો નહિ! અમારા આશ્રમમાં રાનીપરજ વિદ્યાર્થીઓને તમારી ચોપડી વંચાવીએ છીએ."

એક ભાઇ લખે છે:—

"એક મરાઠી છોકરો આપણી યોજના વડે ગુજરાતી વાંચતો લખતો થઇ ગયો છે."

પોરબંદરથી:—

"રાત્રિશાળામાં ઇન્ફન્ટ્રીના પોલીસો, મોટરડ્રાઇવરો, ભેંસો ચારનારા રબારીઓ ને એવી

છે. ને તે બાળકોને નિર્ભય બનાવવામાં મદદરૂપ છે. કારણ બાળકોને જાણી કરીને બીવરાવીએ નહિ તેથી કાંઇ તે ભયમુક્ત થતાં નથી. જેમ કે આપણે તેને 'જો તને કૂતરો ઉપાડી જશે' એમ કહીને બીવરાવીએ, તો તે એક બીજું કારણ તેના જીવનમાં ઉત્પન્ન થયું. પણ બાળક જતું હોય ને જો કૂતરું તેના પર ભસે કે સામે દોડી આવે કે ગાય સામે શીંગડાં મારે તો એ બીકનાં સાચાં કારણો થયાં. તેવાં તો તેને કુદરતમાં સામે મળવાનાં જ છે. તેમાંથી નિર્ભયતા મેળવવાની તેને ઇચ્છા હોય છે. તે માટે જો તેના હાથમાં લાકડી મળે, ને લાકડી વાપરવાથી તેને એક વાર અનુભવ મળે કે કૂતરું તો પાછું ચાલ્યું ગયું, ગાય સામે આવતી હતી તે પાછી વળી, તો તેવા પ્રસંગમાં ફરી ફરીથી આવવાનું તેને ગમશે: ને તેમ કરીને જ તે ભયમાંથી મુક્ત થતું જાય છે. એ એક નાના એવા સાહસની વાત થઇ. એવી જ રીતે મોટા ભયોમાંથી પણ સુરક્ષિત રીતે કેમ પાર પડવું તેની આવડત મેળવવાથી બાળક સાચેસાચ ભયમુક્ત થાય છે.

બાળક ભયમુક્ત થયું કયારે ગણાય કે જ્યારે તે ભયની મજા લેવા લાગે. અથવા વધારે સાચું તો મજા લેવાની સ્થિતિમાંથી પસાર થઇને ભય ઉત્પાદક વાતોમાં તેને ન ભય લાગે કે ન મજા આવે; ઉલટું તે સહેજ ન ગણકારવા જેવી—ન ધ્યાન આપવા જેવી બાબત લાગે ત્યારે જ તે સાચેસાચ ભયમાંથી મુક્ત થયું ગણાય. માટે બાળકોને ભયમાંથી મુક્ત બનાવવા ઇચ્છનારાઓનું માત્ર ન બીવરાવવાથી કામ ન સરે, પણ તેમને સાહસને માર્ગે જવા દઇ તેમને ભય જીતવાને માર્ગે મૂકવાં જોઇએ. તા.

શિક્ષણશાસ્ત્રીઓ કહે છેઃ "બા બીવરાવશો નહિ." ડાહ્યાં ને સમજુ મા ને શિક્ષકો બાળકને ભયમુક્ત રાખવાના ઉપાયો કરે છે.

વાત સાચી છે. બાળકોનો નવો યુગ માંથી મુક્તિ માગે છે. ને આજનાં બાળ નવો યુગ એટલે આવતી કાલનો મનુષ્યજ. નવો યુગ છે.

મનુષ્યજાતિ નવી રીતે, સાચી રીતે જી માગે છે. આજ દિવસ સુધી મનુષ્યનો સ જીવનવ્યવહાર ભયના પાયા પર રચાએલો હ માણસો એક બીજાથી બ્હીએ છે; સમાજ સ જથી બ્હીએ છે; રાષ્ટ્ર રાષ્ટ્રથી બ્હીએ છે. તે એક માણસ બીજા માણસને ડરાવે છે; ૨ સમાજ બીજા સમાજને ડરાવે છે; એક રો બીજા રાષ્ટ્રને ડરાવે છે. એકંદરે બીક ડ ણીના પાયા પર જ મનુષ્યનાં રાજકીય, સ જિક કે કૌટુંબિક તમામ વ્યવહારો ચાલે

મોટાં સૈન્યો રાખી ફરનારાનું માનસ પ્રધાન જ છે. મોટા કાયદા, કાનૂન રાખના માનસ પણ ભયપ્રધાન જ છે. જેમ જ હથિયારો વધે, જેમ જેમ લશ્કર વધે, જેમ જે ઑર્ડિનન્સો કે કાયદાઓ વધે તેમ તેમ સામ્રાજ્ય વધે છે એમ જ સમજવાનું છે. મા ભયભીત થાય ત્યારે જ પોતાના સંરક્ષણ બા મજબૂત કિલ્લાઓ બાંધે છે, ને પોતાના રક્ષ ખાતર હથિયારો રાખે છે.

આજની કહેવાતી સુધરેલી દુનિયા પ્રાથમિક જંગલી માણસોથી મૂળભૂત જીવ

[૪]

વિવિધ વાનીના અભણ જનો આવવા ને નામ નોંધાવવા માંડ્યા છે."

તાલુકાસમિતિ ધોલેરામાંથીઃ—

"બાર ગામોમાં શાળા ચાલે છે. અક્ષર-જ્ઞાન યોજના પ્રમાણે શિક્ષણ અપાય છે. લગભગ ૩૦૦ નાનાંમોટાં આજે ભણે છે. પ્રધાન પ્રવૃત્તિ તો બાદી ની છે, છતાં શિક્ષણ પાછળ સરેરાશ દરેક સ્વયંસેવકના ચાર કલાક તો જતા હશે જ."

દેત્રોજથી હેમુભાઇ લખે છેઃ—

"આ દીવાળી પહેલાં દેત્રોજમાં ઓછામાં ઓછા પાંચસોને વાંચતા કરી દેવાની ઉમેદ છે. હું એક યોજના ઘડું છું જેમાં દીવાળી પહેલાં વીરમગામ તાલુકામાં પાંચ હજાર માણસોને વાંચતા કરી દેવાનું છે.

સાભાર સ્વીકાર અને પહોંચ

(૧૬-૧-૩૧ થી તા. ૧૯-૮-૩૧ સુધીમાં)

૨-૬-૦	શીવજી ભગવાનજી બગ્રામ	કરાંચી.
૯-૧૦-૬	ડૉ. ઇશ્વરલાલ જીવાભાઇ	બુકામા
૧-૪-૦	શીવજી ભગવાનજી બગ્રામ	કરાંચી
૧-૦-૦	રેવચંદ તુળજારામ	નીપાણી
૫-૪-૦	મોચી દેવજી શામજી	રાજકોટ
૧૦-૦-૦	ગુલાબબેન	મુંબઇ
૫-૦-૦	નર્મદાબહેન મહાશંકર રાવળ	ભાવનગર
૧-૦-૦	ચુનીલાલ મગનલાલ	મુંબઇ
૨-૦-૦	કમળાબેન મગનલાલ	ભાવનગર
૧-૦-૦	કહાન ચકુ ગાંધી	રાજકોટ
૫-૮-૦	મહાદેવપ્રસાદ હ. દેસાઇ	રંગુન

શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર
અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય
તા. ૨૦-૮-૩૦

} તંત્રવાહકો
અક્ષરજ્ઞાન યોજના

શ્રીસરસ્વતી છાપખાનું, ભાવનગર

ઘણી વાર અંતર્ગત હોય છે.

બાળકોને બીવરાવશો નહિ એનો બીજો અર્થ એ હોઇ શકે છે કે આપણે એમ ઇચ્છીએ કે કોઈ કોઇને ડરાવે નહિ, ને કોઇ કોઈનાથી ડરે નહિ. આપણે ભયડરામણી પર જીવવાનો યુગ પલટાવી પ્રેમ અને ન્યાયનો યુગ લાવવા માગતા હોઇએ, તો બાળકોને બાળપણથી બીકમાંથી મુક્ત કરવાં જ જોઇએ. સાથે સાથે તે બીજાને ડરાવવાની વૃત્તિમાંથી પણ મુક્ત થશે. કેમ કે આપણે જેમ તેને ડરાવીએ છીએ તેમ જ બાળકો મોટાં થાય છે ત્યારે બીજાંને ડરાવે છે. બ્હીવું ને બીવરાવવું, ડરવું ને ડરાવવું'ની પરંપરા ચાલ્યા જ કરે છે. માટે એ પરંપરા તોડવા માટે પ્રથમ બાળકને આપણે ભયમાંથી મુક્તિ આપવી ઘટે છે.

છતાં ભયનું એક સુંદર સ્થાન બાળકોના જીવનમાં રહે છે. તે સ્થાન એ છે કે ભયની મજા લેવાની–મજા લઇને ભયમાંથી વધારે વધારે મુક્ત થવાની. જેમ કે બાળકોને વાર્તામાં ભય લાગે એવા પ્રસંગો સાંભળવા ગમે છે; રાત્રિએ કયાંઇ ભયાનક જગાએ જવાનું ગમે છે; શિકારે કે એવી સાહસિક વાતો ગમે છે. આ બધું કયારે ગમે કે જ્યારે પોતે ભયમુક્ત હોય છે ત્યારે. એ જગ્યાએ પોતે જ્યારે ભયભીત થઇ જાય છે ત્યારે તેને એવી વાતો ગમતી નથી; જ્યારે તેમાં જરા પણ ભય ન લાગે ત્યારે પણ તે વાતો રસિક લાગતી નથી. પણ જ્યારે થોડો ભય લાગે છે છતાં એ ભયને તે જીતી શકશે એટલી પોતાની શક્તિનું ભાન પણ હોય છે, ત્યારે આવા બધા ભયના પ્રસંગોમાં બાળકોને મજા આવે છે. એટલે પોતે હઠાવી શકે એવું છતાં બીક જેવું એટલે જેમાં થોડું આત્મબળ વાપરવું પડે એટલું બીકનું તત્ત્વ માણસને ગમે છે. ને તે બાળકોને નિર્ભય બનાવવામાં મદદ રૂપ છે. કારણ બાળકોને જાણી કરીને બીવરાવીએ નહિ તેથી કાંઇ તે ભયમુક્ત થતાં નથી. જેમ કે આપણે તેને 'જો તને કૂતરો ઉપાડી જશે' એમ કહીને બીવરાવીએ, તો તે એક બીકનું કારણ તેના જીવનમાં ઉત્પન્ન થયું. પણ બાળક જતું હોય ને જો કૂતરું તેના પર ભસે કે સામે દોડી આવે કે ગાય સામે શીંગડાં મારે તો એ બીકનાં સાચાં કારણો થયાં. તેવાં તો તેને કુદરતમાં સામે મળવાનાં જ છે. તેમાંથી નિર્ભયતા મેળવવાની તેને ઇચ્છા હોય છે. તે માટે જો તેના હાથમાં લાકડી મળે,ને લાકડી વાપરવાથી તેને એક વાર અનુભવ મળે કે કૂતરું તો પાછું ચાલ્યું ગયું, ગાય સામે આવતી હતી તે પાછી વળી, તો તેવા પ્રસંગમાં ફરી ફરીથી આવવાનું તેને ગમશે; ને તેમ કરીને જ તે ભયમાંથી મુક્ત થતું જાય છે. એ એક નાના એવા દાખલાની વાત થઇ. એવી જ રીતે મોટા ભયોમાંથી પણ સુરક્ષિત રીતે કેમ પાર પડવું તેની આવડત મેળવવાથી બાળક સાચેસાચ ભયમુક્ત થાય છે.

બાળક ભયમુક્ત થયું કયારે ગણાય કે જ્યારે તે ભયની મજા લેવા લાગે. અથવા વધારે સાચું તો મજા લેવાની સ્થિતિમાંથી પસાર થઇને ભય ઉત્પાદક વાતોમાં તેને ન ભય લાગે કે ન મજા આવે; ઉલટું તે સહેજ ન ગણકારવા જેવી–ન ધ્યાન આપવા જેવી બાબત લાગે ત્યારે જ તે સાચેસાચ ભયમાંથી મુક્ત થયું ગણાય. માટે બાળકોને ભયમાંથી મુક્ત બનાવવા ઇચ્છનારાઓનું માત્ર ન બીવરાવવાથી કામ ન સરે, પણ તેમને સાહસને માર્ગે જવા દઇ તેમને ભય જીતવાને માર્ગે મૂકવાં જોઇએ. તા.

ઉચ્ચાર તરફ લક્ષ રાખવું

એક પ્રાથમિક શાળાના શિક્ષકભાઇ લખે છે કે 'પત્રિકા' માં નીચેનો વિચાર ચર્ચશો ?

"પાઠ વંચાવવામાં શિક્ષકોએ વિદ્યાર્થીઓના ઉચ્ચારો તરફ લક્ષ રાખવું."

આ વાકયમાંથી એમ નીકળે છે કે જ્યારે વિદ્યાર્થીઓ પાઠ વાંચે છે ત્યારે શિક્ષકો લક્ષ આપતા નથી, ને તેથી વિદ્યાર્થીઓના ઉચ્ચારો જેવા ને તેવા રહે છે. વાત પણ સાચી છે. એ માટે શિક્ષકોને ઠપકો ઘટે છે. પણ ઉચ્ચારની શુદ્ધિ મેળવવા માટેનો આ ઉપાય સારો નથી. શુદ્ધ વાચન થવું જોઇએ એ ખરૂં, પણ વાચન વખતે શુદ્ધિ માટેની કડાકૂટ ન થવી જોઇએ. વાચન વંચાવીને અલબત્ત વિદ્યાર્થીના ઉચ્ચારદોષો કયા કયા છે તે જાણી લેવું; કયા કયા સ્થાનના ઉચ્ચારો અશુદ્ધ થાય છે તે નોંધવું. પણ તે વખતે ભૂલો સુધારવા બેસવું નહિ. કારણ કે તેથી જે વિદ્યાર્થીઓના ઉચ્ચારો શુદ્ધ હોય છે તેઓને નકામા બેાટી થવું પડે છે. તેમનો સમય જાય છે. કંટાળો આવતાં તેમને તોફાન કરવું પડે છે. બીજું કેટલીક વાર બેાટા ઉચ્ચારો સાંભળીને સાચા ઉચ્ચારો કરવાવાળાઓ પણ બેાટા ઉચ્ચાર કરતા બને છે. ઉચ્ચારો સુધારવા માટે જુદો સમય રાખવો ઘટે છે. નીચેના ઉપાયો ઉચ્ચારો શુદ્ધ કરવા માટે લેવા.

કેક નાના વિદ્યાર્થીઓને જુદા ઉચ્ચારો બેાલાવવા કરતાં તેમની સામે શુદ્ધ ઉચ્ચારોવાળું વાચન અને ગાન રજુ કરવું. વર્ગમાં બધો વખત શુદ્ધ ઉચ્ચારો ઉપર ભાર દઇને વાતચીત કર્યા કરવી. શુદ્ધ ભાષા સાંભળવાથી આપણને શુદ્ધ ભાષા બેાલતાં આવડે છે. તેમ ન બને તો કાનનો કે વાણીના યંત્રનો કાંઇ ખાસ દોષ હોય તો તે જાણીને દાકતરી ઉપાય યેાજવા કે યેાજવવા. શુદ્ધ વાચન, શુદ્ધ ગાન હમેશ સમયપત્રકમાં ગેાઠવવું જોઇએ. વિદ્યાર્થીઓને નવું નવું સાંભળવાનું—ગાવાનું મળશે, અને તેમને ખબર ન પડે તેમ તેમની ઇંદ્રિયો ઉપર સંસ્કાર પડતાં આપેાઆપ જ તેઓ શુદ્ધ બેાલશે. જેઓ મેાટી ઉંમરના હોય તેઓને જુદા તારવી તેમની પાસે શુદ્ધ શબ્દોચ્ચારો કરાવવા. જે શબ્દોમાં તેમની વાણી અશુદ્ધિ આપતી હોય તે શબ્દો ખાસ પસંદ કરવા. આપણા મ્હોં સામે અને ઉચ્ચાર કરવાની રીત સામે તેને જોવા કહેવું. કાનબહેરો પણ મ્હોંનું ચલન વલન જોઇને તે પ્રમાણે મ્હોં હોઠ દાંત વગેરે ચલાવી ઉચ્ચારો કાઢી શકે છે. બહેરાંને શીખવવાની રીતમાંથી આપણે આટલેા લાભ લઈ શકીએ છીએ. પ, ફ, એમ અક્ષરોનો શુદ્ધ ઉચ્ચાર તો છેવટે જ લેવેા. તે વખતે પણ બાળકોનું ધ્યાન, આપણા મેાઢા તરફ ખેંચવું. આપણે જાણી જોઇને ચાવીચાવીને ઉચ્ચારો કરવા; લંબાવીને ઉચ્ચાર કરવા. આથી બાળકોનું ધ્યાન તેના તરફ વધારે જશે. કેાઇ પણ શિક્ષક પેાતાની શાળામાં આટલું કરી જોઇ પેાતાને થતેા અનુભવ જણાવશે તેા તે ઘણેા ઉપયેાગી થશે.

ગિ.

પારિગ્રાફ મુખપાઠ લેવા

એક વિચાર એક ભાઇ રજુ કરે છેઃ "ઇતિહાસમાં ક્રમે ક્રમે પારિગ્રાફ મુખપાઠ લેવા." આ વિચારમાં પોતે માનતા હોય તેમ લાગે છે. આ વિચાર સાચો નથી. ખરી વાત છે કે અત્યાર સુધી એ જ રીતે ઇતિહાસનું શિક્ષણ અપાય છે. છોકરાઓને ઇતિહાસ કરી લાવવાનું કહેવામાં આવે. એ કે ચાર આપવામાં આવેલા હોય તે પારા વિદ્યાર્થીઓએ ગોખવાના હોય છે. જેને બરાબર શબ્દશઃ યાદ હોય તેને બરાબર આવડયું કહેવાય. શિક્ષક ગમે તે વાકયથી બોલે એટલે તેના પછીનું વાકય તુરત વિદ્યાર્થી બોલી શકે તો જ તે આવડયું કહેવાય. વિદ્યાર્થીને પૂછીએઃ "બોલો, શું સમજાયું?" તો તે મ્હોં સામે જોઇને ઉભો રહે; શબ્દોના અર્થો પણ ઘણી વાર ન આવડતા હોય; અને આપણે જાણીએ છીએ તેમ વિદ્યાર્થીને અને ઇતિહાસને લેવાદેવાપણું તો કદિ હોતું જ નથી! આવું બને છે એનું કારણ મારા અનુભવ પ્રમાણે પરીક્ષક છે. જેવું પરીક્ષકનું પરીક્ષાનું ધોરણ તેવું શિક્ષક શીખવે છે. પરીક્ષક પારા પછી પારાનું ગોખાવવા માગે તો શિક્ષક તેમ તૈયાર કરાવશે; પરીક્ષક સાર માગે તો શિક્ષક સાર તૈયાર કરાવશે; પરીક્ષક અર્થો અને તેની ખુબીઓ માગે તો શિક્ષક તેમ તૈયાર કરાવશે. શિક્ષકનું મ્હોં પરીક્ષક સામે છે, વિદ્યાર્થી સામે નથી. વિદ્યાર્થી પ્રમોશન નથી અપાવતો પણ પરીક્ષક અપાવે છે. શિક્ષકને વિદ્યાર્થીની ચિંતા નથી પણ પોતાની અને તેથી પરીક્ષકની છે. આ વિષયમાં માટે જ પરીક્ષક જ્યાં સુધી પરીક્ષાનું ધોરણ બદલે નહિ ત્યાં સુધી ગોખણપટ્ટી અટકે નહિ જ. આમાં શિક્ષકનો દોષ બહુ નથી. જેમ નોકર ચિઠ્ઠીનો ચાકર એમ શિક્ષક પરીક્ષકનો ચાકર છે. પરીક્ષક શિક્ષકને આ ચાકરીમાંથી બચાવે.

ગિ.

કોનો દોષ?

એક જ શિક્ષકનું શિક્ષણ છતાં અમુક વિદ્યાર્થીઓ પાસ થાય અને અમુક નાપાસ થાય તેમાં કોનો દોષ?

શિક્ષકે જો બરાબર સમજી શ્રદ્ધાપૂર્વક અને સાચી આવડતથી મહેનત કરી હોય તો શિક્ષકનો દોષ ન કહેવાય. પણ જો મૂળે શિક્ષક શિક્ષકના ધંધા માટે લાયક જ ન હોય છતાં તે શિક્ષક થઇને બેઠો હોય, અને પછીથી તેણે જો કે સાચી મહેનતથી ભણાવ્યું હોય અને પરિણામ બરાબર ન આવ્યું હોય તો શિક્ષકનો દોષ કહેવાય. જે શિક્ષકને ભણાવતાં ન આવડે તેણે એ ધંધામાંથી રાજીખુશીથી નીકળી જવું જોઇએ.

શાળામાં ઘણા વિદ્યાર્થીઓ હોય છે. તેઓ બધા બુદ્ધિશક્તિમાં સરખા નથી હોતા. છતાં તેઓને એક જ વર્ગમાં રાખી ભણાવવામાં આવે છે ને તેથી 'લાંબા વાંસે ટૂંકા જાય, મરે નહિ તો માંદો થાય.' એ રીતે નબળાને ખેંચાવું પડે છે, સબળાને કંટાળો આવે છે. આવા સંજોગોમાં વાંક શિક્ષકનો નહિ પરંતુ વર્ગ-

શિક્ષણ પદ્ધતિનો ગણાય.

વળી જુદા જુદા વલણના વિદ્યાર્થીઓને એકજ અભ્યાસક્રમે અમુકજ વિષયો શીખવા પડે છે તેથી જેને નિશ્ચિત વિષયો તરફ સ્વાભાવિક રુચિ નથી તેઓ મંદ શક્તિના ગણાય છે, પાછળ રહે છે ને નાપાસ પણ થાય છે. તેમાં વિદ્યાર્થીનો વાંક નથી કેમ કે તેને જે ભણવાની રુચિ હોય તે ભણવાનું મળતું નથી, અને શિક્ષકનો વાંક પણ નથી કારણ કે શિક્ષક તો અભ્યાસક્રમની બેડીમાં પડેલો છે. વાંક અભ્યાસક્રમ રચનારાઓનો છે.

વળી જુદી જુદી પ્રકૃતિના વિદ્યાર્થીઓ જુદી જુદી શીખવવાની પદ્ધતિ માગે છે. એ પદ્ધતિએ જ એમનો ઘાટ ઘડીએ તો તેમાંથી પ્રતિમા થાય. પણ શિક્ષક પાસે તો એક જ ટાંકણું છે, અને તે હાલની આગેસે ચલી આવતી શિક્ષણ આપવાની રીતિ–ગોખણપટ્ટી પદ્ધતિ–સોટી પદ્ધતિ–ધમકી પદ્ધતિ. આ ટાંકણે બધાના સારા ઘાટ ઘડાતા નથી. કેટલાકને ટાંકણું ચડતું પણ નથી એવા તેઓ મજબૂત હોય છે; કેટલાક ટાંકણાંથી ભાંગીને ભૂકો થઇ જાય છે. આમાં વાંક એક ટાંકણા પદ્ધતિનો છે. એમાં શિક્ષકનો નહિ પણ તેને તૈયાર કરનાર તેના ગુરુનો છે.

છોકરો સાન્નેમાંદો હોય અને પૂરું ભણી શકયો ન હોય, માબાપે તેને ઘરકામમાં રોકી પૂરું ભણવા દીધો ન હોય, માબાપને ભણતરની કિંમત ન હોય તેથી ભણવામાં વિદ્યાર્થીને ઉત્તેજ્યો ન હોય, તો વાંક માબાપનો કઢાય ખરો? પણ અજ્ઞાન માબાપનો કે માંદગીનો વાંક કેટલોક કઢાય?

પણ શિક્ષકે છોકરાને ત્યાં કામ કરાવ્યા કર્યું હોય અને છોકરો પાછળ રહી ગયો હોય તો શિક્ષકનો વાંક તો ખરો જ.

પણ મોટો વાંક તો પરીક્ષાનો કે એ આવે છે ને નાપાસ થવું પડે છે. પરીક્ષા ન જ હોય તો આ પ્રશ્ન અને તેની પીડા ઉત્પન્ન ન થાય. શિક્ષક પોતે જ કહી શકે કે કોણ કેટલો હુશિયાર ને કેટલો ઠોઠ; શિક્ષક પોતે જ હુશિયારને આગળ લે અને ઠોઠને ધીમે ધીમે ભણાવે.

પણ પરીક્ષક અને પરીક્ષાને માથે એ દોષ ન લેવો હોય તો પછી વાંક છોકરાનો! એ નિશાળે ભણવા જ શું કામ આવ્યો? ગિ.

હું કહું ત્યારે કરજે

:૧:

બા શાક વઘારતી હતી.

ઇંદુને શાક વઘારવાની હોંશ થઈ; ઇંદુ શાક વઘારી શકે તેવડી હતી.

ઇંદુએ બાને કહ્યું: "બા, હું શાક વઘારું?"

બાએ કહ્યું: "હું કહું ત્યારે કરજે. હમણાં ન આવડે."

ઇંદુ નિરાશ થઇ ચાલી ગઇ.

:૨:

બાને તાવ આવ્યો.

બાને થયું કે આજે તો ઇંદુ પાસે શાક વઘારાવું.

બાએ ઇંદુને કહ્યું: "ઇંદુ, શાક વઘાર ને?"

ઇંદુએ કહ્યું: "બા, શાક વઘારવું મને નથી આવડતું." ગિ.

બાળકોની નાની નાની મૂંઝવણો

મોન્ટીસોરી પદ્ધતિએ સારામાં સારો શિક્ષક કામ કરવા બેઠો એટલે બધું પતી ગયું, અગર બધું બરાબર છે એમ માનવાનું નથી. એથી તો શિક્ષકની જવાબદારી અને મુશ્કેલીઓ ખૂબ વધે છે. જૂની શાળામાં તો એમ હતું કે નિશાળીઓ શિક્ષકથી બ્હીએ, શિક્ષક ભણાવે તેમ ભણે, અને રજા પડે કે નાસીને ઘર ભેગો થાય. નિશાળીઓ આ રાજરસ્તે ચાલ્યો જતો ને આવતો. તેને સ્વતંત્રતા ન હતી કે કેમ વાપરવી તેનો પ્રશ્ન ઉપજે; તેની સ્વયંસ્ફૂર્તિને અવકાશ ન હતો કે તેણે તેને અનુસરવા માટે ક્યારે શું કરવું તેનો જાતે જ નિર્ણય કરવો પડે; તેને માટે વાતો કરવી, ગમ્મત કરવી, રમવું, કૂદવું વગેરે ન હતું કે તે કેમ કરવી કે કોની સાથે કરવી તેનો તેને પ્રશ્ન થાય. પ્રશ્ન વિનાનો, મૂંઝવણો દબાઈ ગઇ છે જેની એવો, તે સુખેથી ભણતો ! પણ નવીન શાળામાં બાળક દબાણને બદલે છૂટ અનુભવે છે; બેઠા રહેવાને બદલે હરવા ફરવાનું મેળવે છે; ચૂપ રહો એને બદલે વાતો કરવાની લહેર સાંપડે છે. અને છતાં તેને મુશ્કેલીઓ નડે છે અને તે દૂર કરવા મોન્ટીસોરી શિક્ષકે જાગૃત રહેવું ઘટે છે.

નયનબાળા નામની નાની બાળા મારા વર્ગમાં છે. દેખાવે ઠીક, આનંદી ચહેરાની અને ગમે તેવી તે છે. તે વચ્ચે વચ્ચે બાલમંદિર ન આવી. એક વાર પાછી તેના બાપા સાથે આવી ને થોડી વારે તે પાછી ફરી. હમણાંથી તેને બાલમંદિરમાં ગમતું ન હતું. તેના પિતાની બીજે દિવસે મારા પર ચિઠ્ઠી આવી તેમાં લખ્યું હતું. "નયનબાળાએ મને રસ્તે વાત કરી કે તમે બાલમંદિરથી ચાલ્યા જાઓ તે મને ગમે નહિ. તમે જાવ તો મારી સાથે કોણ બોલે ?"

નયનબાળા એટલા માટે બાપા સાથે પાછી ફરી હતી. એટલા જ માટે તેને બાલમંદિરમાં હજી પૂરું ગોઠયું નહિ હોય.

બીજે દિવસ મેં નયનબાળાને કહ્યું: "આવો બેન, હું તમારી સાથે બોલનાર છું ને. મારી સાથે વાતો કરજો. હું તમારી સાથે બોલીશ."

નયનબાળાની આ મૂંઝવણ દૂર થઇ તે ત્યારથી તે વધારે પ્રસન્ન થઇ. વધારે છૂટ અનુભવવા લાગી. કોઇ કોઇ વાર વાતો કહી જવા લાગી.

આ નાની એવી મૂંઝવણ. આપણને સમજાવી કે બબર પડવી પણ મુશ્કેલ. અને છતાં આ જાણવામાં ન આવી હોત તો મારા માર્ગમાં પૂરી સરળતા ન આવત.

શિક્ષકે જોયા જ કરવું કે બાળકને કશી મૂંઝવણ છે ? ઉપરાંત તેણે બાબાપો સાથે વાતો કરવી અને બાળકો શું કહે છે, શું બોલે છે તે જાણવું. નાનાં બાળકોની નાની મુશ્કેલીથી તેનું નાનું ગાડું અડકી પડે છે તે કદિ ન ભૂલવું.

ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

આગળો બુતાન

ઘણી વાર ફૅશન સગવડ અગવડની દરકાર નથી કરતી, એટલું જ નહિ પણ આપણને તકલીફ આપે છે. ફૅશન પાછળ વિચાર હોય જ છે એમ નથી; વિચાર કરવાવાળા પણ ફૅશનના ભોગ થઇ પડે છે. ડાહ્યા લોકો પણ ઘણી વાર તો ફૅશનમાં ખુબી, સૌંદર્ય, યોગ્યતા વગેરે ભાળે છે અને નુકશાનકર્તા અથવા ત્રાસદાયક ફૅશનનો બચાવ કરે છે.

ફૅશનનાં ભોગ થઇ પડેલાં માબાપોનાં બાળકો પણ ફૅશનનાં ભોગ થઇ પડે છે. એમાં નવાઇની વાત નથી. બાળકો અમસ્તાંયે માબાપનાં ભોગ થઇ પડેલાં જ છે.

માબાપોને જે ફૅશન રૂપ અને સુંદર લાગે છે તે બાળકોને માથે આવી પડ્યા કરે છે. માબાપો સુંદર કહે છે; આસપાસના લોકો પણ તેમ જ કરે છે; તેમનાં બાળકો પણ તેમ જ કરે છે. એટલે બાળકો જાતે પણ તેનાં ભોગ થઇ પડે છે. પછી તો માબાપો પણ કહી શકે છે કે 'બાળકોને ગમે તે તો કરવા દઇએ ને?' પણ ખરી રીતે એમાં બાળકો તથા માબાપો બંનેની ફૅશનના ભોગ થઇ પડવાની ગુલામી વૃત્તિ છે.

બાળકો આજકાલ ફરાક વગેરે પહેરે છે તેમાં બુતાનો બોરિયાં વગેરે પાછળ બીડે છે. આ ફૅશનનો નમુનો છે. ક્યાંથી આવી અને કોણે કાઢી તે તો કોણ જાણે; પણ બાળકોને પાછળ બુતાન રાખવાં ગમે છે. માબાપો તેવાં જ ફરાકો કરાવે છે; દરજીઓ તો તેમ કરવા બેઠેલા જ છે. ફૅશન ફેંકનારા આ પરદેશીઓ અને તેને નમી નમીને ઝીલનારા આપણે અને તેનો અમલ કરી દેવાવાળા દરજીઓ, એ ત્રણેની વાત અહીં નહિ કરીએ. અહીં તેનાં ભોગ થઇ પડેલ બાળકોને તેમાંથી છોડાવવાનું નક્કી કરીએ.

જ્યારે જ્યારે કપડાં પહેરવાં હોય ત્યારે બાળકોએ માબાપોનું શરણ લેવું પડે. 'બા, બુતાન બીડી દે.' 'બાપા હૂક બીડી દો.' બા અને બાપાને તો બહુ કામ હોય છે. એ આ બધું ક્યારે કરે? બા ધમકાવે મોટી દીકરીને: 'એ બુતાન બીડી દે,' બા કહી દે નોકરને: 'અલ્યા એ, બુતાન બીડી દે તો.' હાથ હોવા છતાં અપંગ બનેલું બાળક ઉભું રહે છે અને બીજાં બુતાન બીડે છે ત્યારે તેનાથી કપડું પહેરાયું વદે છે; ત્યારે તેનાથી બહાર જવાય છે. એમ જ જ્યારે બુતાન ઉઘાડવાં હોય ત્યારે બને છે. કોઇ અને કોઇ મદદ માટે જોઇએ જ. એક પાછળ બુતાનનાં ફરાકોનો શોખ કરવા માટે બાળકને બે વાર બે માણસોની ગુલામી સહેવાની.

એ તો ઠીક; પણ ફરાક ભીનું થયું પણ બાળક પોતાની જાતે કાઢી શકે નહિ. ધામ થાય છે ને ફરાક કાઢવાનું મન થાય છે; બાળક જાતે તેમ નહિ કરી શકે. ફરાક સળગ્યું અને બાળક દાઝે છે; બાળક કેવી રીતે ફરાકને કાઢી શકવાનું? પાછળ બુતાન આ રીતે બાળકને હેરાન કરે છે. અને છતાં બાળકને તે ગમે છે—કેમ કે માબાપને તે ગમે છે, કેમ કે માબાપને કોઇ દેશની, કોઇ લોકની, બીજાની ફૅશન ગમે છે.

ફેશનનું એવું છે કે જેમ ચલાવીએ તેમ ચાલે. જરા પ્રતિષ્ઠિત, જરા અમુક જાતના જરા તમુક જાતના લોકો અમુક તમુક કરે એટલે સામાન્ય જનતા તેમ કરે છે. એટલે એ આગેવાન લોકોએ સારી ફેશનો ચલાવવી જોઇએ. પણ ઘણા આગેવાનો અક્કલથી દુશ્મનાવટ રાખી ફેશનને ચલાવે છે ત્યારે જનતાને ઊંડા ખાડામાં ઉતારે છે.

ડાહ્યા લોકો ફેશનનો મોહ છોડી દે. તેઓ કંઈ કરે તેમાં જાતે જ વિચાર કરે કે આ સગવડવાળું, શોભિતું અને પરવડતું છે કે કેમ? લોકોથી જુદા દેખાઇશું તેની ચિંતા સમજુ લોકો નથી કરતા. તેઓ યોગ્ય શું છે તેની જ ચિંતા રાખે છે.

આપણું તો હવે થાય તે ખરું, પણ બાળકોને આપણી પાછળ ન ચલાવીએ. તેમની સગવડ વગેરેનો અભ્યાસ કરીએ અને તેને અંધ બેસતું કરાવી દઇએ. નાનાં બાળકો પણ પ્રથમ દૃષ્ટિએ પોતાને ફાવતું ન ફાવતું, ગમતું ન ગમતું સમજી શકે છે. તેમની પાસે તેમને જોઇતું નક્કી કરાવીએ, અને ફેશનને નામે આપણે તેમને ન આપીએ.

બાલમંદિરમાં 'બુતાન આગળ'ની હાજરી થાય છે. બુતાન તપાસવાનાં. આગળ ન હોય તે આગળ લાવે. માબાપોને ચિઠ્ઠી લખવામાં આવે છે કે હવેથી નવાં કપડાં આગળ બુતાનનાં કરાવવાં. સંતોષની વાત છે કે કેટલાંક માબાપો આગળ બુતાનનાં ફરાકો, કમ્મજ, પેરણો વગેરે કરાવવા માંડ્યાં છે. તેઓએ પોતાનાં બાળકોની સારી સેવા બજાવી કહેવાય. ગિ.

નિશાળમાં ઉતારો

આજ દિવસ સુધી મને ખબર જ ન હતી કે નિશાળને ઉતારા તરીકે વાપરવામાં આવે છે. હમણાં કોઇએ મને જણાવ્યું ને મેં જાણ્યું.

મને નવાઇ લાગી. પણ ચારેકોર તપાસ કરતાં વાત સાચી લાગી.

નિશાળમાં ઉતારા થવાનું કારણ તો ઉઘાડું છે. ગામડાંઓમાં સરકારી દરબારી બીજા ઉતારાઓ નથી હોતા; અને ઉતરવાની જગા તો જોઇએ જ. એને કારણે નિશાળ ઉતારો બની જાય છે.

પણ કયાં નિશાળ અને કયાં ઉતારો?

નિશાળમાં ભણવું ભણાવવું એ પ્રવૃત્તિ છે. ઉતારામાં ઉતરનારાઓને વહીવટની, ચોર તપાસની, અને એવી બીજી જાતની પ્રવૃત્તિઓ હોય છે. આથી નિશાળના મકાનમાં જગા રોકાય છે. બાળકોને બહુ જ ઓછી જગામાં પોતાનું ભણવાનું કામ કરવું પડે છે. શિક્ષક અને બાળકોથી ધાંટા પાડીને ભણાતું નથી, અગર વિદ્યાર્થીઓને જોઇતી સ્વાભાવિક છૂટ મળતી નથી. અમલદાર વર્ગની અમસ્તીયે શે' પડે છે. એમાં જ્યારે તેઓ શાળામાં જ ઉતર્યા હોય ત્યારે બાળકોને બીક પણ લાગે છે. કડક અમલદારોનો હુકમ પણ હોય છે કે શાળામાં જરા પણ ગડબડ ન જોઇએ. જેટલા દિવસ અમલદાર રહે તેટલા દિવસ બાળકોને મોઢે ડૂચા! અને એ ડૂચા બરાબર ન રહે તો શિક્ષક ઉપર ક્રોધ.

આવું બહુ જગાએ નહિ બનતું હોય,

પણ જ્યાં બનતું હોય ત્યાં એ સારૂં નથી; વહેલી તકે બંધ થવા જેવું છે.

શાળાઓ સરસ્વતીનાં મંદિરો છે, બાળકોની વિકાસભૂમિ છે. ત્યાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સિવાય કોઇ ન જોઇએ. ત્યાં કોઇએ રજા વિના અંદર પણ ન અવાય. ઉલટું તેની આજુબાજુ ગડબડ ધોંધાટ, કજીયા કે કંકાસ થવા દેવાની મના જોઇએ.

શાળા ધર્મશાળા નથી કે ત્યાં ઉતારો થાય. સત્તાવાળાઓ તો ધારે તો પોતાના ઉતારા બાજુ મજના બંધાવી શકે છે. તેમણે બિચારાં બાળકોની જગા કેમ લઇ લેવાય? અને શિક્ષકને ભણવાના કામમાંથી શાક પાંદડું લેવા કે હાજી હા કરવા રોકાય કે?

શિક્ષકે પોતે પોતાનો માન મરતબો સાચવવો ઘટે છે. એવા ઉતારા સામે પોતાનો અણગમો પોતાના ઉપરી સાહેબ ઉપર લખી મોકલવો જોઇએ. ઉપરી સાહેબે આ બાબતમાં મોટે સ્થળે વાંધો લઇ પોતાની શાળાને ઉતારાના કામમાંથી મુક્ત કરાવવી જોઇએ.

એમ બને, અને તે કબૂલ પણ રાખીએ કે ગામડામાં બીજે કયાંઇ ઉતારો ન હોય તો નિરીક્ષક કે પરીક્ષક કે ઉપરી સાહેબ પોતાનો મુકામ શાળાના થોડા ભાગમાં કરે. પણ એથી બાળકો બ્હીતાં ફરે છે, અને શિક્ષક ગભરાતો રહે છે એ વાત ખરી તો છે. શિક્ષકે અનિવાર્ય સ્થિતિ હોય ત્યાં બાળકોને ઉપરીના પ્રત્યક્ષ પરિચયમાં લાવી તેનાથી બ્હીતાં અટકાવવાં જોઇએ. ઉપરીઓ પણ બાળકો સાથે હળે મળે અને તેમને આનંદ આપે તો તેઓ શાળાના યોગ્ય મહેમાન બને એટલું જ નહિ પણ આવકારદાયક મહેમાન બને. ઉપરી શાળાના મહેમાન તરીકે બહુ ભારે ન પડે; પડવા પણ ન જોઇએ. શાળા એ એનું પણ ઘર છે. અને ઘરમાં રહીએ તેમ ત્યાં પણ તેણે સગવડ અગવડ, બાળકોનાં ધોંધાટ, રમત ગમતથી થતી થોડી ગડબડ, વગેરે પ્રસન્નતાથી નિભાવી લેવાં જોઇએ.

શાળાના ઉપરી શાળામાં ઉતારા રાખે તો તેની પાસેથી આશા રખાય કે શાળાના મકાનને તે જુએ, તેને સારી સ્થિતિમાં રાખવા રખાવવા માટે ધ્યાન રાખે અને આગ્રહ કરે. ગિ.

ત્રણ પૂછાએલા સવાલો

સ૦ શારીરિક શિક્ષાનો ઉપયોગ કયારે કરવો?

જ૦ જ્યારે આપણે બેવકૂફ બની જઇએ ત્યારે.

સ૦ શારીરિક શિક્ષાનો ઉપયોગ કોણ અને કયારે કરી શકે?

જ૦ સારો માણસ જ્યારે ગાંડો થઇ બેસે ત્યારે થાય.

સ૦ બીડી પીવી, ચોરી કરવી, જૂઠું બોલવું વગેરે વિદ્યાર્થીઓ અને બાળકો શી રીતે છોડી દે?

જ૦ જ્યારે શિક્ષકો અને માબાપો આવું કરવાનું છોડી દે ત્યારે.

ગિ.

પરીક્ષા નથી ગમતી

એક મારા મિત્ર મારી પાસે સલાહ લેવા આવ્યા. "મારો ભાઇ લખે છે કે 'હું હવે નિશાળે નહિ જાઉં. મને પરીક્ષા નથી ગમતી. કાલથી હું મીલમાં જઇશ.' આ બાબતમાં મારે શું કરવું ?"

મેં મિત્રને કહ્યું: "એને હવે નિશાળે ન મોકલો. અથવા જે નિશાળમાં પરીક્ષાઓ ન હોય ત્યાં મોકલો."

મિત્ર કહે: "એવી નિશાળ તો કયાંઈ નથી. બધે પરીક્ષાઓ તો છે જ. શું કરવું ?"

"તો એને ઉઠાડી મૂકો. પરીક્ષાના ભયંકર ત્રાસમાંથી બચશે તો તેનું ભલું થશે. મીલમાં કે જ્યાં જાય ત્યાં જવા દો ! નિશાળે ભણ્યા વિના તમારો ભાઇ ભૂખે નહિ મરે. આ દુનિયા આખી નિશાળ છે."

મિત્ર ગયો. મને પરીક્ષાના દિવસો યાદ આવવા લાગ્યા.

નાનપણથી પરીક્ષાનો હાઉ જીવન સાથે ખડો થયો તે થયો. આજે પરીક્ષાઓને વટાવી વટાવીને પરીક્ષામાંથી મુક્ત થયો છું છતાં તેના ભયમાંથી મુક્ત થઇ શકતો નથી. પરીક્ષા શબ્દ સાંભળતાં સૂક્ષ્મ કંપારી આવે છે. શરીર ભીનું ન થાય તેવો પસીનો આવે છે. મગજ જરા જરા હલી જાય છે. વળી અચાનક પરીક્ષાનાં સ્વપ્નો આવે છે. જાણે કે હું પરીક્ષા આપું છું. ડોળા કાઢીને ખુરશી પર બેઠેલા ડેપ્યુટીથી હું ગભરાઉં છું. છાતીમાં મૂંઝારો થાય છે. હાય હાય શું થશે એમ થાય છે, ને ચીસ પાડી બેબાકળો ઊંઘમાંથી જાગી ઉઠું છું. આટલી મોટી ઉંમરે હજી એનો ભય નથી ગયો.

હું જાગીને વિચાર કરૂં છું. ખરેખર પરીક્ષા ભયંકર છે. આટલાં બધાં વર્ષો પછી પણ તેની અસર ! મને યાદ આવે છે કે અમે પરીક્ષામાં જતા ત્યારે રસ્તે આવતાં દેવદેવીનાં મંદિરે આજીજી કરતા: "હે સરસ્વતી દેવી! પરીક્ષા પાસ કરાવીશ તો તને પાંચ દીવા કરીશ." પરીક્ષા કેવી અમને દેવોની ખુશામત કરાવતી ! દેવોને પણ અમે લાંચ આપવા નીકળતા !

મારા એક સાથી કહે છે: "પરીક્ષાનું નામ ન લ્યો. હજી પણ ઊંઘમાં મને પરીક્ષાનાં સ્વપ્નો આપે છે. જાણે કે પેપર આપવામાં આવ્યો છે. હું ઉતાવળો ઉતાવળો વાંચું છું. કશું સમજાતું નથી. હવે શું થશે ? નાપાસ થઇશ તો ? ને શરીરે પરસેવો પરસેવો થાય છે. અરેરે મારૂં વર્ષ નકામું જશે એવો વિચાર આવતાં ચીસ પાડી બેસું છું, ત્યાં તો જાગી જાઉં છું ને હવે જીવવાનું કશું કારણ નથી એનું મને ભાન થાય છે."

મારા આ મિત્ર વકીલ છે. કોર્ટોમાં સાક્ષીઓને ધણધણાવે છે, પોલિસ અમલદારની સામે ઝઝૂમે છે અને ન્યાયાધીશની સામે અક્કડ રહે છે. પણ એ પેલી પરીક્ષાના ભૂતથી એવા તો ગભરાઇ જાય છે !

મને એમ હતું કે શાળાઓમાંથી પરીક્ષાનો ભય અને કંટાળો ઓછાં થયાં હશે. છોકરાંઓને તેનું દુઃખ નહિ રહ્યું હોય. પણ હજી એની એ પીડા ઉભેલી લાગે છે !

મારા મિત્રના ભાઇને નિશાળ શા માટે છોડવી જોઇએ ? કારણ કે આજે પરીક્ષાનું અને પરીક્ષકનું જોર છે, ને ત્યાં સુધી તેઓ નિર્ભય છે. કાલે પરીક્ષાથી ત્રાસેલાનું જોર વધશે, તેઓ બધા એકઠા થશે અને પરીક્ષાથી પોતાનાં બાળકો અને ભવિષ્યની પેઢીને બચાવવા આગળ આવશે ત્યારે શાળાઓ રહેશે, પણ પરીક્ષકો અને તેની સાથે પરીક્ષા નાસી જશે. આજે છોકરાને શાળા છોડી મીલમાં જવું પડે છે; ભવિષ્યમાં પરીક્ષાની પ્રથાને શાળા છોડી મીલમાં જવું પડશે.

ગિ.

અક્ષરજ્ઞાન ચાલે છે ?

હા, અક્ષરજ્ઞાનનું કામ ધમધોકાર ચાલે છે. એના સમાચાર જુદા છપાયા છે. લખવાથી મળશે.

અક્ષરજ્ઞાન આપવાનો સૌ કોઇનો હક્ક છે. કારણ કે સેવા કરવી એ માલિકીનો હક્ક છે.

અક્ષરજ્ઞાન આપવું એ સૌ ભણેલની ફરજ છે કારણ કે તે પોતે ભણેલ છે. બીજાઓએ આપણને ભણાવ્યા; આપણે બીજાને ભણાવવા જ જોઇએ.

અક્ષરજ્ઞાન યોજનાને પૈસાની મદદ કરવી એ પવિત્ર કામ છે, પુણ્ય છે. આંધળાને આંખ આપ્યા સમાન અભણને જ્ઞાન આપવાનું કામ છે.

ત્યારે અક્ષરજ્ઞાન યોજનામાં જોડાઇને અગર તેને પૈસાની મદદ કરીને થોડી પણ સેવા જીવનના ચોપડામાં જમે કરાવો.

શ્રીદક્ષિણામૂર્તિ અક્ષરજ્ઞાન કાર્યાલય, ભાવનગર

બહુ થોડામાં

એક પોસ્ટકાર્ડ લખીને માગો કે વસંત બાલશિક્ષણ સાહિત્ય મફત મોકલો, એટલે બાબાપો અને બાળકોને ઉપયોગી એવું થોડું સાહિત્ય તમારે ત્યાં આવીને પડશે.

જો ફકત એક જ રૂપિયો બિસ્સામાંથી કાઢીને મોકલી આપો તો એક ગરીબ શિક્ષકને આ વર્ષે પત્રિકા મફત પહોંચાડાય.

જો માત્ર એક જ રૂપિયો માસિક ખર્ચમાંથી બચાવી મોકલી આપો તો એક ગરીબ અંત્યજને આ વર્ષે પત્રિકા મફત પહોંચાડાય.

જો માત્ર એક જ કલાક અભણ લોકોને ભણાવો તો બે માસમાં એને વાંચતાં આવડી જાય.

સંસ્મરણો

આપણા જીવનસંસ્મરણો એ આપણો અને દેશ તેમ જ પ્રજાનો ઇતિહાસ છે. આપણી નિશાળનાં અને શિક્ષકનાં આપણાં સંસ્મરણોમાં ભૂતકાળની નિશાળનો ઇતિહાસ છે. આવો ઇતિહાસ અમે તૈયાર કરવા પ્રયત્ન કરીએ છીએ. આપ આપના ભણતરનાં સંસ્મરણો લખી મોકલશો ? એ સંસ્મરણો આપની રજા વિના છપાશે નહિ. એ સંસ્મરણો આપ નિખાલસપણે શાળા અને શિક્ષક બન્નેના ગુણો અને દોષો બરાબર આલેખીને મોકલશો. આપની ઉંમર સાથે લખશો.

તંત્રીઓ.

અક્ષરશિક્ષણ ને આંખો

આજકાલ વિચારક શિક્ષકોને પહેલાંની ખંડપદ્ધતિએ અથવા પુરાતન ધૂડી નિશાળ પદ્ધતિએ મૂળાક્ષરો ને બારાક્ષરી એવું શીખવવું ગમતું નથી. અક્ષરશિક્ષણની કોઇ નવી સારી પદ્ધતિની તેઓ શોધમાં હોય છે તેથી ધીકન પદ્ધતિ પસંદ કરે છે, કોઇ શબ્દાદ્ય પદ્ધતિ લે છે તો કોઇ જૂની ચિત્રપદ્ધતિને વળગીને લખોટાનો લ ને ગધેડાનો ગ શીખવે છે.

આ પદ્ધતિઓમાં અનેક ગુણો હશે ને દોષો પણ હશે. આજ સુધીના અક્ષરશિક્ષણમાં જે એક મોટો દોષ છે તે આ નવી પદ્ધતિઓમાં પણ છે તે તરફ ખાસ ધ્યાન ખેંચવાનું છે.

આ બધી જૂની નવી પદ્ધતિઓ માત્ર આંખની મદદથી અક્ષરો શીખવે છે; તેથી તેમાં બે દોષો આવે છે. પહેલો દોષ એ ગણાય કે ભણતરનો બધો ભાર એકલી આંખો પર જ પડે છે. આંખે જોઇને જ ધ્યાનમાં રાખવાનું હોવાથી નવા અક્ષરો શીખતી વખતે આંખ વાપરવી પડે છે એટલું જ નહિ પણ કાયમને માટે મનુષ્યને તેની દર્શનસ્મૃતિ (visual-memory) પર જ આધાર રાખવો પડે છે. વાંચવા લખવાને લગતાં તમામ કામોમાં તેને આંખને પ્રધાનપણે વાપરવી પડે છે. શીખવું એટલે સ્મૃતિમાં ધારણ કરવું, ને તે બધું કામ દર્શનસ્મૃતિથી જ કરવું પડે. તેથી સ્મૃતિમાં ન રહે. તે બધું પુનરાવર્તન કરી કરી તેને આંખ દ્વારા જ મેળવવું પડે. જેમ કે આગળ જતાં સાદી જોડણી, જોડાક્ષર લેખન, અંગ્રેજી ભણે તો તેના અક્ષરોના ઘાટ ને જોડણી (સ્પેલિંગ્સ) વગેરે બધું તેને આંખથી જ મેળવવાની ટેવ પડે છે. તેથી બીજી ઇંદ્રિયો વપરાશમાં આવી શકે એમ હોય છતાં તેની મદદ લેવાતી નથી ને એકલી આંખ પર આધાર રાખવાની ટેવ પડે છે. તેથી ભણેલા લોકોની આંખો ખરાબ થઇ જાય છે. ચશ્માં લેવાથી આંખની ઊણપ પૂરેપૂરી સુધરતી નથી. માણસની એક અગત્યની ઇંદ્રિય અધૂરી તો રહે જ છે. તેથી આંખને બચાવવાની જરૂર છે. પહેલાં કોઇ અંગને બગડવા દેવું ને પછી કૃત્રિમ ઉપાયોથી તેની ભરપાઇ કરવી એ યોગ્ય તો ન જ ગણાય.

સિવાય આ આંખ વડે શીખવાની આ પદ્ધતિઓ ગરીબ શ્રીમંતો, ગામડાં શહેરો બધે જ સરખી ચાલુ છે. જ્યારે ગરીબોને ચશ્માં કયાં મળે છે ? ને ગામડામાં કોણ નંબર કાઢી આપે છે ? એટલે ચશ્માં લઇ શકાય છે માટે આંખને વધારે તાણ પડે તો વાંધો નથી, એમ કોઇ ન જ કહી શકે.

ઉપરાંત એક વાત ધ્યાનમાં લેવા જેવી એ છે કે ઘણાં બાળકોની આંખો પહેલેથી જ નબળી માલૂમ પડે છે. આપણે તો એક પદ્ધતિએ સૌને હાંકીએ એટલે એવાં બાળકોને આંખથી ગ્રહણ કરવું મુશ્કેલ પડે છે; તેથી તેઓ પાછળ રહે છે ને નાની ઉંમરમાં એક શારીરિક ખામી તરફ કોઇનું ધ્યાન ન જવાથી તેમને ઘણું સોસવું પડે છે—જે કેટલીક વાર આખી જીંદગીભરનું નુકશાન પણ થઇ પડે છે.

સિવાય એક વાત ધ્યાનમાં રાખવાની છે કે બધાં માણસો બધી ઇંદ્રિયો સરખી રીતે

નથી વાપરી શકતાં. આંખમાં કોઇ પણ જાતનો દોષ ન હોવા છતાં કોઈ દર્શનમાનસી (visual-minded) ઓછાં હોય એ સંભવિત છે. એવાં બાળકો તેમની બીજી ઇંદ્રિયો મારફત જલદી શીખી શકે છે. તેમને માટે આપણી ચાલુ પદ્ધતિઓમાં કશો અવકાશ જ નથી.

એ દૃષ્ટિએ મોન્ટીસોરી પદ્ધતિની અક્ષર-શિક્ષણ પદ્ધતિ જોઇએ તો વધુ માફક આવે એવી જણાય છે. તેની અંદર આંખથી પણ વધુ ઉપયોગ સ્પર્શેન્દ્રિયનો કરવાનો હોય છે, જેથી સ્પર્શેન્દ્રિય આંખને મદદ કરે છે. એક બીજાંની મદદથી અક્ષરનું આકારગ્રહણ જલદી અને ઓછી મહેનતે થાય છે અને સાથે સ્નાયુ-ગત હીલચાલ પણ જોડાએલી હોવાથી લેખનનું શિક્ષણ પણ સાથે સાથે થાય છે. તેથી આંખ ન સંગ્રહે તે ઘણી વાર આંગળાં સંગ્રહે છે. યાદ કરીને જોડણી ખોટી બોલે તેઓ લખતી વખતે ભૂલ નથી કરતા.

સાર એ કે અક્ષરશિક્ષણની જે પદ્ધતિ રાખવામાં આવે તેમાં આ વિચારને મહત્ત્વનું સ્થાન આપવું જોઇએ કે એકલી આંખ પર બધો ભાર ન આવે; આંખની સાથે બીજી ઇંદ્રિયો પણ વપરાય, જેથી બધા પ્રકારનાં બાળકોને સુલભ થાય ને આંખને પણ બીજી ઇંદ્રિયોની મદદ મળે. તા.

ચર્ચાપત્રો

: ૧ :

સવાલ–૧. એક ચાર વર્ષનું બાળક છે. તેને હજી સુધી બવરાવવું ને પીવરાવવું પડે છે તો તે પોતાની મેળે જમતું થાય તે માટે શું કરવું?

એ જ બાળકને દૂધ મોરસ નાખ્યા વગર આપ્યું હોય તો તે દૂધનું વાસણ ઘા કરી ફગાવી દે છે. તો શું કરવું?

ઉત્તર

સામાન્યતઃ ૩/૪ વરસની ઉંમરે બાળકો જમવાનું, પહેરવા ઓઢવાનું વગેરે ઘણું બરું પોતાને લગતું કામ પોતે કરવા લાગે છે. જે બાળકો મોટી ઉંમર સુધી નથી કરી શકતાં તેમની આ અશક્તિની પાછળ બે કારણો હોઈ શકે છેઃ એક તો બાળક શારીરિક કે માનસિક રીતે પછાત હોય, એટલે કે રિકેટસ વગેરે રોગથી તેનું શરીર, તેના હાથ પગ વગેરે વિશેષ નબળાં હોય તો બાળકો કોઇ પણ હીલચાલ કરવા અસમર્થ હોય છે. તેમ જ બાળક શરીરે મજબૂત હોય છતાં મગજશક્તિ બામીવાળી હોય, પછાત બુદ્ધિનું, મંદબુદ્ધિનું હોય, તો પણ તેનામાં હીલચાલની બામી દેખાઇ આવવાનો સંભવ છે. આ કારણું આપના બાળકમાં દેખાતું ન હોય, તે કુદરતી રીતે અપંગ ન હોય તો ત્રીજું કારણ એક જ હોય કે અતિ લાડથી આપણે તેને અપંગ બનાવી દીધું હોય. શ્રીમંત માબાપોને ત્યાં બાળકની એવી સ્થિતિ ઘણી વાર થાય છે. મધ્યમ કે ગરીબ સ્થિતિનાં લાડઘેલાં માબાપો કે સગાંવહાલાં પણ પોતાના બાળકની એવી અપંગ સ્થિતિ કરવામાં અભિમાન લે છે. એમનો મૂર્ખાઇભર્યો પ્રેમ તેમ કરાવે છે.

બાળક દોઢ બે કે અઢી વરસે પોતે જ પોતાનાં કામો કરવાની ઇચ્છા બતાવે છે. અર્થાત્ તે વખતે તેને બધી ક્રિયાઓ સુઘડતાથી કે સફાઇથી કરતાં બાવડતી નથી, ને તે વખતે

માબાપો તેમની અણઘડતા કે ધીમાપણું સહન કરી શકતાં નથી; તેથી પણ બાળકોને પોતાનાં કામો શીખી લેવાની તક મળતી નથી; તેથી તેઓ આવડત વગરનાં રહી જાય છે, ને પાછળથી તેમને શીખવું અઘરું લાગે છે, કંટાળાભર્યું લાગે છે.

આપના બાળક પરત્વે આમાંથી કયું કારણ લાગુ પડે છે તે શોધી લેશો અને કારણ પ્રમાણે ઉપાય લેશો.

બાળક ખાંડ વગર દૂધ ન પીતું હોય તો ખાંડ નાખીને ઉકાળીને આપવામાં વાંધો નથી. ખાંડ વગરનું દૂધ ફગાવી દે છે તેમાં બાળક લાડથી બગડી ગએલું દેખાય છે. લાડ બંધ કરો એટલે બાળક ઠેકાણે આવશે.

: ૨ :

સવાલ–૨. એક ચાર વર્ષનું બાળક હજામત કરાવતી વખતે નાસી જાય છે. પરાણે બેસાડીએ છીએ તો ઠેકડા મારે, પાટાં મારે, બૂમો પાડે વગેરે કરે છે.

ઉત્તર

હજામત વખતે કોઇ વાર એને કાતર કે અસ્ત્રો લાગ્યો છે ?

કદાચ આવું લાગ્યું હોય તેથી તેને તે વિષે બીક પેસી ગઇ હોય, અથવા તેની બીક કે અણગમો કાલ્પનિક હોય.

આનો ઉપાય તે 'ના' પાડતો હોય ત્યારે પરાણે હજામત કરાવવી તે નથી. પણ તે જ્યારે શાંત હોય, મીઠી મીઠી વાતો કરતો હોય, ત્યારે તેને પૂછવું કે હજામત કરાવામાં શો વાંધો હોય ? તેમ જ તેને આરતેથી તેના થોડાં વાળ કાપી બતાવવા ને ખાત્રી કરી આપવી કે વાળ કાપીએ તો જરાએ દુખતું નથી. તેમ જ બીજા છોકરાની હજામત થતી હોય ત્યાં તેને જોવા લઇ જવો, ને તેમને પૂછવું કે 'કેમ ભાઇ, હજામત કરતી વખતે દુખે છે ?' તેમ જ કાતર કટ કટ ચાલતી હોય તેની ગમ્મત તેને બતાવવી. વળી અણઘડ વાળંદો ગમેતેમ જોરથી માથાંને પકડે છે, તેમ જ વાંકા વળીને વધારે વખત બેસાડે છે. તેથી બાળકની ડોક દુખવા આવે, તેમ જ વાળંદ માથું પકડે તે બાળકને ન ગમે એમ પણ બનવા જોગ છે. તો વાળંદને એ બાબતમાં સૂચના આપવી. નહિ તો બાળકનો અણગમો જાય ત્યાં સુધી ઘરે જ વાળ કાપી નાખવા.

: ૩ :

સવાલ–૩. એક ૩॥ વર્ષની બાલિકાને કાચા કઠોળ ને દાણા ખાવાની ટેવ પડી છે. લગભગ અર્ધો શેર જેટલું કાચું ધાન્ય ખાઇ જાય છે. એ સિવાય ચાર ટંક રાંધેલું અનાજ પણ ખાય છે. તો આ બાબતમાં તેને કાચું અનાજ ખાવા દેવું કે કેમ, અને તે કયા પ્રમાણમાં તે જણાવશોજી.

ઉત્તર

તમે બાળક અર્ધો શેર જેટલું કાચું અનાજ ખાય છે એમ લખ્યું પણ તે તેને પચે છે કે પેટમાં દુખે છે કે ઝાડા થાય છે વગેરે કાંઇ જ લખ્યું નથી.

બાળકનું પેટ બગડે છે ત્યારે જ તે વધારે ખા ખા કરે છે; ને આપણે સ્વાભાવિક રીતે તેને ઝાઝું ખાતાં અટકાવીએ છીએ ત્યારે તે જે હાથ આવે તે ખાઇ લે છે. આવી રીતે અપચાને કારણે ખાવાની ખોટી ઇચ્છા જાગે ત્યારે બાળકને કાચું તો નહિ જ, પણ પાકું પરંતુ

ન પચે એવું અનાજ જેમ કે કઠોળ વગેરે ખાવા ન દેવું જોઇએ. તેને હાથ ન આવે એની સંભાળ રાખવી. પણ સાથે સાથે તેને જે પેટ ખાલી ખાલી લાગે છે તે ભર્યું ભર્યું લાગે એવું એવું ઝાઝું ખાવા દેવું જોઇએ. જેમ કે ચોખામાં પુષ્કળ એટલે લગભગ પાંચ છગણું પાણી નાખીને કાંજી જેવું રાંધીને તેમાં થોડું મીઠું ને છાશ નાખી તે ખાવા દેવું. પોપૈયો વગેરે ફળો આપવાં. છાશ પીવા દેવી. લીંબુનું શરબત આપવું. એ ઉપરાંત શકય હોય તો મુસંબી વગેરે આપતાં રહી તેની ખાવાની ઇચ્છા તૃપ્ત થાય તેવું કરવું જોઇએ. પેટ ઠેકાણે આવે એટલે ખોટી ભૂખ એની મેળે જ મટે ને બાળક રીતસરનું જમવા લાગે

તમારા બાળકને એવું કાંઇ અપચાનું કારણ ન હોય ને બાળક ખાઇને પચાવી શકે છે એમ લાગતું હોય તો કઠોળ બાજરો વગેરે પલાળીને ઉગાડીને રોજ થોડાં ખાવા આપો તો વાંધો નથી. માત્ર અર્ધો અર્ધો શેર નહિ પણ પલાળેલા દાણા એકાદ મૂઠી જેટલા અથવા શરૂઆત તો તેથીયે ઓછા દાણાથી કરવી જોઇએ. સાથે સાથે કાચું શાક પણ થોડું થોડું ખાય તો આપી જોવું. થોડાં બટકાં તુરિયાંનાં કે દુધી, રીંગણાં, કોબી, ટીંડોરા, ભીંડા વગેરે ખાય તો ખાવા દેવું. કાકડી, મૂળા, ગાજર ટમેટાં, ચીભડાં વગેરે તો કાચું ખવાય જ છે; એ પણ આપવું. તમે બધી હકીકત આપી નથી, પણ આપી છે તે ઉપરથી કાંઇક વિલક્ષણ પ્રકૃતિનું બાળક લાગે છે. તો સ્થાનના વૈદ્ય ડાકટરને બતાવી એની સલાહ લો. તા.

રસ્તો બતાવશો ?

એક ગામડાની બાનગી શાળામાં શિક્ષક બીડીઓ વાળતો જાય છે ને ભણાવતો જાય છે. એ બિચારો શું કરે ? ઘરનું પોષણ કરવા માટે ઘેરથી બે ગાઉ દૂર ગામડામાં તેણે ધૂડી નિશાળ માંડી છે. કોળીના છોકરા આનો બે આના પી આપે એમાંથી કેટલું મળે ? બિચારા શિક્ષકને નિભાવ માટે કંઇક ધંધો કરવો જ પડે. એ બીડીઓ વાળે છે. ભણાવતો જાય છે, ને બીડીઓ વાળે છે. ગોખાવતો જાય છે ને બીડીઓ વાળે છે. ગાળો દેતો જાય છે ને બીડીઓ વાળે છે.

આ શિક્ષકે શું કરવું ને કેમ પેટ ભરવું તે કોઇ કહેશો ? એનો રસ્તો કોઇ બતાવશો ? આ ગરીબીનો કોઇ ઉપાય ? ગિ.

‘ પત્રિકા ’ પાતળી પડેલી લાગે છે

પત્રિકા આ વર્ષે જરા પાતળી પડેલી લાગે છે. પણ હજી તો વર્ષ પૂરું થવાને વાર છે. એટલામાં તો આપણે તેને ખોરાક પૂરો પાડી શકીએ. પ્રત્યેક ગ્રાહક એક નવા ગ્રાહકને લાવી આપે તો તો પત્રિકા બહુ જાડી થઇ જાય. એ કોઈ દિવસ પાતળી પડી હતી એવું કોઇ માને પણ નહિ. પત્રિકાનાં પ્રેમી ભાઇબહેનો પત્રિકાને જરા ખવરાવશે પીવરાવશે ? —તંત્રીઓ

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રીસરસ્વતી છાપખાનું, બજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી,

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૬ ઠું
૧૯૮૭

અંક ૮ મો
આશ્વિન

:તંત્રીઓ:
ગિજુભાઇ
તારાબેન

ચેમ બેઠાં બેઠાં વાતો કરવાથી આપણે આગળ વધી શકીશું નહિ.

એમ બેઠાં બેઠાં નિંદા કરવાથી પણ આગળ વધી શકીશું નહિ.

એમ પડ્યાં પડ્યાં સ્વપ્નો રચવાથી પણ આગળ વધી શકીશું નહિ.

એમ રડતાં રડતાં ઇશ્વર પાસે યાચના કરવાથી પણ આગળ વધી શકીશું નહિ.

આગળ વધવું હોય તો ઉઠો, મહેનત આદરો, અને જ્યાં સુધી આપણા ધાર્યા મુકામે નં પહોંચાય ત્યાં સુધી કામ કર્યા જ કરો.

સાધનાનું પહેલું અંગ કર્મ છે અને તે જ પહેલું સાધો.

બાળકો અને આંખો

થોડા દિવસ પહેલાં હું દવાખાને એક બાળકની આંખોમાં ટીપાં નખાવવા ગયો હતો. મેં જોયું તો કેટલાંયે બાળકોની આંખો આવેલી હતી. બિચારાં દુઃખી દુઃખી હતાં. ટીપાં નખાવતી વખતે કજીયો કજીયો કરી મૂકતાં હતાં. કોઇ માતા તેનો મરતી જતી હતી, જ્યારે કોઇ તેને મીઠા બોલે પંપાળતી જતી હતી. કેટલાંક બાળકોની આંખોમાં ભયંકર ખીલ પડ્યા હતા. એક બાળકે તો દોઢ માસ સુધી આંખ ઉઘાડેલી નહિ! એટલે તેની એક આંખમાં ફૂલું પડ્યું હતું અને દાક્તર કહેતા હતા કે "એ તો ગઇ. હવે એક જ આંખ રહી." બાળકની બાનું મ્હોં ઉતરી ગયું. તેના હૃદયમાં જે દુઃખ ઉપજ્યું તે તેની આંખોમાંથી નીતરતાં પાણી કહેતાં હતાં.

દાક્તરો બિચારા શું કરે! તેઓ તો દવા લખ્યે જતા હતા; અને કોમ્પાઉન્ડરો આંખો ધોયે જતા હતા, અને બાળકો ચીસો નાખ્યે જતાં હતાં.

હમણાં મારા બાલમંદિરમાં બાળકોની સંખ્યા એકાએક ખૂબ ઘટી ગઇ છે; તેનું કારણ એ છે કે બાળકોની આંખો ઉઠેલી છે. પૂરા દસ ટકા જેટલાં બાળકો પણ નથી આવતાં. આવે છે તે બધાંને લગભગ આંખો આવી ગઇ છે અને મટી ગઇ છે. બાળકોની આંખોના રોગ જેવો સાર્વત્રિક રોગ બીજો કોઇ મારા જાણવામાં હજી નથી આવ્યો. દરેક બાળક એનું ભોગ થઇ પડતું દેખાય છે. બાળકોને જ્યારે આંખો આવે છે ત્યારે તેને જે દર્દ થાય છે તેનો અનુભવ દરેક માબાપને હોયાજ છે. એ દર્દ કેટલું બધું અમાપ છે? ફૂલ જેવાં બાળકો હેરાન હેરાન થઇ જાય છે.

આંખો વારંવાર આવવાથી તેનું તેજ ઘટતું જાય છે એ વળી દાઝ્યા ઉપર ડામ બરોબર!

ખાસ કરીને ગામડાનાં અને ગરીબ લોકોનાં બાળકોની આંખો તપાસીએ તો તેમની પાંપણોમાં સાવાં—એક જાતનાં ઝીણાં જીવડાં બેઠેલાં જોવામાં આવશે. જેમ માથાના વાળમાં જૂ પડે છે તેમ આંખોની પાંપણમાં અને શરીરના બીજા ભાગો પરના વાળમાં સાવાં પડે છે. આ જીવડાં વાળ સાથે ચોંટી રહે છે અને લોહીને ચૂસે છે. આથી આંખો વારંવાર ચડી આવે છે. બાળક આંખને બજવાળે છે અને પરિણામે ઘણી વાર સોજો આવે છે. ઘણી વાર પાંપણો ખરી પડે છે, અને આંખનું રક્ષણ કરનાર એક ચોકીદાર ઓછો થતાં આંખને કાયમનું સહન કરવું પડે છે. આંખને પીડનારો એક દુશ્મન આ સાવાં પણ છે.

આજકાલ શાળાનાં બાળકોની જે તપાસો શરૂ થઇ છે તેનાથી આંખના ખીલોનું પ્રમાણ બહુ મોટું દેખાયું છે. આંખના ખીલો ખૂંચે છે, કોળાને લાલ રાખે છે, જોવાની શક્તિમાં ઘટાડો કરે છે, અભ્યાસમાં આડે આવે છે ને ચશ્માં લેવાની ફરજ પાડે છે. ઉપરાંત વારંવારનું દાક્તરનું શરણ અનિવાર્ય કરે છે. સૌથી દેહને તેને લીધે થતી પીડા તો ભોગવવી જ પડે છે.

આગળ નાનાં બાળકોની આંખે પણ

ચશ્માં જોઇને નવાઇ લાગતી. ચશ્માં તો ઘરડાં માણસો વાપરતા. પણ હવે તો એ દેખાવ સામાન્ય થઇ પડ્યો છે. નાનાં બાળકોને નંબરો આવવા લાગ્યા છે, ચશ્માંની દુકાનો વધવા લાગી છે અને દાકતરો કમાવા લાગ્યા છે. ચશ્માં વિના બિચારાં બાળકોનો અભ્યાસ અટકી પડે છે. તેઓ વર્ગના પાટિયા પર બરાબર ભાળી શકતાં નથી, તેથી તેમનો અભ્યાસ મંદ રહે છે. આમાંથી બચવા એક ચશ્માં જ તરણોપાય બન્યો છે. પૈસાદાર માબાપો બહુ સહેલથી ચશ્માંની દુકાને જઇ બાળકોને ચશ્માં અપાવે છે. ચશ્માં પહેરેલ બાળકને જોઇ અજ્ઞાન માબાપો રાજી પણ થાય છે. બીજી બાજુ ગરીબનાં બાળકોની આંખ ઘસાતી જાય છે અને અંધાપા તરફ ધપતી જાય છે; પણ તેણે ચશ્માં ક્યાંથી ખરીદવાં ?

આંખો રતન કહેવાય છે. એના ઉપર જીવતરનો આધાર છે. એને વિષે પણ આપણે બેદરકાર બન્યા છીએ. હજી આપણે ચેતી શકીએ અને તેના ઉપાયો યોજવા લાગી જઇએ.

બાળકો સવારે ઉઠે એટલે આંખને ઠંડું પાણી છાંટે જ છાંટે. ઠંડું પાણી છાંટવાથી આંખોના જ્ઞાનતંતુઓને વ્યાયામ પડે છે, લોહીનો જમાવ થવાને બદલે તે ફરવા માંડે છે ને તેથી આંખના રોગો અટકે છે, આંખ નિર્મળ બને છે. ઠંડું પાણી એ આંખનું દાતણ છે. આવું દાતણ રોજ બાળકને કરાવવું. બાળકને આંખો ધોવાની આળસ ચડે છે. આપણે તેની સામે આંખો ધોવા બેસી વારંવારના અનુકરણ કરવા યોગ્ય વાતાવરણથી તેને આંખો ધોતું કરીએ.

આંખોમાં ચીપડા આવે કે તુરત જ આંખો વિષે વિચાર કરીએ. ચીપડો–ચેપો આંખની ગરમી બતાવે છે. માટે તે માટે તુરત દવા નખાવવી; આજના જમાનામાં બેસી ન રહેતાં તુરત ઉપાય આદરવો. બધા દાકતરો આંખના દાકતરો નથી હોતા. ઘણા ઉંટવૈદો પણ હોય છે. અને બગડી આંખ સુધરતાં વાર લાગે છે; માટે સારા દાકતરનું જ શરણ લેવું. સારો એટલે લોભી નહિ, પૈસા મળે માટે રોગ લંબાવે તેવો નહિ. પણ પોતાના કામમાં હુશિયાર; ઉપરાંત પ્રમાણિક. થતો રોગ અટકાવવો એ ઘરડાનું વાકય આંખના રોગમાં પણ બરાબર યાદ રાખવું.

આંખોમાં ધૂળ પડવાથી આંખો બગડે છે; તેમ જ તેથી તેમાં ગંદકી પેદા થઇ સાવાં પડે છે. જૂ જેમ સાવાં એક બીજાની આંખોમાં સહવાસને લીધે જાય છે. આથી સાવાં પડેલી આંખમાં દવા એક જ ઉપાય છે. દેશી દવા અને વિલાયતી દવા–મલમ બન્ને ઉપયોગી થાય છે. બાળકો શેરીની ધૂળમાં રમી હાથ આંખે લગાડે છે તેમાંથી સાવાંની પીડા પેદા થાય છે. આંખને હાથ લગાડવો નહિ અને લગાડવો હોય તો ધોઇને, એટલે સુધી પણ બાળકને કહેવામાં હરકત નથી. શેરીની ધૂળમાંથી તો અનેક કારણે બાળકને દૂર જ રાખીએ.

આંખોના રોગોવાળાં છોકરાંથી નિરોગી આંખવાળાંને દૂર રાખવાં જોઇએ. ઘરમાં અને શાળામાં બન્ને સ્થળે આ નિયમને પળાવવો જોઇએ. ભેગા રમતાં રમતાં આંખોનો ચેપ એક બીજાને લાગી જાય છે. શાળાનો તો એવો નિયમ હોવો જોઇએ કે આંખ આવેલ બાળકથી શાળામાં અવાય જ નહિ; અને જો

આવે તો તેને પાછું મોકલવું. આથી બીજું બાળકો બચી જાય. પોતાની આંખ પણ ભણવાનો વધારે શ્રમ વેઠી વધારે બરાબ થાય નહિ.

ટૂંકી નજરનું મોટું કારણ શાળા છે. આજની નિશાળ ઘણા ભયંકર રોગોની બક્ષિશ આપે છે, તેની સાથે ટૂંકી દૃષ્ટિની અને આખરે અંધાપાની પણ બક્ષિશ આપે છે. શાળાનાં મકાનમાં પૂરતું હવા અજવાળું નથી. કઇ બાજુથી પ્રકાશ લઇને વંચાય ને કઇ બાજુથી આવતો પ્રકાશ નુકશાનકારક એની ખબર શિક્ષકને પણ નથી. કેવી રીતે વાંચવું કે આંખને શ્રમ ન પડે એનો નિયમ કોણ જાણે છે? શાળામાં છોકરાં ઉંધું ઘાલી વાંચે છે ને ભણે છે. ચોપડી ભણે છે ને આંખો ગુમાવે છે. 'આંખો અને શાળાનું ભણતર' એ વિષેના ડાકતરી નિયમોને શાળાએ અમલમાં મૂકવા જોઇએ. તેમ કરતાં શાળાના મકાનમાં સુધારા થવા જોઇએ. છોકરાંને બેસાડવાની રીતમાં, ચોપડી પકડવાની રીતમાં, લખવાનાં ઢાળિયાંની ઉંચાઇમાં, પાટિયાંની જગામાં ફેરફારો થઇ જવા જોઇએ.

આજની ઝીણા ટાઇપની ચોપડીઓ પણ બાળકોની આંખોના દુશ્મનની ગરજ સારે છે. જ્ઞાનનો પ્રકાશ લેતાં આંખ આંધળી થાય, એ જ્ઞાનનો પ્રકાશ આપનારા અને તેની રીતો કેવી કહેવાય?

શાળામાં આંખને સારું જોવાનું ભાગ્યે જ મળે છે. શાળાનું કલાવિહીન મકાન અને તેનાં સાધનો અને શિક્ષક સિવાય બાળકને શું સુંદર જોવાનું છે, કે જેથી આંખને આનંદ અને આરામ મળે? આંખ પણ સૌંદર્યનાં દર્શન માગે છે. એથી તે તાજગી મેળવવા ચાહે છે. પણ તે સૌંદર્યથી બાળકો દૂર છે. ઘરમાં સૌંદર્યનું અપમાન કરે તેવાં સુંદર સાધનો પડેલાં છે! શેરીઓ અને ગામમાં કેટલી સુંદરતા ભરી છે તે કોણ નથી જાણતું? અને કુદરતની ભવ્ય સૃષ્ટિ દેખાડવા કયાં માબાપો અને શિક્ષકો નવરા છે?

ઘર પણ બાળકોની આંખો બગાડે છે. અંધારાવાળાં ઘરો, ધૂમાડાંવાળાં રસોડાં, ઝાંખી બત્તીઓ, શણગાર વિનાનું વાતાવરણ આંખને પાયમાલ કરે છે. રાતે બાળકો ખરાબ બત્તીએ પાઠ કરે છે ત્યારે, ઝીણાં અક્ષરોની રસિક ચોપડીઓ વાંચે છે ત્યારે, મોતી કે જેવું પરોવે છે ત્યારે, ધૂમાડામાં બેઠાં બેઠાં જમે છે ત્યારે, તેઓ બિચારી આંખને બરાબ કરવાનું કામ કરે છે. તેના જવાબદાર બાળકો નથી પણ માબાપો છે. માબાપોએ જોવું જોઇએ કે બાળકોની આંખો કેટલી ને કેમ વપરાય છે.

બાળકોને સૃષ્ટિસૌંદર્યનું આંખો વડે પાન કરાવી કરાવીને તેમની આંખોને નિર્મળ, તેજસ્વી અને ધન્ય કરાવવી જોઇએ.

આંખ જોવા માટે છે; સુંદર જોવા માટે છે. એ સુંદરતા જોઇ શકે માટે આંખને કેળવવી પણ જોઇએ. આંખને રંગ અને રૂપની મજા લેતી કરવા માટે કેળવણીની રચના કરવી જોઇએ.

ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

હું રૂપાળી નથી

સુમનનો ચહેરો દુઃખી દેખાતો હતો. એની માએ પૂછ્યું: "કેમ સુમન, શું થયું છે?" ત્યાં તો સુમનની આંખમાંથી ગંગા જમુનાનો પ્રવાહ શરૂ થયો.

સુમનનું દુઃખ દેખી શકાતું હતું. એની માને થયું: "આટલી નાની ઉંમરે એવું શું દુઃખ પડ્યું હશે કે સુમન એટલી અકળાઈને રડે છે? ઘરમાં તો કશું બન્યું નથી. શું હશે?"

થોડી વાર આંસુ સાર્યાં ને સુમનનું હૃદય જાણે હળવું પડ્યું. સુમન જરા શાંત પડી. એટલે એની માએ વાત શરૂ કરી. માતાના ખોળામાં માથું મૂકી સુમને હૃદય ખોલ્યું. રડતી રડતી તે બોલી ઉઠી: "હું કેમ રૂપાળી નથી?"

એના દુઃખથી દુઃખી થએલી માંતા આશ્ચર્યથી મુગ્ધ બની. કિંચિત્ હાસ્ય પણ તેના ચહેરા પર ઉભટ્યું.

બાળદુનિયાનાં દુઃખો તે કલ્પી શકતી હતી. પણ કોઈ બાળક પોતાના રૂપનો વિચાર કરતું હશે, ને ઓછાં રૂપાળાં બાળકો તે માટે આવાં દુઃખી થતાં હશે, એ વસ્તુ તેની કલ્પનાશક્તિની બહારની હતી.

માએ પ્રેમથી સુમનને છાતીએ ચાંપી તેના માથા પર હાથ ફેરવ્યો. તેનાં આંસુ લૂછ્યાં ને સ્નેહાળ અવાજે બોલી: "કોણ કહે છે તું રૂપાળી નથી? બધાં છોકરાં રૂપાળાં જ હોય છે. પૂછ જોઈએ કોઈ પણ માને. મને તો તું બહુ રૂપાળી લાગે છે."

"ઉંહ, તે શા કામનું? -શાળામાં હું કયાં રૂપાળી છું? ત્યાં તો ગોરાં હોય તેને નાટકમાં સારાં સારાં પાત્ર મળે, રૂપાળાં હોય તેની સાથે સૌ ભાઇબંધી કરે ને મારી સાથે કોઇ ન બોલે. મને કહે તું સિપાઇ થા. પેલી મેનાને કહે તું ફૂલબાળા થા. પેલી સુભદ્રા છે તેને બધાં કહે સુભદ્રા સરસ કરશે; એને રાખો."

હવે તો સુમનની બાથી રહેવાયું નહિ; હસી જ પડાયું. છતાં હસવું રોકીને તે બોલી: "તો એમાં શું? સિપાઇનો પાઠ જેને ભજવતાં આવડે તે સિપાઇનું કામ કરે, ને જેને ફૂલબાળાનું આવડતું હોય તે તે કરે. જે પાત્રને માટે જે શોભે તેને જ તે કામ આપવું જોઇએ ને? બધાં રાજા જ થવા માગે તો સિપાઇ કોણે થવું? નાટકમાં તો ગિજુભાઇ જોને ને, હજામ થયા હતા ને મનુભાઈ રાજા થયા હતા."

"ના એ જુદું. એ તો બરાબર છે. પણ અમારી શાળામાં એમ નથી. જેને જે આવડે કે શોભે માટે તે નથી અપાતું; ત્યાં તો રૂપાળાં હોય તેને આપે. ને હું રૂપાળી નથી પણ કાળી છું માટે મને કહે કે તું સિપાઈ. માટે મને ગમતું નથી." બોલતાં બોલતાં સુમનનો અવાજ ગદ્‌ગદ્ થઇ ગયો ને ફરીથી આંખમાંથી આંસુ સરવા લાગ્યાં. સુમનની બા વધુ દલીલ કરી ન શકી. બને સાથે રડ્યાં ને થોડી વાર પછી સાથે હસ્યાં.

સુમનનું દુઃખ હસી કાઢવા જેવું ન હતું. પણ સુમનનું મન તો સાચે જ દુખાયું હતું. તેના સ્વત્વને (ego ને) આઘાત પહોંચ્યો હતો. સરખી સરખી છોકરીઓ મળીને એકાદ છોકરું

રીને જ્યારે તુચ્છકારે છે ત્યારે તે છોકરીનું મન દુખાય તે સ્વાભાવિક છે. ને તેની ઉંમરે તેનું દુઃખ નાનું તો ન જ કહેવાય.

આ એક સાધારણ બનાવમાં શિક્ષકને થોડુંએક વિચારવા જેવું મળે છે. શાળામાં નાટકો કે સંવાદો થાય છે ત્યારે રૂપાળી છોકરીઓને શણગારવામાં આવે છે, ને રૂપાળી છોકરીઓને જ નાટકમાં રખાય છે એવો સામાન્ય રિવાજ છે. તેથી બન્ને રીતે નુકશાન છે; સુમન જેવી છોકરીઓને આઘાત પહોંચે છે ને તેનું સુખી બાલજીવન નકામું ખારું થાય છે; નકામી વસ્તુ પાછળ દુઃખી થાય છે. ખરી રીતે તો જેનામાં અભિનયકળા હોય, જેને જેને નાટક કરવાનું મન હોય, હોંશ હોય તે બધાંને નાટકમાં સ્થાન મળવું જોઇએ. તેમ જ જે પાત્રનો અભિનય જેને પસંદ પડતો હોય, આવડતો હોય તેને તે અપાવો જોઇએ.

બીજું આ પાત્ર સારૂં ને આ હલકું એવો ભાવ ઘણી વાર જરૂર વિનાના શોભા–શણગારને લીધે આવે છે. નાટકની રીતે કપડાં પહેરાવવામાં ને છોકરીઓને શણગારવામાં આવે તેથી બીજાં પાત્રોને હલકાપણું લાગે છે; ને જેને શણગારવામાં આવે છે તેનામાં પોતાના રૂપ વિષેનું ખોટું અભિમાન (vanity) ને ભાન આવે છે; નખરાં ને ઠઠારા વગેરેથી તેની સરલ નિર્વ્યાજતા જતી રહે છે. માટે શાળાનાં નાટકોમાં પાત્રની ભૂમિકા દર્શાવવા પૂરતા સાધારણ થોડા ફેરફારોથી કામ ચલાવવું જોઇએ; ને મુખ્ય ભાર તે તે પાત્રનો અભિનય કરવો, પાત્રને અનુરૂપ ભાષા બોલવી, ભાવ દર્શાવવા વગેરે મહત્ત્વની બાબતો પર જ હોવો જોઇએ.

એને બદલે જેમ આજની આપણી રંગભૂમિ પર તેમ જ શાળામાં પણ ઘરેણાં ને લૂગડાં ને સીનસીનરી ઉપર જ ખોટો ભાર મૂકાય છે. કન્યાઓની શાળામાં તો ખાસ કરીને સ્ત્રી જાતિના પોલા મગજનું પ્રદર્શન થાય છે; જ્યારે શાળાઓએ જ કન્યાના વિચારોને ખાસ દિશા આપવાની જરૂર છે. માણસની ખરી કિંમત શામાં છે ? તેના બાહ્ય રૂપમાં, બાહ્ય શોભા શણગારમાં ને રૂપ ને શોભાના અભિમાનમાં ? કે તેનાથી ઉચ્ચ ઘણી વસ્તુઓ છે કે જે માણસ જાતને શોભાવે છે ? કન્યાઓને તેનો ખ્યાલ આપવાની ફરજ તેમના શિક્ષક શિક્ષિકાઓની છે. કેવળ રૂપની દૃષ્ટિએ જોઇએ તો પણ નાક કે મોઢું કે શરીરના ઘાટમાં કે સુઘડપણામાં જ રૂપ સમાતું નથી, પણ હૃદયની ને મગજની સમૃદ્ધિથી જ રૂપ નભે છે. સુઘડ એવી ઘણી સ્ત્રીઓ સુંદર દેખાતી નથી, ને સુંદર ભાવના સેવનારી સ્ત્રીનો ચહેરો સુંદર દેખાય છે. વિદ્યાનું તેજ મોઢાને તેજસ્વી બનાવે છે, કર્તૃત્વશક્તિ મોઢાને પ્રભાવશાળી બનાવે છે, વગેરે સત્યો તરફ કન્યાઓનું ધ્યાન ખેંચવાની જરૂર રહે છે. આજ દિવસ સુધી સ્ત્રીઓએ આ સુંદર ને આ રૂપાળી ને આ એવી ને આ તેવી વગેરે વાતો કર્યા જ કરી. તેથી તેમના સૌંદર્યમાં વધારો થયો નથી પણ ઉલટો ઘટાડો થયો છે. સુમનની શાળાની કન્યાઓમાં આ રૂપચર્ચા કયાંથી આવી ? દરેક કન્યા રહે છે તે તે શેરીમાંથી; તે તે ઘરની સ્ત્રીઓની વાટાઘાટમાંથી. વધારામાં આ જ પ્રકારની ચર્ચા શાળામાં શિક્ષિકાઓ પણ ચલાવે છે, ને ઘણી વાર એ વસ્તુને અંગે પક્ષપાત પણ થતો બાળકો અનુભવે છે. આ વસ્તુ

દેખાય છે એટલી નજીવી નથી. વરસો સુધી ભણેલું ને ભણાવેલું આવી એકાદ ભૂલથી કાયમને માટે ધૂળ ભેગું થઈ જાય છે. સુમન જેવી કોઇ છોકરીને કાયમનો (Inferiority complex) આઘાત પહોંચી જાય ને 'હું કદ્રુપી છું.' નું ભાન રહ્યા જ કરે; ને તેને લીધે અનેક રીતે માનસિક માંદગી ઉદ્ભવવાનો સંભવ રહે છે. જ્યારે કોઇ સુંદર બાળાને એક વાર ફૂલબાળા બનાવી પોતાનું રૂપનું ભાન કરાવી દઇ કાયમનું નુકશાન પહોંચાડવામાં આવે. આ બાબતમાં માબાપો તથા શિક્ષકો ત્વરિત જાગે તે ઇચ્છવાજોગ છે. તા.

એક શાળા

રાયધણપુર તા. ૯-૯-૩૧

પૂ. ગિજુભાઇ અને તારાબેન,

આપને મેં લખેલ કે હું મારી શાળાનું શબ્દચિત્ર મોકલીશ. તે આજ હું આપને રજુ કરું છું. હું આ ગામમાં આવ્યો તેના પહેલાં જ અમારી શાળાનું મકાન ચોકસ થઇ ગએલ હતું. હું આવ્યો તેને બીજે જ દિવસે શાળા બોલવામાં આવી. બાળકોએ મને પ્રથમ ક્રૂર અને જુલમી ધારી લીધેલો. એક બે દિવસમાં તેમનો ભય ચાલ્યો ગયો અને તેઓ વધારે ને વધારે મારી નજદીક આવવા લાગ્યાં.

શાળા બોલ્યાને આઠ મહિના થવા આવ્યા છે. બાળકોની સંખ્યામાં વધ ઘટ થયા જ કરે છે. તેમની ઉંમર ૪ થી ૧૪ વર્ષ વચ્ચેની છે. પ્રથમ તો બાળકો બહુ ગંદાં રહેતાં; તેમનાં કપડાંનો મૂળ રંગ કેવો હશે તે પણ કલ્પી શકાય નહિ. એક લૂગડું ફાટે ત્યારે નવું એક મળે. શરીર ઉપર જે હોય તે જ એનાં નવાં અને જૂનાં કપડાં!

આ બાળકોને મેલાં કપડાંમાંથી મુક્ત કરવાનું બહુ મુશ્કેલ થઇ પડ્યું. અઠવાડિયામાં બે દિવસ નદી ઉપર નાવા ધોવા માટે જવાના રાખ્યા. ત્યાં બધાં બાળકો પોતપોતાનાં કપડાં ધોતાં; જેમને ધોતાં ન આવડતું તેમને શીખવવામાં આવતું અને અશક્ત જણાતાને મદદ કરવામાં આવતી. હાથ અને પગ ઉપર મેલ સારા પ્રમાણમાં હતો. નદી અમને શરીર-સ્વચ્છતા માટે આશીર્વાદ રૂપ થઇ પડી. અમારૂં દરિદ્ર ખટ્યું. હાથ, પગ, મ્હોં, નાક, કાન, આંખ, વગેરે અવયવો સાફ રહેવા લાગ્યા. પણ કપડાંની સ્વચ્છતા ન આવી. લંગોટ પહેરી બાળકો શાળામાં આવતાં નથી. શેરીમાં અને આંગણામાં તેઓ એમ જ રમી શકે પણ શાળામાં સભ્યતાની ખાતર ગંદાં કપડાં પહેરાવીને માબાપો મોકલે. આ સભ્યતા તેમને રુચતી નહિ અને તેથી નાનાં બાળકો આ સભ્યતામાંથી મુક્ત રહ્યાં છે.

અમારી શાળાનું મકાન એક વાડીમાં છે. વાડીમાં ઋતુ પ્રમાણે વાવણી થાય તે ઉપરાંત શાક પાન પણ થાય છે. ખેતીવાડીના કામમાં બાળકો પોતાનો યોગ્ય ફાળો આપે છે. ઉગતાં ઝાડોને તેઓ જાણી શકે છે. વાડીમાં ફરતાં તેઓ મને નવાં ઝાડોની ઓળખ કરાવે છે. ઉગતાં ઝાડોને ઓળખતાં મને આ બાળકોએ શીખવ્યું છે.

શાળાના મકાનની બાજુમાં દરરોજ એક ફેરસ ચાલે છે. વાડીમાં પાણી પાવાનું ન હોય તો પણ અમારા માટે સવારના બે કલાક ફેરસ જરૂર ચાલે. નહાવા ધોવા માટે આ એક ઉત્તમ સગવડ છે. સવારના નાના મોટા સૌ વાર ઉપર જોવામાં આવે છે.

નાહી ધોઇ પરવાર્યા પછી બાળકો શાળામાં આવે છે. પોતાની વસ્તુઓ (આસન, પ્યાલો, કાંસકી, રૂમાલ, પાટી વગેરે.) સાફસુફ કરી તૈયાર થઇ જાય છે. સ્વચ્છતાની તપાસ થઇ ગયા પછી સૌ પોતાને કામે લાગે છે. શાળાનું કામ જુદીજુદી પ્રવૃત્તિઓથી ચાલુ થાય છે. હાલમાં ચિત્રકામ, માટીકામ, બાગકામ, હરણની સંભાળ રાખવાનું કામ, વગેરે સર્જન પ્રવૃત્તિઓમાં બાળકો રસ લે છે.

મૂળાક્ષરો શીખવવામાં રેતીઆ અક્ષરોએ બહુ મદદ કરી છે. મૂળાક્ષરો શીખવા આવેલ બાળકોની સંખ્યા છ ની છે. તેમાંથી એકને ચૌદ દિવસ, બીજાને પંદર દિવસ, ત્રીજાને અઢાર દિવસ અને ચોથાને ઓગણીશ દિવસ અક્ષરો શીખતાં લાગેલ છે. એક બાળકે અક્ષરો શીખવાનું મુલતવી રાખેલ છે અને બીજું અનિયમિતપણે શીખવા આવે છે.

જે બાળકો અક્ષરો શીખેલ હતા તેઓ બાલસાહિત્યમાળાનાં પુસ્તકો વાંચે છે; નાની મોટી ચાલણગાડી અને તે સિવાયની બાળપુસ્તકાલયની ચોપડીઓ વાંચે છે. તેમની ઇચ્છા હોય છે ત્યારે અનુલેખન પદ્ધતિથી તેમને પસંદ હોય તે લખે છે. બાળકો એક બીજાને કાગળો લખે છે. આ કાગળો ઉપરથી તેમના વિકાસનો અને માનસનો પરિચય થાય છે. મોટી ઉંમરનાને કાગળ ઉપરથી નિબંધ ઉપર લાવવા પ્રયત્ન કરું છું. પ્રવાસે જઇએ તેનું વર્ણન પત્રના રૂપમાં તેઓ લખે છે. આ રીતે અવલોકનશક્તિ સાથે લેખન પ્રવૃત્તિ ખીલે છે.

ગણિતના અભ્યાસ માટે કોડીઓ ગણે છે. એકથી દશ લખતાં શીખી ગયા પછી દશની અંદરના સરવાળા બાદબાકી ચાલુ થાય છે. બાળકો સો સુધી ગણતાં તરતમાં થઇ જાય છે. દશ ને એક અગિયાર, દશ ને બે બાર, આ રીતે લખતાં અને તેની સાથે સો લગીના સરવાળા બાદબાકી શીખવવામાં આવે છે. જેમને વાંચતાં આવડે છે તેમને પત્થરપાટી ઉપર વ્યવહારૂ વસ્તુઓના સરવાળા બાદબાકી લખી આપવામાં આવે છે. આંકડાની ચિઠ્ઠીની મદદથી કોડી ગણવાની રમત તેમને બહુ પ્રિય છે. જે બાળકો આંક શીખેલ હતાં તેમને (મણકાની) દોડીની મદદથી દશ લાખની અંદરના સરવાળા, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર શીખવવામાં આવે છે.

બાળકોને શ્રુતવાચન બહુ પસંદ છે. તેમની પાસે આદર્શ વાચન તરીકે દરરોજ કંઇક વાંચવાનું રાખવામાં આવે છે, અને આ વખતે નાનાં મોટાં રસપૂર્વક વાચનમાં ભાગ લે છે.

આ પ્રમાણે કોઇ પણ ખાસ પદ્ધતિ સિવાય વાચન, લેખન અને ગણિતમાં અમારું કામ ચાલે છે.

ગામડામાં લોકોને મોટેથી બોલવાની ટેવ અને અહીં તેમને સ્વતંત્રતા મળેલ એટલે પ્રથમ બહુ ઘોંઘાટ થતો. તેમના કાનમાં જ્યારે વાત કરવા લાગ્યો ત્યારે આસ્તેથી બોલવાની ટેવ પડી. તેમને શાંતિપ્રિય બનાવવા શાંતિની

રમત ચાલુ કરી. આ રમત માટે એક અંધારા ઓરડાની જરૂર હતી, પણ અમે તે સિવાય ચલાવ્યું. આંખો બંધ કરી રમત રમતાં અંધારા ઓરડાની ગરજ સરી. જુદી જુદી જાતના અવાજો તરફ તેમનું ધ્યાન ખેંચતાં શાળામાં શાંતિની રમતે ઉંડાં મૂળ ઘાલ્યાં. ગોળા-ઢાંકણું ઉચકતાં અને મૂકતાં અવાજ ન થાય તેની કાળજી રાખતાં તેઓ શીખ્યાં છે. એકાદ નવું બાળક શાળાનું વાતાવરણ બદલાવી નાખે છે; અને આવું બાળક પહેલાં તો બધાંને અપ્રિય પણ થઇ પડે છે.

અમારી પાસે એક મધ્યમ પીંજણ અને એક હાથ પીંજણ છે. પીંજવામાં રસ લેતું એકાદ પીંજે છે અને પૂણી બનાવે છે. પૂણી બનાવતાં બધાંને આવડે છે. અમારી પાસે ત્રણ રેંટીયા છે. મોટી ઉંમરનાં રેંટીયા ઉપર કાંતતાં શીખી ગયાં છે. એક છોકરી કાંતવામાં બહુ રસ લે છે. લગભગ દશ વાર ખાદી પોતાને હાથે કાંતી તેણે ઉત્પન્ન કરી છે. તકલી ઉપર કાંતતાં બધાંને આવડે છે, અને અડધો કલાક તકલી ઉપર દરરોજ કાંતીએ છીએ.

નાનાં બાળકો સ્વચ્છ રહે છે. જગ્યા સાફ-સુફ કરે છે. લોકગીતો, રાસડા અને વાર્તા સંભળાવીએ છીએ. તેમને માટે ઇંદ્રિયવિકાસનાં સાધનો જોઇએ.

ગામલોકોની શ્રદ્ધા વિષે લખી બંધ કરીશ. આખા ગામમાં માત્ર એક કુટુંબ સહકાર અને મદદ આપે છે. "જે માસ્તર મારે નહિ તે ભણાવે શું?" આ માન્યતા ઘણાંની છે. એ સાથે લોકોની એવી માન્યતા છે કે "ગાંધી-વાળા ભણાવે નહિ; એ તો રમાડે. અરે, એ તો એકમેક કરશે!" બાળકોને બળજોરીથી શાળામાં આવતાં રોકવામાં આવે છે.

લોકો સાજા માંદા થાય તેના તરત ઉપાય લેવા Emergency Box (તુરત મદદની દવાપેટી) રાખેલ છે. સાજા માંદાને દવા આપું છું. વીંછી કરડે છે ત્યારે રડતાં આવતાં નાનાં મોટાંને દવા આપી તેમની વેદના હળવી કરી તેમનામાં ભળવા પ્રયત્ન કરું છું. તેમનો પ્રેમ મેળવું એવો રસ્તો બતાવશો? બાળકોને ભણા-વવાની તેમને પડી નથી. છોકરાઓ અને કન્યાઓ ઉકરડા અને એવી ગંદી જગો ઉપર ફરે છે, પણ માબાપ તેમને શાળામાં મોકલતાં નથી.

અગનલાલના વંદન

શિક્ષકના હાથ ખાલી હોય ત્યારે

ભણાવતી વખતે શિક્ષકોને બોલવાનું હોય છે. છોકરાઓને મારવાને માટે હાથમાં સોટી ન રાખે, અગર રોફ ખાતર કે ભણાવીએ છીએ એવો દેખાવ કરવા ખાતર કાયમ હાથમાં ચોપડી ન રાખે, અગર બજરની ડાબલી હાથમાં ન રાખે તો તેના હાથ ખાલી રહે. ભણાવતી વખતે ખાલી પડેલા આ હાથ કંઈક સારું કામ, ઉપયોગી કામ, એ પૈસા ગળે તેવું કામ કરે તો? આ સારું કામ તકલી કાંતવાનું અવશ્ય છે. તકલીકાંતવાની ટેવ પડેલ માણસ વાતચીત કરતો જાય છે ને સરસ કાંતતો જાયછે. શિક્ષકને તેમ કરતો કોઇ રોકે નહિ; અને બાળકોને તેમ કરવામાં કશું નુકશાન ન થતું હોય તો અવશ્ય શિક્ષકે આ કરવા જેવું છે. વર્ષે દહાડે હળવે

હળવે તે પોતાનાં કપડાં આમાંથી ઉપજાવશે. અને આપણે ગરીબ શિક્ષકોને આટલો પણ લાભ કેટલો આવકારદાયક ગણાય? વિચાર કરીને અમલમાં મૂકવો જેવું નથી? ગિ.

પૂછશો અને જણાવશો?

તમારાં બાળકોને નીચેના પ્રશ્નો પૂછીને તેના જે જવાબો આવે તે જેવા ને તેવા જ લખી લઈને મોકલી આપવા તસ્દી લેશો? સાથે જ બાળકની જન્મતારીખ અથવા ઉંમર (વર્ષ અને મહિના) લખી જણાવશોજી. આવા સેંકડો પ્રશ્નો બાળકોને પૂછી બાળકોને કઈ ઉંમરે કેટલી શક્તિ છે, જ્ઞાન છે, વગેરે જાણીને તેના ઉપરથી તેમના માનસ વિષેના વિચારો બાંધવાની યોજના રચી શકાય. આ કાર્યમાં આપ સહાય આપશો જ.

બાળકોને પૂછવાના પ્રશ્નો

૧ તમને કયું ફૂલ ગમે છે?
૨ તમને કયું પક્ષી ગમે છે?
૩ તમને કયું પ્રાણી ગમે છે?
૪ તમને કયું ઝાડ ગમે છે?
૫ તમને કયું ફળ ગમે છે?
૬ તમને કયો રંગ ગમે છે?
૭ તમને કઈ મિઠાઈ ભાવે છે?
૮ તમને કયું શાક ભાવે છે?
૯ તમને કયું પીણું ગમે છે?
૧૦ તમને કઈ કવિતા કે ગાયન ગમે છે?
૧૧ તમને કઈ ચોપડી ગમે છે?
૧૨ તમને કયું વાહન ગમે છે?
૧૩ તમને કયું હથિયાર ગમે છે?
૧૪ તમને કઈ જાતનું કપડું ગમે છે?
૧૫ તમને કયો શિક્ષક ગમે છે?

ગિ.

મારી માને હું દુશ્મન ગણું છું

એક જુવાન માણસ પોતાની સ્મરણપોથીમાં આ પ્રમાણે લખે છેઃ "નાનપણમાં માએ મને લાડ લડાવ્યાં; એકનો એક એટલે મેં જેમ કહ્યું તેમ કર્યા કર્યું ને મને અપંગ બનાવ્યો. મેં ભણવાની ના પાડી ને બાએ કહ્યુંઃ 'ત્યારે કાંઈ નહિ. ઘરે રહે.' આવા આગ્યું તે આપ્યું ને વારંવાર માંદો પડી પડી નબળો થયો. રખે ને કંઈક થઈ જશે ને મરી જઈશ એવી બીકે મને ઘર બહાર સરખો જવા પણ ન દીધો. ન હું ભણ્યો, ન મને રમતાં આવડ્યું; ન હું બહાદૂર થયો. હું ઘરમાં બાના લાડમાં ઉછર્યો ને બાયલા જેવો ને આવડીઓ થયો છું. મારી જેવડા ને જેવા છોકરાઓ કાંઈના કાંઈ થઈ બેઠા છે. એ મારી માએ મારૂં બધું બગાડ્યું. મારી માને હું મારી દુશ્મન ગણું છું. એ મને નિરાધાર મૂકી મરી ગઈ છે, નહિતર આ વાત હું એને મોઢામોઢ કહેત.

ગિ.

ઘર બંધાવીએ ત્યારે યાદ રાખીએ

હમણા મેં " Residential Buildings suited to India." એટલે "હિંદને અનુકૂળ આવે તેવાં રહેવાનાં ઘરો." ઉપર અંગ્રેજીમાં લખેલી એક હિંદી ભાઇની ચોપડી જોઇ.

જોઈ વાંચીને હું ખિન્ન થઇ ગયો. ચોપડીમાં જાતજાતનાં મકાનો અને તેની જાતજાતની રચનાની વાતો હતી. આખરના પ્રકરણમાં મકાનના નકશાઓ આપેલા હતા. જુદી જુદી દૃષ્ટિએ મકાનોમાં સગવડ ગોઠવી હતી. માંદાનો ઓરડો રસોડા નજીક મૂકાયો હતો; સ્ત્રીઓ રસોઇ કરતી જાય અને સારવાર પણ કરતી જાય. મહેમાન માટે સ્થળ હતું. પાયખાનું, ન્હાવાનું, પિતાને અભ્યાસ કરવાની જગા, બાને માટે ડ્રોઇંગ રૂમ વગેરે હતાં. કશી ખામી ન હતી. પણ ન હતું તેમાં કયાંઇ બાળકને માટેનું સ્થાન. કોઠાર માટે અલાયદી ઓરડી હતી. ફક્ત બાળકો માટે જ કશું ન હતું.

મને દુ:ખ થયું, પણ નવાઇ ન લાગી. આપણા જીવનમાં બાળકોનું સ્થાન જ કયાં છે? ઘરની યોજનામાં તેને માટે સ્થાન ન હતું એ જ બરાબર હતું. મોટર ગેરેજ અને ઘોડાને માટેની ઓરડીઓનો નકશો હતો, અને બાળકોને માટે કશું ન હતું એ જ સંગત કહેવાય.

મારા મનમાં થયું: "આપણે બાળકોને સ્થાન કયારે આપીશું? આવડા મોટા ઘરમાં એને રમવાની, શાંતિથી ભણવાની, બોલવાની, મિત્રોને મળવાની, આરામ લેવાની નાની શી ઓરડી પણ નહિ બંધાવી આપીએ? એક વાર તો ભૂલી ગયા પણ હવે ફરી વાર ન ભૂલીએ. ઘર બંધાવીએ ત્યારે યાદ રાખીએ."

ગિ.

રસુબેન કેમ રડે છે?

મને રોજ પ્રશ્ન થાય કે રસુબેન એમ કેમ રડે છે?

છોકરાંઓ સૌ રમતાં હતાં. રસુબેન પણ રમતાં હતાં. એટલામાં રસુબેન ધ્રુસકે ધ્રુસકે રડવા લાગ્યાં; કોઇને કાંઇ કારણ સમજાય નહિ. ખૂબ પૂછ્યું ત્યારે કહે: "મારો રૂમાલ ખોવાઇ ગયો છે, ને જડતો નથી." એને ઘણું સમજાવ્યું. 'ચાલો ગોતીએ.' કહીને સૌ ગોતવા લાગ્યાં. એને પૂછીએ તો કયાં મૂકયો હતો કે કેવો હતો કે કાંઈ કહે નહિ; માત્ર રડ્યા કરે. એટલામાં રૂમાલ જડ્યો ને બેન હસવા લાગ્યાં.

* * *

થોડા દિવસ ગયા. એક દિવસ રસુબેન મારી પાસે શબ્દો વાંચતાં હતાં. ખૂબ આનંદમાં વાંચ્યે જતાં હતાં. ત્યાં એકાએક વાંચતાં બંધ પડ્યાં. મેં તેની સામે જોયું ત્યાં તો શબ્દો તો હાથમાં રહી ગયા છે ને આંખમાંથી દડદડ આંસુ ચાલ્યાં જાય! મને નવાઇ લાગી. કાંઇ કારણ બન્યું નથી ને રસુબેન એકાએક રડવા કેમ લાગ્યાં? તાવ છે કે કેમ તે જોયું. પેટમાં દુખે છે કે છે શું, વગેરે ઘણું પૂછ્યું. એક નહિ ને બે નહિ; રસુબેન તો રડ્યા જ કરે.

પછી એને બોળામાં બેસાડી પૂછ્યું: "તમે કહેતા નહિ તો કેમ બબર પડે? કહેતા તો બરાં, તમારૂં કાંઇ બોવાયું છે?" ત્યારે આસ્તેથી કહે છેઃ "મા...રો દાં...તિ...યો."

હું સમજી. સવારે હાજરી વખતે બધાંએ પોતાના દાંતિયા બતાવ્યા હતા. રસુબેને પણ બતાવ્યો હતો. ત્યાર પછી પાછો મૂકવાનું ભૂલી ગયાં હશે. એટલે મેં કહ્યું: "બોહો, એમાં શું? દાંતિયો ગોતી કાઢીએ. પહેલાં તમારા ટેબલમાં જ જુઓ જોઇએ." ત્યાં નહિ હોય તો શું નું શું થઇ જશે, એવી બીકથી જાણે જોતાં ન હોય, એમ હળવેથી ટેબલનું બાનું બેંચ્યું, ને જુએ ત્યાં તો દાંતિયો પડેલો! બડબડ હસી પડ્યાં.

હું વિચારમાં પડી કે રસુબેન એમ કેમ રડે છે?

એનું કારણ તે પછી જડ્યું. એ પોતે જ વાતવાતમાં એક વાર બોલી ગયાં કે "રૂમાલ બોવાય તો તો મારી બા મને મારી નાબે ને?"

તા.

અક્ષરજ્ઞાન યોજના સમાચાર

સત્યાગ્રહ યુદ્ધ ચાલ્યું અને ઘણા અક્ષર-સેવકો તેમાં જોડાયા. પરિણામે એ સમય દરમ્યાન અક્ષરશાળાઓ ધીમી પડી. કેટલીએક બંધ પણ પડી.

હમણાં પાછી શાળાઓ ઉભી થવા લાગી છે. બધી શાળાઓની નોંધણી નવેસરથી ચાલે છે. લડત દરમ્યાન અને અત્યારે પણ કેટલીએક સત્યાગ્રહ છાવણીઓએ અક્ષરજ્ઞાન આપવાનું કામ ઉન્નતિના એક અગત્યના અંગ તરીકે સ્વીકારી લઇ ચલાવ્યું હતું.

હમેશ અક્ષરજ્ઞાનના સભ્ય થવાની તેમ જ અક્ષરજ્ઞાનની સિદ્ધ થએલી ઉપયોગિતા બતાવતી ટપાલ ચાલી આવે છે.

મરાઠીમાં કેમ શીખવવું તથા ચાલો વાંચીએ (कसें शिकवावें अने माझें पुस्तक) તૈયાર કરનાર શ્રી. તારાબેન મોડક અને મીસ ડોંગરે. હવેથી મહારાષ્ટ્રમાં પણ અક્ષરજ્ઞાનની યોજના પ્રચાર પામશે.

ઉર્દુમાં કેમ શીખવવું તથા ચાલો વાંચીએ (આસાન અલીફ બે) મીસીસ બદીજા શફી તૈયબજીએ તૈયાર કરેલ છે. મુંબઇ મ્યુનિસિપાલિટીએ આ પુસ્તકને બાળવર્ગના પાઠ્ય-પુસ્તક તરીકે ઉર્દુ શાળાઓ માટે મંજુર કર્યું છે.

મીસ ડોંગરેએ અક્ષરજ્ઞાનની ઉપયોગિતા ઉપર લેખ લખી અંગ્રેજી વર્તમાનપત્રોમાં આપેલો હતો જેને પરિણામે અંગ્રેજી ભાષા જાણનારા જુદા જુદા સમાજસેવકોના પત્રો અક્ષરજ્ઞાન યોજનાની માહિતી મેળવવા માટેના આવવા લાગ્યા છે.

અક્ષરજ્ઞાન યોજનાને હિંદી તથા બંગાળીમાં ઉતારવાનો પ્રયત્ન શરૂ થયો છે.

અત્યાર સુધીમાં અક્ષરજ્ઞાનનાં નીચેનાં પુસ્તકો પ્રસિદ્ધ થયાં છેઃ—

કેમ શીખવવું	૧૦,૦૦૦ નકલો
ચાલો વાંચીએ	૧૦,૦૦૦ ,,
આગળ વાચો પહેલી ચોપડી	૩૦૦૦ ,,

આગળ વાંચો બીજી ચોપડી ૩૦૦૦ ,,

સૌરાષ્ટ્રે 'આંધળાને આંખ' નામનો લેખ છાપી, તથા પુસ્તકાલયે 'આંખનાં પડળ ઉઘાડો' લેખ લખી પ્રચારના કામને મદદ કરી યોજનાને આભારી કરેલ છે.

સૂચનાઓ

૧. 'ચાલો વાંચીએ' એ પાઠ્યપુસ્તક છે. અને તેનો ઉપયોગ શરૂથી જ ભણનારને ઘેર વાંચવા માટે થાય માટે એક આનાની કિંમત મોકલી મંગાવી જ લેવું. તે વગર પરિણામ ન જ આવે.

૨. કોઇ પણ સંજોગો વચ્ચે પોતાનો વર્ગ બંધ કરવો પડે તો પોતાના સ્નેહી, મિત્ર કે બીજા કોઇ ઉત્સાહી ભાઇ કે બહેનને પોતાનો વર્ગ સોંપી મુક્ત થવું.

૩. વેકેશનના દિવસોમાં પોતાના ગામમાં શરૂ કરેલા વર્ગો વેકેશન પૂરું થયે તે વર્ગ બીજા કોઇ ભાઇને સોંપી છૂટા થવું.

૪. એક વર્ગ કે વ્યક્તિ વાંચતાં શીખી જાય પછી બીજા નિરક્ષરોને શોધી કામ ચાલુ રાખવું. થોડાથી સંતોષ ન માનવો. ઘરમાં, પાડોશમાં અને ગામમાં નિરક્ષરોની શોધ કરવી.

ટપાલમાંથી વાનગી

વલસાડથી:—

"હમણાં દુબળાના છોકરાઓ આવે છે ને કેટલીક સ્ત્રીઓ પણ હોંશથી ભાગ લે છે. અત્યાર સુધીમાં ૮૯ છોકરાઓએ ભાગ લીધો."

એક ભાઇ લખે છે:—

"મારાં પત્નીને ભણાવવું શરૂ કર્યું હતું. ચાલો વાંચીએ વાંચતાં આવડી ગયું છે."

બીજા ભાઇ લખે છે:—

"હું અક્ષરજ્ઞાન યોજના માટે અભિમાન ધરાવું છું. એક ૧૮ વર્ષના અભણ ધાંચીને મેં વાંચતો લખતો કર્યો છે."

ધાંચી અમથાલાલ લખે છે:—

"અમારા ચાર છોકરા તથા ચાર છોકરીઓને આ યોજના પ્રમાણે વાંચતાં કર્યાં છે, અને તેમને ગુજરાતી સ્કૂલમાં દાખલ કરી દીધાં છે."

ભાઇ જુગતરામ લખે છે:—

"ભાઇ સા'બ, દસાડું દફ્તરમાંથી કાઢી નાખશો નહિ! અમારા આશ્રમમાં રાતીપરજ વિદ્યાર્થીઓને તમારી ચોપડી વંચાવીએ છીએ."

એક ભાઇ લખે છે:—

"એક મરાઠી છોકરો આપણી યોજના વડે ગુજરાતી વાંચતો લખતો થઈ ગયો છે."

પોરબંદરથી:—

"રાત્રિશાળામાં ઇન્જીનીયરીંગના પોલિસો, મોટર-ડ્રાઇવરો, ભેંશો ચારનાર રબારીઓ ને એવી વિવિધ વાનીના અભણ જનો આવવા ને નામ નોંધાવવા માંડ્યા છે."

તાલુકા સમિતિ ધોલેરાથી:—

"બાર ગામોમાં શાળા ચાલે છે. અક્ષરજ્ઞાન યોજના પ્રમાણે શિક્ષણ અપાય છે. લગભગ ૩૦૦ નાનાંમોટાં આજે ભણે છે. પ્રધાન પ્રવૃત્તિ તો ખાદીની છે, છતાં શિક્ષણ પાછળ સરેરાશ દરેક સ્વયંસેવકના ચાર કલાક તો જતા હશે જ."

દેત્રોજથી હેમુભાઇ લખે છે:—

"આ દીવાળી પહેલાં દેત્રોજમાં ચોક્કસ

ઓછા પાંચસોને વાંચતા કરી દેવાની ઉમેદ છે. હું એક યોજના ધરું છું. જેમાં દીવાળી પહેલાં વીરમગામ તાલુકામાં પાંચ હજાર માણસોને વાંચતા કરી દેવાનું છે.

સાભાર સ્વીકાર અને પહોંચ

(૧૬-૧-૩૧ થી તા. ૧૯-૮-૩૧ સુધીમાં)

૨-૬-૦	શીવજી ભગવાનજી ખગ્રામ કરાંચી.	
૯-૧૦-૬	ડૉ. ઇશ્વરલાલ જીવાભાઇ મુકામ	
૧-૪-૦	શીવજી ભગવાનજી ખગ્રામ કરાંચી	
૧-૦-૦	રેવચંદ તુળજારામ	નીપાણી
૫-૪-૦	મોચી દેવજી શામજી	રાજકોટ
૧૦-૦-૦	ગુલાબબેન	મુંબઇ
૫-૧-૦	નર્મદાબહેન મહાશંકરરાવળ	ભાવનગર
૧-૦-૦	ચુનીલાલ મગનલાલ	મુંબઇ
૨-૦-૦	કમળાબેન મગનલાલ	ભાવનગર
૧-૦-૦	કહાન ચકુ ગાંધી	રાજકોટ
૫-૦-૦	મહાદેવપ્રસાદ હ. દેસાઇ	રંગુન
શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર અક્ષરજ્ઞાન યોજનાં કાર્યાલય તા. ૨૦-૮-૩૦		તંત્રવાહકો અક્ષરજ્ઞાન યોજના

અજ્ઞાનનાં પડળ તોડો

અંધકારનો ઉપાય પ્રકાશ છે. લાખો મણ અંધારૂં એક નાનો સરખો દીવો દૂર કરે છે.

અજ્ઞાનનો ઉપાય જ્ઞાન છે. અનેકવિધ અજ્ઞાન જ્ઞાનનું એક કિરણ દૂર કરે છે.

અંધારામાં રોગ વધે છે, બદી વધે છે, વિનાશ વધે છે. એમ જ અજ્ઞાનનું છે. અજ્ઞાન રોગનું, બદીનું અને પરિણામે વિનાશનું મૂળ છે.

અંધારાનાં માણસ અટવાઇ જઇ કેદ બને છે; અંધારામાં માણસ આંધળો બને છે; અંધારૂં માણસને ગૂંગળાવી મારી નાખી શકે છે. એમ જ અજ્ઞાનનું છે. અજ્ઞાનમાં માણસ ગુલામ બને છે. પરતંત્રતા અજ્ઞાનને આધારે જ ટકે છે.

અજ્ઞાની અને આંધળો સરખા છે. અજ્ઞાન એ મનની શક્તિનો અંધાપો છે; અજ્ઞાન એ મન અને આત્માનો ગૂંગળાટ છે.

આંધળાને આંખો આપવી એ પુણ્ય કાર્ય છે; આંધળાને આંખો આપવી એ મહત્ કાર્ય છે. એમ જ અજ્ઞાનીને જ્ઞાન આપવાનું છે.

માણસ આજે દેખતો ન હોય તે કાલે દેખતો થાય, ત્યારે તે પોતાને ધન્ય ધન્ય માને છે. તેની કાર્યશક્તિ, કાર્યપ્રદેશ કેટલો બધો વધી પડે છે! તેનામાં નવું જીવન આવે છે.

એમ જ અજ્ઞાનીને જો જ્ઞાન લેવાનો માર્ગ મળે તો તે ભાગ્યશાળી બને છે. તેની શક્તિમાં ઓર વધારો થાય છે. તેના જીવનમાં નવો પ્રાણ સંચરે છે. તેનો નવો જન્મ થાય છે.

આપણે ત્યાં આંધળા છે તેના કરતાં વધારે અજ્ઞાની એટલે અભણ છે. પથરો લેવા જતાં કદાચ પથરો ન જડે, પણ અભણ શોધતાં એકને બદલે બે જડે તેમ છે. અભણ માણસ બિચારો અપંગ છે. તે હિસાબકિતાબમાં બરાબર સમજતો નથી. તેને ગામનો વાણિયો છેતરી શકે છે. દુનિયામાં શું ચાલે છે તેનું જ્ઞાન તે ગપગોળાઓ ઉપરથી માત્ર મેળવે છે. છાપું કે ચોપડી તેને મન ધોળા ઉપર કાળા

ડાઘ છે. અભણને ભણતરની કિંમત નથી. અભણ પોતાનાં બાળકોને નિશાળે મોકલવાની કિંમત સમજી શકતો નથી. અભણ આંધળો રહે છે ને તેનાં બાળકોને પણ તે આંધળાં જ રાખે છે.

દુનિયાના મોટા મોટા દેશોએ જોયું કે નિરક્ષરતા એ એક ભયંકર એવો પ્રજા રોગ છે. નિરક્ષરતા ઘણાં નાનાં મોટાં દર્દોનું મૂળ છે. એટલે જ ચીન, રૂશિયા, અમેરિકાએ નિરક્ષરતા સામે મોટું યુદ્ધ આદર્યું ને નિરક્ષરતાને મૂળમાંથી ઉખેડી નાખી, તળીએથી ઝાટકી કાઢી.

અમેરિકાની એક સ્ટીવર્ટ નામની બાઇને દુઃખી અભણ અમેરિકનો અને નહિ અમેરિકનોના અજ્ઞાન માટે લાગી આવ્યું. તેણે તેમને સહેલથી ભણવાની યુક્તિ કાઢી. સેંકડો લોકો અજવાળી રાતે ભણવા આવ્યાં. સિત્તેર અને એંશી વર્ષનાં ડોસા ડોસીઓ પણ આવ્યાં. એ બી સી ડી થી માંડીને તેઓ ચોપડીઓ વાંચતાં શીખ્યાં. પુસ્તકોની અંદર રહેલ જ્ઞાનનાં તેઓ માલીક બન્યાં. તેઓ મનથી બળવાન થયાં. અમેરિકામાં આ બાઇના કાર્યની વાત ફેલાઇ. આખા અમેરિકાના નિરક્ષરોનો રોગ ટાળવાનું કામ રાજ્યે ઉપાડ્યું. અને પ્રેસિડન્ટ હુવરે જાહેર કર્યું કે ૧૯૩૦ની આખરમાં અમેરિકામાં એક પણ અભણ માણસ ન જોઇએ. આજે અમેરિકામાંથી અંધકાર ચાલ્યો ગયો છે. બહાર વિજળીની બત્તીઓથી રાતે પણ દિવસ ઉગે છે; અંદર અક્ષરજ્ઞાનની બત્તી વડે મનના અંધારાની જગાએ અજવાળું પ્રગટ્યું છે.

રૂશિયાની સરકારે ધાર્યું કે "આપણે ત્યાં નિરક્ષર ન જોઇએ." અને એકેએક ઘરડો અને જુવાન, સ્ત્રી અને પુરુષ વાંચતો લખતો થઇ ગયો. રૂશિયા એક વાર નિરક્ષરતાનું ધામ હતું; આજે રૂશિયામાં અક્ષરજ્ઞાનનો આંકડો ઉંચે ચડી ગયો છે. જ્યારે નિરક્ષરતા હતી ત્યારે રાજસત્તાનું સામ્રાજ્ય ટકતું હતું. આજે સાક્ષરતા છે; આજે સાક્ષર ભણેલી પ્રજા પોતાનું રાજ્યતંત્ર ચલાવે છે.

ચીનની વાત પણ જાણીતી છે. એક જુવાનને મજુરોના અજ્ઞાનની વાત સાલી. બિચારાઓને કાગળો લખતાં પણ ન આવડે! બાનગી કાગળ બીજા પાસે વંચાવવો પડે! તેણે ઝુંડો ઉપાડ્યા. જુવાનોને અને જુવાન હૃદયના ચીનને તેણે અજ્ઞાન સામેની લડતમાં નોતર્યું, અને જુવાનોએ ચીનની નિરક્ષરતા હાંકી કાઢી. ચીનો એટલે અભણ અને તેથી વહેમી, જંગલી, કંગાળ અને પછાત—તેને બદલે આજે સ્થિતિ પલટાઇ ગઈ.

પણ હિંદ વિષે કોઇને પડી છે?

કરોડો અભણ હિંદી ભાઇઓ માટે શું કરીશું? એમની આંખે પાટો જ બાંધી રાખીશું કે તેમનાં પડળ ખોલીશું? નથી લાગતું કે આપણી કમદશા અજ્ઞાનને લીધે પણ મોટે ભાગે છે? આપણી ગુલામી જે આપણે ભણેલા, જ્ઞાનસંપન્ન, જગતની પ્રગતિ જાણનાર હોત તો આટલી બધી ટકી શકત ખરી? શું અજ્ઞાન ઉપર જ આપણા ઉપર દેશેદેશના લોકોએ પોતાના રાજ્યોની ઇમારત નથી ચણી? શું હજી પણ અજ્ઞાન પ્રજાના જ ગેરલાભે વેપારવણજ અને રાજકાજ નથી ચાલી રહ્યાં? ભૂખમરો અને અજ્ઞાન એ બે જ અશક્તિઓ

આપણને બાંધી રહી છે, આપણને મૃત્યુ તરફ ધસડી રહી છે.

ત્યારે આપણે પણ નિરક્ષરતા દૂર કરવા શું કરીશું ? આપણામાં જુવાનો નથી જ શું ? આપણામાં એકાદ ચીનાનું, એકાદ રશિયનનું, એકાદ અમેરિકન બાઇનું જોમ નથી શું ? શું આપણે દરેકેદરેક સમજુ જણ નિરક્ષરતા સામે મહાન્ વિગ્રહ ન આદરીએ ? 'કેમ શીખવવું' એની મુશ્કેલી આપણને નહિ નડે. 'કેમ શીખવવું' એ નામની ચોપડી આપણે શ્રી-દક્ષિણામૂર્તિ ભવનમાંથી મેળવી શકીએ છીએ. એ પુસ્તક વિના મૂલ્ય મળે છે. એક અભણ લઇને કે અનેક અભણ લઇને આપણે શીખવવા બેસી જઇ શકીએ. ફક્ત એક કલાક રોજ શીખવીએ તો દોઢ મહિને અભણ માણસ ભણતો—વાંચતો થઈ જાય છે. આંધળો દેખતો થઇ જાય છે. નિરક્ષર સાક્ષર થાય છે. ફક્ત રોજની એક જ કલાકની મહેનત અજ્ઞાન અંધકારને મિટાવવાનો રસ્તો છે.

આપણી પાછળ સરકારો નથી. આપણી પાછળ પ્રજાસંઘ નથી. આપણે અત્યારે અસ્ત-વ્યસ્ત દશામાં છીએ. છતાં આપણામાં હજી પ્રાણ છે. હજી જીવવાની આશા અને શક્તિ છે. આપણે એકેએક જણ બીજાને શીખવવા મંડીએ, તેને અંધારામાંથી પ્રકાશમાં લાવીએ.

શહેરમાં અભણ છે, ગામડામાં અભણ છે, જ્યાં જોઇએ ત્યાં અભણ છે. જરા અવકાશ કાઢીએ, જરાક શ્રમ લઇએ. વિના ખર્ચે બહુ કરી શકીશું.

આમાં કોને હાક પાડવી અને કોને હાક ન પાડવી ? સૌને ભલું કરવાનો હક્ક સરખો છે. સૌ જો થોડું થોડું કરે તો પણ ટીપે ટીપે સરોવર ભરાય ને કાંકરે કાંકરે પાળ બંધાય.

અક્ષરજ્ઞાનની યોજના આપ નીચેને સરના-મેથી મગાવી લેશો, જોઇ જશો અને ઉપયોગ કરશો. આપણા દેશ અર્થે, આપણા ભાઇઓના અને આપણા જ કલ્યાણને અર્થે, આપણે સૌ કંઇ ને કંઇ કરીને જીવનને હાંસલ કરીએ.

ગિજુભાઇ.

અક્ષરજ્ઞાન કાર્યાલય; શ્રીદક્ષિણામૂર્તિ ભવન;
ભાવનગર.

નજરે જોયેલ

૧

એક છોકરીને બરાબર ખાતાં નહોતું આવ-ડતું. તેની બાએ કહ્યું: "ખાતાં શીખ ખાતાં ! બરાબ સાસરિયાં મળશે ત્યારે ખબર પડશે !"

છોકરી એમાં કશું સમજી શકી નહિ. એણે તો એમ ને એમ જ ખાવા જ કર્યું.

૨

એક બીજી છોકરીને બરાબર ખાતાં નહોતું આવડતું. તેની કાકીએ પાસે જઇ બતાવ્યું: "જો બેન, રોટલી આમ થોભીએ; આમ શાક લેવાય; આમ દાળનો સબડકો લેવાય." બે ચાર દિવસ પછી છોકરીને ખાતાં આવડી ગયું.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ પત્રિકા શ્રી સરસ્વતી છાપખાનું; અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(સોનીસોથી ગ્રંથ)

વર્ષ ૬ ઠ્ઠું
૧૯૮૮

અંક ૯-૧૦ મો
કાર્તિક-માગશીર્ષ

: તંત્રીઓ :

ગિજુભાઇ

તારાબેન

સૂઝ અને

વિચાર કરો

ઇશ્વરની સૃષ્ટિમાં બાળક એક અદ્‌ભુત નિર્દોષ સર્જન છે. આપણે તેની સમક્ષ માનપૂર્વક ઉભા રહી તેના વિકાસના ક્રમને ઓળખીને તેને અનુકૂળતા કરી આપીએ.

જેણે આજના બાળકને સ્વતંત્ર અને સ્વાધીન થવા માટેની અનુકૂળતા કરી આપી છે તેણે માનવજીવનની સર્વતોમુખી ક્રાન્તિ અને આત્યંતિક શાન્તિના માર્ગે મનુષ્યજાતને મૂકેલી ગણાશે.

મૉન્ટીસોરી શિક્ષણ સંસ્થામાં

ગાંધીજી સાથેની મૅડમ મોન્ટીસોરીની મુલાકાત વિષેની નોંધ તો મેં નવજીવનમાં લીધી હતી. એ આત્મા સાથે આત્માનું મિલન હતું. તેમના ઉપર એટલી ઊંડી અસર થયેલી કે તેમણે લખ્યું: 'ગાંધીજી મને તો માણસ કરતાં આત્મા રૂપે જ વધારે દેખાય છે. મેં તેમને મારા આત્માથી સમજવાનો પ્રયત્ન કર્યો છે. તેમનો વિનય, તેમની મીઠાશ એવાં હતાં કે જાણે આખી દુનિયામાં કઠોરતા જેવી કંઈ વસ્તુ જ ન મળે; તેમણે સીધા તીક્ષ્ણ સૂર્ય-કિરણની પેઠે જાણે કશી મર્યાદા કે કશાં વિઘ્ન ન હોય એ રીતે પોતાને ઉદારતાથી સંપૂર્ણ વ્યક્ત કર્યા. મને લાગ્યું કે આ માનનીય વ્યક્તિ જે શિક્ષકોને હું તૈયાર કરી રહી છું તેમને ઘણી મદદ કરી શકશે. શિક્ષકો ઉદાર અને ખુલ્લા દિલના હોવા જોઈએ. તેમણે પોતાનાં આત્માનું પરિવર્તન કરવું જોઈએ કે જેથી તેઓ પીઢ લોકોની કઠોર અને મનુષ્યજીવનને કચરી નાંખે એવા વિઘ્નોથી ભરપૂર દુનિયામાંથી નીકળી આવી શકે. ગાંધીજીની શિક્ષકો સાથેની આ મુલાકાત માનવી બાળકોનું આધ્યાત્મિક રક્ષણ કરવામાં અમારી મદદ કરે.'

અમને ત્યાં ગાદીતકિયા આપવામાં આવ્યા હતા અને આઇલિંગ્ટનના ગરીબ પણ દેવભીરુ બાળકો જેવાં સ્વચ્છ અને મીઠડાં બાળકોએ હિન્દી રીતે ગાંધીજીને નમસ્કાર કર્યા. તેમણે સાદો પોશાક પહેર્યો હતો અને બધાંના હાથ-પગ ઉઘાડા હતા. પછી આ બાળકોએ તેમને શીખવાડેલું કામ બતાવીને અમારું મનોરંજન કર્યું. તાલબદ્ધ હલનચલન, ધ્યાન અને ઇચ્છા-શક્તિનાં નાના નાના પ્રયોગો, વાજિંત્ર વગાડવાના અને છેલ્લે મહત્ત્વમાં કોઇથી પણ ન ઊતરે એવા માનસાધનાના પ્રયોગો તેમણે કરી બતાવ્યા. હાજર રહેલાં બધાં ઉપર આની ઘણી સારી છાપ પડી. એમનાં બાળકોથી વીંટળાયેલાં મૅડમ મોન્ટીસોરીમાં મને બાળકોને સારૂ મુક્ત થયેલી દુનિયાના દર્શન થયાં; ઈશ્વરની સૃષ્ટિમાં બાળકો જ એકલાં મોટેભાગે તેને મળતાં છે. મૅડમ મોન્ટીસોરીની શિક્ષણવિષયક મહત્ત્વાકાંક્ષા પૂરેપૂરી સફળ ન થાય તો પણ તેમણે બાળકોમાં જે પૂજવાયોગ્ય છે તેના તરફ માતાપિતાઓનું ધ્યાન દોરીને તેમણે માનવ-જાતની અસાધારણ સેવા કરી છે. તેમણે મધુર સંગીતમય ઇટાલિયનમાં ગાંધીજીનું સ્વાગત કર્યું અને તેમના મંત્રીએ તેનો અંગ્રેજીમાં અનુવાદ કર્યો. એ અનુવાદ પણ પૂરેપૂરો હર્ષ ઉપજાવે એવો છે.

"હું મારા વિદ્યાર્થીઓને અને મિત્રોને સંબોધી કહું છું, મારે તમને એક મોટી અગત્યની વાત કહેવાની છે. ગાંધીજીનો આત્મા, જે મહાન આત્માનો આપણે આટલો અનુભવ કરીએ છીએ તે, આજે તેમના શરીરમાં મૂર્ત-રૂપે આપણી સમક્ષ અહીં છે. જે વાણી સાંભળવાનું સદ્‌ભાગ્ય હમણાં આપણને મળવાનું છે તે વાણી આજે દુનિયામાં સર્વત્ર ગુંજી રહેલી છે. તેઓ પ્રેમથી બોલે છે અને કેવળ મોઢેથી જ નહિ, પણ તેમાં પોતાનું આખું જીવન રેડી દે છે; કોઇક જ વખતે અને એવી

આ વસ્તુ છે અને તેથી જ્યારે તે થાય છે ત્યારે પ્રત્યેક મનુષ્ય તેને સાંભળે છે. ગુરુવર્ય ! આજે તમારૂં સ્વાગત કરે છે તે વાણી લેટિન જાતિ-ઓમાંની એકની છે. પશ્ચિમના ધાર્મિક વિચારોના ઉદ્‌ગમસ્થાન રોમની તે વાણી છે અને તેને માટે હું મગરૂર છું. પૂર્વના સન્માનમાં આજે પશ્ચિમના સમસ્ત વિચારો અને જીવનને મૂર્તરૂપે હું રજૂ કરી શકી હોત તો કેવું સારૂં એમ મને થાય છે. હું મારા વિદ્યાર્થીઓને તમારી આગળ મૂકું છું. તેઓ મારા વિદ્યાર્થીઓ જ નથી, તેઓ મારા મિત્રો છે. એ મિત્રોના મિત્રો અને તેમના સગાંસંબંધીઓ અહીં એકઠાં થયેલાં છે. મારા વિદ્યાર્થીઓમાં ઘણા ઘણા રાષ્ટ્રોના લોકો છે. અહીં જે આવેલા છે તેમાં ઉદાર દિલના અંગ્રેજ શિક્ષકો છે અને ઘણા હિંદી વિદ્યાર્થીઓ છે; ઇટાલિયન, ડચ, જરમન, ડેન્સ, ઝેકોસ્લોવેકિયન, સ્વીડ્‌સ, ઑસ્ટ્રીયન, હંગેરિયન અમેરિકન અને આસ્ટ્રેલિયન વિદ્યાર્થીઓ છે; અને ન્યૂઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા, કેનેડા અને આયર્લેન્ડથી આવેલા વિદ્યાર્થીઓ પણ છે.

"બાળક પ્રત્યેના પ્રેમથી તેઓ અહીં આવ્યા છે. હે ગુરુ ! દુનિયાની સભ્યતા અને બાળકનો વિચાર એ સાંકળથી અમે એક બીજા સાથે જોડાયાં છીએ અને એ કારણે અમે બધાં આજે આપની સમક્ષ આવેલાં છીએ. કારણ અમે બાળકોને જીવવાનું, તે આધ્યાત્મિક જીવન જીવવાનું શીખવીએ છીએ કે જે એકલું જ સંસારમાં શાંતિ ઉત્પન્ન કરી શકે છે; અને તેટલા જ માટે અમે બધાં અહીં જીવનની કળાના આચાર્ય અને અમારા બધાના—વિદ્યાર્થીઓ અને તેમના મિત્રોના—ગુરુની વાણી સાંભળવા માટે એકત્ર થયાં છીએ. અમારા જીવનમાં આ દિવસ યાદગાર નીવડશે. પેલાં ૨૪ અંગ્રેજ બા-ળકો જેમણે પોતે તૈયારી કરીને તમારી આગળ કામ કર્યું તે બાળકો જે નવું બાળક થવાનું છે તેનાં જીવતાંજાગતાં પ્રતીક છે. અમે બધાં જ તમારા શબ્દની રાહ જોઇએ છીએ."

ગાંધીજીની હૃત્તંત્રીના બધા જ તારોને હલાવી મૂકવામાં આની ભારે અસર થઇ અને એ હૃત્કંપમાંથી તે મહાન અવસરને યોગ્ય સંગીત નીકળ્યું. દુનિયાના બધા ભાગોમાં વસતા માત-પિતાઓને સારૂ એ એક સંદેશ પણ હતો અને મુક્તિપત્ર પણ હતું. હું તે અહીં પૂરેપૂરૂં આપું છું.

"મૅડમ, હું તમારા શબ્દોના ભાર નીચે દબાઇ જાઉં છું. પૂરેપૂરી નમ્રતાથી મારે એ કબૂલ કરવું જોઇએ કે, ગમે તેટલો ઓછો કેમ ન હોય પણ હું મારા જીવનના પ્રત્યેક અંગમાં પ્રેમ પ્રગટ કરવાનો પ્રયત્ન કરૂં છું, એ ખરેખર સાચું જ છે. હું મારા સૃષ્ટાનો, જે મારી દૃષ્ટિએ સત્ય-સ્વરૂપ છે તેનો સાક્ષાત્કાર કરવા માટે અધીરો છું, અને મારા જીવનના આરંભમાં જ મેં એ શોધ કરી કે જો મારે સત્યનો સાક્ષાત્કાર કરવો હોય તો મારે, મારા જીવના જોખમે પણ, પ્રેમધર્મનું પાલન કરવું જોઇએ. અને મને પ્રભુએ બાળકો આપ્યાં છે તેથી એ શોધ પણ હું કરી શક્યો કે પ્રેમધર્મ તો બાળકો જ સૌથી વધારે સમજી શકે અને તેમનો દ્વારા જ તે વધારે સારી રીતે શીખી શકાય. તેમનાં ગરીબ અજ્ઞાન માબાપો ન હોત તો બાળકો સંપૂર્ણ નિર્દોષ રહેત. મારો એ સંપૂર્ણ વિશ્વાસ છે કે જન્મથી જ બાળક ખરાબ નથી હોતું. બાળક જન્મે તે પહેલાં અને પછીથી પણ માબાપો તેના વિકાસકાળમાં

સારી રીતે વર્તશે તો સ્વભાવથી જ બાળક પણ સત્ય અને અહિંસાના ધર્મનું પાલન કરશે એ જાણીતી વાત છે. અને મારા જીવનના આરંભકાળમાં જ જ્યારથી મેં આ વાત જાણી ત્યારથી જ મારા જીવનમાં ધીરેધીરે પણ સ્પષ્ટ ફેરફાર કરવા માંડ્યો. મારૂં જીવન કેવાં અને કેટલાં વાવાઝોડાંમાંથી પસાર થયું છે, તેનું હું વર્ણન કરવા નથી ઇચ્છતો પણ હું સાચે જ પૂરેપૂરી નમ્રતાથી એનો સાક્ષી થઇ શકું છું કે જેટલે અંશે મારા જીવનમાં મેં વિચાર, વાણી અને કાર્યમાં પ્રેમ પ્રગટ કર્યો છે તેટલે અંશે મેં 'ન સમજી શકાય એવી' શાંતિ અનુભવી છે. એ ઈર્ષ્યા થાય એવી શાંતિ મારામાં જોઇને મારા મિત્રો તે સમજી શકયા નથી અને તેમણે મને એ અમૂલ્ય ધનનું કારણ જાણવા પ્રશ્ન કર્યો છે. હું તેના કારણનો ખુલાસો નથી આપી શકયો, હું તો એટલું જ કહેતો કે મિત્રોએ જે એવી શાંતિ મારામાં જોઇ છે તો તેનું કારણ આપણા જીવનના સૌથી મહાન નિયમનું પાલન કરવાનો મારો પ્રયત્ન છે.

૧૯૧૫ માં હું હિંદુસ્તાન પહોંચ્યો ત્યારે મને સૌથી પહેલાં તમારી પ્રવૃત્તિની ઓળખાણ થઈ. અમરેલી જેવા નાના શહેરમાં મેં મોન્ટીસોરી પદ્ધતિ પ્રમાણે ચાલતી એક નાની શાળા જોઇ. તેના પહેલાં મેં તમારૂં નામ સાંભળેલું. મને એ જાણવામાં મુશ્કેલી ન પડી કે આ શાળા તમારી શિક્ષણપદ્ધતિના બોખાનું અનુસરણ કરતી હતી, તત્ત્વનું નહિ. અને જો કે ત્યાં ઓછોવત્તો પ્રામાણિક પ્રયત્ન કરવામાં આવતો હતો છતાં મેં એ પણ જોયું કે તેમાં ઘણો ખરો ખોટો ભપકો હતો.

પછી તો હું એવી ઘણી શાળાઓના સંસર્ગમાં આવ્યો અને જેમ વધારે સંસર્ગમાં આવ્યો તેમ હું એ વધારે સમજવા લાગ્યો કે બાળકોને જે કુદરતના, પશુઓમાં જે સામ્રાજ્ય ભોગવે છે તે નહિ પણ મનુષ્યત્વને શોભે એવા નિયમોદ્વારા શિક્ષણ આપવામાં આવે તો તેનો પાયો ભવ્ય અને સારો છે. બાળકોને જે રીતે શિક્ષણ આપવામાં આવતું હતું તે ઉપરથી મને સ્વભાવથી જ એમ લાગ્યુ કે તેમને જે કે ત્યાં સારી રીતે શિક્ષણ આપવામાં નહોતું આવતું છતાં તેની મૂળ પદ્ધતિ આ મૂળ નિયમોને અનુસરીને જ કલ્પાઈ હતી. ત્યાર પછી તો મને તમારા ઘણા શિષ્યોને મળવાનો સુઅવસર મળેલો. તેમાંના એકે તો ઇટાલીની યાત્રાએ આવીને તમારા પોતાના આશીર્વાદ પણ મેળવ્યા હતા. હું અહીં આ બાળકોને અને તમને બધાંને મળવાની આશા રાખતો હતો અને આ બાળકોને જોઇને મને ઘણો જ આનંદ થયો છે. આ બાળકોની બાબતમાં મેં કંઇક જાણવાનો પ્રયત્ન કર્યો છે. અહીં જે મેં જોયું તેની કંઇક ઝાંખી મને બરમિંગહામમાં થઇ હતી. ત્યાં એક શાળા છે. આ શાળામાં અને તે શાળામાં ભેદ છે. પરંતુ ત્યાં પણ માનવતા પ્રકાશમાં આવવાનો પ્રયત્ન કરતી જોવામાં આવે છે. અહીં પણ હું તે જ જોઉં છું અને નાનપણથી જ બાળકોને મૌનનો ગુણ સમજાવવામાં આવે છે અને તેમના શિક્ષકના એક ઇશારામાત્રથી સોંય પડે તો પણ સંભળાય એવી શાંતિમાં બાળકો એક પછી એક કેવી રીતે આવ્યા એ જોઇ મને અનિર્વચનીય આનંદ થયો છે. તાલબદ્ધ હલનચલનના પ્રયોગો જોઇને

મને ઘણો આનંદ થયો છે અને જ્યારે હું આ બાળકોના આ પ્રયોગો જોતો હતો ત્યારે ભારતના અધબૂખ્યાં ગામડાંઓનાં બાળકો પ્રત્યે મારૂં હૃદય દોડી ગયું અને મેં મારા મનને પૂછ્યું 'આ પાઠો હું તેમને શીખવું, અને તમારી પદ્ધતિ પ્રમાણે જે શિક્ષણ અપાય છે તે શિક્ષણ તે બાળકોને હું આપું એ સંભવિત છે ખરૂં?' હિન્દુસ્તાનના ગરીબમાં ગરીબ બાળકોમાં અમે એક પ્રયોગ કરી રહ્યા છીએ. એ પ્રયોગ કેટલો સફળ થશે એ હું જાણતો નથી. હિન્દુસ્તાનના ઝુંપડાંઓમાં રહેતાં બાળકોને સાચું શક્તિશાળી શિક્ષણ આપવાનો પ્રશ્ન અમારી સામે છે અને અમારી પાસે પૈસા વગેરેના કશાં સાધનો નથી.

" અમારે તો શિક્ષકોએ સ્વેચ્છાથી આપેલી મદદ પર આધાર રાખવો પડે છે અને જ્યારે હું શિક્ષકોને શોધું છું ત્યારે ઘણા થોડા જ મળે છે, ખાસ કરીને બાળકોને સમજીને, તેમનામાં રહેલી વિશેષતાનો અભ્યાસ કરી, અને પછી તેને તેના આત્મસમ્માન પર જ જાણે મૂકી દેતાં હોઇએ તેમ તેને તેનાં શક્તિસાધનો પર જ ચડાવી દઇને તેમનામાં રહેલી ઉત્તમમાં ઉત્તમ શક્તિઓને પ્રગટ કરવા સારૂ જેવા શિક્ષકો જોઇએ તેવા શિક્ષકો તો ઘણા જ ઓછા મળે છે. સેંકડો, હું તો હજારો કહેતો હતો, બાળકોના અનુભવ ઉપરથી હું કહું છું, અને તમે તેમાં વિશ્વાસ રાખો કે તમારા-મારા કરતાં બાળકોમાં માનની લાગણી વધારે સારી હોય છે. જો આપણે નમ્ર બનીએ તો જીવનનો મોટામાં મોટો પાઠ આપણે પુખ્ત ઉંમરના વિદ્વાન માણસો પાસેથી નહિ પણ કહેવાતા અજ્ઞાન બાળકો પાસેથી શીખીશું. ખ્રિસ્તે જ્યારે કહ્યું કે બાળકોના મુખમાં ડહાપણ હોય છે ત્યારે તેણે ઉંચામાં ઉંચું અને ભવ્યમાં ભવ્ય સત્ય કહ્યું. મારો તેમાં વિશ્વાસ છે અને મારા અનુભવમાં મેં એ જોયું છે કે જો આપણે નમ્રતાપૂર્વક અને નિર્દોષપણે બાળકો પાસે જઇએ તો તેમની પાસેથી આપણે જરૂર ડહાપણ શીખીએ.

" મારે તમારો વખત નહિ લેવો જોઇએ. અત્યારે મારા મનમાં જે પ્રશ્નોનો ઊહાપોહ ચાલી રહ્યો છે તે, જે કરોડો બાળકોને વિષે મેં તમને કહ્યું તેમનામાં જે ઉત્તમમાં ઉત્તમ ગુણ હોય તે પ્રગટ કરવાનો પ્રશ્ન મેં આપની આગળ મૂકયો છે. પણ હું એક આ પાઠ શીખ્યો છું. મનુષ્યને માટે જે અસંભવિત છે તે ઇશ્વર આગળ છોકરાની રમતો જેવું છે. અને તેની સૃષ્ટિના અણુઅણુના ભાગ્યવિધાતા પરમેશ્વરમાં જો આપણી શ્રદ્ધા હોય તો નિસ્સંદેહ દરેકેદરેક વસ્તુ સંભવિત થઇ શકે છે. અને એ જ છેવટની આશામાં હું જીવું છું, મારો વખત ગાળું છું અને તેની ઇચ્છાને તાબે થાઉં છું. અને તેથી હું ફરી કહું છું કે જેમ તમે, બાળકો પ્રત્યેના પ્રેમથી તમારી અસંખ્ય સંસ્થાઓ દ્વારા બાળકોને ઉત્તમ બનાવી શકાય તેવી કેળવણી આપવાનો પ્રયત્ન કરો છો તેમ હું આશા રાખું છું કે ધનવાન અને સાધનોવાળાઓના છોકરાંઓને જ નહિ પણ ગરીબોના છોકરાંઓને પણ આવી જાતની કેળવણી આપવાનું સંભવિત થશે ખરૂં. ખરેખર તમે જે કહ્યું તે સાચું છે કે સંસારમાં ખરી શાંતિ જો આપણે જોઇતી હોય, જો આપણે યુદ્ધની સાથે સાચું યુદ્ધ કરવું હોય, તો આપણે તેનો બાળકોથી જ આરંભ કરવો જોઇએ. જો તેઓ સ્વાભાવિક અને

નિર્દોષપણે ઉછરીને મોટા થાય તો આપણે લડવું નહિ પડે, આપણે નકામા ઠરાવો નહિ કરવા પડે; પણ જાણેઅજાણે પણ જે શાંતિ અને પ્રેમની આખા સંસારને ભૂખ છે તે પ્રેમ અને શાંતિ દુનિયાના ખુણેખુણે ન પ્રસરી જાય ત્યાંસુધી આપણે પ્રેમથી પ્રેમ અને શાંતિથી શાંતિ મેળવતા જઇશું."

(નવજીવન તા. ૨૨:૧૧:૩૧)

ન વાંચવું હોય તો પણ વાંચવાનું?

પ્રાથમિક શાળાનો એક ઓરડો હતો. મોન્ટીસોરી બાલમંદિરનો તે એક વિભાગ હતો. સ્વાતંત્ર્યનું વાતાવરણ હતું. સ્વયંસ્ફૂર્તિથી બાળકો કામ કરવા ટેવાએલાં હતાં. કામની પસંદગી જાતે જ કરતાં તેમને આવડતું હતું ને ગમતું પણ હતું.

પ્રાથમિક વાતચીત પછી એક દિવસ શિક્ષિકાએ જાહેર કર્યું: "આજે મોટી મંડળીએ વાચન કરવાનું છે. વાંચવા જેવી ચોપડીઓ ટેબલપર છે." મોટી મંડળી ક્ષણ એક તો સામે જોઇ રહી. પછી આસ્તે આસ્તે ઉઠીને ઓરડા તરફ વળી. દરેક બાળક જાણે કાંઇ વિચારમાં હોય, કાંઇ મુંઝવણમાં હોય, જરા નારાજ હોય, જરા મરજી વિરૂદ્ધ ચાલવું પડતું હોય એવું એવું વાતાવરણમાં ભાસવા લાગ્યું. કેટલાંએક ટેબલપાસે જઇ ચોપડીઓ ઉથલાવવા લાગ્યાં. કેટલાંએક મનગમતી ચોપડી શોધી વાંચવા બેઠાં અને વાચનમાં મશગુલ બની ગયાં. આસ્તે આસ્તે બધાં કામે લાગી ગયાં. ન લાગ્યાં ફક્ત બે ચાર જણા. ટેબલની આસપાસ આંટા મારી શિક્ષિકા પાસે ગયાં ને મનની મૂંઝવણ કહી દીધી. એક કહે "શું ન વાંચવું હોય તો પણ વાંચવાનું?" બીજું કહેઃ "પણ અમારે ચિત્ર કરવું હોય તો?" ત્રીજું કહેઃ "અમે તો બધી ચોપડી વાંચી લીધી છે. હવે અમારે નથી વાંચવી." ચોથું કહેઃ "પણ અમને ન ગમતું હોય તો?" દરેકનું કથન નિખાલસ હતું. અકૃત્રિમ ને સરળ હતું. પણ "શું ન વાંચવું હોય તો પણ વાંચવાનું?" એ કહેનારની છટા કાંઇ જૂદી જ હતી. પૂછનારનો ચહેરાનો ભાવ, તેની ઉભી રહેવાની છટા, તેનો અવાજ બધું એક પ્રકારનો બળવો બતાવતું હતું. "શું ન વાંચવું હોય તો પણ વાંચવાનું?" એ એક જ વાકયમાં તેણે શિક્ષિકાને કેટલુંયે કહી નાખ્યું. ન ઉચ્ચારેલાં ને તે બાળક ઉચ્ચારી પણ ન શકે એવાં કેટલાંએ વાકયો શિક્ષિકાને તે એક જ વાકયમાંથી સંભળાયાં: "શું ન વાંચવું હોય તો પણ વાંચવાનું? એટલે શું તમે અમારા પર જૂલમ કરવા માગો છો? અમારૂં વ્યક્તિસ્વાતંત્ર્ય હરી લેવા માગો છો? અમારી વ્યક્તિગત સ્વયં પસંદગીને અવકાશ નથી રાખવાના? અમને બૌદ્ધિક ગુલામીનું શિક્ષણ આપવા માગો છો? શું આ કહેવાતી મોન્ટીસોરી શાળામાં બાળકના સ્વાતંત્ર્ય ઉપર તરાપ મારી આવો અત્યાચાર કરવાના?" બીન કે સતાર ઉપર એક સ્વર છેડ્યો હોય તો પણ અંદરથી સંવાદી તારોમાંથી કેટલાએ સ્વરો નીકળે છે

તેમ પેલા એક વાક્યમાંથી કેટલાંએ ઠપકારૂપે વાંકયો પેલા બાળકે અવાક્ વાણી વડે શિક્ષિકાને સંભળાવ્યાં.

શિક્ષિકા મનમાં કહેઃ "હું શું કરું? મારે તમને આવતા વરસે શાળામાં મોકલવાં છે. ત્યાં કોણ તમારે કરવું છે કે નથી કરવું તે પૂછવાનું છે? ત્યાં તો સમય હોય તે પ્રમાણે વાચન ને ઇતિહાસ ને ગણિત કરવું જ પડશે."

શિક્ષિકાના સૂક્ષ્મ કાને બધું સાંભળ્યું. બાળકનો ઠપકો માથે ચડાવ્યો. બાળકોને વાંસે હાથ ફેરવી શાંતિથી કહ્યું: "હા ભાઇ. આજે ન વાંચવું હોય તોયે વાંચવાનું." "ન ગમતું હોય તોયે ગમાડવાનું." "એક વાર વાંચ્યું હોય તો પણ ફરીથી વાંચવાનું." ચિત્ર કાઢવાની મરજી હોય તોયે વાંચવાનું." બાળકો મોઢાં બગાડી ચાલ્યાં ગયાં. ચોપડીઓ લઇ પોતાના ટેબલ પાસે ગયાં ને નહોતું વાંચવું તો પણ વાંચવા લાગ્યાં.

શિક્ષિકાનું હૃદય દિલગીરી સાથે બોલી ઉઠયું: "જય મોન્ટીસોરી! તેં બાળકોને સ્વતંત્ર બનાવ્યાં ખરાં. નહિ તો વ્યક્તિસ્વાતંત્ર્ય સામે કેટલાંએ અત્યાચારો થાય તો કયું બાળક તે સમજી શકતું હતું? ને મનમાં સમજે તો કોણ વાંધો ઉઠાવી શકતું હતું?" પોતાને શું કરવું છે ને શું કરવું નથી તેનો નિર્ણય તો કૉલેજમાં ભણતા વિદ્યાર્થીઓ પાસે પણ હોતો નથી કારણ પહેલેથી જ કયે વખતે શું કરવાનું તે મોટાઓ તેમને નક્કી કરી દેતા આવ્યા ને તેમને માટે તો માત્ર એક આજ્ઞાંકિત થવાપણું જ રહ્યું. અર્થાત્ સ્વયંનિર્ણય જ ન હોય તે માણસને બીજાનો નિર્ણય સ્વીકારવાનું રહ્યું.

સભ્ય નિયમનપ્રિય અધ્યાપકો ને ગુરુજીઓ! આજ્ઞાંકિતપણું માગનારા માબાપો ને વડીલો, તમે કોઇ વાર વિચાર કર્યો છે કે તમારા બાળકોને તમે માનસિક ગુલામીમાં ઉછેરો છો? તમારા નિયમનથી તેની પાસે તમે નથી રહેવા દેતા નિર્ણય કરવાની શક્તિ કે નથી રહેવા દેતા જૂલમ સામે વાંધો ઉઠાવવાની હિંમત. અરે! જુલમ કે અત્યાચાર થયો છે, સ્વાતંત્ર્ય પર તરાપ મરાઇ છે તેની પણ ખબર પડવા જેટલું આત્મસંન્માન બાળકોમાં તમે કયાં રહેવા દીધું છે! જરા વિચાર કરશો? **તા.**

ગલૂડિયાં

શિયાળો બેઠો છે ને કુતરીઓએ હમણાં જ ગલુડિયાંને જન્મ આપ્યો છે. હુંફાળી બખોલમાં ઉં ઉં કરતાં ગલુડાં માને બચકાં ભરતાં ધાવી રહ્યાં છે. હેતે ભરી મા લાંબી જીભ કાઢી તેને ચાટીચાટીને સ્વચ્છ કરી રહી છે. માતા અને બાળકોનો આ મીઠો સંબંધ જોતાં જોનારનું હૈયું સહેજે બાળપ્રેમ અનુભવી લે છે. માની મહત્તાનું દર્શન કરે છે. માનો પ્રેમ એટલો વ્યાપક છે. બાલ્યાવસ્થાનું સૌન્દર્ય દુનિયાનાં બધાં બાળકોને સરખું બક્ષેલું છે એ જોઇ અગાધ કિરતારના અદૃષ્ટ પગમાં માથું ઢળે છે.

શિયાળો બેઠો છે. ગુલાબી કુણી ટાઢમાં

સૂર્યનો કુણો ધેવર જેવો તડકો ઝીલતાં મનુજ-બાળકો પશુબાળકોને ખોળામાં લઈને બેઠાં છે. એનાં નવાં નવાં નામ પાડેલાં છે. મોતીયો, કાલુડી, ડોચલો, રવલો; એને માટે દોડી દોડીને દૂધ લાવે છે, છાશ લાવે છે ને રકાબીમાં કે રામપાત્રમાં નાખીને પાય છે. નાનાં ગલુડાં ચપચપ દૂધ છાશ ચાટે છે ને પી પીને પેટ ફુલાવી ધરાઈને તડકામાં આમતેમ નાની એવી દોડો કરે છે. આ વખતે તેના નાના કુણા કાન કેવા મજેના હલે છે? બાળકો એને જોઈ હરખઘેલાં થઈ જાય છે. તેના ઉપર તેમને બહુ બહુ વહાલ આવે છે. તેમને ઉપાડી ઉપાડીને છાતી સરસાં દાબે છે. તેમને આજુ બાજુ બા કે બાપા ન હોય તો બચી પણ ભરી લે છે. માનવનાં નાનાં બાળકો પશુનાં નાનાં બાળકો સાથે પ્રેમસંબંધ કેળવી રહ્યા છે. શિયાળો બેઠો છે ને બાળકો ગલુડાંનો અભ્યાસ કરવા લાગ્યાં છે. આ ગલુડું ધોળું, આ કાળું, આ કાબરૂં, આ રાતડું. રંગોનું જ્ઞાન ઠીક ઉપયોગમાં લેવાય છે. પછી જુએ છે 'હં, આ તો રોટલી નથી ખાતું. હજી એને દાંત નહિ આવ્યા હોય' મોં ફાડીને જુવે છે તો મોંમાં લાલ નાનાં નાનાં પેઢાં દેખાય છે. કોઈ બાળક કહે છેઃ "જુઓ જુઓ તો એની નાની એવી જીભ કેવી છે?" કોઈ કહે છે 'અરે એણે તો બગાસું ખાધું. આ...મ કરીને આપણી જેમ જ ખાય છે' બધાં બાળકો જાણી જાય છે કે કયો કુતરો છે ને કઈ કુતરી છે. બાળકો પોતાનાં પ્રેમપાત્રોનો અભ્યાસ કરતાં થાકતાં નથી કેમકે તેમનો તેમના પ્રત્યેનો પ્રેમ થાકને જાણતો નથી.

શિયાળે બાળકને માટે કેવી સુંદર ભેટ આણી છે? વિજ્ઞાન અને પ્રેમના વિકાસની આ ભેટ મા બાપો તમે વિના મૂલ્યે બાળકોને લેવા દેજો. એ ભેટ કુદરતની છે. તમે એની વચ્ચે ન આવતા.

ગિજુભાઇ

આપણને બોલતાં આવડે છે?

આપણે, બોલતાં આવડે છે એટલે બોલીએ છીએ. સામાને અર્થ સમજ્યા વિના છૂટકો નથી તેથી તે સમજે છે. પણ સવાલ એ છે કે આપણને બરાબર બોલતાં આવડે છે?

તમે ઉતાવળથી ગડબડ ગડબડ બોલી જતા શેઠને સાંભળ્યો છે? તમને તે નથી ગમતો છતાં તમે તેને સમજી લ્યો છો. તમારા મન ઉપર તેની કાર્ય શક્તિની કશી જ છાપ પડતી નથી.

તમે અખડ બખડ બોલનાર વક્તાને સાંભળ્યો છે? તમને તેમાં મજા પડતી નથી છતાં વ્યાખ્યાનનો વિષય ઉપયોગી છે એટલે, અગર સભ્યતાને કારણે બેસી રહ્યા છો એટલે સહન કરી લ્યો છો. તમારા મનમાં તેના વિચારોની પૂરી છાપ નથી પડતી ને તેનું અરધું કહેવું નકામું જાય છે. તે તમારામાં જે લાગણી જગાડવા માગે છે તે જગાડી શકતો નથી.

આવા વધારે દાખલા તમારા અનુભવમાં છે. વક્તા અને શેઠ જેમ, આપણે મા બાપો અને શિક્ષકો જે અણગમતી ઢબે બોલીએ છીએ તેની,

અસર બાળકો પર કેવી થાય છે તેનો તમે વિચાર કર્યો છે ?

કોઇ સારા સંસ્કારી માબાપો પોતાનાં બાળકો સાથે વાતો કરતાં હોય ત્યારે ત્યાં તમે હાજર હો તો તમને જણાશે. માબાપો એવી સ્પષ્ટતાથી, મધુરતાથી, ધીરજથી અને ધીમાશથી બોલે છે, પોતાના હૃદયના ભાવો વ્યક્ત થઇ શકે તેવા શબ્દોની પસંદગીથી બોલે છે. બાળકો સાથે વાત કરતાં તેઓને ખ્યાલ છે કે તેઓ કોની સાથે વાત કરે છે. તેઓને ખ્યાલ છે કે બાળકો હજી થોડા જ વખતથી આ દુનિયામાં આવેલા મહેમાનો છે. બધું સમજી લેવાનું સારા યજમાનો મહેમાન ઉપર છોડતા નથી તેમ સારા માબાપો પણ કરે છે. નવા આવનારની મુશ્કેલી સમજી, નવી ભાષા જાણનારની મુશ્કેલી સમજી, તેઓ બહુ કાળજીથી વાત કહે છે. બાળકો બધું બરાબર સમજી શકે છે તેથી માબાપ અને બાળક વચ્ચે ગેરસમજણ થતી નથી. કેમકે ભાષા ન સમજવાથી ઘણી ગેરસમજણો થાય છે એ આપણો અનુભવ છે.

આથી ઉલટો જ અનુભવ તમને અસંસ્કારી રીતે ભાષા વાપરનાર માબાપો અને બાળકો પરત્વે થશે. આ બધું તમારા હમેશના અનુભવનું છે એટલે એ લખવું છોડી દઇએ.

હવે ધારો કે તમે ભવિષ્ કાળની એક નિશાળમાં ગયા. એ નિશાળમાં શિક્ષક એવી રીતે બોલશે કે એની સ્થિરગંભીર, નિર્મળ વાણી અને વ્યવસ્થિતપણે, શુદ્ધિથી, ધીમેથી, તાલબદ્ધપણે તેને ઉચ્ચારવાની રીતિ બાળકને સ્વતઃ શાન્ત અને અભિમુખ કરશે. તેને જે કહેવાનું છે તે બાળક ઓછા શ્રમે સમજશે. કહેવાનું પ્રિય વાણી સાથે આવેલું હોવાથી પ્રિય લાગશે અને બાળકોમાં પ્રાણ જગાડવાની વાણીની શક્તિ પ્રત્યક્ષ દેખાશે.

બાળકો માબાપના ઓછા ચાળા પાડે છે. કેમકે તેને કોઇએ શીખવેલું હોય છે કે માબાપના ચાળા પડાય નહિ. અગર માબાપો કોઇ વાર જોઇ જાય છે તો પોતે સુધરવાને બદલે બાળકોને સીધું કહી દે છે કે 'એ એમ નૈં થાય. ચાળા ન પડાય.' બાળકોની મનોવૃત્તિ વ્યક્ત કરવાની વૃત્તિ બંધ કરી માબાપો પોતે હવે ચાળા પાડવા યોગ્ય રહ્યા નથી એમ મૂર્ખાઇથી માનતા હોય તો તેઓ જખ મારે છે અગર ખાંડ ખાય છે. બાળકો માબાપને છોડીને બીજાનાં નામો આપી તેના ચાળા પાડયે જ રહેવાના છે. પણ શિક્ષકના ચાળા જોવામાં તો માબાપો રસ લે છે અને તેથી શિક્ષકોના ચાળા છૂટથી પાડવાનું બાળકોને મળે છે. આ ચાળામાં બાળકો શિક્ષકો કેમ બોલે છે ને તે વખતે કેવી કેવી કઢંગી તેમની મુખમુદ્રાની રૂપ છાયાઓ બને છે તે બરાબર બતાવે છે.

શિક્ષકો આવે પ્રસંગે હાજર રહી જરા જોવે તો ખબર પડે કે તેમણે બાળકો સમક્ષ કેવી રીતે બોલવું ઘટારત છે. માબાપો ધારે તો શિક્ષકોના ચાળામાંથી ઘણા ડાહ્યા થઇ શકે.

છેવટે વાત એમ છે કે આપણે સૌ વિચાર કરીએ કે આપણને અંદર અંદર, મોટાંઓ સામે, નાનાંઓ સમક્ષ, અને બાળકો સમક્ષ સારી રીતે બોલતાં આવડે છે ?

ગિજુભાઇ

તો ?

બાળકને પક્ષીઓની સુંદર વાતો કહેવાને બદલે તેને સુંદર પક્ષીઓ બતાવો તો ?

બાળકને એન્જીનની કરામત પાટિયા પર સમજાવવાને બદલે તેને એન્જીન જોવા લઇ જાઓ તો ?

બાળકને પૃથ્વીના ગર્ભમાં અનેક ખનીજો ભરેલાં છે તેની રસિક કથા કહેવાને બદલે ખનીજ ભરપૂર પૃથ્વી બતાવો તો ?

બાળકને ઘરમાં પડ્યા પડ્યા તારાઓની વાતો કહેવાને બદલે ફળિયામાં કે અગાશી પર જઇ તારાઓ બતાવો તો ?

બાળકે કશાથી બીવું નહિ, બીવા જેવું કશું નથી એમ તેને કહેવા કરતાં તેને સાથે લઇ અંધારામાં ફરવા નીકળો અને ભયના સ્થાનોમાં નિર્ભયતા બતાવો તો ?

બાળકે મોટા થયા પછી મોટાં મોટાં કામો કરવાં, બહાદુર ને હુશિયાર થવું એની શબ્દથી પ્રેરણા પાવા કરતાં તેને નાનાં નાનાં બહાદુરી અને હુશિયારીનાં કામો કરવા દો તો ?

બાળકને દેશના લાખો ગરીબોની વાતો કરવાં કરતાં તેને ગરીબોના ઝુંપડાં બતાવો તો ?

બાળકને પોતાના નોકરોને મારી તોડીને તેની પાસેથી કામ કરાવતા શેઠો અને કારખાનાની વાતો કહેવા કરતાં તે શેઠો, કામદારો અને કારખાનાઓ બતાવો તો ?

તો બાળક વધારે સારૂં નહિ કેળવાય ?

બાળકો અને પ્રકાશ

છેક નાનાં બાળકોની આંખો શરૂઆતના દિવસોમાં કાચી હોય છે તેથી તેઓ પ્રકાશ સહન કરી શકતી નથી. તેથી તેમને જન્મ પછી થોડા જ દિવસમાં એકાએક પ્રકાશમાં લઇ જવામાં નુકશાન રહેલું છે. આપણા દેશી લોકોમાં જૂદે જૂદે વખતે સૂર્યદર્શન કરાવવાનો વિધિ અગર રિવાજ છે તેની પાછળ કદાચ આ હેતુ હશે. બાળકની આંખ પ્રકાશને છેક નાની વયથી સમજી શકે છે અને પ્રકાશ સાથે રંગોનેય આંખ આગળ ધરવામાં આવે છે ત્યારે તેના તરફ આંખો પસંદગી અગર નાપસંદગી બતાવે છે.

નાનપણની આંખોને કેવા રંગીન કાચમાંથી અજવાળું મળવુ જોઇએ તે પ્રયોગોથી નક્કી થવાનું બાકી છે. શરીરમાનસશાસ્ત્રીનો તે વિષય છે.

પ્રકાશ જેમ નાની કાચી આંખોને આંજી નાખી પાછી પાડે છે તેમ અંધકાર આંખોને વ્યાયામ આપતો નથી તેથી તે વધારે અશક્ત બનવાનો સંભવ છે. છેક અંધકારમાં રહેલી આંખો પ્રકાશ સહેવામાં નબળી નીવડે છે એટલે બાળકને નાનપણમાં ન અતિ પ્રકાશમાં કે ન અતિ અંધકારમાં રાખવું જોઇએ.

બાળકોની આંખો અતિ પ્રકાશથી બગડે છે, તેથી પ્રકાશ આંખો પર કેવી રીતે લેવો તે તેમને સમજે ત્યારથી બતાવી દેવું જોઇએ.

બાળક કંઇ જુએ તો પ્રકાશની સામે બેસીને નહિ પણ પ્રકાશને પાછળ રાખીને અગર ડાબી બાજુએ રાખીને જુવે. ઘણાં બાળકો ચોપડીમાં અંધારૂં પડે તેમ વાંચે છે. તેઓ પ્રકાશને પાછળ રાખી વાંચે તો ચોપડીમાં અજવાળું પડે ને આંખો ખેંચાય નહિ.

ઝાંખો દીવો આંખને ભારે નુકસાન કરે છે. એવા દીવા પાસે કામ કરતાં આંખો ખોવા તેના કરતાં કામ ન કરવું એ ઘોરણ બાળકોને આપવું.

નિશાળના લેસન કરતી વખતે બાળકો ગમે તેવા દીવા પાસે બેસી જાય છે, સાંજ પડી જાય છે તો પણ વાંચે છે. નાનપણમાં આંખને બહુ તાણ નથી પડતી પણ દિવસે દિવસે ઘસારો વધે છે ને આંખ ટૂંકી દૃષ્ટિવાળી થાય છે.

આપણાં ઘરો, ઓરડાઓ પણ એવા છે કે પ્રકાશને લેવાના કશા ખાસ નિયમો વિના તે બાંધેલા છે. કયાંક પ્રકાશ વધારે પડતો આવીને અગવડ કરે છે તો કયાંક મુદ્દલ આવતો નથી. માબાપોએ એટલું જોવું કે બાળકો તે જગાએ પોતાના પાઠો અને કામકાજ કરે કે જ્યાં પુષ્કળ પ્રકાશ આવતો હોય.

જેમ પુષ્કળ હવાની જરૂર છે અને ઓછી હોય તો રોગ થાય તેમ જ પુષ્કળ પ્રકાશની જરૂર છે. ઘરમાં કે શાળામાં જ્યાં પ્રકાશ નં હોય ત્યાં જંતુઓ પેદા થઇ શકે છે ને બાળકો તેના ભોગ સહેલાઇથી થઈ પડે છે. અંધારૂં જંતુઓની જનની છે. પ્રકાશ જંતુઓનો દુશ્મન છે. અંધારૂં વીંછી જેમ ચટકો ભરતું નથી પણ ન બબર પડે તેમ જીવનની શક્તિને હણે છે. જે નિશાળમાં અંધારૂં હોય ત્યાં બાળકોને મૂકીએ તેનો અર્થ એ છે કે આપણે તેની આંખો બગાડવા, આંખો પાસે ચોપડી લાવીને વાંચવાની ત્યાં ફરજ પડે છે એટલે કરોડ બગાડવા, અને અંધારામાં ક્ષય વગેરેના જે જંતુઓ થાય છે તે ફેફસામાં પેસે તે માટે જ મોકલીએ છીએ. આપણા ઘરમાં અજવાળાનો પૂરતો બંદોબસ્ત કરીએ અને એક પણ અંધારી એવી જગા ન રાખીએ કે જ્યાં બાળકોને રહેવાનું કે રમવાનું હોય. ઘણી શાળાઓ, બાળશાળાઓ અને ખાસ કરીને ઘૂડી નિશાળોમાં બહુ અંધારૂં હોય છે. માબાપોએ ત્યાં જઇને એકવાર જોવું તો જોઇએ જ.

શાળામાં બાળકો પ્રકાશની સામે નહિ બેસે તેની કાળજી લેવી. પાટિયું, શિક્ષકની ખુરશી, વિદ્યાર્થીનું ટેબલ એવી રીતે ગોઠવવાં જોઇએ કે પ્રકાશનો પૂરતો લાભ મળે અને તેનાથી જરાપણ નુકસાન ન થાય.

પ્રકાશ માત્ર આંખ સાથે જ સંબંધ ધરાવતો નથી. પ્રકાશ આખા શરીર સાથે સંબંધ ધરાવે છે. પ્રકાશમાં પ્રાણ છે. પ્રકાશમાં રહેવાથી પ્રાણ મળે છે, જ્યારે અંધકારમાં પડી રહેવાથી શરીરની કાન્તિ શક્તિ વગેરે ઘટે જ છે. અંધારી ઓરડીમાં જે કેદીને રાખે તે કેદી એકાન્ત ઉપરાન્ત અંધારાને કારણે બહુ અશક્ત અને ક્ષીણશક્તિ–બુદ્ધિ થઇ જાય છે. પ્રકાશ શરીરને સ્ફુર્તિદાયક છે તેમ જ મન અગર મગજને પણ આલ્હાદક છે. અંધારી ઘોરરાતે ચળકતા તારા અંધારાને કારણે બમણા મનોરમ લાગે છે. ઝાંખો અને શીળો એવો ચંદ્રપ્રકાશ પણ સૂર્યનો છાયાપ્રકાશ છે તેથી તે આનંદ આપે છે. કાળાં વાદળાંથી છાએલા

ચોમાસાના દિવસો પછી જ્યારે એકાએક સૂર્ય ઉગે છે ત્યારે આનંદ આનંદ થઈ રહે છે. મતલબે પ્રકાશ એ પ્રાણ છે, ચેતન છે. બાળકોને તે પુષ્કળ મળવો જોઇએ. કુદરતની એ મહામૂલ્ય બક્ષીસનો છૂટથી બાળકોને લાભ આપવો જોઇએ.

અમેરિકામાં હમણાં 'અલ્ટ્રા વાયોલેટ રેઇઝ' સૂર્યના એક જાતના કિરણોથી બાળકોને નવરાવવાની વાત ચાલે છે. તે માટે તે લોકોએ દીવાઓ કરેલા છે. એ દીવાઓ વડે સૂર્યના ખાસ કિરણો બાળકોના શરીર પર નાખવામાં આવે છે. આંખે પાટા બાંધીને કપડાં કાઢી બાળક આ કિરણો નીચે બેસે છે. આ કિરણોથી શરીરની અશક્તિ, ખાસ કરીને 'રિકેટ્સ' હાડકાંનું વળી જવું ને તેથી હાથ પગની નબળાઇ દૂર થાય છે. વિજ્ઞાનિકો કહે છે કે આ કિરણો સહવારના પહેલે પહોરે સૂર્યમાંથી નીકળે છે.

આપણા બાળકો કપડાં કાઢી સવારે તડકામાં રમે તો વિના મૂલ્યે પૂરો લાભ થઇ જાય. કપડાં પહેરીને બેસી રહેનાર બાળકો આ લાભ ન ઉઠાવી શકે.

બોટાં બોટાં આપણે સભ્ય બનાવેલાં બાળકોને આ લાભ આપવા તેમને સાચાં સભ્ય બનાવીએ. હિંદની આબોહવાનો ઉપયોગ કરી જાણીએ તો કદીપણ બાળકોને કે મોટાંને દવા લેવી ન પડે. ભગવાન બાલસૂર્યમાંથી વહેલો કુણો પ્રાણ બાળકોને ભરવા દઇએ અને બાળકોનું સાચું સૂર્યોપસ્થાન થવા દઇએ એમાં જ સાચી સૂર્યની પૂજા ને ઉપાસના થશે.

એ પૂજાના સર્વ બાળકો અધિકારી છે. ગિ.

પણ ઇ મારૂં કયાં માને છે?

એક વાર મા અને બાપે બંનેએ સાથે પોતાના બાળકો વિષે ફરિયાદ કરી. 'બાળકો અમારૂં માનતાં નથી.' મા કહે 'મારૂં માનતાં નથી.' બાપા કહે 'મારૂં માનતાં નથી. આનું શું કરવું?'

મેં જવાબ આપ્યોઃ 'મારો એક સામો સવાલ છે. તમે એક બીજાનું માનો છો?'

માબાપો ઝાંખવાણાં પડી ગયાં. મા કહે 'હું તો એનું માનું છું પણ ઇ કયાં મારૂં માને છે?' બાપ કહે 'મારૂં કહેવું પણ એમ જ છે હું એનું કહેવું માનું છું પણ ઇ મારૂં કહેવું કયાં માને છે?'

મેં કહ્યું 'આ સ્થિતિ જ તમારાં બાળકોને અનાશાંકિત કરે છે.

બાળકો ઘણા જુદા જુદા કારણે અનાશાંકિત બને છે. તેમાંનું એક કારણ આ છે કે તમે ઘરમાં એક બીજાં એક બીજાનું માનતાં નથી એવું બાળકોને દેખાયા કરે છે. બાળકો નાનાં છે, તેમનો આદર્શ આપણે મોટાં છીએ. તેઓ આપણા પ્રમાણે આચરે તો દોષ કોનો?

જો સ્ત્રી પુરુષ હમેશ એક બીજાનું ન માનતાં હોય તો દુનિયા ચાલે જ નહિ. એક બીજાં એક બીજાનું માને છે એમાંથી જ આ સંસાર ચાલે છે. પણ એટલું છે કે વારંવાર તેઓ અથડાઇ પડે છે. આ અથડામણ પરસ્પર વધારે નજીક આવવા માટે પણ હોય છે. એક બીજાનો વધારે મજબૂત સાથ અને ટેકો મેળવવા માટે પણ હોય છે. ઘણી વાર એક અથવા

બીજાનું અજ્ઞાન, ટૂંકી બુદ્ધિ, વગેરે કારણો પણ અથડામણ પાછળ હોય છે. અથડામણ એ સ્વાભાવિક છે પણ તેનો ગેરલાભ બાળકોને ન મળવો જોઇએ.

માબાપોના બધા વ્યવહારો બાળકોને જણાવવા જોઇએ, એ બાળકેળવણીનું સૂત્ર નથી અગર સત્યની ઉપાસનાનું તત્ત્વ નથી. ઘણી બાબતો બાળકો યથાકાળે જાણે. માબાપોની અથડામણ પણ માબાપો જ જાણે અને બાળકો ન જાણે એમ માબાપોએ અથડામણ કરવી જોઇએ. અર્થાત્ બાળકો સમક્ષ માબાપોએ ઉતાવળાં થઇ મતભેદને કારણે કે ગમે તે કારણે સામસામે લડી પડવું ન જોઇએ અગર એક બીજાથી વિમુખ થઈ બેસવું ન જોઇએ અગર એક બીજાને તિરસ્કાર કરી એક બીજાને અનાજ્ઞાંકિત ન બનવું જોઇએ. કેમ કે માબાપોના મનમાં ઉભાં થએલાં વિસંવાદના કારણો ઘેરાએલા આકાશના વાદળાં જેમ ગમે ત્યારે વીંખાઇ જાય છે અને આખરે તો પરસ્પરમાં રહેલો નિર્મળ આકાશ જેવો પ્રેમ ઉઘડે છે પણ બાળકો તો તેમને પેલા વાદળાના અંધકાર અને ગડગડાટથી ઓળખે છે; અને તે રીતે તેમનો ન્યાય તોળે છે. આથી માબાપો પ્રત્યેથી ઘણીવાર ગેરસમજણને કારણે બાળકો વિમુખ થાય છે, ઘણીવાર તેમને ધિક્કારતાં બને છે, અને તેમના પરત્વે અનાતાંકિત બને છે. માબાપે પોતાની અથડામણ સાચવી લેવી એ ઢોંગ નથી પણ વ્યાજબીપણું છે. એમ સાચવતાં સાચવતાં કદાચ માબાપો એવી અથડામણમાંથી મુક્ત પણ થઇ જશે. પણ બાળકો આગળ તો માબાપનાં જે સાચાં પ્રેમાળ અંતઃકરણો છે–આખરે જે શુદ્ધ આકાશ છે, તે જ આવવું જોઇએ. કારણ કે તે સત્ય છે, શાશ્વત છે; જ્યારે વાદળાં તો વાદળાં જ છે, અને ક્ષણિક છે. ગિ.

તમે મને બહુ ગમો છો

ગૅલેરીમાં હું ઉભી હતી. સામેથી નાનાં વિમલબેન દોડતાં આવ્યાં. મારી સામે ઉભાં રહ્યાં. સામે જોઇને હસી પડ્યાં. આસપાસ આસપાસ ફરવા લાગ્યાં. હસતાં જાય ગાતાં જાય, કૂદતાં જાય ને મારી સામે જોતાં જાય. મેં જાણ્યું કે આજે વિમલબેન ખુશ ખુશ છે. એટલામાં વિમલબેને પાસે આવી મારો હાથ ઝાલ્યો, ને ફરી હસવા લાગ્યાં. ફરીથી જરા આઘાં જઇ પાસે આવ્યાં ને મને ભેટી પડ્યાં. અત્યંત વહાલથી ધીમે સાદે બોલી ઉઠ્યાં: "તારાબેન, મને તમે બહુ ગમો છો. આજે જમવા મારી પાસે બેસો હોં કે. હું તમારે માટે મારગ રાખીશ. તમે મને બહુ ગમો છો;" આટલું કહી ભાગી ગયાં.

વિમલબેન એક આઠ વરસની ચાલાક, ને લાગણીપ્રધાન દક્ષિણી છોકરી કેટલાએ દિવસથી મારા ઓરડામાં કામ કરે છે. વચ્ચે બાની સાથે મુંબઇ–પૂના ગએલી તેથી વાંચવામાં ને ગણવામાં પાછળ રહી ગએલી. આવી ત્યારે જરા મુંઝાએલી ફરતી. ચિત્ર કે બીજું ત્રીજું કાંઇક કરે ન કરે–વખત કાઢે. આઠ દિવસથી હું એની મુશ્કેલી શોધી કાઢવાનો પ્રયત્ન કરતી હતી. વિશેષ નાજુક લાગણીની (Sensitive) હોવાથી વિમલબેન ઘણી વાર મારાથી આઘી

ભાગતી ફરે. હું કહું: "વિમલબેન, ચિઠ્ઠી વાંચવી છે?" વિમલબેન મોઢું મરડીને ભાગી જાય તે કલાક સુધી મારી નજરે જ ન પડે. હું કહું "ગણવા આવવું છે?" વિમલબેન ભાગી જ છે. વર્ગમાં કાંઇ વાંચી બતાવું કે ગાઇ બતાવું તો આસ્તેથી ટોળામાં ભળે ખરી પણ મારી નજર તેના પર પડી છે એમ તે ભાળે કે ઉઠીને ચાલતી થાય. વિમલબેન એક મોટો પ્રશ્ન થઇ પડી.

વાંચવા લખવા બાબતમાં વિમલબેનને બોલાવવી જ નહિ એટલું તો મેં નક્કી કર્યું. મોટે ભાગે સામું જોવું પણ નહિ એવું રાખવું પડતું. એની પાસેનાં છોકરાંઓની સાથે વાત કરું. વંચાવી લઉં. વાંચી બતાવું. સહેલી સહેલી ચોપડીઓ કાઢું. જોડાક્ષરના પાનાં કાઢું તો કોઇ વાર ચલમૂળાક્ષરો લઉં. એમ કરતાં કરતાં એક વાર હાથ ફેરવવાના અક્ષરોનું કામ ચાલતું હતું તેના પર વિમલબેનનું મન આકર્ષાયું. પાસે આવ્યા ને કહે મારે હાથ ફેરવવો છે. અક્ષર પરથી ચલમુળાક્ષરો લઇ શબ્દો બનાવવા લાગ્યાં. તે દિવસે મારાથી ભડકતાં તો મટ્યાં. હું બોલાવું તો નહિ જ. છતાં આસ્તે આસ્તે મારા ટેબલ પાસે આવવા લાગ્યાં. એક બે દિવસના અવલોકનમાં બબર પડી ગઇ કે વિમલબેનની મુંઝવણનું કારણ તેમનું મહારાષ્ટ્રમાં જવું એ જ હતું. મુંબઇ-પૂનામાં મરાઠી બોલે, મરાઠી અક્ષરો જુવે, મરાઠીમાં ગણે તે અહીં આવીને મુંઝાઇ પડ્યાં. કાંઇ-સમજાતું નથી એમ થઇ ગયું. તેને મૂળાક્ષરોથી શરૂઆત કરવાની જરૂર હતી. મેં તેને તેની મૂળ કક્ષામાં ધારેલી. જોકે બુદ્ધિ કે સમજણમાં તે ત્યાં જ હતી. પણ અક્ષરો ને ભાષાનો મગજમાં ગોટાળો થઇ ગએલો. સાથેના છોકરાંઓ આગળ ગયાં હોય એવું તેને જ્યારે ને ત્યારે ભાસે ને મુંઝાય. એટલે ભણતર માત્રથી, મારાથી ને બધાથી ભાગતી ફરે. હાથ ફેરવવાના અક્ષરો હાથ આવ્યા અને મારા તરફથી કોઇ વધારામાં shock-ધક્કો લાગ્યો નહિ એટલે પુનરાવર્તન કરી પાકું કરવાની તક મળી. બારાક્ષરી પણ તાજી થઇ. ગાડું રસ્તે ચડી ગયું. છતાં શું વાંચવું તેની બબર ન પડવાથી વાચનાલયથી હજી આધાં જ રહેતાં હતાં. તેની કક્ષાની સહેલી સહેલી બધી ચોપડીઓ મેં બહાર કાઢીને રોજ એકેકમાંથી થોડું થોડું વાંચી બતાવવા લાગી. વિમલબેન મારી ચોપડીમાં જોતાં જાય, ને બધાં વાચનમાં ખૂબ રસ લેતાં જાય. એમ કરતાં કરતાં એક વાર બાળ જોડકણાંની ચોપડી મેં વાંચી. તેની અંદરનાં મરાઠી જોડકણાં પણ વાંચ્યાં ને વિમલબેન બડબડ હસી પડ્યાં. મેં ચોપડી મૂકી દીધી ને તેણે ઉપાડી લીધી. ટેબલ પાસે બેસી બે ચાર પાનાં વાંચ્યા, ને ખુશ ખુશ થઇ ગયાં. વિમલબેનનો ને મારો હૃદયનો તાર તે દિવસથી સંધાયો. તે જ દિવસે વિમલબેન મારા પર ખુશી થયાં, ને મને ભેટીને કહી ગયા કે "તમે મને બહુ ગમો છો."

વિમલબેનનાં જીવનની તે એક ધન્ય પળ. મારા શિક્ષક જીવનની પણ એક અત્યંત ધન્ય પળ હતી.

બાળમાનસની વાટિકાઓ કેટલી સૂક્ષ્મ છે કેટલી નાજૂક છે, તેના દર્શનથી હું ધન્ય થઇ; પણ એક બાલિકાના મુંઝાએલા હૃદયનો વિશ્વાસ સંપાદન કરી શકી તેના બુદ્ધિવિકાસમાં મદદ

કરી શકી ને તેથી તેના સંસ્કારી આત્માનો નાજુક પ્રેમ અનુભવી શકી તેથી વધારે ધન્ય થઇ.

હજીએ ઘણીવાર વિમલબેનના તે પ્રેમાળ શબ્દો મારા કાનમાં મધુર ગુંજન કરે છે,

"તારાબેન, તમે મને બહુ ગમો છો."

તા.

બાળકો અને તેમનું માથું

બાળકો માથાનો ઉપયોગ ઘણી જાતનો કરે છે. મોટાંઓ અને બાળકો વચ્ચે વાંધો પડે છે ત્યારે કેટલીએક વાર એ વાંધો તીવ્રપણે બતાવવા બાળક માથું પછાડે છે.

ઘણી વાર માબાપોતે નમાવવા અને વશ કરવા બુદ્ધિશાળી પણ હઠીલાં બનેલાં બાળકો માથું પછાડે છે.

કાનમાં બહુ પીડા થવાથી પણ બાળકોને માથાં પછાડતાં જોવામાં આવે છે.

કેટલીએક વાર માબાપો અને શિક્ષકો મોટાં બાળકો ઉપર ખીજાય છે ત્યારે તેમનાં માથાં જમીન સાથે અફળાવે છે અગર ઘસે છે.

બાળકો સામસામે દોડતાં એક બીજાનાં માથાં અફળાવી બેસે છે. ત્યારે માથામાં કે કપાળમાં ઢીમણાં થાય છે ને બા ત્યાં તેલ ચોપડે છે.

જ્યારે બાળકને વાળ કપાવવાની મરજી નથી હોતી, અગર મૂંડો કરાવવાની મરજી નથી હોતી અને છતાં માબાપની લાલ આંખ જોઇ હજામને શરણે થવું પડે છે ત્યારે તેમનું માથું હજામના હાથને આધીન મૂકવું પડે છે. પાડામૂંડ હજામ માથામાં અસ્ત્રાની ધારથી લીંટા પાડી તેમાંથી લોહી કાઢે છે ત્યારે માથાને બળવું પડે છે.

શિક્ષક અને માબાપની કે મોટાંની ટાપલી બાદ બાદને માથું દેવાઇ ગએલું હોય છે. એ શબ્દો મારા કાનમાં મધુર ગુંજન કરે છે,

"તારાબેન, તમે મને બહુ ગમો છો."

તા.

બાળકો અને તેમનું માથું

બાળકો માથાનો ઉપયોગ ઘણી જાતનો કરે છે. મોટાંઓ અને બાળકો વચ્ચે વાંધો પડે છે ત્યારે કેટલીએક વાર એ વાંધો તીવ્રપણે બતાવવા બાળક માથું પછાડે છે.

ઘણી વાર માબાપોતે નમાવવા અને વશ કરવા બુદ્ધિશાળી પણ હઠીલાં બનેલાં બાળકો માથું પછાડે છે.

કાનમાં બહુ પીડા થવાથી પણ બાળકોને માથાં પછાડતાં જોવામાં આવે છે.

કેટલીએક વાર માબાપો અને શિક્ષકો મોટાં બાળકો ઉપર ખીજાય છે ત્યારે તેમનાં માથાં જમીન સાથે અફળાવે છે અગર ઘસે છે.

બાળકો સામસામે દોડતાં એક બીજાનાં માથાં અફળાવી બેસે છે. ત્યારે માથામાં કે કપાળમાં ઢીમણાં થાય છે ને બા ત્યાં તેલ ચોપડે છે.

જ્યારે બાળકને વાળ કપાવવાની મરજી નથી હોતી, અગર મૂંડો કરાવવાની મરજી નથી હોતી અને છતાં માબાપની લાલ આંખ જોઇ હજામને શરણે થવું પડે છે ત્યારે તેમનું માથું હજામના હાથને આધીન મૂકવું પડે છે. પાડામૂંડ હજામ માથામાં અસ્ત્રાની ધારથી લીંટા પાડી તેમાંથી લોહી કાઢે છે ત્યારે માથાને બળવું પડે છે.

શિક્ષક અને માબાપની કે મોટાંની ટાપલી બાદ બાદને માથું દેવાઇ ગએલું હોય છે. એ દેવ ઉપયોગી થઇ પડે છે કે નહિ તે તો માથું પોતે જાણે.

ગંદા વાળ નીચે માથા ઉપર જ્યારે ઉંદરી થાય છે ત્યારે માથાને ચેન પડતું નથી. બધો વખત બિચારાને બળ્યા કરવું પડે છે.

એમ જ જ્યારે વાળમાં પડેલી જૂઓ માથાને ચટકા ભરે છે ત્યારે માથાને વલૂરાવું પડે છે. ઉંઘમાં આમ તેમ અસ્વસ્થપણે પથારીમાં તડફડવું પડે છે.

માથામાં ધામને લીધે કે બીજા કારણે ગુમડાં થાય છે ત્યારે તો તોબા તોબા થાય છે. બાળકો બિચારાંને ભારે પીડા થાય છે ને માથું ત્રાહી ત્રાહી પોકારે છે.

આટલી પીડા તો સહેજે ગણાવી દીધી. બીજી નાની મોટી પીડાની આપણને કયાં ખબર નથી ?

માથાને માથે બીજી જાતની ઉપાધિ પણ છે. માબાપને ગમે, તેવી જાત જાતની હજામતો એ એક ઉપાધિ. નાને માથે મોટાં પાઘડાં અને ફેંટાં મૂકનારાં ગામડાનાં બાળકોનાં માથાંને બીજી જાતની ઉપાધિ. મોંઘી છતાં ગંધાતી જેવી ટોપીઓથી માથાને શોભવું પડે એ પણ એક ઉપાધિ રતો.

કોણ જાણે કયાંથી જાતજાતનાં ગંધાતાં તેલો નીકળતાં હશે પણ તેની સારી નરસી વાસ ભલે નાક લે પણ તેનો ભેજ રહેવાનું તો

માથાને જ ના. વાંળ રૂંપાળા થવા તેલ નાખે પૅણ માથાંને વાળ ભેગો તેલનો ભાર અને ચીકણાંશ વેંઢારવાની.

એ પણ ઠીક; પણ ઘરમાં બાળકોને સૌ ટોક ટોક કરીને 'માથું કાણું' કરી નાખે અને છોકરી હોય તો તેની બા તેના ઉપર 'છાણાં થાપે' એ પણ માથાએ જ ભોગવવાનું!

વળી નવા જમાનામાં નવી પીડા ઉભી થઇ છે: મસ્તકશાસ્ત્રીઓ માથાના હાડકાં જોવા માટે માથું તપાસ્યા કરે. એનું કામ પૂરું થાય નહિ ત્યાં સુધી બાપાએ હાજર રહેવાનું.

માનવ્યવંશશાસ્ત્રીઓ પણ માથાને નથી છોડતા. તેઓ પણ માથાને ઉભું ને આડું માપતાં થાકતા નથી ને માથાને થાક લેવા દેતા નથી.

છેવટે દક્ષિણી લોકોના છોકરાંનાં માથાં આખા દહાડામાં કેટલાં બધાં થાકી જતાં હશે તેનું માપ તો કઢાય ત્યારે ખરું. તેઓને દિ બધો 'નકો' અને 'હો' કહેવા સાથે માથું ધૂણાવવાનું જ.

નિશાળમાં ભણતાં બાળકોને ગોખતી વખતે વાંસો ડોક અને માથું ધૂણાવવાનું દુઃખ હજી કોઇ માસ્તરને સાલ્યું જ નથી પણ ઉલટું માથું ધૂણાવવાથી પાઠ આવડે છે એમ સૌ માને છે; ગમે તેમ પણ માથાની પીડામાં એટલો વધારો તો ગણાય જ ના.

વારૂ, ત્યારે હવે કરવું શું?

ઉપાય તો ઘણા છે. પણ માથાની ખાતર કોઇ સાંભળે તો ઉપકાર. ઘણા કહેશે માથું આટલી રીતે પીડાય છે એમ જાણવા છતાં વળી તમે આ વંચાવીને માથું ખાવા કાં બેઠા? બાળકો તો માથું ખાધા જ કરે છે એમાં વળી તમે ઉમેરો કરવા આવ્યા? બાળકોએ અને તેના પક્ષકારોએ માથું જ ફેરવી નાખ્યું.

મારો ઇરાદો ઉમેરો કરવાનો નથી પણ ઘટાડો કરવાનો છે. ઠેઠ સુધી વાંચશો તો તેની ખાત્રી થશે. એમ છતાં ન થાય તો મારા માથાનો વાંક કાઢજો કે તેને લખતાં ન આવડ્યું.

વારૂ ત્યારે પહેલી વાત એ કે પૂછી પૂછીને બાળકો આપણું માથું ખાતાં નથી પણ તેઓ પોતાના માથાને બળવાન કરવા માગે છે. તેઓના મનમાં અનેક પ્રશ્નો ઉભા થાય છે તેથી તેઓ આપણને પૂછે છે. આપણને જવાબો નથી આવડતા એટલે આપણું માથું ખવાય છે, ભેજાંનો ખુરદો થાય છે. એવો ખુરદો ન કરવો હોય તો જરા બાળકોને માટે પણ કંઇ કંઇ વાંચ્યા કરો અને બાળકોની જીજ્ઞાસા તૃપ્ત કરો.

આપણું માથું બાળકો ફેરવતાં નથી પણ આપણે પોતે જ ફેરવીએ છીએ. આપણે વગર સમજ્યે ગુસ્સે થઇએ છીએ, પછી લોહી ગરમ થતાં માથું તપે છે ને તે ફરે છે. હજી સુધી એટલું સારૂં છે કે તે આગળથી પાછળ આવી નથી ગયું. માથું આપણું છે, આપણા ખભા ઉપર છે. એને ફેરવવું ન ફેરવવું એ આપણા હાથમાં છે. આપણે ખામોશ પકડીશું તો બાળકોનું માથું આપણે નહિ ફેરવીએ અને તેઓ આપણું નહી ફેરવે.

ગોખતાં માથું ધૂણાવવાનું દુઃખ તો માસ્તર જ ટાળી શકે છે. માસ્તર આળસ છોડી સારી રીતે ભણાવવા બેસે તો આ દુઃખ ટળી જ જાય. શિક્ષકો જરા બાળકોને કેમ આવડી શકે

તેનું શાસ્ત્ર ભણે તો કરોડો માથાંનું ધૂણવું બંધ પડી શકે.

વળી છોકરાને પાઠ ન આવડે ત્યારે ખીજાએલો કુંભાર ગધેડીના કાન આમળે છે તેમ માસ્તર છોકરાનું માથું ભીંત સાથે ન અફળાવે પણ તેને શાંતિથી ભણાવે તો કેવું સારૂં ? નાનાં બાળકોનાં ઘસાએલાં માથાં મોટાં થઇ માસ્તરોનાં માથાંને ઘસી નાખવા નીકળશે ત્યારે તેમને ભારે પડશે.

માબાપો પણ ચેતે. આજે છોકરાંનાં માથાં ઉપર ટાપલી મરાશે; છોકરાં એ જ સભ્યતા આપણી પાસેથી શીખીને મોટાં થઇ મેણાંનાં ટપલાં મારશે, ને આપણું માથું ભારે કરશે.

માબાપો એ પણ ધ્યાનમાં રાખે કે ટોકાઈ ટોકાઇને કાણું થઇ ગએલું માથું પોતાનામાં કંઈ શિખામણ રાખી શકશે નહિ, ને કાણા માટલામાંથી પાણી પીવાનું નથી મંળવાનું તેમ તેમનામાંથી માબાપોને કશો લાભ નથી થવાનો. ટોકાએલાં માથાં મૂરખાં બનશે ને માબાપને કંઈ લાભ નહિ દે.

છોકરીનું માથું વધારાનું નથી. એના પર મેણાંનાં છાણાં થાપનાર માતાઓને કહેવાનું કે માથાનો ખોરાક મેણાંનાં છાણાં નથી પણ મીઠાં હેતનાં વચનો છે.

આ જમાનામાં બધાને છૂટ, ત્યારે જરા માથાને પણ માબાપો છૂટ આપે. બાળકોને જેવી જાતની હજામત કરાવવી હોય, જેવા વાળ કપાવવા હોય તેવા કપાવવા દેવા. હજામની પાસે બાળકોએ એસવું કે ન એસવું તે બાબત તેમના મુખત્યારની થવા દો, અને બાળકોને માથાની જેવી શોભા ઠીક લાગે તેવી કરવા દો. આપણને ગમે તેવા જ ઘાટોનો આગ્રહ ન રાખીએ. વળી માંથા પર કેટલો ભાર બાળકે વેંઢારવો અને ન વેંઢારવો તે બાબતમાં તેની મરજી ઉપર છોડો અને આપણી હોંશને જરા બાજુએ રાખો. માથાને ટોપીથી નહિ, તો ફૂલોથી શણગારવા દો. માથા પર પાંઘડીનો બોજો નહિ તો વાળનો અને પીંછાનો બોજો થવા દો. બાળકો ઇચ્છાથી કરશે તો આપણી ઉપર તેમનું માથું ખીજશે નહિ; અને ભેંશનાં શીંગડામાં ભટજીનું માથું હાથે કરીને પેઠું ને આપમેળે ડાહ્યું થયું એમ બાળકનું માથું પણ થશે. તેલોની બાબતમાં પણ આપણે બાળકોનાં માથાંને પીડા થાય ને માથામાં ચોમાસાના જેવો ગારો થાય તેવાં તેલોનો શોખ ન લગાડીએ. અને કોઇનું ખોટું અનુકરણ કરી બાળકો તેમ કરતાં હોય તો હળવેથી તેમને તેમાંથી બચાવીએ. બાળકો મૂરખાં નથી પણ આપણાથી વધારે સમજુ છે. તેમને શાંતિથી સમજાવતાં બહુ સમજી શકે છે.

માથામાં ગૂમડાં થાય, જૂઓ પડે અને ઉંદરી થાય તે માટે આપણે નહિ તો કોણ જવાબદાર ? આપણે માથાને સ્વચ્છ રાખવાના બધા ઉપાયો જાણવા જોઇએ અને તે અજમાવવા જોઇએ. બાળકને ગંદાં છોકરાં સાથે રમવા દઇએ તો દોસ્તીમાં જૂઓ મળે; ગંદાં છોકરાંને ગંદાં જ રહેવા દઇએ તો ફાયદામાં જૂઓ મળે. માથાને ટોપીથી ઢાંકી દઇએ તો ધામ થાય ને ગૂમડાં થાય. માથું વારંવાર ધોયા ન કરીએ તો ઉંદરી પણ થાય.

બાળકોને જાતે ન્હાવું ગમે છે પણ ન્હાવાની સગવડ આપણે આપતાં નથી. બાળકો

કોને વાળ સ્વચ્છ રાખવા ગમે છે પણ જાતે વાળ સ્વચ્છ ન રહે તેટલા મોટા વાળ (છોકરીઓના) રખાવીએ છીએ અને છોકરીની ઇચ્છા હોય છે છતાં કાપવા દેતા નથી. ગામડાંના લોકો આ બાબતમાં અનુકરણ કરવા યોગ્ય છે. તેઓ નાની છોકરીઓ અને છોકરા બન્નેને માથે મૂંડો રખાવીને માથાંને ઘણી પીડામાંથી બચાવે છે.

બાળકોને સાબુ, નહાવાની ઓરડી, પુષ્કળ પાણી, કાચ અને દાંતીઓ આપવાથી પોતે જ એ બાબતમાં માથા સાથે માથું ફૂટ્યા કરશે.

જ્યારે જ્યારે માથું દર્દથી પીડાવા લાગે ત્યારે ત્યારે તેને તરત દાકતરના ખોળાનાં મૂકી દેવું. હજામ માથાને રૂપાળું કરે પણ દાકતર માથાને નિરોગી કરશે.

બાળકને સમજવા પ્રયત્ન કરીએ અને તેને સમજીને તેના જીવનવિકાસમાં પૂરેપૂરી સહાય આપ્યા કરીએ તો તેની અને આપણી વચ્ચે વાંધો પડવાને બદલે બન્ને વચ્ચે પ્રેમ વધશે; ત્યારે આપણાં માથાં ખવાવાને બદલે ઉલટાં ખીલવા માંડશે.

હઠીલાં બાળકો પોતાનું માથું અફાળવાનું ત્યારે જ અટકાવશે કે જ્યારે બાળકો હઠે શા માટે ચઢે છે તેનો બારીક અભ્યાસ આપણે કરીને તેનો નિકાલ કરશું. જન્મથી બાળક હઠ નથી કરતું જાણ્યું. પોતાને કાંઈ પીડા હોય, તે દૂર કરાવવા બાળક રડે છે તેમ જ તે માથું પછાડે છે. પણ આપણાથી બગાડાએલું બાળક રડવા ઉપરાંત માથું પછાડી આપણને ડરાવે છે, કેમકે તે જાણે છે કે માથું પછાડવાથી મા-બાપ તાબે થઇ શકે છે. પણ બાળકના એ માથાની પણ દવા કરવી જોઇએ. પહેલી દવા એ કે આપણે એને જે રીતે "ભા બાપા" કરીને અને લાડ લડાવીને બગાડીએ છીએ તેમ બગાડવું નહિ; અને આપણા ડાહ્યા થયા પછી આપણી દૃઢતા અને નિશ્ચય વડે બાળકના માથાને અનુભવ થવા દઇ ખાત્રી આપીએ કે માથું પછાડવું એ માર્ગ કંઇ લેવાનો કે વિકસવાનો નથી, પણ જોઇતું બતાવવાનો અને અમારે તે આપવાનો જ માર્ગ વિકાસનો માર્ગ છે.

બાળકો સાથે દોડતાં અફળાય છે ને માથાં ભટકાવે છે તેમાં જ તેમની કેળવણી હોય તો આપણે 'માથાં ભટકાવવાને' અભ્યાસક્રમમાં સ્થાન આપીએ. સામસામે ભટકાવાનું કારણ તો બરાબર સંભાળીને ચાલતાં નથી આવડતું એ છે. બાળકોને કેમ ચાલવું, કઇ બાજુએ ચાલવું એ નાનપણથી શીખવી શકાય છે, ને તે શીખવવું જોઇએ. વ્યવસ્થિત હલનચલનનું શિક્ષણ મોન્ટીસોરી શાળામાં બહુ અગત્યનું સ્થાન ભોગવે છે.

બાકી મસ્તકશાસ્ત્રીઓને જાણ થાય કે આધુનિક નવીન માનસશાસ્ત્રે કહી દીધું છે કે માણસની શક્તિઓ માથામાં--મગજમાં જ રહે છે પણ ખોપરીમાં નથી રહેતી. ખોપરીને માપીને માણસની શક્તિ અશક્તિ વિષે બહુ જાણી શકાય તેમ નથી. હા, હજી Anthropology-માનવશાસ્ત્રવાળાને ખોપરીનું માપ કામનું છે અને તેઓ બાળકોને ભલે થોડીએક તકલીફ આપે. વિજ્ઞાનના વિકાસને મદદ કરવા માટે એટલી તસ્દી માન્ય છે.

છેવટે દક્ષિણી છોકરાંનાં માથાં 'નકો' અને 'હો' કરતાં થાકી જતાં હોય તો તેનો ઉપાય એ

છે કે તેમનાં માબાપોએ પોતે તેમ કરવું નહિ.

આપણામાં કહેવત છે કે દશ શેરનું માથું ધૂણાવવું તેના કરતાં નવટાંકની જીભ ચલાવવી સારી. આપણે બાળકોને માથું ધૂણાવીને હા ના પાડતાં ન શીખવીએ પણ જીભથી હા ના કહેતાં શીખવીએ. આજના જમાનામાં તે સત્ય પણ દેખાશે. પણ આમાં તો માથા કરતાં પાઘડી મોટી એમ મહત્ત્વ કરતાં વાત મોટી એવું થયું. એટલે જો બાળકો હળવેથી માથું હલાવી હા ના બતાવે તો બહુ વાંધો લેવા જેવું ન ગણાય. એટલી કસરત તો માથાને જોઇએ ના !

હા, છેવટની વાત તો રહી જાય છે. આપણે બાળકોને ડરાવીએ છીએ 'એ, ગડબડ નહિ કરો નહિતર બે કાન વચ્ચે માથું કરી દઇશ.' છેક નાનાં બાળકો સાચે જ ગભરાય છે. તેમને કાંઇક ભય જેવું લાગે છે. આપણને એમાં વિનોદ લાગતો હોય તો પણ તેમ કહેવું નહિ. બાકી માથું તો બે કાન વચ્ચે જ છે અને બે કાન વચ્ચે જ રહેવાનું. ગિ.

આ તો અસહ્ય છે

૬૬૪ વી.પી. પાછાં ફર્યાં
૧૦૭-૭-૦ નો નકામો ટપાલ ખર્ચ

ચાલુ વર્ષની શરૂઆત પહેલાં જ અમે આપણી પત્રિકાના ગ્રાહક ભાઇઓને લખી જણાવ્યું હતું કે જો ગ્રાહક તરીકે ચાલુ રહેવું હોય તો એક પોસ્ટકાર્ડથી જણાવશો અગર રૂ. ૧-૦-૦ નો મનીઑરડર કરી મૂકશો અગર વી. પી. આવે તે સ્વીકારજો.

આમ છતાં ૭૬૪ વી.પી. પાછાં ફર્યાં. ૧૦૭-૭-૦ નો ટપાલ ખર્ચ નાહકનો થયો. આ ભાઇઓએ એક જ પોસ્ટકાર્ડથી 'ના' લખી મોકલી હોત તો તેઓએ અમને મોટી મદદ કરી ગણાત. આજની આર્થિક મુશ્કેલીના જમાનામાં કોઇ પણ પત્રને આવું નુકશાન ખમવું કેમ જ પાલવે ? અને તેમાંયે ગરીબ બિચારી રૂ. ૧-૦-૦ માં ૧૩ અંક આપતી 'પત્રિકા'ને તો ન જ પાલવે.

આ વર્ષનાં ગ્રાહક ભાઇ બેનોને અમારી નમ્ર વિનતિ છે કે જો આપને આવતા વર્ષે ગ્રાહક ન જ રહેવું હોય તો જ્યારે સાંભરે ત્યારે ને અવકાશ મળે ત્યારે એક પોસ્ટકાર્ડ લખી નાખવા કૃપા કરશો ? આમ ગ્રાહક મટી જશો એનો ધોખો નહિ કરતાં આપના ઋણી રહીશું. કેમ કે તેમ કરતાં,

અંકને મોકલવાની નકામી મહેનત નહિ પડે;

ટપાલખાતાને નકામું ખટાવવું નહિ પડે;

અને આપના ઉપર સકારણ નારાજ થવું નહિ પડે. તંત્રીઓ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

બાલસાહિત્ય સંશોધન

પત્રિકાના વાંચનારાઓને,

આ સાથે જીનેવાથી આવેલો પત્ર તથા પ્રશ્નમાળા અહીં છાપીએ છીએ.

આપના ઘરમાં ગુજરાતનું આજનું સાહિત્ય હશે જ. આપનાં બાળકો તે રસપૂર્વક વાંચતાં પણ હશે જ.

આપ આપના પોતાના તથા બાળકોના અનુભવથી પ્રશ્નમાળાના ઉત્તરો આપી અમને આભારી કરશો.

જીનેવામાં જે બાલસાહિત્યનું સ્થાયી પ્રદર્શન છે તેમાં આપણાં બાલસાહિત્યનાં પુસ્તકો પણ કાં ન હોય?

આપનો સહકાર વહેલો મળશે એવી આશા રાખીએ છીએ.

ઉપલી પ્રશ્નમાળા જીનેવાથી જેવી અમને મળી છે તેવી જ પ્રગટ કરીએ છીએ.

આપનાં

ભાવનગર
દ. મૂ. બાલમંદિર } ગિજુભાઈ
તારાબેન

ના નમસ્કાર.

આંતરરાષ્ટ્રીય સદ્‌ભાવનાની શોધખોળ અને બાલસાહિત્યનું સ્થાયી પ્રદર્શન

હેતુ

બાલસાહિત્ય બાબતની શોધખોળના હેતુ બે છે. (૧) પહેલો તો એ કે બની શકે તેટલા દેશોમાંથી બાલસાહિત્ય બાબતની ખબરો અને બાલપુસ્તકો એકઠાં કરવાં; અને આ એકઠા કરેલા સાહિત્યને ઘણા દેશોનાં કેળવણીકારો, સાહિત્યકારો, ભાષાન્તરકારો અને તંત્રી મહાશયો કે જેમની દ્વારા આપણે ઘણી જુદી જુદી ભાષાઓમાં કેટલાંક ઉત્તમ પુસ્તકોનાં ભાષાન્તર અને ઉતારા કરવાનું સરળ કરવા શક્તિમાન છીએ, તેમની સાથેના અમારા સંબંધ દ્વારા, વ્યાવહારિક ઉપયોગમાં મૂકવું. (૨) બીજો ઉદ્દેશ એ કે કેવળ કેળવણીકારોના જ દૃષ્ટિબિંદુથી નહિ પણ બાળકના દૃષ્ટિબિંદુથી પણ ઉત્તમ પુસ્તકો તરીકે પસંદગી પામે તેવાં પુસ્તકો માટે એક ધોરણ નક્કી કરવું.

આ ધ્યેય મુજબ કેળવણી વિષયક વિજ્ઞાનોની જીનેવાની સંસ્થા સાથે સહકારમાં અમે કેટલાંક પુસ્તકોની લોકપ્રિયતા સમજવે તેવા અને બાળકોને આકર્ષે તેવા ગુણોની માનસશાસ્ત્ર તેમ જ કેળવણીની દૃષ્ટિએ તપાસ કરવાનું માથે ઉપાડ્યું છે.

સૂચિપત્રમાં નીચેનાં ક્ષેત્રોમાં બાળકો માટેના ઉત્તમ સાહિત્યનો સમાવેશ કરવો:

૧. બાળકોમાં વિશ્વબંધુત્વ પોષે તેવાં પુસ્તકો.

૨. બાલપ્રિય, તેમ જ દરેક દેશના બાલજીવનનું સાચું ચિત્ર રજુ કરતાં હોય તેવાં પુસ્તકો.

૩. જુવાની સુધી સારી રીતે પોષક નીવડે તેવી જાતનું તમામ દેશોનું બાલ પ્રાચીનસાહિત્ય (classics).

૪. ઉપરના નંબર ૧ અને ૨ વાળા વિભાગની નમુનાની ચિત્રપોથીઓ.

૫. બાળકોએ લખેલાં પુસ્તકો—હસ્તલિખિત સુદ્ધાં.

સાધનો

૧. વાચન વગેરેમાં બાળકોની રુચિ ઉપરથી જુદા જુદા દેશોમાં કરેલી અને છપાએલી તપાસો, ને તે પછી બનાવેલાં સૂચિપત્રો.

૨. પુસ્તકાલયોને મોકલાએલી પ્રશ્નમાળાઓ. (બાલ-પુસ્તકાલયો, શાળાનાં પુસ્તકાલયો, બાલહિતેચ્છુ સંસ્થાઓ, વગેરે.)

૩. પ્રકાશનમંદિરોના વ્યવસ્થાપકો, અને તંત્રીઓ સાથેની મુલાકાતો અને પ્રશ્નમાળાઓ

૪. શિક્ષકો સાથેની મુલાકાતો અને પ્રશ્નમાળાઓ.

૫. માબાપો સાથેની મુલાકાતો અને પ્રશ્નમાળાઓ

૬. શાળાની અંદરનાં અને બહારનાં બાળકોની સાથેની મુલાકાતો.

૭. વ્યક્તિગત અભિપ્રાયો.

પ્રશ્નમાળા

૧. તમારા દેશનું મુખ્ય બાલ પ્રાચીનસાહિત્ય (classics) શું છે ?

૨. (અ) તમારા દેશમાં બાલજીવનનું સાચું ચિત્ર કયાં પુસ્તકો રજુ કરે છે; અને ઘણાં જ બાલ-પ્રિય પુસ્તકો કયાં છે ?

(બ) શા આધાર ઉપર તમે એવું કહો છો કે તે ઘણાં જ બાલપ્રિય છે ? (આંકડા, તપાસ, નતઅનુભવ જણાવો).

૩. બાળકોમાં વિશ્વબંધુત્વ પોષે તેવાં કોઇ પુસ્તક આપ જાણો છો ?

૪. ચિત્રપોથીઓ સંબંધે આપ જાણો છો ?

(અ) વિશ્વબંધુત્વ પોષે તેવી. (બ) આપના દેશના બાલજીવનનું સાચું ચિત્ર રજુ કરે તેવી.

૫. આપના દેશમાં બાળકોએ લખેલાં કોઇ પુસ્તકો છે ?

૬. આપના દેશમાં બાલસાહિત્ય ઉપર શોધખોળ થઈ છે ? કયારે થઇ ? કોણે કરી ?

૭. પરિણામ જાહેર થયાં છે ? આ શોધખોળને લગતાં કોઇ પુસ્તકો કે લેખો વિષે આપ અમને કહેશો ?

૮. આપ કોઇ વ્યક્તિઓ (પ્રકાશકો, પુસ્તક-ભંડારના વ્યવસ્થાપકો, લાઇબ્રેરીઅનો, શિક્ષકો, મોબાપો કે સંઘો) જે અમારી શોધખોળમાં રસ ધરાવે તેવી હોય તેમને ઓળખો છો ? મહેરબાની કરી સંપૂર્ણ રીતે ને ચોકસાઇથી સરનામાં આપો.

૯. ચાલુ શોધખોળનાં પરિણામ જાણવામાં આપને રસ પડશે ?

જ્યારે શકય હોય ત્યારે આપ દરેક ચોપડીનું ચોક્કસ નામ, કર્તા અને પ્રકાશકનું નામ, પૃષ્ઠની સંખ્યા, અને આપની પોતાની દૃષ્ટિએ તે કયી ઉંમર અને જાતિને અનુકૂળ આવે એમ છે તે જણાવશો ?

અમારી શોધખોળમાં ૩ થી ૧૬ વરસની ઉંમરનાં બાળકોને અનુકૂળ આવતી ચોપડીઓનો સમાવેશ થાય છે.

'બાલસાહિત્ય' શબ્દ બહોળા અર્થમાં વપરાયો છે.

છપાયું છે: મોન્ટીસોરી પદ્ધતિ: (બીજી વાર) ગિજુભાઇ
મોન્ટીસોરી સંક્ષિપ્ત: (પહેલી વાર) તારાબેન

અંગ્રેજી ક્યારે ?

મુંબઇ-પૂના તરફ બાળશાળાઓમાં જોઇએ તો આપણાં દેશી બાળકોને પણ નાની ઉંમરે–પાંચ પાંચ વરસની ઉંમરે અંગ્રેજી શીખવવાના પ્રયાસો દેખાય છે. બાલકોને પૂછીએ તો બે પ્રકારના જવાબ મળે છે. પહેલો ને વધારે જગ્યાએ મળતો જવાબ એ હોય છે કે " અમારો ઉપાય નથી. માબાપોની માગણી હોવાથી અમારે સંતોષવી પડે છે. " બીજો જવાબ કોઇ જગ્યાએ મળે છે કે "બાળકને અંગ્રેજી સારૂં આવડવું જ જોઇએ તો બાળપણથી શા માટે ન શીખવવું ? બાળક બહુ જ સહેલાઇથી તે વખતે ભાષા શીખે છે. માટે નાનપણથી તેની સાથે અંગ્રેજીમાં વાતચીત કરવી એટલે ઝટ આવડે. "

પહેલા જવાબ માટે શિક્ષકો અને માબાપોની દયા આવી ઘટે. શિક્ષકો માબાપોને બાળકોની સાચી જરૂરીઆતો સમજાવી શકતા નથી પણ ઉલટું તેમને માબાપોની ઇચ્છાને અનુસરવું પડે છે તે સ્થિતિ શિક્ષકો માટે દયાજનક ગણાય. માબાપોને આપણાં બાળકો સાહેબનાં બાળકો જેવાં દેખાય, તેમની જેમ ટેબલ ખુરશી પર બેસી કાંટા ચમચાથી જમતાં થાય, અને તેમની જેમ અંગ્રેજી વાતો કરતાં થાય એવું જોવાની અભિલાષાઓ હજી સુધી છે; તેને માટે શું કહેવું ? હિંદનું કમભાગ્ય અને અંગ્રેજોનો ચડતો સિતારો કહીશું ? આપણી ગુલામીને તો હદ જ નથી ! આટઆટલાં પડઘમ વાજાં વાગે છે તો પણ આપણી પાશ્ચાત્ય પ્રત્યેની મોહનિદ્રા દૂર થતી નથી ! આપણે તે કુંભકર્ણ કે બીજા કોઇ ? શિક્ષકોને એટલું જ કહીએ કે બહેત્તર છે શાળામાંથી એકેએક બાળક ચાલ્યું જાય પણ સિદ્ધાંતને વળગી રહેવાની તાપશ્ચર્યા કરો, પ્રેમ-રતા કેળવો. માબાપો પણ સમજશે અને બધાં સારાં વાનાં થશે.

બીજા જવાબનો થોડોએક વિચાર કરીએ. અર્થાત્ બીજા જવાબમાં પહેલા જવાબનું માનસ–એટલે અંગ્રેજ પ્રત્યેનો મોહ અથવા આપણો inferiority complex રહેલો છે તેને કોરે મૂકીને તાત્ત્વિક દૃષ્ટિએ વિચાર કરીએ કે બાલ્યાવસ્થામાં એક ભાષા શીખવી સારી કે અનેક ભાષા.

બીજો પ્રશ્ન અનેક ભાષામાં આપણે કઇ ભાષાની પસંદગી કરવી જોઇએ એ છે.

ભાષા પોતે ખરી રીતે જોઇએ તો ફોકાં જેવી છે. ભાષાની કિંમત તેની સાથે જોડેલા અર્થને લીધે છે. માત્ર જુદા જુદા ઉચ્ચાર કે અવાજની કશી કિંમત નથી. અર્થ અથવા વિચારની ખરી કિંમત છે. અર્થાત્ બાળકને ભાષા શીખવવાની હોતી નથી. પણ વિચાર કરતું કરવાનું હોય છે. ભાષા તો માત્ર સાધન છે. ભાષાની ઝીણવટ અથવા વ્યાકરણ સુદ્ધાં વિચારની ઝીણવટ જ છે. લિંગભેદ કે વચનભેદ માત્ર ભાષામાં રહેલી વસ્તુઓ નથી પરંતુ દુનિયામાં રહેલી વસ્તુઓ અથવા તેનો ગુણધર્મ છે. તે દૃષ્ટિએ ગાય એ એક શબ્દ બાળક શીખે; ગાય જુએ તેથી તેના જ્ઞાનમાં વધારો થાય છે. પરંતુ ગાયના ગૌ કે Cow કે બીજા શબ્દો તે જ વખતે વધારામાં શીખવાથી તેનું જ્ઞાન કે

વિચાર વધતો નથી. માત્ર એક જ વિચાર માટેના અનેક શબ્દો શીખવાની વધારાની મહેનત તેને તે વખતે કારણ વિના કરવી પડે છે–કારણ વિના એટલે તેના જીવનમાં તેમ કરવાનું કારણ ઉત્પન્ન થયા વિના તેને કરવું પડે છે. એક ગુજરાતી બાળક બંગાળામાં રહે ને ત્યાં તે એક વસ્તુને લગતો ગુજરાતી અને બંગાળી શબ્દ જાણે અથવા વિલાયતમાં રહેતું હિંદી બાળક બહાર બોલાતી અંગ્રેજી અને ઘરમાં બોલાતી હિંદી ભાષાના શબ્દો સાથે સાથે શીખે એ વાત જુદી છે, કારણ તેના જીવનમાં તેમ કરવાની જરૂરીઆત ઉત્પન્ન થએલી હોય છે, ને જરૂરીઆતને પહોંચી વળવા જેટલી મહેનત તે સ્વાભાવિક રીતે કરે છે. પરંતુ તેવાં બાળકોનો દાખલો લઇ બધાં બાળકોને પહેલેથી નિષ્કારણ જણાતી મહેનતમાં ઉતારવાં ઇષ્ટ ન ગણાય.

અંદરના આવિર્ભાવ માટે (self-expression) માટે ભાષા એક જરૂરી સાધન છે એ વાત નિર્વિવાદ છે. પરંતુ તે માટે માતૃભાષા જ અથવા તે સ્થાને જે ભાષા હોય તે જ ઉત્તમ સાધન થઈ શકે છે. કારણ ઓછામાં ઓછી મહેનતથી વધારેમાં વધારે ભાવદર્શન તે ભાષા દ્વારા બાળકો કરી શકે છે. ભાવ તથા વિચારોની સૂક્ષ્મ સમજણ અને દર્શન એ બધી મહત્ત્વની વસ્તુ છે. બાલ્યાવસ્થામાં અનેક ભાષા શીખવાથી ભાષામાં–એટલે કે ભાષા દ્વારા લાગણી ને બૌદ્ધિક સમજણમાં પ્રગતિ કરવાને બદલે તેમની શક્તિ ભાષાના શબ્દો શીખવામાં વપરાય છે. અનેક ભાષાના પૃષ્ઠ ભાગ ઉપર રહેવા કરતાં કોઈ પણ એક ભાષા દ્વારા વિચાર, ભાવ વગેરેમાં ઉંડા ઉતરવું એ જ અત્યંત મહત્ત્વનું છે; વિચાર કરવાની શક્તિ ખીલે તે જરૂરનું છે. અર્થાત્ અનેક ભાષાનું શિક્ષણ એ રીતે નિરુપયોગી છે. કોઇ પણ એક ભાષા ઉપર વિચારની સૂક્ષ્મતાને કારણે કાબુ મેળવ્યા પછી જરૂર ઉભી થએ ગમે તે બીજી ભાષા શીખવી અઘરી નથી. માત્ર થોડા સંકેતો જાણી લેવા એ કાંઇ બુદ્ધિની કેળવણી નથી. બુદ્ધિ હોય, વિચારશક્તિ હોય તો તેની મદદથી માણસ જરૂર પડે ગમે તે ભાષા શીખી શકે છે. માટે બાળક અવસ્થામાં ભાષાશિક્ષણ એ મહત્ત્વની વસ્તુ નથી, પરંતુ ભાષા દ્વારા વિચાર ને લાગણીના પ્રદેશમાં યથેચ્છ વિહાર કરવો અને દુનિયાનો પરિચય ને તત્સંબંધી જ્ઞાન મેળવવું, એ વસ્તુ મહત્ત્વની છે. માટે માબાપોએ બાળકને માત્ર એક જ ને તે પણ માત્ર પોતાની જ ભાષા બાળકને આવડે તો તેટલા માટે નિરાશ થવાનું નથી, અથવા બનીવાનું નથી કે બાળક શિક્ષણમાં પછાત છે. બાળકની તાર્કિકતા (logic) કેવી છે, પોતાના ભાવ ને લાગણીઓ તે વિના મુશ્કેલીએ વ્યક્ત કરી શકે છે કે નહિ, તે દુનિયાને નિહાળી જાણી શકે છે કે નહિ, અથવા બીજાએ જોએલું જાણેલું તે સમજી શકે છે કે નહિ તે જોવાની–તપાસવાની જરૂર છે. બાળક જરા અંગ્રેજીમાં 'મમી' ને 'થેંકયુ' ને 'સૉરી' કહેવા લાગે તો જ તે કેળવાએલું થઇ ગયું એમ માનવાનું નથી. આપણે બાળકના ઉપલક (superficial) વિકાસનો મોહ છોડી તેની અંદરની મહાન શક્તિઓને વિકસવાની તક આપશું ત્યારે જ આપણે મહાન મજા બની

શકશું. ત્યાં સુધી વાંદરીઆ નકલ કરનાર આપણને કોણ ને શા માટે સન્માનશે ?

અનેક ભાષાની આવડતમાં કેટલીએક વ્યાવહારિક સગવડ રહેલી છે. તે માટે અમુક ઉંમર પછી એટલે અગિયાર બાર વર્ષે બાળકોને કેટલીએક બીજી ભાષાઓ શીખવવામાં આવે તો સારું. પરંતુ તે ભાષાઓ અંગ્રેજી કે ફ્રેંચ હોય તે કરતાં આપણા દેશમાંની બીજી ભાષાઓ હોય તો સારું. ગુજરાતી બાળકોને ગુજરાતી પાંચ ધોરણ પછી મરાઠી કે હિંદી તથા મરાઠી લોકોને ગુજરાતી વગેરે શીખવવામાં આવે તો થોડી મહેનતે તેમને તે ભાષાઓ આવડે છે; ને તેમ કરવાથી તેમનો વાચન અધ્યયનનો પ્રદેશ તુરત જરા વિશાળ બને છે.

બાળકોના શિક્ષણનો વિચાર કરનારાંઓ અંગ્રેજી અને આંગ્લપણાનો મોહ છોડી બાળકની ખરી કેળવણીનો વિચાર કરતાં થાય અને માણાપોને કરાવતાં થાય તે ઇચ્છવા જોગ છે. તા.

નિત્ય નોંધમાંથી

પોષ મહિનાની કકડતી ટાઢ. આકાશ વાદળાંથી ઘેરાએલું. ભંગીનું ચાર વર્ષનું બાળક માર્ગ ભૂલી બાલમંદિરના ઓટલે આવી ચડ્યું. અંગે એકે કપડું નહિ; પગમાં એને જોડા નહિ.

વરસાદ વરસવા લાગ્યો. જોસભેર પડવા લાગ્યો. બાલમંદિરનાં બાળકો વરસાદ જોવા જાળીએ આવ્યાં. પેલું બાળક પલળતું હતું; ટાઢે એ ધ્રૂજતું હતું. બાલમંદિરનાં બાળકો તેમની દુનિયાની એક વ્યક્તિને આમ દુઃખી હાલતમાં જોઇ મારી પાસે દોડી આવ્યાં અને કહેવા લાગ્યાં: "શંકરભાઇ, પેલું બાળક પાણીથી પલળી ગયું છે."

મેં કહ્યું: "જે બાળકો એ ભંગીના બાળકને બાલમંદિરમાં આરામ આપવા ઇચ્છતાં હોય તે હાથ ઉંચા કરે." સૌ બાળકોના હાથ ઉંચા થયા. એક બાળક બ્હસી ગયું.

કુસુમબેને ટુવાલથી એનું શરીર લૂછ્યું. ઘનશ્યામભાઇ વધારાની ચડ્ડી કબાટમાંથી લઇ આવ્યા. તારાચંદભાઇએ પોતાના પાસેના ઘરમાંથી પહેરણ પહેરાવ્યું. ઇંદુબેને પોતાનો ધોએલો રૂમાલ ભેટ આપ્યો.

બધાં બાળકોમાં ઉત્સાહ હતો; સૌમાં સહાનુભૂતિ હતી; સૌમાં સાચો પ્રેમ—સાચી દયા હતી.

ઉ. જોષી.

બાળકોને પૂછવાના પ્રશ્નો

આગલા અંકમાં જે પ્રશ્નો બાળકોને પૂછીને તેના જવાબો મોકલવાની આપને અમે વિનંતિ કરી હતી તેના પરિણામે કેટલાક ભાઇબહેનોએ ઉત્તરો મોકલ્યા છે; પણ હજી એ ઉત્તરો બહુ ઓછા છે. તો આપ એ તરફ ધ્યાન દેશો એવી વિનતિ કરીએ છીએ.

બાલમાનસની શોધ અર્થે આવા સેંકડો પ્રશ્નોના ઉત્તરોની આવશ્યકતા છે. અને એ કામમાં બાળકોનાં માબાપો સિવાય બીજું કોણ મદદ કરી શકે ?

સાચી.....વાતચીતો

: ૧ :

માતા ફરિયાદ કરે છેઃ "ભાઇ, મારી દીકરી તો ખાતાં ખાતાં પાટલા ફરતી આંટા ફરે છે. આખો એક કલાક ખાતાં કરે છે. આજ તો મેં એને મારી."

બા ગયા પછી બાની ફરિયાદ સંબંધે બાળકને પૂંછવામાં આવ્યુંઃ "શા માટે જમતાં જમતાં પાટલા ફરતાં ફેરા ફરો છો? વાર કેમ લગાડો છો?"

બાળકે ઉત્તર આપ્યોઃ "ભાઇ, બા તો એવી છે કે એક રોટલી પીરસી નીચે કોઇ બોલાવે ત્યાં વાતો કરવા જાય છે. એટલે હું શું કરું? બાપા જમવા બેસે છે ત્યારે વાતો કરવા નથી જતી."

: ૨ :

"ભાઇ, મને કાલે કાંટો વાગેલો. કાંટો દુખતો હતો એટલે બાને મેં તે કહાડવા કહ્યું. હું રડતી ન હતી, પણ બાએ મને માર્યું. મને ત્રણ ચાર વાર માર્યું; જેસથી પછી મને રડવું આવ્યું. એટલે બા કહેઃ 'કેમ રડે છે? છાની રહે નીકર મારીશ.' પછી મારા ભાઇ આવ્યા. તેમણે મારો કાંટો કાઢ્યો. ભાઇ! મને બા નથી ગમતી. ભાઇ ગમે છે; તમે બહુ ગમો છો."

વા. ઠા.

બાબાપોની મૂંઝવણો

બાબાપો પૂછવે છેઃ—

સ૦ મારૂં બાળક કળિયાનાં બાળકોને વગર વાંકે મારે છે, તો શું કરવું?

જ૦ તમને ધન્યવાદ ઘટે છે કે તમે બાળકનું ઉપરાણું લેતા નથી. બાળકમાં આ દોષ જોઇ શકયા એ તમારા બાળકને વધારે બગડતું અટકાવશે. તમે તપાસ કરો કે બાળક એકનું એક છે? ઘરમાં સૌથી નાનું છે? ઘણી વાર આવાં બાળકોને સૌએ વધારે પડતાં મોઢે ચડાવેલાં હોય છે તેથી તેઓ જેમ કરે તેમ ઘરમાં ચાલવા દે છે. ઘરની વર્તણુક શેરીમાં જતાં ત્યાં પણ તેઓ બતાવે છે.

નાનાં બાળકો મા કે બાપાને રમતમાં મારે છે ત્યારે માબાપ તે રમતને ગમ્મત તરીકે ગણી તેને તેમાં ઉત્તેજન આપે છે. ધીરે ધીરે હસવામાંથી બસવું થાય, તેમ રમતમાંથી બાળકને મારવાની ટેવ પડે છે.

માબાપ જે બાળકનું ઉપરાણું લે છે ને ઉલટાં બીજા સાથે લડવા નીકળે છે તેમનાં બાળકો માથાભારે થાય છે, બીજાનાં છોકરાંને મારે છે.

એક જ ઘરમાં જ્યારે એકી સાથે નણંદ ભોજાઇ કે દેરિયાં જેઠિયાં ભેગાં રહેતાં હોય છે ત્યારે મારતા મિયાંની તલવાર જેમ તકરારી મા બાળકને બીજાને મારતું કરી શકે છે. જેમ માનું કોઇ નામ નથી લેતું તેમ મારૂં નામ પણ કોઇ લઇ શકે નહિ એમ ધારી બાળક બીજાને પજવે છે.

આવા બાળકને જરાક અનુભવ થવાની જરૂર છે. આપણે તેને ચેતવવું કે "ને ભાઈ, તમને કોઇ મારે અને લાગે તો તમને જેમ

ગમે નહિ તેમ બીજાને પણ તે ગમે નહિ. એમ છતાં તમે બીજાને મારો અને જો તે સામેથી મારે તો પછી હું કાંઈ કહી શકીશ નહિ. તમારે માર ખાવો પડશે."

આટલી સલાહથી બાળક સમજે તો ઠીક નહિતર તેને સામાજિક કાયદાનો અનુભવ થવા દેવો. શેરીનાં બાળકોને એકઠાં કરીને કહી દેવું કે જુઓ ભાઈ, તમને આ ભાઈ મારે તો તમે તેને સામે મારી શકો છો. શેરીમાં કોઈ મારવા આવે તો શેરીનાં બધાં બાળકો તે મારનારને કાઢી મૂકી શકે; તેને પકડીને ઘેર મૂકી આવી શકે; તેની સાથે સંબંધ ન રાખી શકે; તેને લગાવી પણ દે. ત્યાર પછી મારકણા બાળકને જે અનુભવ થશે તેમાંથી તે ઘણું શીખશે ને પોતાનું અસલ શિક્ષણ બતાવશે નહિ.

પણ આ ઉપાય ઉંચી જાતનો નથી. આમાં મારકણું બાળક મારતું અટકશે પણ તે અશક્ત નીવડવાથી ઈર્ષ્યાળુ થશે. મનમાં વેર રાખી કોઈ વાર લાગ સાધી શેરીના બાળકને તે જ્યારે એકલું મળશે ત્યારે લગાવશે, અગર પોતાનાથી નાનાં બાળકોને મારવાનો સ્વાદ લેશે. અર્થાત્ સામાજિક કાયદો આખરની મુશ્કેલી દૂર કરતો નથી; હૃદયની ખરી શુદ્ધિ કરતો નથી. તે સમાજને તાત્કાલિક નુકશાનીમાંથી બચાવે છે. તોફાની વ્યક્તિ સામે પણ બંધ બાંધે છે. પણ તોફાની વ્યક્તિને ફેરવી શકતો નથી. મૂળ લગે હૃદયનો પલટો કરી શકતો નથી.

એટલા માટે સારો ઉપાય આ છે. શેરીનાં બાળકોને આપણે ત્યાં બોલાવી સૌને સાથે સર્જનાત્મક પ્રવૃત્તિ કરવાની થોડો વખત તો આપણી દેખરેખ નીચે જ અનુકૂળતા કરી આપવી. દેખરેખની જરૂર એટલા માટે છે કે તેમને શરૂઆતમાં પડતી મુશ્કેલીઓ આપણે દૂર કરી શકીએ. સાથે સર્જન કરવામાં રોકાઈ જનારાં બાળકો લડવા વઢવાનું ભૂલી જ જવાનાં. સર્જન અને તેમાંય સરસ સર્જનનો આનંદ અદ્‌ભુત છે. સર્જનાત્મક પ્રવૃત્તિની સાથે જ બાળકમાં શરીર મનની વ્યવસ્થા ઉભી થતાં અંદર રહેલ આત્માનું પ્રતિબિમ્બ બહાર પડે છે. એ જ પ્રેમતત્ત્વ છે. એ પ્રેમતત્ત્વ કેળવવાના માર્ગે બાળકોને મૂકવાથી તેઓ લડાઈ ટંટા કરતાં બંધ થશે.

જે માર્ગ બાળકોનો છે તે જ મોટાંઓનો છે. દુનિયા ભેળી મળી જીવનના સુખની સહસાધના કરે તો પ્રેમતત્ત્વ વધારે ને વધારે બીલે અને જીવનની આજની કડવાશો દૂર થાય.

મોટાંઓ તો એમ કરવા શીખે ત્યારે ખરાં, પણ બાળકોને તો કડવાશના ભોગ થઈ પડે તે પહેલાં મીઠાશના માર્ગે મૂકી દઈએ.

સ૦ હું જ્યારે ગામમાં જાઉં છું ત્યારે મારૂં બાળક મારી સાથે આવવા કજીયા કરે છે ને પાછળ થાય છે. શું કરવું?

જ૦ વાત એમ લાગે છે કે બાળકને ઘર નાનું પડે છે. હવે તે માત્ર કૂંડાનું ઝાડ નથી રહ્યું. તે શહેર જોવા ચાહે છે. કદાચ જો બાળક ખૂબ બુદ્ધિશાળી હોય તો તેના મનમાં એમ હોય છે કે "રોજ બાપા બહાર જાય છે તે બહાર તે શું હશે? બહાર જઈને શું કરતા હશે?" આ જાતની જીજ્ઞાસાને તૃપ્ત કરવા ચાહતું હોય. વખતે એમ પણ હોય કે બાળકને જ્યારે જ્યારે બાપા સાથે બહાર જવાનું મળ્યું હોય ત્યારે ત્યારે તેને કંઈ જોવાનું, કંઈ

આવાનું, પીવાનું, રમકડું કે એવું કંઈક મળ્યું હોય ને તેથી તે અનુભવવા કે મેળવવાને બહાર જવા માગતું હોય. આ સિવાય બીજાં કારણો પણ હોય. પોતાનું બાળક શા માટે બહાર જવા ઇચ્છે છે તે જાણી લેવું જોઈએ—આપણે શોધી કાઢવું જોઈએ. બાપા સાથે બહાર ગએલ બાળકને દુકાનેથી પાન મળતું હોય, અગર પાડોશમાં આવેલી ગ્રામોફોનની દુકાનમાંથી વાજું સાંભળવા મળતું હોય તો તે કારણે બાપા સાથે જવા બાળક કજીયો કરે જ. કજીયો એ તો માત્ર હથિયાર રૂપ છે. આપણે સીધો નિકાલ ન કરીએ ત્યારે બાળક રડવા લાગે છે.

બાપાએ કારણો જાણી લેવાં. બાળકને સાથે ન જ લઈ જવાય એમ નથી. શક્ય હોય તો દુકાને લઈ જવું. પણ તે શક્ય ન હોય તો તેને બજારમાંથી જે મેળવવાની ઇચ્છા છે તે મેળવી તેની ઇચ્છાને પોષવી. બાળકની ઇચ્છા જાણવી (બુદ્ધિશાળી બાળક હશે તો) સહેલું પડશે. કેટલાંક બાળકોની ઇચ્છા જાણતાં વાર લાગશે, પણ ધીરજથી અને અવલોકનથી ઇચ્છા જાણી શકાશે. પોતાના બાળક માટે એટલી ધીરજ અને અવલોકન બાપાએ લાવવાં પણ પડે. બાકી બાળક બહાર જવા માગે છે ત્યારે તે છૂટ, હરવું ફરવું, હવા અજવાળું, નવું નવું જોવાનું વગેરે ચાહે છે. તે પોતાની શક્તિઓના વિકાસ માટે તે માગે છે એમાં શક જ નથી. એટલે બાળકોને કંઈ નહિ તો પખવાડિયે અઠવાડિયે ગામમાં ફેરવવાં જોઈએ. એક વાર જ્યારે બાળકો તેનાથી ધરાઈ જશે ત્યારે બહાર જવું પસંદ પણ નહિ કરે. વિકાસમાં જુદાજુદા સમયો આવે છે. એમાંનો એક સમય ગામ, બજાર વગેરે શું છે તે જોવા જાણવાનો છે. બાળકમાં એ સમય આવશ્યક છે. એ સમય બાળકની વિકાસની કક્ષા વધી છે એમ બતાવે છે. માબાપે તેનો પ્રત્યુત્તર આપવો જ જોઈએ.

સે૦ બાળક પાંચ વર્ષનું થયું છે છતાં કાકા, મામા, દાદા એટલું જ બોલે છે. તેનું શું કરવું?

જ આ સવાલના જવાબમાં સામેથી સવાલો પૂછવા પડે તેમ છે. બાળક કાને બરાબર સાંભળે છે? દાક્તર પાસે તેના કાનની તપાસ કરાવી છે? ઘરમાં બાળક સાથે બીજાં રમનારાં છે? માબાપોને તેની સાથે બોલવાનો અવકાશ પડે છે અને તેની સાથે બોલે છે? જીભમાં કંઈ બામી છે અને તેની તપાસ દાક્તર પાસે કરાવી છે?

આવે પ્રસંગે કયારનુંએ દાક્તરને મળી લેવું જોઈતું હતું. બીજું, બાળકો બોલતાં શીખે છે તે બે ઇંદ્રિયોની મદદથી. આ બે ઇંદ્રિયો તે કાન અને આંખ. કાન વડે તે ઉચ્ચારો સાંભળે છે, આંખ વડે તે આપણને બોલતાં જુએ છે અને આપણા મ્હોં ઉપરના સ્નાયુઓનાં હલનચલનને પણ ધ્યાનમાં રાખે છે. બ્હેરાં મૂંગાં બાળકો આંખની મદદ વડે જ બોલતાં શીખે છે.

ઘણાં કોનથી સાંભળે છે પણ તેના કાન જરા બહેરા હોય છે. આ કારણે તેને બરાબર સંભળાતું નથી તેથી તે સાંભળવાની બાબતમાં પછાત પડે છે. અને કુદરતી રીતે સાંભળીને બોલતાં શીખી જવું તેને માટે શક્ય બનતું નથી. બાળક તીવ્રપણે બરાબર સાંભળે છે કે નહિ તેની ખાત્રી દૂરના અવાજો તેને સંભળાવીને કરવી; અગર નજીકના પણ ઝીણા અવાજો સંભળાવી જોવા. એમ માલૂમ પડે કે તે સહેજ બહેરું છે તો તે બાબતમાં ઉપચાર

લેવા. ઉપરાંત કાન તીવ્ર બને તે માટે ઇંદ્રિયોની શાસ્ત્રીય કેળવણીનો પ્રબંધ કરવો. કાનની ઇંદ્રિયોને કેળવીને વધારે સૂક્ષ્મ ધ્વનિઓ સાંભળતી કરી શકાય. નાનપણથી સારી રીતે બોલતાં આવડી જવું એમાં બાળકના કાનની તીવ્રતા પણ છે જ.

બીજું, જે બાળક એકલું પડી રહેતું હોય અગર એવા સંજોગો હોય કે તેને વધારે વખત એકલા રહેવું પડતું હોય તો તેને કાને ભાષા સંભળાતી નથી. ભાષા સામાજિક જીવનની જરૂરીઆત છે. જે બાળકની આસપાસ સામાજિક જીવન ઓછું અથવા નથી હોતું તેની ભાષા ખીલતી નથી. આ બાબતમાં પણ તપાસ કરી જોવી ઘટે છે.

શરૂઆતની ભાષાના ઘડતરમાં ઘરનો ફાળો બહુ છે. બહુ કામઢાં માબાપોનાં બાળકોને ઘરમાં કોઇ બોલાવનારૂં કે તેની સાથે વાતો કરનારૂં નથી મળતું. આથી બાળકની કાનની ઇંદ્રિયને સાંભળવાનું મળતું નથી ને ભાષા શરૂ થતી નથી. કેટલાંક ઘરો કે જ્યાં ઘરનાં બધાં બહુ ઉતાવળથી અને ખૂબ ઘોંઘાટથી બોલે છે ત્યાંનાં બાળકોને પણ ભાષા પકડતાં બહુ વાર લાગે છે.

ભાષા પણ જેમ દાંત ઉગે છે એમ ઉગે છે એમ કહીએ તો કહેવાય. તેને માટે પોષણની આવશ્યકતા છે. આ પોષણ શુદ્ધ ભાષાનું છે. શાંતિનું છે. શાંતિમાં સઘળું સંપૂર્ણ અને સુંદરપણે ખીલે છે.

આ બાળક પરત્વે આમાંનું જે કાંઇ ઓછું હોય તે પૂરું પાડવું.

વધારામાં કુશળ દાકતરની સલાહ લેવી.

સ૦ મારૂં બાળક નીચેના અક્ષરોનો ઉચ્ચાર શુદ્ધ કરતું નથી તો કેમ કરવું ?

સ, ષ અને ળ.

જ૦ બરાબર છે. આમ ઘણી વાર બને છે. આનું મુખ્ય કારણ તો બાળકની આજુબાજુનું ભાષા વાતાવરણ એટલું શુદ્ધ અને સ્પષ્ટ નથી. લોકોનો ઘણો ભાગ આના શુદ્ધ ઉચ્ચારો નથી કરતું. આનો ઉપાય ધીરજથી અને બાળકને હેરાન કર્યા વિના કરવો. દરેક અક્ષર સ્થાનભેદે નોખો છે. શ તાલવ્ય, સ દન્તી અને ષ મૂર્ધન્ય છે. બાળક પાસે આ અક્ષરો તેના સ્વ-સ્થાનમાંથી કઢાવવાની મહેનત કરવી. એ માટે આપણે પોતે સ્થાનની જાણ અને શુદ્ધિ મેળવવી. શ માટે તાળવા તરફ જીભ લેવડાવી અવાજ કઢાવવો, સ માટે દાંતને જીભ અડાડાવી અવાજ કઢાવવો અને ષ માટે દાંત અને તાળવું એ બે વચ્ચે એટલે બેને ન અડે તેમ, મ્હોંમાં વચ્ચે, જીભ વળાવી ઉચ્ચાર કરાવવો.

પણ આમ કરવાની ગમ બાળકને સહેલથી ન પણ પડે. સારી રીત તો જે શબ્દોમાં શ, ષ, સ આવતા હોય તે તેની પાસે આખાને આખા બોલાવવા. પણ એ બોલાવતા પહેલાંએ તેને એવા શબ્દો લાંબા વખત સુધી સંભળાવવા. ભાષાશુદ્ધિનો આધારપાયો કાન છે. ભાષાનું વાહન મ્હોં છે. મ્હોંને તૈયાર કરવા કરતાં કાનને કેળવવો વધારે ઠીક પડશે.

ળ નો ઉચ્ચાર ઘણાં બાળકો ડ અને ઘણાં ર કરે છે. તેનું કારણ આજુબાજુનું વાતાવરણ છે. એ માટે એક ઉપાય શુદ્ધ શબ્દશ્રવણ અને બીજો મદદગાર ઉપાય ભાષા વ્યાકરણનો છે. તે એ કે જીભને વાળીને તાળવાના મધ્ય ભાગમાં લેવરાવી ત્યાંથી ઉચ્ચાર કરાવવાથી ળ ઉચ્ચાર નીકળશે. ગિ.

સવાલો અને જવાબો

સ૦ ૧. બાળકો મ્હોંમાં પેન શા માટે નાખે છે?

જ૦ કારણ કે શાળામાં મહેતાજી અને ઘેર બાપા મ્હોંમાં પેન્સિલ નાખે છે. કારણ કે શાળામાં બીજાં બાળકો મ્હોંમાં પેન નાખે છે. કારણ કે ઉપલા ઘોરણનાં બાળકો મ્હોંમાં પેન નાખે છે.* કારણ કે પેન મ્હોંમાં ન નાખવાની ઉલટી ટેવ શિક્ષક કે માબાપ પડાવવા માટે કાળજી લેતાં નથી.

સ૦ ૨. હાલમાં ચાલતી શિક્ષણપદ્ધતિ વિષે આપનો શો અભિપ્રાય છે?

જ૦ હાલમાં ચાલતી શિક્ષણપદ્ધતિ હવે ખૂબ ઘરડી થઇ છે. આ યુગના નૂતન ચેતન ભર્યાં બાળકોને જેમ ઘરડાંઓ પ્રગતિ કરતાં રોકી રાખે છે તેમ પદ્ધતિ પણ તેને નવા નવા અનુભવો ઉપર જ્ઞાન લેવા દેતી નથી પણ 'જે કહેવામાં આવે છે, તે સાંભળો અને જ્ઞાનના ગાંસડાને મગજમાં ભરો.' એમ તે કહેતી કહેતી બાળકોને રોકી રાખે છે, બેસાડી રાખે છે.

હાલની પદ્ધતિ દ્વારા અધકચરું, ઉતરી ગએલું અને ન જોતું જ્ઞાન મળે છે પણ ભણનારની બુદ્ધિ ખીલતી નથી. જ્ઞાન અને બુદ્ધિમાં તફાવત છે. હાલની પદ્ધતિ એવી છે કે છોકરાઓ બેઠા બેઠા વગર ચાવ્યે મગજમાં ભર્યા કરે છે. કસરત વિના જેમ બ્યાનારના હાથપગ દોરડી ને પેટ ગાગરડી તેમ માણસોમાં ધીરે ધીરે જ્ઞાનથી પેટ વધે છે ને કંઇ કરવાની શક્તિની ખીલવણીને અવકાશ ન મળવાથી હાથ પગ રૂપી ક્રિયાશક્તિ નબળી પડે છે. પરિણામ એ આવે છે કે છોકરાંઓ તરંગી મનનાં બને છે અને ઉભાં થઇને એક સળીના બે કટકા કરવા નાલાયક બને છે. જ્ઞાન હાથપગ વિનાનું હોવાથી તે આરામ ખુરશીમાં, ટેબલ પાસે કે ખાટલા ઉપર બેઠું રહે છે અને ત્યાં પડ્યું પડ્યું પોતાનું શરીર જાડું કરે છે–વાંચે છે અને લખે છે. હાલની શિક્ષણપદ્ધતિને લીધે આખરે માણસને (માનસિક goutism) મનનો મેદનો રોગ થાય છે. મનની અપંગતાના અગર પક્ષઘાતના રોગો પણ આ કેળવણીનાં સહજ પરિણામો છે.

છેવટે, આજની શિક્ષણ પ્રણાલિકા માણસોમાંથી માણસને ટાળવાની છે. કેમ કે શાળામાં સહાકારી પ્રવૃત્તિ, સહકારી જીવન, સહશિક્ષણ, સંઘપ્રવૃત્તિ નથી. સંઘની પરવા ન કરતો પોતાને જ માટે ભણતો છોકરો ભવિષ્યમાં કેવળ પોતાને જ માટે જીવનાર માણસ નહિ પણ અમાણસ થાય છે.

એમ કહેવામાં હરકત નથી કે હાલના મનના જે ઘણા રોગો છે અને ગુન્હાઓના પ્રકારો છે તે મનુષ્યની અવદશાઓનાં રૂપો છે. સ્પર્ધા, લડાઇ, સ્વચ્છન્દ, મૂડીવાદ, રાજસત્તા, નાસ્તિકતા અને એ બધું, ઘર અને શાળાના એકસરખા અને સંપીલા સહકારને લીધે છે.

સ૦ ૩. હાલનાં પાઠ્યપુસ્તકો કેવાં છે?

*કારણ કે ગંદી પાટી ઉપર પેન ઉપર ચોંટેલું થૂંક પાટીના અક્ષર લખવાની સગવડ કરી આપે છે.

જ૦ બાળકોને પૂરેપૂરાં ન ફાવે તેવાં છે. જેમ ન બંધબેસતો જોડો કે ટોપી પગને કે માથાને નથી ફાવતાં અને ખૂંચે છે; તેમ ખૂંચે તેવાં છે. પછી જેમ જોડાના શીંગડા વડે બૂટમાં પગ નાખીએ છીએ કે દોરી કે પટ્ટી વડે ટોપીને માથા પર ચોડીએ છીએ; તેમ શિક્ષકની રોજની માથાઝીકની મદદથી પાઠ્યપુસ્તકો ભણાય છે.

વાત એમ છે કે બાળકોના ખોરાકમાં કયાં તત્ત્વો જોઇએ તેનો માત્ર તાત્ત્વિક વિચાર કરીને– પણ ખોરાકની અસર હોજરી અને શરીર ઉપર અને આખરે પોષણ પર કેવી થઇ તેનો અનુભવ કર્યા વિના બાળકોનો ખોરાક બનાવવાથી જે લાભ–હાનિ થાય તે લાભ–હાનિ પાઠ્યપુસ્તકોની બાબતમાં પણ છે. બાળકોના માનસિક ખોરાકની તાત્ત્વિક વિચારણામાંથી નહિ પણ તે બાબતમાં કરેલા પ્રત્યક્ષ અનુભવમાંથી બાળ-માનસ–પાઠ્યપુસ્તકો સુદ્ધાંત જન્મવાં જોઇએ. હાલનાં પાઠ્યપુસ્તકો શાળામાં બેસીને ભણનારાઓને બરાબર જાણનારાઓએ લખેલાં નથી, પણ ઘરના એક ખૂણામાં પડેલ ટેબલ પાસે બેસીને પાસે પડેલાં જ્ઞાનનાં પુસ્તકોના જાણનારે લખેલાં છે.

હાલનાં પાઠ્યપુસ્તકોમાંના કોઇ કોઇ સારાં છે; એક સીરીઝ કરતાં બીજી સીરીઝ વધારે સારી છે. ગોંડળ સીરીઝ વધારે સારી વિગતો-વાળી અને દેશભક્તિથી વધારે રંગાએલી ને વધારે જ્ઞાનસમૃદ્ધિવાળી છે.

પણ એ બધી સીરીઝને હજી સુધરવાને ઘણો અવકાશ છે. તે બધીના ન્યાયાધીશ બાળકોને બનાવો, અને તેમાંની ત્રૂટીઓ દૂર થશે. કેમ કે જે માથાને ટોપી પહેરાવવી છે તે માથા પાસે ટોપી લઇ જઇ ફિટ કરવી જોઇએ, નહિ કે સમાલોચકોના માથા પાસે તે લઇ જઇ લાયક છે તેમ ઠરાવવું જોઇએ.

સ૦ ૪. હાલની પરીક્ષાપદ્ધતિ યોગ્ય ગણો છો?

જ૦ ના જી. હાલની પરીક્ષાપદ્ધતિની હાડમારી વિષે સૌ જાણે છે. તે એક બદી છે એ પણ સૌને સમજાયું છે. જવાબ રૂપે કહેવાં જેવું છે તે એ છે કે પરીક્ષા શિક્ષકોની થવી જોઇએ નહિ કે શીખનારની. શિક્ષકો કેવી રીતે ભણાવે છે, તેમનામાં ભણાવવાની શક્તિ, પૂર્વ-તૈયારી, ધીરજ, ઉત્સાહ, શિક્ષણશાસ્ત્રનું જ્ઞાન અને કલા છે કે નહિ તેની તપાસ થવી જોઇએ. જેમ વકીલાએ જાહેર મેદની વચ્ચે અને વકીલે કોર્ટમાં પોતાની શક્તિની હમેશ પરીક્ષા આપવી પડે છે, તેમ શિક્ષકે પોતાના વર્ગમાં ઉભા રહી પોતે બરાબર શીખવી જાણે છે કે નહિ તેની પરીક્ષા આપવી જોઇએ. નિરીક્ષકે ખરી રીતે શિક્ષકે શું ભણાવ્યું છે તે પાછળથી થોડું થોડું જાણવું ઠીક છે પણ તેની મુખ્ય તપાસણી તો શિક્ષક પોતે ભણાવી જાણે છે કે નહિ તેની થવી જોઇએ. શિક્ષકની પરીક્ષા લેવાથી શિક્ષક સારૂં ભણાવતાં શીખશે; સારૂં હમેશ ભણાવશે એટલે છોકરાંને સારૂં આવડશે ને પરીક્ષાનો ત્રાસ ઓછો થશે. આગળ જતાં પરીક્ષા છોકરાંને મન નાટકના બેસ રૂપ બની શકે જો શિક્ષકો બરાબર ભણાવી જાણે તો.

પરીક્ષાપદ્ધતિ યોગ્ય ગણો છો કે નહિ, એ સવાલ, પરીક્ષાના આટલા બધા દોષો જાણવા છતાં કરવાનું કેમ સૂઝ્યું હશે તે જ નવાઇ જેવું છે.

સ૦ ૫. નીચેની ટેવો નિશાળીઆઓ કઇ રીતથી તજી દે ?

ક. વારેવારે વર્ગમાંથી ઉઠવું.

ખ. નજર ફેરવ્યા કરવી.

ગ. હાથપગના ચાળા કરવા.

ઘ ફોલવું કે ફોતરવું.

ચ. ચાલતા વિષય પર ધ્યાન ન આપવું.

૭૦ આ ટેવો બાળકના મનનું બેધ્યાનપણું બતાવે છે, એકાગ્રતાની ખામી બતાવે છે. ભણનારાઓ ત્યારે બેધ્યાન થાય છે કે જ્યારે શિક્ષક જે ભણાવે છે તેમાં તેમને રસ આવતો નથી. રસ તલ્લીનતાને ઉત્પન્ન કરે છે; અરસ અવ્યવસ્થાનું મૂળ છે. રસ નથી આવતો તેનું કારણ કાં તો અભ્યાસનો વિષય કક્ષા બહારનો લૂખોસૂકો હોય, અગર શિક્ષકને તેનું નિરૂપણ કરતાં આવડતું ન હોય. શિક્ષકોએ પોતે આનો જાતે વિચાર કરવો અને પોતાની કામ કરવાની ઢબ અને શીખવવાનું વસ્તુ સુધારવું.

છ. વારો આવ્યા પહેલાં બોલી ઉઠવું.

આવાં બાળકો મોટે ભાગે હુશિયાર હોય છે. શિક્ષકની કંઇક એવી વિચિત્ર પ્રકૃતિ હોય છે કે જે ઠોઠ હોય તેને વારંવાર પૂછીને હેરાન કરે છે જ્યારે જે ઝટ ઝટ જવાબ દે તેવો હોય છે તેને ન પૂછતાં તેને બેસારી રાખે છે. આથી ઠોઠ ઝટ ઉભો થતાં વાર લગાડે છે, ને વારો આવતા છતાં ધ્યાન આપતો નથી, જ્યારે હુશિયાર ઉતાવળો થઇ વારો આવ્યા પહેલાં ઉભો થઇ બોલી ઉઠે છે; આ તેનો દોષ નથી પણ સહજ સ્વભાવ કહેવાય. આવડે તે બોલવા કરે જ. ઠોઠને ઉભા થવાનો અને હુશિયારને બેસી રહેવાનો સરખો ત્રાસ થાય છે. ખરી રીતે હુશિયાર છોકરાઓને પહેલું જ પૂછી લેવું કે જેથી તેને નિરાંત થાય અને દરમ્યાન ઠોઠ છોકરાઓ હુશિયારોના જવાબો સાંભળી કંઇક તૈયાર થાય એટલું પુનરાવર્તન થાય.

જ. આંગળી બતાવીને જવાબ દેવો.

આંગળી બતાવીને જવાબ દેનાર પણ હુશિયાર છોકરો મુખ્ય હોય છે. તેમનું જોઇ આખા વર્ગની પણ એવી ટેવ પડે તો ના નહિ. હુશિયાર છોકરો કયારનો ઉંચો નીચો થાય છે છતાં શિક્ષક તેને પૂછતો નથી ત્યારે તે આંગળી બતાવી " માસ્તર હું કહું ? માસ્તર હું બોલું ? " એમ બોલી માસ્તરનું ધ્યાન ખેંચે છે. જે છોકરો જવાબ આપવા શાક્તમાન છે તેના તરફ શિક્ષક બેધ્યાન રહે છે ત્યારે તેનું ધ્યાન ખેંચવાનો આ એક શાળાના છોકરાઓએ શોધી કાઢેલો રસ્તો છે. માસ્તર પણ આંગળી બતાવીને નહિ પણ સોટી બતાવીને છોકરાઓનું ધ્યાન ખેંચે છે.

ઝ. અંદર અંદર વાતો કરવી.

માસ્તરની વાતો રસભરી નથી લાગતી ત્યારે છોકરાઓ અંદર અંદર વાતો કરે છે અને તેમણે કરવી જ જોઇએ. આપણે મોટાઓ પણ એમ જ કરીએ છીએ. સંગીતના જલસામાં, ભાષણોમાં કે ગમે ત્યાં જ્યારે આપણને રસ નથી પડતો ત્યારે આપણે પણ વાતો કરીએ છીએ. ત્યારે વાતો કેમ કરો છો, મારૂં સંગીત કેમ સાંભળતા નથી એમ કહી સંગીતકાર લડવા બેસે તો કેવો હાંસીપાત્ર થાય ? વકતાઓ તો " ભાઇઓ શાંત રહો, સાંભળો, અગત્યની વાત કહેવાની છે. " એમ બોલીને પોતાની હાંસી કરાવે જ છે. હવેનાં બાળકો અરસભર્યું સાંભળશે નહિ પણ અંદર અંદર વાતો કરવાનાં જ. શિક્ષક વધારે કુશળ થાય એ જ રસ્તો છે.

Reg. No. B. 2241

સ૦ ૬. નીચેના વાંક નિશાળીઆંઓ કયારે નહિ કરે?

અ માહું આવવું.

આ વગર રજાએ ગેરહાજર રહેવું.

જે બાળકોને કે છોકરાંઓને શાળા ગમે છે તે મોડાં નથી જ આવતાં. તેઓ રજાએ કે વગર રજાએ ગેરહાજર રહેવાનું પસંદ કરતાં જ નથી. નિશાળના નિશાળીઆંઓ આ વાંક ત્યારે નહિ કરે કે જ્યારે શાળા પૂરતી આકર્ષક થશે.

બાલમંદિરમાં સમય પહેલાં બાળકો આવીને ઉભાં રહે છે. સાંજે રજા આપવા છતાં ઘેર જતાં નથી, અને ટૂંકી કે લાંબી રજાઓ પાડીએ છીએ ત્યારે તેઓ નારાજ થાય છે.

જો શાળા ઓછી ને ઓછી આકર્ષક થશે તો બધા નિશાળીઆ આ વાંક કરશે અને તે માટે શિક્ષકે ફોજદારી કાયદો અને ક્રીમીનલ પ્રોસીજરના કાયદા કાઢવા પડશે!

સ૦ ૭. કૉપી કરવાનો બાળકોનો દોષ કેમ દૂર કરવો?

જ૦ કૉપી કરવી એ દોષ નથી, પણ કૉપી કરવી એ ન આવડવાની નિશાની છે. જેને નથી આવડતું તેઓ જ બીજામાં જુએ છે. તેઓને શીખવાડવાની જરૂર છે. તેઓની જોઇ જોઇને જાણવાની જરૂર વચ્ચે આવવું નહિ. જ્યારે આપણે પહેલો બીજો કરાવીએ છીએ અને પરીક્ષા લઇએ છીએ ત્યારે જ છોકરાઓ કૉપી કરે છે, એમ આપણે કરવું નહિ. કૉપીથી મંદને આપણે પહેલી તકે ઓળખી શકીએ છીએ. એ ઓછો લાભ નથી: ત્યાર પછીનું ભણાવવાંનું કામ સહેલું થઇ જાય છે. મિથ્યાભિમાનથી કે બીજા ગમે તે કારણથી છોકરો પોતાનું અજ્ઞાન છૂપાવવા આગતો હોય છે તે કૉપી કરતાં જણાઇ આવે છે. બાળકનો કૉપી કરવાનો દોષ દૂર ન કરવો પણ તે રહેવા દેવો. તેમાંથી આપણે માંદાને સાજા કરવાનો રસ્તો મેળવીશું. ગિ.

મોકલશો?

૧. ખુદબખુદ બાળકોના હાથે જ લખાતું સાહિત્ય અમે સંગ્રહીએ છીએ. આપના ઘરમાં હસ્તલિખિત બાલમાસિક ચાલતું હોય તો તે અમને જોવા મોકલશો? માસિકમાં બાળકોની ઉંમર અવશ્ય મૂકશો જ.

બાળકોનાં સાહિત્યનો સારો એવો સંગ્રહ સાંપડ્યો એવું બાલસાહિત્ય થઇ પડશે. બાળકોની મનોવૃત્તિ, મનોવિહારના પ્રદેશો વગેરે વગેરે કંઇ કંઇ એમાંથી જાણવાનું મળશે.

૨. એવી જ રીતે શાળામાં જે બાળકોને હાથે લખાતું દૈનિક અગર માસિક પત્ર ચાલતું હોય તો તે શાળાના શિક્ષક ભાઇઓ અમને તે જોવા મોકલશે માનસના અભ્યાસને માટે એ બધું બહુ કિંમતી છે.

બધાં માસિકો સાચવીને વાપરવામાં અને કામ પૂરું થયે સંભાળથી પાછાં મોકલવામાં આવશે.

બાલમંદિર તંત્રીઓ.
ભાવનગર શિક્ષણ પત્રિકા.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા: શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર
આ પત્રિકા શ્રી સરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઇ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૬ ઠું
૧૯૮૮

અંક ૧૧ મો
પોષ

: તંત્રીઓ :
ગિજુભાઇ
તારાબેન

આગળ ધપો

આરામ આપણા નસીબમાં ન હોય. જેઓ પહોંચી ગયા હોય તેઓ આરામ લે; જેઓ હજી માર્ગે છે તેઓ વિરામ લેવા એક ક્ષણ પણ ન રોકાય. કાલે પહોંચીએ અને આજ પહોંચીએ એમાં ફેર છે. 'આખરે પહોંચીશું તો ખરા જ.' એ આળસુનો સંતોષ છે. પહોંચવું હોય તો આજ નહિ પણ આ ઘડીએ જ પહોંચવું જોઇએ; વિરામ લેવાના દિવસોમાં તેઓને જ અવિરામની ચિંતા રહેવાની છે કે જેમણે ખોટે દિવસે વિરામ લીધો છે.

બાળકો સાથે વાતચીત

આજની સ્થિતિ

નાનાં બાળકો સાથે વાતો કરવાનો ઘણાંઓને શોખ હોય છે. માબાપો ને પાસેનાં સગાંઓને તો બાળકોની સાથે વાતો કરવાની ફરજ પડે છે, કારણ તેમને શોખ ન હોય તો પણ બાળકો પોતે બોલબોલ કરીને તેમને બોલાવે છે. ખરી રીતે એમ છે કે બાળકોની સાથે વાતચીત કરવી એ એક અમૂલ્ય લહાવો છે; ને જેને વેર ઈશ્વરની કૃપા ઉતરી હોય તેમને તે મળે છે ને તેમણે તે લેવો જોઇએ.

અંગ્રેજ વગેરે પાશ્ચાત્ય લોકો કહે છે કે સારી વાતચીત કરવી એ એક કળા છે. અને તેઓ તો તેને સામાજિક જીવનનું એક આવશ્યક અંગ ગણતાં હોઇ તેનું શિક્ષણ આપે છે. કોઇ મળે અથવા કોઇને મળવા આપણે ગયા હોઇએ તો તબિયતના સમાચાર પૂછવા જોઇએ; પછી ચાલુ સામાજિક અથવા રાજકીય અથવા એવા વિષય ઉપર વાતચીત ઉપાડવી જોઇએ; ને એવું કાંઇ ન સૂઝે તો એક વિષયનું શરણ લેવું ને હવાપાણી સંબંધે વાતો શરૂ કરવી. તેઓ એમ કહે છે કે એક વાર દડો ગમે તેમ ગબડતો કર્યો હોય એટલે તે આગળ દડવા લાગશે; એટલે કે કાંઇક વાતચીત શરૂ કરી હોય તો આગળ એકમાંથી બીજું ને બીજામાંથી ત્રીજું એમ વિષય નીકળવાનો સંભવ હોય છે. જો કે પેલા લોકોએ વાતચીતને એટલી તો કૃત્રિમ અને નિયમબદ્ધ બનાવી છે કે તેમાં પછી કશી મીઠાશ જણાતી નથી. એ જે કૃત્રિમ રૂપ—તેણે પકડયું છે—ને તેનાં કારણો પણ અનેક છે—તે જવા દઇએ તો એટલું તો કહેવું જ જોઇએ કે વાતચીત એ એક અત્યંત રસિક ચીજ છે, ને વાતચીતની કળા કેળવવા જેવી છે.

આ સ્થાને સરખેસરખા માણસ વચ્ચેની વાતચીત એ આપણો વિષય ન હોઇ તેને છોડી આપણે બાળકો સાથેની વાતચીત વિષે થોડો વિચાર કરીએ.

અત્યારે બાળકો સાથેની વાતચીત તપાસીએ.

જેઓ ડાહ્યા, પુષ્કળ ભણેલા, વિદ્વાન ને સમાજમાં કે બીજે આગળ પડતા લોકો છે—જેમ કે મોટા ડૉકટરો, મોટા વકીલો, મોટા વેપારીઓ, મોટા સમાજસેવકો અને સેવિકાઓ, મોટા પ્રોફેસરો—એવા કોઇ પણ મોટાઓમાંથી ભાગ્યે જ કોઇને બાળકો સાથે વાતચીત કરવા નવરાશ મળતી હશે; અને ભાગ્યે જ કોઇ આવી વાતચીતમાં પોતાનો કિંમતી વખત કાઢવાનું યોગ્ય ગણતાં હશે. જે લોકો વાતચીત કરે છે તેઓ સામાન્યતઃ સામાન્ય લોકો હોય છે. એટલે આપણે સામાન્યતઃ આપણાં બાળકો વિષે એટલું કહી શકીએ કે તેમને મોટી ભવ્ય પ્રચંડ બુદ્ધિશક્તિ કે કોઇ પણ મોટી શક્તિનો લાભ ઓછો મળે છે. સામાન્ય અને સામાન્યથી પણ નીચેની કક્ષા ઉપર તેમને રહેવું પડે છે. સામાન્યતઃ બાળકો સાથે વાતચીત કરનાર વર્ગ ગણીએ તો સ્ત્રીવર્ગ અને શિક્ષકવર્ગ. એમાં સ્ત્રીઓ મોટા પ્રમાણમાં અશિક્ષિત, અને કૂપમંડુક જેવી તેમની સ્થિતિ હોઇ વિશાળ

જીવનના ખ્યાલ વગરની અર્થાત્ ટૂંકી દૃષ્ટિવાળી હોય છે. બીજું તેમને પણ કામકાજમાંથી શાંતિથી વાતો કરવા જેટલી નવરાશ થોડી જ હોય છે. આજનો શિક્ષકવર્ગ એક પોતાની રીતે જ ભણાવવાનું જાણે છે. તેમના શિક્ષણના ભણતરમાં વાતચીતનું ભણતર કોઇએ ઉમેરેલું નથી. જો પાશ્ચાત્ય લોકોએ પોતાનાં અધ્યાપનમંદિરમાં આ વિષય રાખ્યો હોત તો આપણે ત્યાંની ટ્રેનિંગ કૉલેજોમાં હાથકારીગરી, ને બગીચાકામ, ને વાર્તા વગેરે વિષયોની પેઠે વાતચીતના વિષયનું એક રૂપ-જોવા જેવો પ્રકાર દેખી શકાત. પણ આપણી કૉલેજો ને તેમાંથી પસાર થતા શિક્ષકો આમાંથી બચી ગયા. સાર એ કે ભાગ્યેજ કોઈ શિક્ષકને શાળામાં વાતચીત કરવાનોશોખ દેખાય છે, કે શોખ હોય તો પણ વખત મળે છે. અર્થાત્ શિક્ષકવર્ગ વિષે કદાચ આટલું કહીએ તો ખોટું નહિ પડે કે બીજા બધા ધંધાવાળા લોકો કરતાં શિક્ષકો પોતાનાં ઘરનાં બાળકો સાથે કાંઇક વધારે વાતચીત કરે છે. બાતબાતમાં કાંઇક શિક્ષણ મળે એવી વાતો પણ ઘણી વાર તેઓ કરે છે. કેટલીએક વાર બાળકો કંટાળી જાય એટલી હદ સુધી પણ વાતો કરનારા શિક્ષકો મળે ખરા.

ઉપર જોયું કે બાળકો સાથે વાતો કરનાર મુખ્ય એ વર્ગ. ને તે એની શી સ્થિતિ છે? સ્ત્રીઓ અજ્ઞાનને લીધે મોટે ભાગે પોતાની વાતોથી બાળકો પર સારા કરતાં ખરાબ સંસ્કારો જ વધારે પાડે છે. જેમ કે સામાજિક સંકુચિતતા, અનુદારતા વગેરે. આ આખો વિષય તમામ લોકો ઘરની સ્ત્રીઓ પાસેથી જ શીખે છે. તે ઉપરાંત બીકની વાતો સંભળાવીને બીકનું શિક્ષણ આપવું એ એક સ્ત્રીઓનો ખાસ વિષય ગણાવી શકાય. ત્રીજો વિષય એ અશ્લિલતા ને હલકી મશ્કરી. કોઈ પણ છોકરા છોકરી સાથે "આ તારી વહુ." "આ તારો વર." કે તેમના લગ્નની વાત વગેરે તો રોજનો જ મશ્કરીનો વિષય હોય. આમ આડો પડદો રાખીને ચાલતી મશ્કરી ઉપરાંત બાળકોની સાથે સીધી ગંદી વાતો—તેમની ઇન્દ્રિય પરત્વેની મશ્કરી વગેરે પણ કરતાં સ્ત્રીઓ અચકાતી નથી; એટલું જ નહિ પણ તેમ કરવામાં મોટો વર્ગ રસ લે છે. ચાર બાઇઓ ભેગી થઇ હોય તો એકાદ તો કોઇ એવું બોલનાર મળી જ રહે છે. તેણે ગમે તેમ બોલવું ને બીજી સ્ત્રીઓએ બી બી દાંત કાઢવા એ સ્ત્રીઓની બપોરની પ્રવૃત્તિનું એક પ્રમુખ અંગ હોય છે.

માત્ર બાળકો સાથેની વાતોનો વિચાર કરવાનો હોઈ અહીં બાળકોના દેખતાં કેવા કેવા પ્રકારની વાતો થાય છે તેનો વિચાર છોડી જ દીધો છે. ઉપર વર્ણવ્યા એવા વાતચીતના ઘાતક પ્રકારો ઉપરાંતનો સામાન્ય પ્રકાર એટલે બાળકની સાથે બાળકની પેઠે કાંઇ પણ કાલું, મૂર્ખાઇભર્યું કે અર્થ વગરનું બોલી બાળક જે તેની પોતાની બુદ્ધિ અનુસાર જવાબ દે તે સાંભળી હસવું, અથવા બાળકને ગાંડો કે ડાહ્યો એવો શેરો આપવો. એ પ્રકાર ઉપર જેટલો ઘાતક ન હોય તો પણ બાળકને ખાસ લાભ કરતો તો નથી જ.

શિક્ષકોની વાતચીત એટલે ઉપર કહ્યું તેમ મોટે ભાગે જ્ઞાન આપનારી. એમાં જ્ઞાન એટલે માહિતી આપવાનો ઓછો લોભ

શીખનાર શિક્ષકની વાતોથી ઘણી વાર બાળકોને ઘણો લાભ થાય છે. પણ એકંદરે એ વર્ગની આગળ વાતચીતનું બહુ ધોરણ નથી, તેથી જરૂરી ન જરૂરી, લાભકારક ને નકામી એવી અનેક વાતોનો બીચેડો જોવામાં આવે છે. બાળકો સાથેની વાતચીતમાં કેટલાએક પરત્વે થોડોએક વિચાર કરશું. તા.

મારનો જમાનો ગયો છે?

એક શિક્ષક ભાઇએ મને વાતમાં અને વાતમાં કહ્યું: "હવે શાળામાં છોકરાંઓને મારવાનો જમાનો ગયો છે." આ સાંભળી મારે ખુશી થવું જોઇતું હતું. નવો યુગ પ્રસર્યો છે એમ માની મારે મારી છાતી ફૂલાવવી જોઇતી હતી. પણ તેમ બની શકયું નહિ. ઉલટું હું મનમાં ખિન્ન થયો; મારી છાતી ઉંડી બેસી ગઇ.

કહેનાર ભાઇએ કદાચ પોતાની શાળામાં બાળકોને મારવાનું બંધ કર્યું હશે; અને તે પ્રમાણે કદાચ આખી દુનિયા વિષે એમ જ માની બેઠા હશે. પણ મારો, મારા મિત્રોનો અને આજુબાજુના અનેક માણસોનો અને ખુદ વિદ્યાર્થીઓનો અનુભવ જુદો છે.

સારા શહેરમાંની થોડીએક સારી શાળાના માસ્તરોને આજે મારવું પોસાઇ શકે તેમ નહોવાથી તે તે શાળામાં કહેવા પૂરતો તો મારનો જમાનો ગયો છે એમ કબૂલ રાખીએ. પરંતુ ગામડામાં વસતી સેંકડો સરકારી દરબારી શાળાઓમાં હજી 'સોટી વાગે ચમચમ ને વિદ્યા આવે ઝમઝમ.'નો પાઠ પઢાવાય છે, અને ત્યાં માસ્તર, વિદ્યાર્થીઓ અને ગામના લોકોને એ કેવળ સ્વાભાવિક લાગે છે,

વિધિનિષેધો વાત કરનારના ધ્યાનમાં હોય, ને વાતચીતની દિશાઓ ધ્યાનમાં હોય તો બાળકો સાથેની વાતચીતથી આપણે તેમને ઘણા ઉપયોગી થઇ શકીશું.

આવતા લેખમાં વાતચીતના વિધિનિષેધો

થોડાએક સારા રસ્તા પર દોડતી મોટરમાં બેસનારાઓ જેમ કહે કે રસ્તાઓ અને મુસાફરીનાં સાધનોનો હવે ઉકેલ થઇ ગયો છે—તેમને જેમ ખબર નથી કે હજારો માઇલો પણ કેડી વિનાને માર્ગે લોકોને મુસાફરી કરવી પડે છે, હજારો માઇલોમાં ગાડાં પણ હજુ ચાલતાં નથી, હજારો માઇલોમાં ઘોડાગાડી જઇ શકે તેમ નથી તો મોટર તો કયાંથી જ જાય?

એવું જ 'મારનો જમાનો ગયો છે.' એમ માનનારા સારા ભલા શિક્ષકોના કહેવા સંબંધે છે. એવું જ ભલાં પ્રેમી માબાપોના કહેવા સંબંધે છે. થોડાં, પ્રભુની જેના પર કૃપા થઇ છે એવાં ઘરોમાંથી આજે બાળકોનું રુદન નહિ પણ કિલકિલાટ સંભળાય છે; મારામારી અને ધીંગામસ્તી નહિ પણ પ્રેમભાવ સાથે સહકારી કાર્યો દેખાય છે; દબાણ, દમ અને ભણતરનો બોજો નહિ પણ છૂટ અને સર્જનાત્મક પ્રવૃત્તિની વિવિધ સુંદરતા દેખાય છે. પણ આ તો રણમાં નાની એવી એકલડોકલ વાડી જેટલું છે. લાખો ઘરોમાં હજીયે બાળકો દિવસમાં એકથી વધારે વખત માર ખાય છે. તેમની માતાઓ તેમના પિતાના હાથે જ્યાં માર ખાય

છે ત્યાં બાળકોનું તો પૂછવું જ શું ?

એટલું સારૂં છે કે આપણી સામે બાળકોના તંદુરસ્ત અને સુખી જીવનના થોડા પણ દાખલા છે. એ દાખલાઓ આપણી દીવાદાંડીઓ છે. એવી દીવાદાંડી રૂપ બાળશાળાઓ અને સુખી ઘરો હજી ગણ્યાં ગાંઠ્યાં છે એ જેટલી આનંદની વાત છે તેટલી જ દિલગીરીની વાત છે. લાખો માણસોને ખાવા ન મળતું હોય ત્યાં બે શ્રીમન્તો સુખી હોય તે દુનિયાનું એક દુઃખ અને મહાન્ આપત્તિ છે. લાખો બાળકો માર ખાઇ રહ્યાં હોય ત્યાં સુધી થોડાં માબાપો અને થોડા શિક્ષકો સુખેથી કેમ સૂએ ? દુનિયાનાં બાળકો પણ પોતાનાં જ બાળકો છે. એ બાળકો વિષે બેદરકાર રહેનારી શાળાઓ અને ઘરો આખરે પોતાનાં બાળકનું સુખ પણ લાંબો વખત ટકાવી શકશે નહિ.

હજારો દુઃખી બાળકો વચ્ચે બીજાં બાળકોએ સુખી રહેવું એ દુઃખી રહેવા કરતાં પણ વધારે ભયંકર થઇ પડશે. આખરે દુઃખનો મગરમચ્છ આ નાની નાની સુખની માછલીઓને ગળી જશે. સુખી બાળકોનાં માબાપો, વાલીઓ અને શિક્ષકો ! તમારાં બાળકોની જીંદગી વધારે સુખી કરવા, અને તેમનાં સુખોમાં વધારે ભાગ લેનારાં ઉભાં કરી તેમનાં સુખોનો પ્રદેશ વધારવા માટે, દુઃખી અને મારથી પીડાતાં બાળકોની વ્હારે ધાઓ !

હજી મારનો જમાનો ગયો નથી, પણ આપણાં બાળકો મારના જમાના વચ્ચે જ છે. હજી ચેપી રોગો ગયા નથી પણ નિરોગી બાળકો ચેપી રોગો વચ્ચે જ છે. હજુ દરિદ્રતા ગઇ નથી પણ બે પેટ ભરેલાં બાળકો લાખો ભૂખ્યા પેટવાળાં બાળકો વચ્ચે જ છે.

આપણે જે બાકી રહેલ છે તેનો વિચાર આદરીએ. જેને માટે હજી કોઇ લડતું નથી, તેને માટે લડવા તત્પર થઇએ. જેઓ છતાં માબાપે માબાપની પ્રેમાળ મીઠી વિકાસક છાંયા નીચે નથી, જેઓ છતાં શિક્ષકે કુશળ, સહાનુભૂતિવાળા અને દૃષ્ટા જેવા દિવ્ય શિક્ષકની અમી છાયા નીચે નથી, તેઓને ત્યાંથી બચાવીએ–તેઓને રક્ષણ આપીએ.

જૂની દુનિયામાં ગાયો અને બ્રાહ્મણોને સૌ રક્ષણ આપતા. જૂની દુનિયાએ તે માટે બહુ સહ્યું છે. બહુ તેજ બતાવ્યું છે. એમ જ નવીન દુનિયામાં અરક્ષિત, ત્રસ્ત, ભયભીત, હડધૂત, એવાં બાળકોને રક્ષણ આપવા ક્ષત્રિય હૃદયને નિમંત્રીએ. માનવમાં રહેલા દયાના સાગરને પ્રબુદ્ધ કરીને માનવ બાળકને બચાવવા બુદ્ધોના અવતાર માટે પ્રભુ પાસે યાચના કરીએ. ગિ.

"મહાભારતનાં પાત્રો" નું નવસું પુસ્તક **ભીષ્મ** (૦–૪–૦) બહાર પડી ગયું છે. ન મળ્યું હોય તેઓ તુરત તપાસ કરી લે. છૂટક પોસ્ટેજ ૦–૧–૦ કિંમત ઉપરાંત જુદું.

શ્રીદક્ષિણામૂર્તિ પ્રકાશનમંદિર : ભાવનગર

ઉઘરાણી

'પત્રિકા' નું ચાલુ વર્ષ પૂરૂં થવા આવ્યું છે. જે જે ગ્રાહક ભાઇબહેનોએ હજુ સુધી લવાજમ મોકલ્યું ન હોય તેઓ સત્વર મોકલી આપે.

કોણ વધારે કેળવાય છે ને કેળવાએલ છે ?

પૂનો અરધે ઉઘાડે ડિલે સૂરજના તડકામાં આથડે છે ને ટાઢ ઉડાડે છે.

ઉષઃકાન્ત શરીરને ગરમ કપડાંથી લપેટીને સગડી પાસે બેઠો છે.

પૂનો ઘર પાસે આવેલા કૂતરાને હાથમાં પથરો લઈ ઝટ કરતો હાંકી કાઢે છે.

ઉષઃકાન્ત કૂતરો જોઈ રડતો રડતો પાછો ભાગી બાને બોલાવે છે.

પૂનો બોઘો વાળી ઉપરથી રેડાતું પાણી ઘટક ઘટક પી જાય છે.

ઉષઃકાન્ત પાણી પીતાં પીતાં પ્યાલું ઢોળે છે ને લૂગડાં પલાળે છે.

પૂનો ઘરની ગાય અને ભેંશને હાથમાં દંડીકો લઈ પાવા જાય છે.

ઉષઃકાન્ત તેની ભેંશ કે ગાય સામે મળે છે ત્યારે 'બા' કરતો ભાગે છે.

પૂનો સવારે અરધો રોટલો ને છાશ શિરાવે છે ને બપોર પહેલાં ભૂખ્યો થાય છે.

ઉષઃકાન્તને દૂધ ભાવતું નથી ને ચહાનો એક વાટકો લીધા પછી બપોર સુધી ભૂખ્યો થતો નથી.

પૂનો દોડાદોડ સાત ટાપલીઓ દાવ રમે છે ને કેમે કરી હાથમાં આવતો નથી.

ઉષઃકાન્ત રમવાની જ ના પાડે છે. તે કહે છે કે મને રમવું ન ગમે; હું તો પડી જઉં.

પૂનો કરોળિયા જાળાં ક્યાં બાંધે છે તે શોધવા જાય છે; કાબરનાં ઈંડાંને શોધી જાણે છે; ઝાડને આંબે ચડીને કેરી ઉતારતાં આવડે છે; ભેંશે ચડીને ઢોરને પાવા જતાં આવડે છે; અંધારામાં તારાને અજવાળે ચાલતાં આવડે છે.

ઉષઃકાન્ત ઘરમાં બેઠો બેઠો કરોળિયાની ને કાબરનાં ઈંડાંની વાતો વાંચે છે; આંબાના અને તારાના પાઠોની નકલ કરતાં તેને સારી આવડે છે; તેના અક્ષર સારા છે. ગિ.

શિક્ષકો ક્યારે છોડશે ?

એક શિક્ષકભાઇ લખે છેઃ "નીચેની સાધારણ ખોટી ટેવો શિક્ષકભાઇઓ ક્યારે છોડી દેશે?"

૧ પાંજરામાં પૂરાએલા સિંહની માફક ફર્યા કરવું.

૨ લાંબા પગ કરીને અથવા ટૂંટિયાં વાળીને ઢંગી રીતે ખુરશી પર બેસવું.

૩ ખરાબ રીતે ઉભા રહેવું.

૪ હોકારા પાડવા.

૫ કઠણ વચનો બોલવાં કે ગાળો દેવી.

૬ અણઘટતો પોશાક–ભિખારી, ગંદો, વિચિત્ર કે અમર્યાદ પહેરવો.

૭ પાન સોપારી ચાવવાં; તમાકુ ખાવી કે સૂંઘવી.

૮ ઉઘાડે માથે રહેવું.

નોંધ. જેવા પૂછાયા છે તેવા જ સવાલો અહીં મૂકયા છે. આનો જવાબ શિક્ષકભાઇઓ જ આપી શકે, કારણ કે જવાબો તેમની મર્યાદાના છે.

આશા રાખીએ છીએ કે શિક્ષકો આના જવાબો અમારા પર મોકલી આપશે. અન્ય શિક્ષકોની જાણ માટે અમે તે ખુશીથી પ્રગટ કરીશું.

તંત્રીઓ.

આમ નહિ પણ આમ

: ૧ :

એ, ત્યાં જઇશ નહિ; અંધારૂં છે.

એ, ત્યાંથી ચાલીશ નહિ; ત્યાં કાંટા છે.

એ, ત્યાંથી ભાગ નહિતર કૂતરૂં કરડશે.

એ, અહીંથી ભાગો; અહીં ગડબડ થાય છે.

ચાલો હટો, આ ખુરશી તમારે માટે નથી; તમને બેસતાં નથી આવડતું.

લઇશ નહિ, લઇશ નહિ, લગાડી બેસીશ. મૂકી દે એ છરી.

કોરે બેશ, એને પાડી દઇશ. એને અડતો નહિ હો કે !

: ૨ :

ત્યાં અંધારૂં છે; બત્તી લઇને જા.

જો, નીચે જોઇને ચાલજે; ત્યાં કાંટા છે.

જો, પેલો પથરો લઇને ઉભો રહે એટલે કૂતરૂં નજીક નહિ આવે.

જુઓ, અહીં તમે તમારૂં કામ આવી રીતે શાંતિથી કરો.

જુઓ, આ ખુરશી ઉપર આવી રીતે બેસો; આમ બેસાય.

જો, છરી આમ લે અને દોરી કાપવી હોય તો આમ કાપ.

જો, આવ આવી રીતે લે જોઇએ ? હું પાસે છું. એને આમ તેડાય.

ઉદ્યોગ : સાચો કે ભાસમાન ?

બે વર્ષનું બાળક છે. પાટલા ઉપર બેસી રહ્યું છે; હાથમાં નળિયાનો કટકો છે; પાટલા પર નળિયાથી લીસોટા કરે છે; ચહેરા પર ખાસ કોઈ પણ ભાવ નથી; લીસોટામાં કશો મેળ નથી; મેળ કરવાનો કશો પ્રયત્ન નથી; હાથ કટકો ફેરવે છે, તેથી લીસોટા પડે છે. દેખીતી રીતે બાળક ઉદ્યોગમાં છે, કાંઈક કરે છે. માતાને પૂરો સંતોષ છે; કારણ બાળક શાંત બેઠું છે ને આડે આવતું નથી કે કજીયો કરતું નથી, ને કામ કરવા દે છે.

ઘરની બારી રસ્તા પર પડે છે. પાંચ વર્ષનો બાબુ બારીમાં બેસી રસ્તા પરની રાહદારી જુએ છે. કલાકો ને કલાકો સુધી બાબુ બારીમાં બેસી રહે છે. ઘરમાં જાય તો ખાવાનું માગે ને કંઇક કજીયો ઉભો થાય. માતાનો વખત લે; પિતાને ગડબડ થાય. એટલે માતા તેને બારીમાં બેસાડી આવે છે, ને બાબુ દિવસ પછી દિવસ, મહિના પછી મહિના, અરે ! વરસો પછી વરસ બારીમાં બેસી રસ્તા પરની મજા જોયા કરે છે. બાબુ વિષે સૌને સંતોષ છે. ઘરમાં કશી ભાંગતોડ થતી નથી, ગોઠવેલો સામાન બગડતો નથી, માતાને ઘરકામ કરવામાં સરસ કુરસદ મળે છે, પિતાને આરામ ખુરશીમાં પડ્યાં પડ્યાં છાપું વાંચવામાં અડચણ આવતી નથી. બાબુ વિષે સર્વત્ર સંતોષ છે.

બાબુ મોટે ભાગે સળિયાને પકડી બાળસુલભ જેમ બેઠો રહે છે. આંખ મંદ છે. મોઢા પર ખાસ કોઇ ભાવ કે લાગણી નથી. કોઇ વાર વળી

કાંઇ ખાવાનું વેચાવા આવે તો બાળુની આંખ જરા ચળકે છે, કોઇ વાર તેને માટે કજીયો થાય છે; પણ મોટે ભાગે ખાવાની વસ્તુ તરફ જોયા કરવાથી જ બાળુને સંતોષ થઇ જાય છે. બાળુ વિષે સૌને પૂરેપૂરો સંતોષ છે.

બાળશાળામાં અઢીથી ચાર વર્ષનાં બાળકો આવે છે. બાળકો માટે વિકાસ પોષક પ્રવૃત્તિઓ, કામો ને રમતો ગોઠવાએલી છે. કેટલાંએક બાળકો હાથમાં માટી લઇ બેઠાં છે; માટીના લાંબા લાંબા ગાંઠીઆ બનાવે છે. એમ કરતાં કલાકેક નીકળી જાય છે. ટોકરી વાગે છે. કે તરત માટી મૂકી હાથ મોટું ધોઇ તૈયાર થાય છે, જાણે વખતની જ રાહ અત્યાર સુધી જોવાતી હતી ! શિક્ષક માને છે કે બાળક મોંદીકામ કરે છે. બાળક 'તોફાની' બાળકોમાં ગણાતું નથી, માટે તેને વિષે કોઇ ખાસ વિચાર કરતું નથી. તેના જીવનના દિવસો પછી દિવસો આ રીતે પસાર થાય છે. માબાપો માને છે કે બાળશાળામાં જઇ બાળક શીખે છે; શિક્ષક માને છે કે બાળક ઠીક કામ કરે છે. સૌને બરાબર સંતોષ છે.

બીજી બાજુએ કેટલાંએક બાળકો રોજ ઘન કે ઇંટો લઇ બંગલો બનાવે છે, ગોઠવણ કરે છે; જેમ આવે તેમ એક ઉપર એક ઘનો મૂકતાં જાય છે; કાંઇક આકૃતિ બને છે; કાંઇક બંગલા જેવું કે મિનારા જેવું બને છે. એમ કરતાં કેટલોક વખત નીકળી જાય છે. શિક્ષક માને છે કે બાળકો કામમાં છે, ગોઠવણ કરે છે, મૌલિક ઘટના ઘડે છે, કલાવૃત્તિ પોષે છે, જ્યારે બાળક તો માત્ર જમવાનો વખત થાય ત્યાં સુધીનો વખત કાઢવાનો ઉપાય શોધે છે.

આવી રીતે ઘરે ને શાળામાં, ફરવા જાય ત્યારે ને શેરીમાં રમતાં હોય ત્યારે, ઘણી વાર દેખીતી રીતે બાળકો કામમાં હોય છે–ઉદ્યોગમાં દેખાય છે માબાપોને કે શિક્ષકોને તેમને વિષે પૂરેપૂરો સંતોષ હોય છે.

માબાપોને તો સામાન્યતઃ બાળક તોફાન કે કજીયો ન કરે, પોતાના કામની આડે ન આવે, ઘરમાં ગડબડ કે અવ્યવસ્થા ન કરે એટલે સંતોષ હોય છે. શિક્ષકો પણ સૂક્ષ્મ બુદ્ધિ ન કેળવે તો બાળકો વિકાસ પોષક પ્રવૃત્તિમાં મશગૂલ છે કે માત્ર વખત કાઢે છે, પોતાની બુદ્ધિને કસે છે કે બુદ્ધિનો ઓછામાં ઓછો ઉપયોગ કરવો પડે એવી કોઇ પ્રવૃત્તિમાં છે, તે ઓળખી શકતા નથી. આવે વખતે બાળક ખરી રીતે સડતું હોય છે. પ્રવૃતિ કે ઉદ્યોગને અભાવે અને બુદ્ધિને કસરત કે વપરાશ મળવાને અભાવે મંદબુદ્ધિ બનતું જાય છે, તે તરફ કોઇનું ધ્યાન જતું નથી તે વસ્તુ બાળકને માટે ઘાતક ગણાય. બરાબર એ જ વખત શિક્ષકે બાળકને મદદ કરવાની હોય છે; એ જ વખત માબાપોએ બાળકો વિષે વિચાર કરવાનો હોય છે.

સાચો ઉદ્યોગ કયો તેનાં લક્ષણો જાણીને સાચા અને ભાસમાન ઉદ્યોગને તરત ઓળખી પાડવા જેટલી આંખ કેળવી લેવાની માબાપો અને શિક્ષકોને જરૂર છે.

ઉદ્યોગ ગમે તે હોય. બાળક ભલે બોળામાં પથરા એકઠા કરી એક જગ્યાએ ઠાલવતું હોય; પથરા ફેંકતું હોય કે બેહું બેહું આકાશ સામે ને આસપાસ જોતું હોય; ગેલેરીમાં આંટા મારતું હોય કે પેન્સિલના લીંટા તાણતું હોય કે કાતરથી કાગળના કટકા કરતું હોય. બાળકો એક હજાર ને એક ક્રિયાઓ કર્યે જાય છે, ને દરેકમાં અનેક પ્રકારની શક્તિઓ કેળવે છે; અને બધી ક્રિયા દ્વારા ક્રિયાશક્તિ (Will) કેળવે છે. બાળકની તેવી ક્રિયાઓ વિકાસક ને ઉપકારક છે.

પરંતુ ઉપર કહ્યું તે પ્રમાણે ઘણી વાર બાળકો દેખીતી રીતે કામમાં હોય છે, પણ ખરી રીતે તેઓ માત્ર વખત પસાર કરે છે; અંગ્રેજમાં કહે છે તેમ તેઓ વખત કાપે છે. (They are killing time.)

માટે પ્રથમ એ જ ઓળખતાં શીખવાની જરૂર છે કે બાળક સાચા ઉદ્યોગમાં છે કે નહિ.

બાળક સાચેસાચ કાંઇ કરતું હોય છે ત્યારે તેના ચહેરા ઉપર એકાગ્રતા અને ઉદ્યોગમાં મશગૂલ થઇ ગયાનાં ચિન્હો દેખાય છે. ઘણી વાર એક પ્રકારની પ્રસન્નતા દેખાય છે. બારીમાંથી રસ્તા પર કે બીજે જોતું હોય તો પણ તેની આંખમાં ને ચહેરા પર જે ભાવ હોય છે તે વખત કાઢવા ખાતર બેઠેલા બાળકના ચહેરા પર હોતા નથી: એટલે સાચો ઉદ્યોગ ઓળખવા માટેના એક ચિન્હ તરીકે તેના ચહેરાનો અભ્યાસ એ છે. વારંવાર જોવાથી તે ચહેરાની પાછળનું મન અથવા મગજનું છાયાચિત્ર આપણે ચહેરા પર પ્રતિબિંબિત થએલું ઓળખતાં શીખીએ છીએ.

બીજું લક્ષણ પ્રત્યક્ષ ઉદ્યોગ નીહાળવાથી જડે છે. બાળક જે કંઇક કરે છે તેની પાછળ કોઈ હેતુ છે? યોજના છે? તેને કાંઇ પણ ક્રિયાબળ વાપરવું પડે છે? કાંઇક પ્રયત્ન છે? સાદા શબ્દોમાં કહીએ તો તેને તેમાં કાંઇ મુશ્કેલી છે? તે ઓળંગીને કે હાથ કરીને પેલે પાર જવાનો પ્રયત્ન કરે છે? એવા એવા પ્રશ્નો આપણે મનમાં પૂછીને તેના જવાબો બાળકની પ્રવૃત્તિમાંથી મેળવીએ તો બાળકના ઉદ્યોગની કિંમત કાઢતાં આપણને આવડશે. જેમ કે નાનું બે વરસનું બાળક દીવાસળીઓ બહાર કાઢી ડબીની અંદર એક એક ગોઠવતું હોય તો તરત આપણે થોડા અવલોકનથી જોઇ શકીએ કે બાળક સાચા ઉદ્યોગમાં મશગૂલ થઇ ગયું છે.

ત્રીજું લક્ષણ બાળકને રોજ ને રોજ અવલોકવાથી નજરે આવે છે, તે એ કે પહેલા કરતાં બાળક કાંઇક અગત્યનું કામ લે છે કે નહિ. દીવાસળીઓ ભરવાનું કામ બાળક એક દિવસ કરે, એક મહિનો કરે, એક વરસ કરે, પણ કર્યા જ કરે તો તેને આપણે ઉદ્યોગ કહી ન શકીએ. બાળક એક દિવસ માટીના ગાંઠીઆ કરે, બે દિવસ કરે, પણ મહિનાઓ સુધી કર્યા જ કરે તો આપણે ચેતવાની જરૂર ઉભી થાય છે.

આવી રીતે ઉદ્યોગ સાચો કે ખોટો તે વારંવાર અવલોકવાથી ઓળખી કાઢવાની શક્તિ આવે છે. ઓળખ્યા પછીનું આપણું કામ એ છે કે બાળક જો ખોટા ઉદ્યોગમાં હોય તો તેનું કારણ શોધી કાઢવું. બાળક આવી રીતે,, જેમાં કશી શક્તિ વાપરવી પડતી નથી, કશી શક્તિ કેળવાતી નથી એવા ઉદ્યોગમાં શા માટે છે? એ વસ્તુ બાળકને સ્વાભાવિક તો નથી જ.

સ્વાભાવિક રીતે તો બાળકો વિકાસક તત્ત્વ મળવાનું મટી જાય એટલે જેમ શેરડીમાંથી રસ ચૂસ્યા પછી કૂચા થૂંકી નાખીએ છીએ તેમ પ્રવૃત્તિ છોડી દે છે. તેમાં તેમને રસ પડતો નથી ને વધારે આગળના ઉદ્યોગ ઉપર તેઓ વરની માફક તૂટી પડે છે. એમ છતાં જ્યારે બાળકો પોતાની કક્ષાથી નીચેનો ઉદ્યોગ કરે ત્યારે તેનું કારણ શોધી કાઢવું જોઈએ ને તેનો ઉપાય પણ કરવો જોઈએ.

મોટે ભાગે બાળકો આગળનો એટલે તેમને યોગ્ય એવો ઉદ્યોગ હાથ ન આવવાને કારણે કાંઇક કરવું જોઈએ માટે એવા ઉદ્યોગમાં પડેલાં હોય છે. ઘરે વિકાસ પોષક વાતાવરણ ન હોય, કાંઈ લેવા જાય તો માબાપ કે વડીલો ના પાડતાં હોય; બાળકો પાસે ઉદ્યોગનાં કાંઇ પણ સાધનો ન હોય કે બાળકોને રમવા કૂદવા નાચવા જેટલી પૂરતી જગ્યા ન હોય, અથવા જગ્યા હોય તો બાળકોની કૂદાકૂદ સહન કરવાની મોટાંઓની તૈયારી ન હોય કે એવાં અનેક કારણોથી તેમને ઉદ્યોગ વગર રહેવું પડે છે, અર્થાત્ સડવું પડે છે, પશ્ચાત રહેવું પડે છે, શારીરિક કે બૌદ્ધિક વ્યાપારો વગર ભૂખે મરવું પડે છે. માબાપો જો જાણે કે તેઓ પોતે બાળકોને

ભૂખે મારે છે તો તેમને કમકમાટી ઉપજ્યા વગર નહિ જ રહે. પરંતુ ન જાણવાથી થતા તેમના ઘોર પાતકની કલ્પના તેમને હોતી નથી.

ઘણી વાર સાધન સામગ્રીનો અભાવ નહિ પણ તે વધારે પડતી હોવાથી બાળકને જાણે અજીર્ણ થઇ જતું હોય તેમ તે ઉદ્યોગથી વિમુખ બને છે. 'અતિપરિચયાદ્અવજ્ઞા' ની જેમ તે પોષક સાધનોને પણ અવગણે છે, ને તેમનો ઉપયોગ કરી પોષણ મેળવવાને બદલે તેમની પાસે રહ્યા છતાં ભૂખ્યું રહે છે. આવે વખતે તેની વિમુખતાનાં કારણો શોધી, કુશલતાથી તે દૂર કરી બાળકને અતિશયતા ન થાય પણ જરૂરી વસ્તુઓ યોગ્ય કાલે તેને મળતી જાય એવી ગોઠવણ કરી તેને ઉદ્યોગને માર્ગે મૂકી દેવાની ફરજ હોય છે. આમાં બે પ્રકારો હોય છે. એક તો સાધનની અતિશયતા હોવાથી જાણે બાળક તેના ભારથી દબાઇ જતું હોય—મૂંઝાઇ જતું હોય તેમ સાધનો તરફ જોયા વગર—તેનો પરિચય કર્યા વગર જ વિમુખ થઇને બેઠેલું હોય છે, જ્યારે બીજો પ્રકાર તે સાધનનો ઉપયોગ કરવાની કક્ષાએ પહોંચ્યા પહેલાં બાળક બધાં સાધનોને થોડું થોડું અડી આવે છે, ને તેમાંથી પોષણ ન લઇ શકવાથી સાધનો તેને રસહીન ભાસે છે. મોન્ટીસોરી શાળામાં આવું ઘણી વાર બને છે. ખાસ કરીને સાધનો બહાર પડેલાં હોય તો બાળકો એક પછી એક બધાં લઇ જરા જરા રમી મૂકી દે છે, ને એકેમાંથી બરાબર પોષણ મેળવતાં નથી. પછી તેમને સાધનોથી ભરેલા ઓરડામાં પણ કશો ઉદ્યોગ જડતો નથી, ને તેથી તેમને લાકડાના ઘનો લઇ કે માટી લઈ જેમ તેમ વખત કાઢવો પડે છે. માટે જ મોન્ટીસોરી સાધનોનો કબાટ એ પણ એક આવશ્યક સાધન છે. એક એક સાધન તેના યોગ્ય પાઠ સાથે યોગ્ય વખતે બહાર નીકળે ને તેના પર બાળક ખૂબ ખૂબ રમીને તેના પરત્વેની બધી આવડત કેળવી લે, આંખ બરાબર કેળવે, હાથ કેળવે; તેને ઉંચેથી, નીચેથી, ઉધાડી આંખે, બંધ આંખે, બધેથી બરાબર પોતાનું કરી લે; પછી તેને કૂચા તરીકે મૂકી દે અને બીજું લે, અને તેના પર બરાબર મંડી પડે. એ રીતે બાળકો સાધનોના ઉપયોગ દ્વારા કેળવણી લેતું લેતું આગળ વધે છે ત્યારે બાળકનું એકલવ્યની જેમ એક જ લક્ષ હોય છે. આજે જો એક સાધન વાપરીને ગયું હોય તો બીજે દિવસે ઓરડામાં તેને તે વગર બીજું કાંઈ જ દેખાતું નથી. ઝાડ નહિ, ડાળી નહિ, પક્ષી નહિ પણ પક્ષીની આંખ જ માત્ર જેમ અર્જુન ભાળતો હતો તેમ તેને ઓરડામાં તે એક સાધન વગર બીજું કશું દેખાતું નથી. જ્યારે બાળક ઘડીક એક, ઘડીક એક, એમ કરી આખા ઓરડાનાં તમામ સાધનોને અડતું ફરે ત્યારે સમજવું કે બાળકને બાધ હાથ આવ્યું નથી. આ રીતે સાધનો છતાં બાળકો ભૂખ્યાં ન મરે ને માટે ઝીણું અવલોકન અને ખૂબ સંભાળ રાખવાની જરૂર છે.

ત્રીજું ઘણી વાર બાળકની પ્રકૃતિ ઠીક ન હોવાથી બૌદ્ધિક કે બીજું કસોટીનાં કામો કરવા ઇચ્છતું નથી; પણ ઓછામાં ઓછી મહેનત પડે એવું એકાદ કામ લઇને બેસી જાય છે. તે વખતે તેને તેવા કામમાં રહેવા દેવું જોઇએ. જેમ આપણે મોટાંઓ પણ માંદાં પડીએ ત્યારે એકાદ નવલકથા કે એવું વાંચવાનું પસંદ કરીએ છીએ તે જ રીતે બાળકો પણ થાકી જાય છે ત્યારે આવું નીચેની કક્ષાનું કામ કરવું પસંદ કરે છે; તેમાં કશી હરકત હોતી નથી.

સામાન્યતઃ ઉદ્યોગમાં નવું સર્જન કે યોજકતા અથવા બુદ્ધિની કસોટી કે શારીરિક કેળવણી કાંઈક હોય તો તે ઉદ્યોગ ગણાય. નહિ તો માત્ર ભાસ. અર્થાત્ સામાન્ય લોકો જેને રખડવું ગણે છે, નવરાના ધંધા ગણે છે, વખતનો વ્યય ગણે છે તેવી ઘણી પ્રવૃત્તિઓ સાચા ઉદ્યોગના મથાળા નીચે આવે છે; અને સામાન્યતઃ જેને કામ અથવા

ઉદ્યોગ ગણવામાં આવે છે એવી ઘણી પ્રવૃત્તિ નકામી પણ હોય છે. બાળકની શક્તિઓ કસાય છે કે નહિ, તે કસોટીએ જ ઉદ્યોગની પરીક્ષા થઇ શકે.

ઉદ્યોગ પોતે સારો હોય પણ તે બાળકની પસંદગીનો ન હોય, તેના પર તે પરાણે લાદવામાં આવ્યો હોય, તેની ઇચ્છા વિરુદ્ધ કરાવવામાં આવ્યો હોય, તો પણ ઉદ્યોગ થાય છે, પણ તેમાંથી બાળક વિકાસ મેળવતું નથી; તેથી આવા ઉદ્યોગો પણ નકામા જ થઇ પડે છે. તા.

બાળકો અને ચામડી

જ્યારે ક્રૂર બાપ કે શિક્ષક સાથળના મૂળમાં બાળકને ચોંટિયા લે છે ત્યારે ત્યાંની ચામડી લાલચોળ થઇ જાય છે.

વાંસાને જ્યારે સોટી કે ધબ્બો આવો પડે છે ત્યારે ઘણી વાર ચામડી લાલ થઇ જાય છે, ને તેના ઉપર પાંચ આંગળાંનું ચિત્ર પૂરાય છે કે સોળ ઉઠી રહે છે. ચામડી માણસોના મારથી લાલ થવા માટે નથી પણ માણસોના હેત-ભર્યાં હાથથી તાજી, સુખી ને ખુશી થવા માટે છે.

નાના બાળક ઉપરનો માનો વહાલો હાથ માના ધાવણ કરતાં પણ વધારે પોષણ આપી દે છે એમ કહી નાખીએ તો એ કાવ્ય વાસ્તવિકતાથી બહુ દૂર નથી.

મારખાઉ ચામડી ઓછી લાગણીપ્રધાન બની રહે છે, ને તેની પાછળ રહેલો બાળકનો આત્મા પણ જડ બનતો જાય છે.

પ્રેમથી સીંચાએલ ચામડી સૂંવાળી, લાગણીને ઝટ સંધરે તેવી ને સાથે મૃદુ બને છે. તેની પાછળનું બાળક પણ તેવું જ કોમળ બને છે.

ચામડી બહિર્ દુનિયાને સ્પર્શે છે અને સ્પર્શ દ્વારા તેને અંદર લઇ જાય છે. ચામડી અનુભવો ગ્રહણ કરવાનું મોટું સાધન છે. ચામડી સાચવવા જેવી ને સંભાળવા જેવી છે, જનાવરોને પોતાની ચામડી સ્વચ્છ રાખતાં કુદરત શીખવે છે. બાળકોને માબાપોએ ચામડી સ્વચ્છ રાખતાં શીખવવું જોઇએ.

નાનાં બાળકોને માંદાં પડશે તેવા ભયથી બહુ કપડાં પહેરાવી તેની ચામડીને હવા અજવાળાથી દૂર રાખવાથી ચામડી હવા પ્રકાશનો લાભ લઈ શકતી નથી. તેનો આનંદ પણ તે ગુમાવે છે. સૂર્યના પહેલા પ્રહરનાં પ્રાણકિરણો (Ultra-violet Rays) ચામડી દ્વારા જ મેળવી શકાય છે. કપડાંથી ઘેરાએલી ચામડી તેની તાજગી અને સ્ફૂર્તિ ગુમાવી બેસે છે.

રખે ને ચામડી મેલી થઇ જશે એવા ભયથી શરીરને જરાયે રજ તજ લાગવા ન દેવા માટે જે માબાપો બાળકોને ધૂળ, રેતી વગેરેમાં ખુલ્લે ડિલે રમવા દેતાં નથી તે માબાપો બાળકની ચામડીને પ્રાણરહિત કરવાની યોજનામાં પડેલાં છે.

ગંદી ધૂળમાં જ રઝળતાં, રખડતાં ને આળોટતાં બાળકોને જે માબાપો રોકતાં નથી તેઓ ચામડી દ્વારા બાળકોમાં રોગોને બોલાવી રહ્યાં છે.

બાળકની ચામડીને નવરાવી ધોવરાવી ને સાફ રાખવાનું કારણ તો એ છે કે તેથી ચામડીમાં રહેલાં ઝીણાં ઝીણાં છિદ્રો વાટે શરીરનો

અંદરનો મેલ બહાર નીકળી શકે. શરીરનો મેલ પરસેવા રૂપે બહાર આવે છે. બાળક ન્હાતાં નથી ત્યારે પરસેવો ચામડી ઉપર જ રહે છે ને ચામડી ચીકણી બને છે, છિદ્રો પૂરાઇ જાય છે ને રોગોને ઉત્પન્ન થવાનાં કારણો જન્મે છે.

માત્ર શરીર ઉપર પાણી ઢોળવાથી ચામડી સ્વચ્છ થતી નથી. ઘણા માણસો બાળકોની ઉપર પાણી ઢોળ્યા જ કરે છે. તેમ કરવાથી બાળકોને શરદી થાય અને કફ થાય, પણ તેમની ચામડી તો સ્વચ્છ ન થાય.

ચામડી સ્વચ્છ કરવા માટે બાળકોને ઘસીને નવડાવવાં જોઇએ. હાથ વડે, જાડા કપડાથી કે તુરીયાના સૂકા છાલા વડે ઘસવાથી ચામડી સ્વચ્છ થાય છે.

સાબુ લગાડવાનો શોખ બાળકો ભલે કરે; પણ સાથે જ સાબુ કાઢી નાખવાની આવડત શીખવવી.

ચામડી માત્ર હાથ પગ ઉપર જ નથી. બગલ, વાંસો, કેડ, નીચેનાં ભાગો, કાન, નાક વગેરે ઠેકાણે ચામડી છે. તે બધા ભાગો ઘસીને ધોવાની મજા બાળકોને દેખાડવી.

આપણે સામે બેસી ન્હાઇ બતાવીએ તો બાળકોને ન્હાતાં સારૂં આવડે છે.

ઉના પાણીએ નહાવાથી કહે છે કે ચામડીની કાંતિ વધે છે. ઠંડા પાણીએ નહાવાથી કહે છે કે ચામડીની શક્તિ વધે છે. કોઇ વૈદ દાક્તરને આ બાબતમાં પૂછી જોવું. એટલું તો આપણે ય જાણીએ છીએ કે નહિ બહુ ઉનું અને નહિ બહુ ઠંડું એવું પાણી નુકશાન ન કરે.

ચામડી એ ગરમી ઠંડી જાણવાનું યંત્ર છે. તેને કેળવીએ તો તે યંત્રનું કામ આપે. આંગળાંનાં ટેરવાં અને ચામડીમાં ગરમી ઠંડી પારખવાની તીવ્ર શક્તિ છે. મોન્ટીસોરી પદ્ધતિથી ચાલતી શાળાઓમાં તેને વ્યવસ્થિતપણે કેળવણી આપવામાં આવે છે.

ચામડી ઉપર તેલ લગાડવાથી ચામડી કૂણી રહે છે. આખો દિવસ કામ કર્યા પછી રાત્રે અગર ન્હાતી વખતે બાળકો તેલ ચોળી ન્હાય તો સારૂં. ચામડી ઉપર તેલ ચોળી નહાવાથી શરીરમાં ચરબી પણ વધે છે એવું દાક્તરોનું માનવું છે.

શિયાળામાં બાળકોની ચામડી બહુ ફાટી જાય છે. બિચારાંના ગાલ, હોઠ, હાથ ને પગ પીડાય છે. એ દુઃખ આપણે દૂર કરી શકીએ તેમ છીએ. બાળકોના પગ ધૂળમાં રખડે છે ને ત્યાર પછી બરાબર ધોવાતા નથી તેથી ફાટેલી ચામડી બગણી દૂએ છે, અને કૂણા નાના ગાલોમાંથી ઘણી વાર લોહી ચાલે છે. બાળકો નાકના શેડા હાથ વડે હાથે અને ગાલે ભૂંસી દે છે તેથી પણ ગાલ ફાટે છે. બાળકો લૂગડાનો કટકો વાપરતાં શીખે તો તેમાંથી બચી શકે. ફાટેલી ચામડી ઉપર તેલ, કોકમનું ઘી કે વેસેલાઇન ચોળાય. તે પ્રમાણે રાતે લગાડવાથી બાળકોને સુખ થાય.

પણ આ દુઃખ માબાપોએ નાનપણમાં અનુભવેલું એટલે તેઓ અત્યારે ભૂલી ગયાં છે. બાળકો માટે એટલી ખટપટ કરવા ઘરમાં કોણ નવરૂં હોય છે ? માબાપો કહેશેઃ "એ તો શિયાળામાં એમ જ થાય; ઉનાળો આવશે ત્યારે બધું મટી જશે." માબાપને બાળકોની પીડાનો અનુભવ થવા આપણે ઇચ્છીશું કે માબાપની ચામડી પણ એટલી જ ફાટે !

માબાપો હાલની દુનિયાના જે પાઉડરો લગાડીને પોતાનાં મોઢાં શોભાવવા મહેનત કરે છે તે પાઉડરો તેઓ બાળકોને પણ લગાડે છે. દૂરથી બાળક જરા રૂપાળું લાગે છે, પણ આવો પાઉડરો ઘસવાથી ચામડી ઉલટી અસલની કૂણપ અને રૂપ ગુમાવે છે. જેવી ચામડી જન્મથી છે, તેવી જ રૂપાળી નથી શું? એ આપણા બાળકની છે અને તેથી તે બહુ જ રૂપાળી છે. ધોળા પાઉડરો છાંટી કાળા મોઢાને ઢાંકવા કરતાં તો કાળા રંગની શોભા દેખાવા દેવી એ સારૂં છે. રંગોમાં કાળો રંગ કોણ કહે છે કે શોભીતો નથી?

ચામડી ઉપર ખસ થાય છે, ગૂમડાં થાય છે, કરોળિયા થાય છે, ખીલ થાય છે. આવી બાબતમાં ઘણાં માબાપો ખૂબ બેદરકાર રહે છે. ખસ ચેપી છે. નિશાળમાં ખસવાળાં છોકરાં આવતાં હોય તો બાળકોને ત્યાં ન મોકલવાં, અગર ખસવાળાં ઘેર રહે તેવી માંગણી કરવી. શેરીમાં કે સગાં સંબંધીમાં ચેપી ગૂમડાંવાળાં બાળકો હોય તો તેમની સાથે બીજાં બાળકોથી ન રમાય; અને ગૂમડાં થએલાં બાળકોને માબાપો તુરત દાક્તર પાસે ન લઇ જાય તો તેમની સાથે મોટાંઓએ ન રમાય. જે માબાપો પોતાનાં બાળકો વિષે બેદરકાર રહે, તે મૈત્રિ યોગ્ય કે સહવાસ યોગ્ય ન ગણાય. એવા લોકોને ભરોસાપાત્ર કેમ ગણી શકાય? એવા લોકોને જવાબદાર લોકો કેમ લેખી શકાય? શાળામાં આવતાં ઘણાં બાળકોને બે ચાર ગૂમડાં સહેજે હોય. તેમનાં માબાપોને અબર પડવી જોઇએ કે તેવાં બાળકોને શાળામાંથી રદ કરતા પહેલાં માબાપોને સમાજમાંથી રદ કરવાં પડશે. બાળકો ચામડીના નાના નાના રોગોથી નાની નાની રીતે એવાં તો પીડાય છે કે તે એક દાક્તરો જાણે છે ને બીજું બાળકો પોતે જાણે છે.

ચામડી ઉપર કોઈ ઘા લાગે કે ચીરો પડે તો તુરત ગ્યાસતેલ, સ્પિરિટ, બેન્ઝોઇન, ટીંકચર આયોડિન કે એવું કંઈક જંતુઘ્ન લગાડી દેવું; એટલું જ્ઞાન માબાપો ને બાળક બન્નેએ ધરાવવું ને એમાંનું કંઈક ઘરમાં રાખવું. આવી બાબતમાં રહેલી બેકાળજીને લીધે કોઇ કોઇ વાર ધનુર્ જેવા રોગોનું બાળક ભોગ થઇ પડે છે.

હજી ઉતરતા વર્ણોમાં છૂંદણાં – ત્રાજવાં પડાવવાંનો રિવાજ છે. એ રિવાજ બહુ બંધનો નથી. ચામડીને પીડા પણ આપે છે. આફ્રિકાના જંગલી લોકો આખા ડિલે છૂંદણાં પડાવતી વખતે થતી પીડાને હોંશે હોંશે સહન કરે છે. એવી પીડા આપણે આપણાં કૂણાં બાળકો પાસે સહન ન કરાવીએ. આપણે તેની બંધી કરી દઇએ. આથી ભવિષ્યમાં છૂંદણાંનો ઉપર કોવ્યું થતું બંધ થઇ જશે પણ તેની કશી ચિંતા નહિ. એની ઉપરનું કાવ્ય બંધ થશે પણ મનુષ્યનું હૃદય કોઇ થોડું જ બંધ થશે?

ચામડીને ઘરેણાં શોભાવે છે ને ગંદી પણ રાખે છે. ઘરેણાં ચામડીને ગંદી રાખે એટલી હદ સુધી તો પહેરાવાય જ નહિ. પગનાં સાંકળાં, કલ્લાં, ઝાંઝર, છડા વગેરે પગની ચામડીને પાયમાલ કરી નાખે છે. હાથનું કડું કે વીંટી પણ ચામડીને ગમે જ છે એવું નથી. કાંડાનું ઘડિયાળ પણ ચામડીને મન તો એક ઘરેણા જેવું જ છે. તેનાથી પણ ચામડી એટલી જ સુખી કે દુઃખી થાય. ગળે કે કાડે બાંધવામાં

આવતા કાળા મંત્રેલા દોરા અને તાવીજે મેલનું ઘર છે. ગળાની હાંસડી અને વાંળો પણ ડોક અને છાતીને કાળાં બનાવે છે.

તસોતસ બાંધેલી ચોરણીની કે ઘાઘરીની નાડીઓ બાળકની કેડની ચામડી ઉપર ચિત્રની ભાત પાડે છે, ચામડીને બગાડે છે ને કેડને પણ ઘાટ વગરની કરી શરીરનું રૂપ અને ઘાટ ઘટાડે છે. ચામડીની દૃષ્ટિએ હવાની અનુકૂળતાએ બાળકોનાં શરીર બિલકૂલ ખુલ્લાં રહે અગર તો પગથી માથા સુધીના ઝભ્ભાથી ઢંકાએલાં રહે એ ઇચ્છવા જેવું છે.

બાળકોની ચામડી ખૂબ સૂંવાળી છે એ ભૂલી ન જવું. એને આપણા ખૂબ બરડચરડા હાથ પ્રેમથી લગાડતાં પહેલાં પણ વિચારીએ. આપણું દાઢી ઉગેલું અને શેણાના કાંટા જેવી મૂછો વાળું મોઢું તેનાં ગાલ પાસે લઇ જતાં પહેલાં જરા ખમચાઇએ.

પણ બહુ બહુ સૂંવાળાં રેશમી જ કપડાં પહેરાવીને બાળકની ચામડીને લડાવીએ નહિ, અને તેને ફટવી મૂકીએ નહિ. બહુ જ સૂંવાળી પથારીમાં બાળકની ચામડીને સુવાડીને તેને નિર્માલ્ય ન કરીએ. બાળકો દુનિયામાં જીવવા માટે છે; તેમની ચામડી તેમની સાથે જીવે ને સુખ લે તેવી રીતે કેળવાવી જોઇએ.

છેવટે ચામડી ઉપર લીંટા છે. કપાળે, પેટે, અને હાથની હથેળીમાં લીંટા છે તેનો કશો અર્થ નથી એમ આપણે માનીએ. બાળકોના હાથ જેની તેની પાસે બતાવીને મૂરખા ન બનીએ. ચામડીના લીંટામાં કોઇ ઠેકાણે બાળકોનું ભવિષ્ય નથી લખેલું. એ લીંટા કેમ થાય છે તેના ખુલાસા માનવ્યશાસ્ત્રીઓ કરી રહ્યા છે, સામુદ્રિકશાસ્ત્રીઓ આપણને હવે લૂંટી ન શકે. ગિ૦

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

અક્ષરજ્ઞાન યોજના

પોસ્ટના દર વધ્યા છે માટે અક્ષરજ્ઞાન યોજનામાં કાર્ય કરનારાઓએ દર માસે નહિ પણ દર બે માસે પોતાનાં હાજરીપત્રકો તથા રિપોર્ટો મોકલવા તસ્દી લેવી.

અક્ષરજ્ઞાન યોજનાના જેઓ ગ્રાહકો હશે અને તેની સાથે જ પત્રિકાના ગ્રાહકો હશે તેમને અક્ષરજ્ઞાન યોજનાનો રિપોર્ટ ટપાલ ખર્ચ બચાવવા ખાતર તેમના પર સીધો મોકલવામાં આવશે નહિ પણ પત્રિકામાં છપાશે એટલે તેઓ તેમાંથી જ માહિતી મેળવી લે.

બાળકો વાર્તા કેમ સાંભળે છે?

એક નાની છોકરીને ઇસપનીતિની કૂકડો, શિયાળ અને કૂતરાની વાર્તા સંભળાવ્યા પછી પૂછ્યું: "આ વાર્તા સાચી છે કે ખોટી?"

બાળકે જવાબ આપ્યો: "ખોટી."

"ત્યારે એવી વાર્તા શા માટે સાંભળો છો?"

"ગમે છે માટે. એમાંથી ખબર પડે છે કે કૂકડાને શિયાળ મારી શકે છે અને શિયાળને કૂતરો મારી શકે છે."

સવાલ અને જવાબ

સ૦ ૧. નિશાળીઆ જૂઠું શા માટે બોલે છે?

જ૦ જૂઠું બોલવાનું મુખ્ય કારણ ભય છે. જ્યાં ભય નથી ત્યાં બાળકો કશું જ છૂપાવતાં નથી. બાલમંદિરોમાં જ્યાં કશી જાતનો ભય નથી ત્યાં બાળકો સાચું બોલે છે. જ્યારે શાળામાં અને ઘરમાં "અમુક ગુન્હો ગણાય છે; તે થઇ ગયો છે અને હવે જો હું કહીશ તો વઢશે." એવું બાળકને છે ત્યાં તેઓ જૂઠું બોલવાનાં જ. જ્યાં વઢવાપણું છે ત્યાં જૂઠાણું છે જ. જ્યાં શિક્ષા છે ત્યાં જૂઠાણું છે જ. શાળામાંથી આ વસ્તુઓને હાંકી કાઢો એટલે બાળકો જૂઠું બોલતાં અટકશે.

સ૦ ૨. છોકરાઓ શિક્ષકની સામે થાય છે તો શું કરવું?

જ૦ સામેથી એવો સવાલ પૂછી શકાય કે છોકરાઓને શિક્ષકો ગાળો દે છે ને મારે છે તેનું શું કરવું? મને યાદ છે કે અમારા પ્રાથમિક શાળાના નઠારા શિક્ષકને અમે ગાળો દઇ મારી મારી નાસી જતા, જ્યારે સારા શિક્ષકને ઘેર જઇ અમે કામ કરી દેતા; અમે તો બધા એના એ જ હતા પણ શિક્ષકમાં ફેર પડતો હતો. સામે થવું એ બચાવની જૂની–પશુની અને માણસોની રીત છે. પશુપણાની સામે સાધારણ માણસ પશુપણે વર્તવા ઉભો થઇ જાય છે. શિક્ષક પશુ થાય છે ત્યારે નિશાળીઆ પશુનાં હથિયારો–શીંગડાં માંડી સામે થવું, વગેરે અખત્યાર કરે છે. કોઇ સર્વથા સારા શિક્ષકની સામે થનાર એકાદ છોકરો કાં તો તેના માબાપે બગાડેલો છે અથવા નિશાળ અને શિક્ષકને અને ભણતરને યોગ્ય નથી તેને નિશાળના વિષયોને બદલે બીજા વિષયો શીખવા નિશાળમાંથી છૂટો કરી દેવો જોઇએ. બીજી બાજુએ, જો છોકરાઓ રોજ ને રોજ શિક્ષકની સામે જ થયા કરે અને નિયમિત રાખવામાં મુશ્કેલી પડે તો શિક્ષકે નિશાળ છોડી દેવી. છોકરાઓને નિશાળ છોડાવવી તે કરતાં એકંદરે શિક્ષકે નિશાળ છોડી દેવી સારી. નિશાળ ભૂતકાળમાં શિક્ષકની હતી, ભવિષ્યમાં નિશાળીઆની છે. નિશાળીઓ શબ્દ હવે સાથક થશે. નિશાળીઆઓ એક શિક્ષક ચાલ્યો જતાં બીજાને શોધશે અગર જાતે ભણશે. નિશાળીઆઓ શિક્ષકોની પાસેથી બહુ વર્ષો સુધી ભણ્યા છે.

સ૦ ૩. છોકરાઓ જોઇતો સામાન ન લાવે તો?

જ૦ તો તે લેવા તેમને પાછા ઘેર મોકલવા. તેમનો પાઠ ભલે પડે. તેમની બેકાળજીની ખબર તેમનાં માબાપોને આપવી.

સ૦ ૪. છોકરાઓ તોફાન કરે અર્થાત્ ગાળાગાળી, મારામારી, હોકારા વગેરે કરે તો શું કરવું?

જ૦ તો ઉભા ઉભા જોવું. આ બધી સ્થિતિ છોકરાના રોગી મનની, જંગલી મનની, અણકેળવાએલા મનની છે. આ સ્થિતિ સમાજ અને ઘરના વાતાવરણનું પ્રતિબિંબ છે. ઉભા ઉભા જોયા પછી આ રોગનો શો ઉપાય કરવો તે માટે માનસવૈદકની–માનસશાસ્ત્રની ચોપડીઓ વાંચવી, સારી શાળાઓ જોવી ને છોકરાઓને વ્યવસ્થિત, ચોક્કસ અને

જેમાંથી સંતોષકારક કામ મળે એવી પરિસ્થિતિ રચવી. બાર માસ સુધી પ્રયત્ન કરવો, અને જો પરિસ્થિતિ રચતાં ન આવડે અને બધા છોકરાઓ એવા ને એવા જ રહે તો રાજીનામું આપી બીજા ધંધા પર ચડી જવું. છોકરાનાં માબાપો અગર કેળવણી ખાતું બીજા કોઈ લાયકને શોધી લેશે.

સ૦ ૫. બીજા શિક્ષકના વર્ગમાં રજા લઈને દાખલ થવું એ નિયમને છોકરાઓ માન આપે નહિ તો શું કરવું ?

જ૦ શાળાનો આ પળાતો નિયમ હોય તો છોકરાને તે પાળવા સમજાવવું. તે સમજે છે કે નહિ તે જોવું. ત્યાર પછી જો નિયમભંગની ખાતર જ નિયમભંગ કરે તો તેને કહેવું કે શાળામાં આવનાર માટે આવા વ્યવસ્થાના નિયમો પાળવા એ અનિવાર્ય શરત છે. તમારે જો તે નિયમ પાળવા ન હોય તો ન આવો. પાળવો હોય તો જ આવો. આવો નિયમ આપ્યા પછી પણ એવી મનોવૃત્તિ છોકરામાં કેમ આવી હતી તેની તપાસ તો કરવી જ. આવી ખામી પણ મનની કે ઉછેરની જ ખામી હોય છે.

સ૦ ૬. શિક્ષકના કહ્યા પ્રમાણે છોકરાઓ કરી ન લાવે તો શું કરવું ?

જ૦ તપાસ ચલાવવી કે એમ બનવાનું શું કારણ છે ? અણઆવડત એક કારણ હોય; આળસ બીજું કારણ હોય; દોસ્તોની સોબતે ચડતાં કામ રહી જાય તે ત્રીજું, અને સગવડનો અભાવ એ ચોથું કારણ હોઈ શકે. શિક્ષક પ્રત્યેનો અણગમો એ પણ એક મજબૂત કારણ હોય છે. તપાસને અંતે જે કારણ જણાઈ આવે તે દૂર કરવાની યોજના કરવી. ગમે તે અગવડે, અણઆવડત હોવા છતાં અને થાક લાગ્યો હશે તો પણ શિક્ષકે કીધેલ કામ ત્યારે જ છોકરાઓ કરે છે કે જ્યારે તેઓ તેને અવશ્ય ચાહે છે. સાચા પ્રેમી છોકરાઓ પણ ઉપરના બીજા કારણે કામ કરી લાવી શકતા નથી તે શિક્ષકે જાણવું ઘટે છે. ગિ.

ગ્રાહકોને

જો આપની પાસે શિક્ષણ પત્રિકાના જૂના અંકો હોય તો, અને આપને તે ઉપયોગના ન હોય તો અમને પાછા મોકલશો તો આભારી થઈશું. ઘણાં ભાઈબહેનોની જૂના અંકોની માગણીને અત્યારે પાછી વાળીને તેમને અમારે નિરાશ કરવાં પડે છે.

યાદ રાખશો ?

પત્રિકા આપની સેવા બજાવતી હોય તો અવશ્ય ચાલુ રાખશો. પણ જો કદાચ પત્રિકાની સેવામાં ન્યૂનતા લાગી હોય અને તે કારણે આપ ગ્રાહક રહેવા નાખુશ હો તો આપ એક પોસ્ટકાર્ડ લખવા કૃપા કરશો, એટલે નવા વર્ષમાં આપને નાહકનું વી.પી. પાછું વાળવાની તસ્દી ન પડે.

તંત્રીઓ.

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રી સરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

શિક્ષણ પત્રિકા

(મોન્ટીસોરી સંઘ)

વર્ષ ૬ ઠું
૧૯૮૮

અંક ૧૨ મો
આધ

: તંત્રીઓ :

ગિજુભાઇ

તારાબેન

જેઓ ચોપડી જ વાંચીને જ્ઞાન લેવાની મુરાદ રાખે છે તેઓ મહેતાજી થશે; જેઓ બાળકને વાંચીને જ્ઞાન મેળવશે તેઓ કેળવણીશાસ્ત્રી થશે. તત્ત્વવેત્તા માટે કુદરત સમસ્ત મહાન ગ્રંથ છે; કેળવણીકાર માટે બાળક માત્ર સમર્થ, અદ્વિતીય અને મહાન ગ્રંથ છે.

બાળકની જીભ

બાળક માબાપને કે મહેમાનને કંઈ કંઈ સવાલ પૂછે છે. ત્યારે માબાપ કહે છે, કે 'લે રાખ્ય, હવે રાખ્ય; તારી જીભ મોંમાં રાખ્ય.' કાં તો કહેશે 'આ છોડી તો એક ઘડીએ જીભને મોંમાં રાખતી નથી. કોણ જાણે શું યે થયું છે.'

ખરી રીતે જીભને કશું થયું હોતું નથી. બાળકને કંઇક જાણવાનું મન થયું છે ને તે જ કારણે તે જીભને હલાવે છે. માબાપો આટલું યે નહિ સમજતાં હોય?

બાળક જ્યારે માબાપના વર્તનથી ત્રાસી જઈને, અકળાઈને સામે બોલી જાય છે ત્યારે તેને કહેવામાં આવે છેઃ "જોજે હવેથી એવું બોલ્યો છે તો. ફરી વાર બોલીશ તો જીભ ખેંચી કાઢીશ જીભ!"

મારા જાણવામાં આવ્યું નથી કે કોઇ કાળે કોઇ માબાપે બાળકની જીભ ખેંચી કાઢી હોય. થોડા વખત પછી બાળક સમજે છે કે માબાપ બોલે છે તે પ્રમાણે વર્તતાં નથી. તે ક્રોધી અને જૂઠાં છે. તે પોતાનું કહેવું અમલમાં મૂકતાં નથી. બાળક માબાપમાંથી ધીમેથી વિશ્વાસ ગુમાવે છે.

નિશાળમાં શિક્ષકે બીજાને પૂછેલા પ્રશ્નના ઉત્તર રૂપે હુંશિયાર બાળક પોતાને આવડે છે તેના ઉત્સાહમાં ઉતાવળથી જવાબ આપે છે ત્યારે શિક્ષક કહે છેઃ "મૂંગો મર મૂંગો; તને કોણે પૂછ્યું છે?"

ન્યાય તો અજબ જેવો. જેને નથી આવડતું તેને શિક્ષક કહે છેઃ "મૂંગો કાં મરે છે? ભસ તો ખરો! મોઢામાં જીભ છે કે નહિ? જ્યારે જેને આવડે છે તેને કહે છે કે મૂંગો મર મૂંગો. મોઢામાં જીભ રાખીને હેઠો બેસ."

આમાં કોઇ ઠેકાણે જીભનો વાંક નથી કે તેને નાહકની ભેળવવી.

જીભને ખેંચી કાઢયે કે મોઢામાં પૂરી રાખ્યે ન પાલવે. જીભ કામની ચીજ છે.

બાળકોનાં વરતમાં આવે છેઃ 'બત્રીશ બાવા આવે અને લુલીબાઇ સંકોરે.' એ લુલીબાઇ તે જીભ.

જેની જીભને ચાંદાં પડ્યાં હોય તેને જમતી વખતે આપદા પડે છે. બાળકની જીભ જોતાં રહેવું જોઇએ. ચાંદાં ન પડે તે માટે પહેલેથી કાળજી લેવી જોઇએ.

પણ મને લાગે કે બાળકની જીભે પણ ભોગવવું તો પડશે જ. માબાપોને મશાલા ખાવા છે. અને બાળકે તો તે કર્યે જ છૂટકો છે. બાળકો માટે જુદી રસોઇ, માકકની રસોઇ કેટલાક ઘરોમાં થતી હશે? ઉલટું ઘણાં માબાપો માને છે કે બાળકને આગળ ઉપર મશાલા વગેરે ખાવાના જ છે તો ભલેને આજથી જ હેવાયું થતું જાય!

પણ ટેવ પડતાં પહેલાં ઘણી બધી પીડામાંથી પસાર થવું પડે, તેનું શું?

તેનું કાંઇ નહિ. ન ખવાય તો બીજું જે હોય તે ખાઇને બાળક પડયું રહે. મોટાં ચાંદાં પડ્યાં હોય તો બહુ તો મોઢામાં કાંથો કે બાવળની પાલી નાખે. વળી બહુ જ ચાંદાં પડે ને જીભ આવી જાય તો વખતે માબાપ ડાકટરની

દવા લઈ આવે. પણ બાળકની જીભને રુચતા ખોરાકનો વિચાર ને ફેરફાર કરવાનું કોને સૂઝે? અને સૂઝે તો કોણ કરે? ઘરમાં–રસોડામાં રાજ્ય બાળકની બાનું; અને બાળકની બાને મશાલા ભાવતા હોય ને મોળું કાઢવાની આળસ હોય તો?

તો બાળકની જીભ સુખેથી તીખું બારું વગેરે બાતાં, ચાંદાં પાડતી પાડતી ટેવાય.

પણ ચાંદાં માત્ર મસાલાથી જ નથી પડતા. જીભને ઠેઠ પેટ સુધી સંબંધ છે. આંતરડાંની સ્થિતિને જીભ પોતાની ઉપર નોંધે છે. જીભ પેટ અને આંતરડાંનો ખબરપત્રી છે. ચાંદાં-વાંળી જીભ એટલે આંતરડામાં ચાંદાં. ધોળી જીભ એટલે અપચો. લાલ મજાની જીભ એટલે પેટ સાફ ને પાચનક્રિયા સુંદર. બાળકની જીભને રોજ તપાસીએ. રોજ એના પેટની ખબર પડે. રોજ ઉઠીને બાળકને કહેવું: 'જીભ બતાવ.'

જોરથી ઉળ ઉતારવાથી બરાબ જીભ સુધરી જતી નથી. ઘણા દાક્તરો માને છે કે ઉળ ઉતારવાની જરૂર નથી. ઉળ ઉતારવાથી માત્ર જીભ આવી થાય છે. જીભ ઉપરનો ધોળો મેલ તો હાથથી પણ ચાલ્યો જાય. આ બાબતમાં દાક્તરોને પૂછીને વધારે બાત્રી કરવી અને પોતાના વિશ્વાસનો દાક્તર કહે તેમ કરવું. એટલું બરું કે જીભને દાતણની ચીરથી બહુ હેરાન તો ન જ કરવી.

જીભના ઉપયોગ તો જીભ એની મેળે કરે છે. બાળકને તે શીખવાડવા નથી પડતા. જેમકે દાંત પડે છે ત્યારે બાલી જગાએ જીભ કરોડોવાર જઈ આવે છે. દાંતમાં કાંઇ ભરાયું હોય છે, તો તે નીકળે નહિ ત્યાં સુધી તેને જંપ વળતો નથી. મોઢાની તે એક ભારે કિંમતી સાવરણી છે.

એ તો ઠીક પણ બાળકોને આપણે તેના કેટલાક દુરુપયોગ શીખવીએ છીએ તે તરફ આપણું ધ્યાન જવું જોઇએ.

આપણે જીભથી કવર ચોટાડીએ છીએ. આપણે જીભને આંગળી લગાડી આંગળીને ભીની કરી ચોપડીનાં પાનાં ફેરવીએ છીએ. આપણે આ રીત આપણા બાપ દાદા પાસેથી શીખ્યા અને આપણી પાસેથી આપણાં બાળકો શીખે છે. એમાં ગંદકી છે, અને રોગોના જંતુઓને મોઢામાં દાખલ કરવાનો સીધો ને ટૂંકો રસ્તો છે.

નાનાં છોકરાઓ એક બીજાની જીભને ચાટવાની રમત કરે છે એવું ઝીણી નજરે જોનારને જણાશે. કોણ જાણે કેવીય મજા આવતી હશે તે તો તેઓ જાણે. પણ એ રમત ગંદી છે ને વધારામાં રોગવાહક છે.

નાનાં બાળકો તો ઠીક, પણ મોટાં માણસો પણ પોતાની જીભ નાનાં બાળકોને આપતાં જોવામાં આવે છે. બાળકો તે ચાટીને સ્વાદ વિનાની લાગતાં મોં બગાડી છોડી દે છે; છતાં માબાપને તેમ કરવામાં કંઇક મજા પડે છે. આમાં માબાપનું કયું વિચિત્ર કે વિકૃત માનસ હશે તેની તપાસ માબાપે કરી લેવી ઘટે છે. બાળકના મોંમાં ફરીવાર તેઓ પોતાની જીભ બાપે જ નાહ.

જીભ ખૂબ નાજુક અંગ છે. સ્વાદ બેસ્વાદ પારખવાનું એક અદ્‌ભુત યંત્ર છે. નાનાં બાળકોમાં એ યંત્ર નિર્દોષ હોય છે, પણ આપણા કૃત્રિમ ખોરાકને લીધે એ સદોષ બને છે ને બારથી તેની સ્વાદશક્તિ હણાવા લાગે છે. જીભને જેટલી સાચવીએ તેટલી ઓછી.

" જીભલડી તને હરિ ગુણ ગાતાં
આવડી આળસ ક્યાંથી રે. "

ત્યાં જીભનો નાહકનો વાંક કાઢયો છે. બાળક પ્રભુના ગુણ ન ગાય તો તેમાં જીભનો વાંક નથી. તે અસભ્ય અને ભૂંડું બોલે તો જીભનો વાંક નથી. તે વાંક તેના માબાપનો છે. તે જે વાતાવરણમાં રહે છે તેનો છે.

" જેમ જેમ હું વધારે ને વધારે વિચારું છું, તેમ તેમ મને વધારે ને વધારે ખાત્રી થતી જાય છે કે, સામાન્ય રીતે, બધી મોટી ભૂલોને તળિયે મિથ્યાભિમાન જ હોય છે. " —રસ્કિન

ખરાબ આવતર

તમારા ઘરમાં તમારે ખરાબ માબાપ હોય તો હું તો અજંપ જ થાઉં ! તમે જાણો છો ? ઘણીએ વખત, એવું વધારે બને છે કે બાળકો કરતાં તો તેમનાં માબાપ જ વધારે બગડેલાં હોય છે, અને એવું પિતાઓ પરત્વે તો વળી વધારે જ બને છે.

તમે તો એવા પિતા નથી ને, કે તમારી સામે તમારાં બાળકોને ચૂપચાપ થઇ જવું પડે ? કે તેમની પીડાઓની તમને લગીરે પડી નથી ? કે માત્ર તમે તમારા કુટુંબને કાબુમાં રાખવામાં જ અભિમાન માનો છો ? ત્યારે શું તમે બાળકોના સાચા મિત્ર ન હો, તેવા પિતા છો ? જો એમ જ હોય તો તમે એક બગડેલા બાપ છો.

તમે એક સારા કાર્યકર્તા થાઓ, તેના કરતાં તમે એક સારા પિતા થાઓ, તે વધુ કિંમતી છે. માબાપ–સાચા માબાપ થવાનું જો કોઇનાથી બની શકતું હોય તો તે એક ભારેમાં ભારે વસ્તુ છે. એમાં અખૂટ ધીરજની જરૂર છે, કારણ કે એક વખત પણ જો તમે બાળકની સામે ઘુરક્યા, કે તેની તરફ આડા કે આડજંત્રા થયા, અગર તમે એક સમજદાર વ્યક્તિ છો એવો ખ્યાલ કરાવવાનું ચૂક્યા, તો તમે નક્કી માનજો કે તમે તમારા બાળકથી જુદા પડ્યા; ને તમે એક અતિ મહત્વની નિમણુકમાં નિષ્ફળ નીવડ્યા.

છોકરાં ઉછેરવાં એ મોનું જ કામ છે. એ કંઇ સોરી મોન્યતો નથી; એમ શા માટે હોવું જોઇએ ? જેવાં તેનાં છે, તેવાં જ તે તમારાં છે. તમે તેમને સંસારમાં આણ્યાં છે. તે બિચારી તમારા જેટલું જ કે તેથી પણ વધારે સખત કામ કરે છે. તેમ છતાં, શું તમે ઘેર જઇને તમારા કુટુંબને ચૂપચાપ રહેવા ફરમાવો છો ? અને એની ઉપાધિઓને અવગણો છો ? અને તે તમારી સેવામાં હાજર રહે, એમ ઇચ્છો છો ? વળી, બાળકોને કેળવવાની, તેમની સાથે સદાકાળ ધીરજવાન બનીને તેમને દુનિયાની સમજણ પાડવાની, બધી જવાબદારી તમારી બૈરી પર ફેંકો છો ? જો એમ જ કરતા હો તો તમે એક ખરાબ, બગડેલા બાપ છો; દુનિયાની કનિષ્ઠ પેદાશ છો.

—યંગ થીઓસોફિસ્ટમાંથી

અનુવાદક

કમળાશંકર પંડિત

બાળકોનાં આંગળાં

બાળકોનાં કે આપણાં આંગળાં વિષે વિચાર કરવાનું આપણને ભાગ્યે જ સૂઝે છે. આંખો આવે છે તેમ આંગળાં આવતાં નથી કે આંગળાં તરફ આપણું બહુ ધ્યાન જાય.

ખરી રીતે આજની જે સંસ્કૃતિનું બાહ્ય સ્વરુપ આપણી ઇંદ્રિયોને ગોચર છે તે આંગળાંને આભારી છે. જ્યારથી બતકો અને છેવટે વાંદરાંના આંગળાંથી આપણાં આંગળાં જુદાં પડ્યાં અને આજે છે તેવાં બન્યાં ત્યારથી માણસ ઇતર પ્રાણીઓથી જુદો પડ્યો અને ત્યારથી તેણે સંસ્કૃતિની શરૂઆત આદરી.

આ દુનિયા ઉપર માણસે જે ફેરફારો કર્યા, માણસે જે બધું કર્યું તે હાથને છેડે આવેલાં આંગળાંને આધારે. આંગળાં વિનાના હાથ કશું પકડી શકે નહિ. આંગળાંથી બધું પકડવાની શક્તિને લીધે પૃથ્વી ઉપર આટલો મોટો ફેરફાર, આટલા મોટા યંત્રો, આટલો જબ્બર સુધારો થઇ શક્યો. યંત્રો પણ શોધનારાં અને આખરે ચલાવનારાં આંગળાં જ છે. 'કલમ કડછી અને બરછી' આંગળાંવાળા પંજાએ ઝાલીને દુનિયા ઉપર મહાન્ ઉથલપાથલ કરેલી છે.

આંગળાં, બાલ્યાવસ્થાથી માંડી ઘડપણ સુધીનો આપણી નજીક રહેતો આપણો કિંમતી નોકર છે. તે ઇંદ્રિયોની બહુ સેવા કરે છે. જે જોઇએ તે આંખ આગળ, કાન આગળ, મોં આગળ, હાથની મદદ વડે લાવી આપે છે. હાથ આંગળાંનો હાથો છે. આંગળાંને બદલે ચમચો વાપરનારાઓને આંગળાંની નાજુક ક્રિયાઓનો લાભ મળતો નથી. આંગળાંઓના સ્નાયુઓમાં પરસ્પર જે સહકાર રહેલો છે તેનો તેમને ખ્યાલ સરખોએ આવતો નથી.

એટલે વાત એમ છે કે બાળકનાં આંગળાં વિષે દરકાર લેતાં શીખવું જોઇએ.

પહેલી વાત તો એ છે કે બાળકનાં આંગળાં ખૂબ મજબૂત થવાં જોઇએ. બાળકોનાં આંગળાં જેટલાં ખૂબ વપરાય તેટલાં મજબૂત થવાનાં. બાળકો નાની સાવરણીથી વાળશે, નાનાં વાસણો ઉટકશે, લાવવા મૂકવાનું પકડવાનું કામ કરશે, દોરડે ટીંગાશે, લટકશે અને ચડશે, કપડાં ધોશે, ખોદશે, રોટલી વણશે, માટીનાં રમકડાં બનાવશે, કંઇ પણ આંગળાં અને હાથનો જ્યાં ઉપયોગ થતો હોય એવું કામ કરશે તો તેનાં આંગળાં દૃઢ થશે.

અને દૃઢ આંગળાં એટલે સ્વાધીનતા. દૃઢ આંગળાં એટલે ચારિત્ર્ય. આંગળાં વિનાનો અપંગ છે જ્યારે આંગળાંવાળો પોતાનો પ્યાલો જાતે ઉપાડી પાણી પીએ છે તેથી તે સ્વાધીન છે. દૃઢ આંગળાંવાળો હળ પકડનારો ખેડૂત, મોજમાં નાંખેલાં કૂણાં આંગળાંવાળાં દિવાનખાનામાં બેઠેલાં માણસો કરતાં વધારે ચારિત્ર્યનો માલિક છે. હાથે કામ કરનારાઓના ચારિત્ર બળની ચાવી આંગળાંની દૃઢતામાં છે.

આંગળાથી લખવું અને ચીતરવું પડે છે એટલે આંગળાંને તે માટે શાળાઓમાં ખાસ તાલીમ મળે છે. તાલીમ વિનાનાં આંગળાં કલાનાં અને કારીગરીનાં કામો કરી શકતાં નથી. મગજ અને આંખ વગેરે બીજી ઇંદ્રિયોની તાલીમ પહેલાં આંગળાંની તાલીમ ગણાવી

જોઇએ. આંગળાંની જ તાલીમ મગજની તાલીમને સફળ કરી શકશે.

આંગળાંએા માત્ર પકડે છે એમ નહિ. આંગળાંના વેઢા ઉપર ગણી શકાય છે એ એનો બહુ મોટો ઉપયેાગ નથી. આંગળાંથી સારી એવી થપાટ મારી શકાય છે, અને બાળકેાનો કે મેાટાનેા ગાલ ચમચમાવી દેવાય છે એમાં આંગળાંનેા સદુપયેાગ કેાણ કહેશે ? આંગળાં ચૂંટી ખણવા, અને કાન ખેંચવા કામ આવે છે; અને જો તે સાધનેા શિક્ષણમાં હજી પણ કામનાં ગણાતાં હેાત તેા માસ્તરને માટે આંગળાં કિંમતી મિલ્કત ગણાત. છેવટે, આંગળાં એટલા માટે નથી કે તેને છેડે વધતા નખને સાચવવાના સાધન બને. આંગળાં કેાઇની દાઢી પકડવા કે કેાઇનું નાક ખેંચવા તેા નથી જ નથી.

આંગળાં એટલે માત્ર પકડવાના ચીપીઆ છે એમ નથી. આંગળાંના ટેરવામાં સ્પર્શની ઇંદ્રિય રહેલી છે. ચામડી સ્પર્શનું વ્યાપક સાધન છે જ્યારે આંગળી ઉપરનાં ટેરવાંની ચામડી વિશિષ્ટ સાધન છે. બીજી બધી ચામડી કરતાં સુંવાળા બરબચડાની બબર ત્યાંની ચામડીને વધારે પડે છે. આંગળીઓ એ આપણાં સ્પર્શમાપક યંત્રેા છે. આંગળીનાં ટેરવાં તથા આંગળાંની ચામડીમાં એક બીજું યંત્ર કુદરતે મૂકયું છે; અને તે ગરમીમાપક યંત્ર. શરીરના બીજા અવયવેા કરતાં આનાથી ગરમી ઠંડીનું પ્રમાણ વધારે સારી રીતે આપણે જાણી શકીએ છીએ. આંગળાની ચામડી અને સ્નાયુઓમાં એક ત્રીજું યંત્ર પણ છે. આ યંત્ર તે વસ્તુઓના આકારેા આંખવડે જોયા વિના પારખવાની શક્તિ. બાળકેા આંખેાથી ભાળે છે તે પહેલાં વસ્તુને આ શક્તિથી વહેલાં ભાળે છે. આંખેાથી જ્યારે વસ્તુની સપાટી ઉપર રહેલ રૂપનેા ખ્યાલ આવે છે, સ્પર્શથી જ્યારે વસ્તુની સપાટી ઉપર રહેલા સુંવાળા બરડચડાપણાનેા ખ્યાલ આવે છે ત્યારે ઉક્ત શક્તિથી વસ્તુના પરિમાણિક આકારનેા ખ્યાલ આવે છે. આ શક્તિને સ્ટિરિયેાગ્નેાસ્ટિક સેન્સ કહેવામાં આવે છે. બાળપણમાં આના વિકાસને ખૂબ અવકાશ છે ને તે માટે જાતજાતની રમતેા યેાજી શકાય છે. આંખે પાટા બાંધી વસ્તુઓને ઓળખવાની રમત બહુ આનંદદાયક અને વિકાસક છે.

વળી એક બીજી શક્તિની વાત પણ કરીએ. આંગળાંના વેઢાના સ્નાયુઓમાં તોળવાની—વજન પારખની—શક્તિ રહેલી છે. આખા શરીરના જુદા જુદા ભાગેાને વસ્તુના વજનની ઓછી વધતી બબર પડી શકે છે પરંતુ ઝીણામાં ઝીણી નાજુક રીતે તેા હાથનાં આંગળાંને અને હાથને બબર પડે છે. આંગળાંવાળેા હાથ કુદરતી ત્રાજવું છે. બે હાથ બે પલ્લાં છે અને મગજ એ તેને તોળનારી દાંડી છે. બે હાથમાં રહેલા અને મગજ સુધી જનારા જ્ઞાનતંતુઓ ત્રાજવાની દેારીઓ છે.

ત્રાજવાં બરાબર જોઇએ. સાજાં તાજાં અને મજબૂત. એક સરખાં ને સેાયથી માંડી મેાટી વસ્તુ તોળી શકે તેવાં. એની તૈયારી આંગળાંની કેળવણીમાં આવે છે.

આંગળાં જેવું આટલું બધું ઉપયેાગી યંત્ર ભાગ્યે જ આપણા લક્ષ પર ચડે છે. આંગળાંની કેળવણીનેા વિચાર હજી થેાડેા થેાડેા થતેા આવે છે. બાળકેાનાં એક આંગળાં જ જો સાબૂત હેાય તેા તે પેાણાભાગ જેટલું

સહેજે કેળવાશે અને જીવનને ઘણું ઉપયોગી કામ કરી શકશે.

બાળકોનાં આંગળાં કેળવાય માટે તેને આંગળાંથી પુષ્કળ કામ કરવા દો. વખતે આંગળાં બગડી જશે ને મેલાં થશે તેની પરવા ન કરો.

આંગળાં સાથે જોડાએલી શક્તિઓ ખાલે માટે યોગ્ય વાતાવરણ રચો. આંગળાં-સ્પર્શમાં, ગરમી માપનમાં, તોલ કરવામાં તીવ્ર બને માટે તેને સ્વચ્છતાનો આનંદ આપો; તોળવાની તક આપો. ગિ.

ગરીબ બાળકને રૂ. ૧૦ ના ચશ્મા મફત

જો કોઈ ગરીબ બાળકને ચશ્માની જરૂર હોય તો તેને દસ રૂપિયાની કિંમત સુધીના ચશ્મા એક સપ્તાહ બાદ અપાવશે. આ માટે પોતાના ગામના બે પ્રતિષ્ઠિત શહેરીઓની તથા દાક્તરની સહી સાથે અરજી કરો.

વ્યવસ્થાપક, શિક્ષણ પત્રિકાઃ ભાવનગર

દાતણ

સ. બાળકને દાતણ કરવાનો કંટાળો છે. સમજાવટ છતાં તે કામ કરતું નથી. શું કરવું?

જ૦ બાળકને દાતણ કરવા માટે વારેવારે ટોકવું નહિ. સારું દાતણ અગર સુંદર બ્રશ, સુગંધી દંતમંજન, શિયાળામાં ગરમ પાણી, મોં લૂછવા ઉજળો બરફ જેવો રૂમાલ; આ બધું બાળકને દાતણ કરવાને માર્ગે લઈ જશે. બાળકના દાંતની સંભાળ અર્થે આ બધું મોંઘું નથી તેમ કડાકુટીયું પણ નથી. એકવાર દાંતને નુકસાન પહોંચ્યા પછી તેને પાછું વાળી શકાતું નથી.

સ૦ 'દાતણ નહિ કરો તો દાંત પડી જશે, મોં ગંધાશે.' એમ કહેવું કે નહિ?

જ૦ એમ કહેવામાં બહુ ફાયદો નથી. કારણ કે દાંત વર્ષો પછી પડે છે; અને મોં ગંધાયાની બાબતમાં બાળકને ખબર પડતી નથી. માટે આપણા કહેવામાં બાળકને સત્ય ભાસતું નથી. 'સળગતા કોલસાને અડશો તો દાઝશો' એવું ઉપલું વાક્ય નથી. માટે એમ કહેવાને બદલે દાતણ કરવાનો સુંદર વાતાવરણથી શોખ લગાડવો. બાળકો મોડાં ઉઠે છે ને તે પહેલાં આપણે દાતણ કરી લીધેલું હોય છે તેથી તેઓ ઘણી વાર આપણને દાતણ કરતાં ભાળતા નથી. તેથી પણ તેઓ દાતણ કરતા નથી. આપણે તેને દાતણ કરી બતાવી દાખલારૂપ થવું.

સ૦ દાતણ શેનું કરાવવું?

જ૦ બાવળનું દાતણ ઉત્તમ છે. તેની છાલ ચવરાવવી જરૂરની છે. તેનો કૂચો મજાનો થાય છે. દાતણ તાજું જોઈએ.

મોન્ટીસોરી શિક્ષક પૂછે છે

"વાલીઓ બાલમંદિરમાં રસ લેતાં થાય એવી શ્રદ્ધાવાળાં હોય છે. છતાં તેઓ આપણી અને અમારું બાળક શું શીખ્યું એવા પ્રશ્નો વાત ન સમજે તેવાં નથી હોતાં.

કરતાં અટકે એને માટે શું કરવું?"

એ વાત વાજબી છે કે બાલમંદિરમાં બાળકોનાં માબાપો રસ લેતાં થાય તેનો ઉપાય કરવો ઘટે; પણ એ લોકો બાળક શું શીખ્યું તે પૂછતાં જ અટકી જાય એમ કરવું ઠીક નથી. તેઓ એટલું પૂછવા લાગ્યાં છે એ જ બાળકનું અને બાલમંદિરનું ભાગ્ય છે. નિશાળે મૂક્યા પછી બાળકનું શું થયું તે પૂછવાની આજનાં માબાપોને નવરાશ જ ક્યાં છે? આટલી પડપૂછ કરવાની નવરાશને માટે આપણે તો રાજી થઈએ અને તેમનો ઉપકાર જ માનીએ. એ પૂછે છે એ જ એમનો રસ બતાવે છે.

પણ પૂછનારનો કદાચ બીજો હેતુ હોય. 'શું શીખ્યું' એટલે શું ભણ્યું? ઝટપટ ભણ્યું કે નહિ? સારી શાળા છે એટલે તેણે ઝટ ભણી કાઢવું જોઈએ, વગેરે વાત મનમાં હોય તો આવો સવાલ નીકળે ખરો. ઘણાં માબાપો આ દૃષ્ટિએ જ આવો સવાલ પૂછે છે.

આપણે માબાપને તોછડો જવાબ ન આપીએ. માબાપ બાલશિક્ષણના નવીન સિદ્ધાંતોને જાણતાં નથી તેથી તેમના આ વિષયના અજ્ઞાનને લીધે સવાલ કરે છે એમ સમજી નારાજ ન થતાં તેમને વધારે સારી રીતે કેમ સમજાવીએ તેનો જ વિચાર કરીએ.

માબાપો હંમેશ સમજવા નથી જ માગતાં એમ નથી. તેઓ રૂઢ વિચારનાં હોય છે; પરિણામ માટે ઉતાવળાં હોય છે; નવી વસ્તુમાં જો આપણે તેમની સાથે શાંતિથી વાત કરવાને બદલે એકદમ અકળાઈશું તો ત્યાં જ તેઓનો આપણને પૂછવાનો હક્ક અને જરૂરીઆત વધી જશે. ત્યાં જ આપણે તેની નજરમાં એવા દેખાઈશું કે આ શિક્ષકના હાથમાં બાળક મૂકીને બહુ રળ્યા નથી. કદાચ સમજુ માણસ બીજી રીતે આપણો તોલ પણ કાઢશે કે આ નવીન શિક્ષક પણ પોતાના સિદ્ધાંતને જીવનમાં ઉતારી શક્યો નથી; અને એવો શિક્ષક બાળકમાં કયું જીવન જગાડશે?

મોન્ટીસોરી પદ્ધતિના સિદ્ધાંતોને જો બરાબર વળગીને આપણે કામ કરતા હોઈશું તો પરિણામ સચોટ અને વખતસર જ આવશે. અને જ્યારે પરિણામની બાબતમાં માબાપોને ખાત્રી થશે ત્યારે તેઓ આપોઆપ જ પ્રશ્ન પૂછતાં અટકશે.

આપણી પદ્ધતિ એવી અદ્‌ભુત નથી કે એમાંથી કશું પરિણામ નં જ આવે. જો એમાંથી વિકાસની સાથે ભણતરનું કશું જ પરિણામ ન આવતું હોય તો તે ટકી શકશે નહિ. ઉલટું યૂરોપમાં તો તેનાં વહેલાં અને સારાં પરિણામોને લીધે જ તેના સિદ્ધાન્તો કરતાં તેની પદ્ધતિનો વધારે પ્રચાર થયો છે. અલબત્ત યૂરોપના જેવાં ને જેટલાં પરિણામોની આશા આપણે રાખી ન શકીએ કારણ કે યૂરોપના માબાપો અને બાળકો સુદ્ધાં એકંદરે જેટલાં આગળ વધ્યાં છે અને તેને પરિણામે

આ પદ્ધતિ ઝીલવા યોગ્ય થયાં છે તેટલા આપણે નથી વધ્યા ને તેટલી યોગ્યતા આપણી નથી થઇ. આ સ્વીકારવામાં આપણું અપમાન નથી પણ આપણી જાગૃતિ છે. શિક્ષક અને માબાપ વધારે પ્રયત્ન કરશે, વધારે સહકાર કરશે તો સુંદર પરિણામો આવ્યે જ છૂટકો છે.

મોન્ટીસોરી પદ્ધતિ એ જાદુ નથી કે એકલો શિક્ષક મંત્રવડે સુંદર પરિણામ નીપજાવી શકે. માબાપોએ સારાં પરિણામો માટે સહકાર આપવો જોઇએ. જે માબાપો મોન્ટીસોરી શિક્ષકને સાધારણ માસ્તર ને મોન્ટીસોરી શાળાને નાનાં બાળકોની એક નિશાળ એટલું જ સમજશે તેઓ પોતાનાં બાળકોની પ્રગતિને ઘણું નુકસાન પહોંચાડશે. બાળકોના જીવનનો મોટો સમય ઘરમાં જાય છે. જો ઘર મોન્ટીસોરી શાળાથી અવળું જ વરત્યા કરે તો બાળકને સોસવું જ પડે. બાલમંદિરના તમામ નિયમોને માબાપોએ કાળજીથી પાળવા જોઇએ. બાળમંદિરમાંથી વારંવાર આવતી સૂચનાઓને માબાપોએ પ્રેમપૂર્વક અમલમાં મૂકવી જોઇએ. બાલમંદિર તથા તેના શિક્ષક પ્રત્યે માબાપોને સંપૂર્ણ વિશ્વાસ તથા સદ્‌ભાવ જોઇએ. જે માબાપો શ્રદ્ધા વિનાનાં છે તેનાં બાળકોને કશો લાભ નથી થયો એવો અનુભવ ચોખ્ખો છે. પરિણામની જવાબદારી જેટલી શિક્ષકને માથે છે તેટલી જ માબાપને માથે છે.

માબાપને માથે એ જવાબદારી પણ છે કે તેણે શિક્ષક અને શાળા બરાબર છે કે નહિ તે જોઇને જ શાળામાં બાળકને મોકલવું. નામધારી બાલમંદિરમાં કે મોન્ટીસોરી શિક્ષકનાં હાથતળે બાળકને મૂકીને સારાં પરિણામોની આશા રાખનાર માબાપ ઠોકર ખાશે. સારાં પરિણામો આપી શકશે એવી જેને વિષે ખાત્રી હોય તેવા જ શિક્ષકના હાથ નીચે બાળકને મૂકવું.

શિક્ષક પણ હમેશ ચેતે જ. મોન્ટીસોરી પદ્ધતિના સ્વયંવિકાસ, સ્વાતંત્ર્ય વગેરેની પોકળ વાતોથી માબાપો, બાળકો અને સમાજ છેતરાશે નહિ. તેઓ તુરત જ આવડતવાળા અને અણઘડ શિક્ષક વચ્ચે તફાવત પાડશે જ; શિક્ષકના ભાષણોથી નહિ, પણ તેમનાં બાળકો પર પડતી છાપ ઉપરથી જ તેઓ શિક્ષકનો તોલ કાઢશે. ગિ.

બાળકો અને તેમના ગાલ

બાળકના લાલ ચોળ ટમેટાં જેવા ગાલ નથી ચૂમવા માટે કે નથી ચૂંટી ખણવા માટે કે નથી ખેંચવા માટે.

લાલ ચોળ ગાલ તંદુરસ્તી બતાવે છે. બાળકમાં એવી તંદુરસ્તી જોઇ આપણે રાજી થઇએ. માબાપને ને માટે અભિનંદન દઇએ. બાળકના માબાપને અને આરોગ્યશાસ્ત્રીને પૂછીએ કે લાલચોળ ગાલ શી રીતે થાય?

પણ મારકણા શિક્ષકને કે મારકણાં માબાપને પૂછશો તો તેઓ એમ કહેશે કે 'તમાચો મારો અને ગાલ લાલચોળ થશે.' એને કદી પૂછશો જ નહિ.

ગાલ મોંની શોભામાં વધારો ઘટાડો અને રૂપની વિવિધતા બતાવવાનું કામ કરે છે. દરેક બાળકનો ગાલ જુદો માલૂમ પડશે; તે જુદાઇની પાછળ વિશેષતા જણાશે.

એક છોકરી જેને હું ઓળખું છું. તે કદી હસતી નથી. તેનો ગાલ બેઠેલો છે. જાણે કે મોં ઉપર ચોટેલો છે. એક છોકરો ખડખડ હસે છે. તેનો ગાલ જાણે કે મોં ઉપર ઉઘડેલા ફુલ જેવો ખીલેલો ને જીવતો છે.

ગાલના સ્નાયુઓને હાસ્ય કસરત આપે છે. જે માબાપોના ઘરમાં હાસ્ય થોડું છે તેમનાં બાળકોના ગાલ સોગીયા છે, કમનસીબ છે.

મોંની ચામડીનો મોટો ભાગ ગાલ ઉપર છે. શિયાળામાં ટાઢને લીધે ગાલને બહુ સહન કરવું પડે છે. જે ગાલને તેલ ચોપડવા નથી મળતું તે ગાલ ફાટી જાય છે. જે ગાલ ઉપર ધૂળ અને પાણી લાગ્યા કરે છે તે ગાલ પણ ફાટી જાય છે.

નાનાં બાળકોના ગાલ ફાટે એ એક તેમની મોટી પીડા છે. રાતમાં પડખું ફરતી વેળાએ ફાટેલા ગાલો ગોદડાં સાથે ઘસાય છે ને બાળકની ઉંઘમાં ભંગ પડે છે.

ગરીબોનાં બાળકોના ગાલ બહુ ફાટે છે. એમણે તેલ, વેસેલાઇન, કોકમનું ઘી, કયાંથી કાઢવું ?

પણ પૈસાદારના બાળકો એ કયાં સમજે છે કે વેસેલાઇન આપણે ગરીબનાં બાળકોને આપીએ ? બાળકો તો શું પણ એનાં માબાપો પણ એ વાત કયાં સમજે છે ?

બિચારાં નાનાં બાળકોને કેમ શેડા કાઢવા એ નથી આવડતું; ને નાકના શેડા શ્વાસ લેવામાં આડે આવે છે ત્યારે તેઓ શેડાને ગાલ ઉપર, બાજુએ કરે છે. ગાલ ઉપર ચોટેલા ને પાછળથી સૂકાએલા શેડા ચક ચક ચળકે છે. તેથી ગાલ રૂપાળો નહિ પણ ગંદો અને કરૂપ લાગે છે. એવા શેડાથી પણ ગાલ ફાટી જાય છે.

બહુ ફાટી ગએલ ગાલમાંથી તો લોહી નીકળે છે; ત્યારે બાળકો રડી પણ ઉઠે છે.

બાળકના લાલ અને ઉપસેલા ગાલ જોઇને જે તેને ચૂમવા જાય છે તે પશુ છે. પશુ તેનાં બાળક પર ખુશી થઇ જાય છે ત્યારે તે ચાટે છે. માબાપ રાજી થઇ બાળકને ચૂમતી વેળાએ પોતાનું પૂર્વનું પશુપણું ફરીવાર અનુભવે છે. પણ માબાપો સિવાયના બીજાઓ પારકા છોકરાના રૂપાળા ગાલો જોઈ તેને ચૂમે છે કે તેના પર હાથ ફેરવે છે ત્યારે તેની વૃત્તિ પાશવી છે. માબાપની સ્વાભાવિક પ્રકૃતિનો રોધ ન કરીએ, પણ લોકોની પાશવી વૃત્તિને આપણે ધિક્કારી કાઢીએ.

ગુલાબી ગાલ સુંદર છે પણ બહુ ચરબીથી ભરપૂર વધારે પડતો ગોળમટોળ અથવા લચકાતો ગાલ સુંદર નથી. તે ગાલ કસરત માગે છે. ખડખડ હસવાની કસરત ગાલનું પોકળ પણું તોડી નાખશે.

હસવાની મનને તેમ જ તનને જરૂર છે. તેમાં ગાલને તો સૌથી વધારે જરૂર છે. બાળકોને ખૂબ હસવા દો, ખડખડ પણ હસવા દો. ગડબડ થશે એમ ધારી તેમને હસતાં અટકાવો નહિ.

દાંત પડી જવાથી બિચારા ગાલને સહન કરવું પડે છે. બોખાં મોંના ગાલ, બેસી ગએલા અને ડોસા જેવા લાંગે છે. એક છોકરો બિચારો એ જ કારણે રૂપાળો નથી લાગતો. કાંઇ નહિ તો ગાલની ખાતર માબાપોએ બાળકોના દાંતનું રક્ષણ કરવું જોઇએ.

આંખ બાળકના મનનો કાચ છે. મનમાં જે ચાલે તે આંખમાં તુરત દેખાય છે. એમ જ ગાલ પણ બાળકની લાગણીનો કાચ છે. આનંદી બાળકના આનંદની અસર આંખ અને ગાલ બન્ને પર થશે. લાગણીથી ઉભરાતા બાળકના ગાલો તુરત લાગણીઓનું પ્રતિબિમ્બ પાડશે જ. મોં માણસના મનનું 'ડાયલ' છે અને તેના ઉપર આંખ અને ગાલ ઘડીઆળો છે. અંદર કેટલા વાગ્યા છે તેની ખબરો આ બેની મારફત ઘડીઆળના અભ્યાસીઓ તુરત લઇ શકે છે.

આ ગાલ–ઘડીઆળ બહુ કિંમતી વસ્તુ છે. જેમ આંખ અને ગાલ 'સાઇકો લિટર' એટલે માનસમાપક યંત્ર જેવાં છે; તેમ જ ગાલ 'બેરોમિટર' નું અને 'થરમામિટર' નું પણ કામ કરે છે. અત્યંત ઠંડી અને અત્યંત ગરમી ગાલ ઉપર તુરત જણાય છે. ઠંડીમાં ફરતાં બાળકોના ગાલ જેમ લાલ થતા જાય તેમ ઠંડી વધારે અનુભવે છે એમ સમજવામાં આવે છે. ગરમીમાં તો ગાલ ધગધગી ઉઠે છે; ને ગાલ ઉપર હાથ મૂકી જાણી શકીએ કે ગરમી કેટલી લાગે છે.

નાક, આંખ અને મોંની આજુબાજુના ખાડા પૂરવા માટે ગાલ નથી. ઉપલી ઘણી બાબતો માટે ગાલ છે. પણ એથીયે વધારે એક બાબત માટે ગાલ છે.

બાળકો કે મોટાંઓ, ચહેરા ઉપર જે હર્ષ શોક વગેરેની લાગણી બતાવે છે તે ગાલના સ્નાયુઓની મદદ વડે બતાવે છે.

ગાલના સ્નાયુઓનો ઉંડો અભ્યાસ સારા ચિત્રકારને હોય છે. સ્નાયુઓની જરાજરાની હેરવણી ફેરવણી કે ગોઠવણને લીધે આખો ચહેરો બદલી જાય છે. ગાલના સ્નાયુઓને અનેક રીતે હલાવતાં આવડવાથી જાતજાતના માણસોના ચહેરાનું અનુકરણ કરી શકાય છે. મોટા મોટા નાટકો અને સીનેમા ઍક્ટરોની કુત્તેહનો આધાર માત્ર આંખો જ નહિ પણ ગાલો પણ છે. ગાલના અને આખા મોંના સ્નાયુઓના કાબુથી જ માણસ અચ્છો બહુ-રૂપી બને છે.

બાળકો મોંના ચાળા, નખરા કરે ત્યારે તેના ગાલો સારી કેળવણી મેળવે છે. એ કેળ-વણીની આડે આવવું સારું નહિ. એ ગાલ અને મોઢાથી અનેક મુખાકૃતિઓ ઉપજાવવા માટે બાળક ભલે કાચમાં જોયા કરે. લોકો માને છે તેમ કાચમાં જોઇને મોંઢાં કરવાથી બાળક ગાંડું નહિ થાય. એ તો આપણે ગાંડાં છીએ એટલે એમ કહીએ છીએ. અને આપણે એટલા માટે ગાંડા છીએ કે આપણને કાચમાં જોવાનું કોઇએ નથી આપ્યું!

ગુસ્સાની ગાલ, કુણા ગાલ, ભરાવદાર ગાલ બાળકોની દોલત છે. યાદ રાખીએ કે આપણે તેની કેળવણી ન ચૂકીએ.

ગિ.

પત્રવ્યવહાર કરતી વખતે રેપર ઉપરનો તમારો ગ્રાહક નંબર લખશો.

અક્ષરજ્ઞાન સમાચાર

* [શિક્ષણ પત્રિકાને માટે ખાસ]

સમાચાર નં. ૭

અક્ષરશાળાઓ વધતી જાય છે.

કચ્છની યંગ મુસ્લીમ એસોસીએશને કચ્છમાં મુસ્લીમ ભાઇઓને અક્ષરજ્ઞાન આપવાનું કામ ચાલુ કર્યું છે.

ખીલખાના વિદ્યાર્થીઓ–ગટુલાલ રાઠોડ અને બીજાઓ–એ કરેલા પ્રવાસ દરમિયાન ગામડાંઓમાં અક્ષરજ્ઞાન યોજનાનો પ્રચાર કર્યો હતો.

ધોલેરા વિભાગની અક્ષરશાળાઓએ છેલ્લા બે માસમાં સુંદર કામ કર્યું છે.

દક્ષિણામૂર્તિ તરફથી ૪ અક્ષરશાળાઓ ભાવનગર રાજ્યનાં ૪ ગામડાંઓમાં ચાલે છે.

સલતાનપુરમાં ૧૫૦ વિદ્યાર્થીઓ અક્ષરજ્ઞાન લે છે.

અક્ષરજ્ઞાનની આડે વેપારીતત્ત્વ આવવાની શરૂઆત થઇ દેખાય છે; એ સ્વાભાવિક છે.

મરાઠી અક્ષરજ્ઞાન યોજનાનાં પુસ્તકોઃ

कसें शिकवावें અને **माझें पुस्तक** તૈયાર થઇ ગયાં છે.

શ્રી. તારાબેન દિવાળીની રજાઓમાં મરાઠી અક્ષરજ્ઞાન પ્રચારાર્થે મહારાષ્ટ્રમાં પુના અને બીજા સ્થળોએ ફર્યાં હતાં તથા વિદ્વાનોની અને મંડળોની મુલાકાત લીધી હતી.

અક્ષરજ્ઞાન યોજનાની હિન્દી આવૃત્તિ તૈયાર થઇ ચૂકી છે.

અમરેલીની કાઠિયાવાડ સેવક સમિતિએ અક્ષરજ્ઞાન યોજનાનું કામ જુદા જુદા ગામોમાં ઉપાડ્યું છે.

કર્ણાટકી તથા તામીલ ભાષામાં અક્ષરજ્ઞાન યોજના શ્રી. પ્રેમાનંદ ભટ્ટ, હિન્દુ મિશનવાળા તૈયાર કરવા માગે છે.

અત્રે એક મરાઠી વર્ગ (પ્રાયોગિક) ચાલી રહ્યો છે. ભણવા આવનારાઓ મરાઠા મજુરો છે.

'અક્ષરજ્ઞાન યોજનાનો અખતરો' (લેખક કમળાશંકર પંડિત) એ નામનો લેખ 'શ્રીદક્ષિણામૂર્તિ' ત્રૈમાસિકમાં છપાયો છે

: સૂચનાઓ :

૧. ટપાલનો દર વધી જવાથી હવે પછીથી અક્ષરજ્ઞાન સમાચાર જાણીતા સેવાભાવી વર્તમાનપત્રો દ્વારા પ્રકટ થશે.

૨. હવે પછીથી અક્ષરજ્ઞાન યોજનાના રિપોર્ટો દર માસે મોકલવાને બદલે દર ત્રણ

શિક્ષણ પાત્રિકાના વાચકો જો સમાજની થોડીક સેવા તો કરી જ શકે છે. તેઓ પોતાની આસપાસના અભણને ભણાવી શકે જ. યોજના મંગાવો અને ઉપયોગ કરો.

અક્ષરજ્ઞાન યોજના કાર્યાલય
દક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.

માસે મોકલવા; જેથી ટપાલ ખર્ચ બચે.

૩. 'ચાલો વાંચીએ' એક પાઠ્યપુસ્તક છે અને તેનો ઉપયોગ શરૂથી જ ભણનાર દેર વાંચવા માટે કરે માટે ૦–૨–૦ કિંમત મોકલી તે મંગાવી લેવી.

૪. એક વર્ગ કે વ્યક્તિ વાંચતાં શીખી જાય પછી બીજા નિરક્ષરોને શોધી કામ ચાલુ રાખવું. થોડાથી સંતોષ ન માનવો, ઘરમાં, પાડોશમાં અને ગામમાં નિરક્ષરોની શોધ કરવી.

પરદેશમાં

માડાગાસ્કર, ઝાંઝીબાર, દારૈસલામ અને બ્રીટીસ્ટીનીયામાં અક્ષર જ્ઞાન યોજનાની ચોપડીઓ ગઇ છે.

અક્ષરજ્ઞાન યોજના મદદ ખાતે

(તા: ૧૯–૮–૩૧ થી ૩૧–૧–૩૨) સુધીમાં

૫–૦–૦ મહાદેવ હ. દેસાઇ. મેયમેયો.
૨૦–૦–૦ શેઠ ખટાઉ વલ્લભદાસ. મુંબઇ.
૧૦–૦–૦ રજબઅલ્લી વલીમામદ દેવજી. મુંબઇ.
૧૦–૦–૦ કુલસુમબાઇ ની. પદમશી. મુંબઇ.
૧–૦–૦ કાનજી બેચર. રાજકોટ.
૨૫–૦–૦ અંબાલાલ સારાભાઇ: અમદાવાદ.
૧૦૦–૦–૦ રતિલાલ નારણદાસ ગાંધી. દીલ્હી.
૫–૦–૦ કાલિદાસ હિમ્મતલાલ. માટુંગા.
૧૦–૦–૦ ટી. કે. કામદાર. રંગૂન.
૫૦–૦–૦ સદ્‌ગત બેન પુષ્પાના સ્મરણાર્થે; શ્રી. હરિલાલ શીવલાલ શાહ તરફથી મુંબઇ.

૧૯૧–૦–૦

ટપાલમાંથી વાનગી

એક ભાઇ લખે છે:—

"હિંદમાં જેમ નાણાંની ગરિબાઇ છે તેમ જ્ઞાનની પણ ગરીબાઇ છે. એ જ્ઞાનની ગરીબાઈ જે લોકો લખતાં વાંચતાં શીખી સારાં પુસ્તકોની સોબત કરે તો જ ટળે એમ છે. એટલે એ સેવામાં પણ દેશની ઉન્નતિનો આધાર રહેલો છે."

બીજા ભાઇ લખે છે:—

"મેં રાત્રિશાળા ચાલુ કરી છે. એક અક્ષરનો નોંધવા જેવો છે. મારી પાસે એક વિદ્યાર્થી નામે લખમણ પુંજા છે; તે આઠ દસ દિવસમાં આખી ચોપડી "ચાલો વાંચીએ" પૂરી કરી ગયો છે અને હમણાં તો બરાબર વાંચે છે. બારાખડી તેણે ચાર પાઠ શીખ્યા પછી શીખી લીધી. પોતાની મેળે. અને હવે તો બધું વાંચે છે. તે આગળ કાંઇ પણ શીખ્યો ન હતો."

ત્રીજા ભાઇ લખે છે—

"મેં પહેલાં તો નાથ બાવાઓ–જે લોકો રાવણહથ્થા બજાવવાનો ધંધો કરે છે–તેમને ભણાવવાનું કામ શરૂ કર્યું. બે ત્રણ જુવાન વિદ્યાર્થીઓ ભણ્યા. એક તો હજુ પણ ભણે છે અને આગળ વધવા પ્રયત્ન કરે છે. દેર ભજનો વગેરે વાંચીને આગળ વધે છે. એ ભાઇઓને તેઓના ઘરથી થોડે દૂર એક કૂવા ઉપર કે જેની પાસે જાહેર રસ્તો છે ત્યાં ભણાવતો હતો. જતાં આવતાં માણસો તરફ તેમનું લક્ષ દોરાયા કરતું હતું, છતાં એ તો ભણ્યા.

કૂવા ઉપર ઠીંકરાની કટકી લઇને, ક, દ, ન, મ, શીખે અને પછી 'ચાલો વાંચીએ' વાંચે. આવી રીતે ભણાવતો. દિવસે હું મારી શાળામાં જતો. સાંજે આ ભાઇઓને ભણાવતો."

એક ભાઇ લખે છે કે:—

"બીડી પાવીએ દુર્વ્યસન છે. શિક્ષકો વિદ્યાર્થીઓને ઘણી વખત સમજાવે છે છતાં પણ વિદ્યાર્થીઓ તેના કુટુંબનાં તથા સમાજના સંસ્કારને લઇ છૂપીરીતે એ ચેપમાં સપડાય છે. શિક્ષક જ્યારે જુએ છે ત્યારે શરમાય છે. તો આમાં શિક્ષકે કયો રસ્તો લેવો?"

શિક્ષક ભાઇની લાગણી માટે તેને ધન્યવાદ ઘટે છે. પરંતુ શિક્ષક તેમાં શું કરે? વાંક માબાપોનો છે ત્યાં શિક્ષકે શા માટે ચિંતા કરવી? એવી ચિંતા કરવાથી માબાપો બેદરકાર અને પોતાના બાળકો પ્રત્યે બીન વફાદાર બને છે. માટે શિક્ષકોએ વિદ્યાર્થીઓને કહેવું કે તમે છૂપીરીતે બીડીઓ પીઓ નહિ, પણ ઉઘાડી રીતે પીઓ; અને તે પણ બાસ કરીને તમારા માબાપની સામેજ. આમ થવાથી માબાપોની આંખો ઉઘડશે અને જો તેઓ ઇચ્છતાં હશે કે પોતાનાં બાળકો બીડી પીએ નહિ તો તેઓ પોતે બીડી છોડી દેશે. માબાપ કે શિક્ષક વિદ્યાર્થીને મારીને બીડી પીતો અટકાવવાનો પ્રયત્ન કરશે તો વિદ્યાર્થી તેથી પણ વધારે છૂપી રીતે બીડી પીશે. અને એ પણ અટકાવવામાં આવશે તો વિદ્યાર્થી બીડીથી વધારે ગુપ્ત અને ભયંકર બદીમાં સપડાશે. જો માબાપો બીડી પીવામાં ખરાબ ન માનતાં હોય તો આપણે શિક્ષકો વિદ્યાર્થીઓને તે માટે હેરાન ન કરીએ. માબાપો પાપ કરે અને આપણે તે પાપ ધોવાનો ઇજારો રાખીએ તો તેમાં આપણું મિથ્યાભિમાન છે. છતાં આપણે આપણાપણું ન છોડીએ. આપણે પોતે બીડી પીવાના દાખલારૂપ ન બનીએ. ઉપરાંત આપણે વિદ્યાર્થીઓને બીડીના ગેરફાયદા તથા માબાપોની મૂર્ખાઇ સમજાવીએ અને સ્પષ્ટપણે કહીએ કે તમારાં માબાપ તમને ઓછાં ચાહે છે. કારણકે તેઓ તમને બદીના દાખલારૂપ બને છે.

આપણે શિક્ષક તરીકે–પવિત્ર બ્રાહ્મણ તરીકે પરમેશ્વરને પ્રાર્થના કરીએ કે માબાપો બદીઓમાંથી છૂટે કે જેથી તેમનાં જ બાળકો સુખી થાય. આપણે ખૂબ પ્રેમથી વિદ્યાર્થીઓને વશ કરી પ્રેમ ભરી વાણીથી તેનામાં સદ્‌ગુણોનો સંચાર કરીએ, અને તેને પરિણામે જો કદાચ તેઓ બીડી પીતા મટી જાય તો આપણે ઇશ્વરનો આભાર માનીએ.

એક જ ગ્રાહક વધારો

આપને એક વિનતિ કરું? પત્રિકાને માટે નવા વર્ષ માટે ફકત એક જ નવો ગ્રાહક મેળવી આપશો?

એક ગ્રાહક વધારવો એટલે એક કુટુમ્બમાં નવા શિક્ષણના વિચારોને દાખલ કરવા.

એક ગ્રાહક વધારવો એટલે પત્રિકાનું બળ વધારવું, પત્રિકાના કાર્યકર્તાઓને ઉત્સાહ આપવો.

એક ગ્રાહક વધારવો એટલે નવીન શિક્ષણને ક્રાન્તિના માર્ગે આગળ મૂકવું.

એક જ ગ્રાહક વધારી આટલું હાંસલ મેળવીશું?

MONTESSORI LITERATURE

By Dr. Montessori

1 The Montessori Method. 8/6
2 The Advanced Montessori Method. 1 8/6
3 The Advanced Montessori Method II 12/6
4 Dr. Montessori's Own Hand Book. 5/-
5 Pedagogical Anthropology. 14/-
6 The Child in the Chinch. 5/-

By Other Authors

1 The New Childredn— Talk with Dr. Montessori by Sheila Radice. 2/-
2 A Montessori Mother by Mrs. D. C. Fisher. 7/6
3 English Education and Dr. Montessori 2/6
4 The Psychology & Teaching of Number by Margaret Deummond M. A. (Investigations based on Dr. Montessori) 3/6
5 A Note on Montessori Training R. A. P. by C. A. Claremont. 0–3–0
6 A Review of Montessori Literature; by C. A. Claremont. 0–8–0
7 Has Dr. Montessori Made a True Contribution to Science? by C. A. Claremont. 0–4–0
8 Montessori and the New Era; by C.A. Claremont. 0–3–0
9 From Locke to Montessori; by W. Boyd. 2/6
10 The Montessori Principles & Practice by E. P. Calverwell. 5/-
11 A Montessori Experiment; by Dr. C. W. Kimins. -/3
12 Montessori Schools as Seen in the Early Summer of 1913 by J. C. White. 2/-
13 Montessori Method & The American School. by F. F. Ward.
14 English Education & Dr. Montessori by Cecil Grant. 2/6
15 Montessori Experiments by Mary Black Burn

16 A Gide to the Montessori Method
by E. Y. Sterens.

17 Montessori Examined
by W. H. Kilpatric. 1/-

18 Montessori Children
by Caroline Sheruin.

19 The Montessori System.
by T. L. Smith. 2/6

20 Auto Education and the Montessori Method
by Harriet E. Hunt. 5 c.

21 The Montessori Manual
by Mr. D. C. Fisher. 4/6

22 The Montessori Materials for Children upto 11 years. 9/6

23 Montessori Method and Her Inspirers. Rs. 4/8/-

શિક્ષકોને પ્રશ્નો

૧ તમારો ધંધો તમે એટલો ઉપયોગી, એટલો કિંમતી, એટલો આકર્ષક બનાવ્યો છે કે તમારા ધંધામાં પડાપડી થાય?

૨ તમારો ધંધો એવો નથી શું કે તે ધંધો જો કેવળ બંધ કરવામાં આવે તો પ્રજાઓની પ્રજાઓનો વિનાશ વહેલામાં વહેલી તકે આવી લાગે?

૩ એમ જ તમારો ધંધો એવો નથી શું કે તે ઉત્તમ રીતે ચલાવવામાં આવે તો પ્રજાઓનું કલ્યાણ થાય?

૪ આ વસ્તુનો તમને ખ્યાલ છે? આ ધંધાના બળની તમને એવી કલ્પના આવે છે? એવું બળ તમે કેળવી રહ્યા છો? તમારી ઉપયોગીતામાં તમારી શક્તિ રહેલી છે એનો તમને અનુભવ છે? આ શક્તિની તમારી ઉપાસના છે? તમને આવું દર્શન થાય છે?

૫ તમને જૂના વખતના ગુરુઓની મહત્તા પ્રાપ્ત કરવાની હોંશ છે? અને સાથે સાથે શક્તિ છે? જો ન હોય તો આવા પવિત્ર ધંધામાંથી શા માટે નીકળી જતા નથી? અગર લોકો તમને શા માટે કાઢી નાખતા નથી?

૬ તમને એમ લાગે છે કે આજે તમારી પદવી નીચી છે? આજે તમે હડધૂત છો, આજે તમે કંગાળ છો? એમ લાગતું હોય તો તે દૂર કરવા શા માટે પ્રયત્ન નથી કરતા? શા માટે શક્તિ નથી જમાવતા? શા માટે સંગઠ્ઠન નથી કરતા?

વાર્ષિક લવાજમ રૂા. એક. લખોઃ તંત્રી, શિક્ષણ પત્રિકા : શ્રીદક્ષિણામૂર્તિ બાલમંદિર, ભાવનગર.
આ પત્રિકા શ્રી સરસ્વતી છાપખાનું, અજીજ બિલ્ડીંગમાં પારી. ભીખાભાઈ ગોપાળજીએ છાપી.

[શિક્ષણ] ભેટ અંક [પત્રિકા

: તંત્રીઓ :
ગિજુભાઇ અને તારાબેન

૧૯૮૭ ના ફાગણથી] વર્ષ છઠ્ઠું [૧૯૮૮ ના માઘ સુધી

બિલ્લીભાઇનું બોખલું

કોઈ કબૂતરખાનાનાં કબૂતરોમાં રોગ આવ્યો ને તેઓ માંદાં પડવા લાગ્યાં. રસ્તે જતી એક બિલાડીને તેની જાણ થઈ. બિલાડીના મનમાં થયું: 'આ લાગ ઠીક છે.' પોતે વૈદનાં કપડાં પહેર્યાં, તાવ માપવાનું યંત્ર લીધું; કાને મૂકવાનાં ભૂંગળાં લીધાં ને કબૂતરખાને આવી. રાત પડી ગઈ હતી.

બારણું બખડાવી બિલ્લી વૈદ ઉભાં રહ્યાં. કબૂતરો કહે: "કોણ છે એ અત્યારે મોડી રાતે?" બિલ્લી કહે: "એ તો હું વૈદ છું. તમે માંદા છો સાંભળી દવા કરવા આવ્યો છું. બારણાં ઉઘાડો." કબૂતરોએ જાળીમાંથી જોયું ને વૈદરાજને ઓળખી કાઢ્યા.

ઘૂઘવીને કબૂતરોએ કહ્યું: "વૈદરાજ! આપને બહુ તસ્દી પડી. અમારી તબીયત બહુ સારી છે; દવાની અમારે જરૂર નથી. આપ હવે પાછા પધારો."

બિલ્લીભાઇનું બોખલું પડ્યું. ભૂંગળાના અને તાવ માપવાના યંત્રના પૈસા પાણીમાં ગયા.

કાળો કોશી

તમે રેલગાડીમાં મુસાફરી કરતા હો ત્યારે બારીમાંથી બહાર જોજો: તારનાં દોરડાં ઉપર જાતજાતનાં પક્ષીઓ બેઠાં હશે. એમાં એક પક્ષી કાળા રંગનું, કાબરથી જરા પાતળું અને લાંબું એવું દેખાશે. તે પક્ષીની પૂંછડી બે બાજુએ વળેલી હશે. ફુવારાના પાણીની બે શેડો જમ બે બાજુએ જાય છે તેમ આ પૂંછડી બે બાજુએ ગએલી છે.

આ પક્ષીનું નામ કાળો કોશી. કાઠિયાવાડ અને ગુજરાતની સીમમાં જ્યાં જોશો ત્યાં કાળો કોશી દેખાશે. પણ તે ગામમાં કે શહેરમાં બહુ અથવા લગભગ નહિ દેખાય. તે મકાન ઉપર ભાગ્યે જ બેસે છે.

કાળો કોશી આંગણાનું પક્ષી નથી પણ સીમનું પક્ષી છે; એટલે જ આપણે એને ચકલી, હોલું કે કબૂતર જેમ નાનપણથી દેખતા નથી.

કાળા કોશીનું બીજું નામ ઢંચીયો ઉર્ફે ઢેંચો પટેલ છે; મહારાષ્ટ્રમાં તેને કોટવાલ કહે છે. અંગ્રેજીમાં તેનું નામ 'કિંગ-ક્રો' છે. કિંગ એટલે રાજા અને ક્રો એટલે કાગડો. કાગડાનો રાજા.

કાળો કોશી કાંઇ કાગડાની જાતનો નથી. તેમ તેમની જાતનો રાજા પણ નથી. છતાં તેને કાગડાનો રાજા એટલા માટે કહે છે કે તે કાગડાનો દુશ્મન છે અને કાગડાને હરાવી શકે છે. કાગડાઓ બીજા પક્ષીઓને હેરાન કરે છે ને હરાવી દે છે. એને પણ હરાવનાર કાળો કોશી છે. એટલે તેનું નામ 'કિંગ-ક્રો' પડયું છે.

જંગલમાં જઇને બેસીએ તો કાગડાઓ અને કાળા કોશીની લડાઇ જોવાનું મળે છે. બે કાળાકોશી ભેગા મળી કાગડાને તોબા પોકરાવે છે. કાળો કોશી ઘણી વાર બાજને પણ હઠાવે છે.

કાળો કોશી પટેલ અગર કોટવાળનું કામ કરે છે. પોતે પોતાના ઈંડાંનું રક્ષણ તો કરે જ છે એ ઉપરાંત નાનાં અને ગરીબ પક્ષીઓનાં ઈંડાંને પણ તે સાચવે છે. એ પક્ષીઓનાં ઈંડાં ખાવા કોઇ આવે તો ઢેંચો પટેલ આવનાર ઉપર તૂટી પડે છે. ભલાં અને નાનાં પક્ષીઓ જ્યાં કાળો કોશી માળો બાંધે છે તે ઝાડ ઉપર પોતાના માળા બાંધે છે. કાળો કોશી તેમની પટલાઈ કરે છે. તેમની કોટવાળ જેમ ખબર રાખે છે.

કાળો કોશી બહુ રમતિયાળ છે. તારનાં દોરડાં ઉપર કે સૂકાં ઝાડની ડાળ ઉપર તે બહુ આનંદથી ઝૂલે છે. મજામાં આવે છે ત્યારે મીઠો અવાજ કાઢે છે. પણ સાધારણ રીતે તે બહુ ઘોંઘાટીઓ છે.

તેના અવાજ કરતાં તેનો આકાર વધારે ગમે તેવો છે. તેને આપણે કૃપાળું પક્ષી કહી શકીએ. કાળારંગનો લાલ કીકીવાળો, લાંબી પૂંછડીવાળો કાળો કોશી સાચે જ ગમે તેવો છે. છતાં તેને લોકો પાળતા નથી. કેમ કે તેનામાં ગાવાનો એટલે કે મીઠું બોલવાનો ગુણ નથી.

કાળો કોશી એકાદ ઝાડની ઉંચી સૂકી ડાળી ઉપર બેસે છે ને ત્યાંથી વિમાન જેમ સરરર કરતો જમીન પર આવી શિકારને પકડીને ઉંચે આવે છે.

કાળા કોશીની ઉડ એરોપ્લેનને મળતી છે. હવામાં તે તેની માફક તરે છે તથા ઉંચે નીચે આવે છે. એ તો આપણે સમજીએ છીએ કે એરોપ્લેન પક્ષીઓની ઉડ ઉપરથી સૂઝયું છે અને શોધાયું છે.

કાળા કોશીનો ખોરાક ઝીણાં જીવડાં, માખીઓ, તમરાં, કૂદડાં, ખડમાંકડાં અને ઇયળો છે.

જ્યારે કાબરો અને હુદ્દહુદ્દ જમીન પરથી પાતાનો ખોરાક શોધતાં હોય છે ત્યારે કાળો કોશી ચાંચીયા પેઠે તેના ઉપર આવી પડે છે અને તેમના ખોરાકમાં ભાગ પડાવે છે.

ગામડામાં કોઇ કોઇ વાર તમે કાળા કોશીને ભેંશ ઉપર બેઠેલો

જોશો. કોઈ વાર તે હળ ચાલતું હશે તો તેની આજુબાજુના ઝાડો કે ઝાંખરા પર બેઠેલો દેખાશે. બેંશોના ચાલવાથી ઘાસમાંથી જીવડાં ઉડે તે કાળો કોશી ઉડી ઉડીને ખાઈ જાય છે. હળને લીધે ખેડાતી જમીનમાંથી જીવડાં નીકળે તે પણ કાળા કોશી ઉડાવે છે. કાળો કોશી પારકાની મહેનતે પેટ ભરે એવો ઢેંચો પટેલ છે.

આગ થાય છે ત્યારે આગ ઉપર પણ ઢેંચો પટેલ ઉડતો દેખાશે. આગને લીધે ઘાસ વગેરેમાંથી ઉડીને નાસી જતા જીવડાને કાળો કોશી ઉડાવી જાય છે. બિચારાં જીવડાં!

ઉલમાંથી ચૂલમાં પડે છે.

કોટવાળ પોતાના ઈંડાં માળામાં મૂકે છે. ઘણું ખરૂં તે ચાર ઈંડાં મૂકે છે. એનાં ઈંડાં લંબગોળ આકારનાં અને એક છેડે જરા અણીવાળાં હોય છે.

કાળા કોશી ઋતુમાં પરદેશથી આવનારૂં પક્ષી નથી પણ કાયમ અહીં જ રહેવાવાળુ પક્ષી છે. કેટલાંક પક્ષીઓ પરદેશી પક્ષીઓ છે તેઓ અમુક વખતે જ આપણા દેશમાં આવે છે અને અમુક વખતે પાછાં ચાલ્યાં જાય છે. એની વાત વળી કોઈ વખતે.

ફૂલોની વાત

"વારૂ; ત્યારે તમે બધાંએ ગુલાબનું ફૂલ જોએલું છે. પણ કહો જોઈએ તમે શિરીષનું ફૂલ જોયું છે?"

લલ્લુ કહે: "શિરિશનું? એ ફૂલનું નામ તો આજે જ સાંભળ્યું. મેં તો કદી નથી જોયું."

"અરે ભટ્ટાભાઇ, તારા ફળિયામાં જ શિરીષનું ઝાડ છે ને આમ કાં કહે?"

"મારા ફળિયામાં તો સંદેશરાનું ઝાડ છે. શિરીષનું ક્યાં છે?"

"ત્યારે એ સંદેશરાનું ઝાડ એ જ શિરીષનું ઝાડ. અમલના લોકો સંદેશરાને શિરીષ કહેતા."

"શિરીષના ફૂલની સરસ વાસ

આવે છે. સવારના પહોરમાં મીઠી સુવાસ આપે છે અને એનું ફૂલ લઈ ગાલ ઉપર કે હાથ ઉપર અડાડી જોયું છે? કેવું લાગે છે?"

"બહુ જ સુંવાળું: બહુ જ કૂણું: આપણે હાથ ફેરવીએ એટલે ગલ-ગલિયાં થાય છે."

"વાહ એ તો ઠીક; પણ તમે નિશિગંધ જોએલ છે?

"હા, હા, મેં નિશિગંધ જોએલ છે. અમારા મહારાષ્ટ્રમાં થાય છે."

"આપણે તો એ ફૂલ નથી જોયું. ગુજરાતમાં તો એ ક્યાંએ નથી દેખાતું."

"છે છે. નથી કેમ? પેલી ગુલ-છડી નથી જોઈ?"

"ગુલછડી નજરે તો નથી ભાળી પણ મોટીબેન એવું કાંઇક બોલતી તો હતી કે 'ગુલછડી સમોવડી એક બાલિકા હતી."

"ત્યારે મોટી બેન, તમે તો ગુલ-છડી જોઇ હશે."

"ના રે. મેં ગુલછડી જોઇ નથી પણ વાંચી છે."

"તમે બધાં નવરાં લાગો છો. જમના કાકાના બાગમાં ગુલછડી છે; અને તમે બધાંએ તે જોઇ છે."

પેલા ગુલાબનો લંબગોળ ક્યારો વચ્ચે થોડો વખત પહેલાં નહોતાં એને ધોળાં સુગંધી ફૂલ આવતાં?"

"એ નિશિગંધ."

"એ તો મોગરો. અમે તો એને મોગરો કહીએ છીએ."

"એમ? 'મોગરાની માળ મારી મોગરાની 'માળ'નું આપણે ગાયન ગાઇએ છીએ એ જ? એ જ તમારી નિશીગંધ અને એ જ તમારી ગુલ-છડીને?"

વાહ એ તો ઠીક; પણ તમે સૂર્યમુખી જોયું છે કે?"

"હોવે. ઘણાં બધાં જોયાં છે."

"અને ગુલદાંવદી?"

"તે પણ જોયાં છે. ગયા શિયા-ળામાં રાધાબાગમાં ખૂબ જ ફૂલ થયાં હતાં. આખો બાગ જાણે બરફથી ધોળો થઇ ગયો હતો."

"અને કોઇએ ડોલરનાં ફૂલ જોયાં છે કે?"

"એવો સવાલ શું પૂછો છો? આપણા બાગમાં જ ડોલરનાં ફૂલ નથી થતાં? ઉનાળામાં માળીની દુકાને ડોલરના હાર નથી મળતા?"

"વારૂ ત્યારે કહો જોઇએ, કરેણનાં ફૂલ જોયાં છે?"

"લ્યો હવે રાખો. તમારી પાસે પૂછવાનું જ નથી રહ્યું. જે પૂછવાં આવ્યાં છે! 'કરેણનાં ફૂલ જોયાં છે કે?' એમાં શું જોવું'તું?"

"વારૂ ત્યારે બાગમાં જઓ અને મનગમતાં ફૂલોની વેણી ગૂંથો અને માથે ધારો."

"હાં, એ ઠીક કામ બતાવ્યું. છોકરાંને પોતાની પાસેથી આઘાં કાઢવાં હોય ત્યારે આવું કામ સારૂં."

"ચાલો આપણે તો આ ચાલ્યાં."

"ચાલો ત્યારે હુંયે આવું છું."

"ચાલો ત્યારે આપણે આ બેઠા નિરાંતે વાંચવા ને લખવા!"

"બેસો, તમારા નસીબમાં બાગ ક્યાંથી હોય?"

મેંદી

અમે નાનાં હતાં ત્યારે ફૂલવાડીએ જતાં, વળતાં મેંદીનાં પાંદડાં તોડી લાવતાં. પાંદડાં જોઇને દાદા છેડાઇ પડતા. ભાભુ ભડકી ઉઠતાં. તેઓ બોલતાં: "અલ્યા એ, આ મેંદીનાં પાંદડાં તે ક્યાં લાવ્યા! એ તો મુસલમાનને ત્યાં હોય. જાઓ બહાર નાખી આવો."

અમે મેંદી નાખી દેતાં જેમ તુલસી હિંદુની અને ડમરો મુસલમાનનો ગણાય છે, તેમ જ મેંદી પણ મુસલમાનની ગણાતી.

કદાચ એનું કારણ એ હશે કે મુસલમાનની બીબીઓ હાથે પગે મેંદી મૂકી હાથ પગ રાતા કરે છે. જે મુસલમાન કરે તે હિંદુથી ન થાય. જે મુસલમાન વાપરે તે હિંદુથી ન

વપરાય. આવું આગળ બહુ ચાલતું. હજી પણ મૂરખ અને અજ્ઞાન લોકોમાં એવું જ ચાલે છે.

મેંદી નથી હિંદુની કે મુસલમાનની. મેંદી ભગવાનની છે. બધી રીતે મેંદીને હિંદુલોકો પણ લગાડતા હશે. લોકગીતમાં આવી એક કડી છે:

" વાટી ઘૂંટીને ભર્યો વાટકો,
ભાભી રંગો તમારા હાથ રે,
મેંદી રંગ લાગ્યો રે. "

રાજની રાણીઓ મેંદી મૂકવાનો બહુ શોખ કરે છે. રાણીઓને નવરાશ બહુ ને? પગે ચાલવાનું તો હોય નહિ.

ગરીબ કોળણો અને કણબણો મેંદી ક્યારે મૂકે? દિ' બધો પગને ધૂળમાં ને પથરામાં મૂકવો પડે ત્યાં મેંદીનો રંગ કેટલી ઘડી રહે?

મેંદી એક જાતનું ઝાડ છે. તેનાં પાન ઝીણાં અને ડાળો સોટા જેવી હોય છે. મેંદી બાગબગીચામાં ખાસ નખાય છે. મેંદી વાડ તરીકે કામ આવે છે. થોરની વાડને કાંટા હોય છે. બોરડી ને કેરડાંની વાડ થોડા વખતમાં ખવાઇ જાય છે. મેંદીની વાડ વધ્યા જ કરે છે. મેંદીની વાડમાં કાંટા નથી. મેંદી વધી વધીને મોટી દીવાલ બની જાય છે. બાગને ઠંડક આવે છે. ઢોરને રોકે છે ને બાગની શોભા વધારે છે.

મેંદીનાં ફૂલો અને ફળો રૂપાળાં હોય છે. નાનાં છોકરાં વગર સમજે ફળનાં બીયાં કરડ કરડ ખાય છે. સૂકાં બીયાં સળગે છે અને નાના ભડકા કે દીવા થાય છે. મેંદીનાં ફૂલોમાંથી વાસ આવે છે. કોઇને ગમે છે ને કોઇને જરા કડક લાગે છે. મેંદીનાં ફૂલો અને ડોડવાવાળી ડાળીઓથી ફુલદાન શોભે છે.

મેંદીના ડાળાં કાપી જમીનમાં રોપી પાણી સીંચવાથી તેને નવાં પાંદડાં આવે છે. પીંપરની, સરગવાની અને બીજાં ઝાડોની ડાળો રોપવાથી તે મૂળ ધારે છે ને તેનાં નવાં ઝાડો થાય છે.

મેંદીનાં પાંદડાં વાટતાં બહુ

ચીકણાં થાય છે. હાથ અને પગ રંગવા હોય તો મેંદીને વાટી તેમાં જરાક ફટકડી નાખવી. નાનાં બાળકોની એ એક સુંદર રમત છે બાળકો મુઠીમાં વાટેલી મેંદી દાબે છે. અને નખ રાતા થાય એટલા માટે મૂઠી ઉપર મેંદી મૂકે છે. પછી બંધ મૂઠીએ તેઓ ઘરમાં અને બહાર ફર્યા કરે છે.

પણ બંધાં માબાપ આવી રમત કરવા નથી દેતાં એમાં માબાપોને ગંદકી લાગે છે. પગે મેંદી મૂકનાર બાળકોને તો બેસી જ રહેવું પડે છે. કહેવત પણ એવી છે કે " શું પગે મેંદી મૂકી છે ? " જ્યારે ચાલવાના આળસુ હોય તેને આ કહેવત લાગુ પડે છે.

મેંદી અરધો કલાક કે કલાક સૂકાયા પછી હાથપગ ધોઈ નખાય. પછી હાથને તેલ ચોપડાય એટલે હાથ સુંવાળા અને વધારે લાલ રંગે ચળકતા બને. નવરાશને વખતે બાળકોએ આ કરવા જેવું છે.

કરવા દેવા જેવું પણ ગણાય.

મેંદી ઠંડી વનસ્પતિ લાગે છે: માથે નાખવાનું તેલ પાડવામાં બીજી ચીજોમાં મેંદી પણ આવે છે. આ મેંદી સુગંધી છે કે અસુગંધી તે તો તેલ પાડનાર જાણે. મેંદી બે જાતની છે; એક સુગંધી, બીજી નહિ.

અમે નાનાં હતાં ત્યારે સુગંધી મેંદી બહુ તોડતાં. તેનાં પાંદડાં ચોળીને સૂંઘતાં. જાયફળ જેવી એની વાસ આવે છે. પાંદડાં ધોએલા કપડામાં રાખતાં ને અમારાં કપડાં સુગંધી કરતાં.

ઢોર મેંદી ઓછી ખાય છે. લગભગ નથી ખાતાં. બાવળનાં દાતણ ન મળી શકે તો મેંદીનાં દાતણ થઇ શકે. મેંદી મોટી વધારી તેનો માંડવો અને દરવાજો થઇ શકે છે.

હુશિયાર માળીઓ મેંદીને કાપી કોરીને તેમાંથી મોર, હરણ, એવું એવું મેંદીની વાડ ઉપર દેખાડે છે.

સસલાંની ત્રણ વાર્તા

: ૧ :

શિકારી ફૂતરો સસલા પાછળ પડયો. સસલું ઘણું દોડ્યું પણ આખરે થાક્યું ને સપડાયું. ફૂતરો શિકારી તો હતો જ પણ વધારામાં ક્રૂર હતો. ઘડીક સસલાને છૂટું મૂકે ને દોડવા દે.

જવું તે દોડે કે તેની પાછળ પડે ને તેને બટકું ભરે. વળી તેને છૂટું મૂકે ને તેની સાથે ગેલ કરે. વળી તેને પકડે ને હેરાન કરે. બિચારું સસલું ! ફાયર ફાયર થઇ ગયું. મનમાં થયું 'આના કરતાં તો વાઘ કે સિંહ સારો કે એક ઝપાટે જીવ લે.' સસલું કંટાળ્યું અને બોલ્યું: "ભાઇ મરજી હોય તો મારી નાખ, નહિ તો છૂટું મૂક. આમ રિબાવી રિબાવીને શીદને મારે છે ?"

સાચે જ કેટલાક માણસો પણ ફૂતરા જેવા હોય છે. નથી તે સુખેથી જીવવા દેતા કે નથી સુખે મરવા પણ દેતા.

: ૨ :

સસલાંઓ ભેગાં થયાં ને તેમણે નક્કી કર્યું: "બસ આના કરતાં તો આપણે મરી જવું સારું. દહાડો બધો બીકમાં ને બીકમાં જીવવાનું. 'હાય હાય ! કોઇ આવશે ને મારી નાખશે' એનો જ ફડકો. બસ કૂવે કે તળાવે પડીને મરી જ જઇએ."

સસલાંઓ મરવા ચાલ્યાં.

ઉંચી ભેખડોવાળા એક તળાવને કાંઠે આવ્યાં. પછી ખરર કરતાં તેઓ તળાવમાં કૂદી પડવા દોડ્યાં.

પણ ત્યાં તો તેમણે દેડકાંઓને કિનારા પરથી તળાવ ભણી નાસી જતાં ભાળ્યાં. પડતાં આખડતાં બિચારાં જીવ લઇને ભાગતાં હતાં. 'હાય હાય ! હમણાં મારી નાખશે.'

દેડકાંઓને નાસી જતાં જોઇને એક ધરડા સસલાએ કહ્યું: "અલ્યા ઓ, ઉભા રહો, ઉભા રહો. જુઓને આ દેડકાંઓ કેટલાં બધાં બીધાં ને

નાઠાં ? અને તે વળી આપણાથી ? આપણાથીય વધારે બીકણ પડ્યા છે ખરા. અને ત્યાં સુધી આપણે તે શીદને અકળાવું ને નાહકનું ડૂબી મરવું ? ”

: ૩ :

કૂતરો સસલાની પાછળ પડ્યો એવો પડ્યો, એવો પડ્યો કે સસલો જીવ લઇને નાઠો.

આગળ સસલું અને પાછળ કૂતરો. ક્યાંના ક્યાંય નીકળી ગયા. સવારના બપોર થયા અને માથે સૂરજ આવ્યો.

કૂતરો હાંફી ગયો અને ઉભો રહ્યો. સસલો ક્યાંનો ક્યાં નાસી ભરાયો.

કૂતરાને ઉભેલો જોઇને એક ભરવાડે કહ્યું: “અલ્યા એ, પેલા નાનકડા સસલાએ તને હરાવી દીધો ? ઠીક થયું તારૂં ગુમાન ઉતર્યું.”

કૂતરાએ કહ્યું: “પણ તું સમજતો નથી. હું તો એનો શિકાર કરવા દોડ્યો હતો અને એ તો એનો જીવ બચાવવા દોડ્યો હતો. એટલો યે તફાવત નથી સમજતો ? હું તે દોડી દોડીને નાહકનો શીદ મરૂં ?”

જાંબુડો

એક વાર જાંબુ ખાતાં ખાતાં મેં જાંબુનો ઠળીઓ ફળીઆમાં ફેંકયો. ઠળીઓ ધૂળમાં પડયો ને ધૂળે ખરડાયો. હાલચાલમાં ઠળીઓ ધૂળમાં દબાઇ ગયો. મને કે કોઇને ક્યાં ખબરે ન પડી કે ઠળીઓ ક્યાં ગયો ને તેનું શું થશે.

વરસાદ વરસ્યો, ધૂળ પલળી, ઠળીઓ પલળ્યો, ને તેમાંથી કોંટો ફૂટ્યો. બે પાંચ દિવસ ગયા એટલે તો નાનાં નાનાં ચળકતાં પાંદડાં બેઠાં. ઠળીઆમાંથી છોડ થયો.

પછી તો હું પરદેશ ગયો. બે પાંચ વર્ષ ત્યાં જ વીતી ગયાં. દેશના ખબરો આવતા, ઘરના ખબરો આવતા. પણ કોઇ જાંબુડાની ખબર ન આપતું

એટલે નાનો સરખો જાંબુડો અનેયે શા માટે સાંભરે?

મારા કાકાનાં છોકરાંઓએ ને મારી નાનીબેને જાંબુડાની ફરતો ક્યારો કર્યો હશે, પાણી પાયું હશે, વાડ બાંધી હશે ને જાંબુડાને ઉછેર્યો હશે.

પહેલાં તો તેઓ રોજ રોજ તેનાં પાંદડાં ગણતાં હશે. પણ પછી તો તેઓ એટલાં બધાં પાંદડાં કેવી રીતે ગણી શકે? પછી તો વાડની જરૂરે નહિ રહી હોય. પછી તો પાણી વિના જ તે મોટો થયો હશે.

હું પરદેશથી પાછો ફર્યો. નવી આંખ આવી હોય એમ ધારી ધારીને ઘર ને ઘરની આસપાસ જોતો હતો. ઘરનો રંગ બદલાઇ ગયો હતો. ઘરની સામે મોટો ખાડો હતો તે પૂરાઇ ગયો હતો. અને ઘરના ફળીઆમાં મોટો બધો જાંબુડો ઉભો હતો.

છોકરાંઓએ પહેલી જ વાત એ કરી: "નાના કાકા, નાનાં કાકા, જુઓને આપણા ફળિયામાં કેવડો મોટો જાંબુડો થયો છે! એક વાર તો જાંબુ આવી ગયાં ને બા કહે છે કે હવે વરસાદ થશે ત્યારે ફરી વાર આવશે. અમે તો રોજ રોજ જાંબુડે ચડીએ છીએ ને ડાળો હલાવીએ છીએ."

મને યાદ આવ્યું: 'હાં, એક વાર જાંબુડાનો ઠળીઓ તો ફેંક્યો હતો. એનો જ આ જાંબુડો તો ન હોય!"

પછી તો વરસાદનો વખત થયો ને જાંબુડે કાચાં જાંબુડાં બેઠાં. ધીમે ધીમે રંગ બદલાવા લાગ્યો. પહેલો વરસાદ આવ્યો ને રંગ સાવ બદલાઇ ગયો. લીલાં પાંદડાં વચ્ચે કાળા જાંબુડામાં જાંબુડાંના ઝૂમખે ઝૂમખાં દેખાવા લાગ્યાં.

છોકરાં ઉપર ચડ્યાં ને જાંબુડાં વીણવા લાગ્યાં. પણ તે તો નીચલી જ ડાળે પહોંચ્યાં. હું છેક ઉંચેની ડાળે ચડ્યો ને ડાળેડાળ હીચકીને હલાવી. ટપ ટપ જાંબુડાં નીચે પડ્યાં ને જમીન ઉપર જાણે કાળી કામળી પથરાણી. છોકરાં હવે ઉપર રહીને શું કરે? તેઓ પટ પટ નીચે કૂદી પડ્યાં ને

ખોખા વાળી જાંબુડાં વીણવા માંડ્યાં. સૌ ખાતાં જાય ને વીણતાં જાય. વીણતાં જાય ને ખાતાં જાય.

થાળી ભરીને મેં મોટાં મોટાં જાંબુડાં ઉપરથી જ ઉતાર્યાં. ઘોઇ કરી ને મેં ઘરની વચ્ચે મૂક્યાં. સૌ આવે ને મારાં ઉતારેલાં જાંબુડાં વખાણી વખાણીને ખાય. સાંજે મારા ભાઇ-બંધો આવ્યા તેમણે પણ ખાધાં. છોકરાંઓ તો જાંબુડાનાં ખીસાં ભરીને દોડ્યાં ને શેરીનાં છોકરાંઓને આપી આવ્યાં

અમે જાંબુડેથી ઉતર્યા એટલે પક્ષીઓ આવ્યાં. કોયલો તો જાંબુ ખાતી જાય ને 'કૂ કૂ' કરતી જાય. પક્ષીઓને જાંબુડાં ઉતારવાનાં નહિ. એ તો ચાંચે ચાંચે ઠોલી ઠોલીને ખાય. મીઠું લાગે તેજ ખાય. સૌથી ઉંચે ઉંચેની ડાળીએ પક્ષી જઇ શકે. ત્યાંના જાંબુ તો એ જ ખાય

અમારો જાંબુડો ગામમાં મોટા જાંબુડા તરીકે ઓળખાય છે. અમારા જાંબુડે મોટાં જાંબુ આવે છે. કેટલાક લોકો એને રાવણાં કહે છે. મોટાં જાંબુ નાનાં કરતાં વધારે મીઠાં લાગે છે. એવાં તો મીઠાં લાગે કે ખાતાં ખાતાં થાય કે ભગવાને પણ કેવા કેવા રસ મૂક્યા છે. બોરમાં એક જાતનો, કેરીમાં બીજી જાતનો, ને વળી જાંબુમાં ત્રીજી જાતનો. નહિતર એની એ જ ધરતી ને એનું એ જ પાણી. અમારો જાંબુડો ફળીઆનું છત્તર થઇ ગયો છે. બરે બપોરે પણ ફળીયામાં છાંયો. દાદા તો ખાટલો નાખી એને છાંયે જ બેઠા રહે. માજી પણ એને ઓટલે બેસીને જ દાતણ કરે. સાંજે વાળુ કરી હું પણ ખાટલો નાખી આડે પડખે પડું છું ને આફ્રિકાના જંગલોની ને જનાવરોની વાતો કરું છું.

જાંબુડો અમારા ઘરનું એક માણસ થઈ ગયો છે. જેમ અમે એમ અમારો જાંબુડો. એને બામણે ભીખાની બા રોજ પાણી નાખે જ નાખે. દાદા દિ' બધો ચોકી કરે ને એક પાંદડું કોઇને તોડવા ન દે. ઘરની બધી વાતમાં જાંબુડાની વાત આવે જ આવે.

કીઓકો

કદાચ તમે 'કીઓકો' શબ્દ આજે પહેલ વહેલો જ વાંચશો.

જ્યારે હું આફ્રિકામાં ગયો ત્યારે મેં પણ એ શબ્દ પહેલ વહેલો સાંભળ્યો. મેં પૂછેલું: 'કીઓકો' એટલે શું?

મારો ભાઈબંધ કહે: 'કીઓકો' એટલે જળઘોડો.

મેં કહ્યું: "હેંશું! સાચું કહો છો? જળના ઘોડા તે વળી થતા હશે?"

મારા મિત્ર કહ્યું: "જોવા હોય તો ચાલો આવતા રવિવારે 'વિક્ટોરીઆ ન્યાંઝા' સરોવર જોવા જઈએ. ન્યાંઝા સરોવરમાં કેટલાયે કીઓકો છે.

'ન્યાંઝા સરોવર' પૂર્વ આફ્રિકામાં કેનીયા અને યુગાન્ડા પ્રદેશો વચ્ચે આવેલું છે. ન્યાંઝા સરોવર વીશ હજાર ચોરસ માઇલનું છે. ન્યાંઝામાં મીઠું પાણી ભરેલું છે. ન્યાંઝા સરોવર એટલે મીઠા પાણીનો સાગર.

'કીઓકો' આ મીઠાપાણીના મહા-સાગરનો ઘોડો છે. આફ્રિકાની ભાષામાં આ પ્રાણીને કીઓકો કહેવાય છે. અંગ્રેજીમાં એનું નામ હિપોપોટેમસ છે.

અમે વિક્ટોરીઆ ન્યાંઝાને કિનારે પહોંચ્યા. ડુંગરાઓ પાછળ સૂર્ય આથમતો હતો. ન્યાંઝાનાં જળ રાતા-માંથી ભૂરાંઝાંખાં થતાં જતાં હતાં. સંધ્યાનો વખત વીતવા આવ્યો હતો.

'ડ્રૂ ટ્રૂ ટ્રાંઉ' એવા અવાજો કાને પડ્યા અને મારા મિત્રે કહ્યું: 'એ પણે બોલ્યો તે કીઓકો.' ઝાંખા પ્રકાશમાં મેં એક કીઓકો દીઠો. એની પાસે બીજો હતો; તેની પાસે ત્રીજો હતો. થોડી વારે મારી આંખે કેટલાયે કીઓકો દેખાયા.

કીઓકાઓ સાંજે સાગર કિનારે રમવા તથા ઘાસ ખાવા આવ્યા હતા. જેમ ડુક્કરનું ટોળું હોય છે તેમ કીઓકાનું ટોળું હોય છે. નાના મોટા બધા કીઓકા કુદાકુદ દોડાદોડ કરતા ખેલ કરતા હતા.

કીબોકો મોટે ભાગે દિવસે જળમાં રહે ને સાંજે બહાર આવે છે. જળમાં તેઓ માછલાં ખાય છે. જમીન ઉપર આવી તેઓ ઘાસ ખાય છે.

અમે દૂરથી કીબોકો ને જોતા હતા એટલામાં એક કીબોકો એકાએક અમારી ઉપર ધસી આવ્યો અને અમારે નાસવું પડયું. અમારો એક ભાઇબંધ તો 'ઓય બાપ' કરતો નીચે પડી ગયો. અમે નાઠા. પરંતુ અમારી સાથેના બે જંગલી લોકો કીબોકોની સામા થઇ ગયા અને તેમણે તેને હઠાવ્યો.

જંગલીએ અમને કહ્યું "કીબોકોથી એટલું બધું બીવાનું કારણ નથી. ઘણા કીબોકો એક સાથે સામે થાય તો નુકસાન કરે પણ એકાદ કીબોકો ને તો આપણે હઠાવી શકીએ.

પેલા અમારા ભાઇબંધ તો બીકમાં બેભાન થઈ ગએલા. અમે તેના ઉપર પાણી છાંટયું અને તાજા કર્યા.

કીબોકો ગેંડો અને ભેંસની જાતનું પ્રાણી છે. માંહું ઘણું જ બેડોળ અને કાંઇક બીહામણું છે. કીબોકો ને પહેલવહેલો જોનાર તેને જોઇ નવાઈ સાથે ગભરાટમાં પડે એ સ્વભાવિક છે.

કીબોકો નામની સોટીઓ આફ્રિકામાં બહુ વપરાય છે. આ સોટીઓ કીબોકોના ચામડાની બનાવેલી હોય છે. કીબોકોનું ચામડું ઘણું જાડું, કોઇ કોઇ વાર તો ચાર પાંચ છ ઇંચ જેટલું જાડું હોય છે. આ ચામડાને કાપીને તેમાંથી લાંબા સોટા બનાવવામાં આવે છે. પછી આ સોટાઓને જમીનમાં દાટવામાં આવે છે એટલા માટે કે ચામડું જરા નરમ થાય. હાથી ગેંડો અને કીબોકોનું ચામડું લગભગ સરખું હોય છે. દાટેલા સોટાને થોડા દિવસ પછી કાઢી જેમ સુતાર લાકડાને રોંકી તેની સોટીઓ બનાવે છે તેમ આ સોટાઓને સુતાર રોંકે છે અને તેની ગોળ સોટીઓ બનાવે છે. આ સોટીઓનો વેપાર આફ્રિકામાં સારો ચાલે છે.

શોખીનો આ સોટીને હાથમાં રાખી ફરવા નીકળે છે ધનવાનો આ

સોટીથી પોતાના બગીચાના મજુરોને માર મારી તેમની પાસે કામ લે છે. ન્યાયાધીશો ગુન્હેગારોને કીબોકોના ફટકા મારવાનો હુકમ કરે છે. કીબોકોના ફટકા બહુ જ સખ્ત લાગે છે અને તે ચામડી ઉતારી નાખે છે.

આમાં બિચારા કીબોકોનો વાંક નથી; પણ વાંક કીબોકાના ચામડાનો દુરુપયોગ કરનારનો છે. કીબોકો મોટા શહેરના પ્રાણી સંગ્રહસ્થાનમાં જોવા મળી શકે છે.

કીબોકોના દાંત ભેંશના શીંગડા જેમ વળેલા હોય છે. જ્યારે તે વસ્તુથી દીવાનખાનું શણગારનારાં લોકો કીબોકોના દાંત વચ્ચે ધંટડી બાંધી દાંતની જોડીને ટેબલ ઉપર રાખે છે.

કીબોકોનો શિકાર જંગલી લોકો ભાલાઓથી કરે છે. કીબોકોના ચામડામાં ગોળી ઝટ અસર કરતી નથી. ઝેરી ભાલાઓ જ કીબોકોને મરણ-શરણ કરે છે. મજબૂત કીબોકો સામે દોડીને શીકારીની ઘોડીને માથું મારી તેને ઉથલાવી પાડી શકે છે.

ઢેંડકું

એક વાર ચંદુભાઇએ શીશીમાં નાની એવી માછલી આણી. માછલી પાણીમાં આમતેમ બરાબર માછલી જેમ જ તરતી હતી.

ચંદુભાઇ જીવડા ઉછેરવાના શોખીન હતા. માછલીને પણ તેઓ રોજ કંઇક ખવરાવતા હતા અને ઉછેરતા હતા. ઘણું કરીને શેવાળ જ તે માછલીને ખાવા નાખતા હતા.

એક દિવસે એવું બન્યું કે માછલીની પૂંછડી કોણ જાણે ક્યાંઇ ચાલી ગઇ અને પેટ નીચે ચાર પગ દેખાયા.

અમને નવાઇ લાગી ને ચંદુભાઇને પૂછ્યું: "મોટાભાઇ આમાંથી માછલી કયાં ગઇ? આ કાંઇક નવું તમે કયાંથી આણ્યું?"

ચંદુભાઇએ નાનું હોય તે મોટું દેખાય એવું જોવાનો એક કાચ આણ્યો અને પેલું જીવડું અમને કાચમાંથી દેખાડ્યું.

કાચમાંથી જોયું ત્યાં તો પેલું જીવડું મોટું એવું દેડકું હોય એવું દેખાયું. અમે કહ્યું: "ચંદુભાઈ આ તો દેડકાનું બચ્ચું છે. તમે એને ક્યારે આણ્યું?"

ચંદુભાઇ કહેઃ "મેં આ શીશી ઉઘાડી જ નથી. મેં નવું કાંઇ આણ્યું નથી ને માછલી કયાંઇ ગઇ નથી."

અમે કહ્યું: "ત્યારે? આમ કેમ બન્યું?" ચંદુભાઇ કહેઃ "ત્યારે એ જ ખુબી છે. પેલી માછલીની પૂંછડી તૂટી ગઇ ને તેમાંથી દેડકું બન્યું."

અમે કહ્યું "હેં હેં શું સાચે જ માછલીમાંથી દેડકું બને?"

ચંદુભાઈ કહેઃ "ના માછલીમાંથી દેડકું નથી બનતું પણ દેડકામાંથી જ દેડકું બને છે."

અમે બોલ્યાઃ "પણ....

ચંદુભાઇ કહેઃ "પણ વાત એમ છે કે પ્રથમ દેડકાં પોતાના ઈંડાં પાણીમાં મૂકે છે."

અમે વચ્ચેથી બોલ્યાંઃ "દેડકાં ઈંડા મૂકતાં હશે એમ કે? અમે તો ધારતાં હતાં કે દેડકાં બચ્ચાં મૂકતાં હશે."

ચંદુભાઇ કહેઃ "ના, એ તો ઈંડાં મૂકે છે. પછી ઈંડામાંથી આવી માછલીઓ થાય છે અને તે પાણીમાં તર્યા કરે છે."

અમે કહ્યું: "પછીની વાત તો અમે જાણી. હવે તો આ બચ્ચું મોટું થશે ને કુદાકુદ કરશે એમ ના?"

ચંદુભાઈ કહેઃ "ધીમે ધીમે આ બચ્ચું દેડકો બનશે. ડ્રૂં ડ્રૂં ડ્રૂં કરશે."

મણી કહેઃ "હા, હા, મેં દેડકાને રાતે 'ડરાઉં ડરાઉં' બોલતાં સાંભળ્યું છે."

શીવ કહેઃ "એ તો મેં પણ સાંભળ્યું છે."

જીવી કહેઃ "અરે જ્યારે વરસાદ આવે છે ના ત્યારે તો દેડકાં એવાં બોલે છે, એવાં બોલે છે કે કાન પડયું ન સંભળાય. 'ડરાઉં, ડરાઉં, ડરાઉં, ડરાઉં, ડરાઉં ડરાઉં.' એક સાથે બધાં દેડકાં મંડી પડે છે."

રઘુ કહેઃ "અરે એ અવાજો તો સાંભળવા જેવા હોય છે. મોટા દેડકા 'ડરાઉં ડરાંઉં' બોલે છે. નાની દેડકીઓ કુણે અવાજે 'ડરરરાઉં ડરરરાઉં' બોલે છે."

વિનુ કહેઃ "એ તો ઠીક; પણ હેં ચંદુભાઇ! તમે આ દેડકાને શા માટે ઉછેરો છો?"

ચંદુ કહેઃ "જોવા, કે દેડકાની ટેવો કેવી છે."

વિનુ કહેઃ "એટલે શું? બરાબર ન સમજ્યો."

ચંદુભાઇ કહેઃ "એટલે એમ કે હું પ્રાણીઓનો અભ્યાસ કરનારો છું. મારૂં કામ જાત જાતના પ્રાણીઓ શું ખાય છે, કેમ મોટાં થાય છે, તે શ્વાસ કેમ લે છે, ઉંઘે છે ક્યારે, અંદર અંદર લડે છે કે નહિ, કોનાથી બીએ છે, શું એને ગમે છે; વગેરે બાબતો શોધવાનું છે. અને તે હું આવી રીતે શોધું છું. ઘણા માણસોએ દેડકાનો અભ્યાસ કરેલો છે અને હું પણ તેનો અભ્યાસ કરવાનો છું."

અમે કહ્યું: "આ તો ભારે મજાનું કામ છે. અમનેય ગમે એવું છે."

ચંદુભાઇ કહેઃ "ત્યારે તમે પણ નાનાં નાનાં જીવ જંતુ જુઓ, તેને ખવડાવો, તેને રમાડો, તેને નાનાનું મોટું દેખાય એ કાચથી જુઓ, તેને વિષે બધું બધું જાણો જરૂર એ કરવા જેવું છે."

અમે કહ્યું: "અમે પહેલાં દેડકાને જ પાળશું. અમને એક દેડકો લાવી આપશો? અમે એક કૂંડીમાં તેને રાખશું ને તેને જોયા કરશું."

ચંદુભાઇ કહેઃ "ખુશીથી લાવી આપીશ."

મકોડો

સવારે ઉઠીને ચહા બનાવવા જતો હતો, એટલામાં પગ નીચે કચડ અવાજ થયો. પગ ઝટ લઇને ઉંચો કર્યો તો નીચે મોટો એવો મકોડો, મને થયું: 'ગયો....ભગવાનને ઘેર બિચારો ગયો.'

પળવાર થઇ ત્યાં તો એ હલ્યો. હાથ પગ સળવળ્યા, કેડ ઉંચી નીચી થઇ ને મકોડો રસ્તે પડ્યો.

મને થયું આટલો નાનો એવો મકોડો! પગ નીચે કચડાયો અને છતાં જીવતો રહ્યો! દબાણો હશે તોય તેનું કાંઇ ભાંગ્યું તૂટ્યું નહિ હોય? જરાક

કળ ચડી હશે એ ઉતરી એટલે ચાલતો થયો.

થોડી વારે તે મારા તરફ આવ્યો. મેં કપડાથી પાછો કાઢ્યો વળી આવ્યો. ઝાપટ મારી વળી કાઢ્યો. વળી તે પાછો આવ્યો. ચમચીથી ઉડાડ્યો. ઉડીને દૂર પડ્યો. થોડી વારે પાછો મારી નજીક. મેં જરા ગરમ પાણી રેડ્યું. જરાક થંભ્યો પછી હલ્યો અને મારી ભણી આવ્યો. મને ઓળખીને તે કરડવા આવતો ન હતો તે ત્યાં પડેલ ચહાના સૂકાઈ ગએલ પાણીને ચાટવા આવતો હતો.

મકોડાને ગળ્યું બહુ ભાવે. ગળપણ દેખે કે તેની પાછળ પડે. જીવ ભલે જાય પણ ગળપણ પાછળ મકોડા ગાંડા. મકોડાનું મોત જ ગળપણમાં.

ગઈ કાલે સાકરનો ડબો ઉઘાડ્યો તો અંદર બેભાન થએલો મકોડો. બહાર કાઢી ભોંયે નાખ્યો. ત્યાં તો હલ્યો. થોડીવારે ચાલતો થયો. સાકર ખાવા માટે ભાઇ ડબામાં પેઠા હશે. ઢાંકણું બંધ થતાં ભાઇ અંધારી કોલીમાં આવી ગયા હશે. ધરાઇને સાકર ખાઈ લીધા પછી થયું હશે: "અહો! આ તો કેદમાં પડ્યા! પછી તો હવાની ચિંતા પેઠી હશે. પછી તો ભાઇ ગૂંગળાયા હશે અને છેવટે બેભાન થયા હશે. એક બે દિવસ ડબો બંધ રહ્યો હોત તો મકોડો ગુજરી જાત. ચહામાં ઘણીવાર મકોડાના પગ તરે છે. સાકર નાખીને ઉનું કરેલ દુધમાં મકોડાના માથાં જડી આવે છે. આ બધું મકોડાએ સાકર પાછળ આપેલું બલિદાન

થોડા વખત પહેલાં અમે બહારગામ ગએલા. ત્યાંથી આવીએ ત્યાં તો મુરબ્બો કાળો કાળો દેખાયો. નજર નાખીને જોયું ત્યાં તો મુરબ્બા ઉપર મકોડાનાં મુડદાંનો થર જામેલો. ઉંદરડાઓએ બરણી ઉપરનું કપડું ફાડી નાખ્યું. ઢાંકણું પાડી નાખ્યું ને પૂંછડી બોળીને મુરબ્બો ખાધો. પાછળથી મકોડા ઉપડ્યા. ખાતા ખાતા અંદર પડ્યા તે અંદર જ રહ્યા. સાકરીઆ મહાસાગરમાં બિચારા ડૂબી મૂઆ.

મકોડાને ગોળ બહુ ભાવે. જેમ ઉંદરો કાંઇક તળેલું ખાવા માટે આકાશ

પાતાળ એક કરે તેમ. બીજાં બધાં ગળ- પણ કરતાં ગોળનું ગળપણ તેમને મીઠું લાગતું હશે. ગોળ ગમે ત્યાં સંતાડો પણ મકોડો ત્યાં પહોંચે જ પહોંચે. અને ગોળને ઝપાટાબંધ ઉડાવી પણ જાય. મકોડો બીજું બધું લેવા જાય તે પહેલાં ગોળ લેવા દોડવાનો. નાના બચ્ચાંમકોડાએ એક વાર એની બાને કહેલું: 'બા, બા, હું ગોળનું માટલું લેવા જાઉં?' મા મનમાં તો ઘણી રાજી થઇ હશે: 'વાહ! કાંઇ લાયક પુત્ર છે, બરેબર પુતરના પગ પારણામાંથી.' પણ મા જરા અનુભવી હતી એટલે હસીને કહ્યું: 'બેટા, વાત તો ઠીક છે. પણ તારી કેડ સામે તો જો.' મકોડાની કેડ પાતળી હોય છે; અને આગલા ભાગ કરતાં પાછલો ભાગ મોટો અને ઉંચો હોય છે. એનું એક વરત- ઉખાણું—પણ છે.

મકોડા ગોળ, બાંડ, સાકર બધાય છે એ તો ઠીક, પણ એક વાર તો તેઓ સસલાનાં નાનાં નાનાં બચ્ચાંને બાઇ ગએલા. અમારી સસલીઓ વીંયાણી અને તેર બચ્ચાં મૂકયાં. રાતે સાચવીને અમે ઢાંકયાં. સવાર પડી ને મેં જોયું તો તેરે બચ્ચાંના પેટમાં મકોડા પેઠેલા. જાણે ગોળનું માટલું ન બાતા હોય એમ ફોલી બાતા હતા. પછી તો અમે પાંજરાના પાયાને નાની નાની પાણી ભરેલી વાટકી- ઓમાં રાખ્યા, તોયે કોઇ કોઇ મકોડો પાણીને તરીને ઉપર પહોંચતો.

અમારી બરણીઓમાં મકોડા ન પેસે માટે મેં એકવાર બરણી ફરતું તેલ લગાડયું; ત્યાર પછીથી મકોડા ત્યાં ન ચડયા. તેલમાં એના પગ લપસી જતા હશે. મકોડાના દર ગમે તેટલાં પૂરો તોયે તેઓ બીજે દિ' દર્શન દેશે. એકવાર અમે દરને લાં- બીથી પૂરી દીધું. લાંબી બાઇને તેઓ ઉપર આવ્યા. બીજીવાર સીમેન્ટ પૂરી. ત્યાંથી જરાક આઘે જઇને નવું દર કર્યું ને બહાર આવ્યા. ગ્યાસલેટ નાખીએ એટલે મકોડા ઘડીક બેભાન થાય ને પાછા ચાલવા માંડે. દરમાં ગ્યાસલેટ રેડીએ તો પણ તેનો નાશ તો નથી જ થતો. ફિનાઇલથી પણ તેઓ મરતા તો નથી. ચોમાસામાં મકોડા વધારે દેખાય છે.

એક વાર ચોમાસાની પાછલી રાતે ઉઠીને જોઉં છું તો અમારી ઓરડીની જમીન કાળી કાળી. અરે આ શું ? આખી ઓરડી મકોડાથી છવાએલી. કુદકો મારીને હું ઓરડાની બહાર ગયો. બીજા ઓરડામાં પણ એવો જ પથારો. કરવું શું ? જરાક કાગળ કે કંઇક ફેંક્યું ત્યાં તો છાવણીમાં ખળભળાટ થયો અને કટક ઉપડ્યું. દીવાલે, પેટી ઉપર ને ચોમેર ચડવા લાગ્યું. અમે વિચાર કરવા લાગ્યા. આનું હવે કેમ થાય ? ત્યાં તો સૂઝ્યું. સૂપડું અને સાવરણી આણ્યાં અને જોડા પહેરીને મકોડાને વાળવા માંડ્યું. જેમ કચરો વળાય તેમ મકોડાને વાળવા માંડ્યા. સૂપડામાંથી દોડીને મકોડા પાછા જાય ને હું તેને ફરી વાળું. વાળી વાળીને ફળીઆમાં નાખું. એમ કરી કરીને બે કલાકે આખી ઓરડી વાળી કાઢી. ફળીઆમાં ઝાડ નીચે જીવતા અને મરેલા મકોડાનો ઢગલો થયો. ત્યાં તો કાબરો આવીને મકોડાની ઉજાણી કરવા લાગી.

કાબરોએ આટલા બધા મકોડા પહેલવહેલા જ બાધા હશે. બિચારા મકોડા ! કાબરોને બે પાંચ વાર ઉડાડી મૂકી પણ તે કાંઇ આવ્યા વિના રહે ? કેટલાક મકોડા નાસી છૂટ્યા ને બચી ગયા. મરેલા બિચારા તો ઠેકાણે પડ્યા. તે દિવસે મકોડાની દુનિઆમાં મકોડાનું મૃત્યુપ્રમાણ વધી પડ્યું.

મકોડો આટલો નાનો છે પણ મોટા માણસને પણ ચીસ પડાવે છે. જ્યારે તે ચોટે છે ત્યારે તે એવો ચોટે છે કે વાત કરો મા. જીવ જાય છે પણ પકડ મૂકતો નથી. અને જ્યારે તેને ખેંચીને તોડી નાખી છૂટો પાડીએ છીએ ત્યારે ચામડીમાં ચીરો પડે છે ને લોહી નીકળે છે. નાનાં છોકરાંને મકોડો કાળી બાંગ નખાવે છે અને દોડાદોડ અને કૂદાકૂદ કરાવે છે.

કીડી મકોડાના મામાની દીકરી લાગે છે; કોઇ વાર તે વિષે વાત.

શ્રીસરસ્વતી છાપખાનું : ભાવનગર

વાણી વિચાર

નિરોગી સ્થિતિ ઉત્તમ છે. તે સ્થિતિનું વાતાવરણ સ્વતઃ આરોગ્યરક્ષક અને આરોગ્યપ્રેરક છે. પણ તેવી સ્થિતિ ન હોય તો માંદાઓને જૂદા રાખવા એ (segrégation) રોગ અટકાવવાનો અનિવાર્ય ઉપાય છે. એમ જ જીવનની અનેક બાબતોમાં છે. સ્વચ્છ, વિવેકી, સંયમિત, પ્રસન્ન વાણી બાળકછેરમાં-બાળવિકાસમાં આવશ્યક વાતાવરણનું એક અતિ મહત્ત્વનું અંગ છે. એવી વાણી સ્વતઃ શિક્ષણ છે. પણ જો આપણી વાણી તેવી ન હોય તો જ્યાં સુધી આપણે તેવી કેળવી ન શકીએ ત્યાં સુધી મૌન રાખીએ. 'ન બોલ્યામાં નવ ગુણ' એ કહેવત સાચે જ બાળકછેરમાં ખૂબ લાગુ પાડવા જેવી છે.

અવિચારી વાણીથી આપણે કેટલું કેટલું નુકસાન કરીએ છીએ તેના કેટલાએ દાખલાઓ આપી શકાય.

ઘરમાં બે ચાર સ્ત્રીઓ ભેળી થઇને નાનપણની વાતો કરે છે. "અરે એક વાર અમારા દાદા કહેતા હતા કે રસ્તે જતાં એક સિપાઇએ ભૂત ભાળ્યું ને ત્યાં ને ત્યાં ફાટી પડ્યો!" બીજી કહે છે: "મારી બાએ સુવાવડમાં નજરો નજર કોઇક બાઇને ખાટલા ફરતી આંટા મારતી ભાળેલી." ત્રીજી કહે છે: "મારી બેનને એની સાસુ નડે છે. સપ્નમાં આવીને કહે છે કે તેં મને પૂરું ખાવા નથી દીધું તે નડીશ."

આવી વાતો ચાલે છે. બાળકો કુતુહલથી, નવીનતાથી, અદ્‌ભુતતાથી, વિચિત્રતાથી, દેખીતી અશક્યતા હોવાથી આશ્ચર્યથી કાન દઇને સાંભળે છે. તે પરથી બીકના, વ્હેમના, ભૂતપ્રેતના ને એવા ભયંકર સંસ્કારો આખી જીંદગી માટે તેના પર પડે છે. માબાપો અને કાકી માશી મોટાં છે, વડીલ છે; તે બોલતાં હશે તે બરાબર હશે એમ બાળકો સમજી લે છે. તેનો અણવિકસેલ તર્ક આ વાતોમાં રહેલ નથી. અને મોટું થઇ બાળક તર્કશુદ્ધ ત્યાં સુધીમાં તો તે આવી વાતોને એટલી સાચી માની બેસે છે કે તર્કનું હથિયાર ત્યાં જવાની ના જ પાડે છે. અગર આવું આવું સાંભળીને તેની તર્કબુદ્ધિ ઘણે ભાગે બુંઠી પણ થઇ જતી હશે.

ઘરમાં કુટુમ્બીઓ ભેગાં થયાં હોય છે. તેઓ આડોશીપાડોશી સાથેના અને સગાં સંબંધી સાથે ના સંબન્ધો વિષે વાતો કરે છે. એક જણ કહે છે: "એ તો એવો જ છે. એકલા સ્વાર્થમાં જ સમજે છે. પોતાને ત્યાં કંઇક હોય છે ત્યારે તો મુઠી ભીડી જાય છે. એક પાઇ સારૂ મરે છે ને પારકાને ત્યાં પહોળો પહોળો થાય છે." બીજું બોલે છે: "એ તો એવાથી તો છાનું જ ખાવું પીવું જોઇએ. ઘરમાં બધું છાને ખૂણે કરીએ તો બીજાને એની ખબર જ શી પડે?" ત્રીજું કહે છે: "સઇ સગાં સાગવાં તો ગુડવાં જેવાં હોય છે. આપણે તો ઘસાઇ ઘસાઇને મરી જઇએ પણ એને મન તો કાંઇ જ નહિ." ચોથું જણ બોલે છે: "આપણે તો એવું રાખ્યું છે કે સગપણ બગપણ બધું મોઢાનું. બાકી આપણે આપણું સંભાળવું ને મ્હાલ કરવી. એવાં હાલાં ક્યાં થઇએ કે કોઇને માટે હેરાન થઇએ?"

બાળકોને કાન છે ને સાન પણ છે. બાળકો માબાપનો આ સગાંસંબંધી અને પાડોશી સાથેનો વહેવાર સાંભળે છે ને તેવો વ્યવહાર સ્વાભાવિકપણે જ શીખે છે, કારણ કે તે માબાપનો છે. જૂના સંસ્કારો એવા દૃઢ હોય છે કે બાળકો પોતે માબાપ થાય ત્યારે બીજી ઘણી રીતે ઉદાર અને ખાનદાન થાય તો પણ વળી પાછાં પોતાનાં સગાંસાગવાં તરફ તો એવાં જ અનુદાર અને સ્વાર્થી રહે છે.

ઘેર અંક
એક વાર
ઉઠીને

શિક્ષણ પત્રિકા

(મૉંટીસોરી સંઘ)

વર્ષ ૩ જું
૧૯૮૮

અંક ૮ મો
ભાદ્રપદ

: તંત્રી :
ગિજુભાઇ
તારાબેન

બાળક એટલે ક્ષણે ક્ષણે વિકસતો, નવું નવું જાણતો અને જોતો જીવ. બાળકની દૃષ્ટિ પ્રશ્નાત્મક છે. તેનું હૃદય ઉદ્‌ગારાત્મક છે. તેના વ્યાકરણમાં પ્રશ્નચિન્હ છે, ઉદ્‌ગાર ચિન્હ છે પણ પૂર્ણ-વિરામ ક્યાંઇ નથી. બાળક એટલે તો મૂર્તિમંત ગતિ. બાળક પાસે સ્વલ્પ વિરામ પણ નથી.

પણ એક વાર મનુષ્ય બાળક મટી પ્રૌઢ થાય છે અને ત્યારથી તેના મૃત્યુની શરૂઆત થાય છે. ધીમે ધીમે તે ચેતન મટી જડ થતો જાય છે. પ્રથમ તેનું સદા વિકસતું બાળમન ઠરવા માંડે છે. પછી શરીર ઠંડુ પડે છે. મનનું ઠંડાપણું એટલે વૃદ્ધાવસ્થા. શરીરનું ઠંડા પણું એટલે મૃત્યુ. ને શિક્ષણ, ઉપદેશ, ધર્મદીક્ષા, રીતરિવાજો, શાસ્ત્રો, શિષ્ટતાની મર્યાદા આ બધાં બાળકને વૃદ્ધ બનાવવા, તેના મનનું અચલાયતન—મૃત્યુ કરવા મથી રહ્યાં છે. આજે જીવનમાં આ અચલાયતનનું રાજ્ય ચાલી રહ્યું છે.